ગાંધી સ્મૃતિ ગ્રંથાલય
ભાવનગર

954.0
SHI-31
23128

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

આ પુસ્તક


23129
23128

તરફથી ભેટ

આ પુસ્તક ... દિવસ રાખી શકાશે.

24 MAY 1987

ન્યુ કરેલી

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ-૩૧ : અંક ૧ : એપ્રિલ, ૧૯૫૬

બાલ્યાવસ્થા એટલે ક્રીડાવસ્થા
(Childhood is Playhood)

જે શાળાઓને આ સૂત્ર પર વિશ્વાસ હોતો નથી તે બધીજ શાળાઓ બાળકોને દબડાવીને જ કામ લે છે. ભૂતકાળમાં બધી શાળાઓમાં આ રીતે દબડાવવાનો એક જાતનો શિરસ્તો હતો તેથીજ આજના ઘણાં મોટેરાં આંતરિક રીતે બાળકની અવસ્થામાંજ રહ્યાં છે.

સંસ્થાપક :
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી. તારાબેન મોડક

તંત્રી
શેષ નામલે

વાર્ષિક લવાજમ :
રૂા. ૪—૦—૦

છૂટક નકલ :
૬ આના

૧૧૮



નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

વાલીઓ, શિક્ષકો અને બાળપ્રેમીઓનું બનેલું અખિલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :—

મુખ : શ્રી મોરારજીભાઇ દેસાઈ ઉપપ્રમુખ : આચાર્ય શ્રી ભિસે
અધ્યક્ષ: શ્રી સરલાદેવી સારાભાઇ. કોષાધ્યક્ષ: શ્રી વા. રા. પટવર્ધન
મંત્રીઓ: શ્રી શેષ ના. નામલે : શ્રી. યશસ્વતીબેન ભટ્ટ

સ્થાનિક શાખા : કોઇપણ બાળ કેળવણીની સંસ્થા, વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના ૨૫ સભ્યો બનાવી, સંઘ માન્ય શાખા સ્થાપી શકે છે. આ જાતની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે.

પ્રાદેશિક શાખા : કોઇપણ જિલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની જિલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે. અને આ જિલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયંત્રણ મંડળમાં ચૂંટાઇ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય : સંઘનું બંધારણ, પ્રવેશ પત્રકો વિ.—માહિતિ વિ. સંઘને લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતી છે.

મંત્રી, નૂતન બાલ શિક્ષણ સંઘ
૧૧૮, હિંદ કોલોની દાદર, મુંબઇ ૧૪.

— સંપાદક મંડળ : —

જયકુમારીબેન પટેલ. હરપ્રસાદ ભટ્ટ જયંતિભાઈ ઓઝા,
મલતાબેન માળવી, રમેશભાઇ કોઠારી, કુસુમબેન શાહ

અનુક્રમણિકા

૧. સરકારના વારસો ... ... શ્રી 'ઝોજસ'
૨. બાલવાડી કેમ ચલાવવી ? ... શ્રી અનુભાઇ વાચ્છ
૩. નવા યુગનો શિક્ષક ... ... શ્રી સ. આ. કેળકર
૪. પૂર્વ પ્રાથમિક ભૂમિકા ... ... શ્રી શેષ નામલે
૫. તંત્રી નોંધ ... ... તંત્રી

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો !

કે—"શિક્ષણ પત્રિકા" એ નૂતન બાળ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળે જ બની જાય છે.

કે—"શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનનો વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા–પિતા, વાલીઓ, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે—"શિક્ષણ પત્રિકા"માં પ્રકાશન અર્થે આવતાં લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એક બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે—"શિક્ષણ પત્રિકા"ના ગ્રાહક કોઇ પણ માસથી થઇ શકાય છે.

કે—"શિક્ષણ પત્રિકા"માં બાળ શિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરૂરી છે.

કે—"શિક્ષણ પત્રિકા"માં સંપાદકીય નોંધ સિવાયના રજૂ થતાં લખાણો સાથે તંત્રી કે સંપાદક સહમત છે એમ કોઇએ માની લેવું નહિ.

કે—અંક ન મળ્યાની ફરિયાદ દર માસની તા. ૧૦ મી પહેલા મોકલવી જરૂરી છે.

કે—"શિક્ષણ પત્રિકા" ગુજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમ તા: ૧ લી, ૧૪ મી અને ૨૭ મી એ પ્રગટ થાય છે.

કે—"શિક્ષણ પત્રિકા"ના દરેક ગ્રાહકના ગ્રાહક નંબર "પાનકા"ના રેપર પર લખેલા હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરૂરી છે.

કે—શિક્ષણપત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેના સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવો વિનંતી છે.

—શ્રી રમણિકલાલ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
કોલોની દાદર મુંબઇ ૧૪

મુંબઇ, મધ્ય ભારત, મધ્ય-પ્રદેશ, ઉત્તર-પ્રદેશ, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ ૩૧ : અંક ૨] મુંબઇ [એપ્રિલ, ૧૯૫૬

સંસ્કારનો વારસો.

"બા"

આજ અત્યારે બાજીની સામે મુંબઇમાં બેઠો બેઠો એમની વાતો સાંભળું છું અને આજથી પંદર વર્ષ પહેલાંનો એ પ્રસંગ સાંભરી આવે છે :

તે દિવસે હું અને ભારતી ખૂબ જ મૂંઝાઇ ગયેલાં. અમારા એ નાનકડા ઘરમાં એકાએક દશ બાર મહેમાનો આવી પડેલા. ભારતી તો એવી મૂંઝાઇ ગયેલી કે એને સૂઝ જ પડે નહીં !

પણ તે દિવસે એ મહેમાનોમાંથી અમને આ બાજી મળી ગયાં અને ભારતીની બધી મૂંઝવણ દૂધના ઉફાળાની જેમ બેસી ગઇ.

પહેલે પહેલે તો એ બધાં સુઘરેલાં લોકોમાં બાજી તો અમારી નજરે જ ચડેલાં નહીં.

બહાર ઓસરીમાં એ બધાંને આવકાર આપ્યો. અને મહેન્દ્રભાઇને ત્યાંથી ખુરશીઓ માગી આણી સૌને બેસાર્યાં. સાથે મહેન્દ્રભાઇને પણ લેતો આવ્યો.

એ સૌ બેઠાં અને અમે પણ બેઠાં. પણ અમારો જીવ તો ઉભો જ રહ્યો ! ભારતી મારી સામે જુએ અને હું એની સામે જોઉં.

સારૂં હતું કે એ બધાં સાક્ષર લોકો સમાજના કોઇ બડબડતા પ્રશ્ન ઉપર ત્યારે ગરમા ગરમ ચર્ચામાં એવા તો ડૂબી ગયા હતા કે એમની એ વિશાળ દૃષ્ટિમાં સમષ્ટિના ગંભીર પ્રશ્ન આડે અમ વ્યષ્ટિનો પ્રશ્ન દેખાયો જ નહીં !

પણ એ બધામાં એક વ્યકિત એવી હતી કે જે ની દૃષ્ટિ એટલી દુરદર્શી નહોતી. એને તો માત્ર નજીકનું જ વિશેષ દેખાતું હતું. એ એક ખૂણામાં બુરશીમાં મૂંગી બેસી રહી હતી. એ આ ચર્ચામાં કંઇ સમજે એમ ન લાગ્યું.

અને અમે પણ આ બીજા અડીખમ મહેમાનોની ચિંતામાં એ સામાન્ય વ્યકિત સામે જોવાનુ આવશ્યક માનેલું નહીં.

આ બધાં લોકો એમના પક્ષની અહીં ભરાયેલી વાર્ષિક બેઠકમાંથી ચાલ્યાં આવતાં હતાં. અને એટલે હજુ એમનો ચર્ચાનો સ્રોત એમ જ વહી રહ્યો હતો.

મેં મહેન્દ્રભાઇની અને એ લોકોની પરસ્પર ઓળખાણ કરાવી અને પછી ચર્ચા આગળ ચાલી. અલબત્ત પહેલે પહેલે તો એ લોકો અંદર અંદર ચર્ચા કરતા હતા અને અમે શ્રોતારૂપે સાંભળી રહ્યા હતા.

પણ એ પરિસ્થિતિ સુનીલાબેનને અસામાજિક લાગતાં એમણે મહેન્દ્રભાઇને ચર્ચામાં ભેળવવા પ્રશ્ન કર્યો :

'આપણે ચાલો, મહેન્દ્રભાઇને પૂછીએ, મહેન્દ્રભાઇ, તમે શું કહો છો : વ્યકિત કરતાં સમાજ મહાન છે કે નહીં ?'

પણ મહેન્દ્રભાઈ જવાબ દે તે પહેલાં જ આંખેથી કાળાં ચશ્માં ઉતારતાં મૃણાલબેન બોલી ઊઠયાં :

'એમાં પૂછવા જેવું છે જ શું ? સમાજ હંમેશાં મહાન છે. અને વ્યકિતએ સમાજ ખાતર પોતાનો ભોગ આપવો જ જોઇએ.'

મહેન્દ્રભાઈ મૂંગા મૂંગા સ્મિત કરતા હતાં. એ કંઈ બોલ્યા નહીં.

હું ધીરે ધીરે એ લોકોમાં ભળવા લાગ્યો. કેમકે મારો વિચાર મહેન્દ્રભાઇને એમાં શું કહેવાનું છે એ જાણવાનો હતો.

અમે વાતોમાં આગળ વધ્યા અને મેં જોયું કે ભારતી ઊઠીને અંદર ચાલી ગઈ. અને થોડી વારે પેલે ખૂણેથી માજી પણ ઉઠી અંદર ચાલ્યાં ગયાં.

જેમનો જરાકે પરસ્પર પરિચય નથી એવાં એ બે અંદર શું કરતાં હશે એ હું કલ્પી ન શકયો. અને મારા મનના ખૂણામાં ભારતી કેવી રીતે બધું પાર પાડશે એ ચિંતા સાથે બહાર ચર્ચામાં આગળ વધ્યો.

ચેતનભાઈ બોલ્યા:

'તમે, મૃણાલબેન, મારો આશય સમજ્યાં નહીં. હું એમ કહેતો જ નથી કે એક હથ્થુ સત્તા એ સારી વસ્તુ છે—પણ સાથે વ્યકિત...'

વચ્ચેજ મૃણાલબેન બોલી ઊઠ્યાં:

'વ્યાકત! વ્યકિત! વ્યકિત! ચેતનભાઈ તમે ઘણા Self Centered છો. અરે વ્યકિતપૂજા એ તો હવે ગઇ કાલની વાત થઈ. આજ તો સમાજ એ જ બધું છે. સમષ્ટિવાદ એ આ કાળની જગતને નૂતન ભેટ છે.'

મહેન્દ્રભાઈ અત્યાર સુધી મૂંગા બેઠા હતા, એ ધીરેથી બોલ્યા:

'મને લાગે છે કે સમષ્ટિવાદ એ કોઇ નવી વાત નથી. એ તો છેક માનવીના પ્રાથમિક કાળથી ચાલ્યો આવતો વિચાર છે.'

બધાં એક સાથે બોલી ઉઠ્યાં:

'શું કહો છો?—આ નવી વાત! હજુ ગઇ કાલ સુધી તો વ્યકિત જ મોટી થઈ ફરતી હતી. અને સમષ્ટિને પોતાની લાકડીએ હાંકતી હતી.'

મહેન્દ્રભાઇ એટલી જ શાન્તિથી બોલ્યા:

'એમ નથી. સમષ્ટિનું રાજ્ય તો છેક પશુ જગતમાં પણ પ્રચલિત છે. અને એ જ માનવીમાં ચાલ્યું આવે છે. ખરી વાત તો એ છે કે માનવીએ વ્યષ્ટિની મહત્તા સ્થાપીને નવો વિચાર જગતને આપ્યો છે.

'પશુઓમાં પણ જેનું ટોળું મોટું એનું રાજ્ય ચાલે છે અને એમજ પ્રાથમિક માનવીમાં ચાલે છે. અને એ જ, આજના કહેવાતા સુધરેલા કાળમાં પણ, જેનું ટોળું મોટું એ રાજ્ય કરે છે. —આમાં નવો વિચાર આવ્યો ક્યાં?'

બધાં લોકોએ આવી આશા નહોતી રાખી. મૃણાલબેન એમની પર્સને ઉછાળતાં બોલ્યાં:

'મને લાગે છે આ વિચાર સ્વીકારી શકાય એવો નથી. અત્યાર સુધી વ્યકિત જ મહાન ગણાતી અને એ વ્યકિત ટોળાં રચીને સરખાઇ માટે લડતી. જ્યારે અત્યારે તો સમષ્ટિ કહે એમ વ્યકિતને કરવાનું હોય છે. આમાં હાથીઘોડાનો તફાવત છે.'

મેં પણ એમાં સૂર પૂરાવ્યો.

'હા, મહેન્દ્રભાઈ, નેપોલિયન લો કે જૂના કાળના રાજાઓ લો—એ બધા પોતે ધારે એમ કરતા. એક હથ્થુ જ સત્તા હતી. જ્યારે અત્યારે તો પ્રજા કહે એમ એના નેતાને કરવું પડે છે!'

મહેન્દ્રભાઇ એમનું લાક્ષણિક સ્મિત વેરતા મૂંગા રહ્યા. બીજા લોકો આથી જરા હસતા એમની સામે જોઇ રહ્યા.

મેં કહ્યું:

'મહેન્દ્રભાઇ, એમ હસીને વાત ટાળશો એ નહીં ચાલે.'

'જાણે વાત એમ છે કે મારા વિચારો કદાચ અપ્રિય લાગશે. એટલે એ ચર્ચામાં મઝા નહીં રહે.'

મૃણાલબેન વિજેતાના સૂરમાં બોલી ઊઠ્યાં:

'ના પણ, તમારી પાસે દલીલો કઈ રહી છે, એ કહોને?'

મહેન્દ્રભાઈ બોલ્યા:

'જુઓ, આગળનો રાજા કે સરદાર ઉઘાડે છોગ કહેતો કે: 'હું કહું એમ કરો.' અને અત્યારનો નેતા કરે છે પોતાનું જ ધાર્યું પણ જાહેર કરે છે: 'આમ પ્રજા માગે છે—પ્રજાનો આ મત છે.'

'ખોટું, તદ્દન ખોટું.' મૃણાલબેન બોલી ઊઠ્યાં.

'અચ્છા, તો એમ. પણ હું નમ્રપણે પૂછી શકું કે અત્યારે જ તમે જે સભામાંથી ચાલ્યા આવો છો ત્યાં કોની વાત માનવી પડી હતી? હમણાં તમે જ કહ્યું કે...ભાઇની ગેરહાજરીમાં થતો વિરૂદ્ધ ઠરાવ એ આવ્યા અને તરફેણમાં કરાવી ગયા!—ત્યાં કોણ, વ્યકિત કામ કરી ગઇ કે સમષ્ટિ?'

મૂંગા બેઠેલા ચેતનભાઈમાં હવે જોર આવ્યું:

'હાં બસ્સ! હું એજ કહેવા માગતો હતો.

વ્યક્તિની અસર ઘણી છે. સમષ્ટિ એ તો ગાડરિયા પ્રવાહ જેમ વ્યક્તિ પાછળ ખેંચાય છે.'

મેં પણ ચર્ચામાં જોશ લાવવા ઉમેર્યું :

'હા મૃણાલબેન, વિલિયમ પિટ કહે છે કે Majority Is Always Of Fools–બહુમતિ હંમેશ મૂર્ખાઓની જ હોય છે!'

ચેતનભાઈ ફરી બોલી ઉઠ્યા :

'અને આજ આ બહુમતિના બંધારણમાં જે વ્યક્તિ ઝાઝા મૂર્ખાઓને પોતાની બાજુ વાળી શકે એ વ્યક્તિ રાજ કરે છે!'

મહેન્દ્રભાઈ હરેલ અવાજે બોલ્યા :

'મહાત્માજીએ કહ્યું છે કે : 'વ્યક્તિના સ્વાતંત્ર્ય ઉપર ઓછામાં ઓછો ઘા કરે તે આદર્શ સમાજ ગણાય.

મૃણાલબેન તરત બોલી ઉઠ્યાં:

'હોય નહીં, ગાંધીજી તો પૂરા Democrat હતા.'

મહેન્દ્રભાઇ કહે :

'ગાંધીજી Democrat નહીં પણ પૂરા ગાંધીવાદી હતા. અને એટલે જ મહાત્મા હતા, ગાંધીજીમાં જો કોઇ મહાનતા હતી, તો એ કદિયે કોઈ વિચારને 'બાબા વાકય પ્રમાણ' નહોતા ગણતા. અને એટલે આજની પેઢીની જેમ પુસ્તકો વાંચીને પોતાનાં વિચારો નહોતા બાંધતા, પણ વિચારને અનુભવના નિષ્કર્ષ ઉપર કસી જોતા હતા. અત્યારે તો માત્ર પશ્ચિમના વિચારો પુસ્તકો દ્વારા મગજની વખારમાં ભરવા અને જેણે ઝાઝા વિચારો ભર્યા હોય એ જેણે થોડા વિચારો ભર્યા હોય એને હરાવી પોતે પૂર્ણ સત્ય હાથ કર્યું છે, એવી ભ્રમણામાં જીવ્યા કરે છે.

'પણ પશ્ચિમ કે જેના જીવનના મૂલ્યો–ધોરણો–વિચારો પૂર્વથી જૂદા છે, જેના વિચારો એના ભૂતકાળના અનુભવ ઉપરથી બંધાયા છે તે વિચારો સારા જગતમાં સર્વમાન્ય કેમ બને?

'આપણો પણ ઇતિહાસ છે. જૂની સંસ્કૃતિ છે. સ્વતંત્ર Ideology છે. અને એ કંઇ બગાસાં

અવનવા આકર્ષક રંગોમાં મળે છે. લગાડયા પછી ચાર આઠવાડીયા બાદ ધોઈ શકાય છે. પ્રતિવર્ષ રંગ ખર્ચ બચે છે સારા રંગકામ માટે હમેાને પૂછો.

એશિયન પેઇન્ટ્સ
ઉત્તમ સેવા આપનાર

ખાતાં નથી ઘડાઇ.–એને સાવ સમજ્યા વગર આપણે કેવી રીતે છોડી દઇ શકીએ અને પશ્ચિમના વિચારોને ત્રિકાલાબાધિત સત્ય તરીકે સ્વીકારી શકીએ?

'અલબત્ત, આજ અસ્સો વર્ષો થયાં પશ્ચિમી પ્રજાના આપણા ઉપરની સત્તાના કારણે આપણે એ દેશોના વિચારોની ભૂરકી નીચે આવ્યા છીએ. એટલું જ નહીં પણ હવે તો એ રહેણી કરણી લોહીમાં આવવા લાગી છે.

'પણ એક દિવસ એવો હતો કે જ્યારે પૂર્વના માનવીની બધી જીવન વાટો ઉપર માનવી ધર્મ સાથે જ વિચારતો હતો. એને બધા વ્યવહારોમાં ધર્મ સાથ દેતો હતોઃ વેપાર કરે, શિક્ષણ આપે, ન્યાય કરે, વૈદુ કરે કે રાજ ચલાવે–બધે જ ધર્મ સાથે.

'પૂર્વની વ્યકિતની શુભનિષ્ઠામાં શ્રદ્ધા હતી. જ્યારે પશ્ચિમ તો મૂળમાં જ માનવીની નિષ્ઠામાં અશ્રદ્ધા રાખીને જ ચાલવું યોગ્ય ગણે છે.–એમાં પાવતી–ઓન્ડ–સ્ટેંપ પેપર–સાક્ષી–વકીલ–પોલિસ વગેરે સિવાય માનવી સીધો ચાલે એવી શ્રદ્ધા જ નથી. અને છતાં ય આજ એટલી તરક્કીઓ પછી પણ માનવી એ તરક્કીઓ પહેલાં હતો એથી વિશેષ નીચો પડયો છે. અને એનું કારણ વ્યકિતમાં શ્રદ્ધા નથી એ છે.

'માનવમન એવું છે કે તમે એમાં શ્રદ્ધા રાખો અને એ શ્રદ્ધા પાત્ર બને છે. તમે શંકા કરો અને એ શંકાને પાત્ર બને છે,

'પશ્ચિમ ધર્મને જીવનથી જૂદો ગણે છે. ધર્મને વેપારમાં સ્થાન નહીં. –રાજકારણમાં તો ધર્મ લવાય જ નહીં! એટલે કે ધર્મને જીવન સાથે કંઇ સંબંધ જ નહીં!

'અને એટલે જ તો માનવીની શુભ વૃત્તિમા અશ્રદ્ધા રાખીને આજ એ દેશો એક બીજાથી ડરતા હાથમાં હાયડ્રોજન બોંબ લઇને જીવી રહ્યા છે. અને જે વ્યકિતઓ સમષ્ટિના દબાણને કારણે સીધી ચાલે છે, તે વ્યકિતઓ તક મળ્યે સમષ્ટિના કાયદા તોડે છે, અને માનસિક નીચી કક્ષાના કારણે પોતાની પશુતાનો પરચો સમષ્ટિને બતાવે છે. –જેમકે હિટલરે બતાવ્યો.

'વળી એ પ્રાથમિક વ્યષ્ટિ સમુહમાં સમષ્ટિ બને છે. અને બધા જ જ્યાં પ્રાથમિક દશા ઉપર હોય ત્યાં એક સમષ્ટિ બીજી સમષ્ટિ ઉપર એક વ્યકિતની જેમજ પશુતા વાપરે છે. અને એક સમષ્ટિ બીજી સમષ્ટિથી ડરતી રહે છે –જેમ રશિયા–અમેરિકા અને બંને સમષ્ટિરૂપી વ્યષ્ટિ એવી તૈયારી કરે છે કે એક દિવસ એ પશુદશાની સમષ્ટિરૂપી વ્યષ્ટિ આ જગતને હાયડ્રોજન બોંબથી ખલાસ કરેં રહેશે.

'માનસિક ઉચ્ચતા ન હોય અને હાથમાં હાયડ્રોજન બોંબ હોય પછી શું બને!

ચેતનભાઇમાં હવે જુસ્સો સમાયો નહીં.

'સમષ્ટિનું રાજ્ય એ એક બનાવટ છે–ધતિંગ છે? સમષ્ટિ પણ વ્યષ્ટિ જેવીજ પ્રાથમિક બની શકે છે. કેમકે બધા જ જ્યાં પ્રાથમિક દશાએ હોય ત્યાં સમષ્ટિ કેવી રીતે ઉચ્ચ બની શકે? એ રસ્તો જ સાચો નથી?

મહેન્દ્રભાઇ ફરી બોલ્યા,

'સાચું તો એ છે કે વ્યષ્ટિને ધર્મપ્રધાન જીવનની તાલીમ મળવી જોઇએ કે જેથી એ 'શકિતમાન સાધુ' બને અને સમષ્ટિને ઉપકારક જીવન જીવે.'

'સમાજ એ એક ઘડિયાળની રચના જેવો પરસ્પરાવલંબી છે. ઘડિયાળમાં દરેક ચક્રે પોતાને તો ઘરી પર સમતોલ ફરવાનું હોય છેજ, સાથે બીજાને પણ પોતાની સાથે ફરવામાં સહાયક થવાનું હોય છે. ઘડિયાળમાં એક પણ ચક્ર બગડયું કે ઘડિયાળ અટકયું. તેમ જ સમાજમાં પણ વ્યકિત બગડી કે સમાજનું ઘડિયાળ બગડયું સમજો...'

ચેતનભાઇ વચ્ચે જ બોલી ઉઠયા;

'વ્યકિત કેવી મહાન છે?–એક ગાંધીએ સારા દેશની કાયાપલટ કરી નાખી!'

તરત મૃણુલાબેન બોલી ઉઠયાં:

'હા. અને એક હિટલરે જગતનું નખ્ખોદ કાઢી નાખ્યું?'

મહેન્દ્રભાઇ બોલ્યા.

'બરાબર કહ્યું, તમે જોઇ શકશો કે જ્યાં જીવનથી

ધર્મને જૂદો ગણ્યો. ત્યાં હીટલર પાકયો. અને જ્યાં ધર્મ જીવનને આવરી લે છે ત્યાં ગાંધી પાકયો!'

એકવાર મહેન્દ્રભાઇ બોલવા લાગે પછી તો એ ધારા રોકાય નહીં! કહે:

'એક બાજુથી આપણે ન્યાયનું એ પ્રધાન સૂત્ર ગણવું કે: 'સો ગુન્હેગારો ભલે છૂટી જાય પણ એક નિર્દોષ માર્યો ન જવો જોઇએ.' અને બીજી બાજુથી વ્યક્તિના સ્વાતંત્ર્ય ઉપર દશે દિશાએથી હલ્લો ચડાવી એનો ભોગ લેવો.

'જ્યારે પરદેશી રાજ્ય વ્યક્તિની ઉપર ત્રાસ વર્તાવી એને ચૂસતું હતું ત્યારે આપણને જ એણે બળવો કરવા પ્રેર્યા. અને હવે એજ વ્યક્તિને સમાજને નામે દશે દિશાથી કાયદાની જાળમાં એને જકડી લઇએ છીએ કે એ એના હાથપગ પણ હલાવી નથી શેકતી–અને એને નામ આપવું આઝાદી!'

વાતોનો અંત નહોતો.

પણ અંદરથી માજી આવ્યાં:

'આપ સમષ્ટિને અમે વ્યષ્ટિ વીનવીએ છીએ કે હવે આપ સૌ ભોજન માટે પધારો.'

માજીને મેં આ પ્રથમ-વાર જ બોલતાં સાંભળ્યાં. આ ડોશી આવું બોલી શકે એવી મને કલ્પના પણ નહોતી.

બધા હસતા હસતા ઉઠ્યા અને અંદર જમવા ગયા.

અંદર જતા જે બધી તયારી મેં જોઈ એથી મારી ચિંતા તો કયાંય છૂ થઇ ગઇ. પણ એને સ્થાને મોટું આશ્ચર્ય જન્મ્યું.

આટલીવારમાં આટલી બધી તૈયારી કેવી રીતે થઇ? પાછલે બારણેથી ભારતીએ શી શી વસ્તુઓ અંદર આયાત કરી અને આ માજીએ એવી તે કઇ કરા-મતથી આ બધું તૈયાર કરી નાખ્યું એ મારે મન કોયડો જ રહ્યું.

અમે તો જમી લીધું હતું. એટલે હું અને મહેન્દ્રભાઈ એ લોકોની સામે પાટલી નાખી વાતો કરતા બેઠા.

સમય ઘણો નીકળી ગયેલો એટલે એ લોકો ઘણા ભૂખ્યા થયેલા. એટલે પછી જમતાં વાતો જામી નહીં. ભગવાનની એ ભૂલ સુધારાતી નથી: એણે જમવા અને બોલવા બંને કામ એક જ મોંને સોંપ્યાં!

પણ માજીની એટલી મહેનત ઉપર માજીએ છેલ્લે પાણીઢોળ કરી:

આ બળબળતા ઉનાળામાં આ લોકોને બધું સારું સારું ખાવાનું આપ્યું પણ છેવટ 'ભોજનાન્તે તક્રં' જોઇએ એ માજી પૂરી પાડી ન શકયાં. અને એની માગ થતાં માજીએ બોલીને બગાડી નાખ્યું:

માજી કહે :

'આ તમારો સમષ્ટિવાદ અમને વ્યષ્ટિને ખરેખર ભારે પડી જાય એવો છે ! તમારી સમષ્ટિ-વાદની ચર્ચામાં તમને આ વ્યષ્ટિની તકલીફ કયાંય આડી ન આવી ! આ એક સ્ત્રી, આવે ક્વખતે આપણે ટપકી પડયા અને એને આપણને જમાડવા માટે શી શી તકલીફ ઉઠાવવી પડી હશે એનો તમને હજુય ખ્યાલ નથી આવતો ! પણ એ તો આપણો સિદ્ધાંત છે કે સમષ્ટિ ખાતર વ્યષ્ટિનો ભોગ અપાવો જોઇએ !'

એવી કડવી ઝેર જેવી વાત માજીએ કરી કે આ લોકો મૂંગા થઈ ગયા. પણ માજી એમનામાંના જ હોઇ એ ટકોરની ધાર એટલી તીક્ષ્ણ ન બની. માજી આગળ બોલ્યાં :

'ભારતીબેન અનેક દુકાનોએ દહીં માટે ફરી આવ્યાં પણ કટાણે મળે જ નહીં એમાં થાય શું ?'

સારું હતું કે એ લોકો જમીને ઉઠયા પછી માજીએ ભાષણ ચલાવેલું.

બધાં યે હસવામાં કડવાશ દબાવી દીધી.

પણ માજીની તો હવે જીભ ઉઘડી હતી.

'અને સમષ્ટિની વાતો કરો છો. આપણે અગિ-યાર જણા આવ્યાં છીએ. પણ આમાંથી ચર્ચા કેટલા કરો છો ? સાડા ત્રણ !'

મારે વાતને અટકાવવા વચ્ચે પડવું પડયું.

'માજી, હું તો કુદરતમાં માનું છું અને કુદરતનો હુકમ છે કે હવે માજી જમવા બેસે !'

ભારતી એમને અંદર લઇ ગઇ.

માજીનો આ પહેલો પરિચય.

પણ આ જૂના લોકોની આદત બહુ ખરાબ ! એ પરિચય થયો કે પછી કંઈ તમને છોડે નહીં !

એ દિવસ પછી જ્યારે જ્યારે મુંબઇ આવું છું ત્યારે ત્યારે માજીની મુલાકાતે મારે આવવું જ પડે ! અને આ માજી જે ચિંતાથી મારી કાળજી કરે છે એ જોઇને તો મને મારી મા સાંભરી આવે છે.

પણ એવી મમતા તો ગઇ પેઢીના લોકોમાં ઘણી જોવા મળે છે. પણ માજીનું એ જ માત્ર આકર્ષણ નથી.

પણ સંસ્કારી બ્રાહ્મણની આ દીકરી અને પંડિત બ્રાહ્મણની આ પત્ની આજ આ નવા જમા-નાના વિચારોને મગજમાં ઘોળી શકે છે. અને એમની સાથે વાત કરતાં તમને જણાય કે એ જરાકે વૃદ્ધાવસ્થા કારણે જૂની પેઢીનાં બન્યાં નથી. વાકયે વાકયે એમાં હાસ્યના ફુવારા ફૂટતા હોય છે. ઉદાર એવા કે જે કોઇ આવે એને એ નવ નવ હેતે જમાડે છે. વળી ઉદારમતવાદી પણ એવાં કે જે વિચારોમાં પોતે ન માનતાં હોય એને પણ જીરવી શકે.

આજ સીત્તેરે પહોંચવા આવ્યાં છે છતાં શરીર, જુઓ તો જુવાનને શરમાવે એવું ખડતલ છે !

એ ઝાડુ કાઢતાં હોય અને સાથે જ એ ચાલુ પ્રશ્નો ઉપર ચર્ચા કરતાં હોય, ઘરમાં દીકરી વહુઓ બેઠી દેખો, પણ આ માજી તો ધમધમ ફરતાં હોય. અને જાણે આ ઘરનો બધો કોન્ટ્રેકટ લીધો હોય તેમ બધું ય પોતે જ કર્યા કરે ! અને છતાં એમના અગિયારસ અમાસના અપવાસો તો હાલતાં ચાલતાં હોય.

આજ એમની પાસે બેઠો છું અને એમના શબ્દોમાંથી ચાલતો વાણી પ્રવાહ અને હાસ્યના ફુવા-રામાં નહાતો રસોડામાં પાટલે બેઠો છું. અને જાણે ભૂતકાળ સજીવ થઇને મારી આંખ સામેથી પસાર થતો હોય તેમ પંદર વર્ષોની ફીલ્મ નીહાળી રહ્યો છું.

—આજસ

બાલવાડી કેમ ચલાવવી ?

લેખાંક ૧ લો

બાળકની સંખ્યા તથા નિયમિત ઉપસ્થિતિ

સમાજ કલ્યાણ સમિતિ, જુદા જુદા મહિલા મંડળો, કસ્તુરબા ટ્રસ્ટ અને સર્વોદય જેવી ગ્રામ સેવક સંસ્થા–આવી અનેક સંસ્થાઓ તરફથી હિંદ-ભરમાં છૂટી છવાઈ નાની નાની બાલવાડીઓ ચલાવવાનો પ્રયત્ન થઇ રહ્યો છે. દેશના ખૂણેખૂણે બાળકોને સુસંસ્કારો આપવાનું કાર્ય આ બાલવાડીઓ કરી રહી છે. એ પ્રશંસનીય વાત છે. આવી બાલવાડી ચલાવનાર શિક્ષક પોતાના અનુભવો પરથી માર્ગદર્શન કરે અથવા તો તેમને માર્ગદર્શન મળે એ હેતુથી આ લેખમાળા રચાઈ છે.

બાલવાડી મોટે ભાગે ગામડાંઓમાં કાઢવામાં આવે છે. શહેરોમાં પછાત વસ્તીમાં કાઢવામાં આવે છે. તેમની વચ્ચે કંઈક સારૂં કામ કરી બતાવવાના ઉત્સાહથી શિક્ષક જાય છે. સારૂં એવું જ્ઞાન અને થોડાઘણાં અનુભવ પરથી રૂપરેખા તૈયાર કરી હોય છે. પણ થોડા દિવસ બાદ ગામડાંની પરિસ્થિતિનો પરિચય થતાં ગભરાઇ જાય છે કારણ કે વાસ્તવિક જગત કરતાં તેનું કાલ્પનિક જગત વધુ જૂદું હોય છે. તેણે કંઇક કલ્પનાઓ કરી હશે, કંઈક વાંચ્યું હશે, કંઇક વિચારો લખીને લાવ્યો હશે તે શું બધું નકામું જશે ? એવો પ્રશ્ન તેને થાય છે. પણ એવું કંઇ નથી. રૂપરેખાની જરૂર તો છે જ પરંતુ ફકત વિચારો પૂરતો જ. તેનો ઉપયોગ ફકત વાત-ચીત પૂરતો જ છે.

પ્રત્યક્ષ કામ કરતી વખતે આપણી સામેના બાળકો, આજુબાજુના માણસો, ભૌગોલિક પરિસ્થિતિ વગેરેનો વિચાર કરવો પડે છે. તેના પરથી આપણી શિક્ષણ પદ્ધતિ, આપણું સમય–પત્રક, આપણા જરૂરિયાતના સાધનો તૈયાર કરવા જોઇએ. તેને માટે સ્વતંત્રપણે વિચાર કરીને યોજના કરવાની યોજક શકિત શિક્ષકોમાં હોવી જોઇએ. શ્રી ગિજુભાઇ બધેકા હિન્દુસ્તાનમાં તેમની ગપ્પાં મારવાની રીત તથા તેમનો વિષય, તેમની સામાજિક રીતભાત આપણને જરૂર નીચા દરજ્જાની લાગશે. માટે તેમનામાં ભળવું, તેમના જેવું બનવું જરૂર આપણને અઘરું લાગશે. પણ આપણે આપણો દરજ્જો છોડીને નીચે આવવાની જરૂર નથી. પરંતુ મનોરંજક વાતો કરીને આજુબાજુની પરિસ્થિતિ ધ્યાનમાં લઇને, અસરકારક વાતો કરીને તેઓનું મન આપણી તરફ આકર્ષવા પ્રયત્ન કરવો, તેઓ મૂર્ખ છે અને આપણે કોઈ શાણા થઇને તેઓને શીખવવા આવ્યા છીએ એવો પ્રયત્ન કામનો નથી. તેના કરતાં એક શિક્ષક આપણા બાળકોને શીખવવા આવ્યો છે એવો વિચાર સારો.

મોટા માણસો પાસેથી આવી પ્રતિષ્ઠા મેળવીને ગામ બહાર બાળકો ભેગા થતા હોય ત્યાં જ પરિચય મેળવી લેવો. તેઓને રમત બતાવવી, ગીતો શીખવાડવા, વાર્તા કહેવી આથી પરિચય થતાં બાળકો ધીમે ધીમે પાસે આવશે. આવી રીતે અમે ખૂબ ખૂબ સરસ અનુભવ મેળવ્યો છે. બોરડીમાં આદિવાસીઓની જ્યારે બાલવાડી શરૂ કરી ત્યારની આ વાત છે. દસ પંદર ઝૂંપડાઓનો સમુહ હતો. ઘરના મોટા માણસો કામ કરવા ગયા હતા. એક પણ બાળક દેખાતું ન હતું. બપોરના બે વાગ્યાનો સુમાર હતો. બધાં ઝૂંપડા બંધ હતા. તદ્દન શાંતિ હતી, ગઇ કાલે તો અહીં ઘણા બાળકો હતા, તો આજે કયાં ગયા ? એટલામાં એક બારણું અધું ખૂલ્યું. એ બારણામાથી બે ચમકતી આંખો દેખાઇ. અરેરે ! બીજા બધાં લપાઇને બેઠા હશે ? બોલાવવા પુષ્કળ પ્રયત્ન કર્યો પણ કોઇ બોલ્યું નહિ, છેવટે દરેકના બારણામાં મોતીની વાટકી અને દોરી મૂકી અને અમે એક ઝાડ નીચે આવીને બેઠા. થોડી જ વારમાં બધી વાટકીઓ અંદર ગઈ અને મણકાઓ પરોવીને બાળાઓ બહાર આવી. અમે તેમને ભેગી કરીને લઇ આવ્યા. આ પ્રમાણેનો કાર્યક્રમ ચાર પાંચ દિવસ ચાલ્યો પરંતુ ધીમે ધીમે બારણા ઉઘાડા રહેવા લાગ્યા. બાળકો બહાર આવીને મણકા પરોવવા લાગ્યા. આગળ જતાં તેઓને અમારો પરિચય થયો ત્યારે તેઓ અમારી સાથે અડધે રસ્તે સુધી આવવા લાગ્યા.

શિક્ષકોનું કામ :

શિક્ષકોએ ચોતરાપર જઇને પુરુષોની ઓળખાણ કરી લેવાથી નહિ ચાલે. તેમની ઓળખાણ કરતાં ગામડાંમાં કાર્યો કરતાં જનોની ઓળખાણ અને વિશ્વાસ મેળવવો જોઇએ. આવી રીતે ગામનો પરિચય મેળવ્યા પછી બાળકો આપણી બાલવાડીમાં આવશે. પણ તેમની હાજરી નિયમિત જ રહેશે એવું કંઇ નથી. ચાર આઠ દિવસ નવું નવું લાગશે માટે મોટા બાળકોની સાથે સાથે નાના બાળકોના ટોળાનાં ટોળા આવશે. પણ આ બાળકોને છૂટથી હરવા ફરવાની ટેવ હોય છે. એ લોકોને એક ઠેકાણે બેસવું, શીખવું, એકાગ્રતા કેળવવી એ બધું ત્રાસદાયક લાગે છે. માટે તેઓ આવે પણ ઘરે પાછા જતાં રહે છે અને રહે તો એક જગાએ બેસી નહિ શકે, અને કદાચ બેસે તો એકાગ્રતા નહિ આવે. ચાર આઠ દિવસ કોઈ બાળક નિયમિત આવે એટલે આપણે તેના નામ લખીએ તો પણ તે કદાચ નહિ આવે અને બીજા જ આવશે. થોડા બાળકો શરૂઆતમાં આવશે. પછી ભાગી જશે તો વળી કોઇ મોડા જ આવશે. આવી પરિસ્થિતિ ઉભી થતાં વિચાર કરીને માર્ગ કાઢવો જોઇએ. શહેરોમાં માબાપ બાળકોને શાળાના સમયે તૈયાર કરીને મોકલશે. જ્યારે ગામડામાં માબાપોને મન તેનું મહત્વ એટલું બધું હોતું નથી માટે જ માબાપોનો સંપર્ક સાધવો ચાલુ રાખવો જોઇએ અને એના અનેક માર્ગ છે.

(૧) બાળકોને ઘરે બોલાવવા જવું.—શિક્ષકોએ આ કાર્યને બાલવાડીના કામમાં એક અગત્યનો ભાગ ગણવો જોઇએ. બાળકોને બોલાવવા જવામાં ઢીલ રાખવી ન જોઇએ. બોલાવવા જવાથી ઘણો જ ફાયદો થાય છે. બાળકના માતાપિતાસાથે ઓળખાણ થાય છે, ઘરની પરિસ્થિતિ, બાળકોના માર્ગમાં આવતી વ્યક્તિગત અડચણો, બાળકનું ઘરમાં સ્થાન, તેનો સ્વભાવ વગેરેનો ખ્યાલ આવે છે. શિક્ષક એટલે મિત્ર એમ લોકોને લાગશે આથી જ બાળકોને બોલાવવા જવું એ અત્યંત મહત્વનું કામ છે.

(૨) અઠવાડિયામાં એક દિવસ કોઇપણ એક બાળકને ઘરે બધાં જ વિદ્યાર્થી અને શિક્ષકે મળીને જવું. તેનું આંગણું સાફ કરવું. અને ત્યાં જ વાર્તા, ગીતો, રમત વગેરે કાર્યક્રમ કરવો. નાસ્તો બનાવવો અને આપવો. જેને ઘરે જવાનું હોય તેને બે ત્રણ દિવસ પહેલાં જણાવી દેવું. ગામડાના લોકો ખૂબ પ્રેમાળ હોય છે અને તેઓ અતિથિનું સારું સ્વાગત કરે છે. પાથરણાં પાથરવા દેશે, પાણી લાવી આપશે અને પોતાના બાગમાં થયાં હોય તો જમરૂખ, શીંગ, શેરડી, થોડાં ચીકું, કેળાં, એવું કંઇપણ ખાવા લાયક હોય તો તે આપશે. જે બાળકને ઘરે જવાનું હોય તેમને તો મોટું સન્માન લાગશે અને સાત આઠ દિવસ તો ધમાલમાં પડી જાય છે.

(૩) ગામના કાર્યક્રમોમાં ભાગ લેવો :—ગામડામાં ઉત્સવ પ્રસંગો બહુ જ થોડા આવે છે. અને જ્યારે એકાદના ઘરે ઉત્સવ જેવું હોય તો એ આખા ગામનો ઉત્સવ બની જાય છે. કોઇને ત્યાં સત્યનારાયણ, કોઇને ત્યાં લગ્ન તો કોઇને ત્યાં બાળકના બારસા હોય ત્યારે આપણને માનપૂર્વક આમંત્રણ મળે તો આપણે જરૂર જવું, બેસવું અને રીતરિવાજ જાણવા પ્રયત્ન કરવો. આપણને કંટાળો આવે તો પણ જવું. ઉત્સવ પ્રસંગની જેમ કોઈ માંદુ હોય, મરણ પામ્યું હોય ત્યારે જરૂર મળવા જવું.

(૪) આપણી બાલવાડીમાં કોઈ કોઇવાર સમારંભ યોજીને માબાપોને બોલાવવા. તેઓને મોટી મોટી સભા, વ્યાખ્યાનો સમજતા નથી તેમ જ ઉપદેશો આપવા પણ પ્રયત્ન કરવો નહિ પણ બાળકોના ગીતો, વાર્તા, રમત એવા કાર્યક્રમો રાખવા. આ જોઇને તેમના અશિક્ષિત માનસને કૌતુક લાગશે. એવી જ રીતે અમે એકાદ વખત બાળકોના કેટલાક ચિત્રોનું પ્રદર્શન ગોઠવતાં હતા ત્યારે આદિવાસીઓના વડીલો કૌતુકથી જોતા હતા. અને એકબીજાને દેખાડતાં હતાં.

(૫) પરસ્પર સહાયક થવું—ગામડાઓની નાની નાની જરૂરિયાત આપણે સહેલાઈથી પૂરી પાડી શકીએ છીએ. ગામડાના લોકોની ખાસ ટેવ એક એ છે કે દુઃખને વખતે તાત્કાલિક ઉપાય લેતા નથી. જંતુઓ થાય, પેટમાં દુઃખવું, ટાઢીએ

તાવ, શરીર ગળવું, આંખો દુઃખવી, ઉધરસ થવી વગેરે થાય ત્યારે જ તરત ઉપાય લેવાનું સૂઝતું નથી. આથી થોડીક ઘરગથ્થુ દવા અને તાત્કાલિક ઉપાયો શિક્ષકે જાણી લેવા જોઇએ. અને ઘેર ઘેર જઇને મદદ કરવી જોઇએ.

બીજી જરૂરિયાત એટલે કે બીજાના પત્ર વાંચી સંભળાવવા. કોઇને લખી આપવા, સરકારી કાગળ પત્રો, શાહુકારની સાથે થયેલાં કરારનામાં, વર્તમાન પત્ર વગેરે વાંચી સંભળાવવા. તેની જીવનમાં ઉપયોગિતા તથા કાયદાની માહિતી આપવી. તેમના ધંધાની શાસ્ત્રીય માહિતી આપીને સુધારણા કરાવવી. આવી રીતે અનેક બાબતો પર ગામના લોકોને મદદ કરી શકાય છે.

આમ અનેક રીતે ગામના લોકોનો સંપર્ક સાધી શકાય. ગામના કબ્જિયામાં કદી પડવું નહિ કારણ કે જ્યાં સુધી આપણું વજન ન પડી શકે ત્યાંસુધી આવી વાતોમા આપણને યશ મળતો નથી. આટલું કરવાથી બાળકોની સંખ્યા વિશેષ નિયમિત બનશે એવું નથી. કારણ કે કોઇ ગામડામાં જુદા પ્રકારની મુશ્કેલી ઉભી થાય છે. મોટી છોકરીઓને નાના ભાઇબાંડુ સંભાળવાના હોય છે. તેમજ ઘરકામ કરવાનું હોય છે. થોડા મોટા બાળકોને ઢોર ચરાવવાનું હોય છે. અને મોટા ભાંડુ સિવાય નાના ભાંડુ આવતા નથી. સિવાય મોટા ભાંડુ ઉમરમાં વધતા જાય તો પણ સંસ્કાર હોતા નથી. આથી બાલવાડીમાં ઉંમરની મર્યાદા પ્રથમ દાખલ કરી શકાતી નથી. પાંચ છ વર્ષ પછી આપોઆપ નાના બાળકો એકલાં જ બાલવાડીમાં આવી શકે છે. માટે શરૂઆતમાં એકદમ નાના બાળકથી માંડીને દશ બાર વર્ષ સુધીના બાળકો લઇ શકાય. તે વખતે ઉપરની મુશ્કેલીઓ ઉપસ્થિત થાય છે. માટે એકદમ નાના બાળક માટે પણ બાલવાડીમાં ૨ થી ૩ પારણાં રાખવા અને તે બાળકોની આળપંપાળ કરવી. ઢોર ચરાવનારને અડચણ હોય તો તેને ઢોર ચરાવતાં નવરાશ મળે ત્યારે તેને શિક્ષણ આપવું એજ એક માર્ગ છે.

ઉપર બતાવ્યા સિવાય જુદા જુદા પ્રકારની અડચણ જુદી જુદી પરિસ્થિતિમાં ઉભી થાય છે. તેનો તોડ કેમ કાઢવો તે શિક્ષકે સ્વતંત્ર બુદ્ધિથી વિચારીને લેવું જોઇએ. —અનુતાઇ વાદ્ય.

શિક્ષણ સાહિત્ય

બાલમંદિરો માટે સાધનો, નકશાઓ, ચિત્રપટો, કરસતના સાધનો, બાલસાહિત્ય
અને અન્ય ઉપયોગી સાધનો માટે સૂચિપત્ર મંગાવો.

લખો :

નૂતન શિક્ષણ–સાધનાલય એન્ડ આર્ટ વર્ક્સ લિ૦,
સીનેમા રોડ, સુરેન્દ્રનગર, (સૌરાષ્ટ્ર.)

જીનતાન

અસલ જાપાનીઝ જગપ્રસિદ્ધ સુવાસિત ગોળીઓ. મુખ શુદ્ધિ માટે અપૂર્વ મુખવાસ. જાહેર ભાષણ કરનારાઓ, નાટકનાં ખેલાડીઓ, ગવૈયાઓ, જેઓને ઘણું બોલવાની અથવા કંઠને શ્રમ આપવાની જરૂર પડે છે, તેઓ માટે આ ગોળી ઘણી ઉપયોગી છે.

૫૦૦ ગોળીનું પેકેટ ફેન્સી ટીનની ગોળ ડબ્બી સાથે

: સોલ એજન્ટ :

શાહ બ્રધર્સ — **જીનતાન એજન્સી**, ૩૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨.

નવા યુગનો શિક્ષક

શિક્ષક કેવો હોવો જોઇએ

કેળવણીના કામમાં શિક્ષકનું મહત્વ વિશેષ છે. "ગુરૂમુખે ગંગા" એ કહેવતમાં શિક્ષકની મહત્તા ગાવામાં આવી છે તેમજ 'ગુરૂબિન કોન બતાવે વાટ" એ પંક્તિમાં ગુરૂની ઉપયોગિતા બતાવવામાં આવી છે. શિક્ષકની આ અનિવાર્યતા ધ્યાનમાં લઇને આજસુધી વખતોવખત તેનો વિચાર કરવામાં આવ્યો છે. આજે પણ શાળાના સમારંભમાં અથવા એવા કોઈ પ્રસંગના કારણે શાળામાં જાય છે ત્યારે શિક્ષક કેવો હોવો જોઇએ તે માટે પોતાનો અભિપ્રાય વ્યકત કરે છે. શિક્ષકો જ્યાં કેળવાય છે ત્યાં તો એવા પ્રસંગોમાં આ વાત વિશેષ આગળ કરીને કહેવામાં આવે છે. આ બધું સાંભળીએ ત્યારે શિક્ષક થવું એટલે મોટો ગુનો કર્યો છે એવું શિક્ષકોને લાગે ત્યાં સુધી લોકો શિક્ષક પાસેથી અપેક્ષા રાખે છે અને શિક્ષકોના દોષ પણ કાઢે છે. બાળકોના વિકાસમાં શિક્ષકનો ઘણો ભાગ હોય છે તો પણ તે એને માટે બધી રીતે જવાબદાર હોતો નથી. મા-બાપ, કુટુંબના અન્ય માણસો તેમજ જે સમાજમાં બાળક ઉછેરાય છે તે સમાજ એ જ બાળકના વ્યકિતત્વનો ઘાટ ઘડે છે. પહેલાં ગુરૂકુલો હતાં, ત્યારે શિક્ષકનું જે સ્થાન હતું તે સ્થાન આજે રહ્યું નથી. આ એક વાત ધ્યાનમા લેવી જોઇએ અને બીજી વાત શિક્ષક પણ બીજા માનવીની જેમ એક સામાન્ય માનવી છે તેથી એનામાં અપૂર્ણતા રહેવાની જ અને સમાજે પણ એ ધ્યાનમાં રાખવું જોઇએ.

સામાન્ય રીતે શિક્ષકની બાબતમાં નીચેના ચાર મુદ્દાઓ ધ્યાનમાં લેવામાં આવે છે:—

૧. શિક્ષક પંડિત હોવો જોઇએ.

૨. શિક્ષક અનુભવી હોવો જોઇએ.

૩. અધ્યાપન કળા જાણનારો હોવો જોઇએ.

૪. વર્ગમાં યોગ્ય શાંતિ રાખનારો હોવો જોઇએ.

આ સિવાય એ ચારિત્ર્યવાન હોવો જોઇએ વગેરે અનેક વિગતો ધ્યાનમાં લઇ શકાય. પરંતુ પોતાનો વિષય શીખવવાની દૃષ્ટિએ યોગ્ય એવા ગુણોનો વિચાર કરતાં ઉપરના ચાર મુદ્દાઓ ધ્યાનમાં લઇ શકાય.

શિક્ષક પંડિત હોવો જોઇએ.

જે શિક્ષક વધુ ભણેલો હોય તે સારો એવી એક સામાન્ય માન્યતા છે. તદ્દન નાના બાળકો માટે જેને શક્ય હોય છે તે વધુ ભણેલો શિક્ષક જ પસંદ કરે છે. કારણ એવા શિક્ષકની શૈક્ષણિક કલ્પનાઓ સ્પષ્ટ હોય છે અને બાળકોને તે યોગ્ય રીતે શીખવી શકે છે. યોગ્ય–અયોગ્યનો એ નિવેડો લાવી શકે છે. તેથીજ બાલમંદિરમાં ઉપાધિધારી શિક્ષકો જોઇએ એમ કેટલાંક કહે છે. આજની શિક્ષણ પ્રથામાં વધુ ભણેલો શિક્ષક કોલેજમાં, એના કરતા ઓછો ભણેલો હાઇસ્કૂલ માટે, અને એનાથીયે ઓછા ભણેલા (શાળાંત સુધી) શિક્ષકો પ્રાથમિક શાળામાં એવી વ્યવસ્થા હોય છે. પણ આ વ્યવસ્થા બરાબર નથી. આજના શિક્ષકો–શિક્ષકો વચ્ચેની વિષમતા એથીજ નિર્માણ થઇ છે. શિક્ષકો–શિક્ષકો વચ્ચેનો આ ભેદભાવ ઓછો કરવાના પ્રયત્નો થવા જોઇએ. પહેલાં આપણા દેશમાં ગુરૂકુલોની વ્યવસ્થા હતી ત્યારે બાળકને કયા ગુરૂકુલમાં મોકલવું તે નકકી કર્યા પહેલાં શિક્ષકોની યોગ્યતા જોવામાં આવતી. કારણ શિક્ષક પાસે જે પૂરતું જ્ઞાન ન હોય તો તે શિષ્યોને કયાંથી આપી શકે તેથી સારો શિક્ષક પ્રસિદ્ધ પંડિત પણ હોય એ જરૂરી છે. પણ શું એથી કેળવણીનું કામ થઇ શકે?

શિક્ષક અનુભવી હોવો જોઇએ:

જો આપણી સંસ્થામાં કોઈ શિક્ષકને પસંદ કરવાનો હોય અને જો સામે બે વ્યકિત હોય જેમાં એક વધુ ભણેલી અને બીજી ઓછું ભણેલી પણ વધારે અનુભવ ધરાવતી વ્યકિત હોય તો આપણે આ બેમાંથી કોને પસંદ કરીશું? કોઇ કોઇ ક્ષેત્રમાં ભણતર કરતાં અનુભવની વધુ કિંમત હોય છે કારણ કેળવણી દ્વારા જે કાંઇ જ્ઞાન મળે છે તેનું પાચન તો અનુભવના જગતમાં જ થાય છે. અને એ જ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી પ્રાપ્ત

કરેલું જ્ઞાન શિક્ષકમાં ઉતરે નહિ તેથી પ્રત્યક્ષ કામનો અનુભવ એ એક મહત્ત્વનો મુદ્દો છે. જ્ઞાનમાં જે કોઈ ખામી હોય તો તે અનુભવથી દૂર થાય છે. જ્ઞાનની ખરી ઉપયોગિતા પણ સમજાય છે. અને વિશ્વાસ વધે છે તેથી અનુભવની કિંમત વધારે છે, પણ એનો અર્થ એમ નથી કે સેવા નિવૃત્ત થયેલા-ઓને જ ફરી કામ પર લેવાં. આ લોકોને અનુભવ ઘણો હોય છે, પરંતુ એમની કાર્યશક્તિ ક્ષીણ થઈ ગયેલી હોય છે તેથી અનુભવની સાથે ઉત્સાહ અને કાર્યશક્તિ એ બે વાતો ધ્યાનમાં લેવાની જરૂર છે.

અધ્યાપન કળા આવડવી જોઈએ :

પાંડિત્ય અને અનુભવ કરતાં પણ અધ્યાપન કળા શિક્ષકના વ્યવસાય માટે મહત્ત્વની છે. આ કળા કેટલાકમાં જન્મ જાત હોય છે તેથી તે બધામાં હોય છે એમ નથી. કેટલાંક લોકો પાસે જ્ઞાન પ્રાપ્ત કરવાની કળા હોય છે ત્યારે કેટલાક પોતાનું જ્ઞાન બીજાને આપવામાં કુશળ હોય છે. જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ધંત અને ઉદ્યોગની આવ-શ્યકતા છે તો જ્ઞાન આપવામાં શિષ્યની માનસિક સ્થિતિ, શક્તિ વગેરે સમજવાની વિશેષ જરૂર હોય છે. તેની સાથે સાથે વિષય જે કક્ષા માટે હોય તે માટે તેને યોગ્ય બનાવતાં આવડવું જોઈએ. બાળ-કના પૂર્વજ્ઞાનનો ઉપયોગ કરીને તેની સાથે નવું જ્ઞાન સંધાવીને જ્ઞાનનો વિકાસ કરવાનો હોય છે. આ કંઈ સહેલી વાત નથી. જ્ઞાન પ્રાપ્ત કરવાનું કામ સહેલું છે પણ શીખવવાનું કામ અઘરું છે એમ કહીએ તો ખોટું નથી. અધ્યાપન કળા જન્મજાત હોય તો પણ તેના માટે પ્રયત્ન પણ જરૂરનો હોય છે. તે માટેજ અધ્યાપન મંદિરો હોય છે. તેવા અધ્યા-પન મંદિરમાં તાલીમ લીધેલો શિક્ષક વગર તાલીમ લીધેલા શિક્ષક કરતાં વધારે ઉપયોગી હોય છે. અનુભવી શિક્ષકોને અધ્યાપન કળા સ્વાનુભવથી પ્રાપ્ત થયેલી હોય છે પરંતુ અધ્યાપન મંદિરમાં બીજાના અનુભવોનો લાભ પણ શિક્ષકોને મળતો હોય છે તેથી વગર તાલીમ લીધેલા શિક્ષકનો દરજ્જો જરૂર ઓછો ગણવો પડશે જ.

વ્યવસ્થા જાળવનાર શિક્ષક :

શિક્ષક પાસે જો જ્ઞાન, અનુભવ અને અધ્યાપન કળા હોય તો તે વર્ગમાં શાંતિ જાળવી શકે છે પણ કેટલાક શિક્ષકોને યોગ્ય વ્યકિતત્ત્વના અભાવે શાંતિ જાળવતાં આવડતું હોતું નથી. વર્ગમાં જો વ્યવસ્થા અને શાંતિ ન હોય તો શિક્ષકનું કોઇ પણ કામ સારૂં થઇ શકે નહિ એ સ્પષ્ટ જ છે. છેવટે ગમે તે ઉપાયે શાંતિ તો રહેવી જ જોઇએ. જે શિક્ષકને આ શાંતિ જાળવવાનું કામ સરળતાથી કરતાં આવડે છે તે શિક્ષકને ઉત્તમ ગણવો જોઇએ. કારણ તેને બાળકોનું ધ્યાન પોતા તરફ અને વિષય તરફ વાળી લેતા આવડે છે. એટલું જ નહિ પરંતુ વર્ગમાં તે પરસ્પર સહકાર, કુદરતી વાતાવરણ નિર્માણ કરી શકે છે.

શિક્ષકે કેમ વર્તવું જોઈએ ?

વર્ગની શાંતિ અને વ્યવસ્થા એ બે મહત્ત્વની વાતો પછી શિક્ષકે શી રીતે વર્તવું જોઇએ એ પ્રશ્ન વિચારીએ. વર્ગમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવાના અનેક માર્ગો છે તેમાંથી કયો માર્ગ લેવો એ તો પ્રશ્ન છે જ. કારણ કોઇ પણ માર્ગ નક્કી કરતાં તેના દુરંગામી પરિણામો શા આવે તે ધ્યાનમા લેવાનું હોય છે. આ દ્રષ્ટિએ શિક્ષકે કેમ વર્તવું જોઇએ એ વિચારી લેવું મહત્ત્વનું છે. આ સંબંધમાં નીચેના ત્રણ મુદ્દાઓ ધ્યાનમાં લેવા જેવાં છે :—

૧—બાળકો પર ધ્યાન રાખીને તેઓ યોગ્ય રીતે વર્તે તે શિક્ષકે જોવું જોઇએ.

૨—પોતાનું વર્તન આદર્શ રાખી બાળકો ઉપર સારા સંસ્કાર પાડવા.

૩—બાળકોના નૈસર્ગિક વિકાસને અવકાશ આપવો.

બાળકો પર 'ધાક' રાખવી :

જે શિક્ષક બાળકોને નિયંત્રિત કરી શકે તેની સાથે બાળકો નકામું બોલતાં નથી તેથી કેળવણીનું કામ સરળ થાય છે. બાળકો શિક્ષકોની આજ્ઞાનું પાલન કરે છે. અને બાળકોના મનમાં શિક્ષક માટે એક પ્રકારની બીક ઉત્પન્ન થાય છે. કેટલાક બાળકો શિક્ષકની સામે આ બીકને લીધે સારી રીતે વર્તે છે, પણ જેની પીઠ પાછળ તેઓ તે શિક્ષકની મશ્કરી

કરતાં હોય છે. કેટલાંક બાળકોના મનમાં એટલી બધી બીક પેસી ગઇ હોય છે કે ઊંઘમાં ધ્રાસ્કો પામી સફાળે ઉઠી જાય છે. એવો શિક્ષક બાળકોને ડરાવવા માટે કોઈ વખત સોટીનો પણ ઉપયોગ કરતો હોય છે. આ પ્રકારની બીકથી બાળકોને નુકસાન પહોંચે છે. તેઓનો વિકાસ સરખી રીતે થતો નથી. બીકને લીધે બાંધેલા ખોરાકનું પાચન થતું નથી. માનસિક શક્તિઓ રૂંધાય છે, કાર્યશક્તિઓ ઓછી થાય છે ત્યારે આ રીતે સત્તાના જોરે બાળકોને બીવડાવવાં એ યોગ્ય નથી, એમ અત્યારે બધાં માને છે. એક વખતે વાલીઓની કલ્પના એવી હતી કે કેળવણીનું સાચું સાધન એટલે "સોટી" અને કહેવાતું કે, "સોટી વાગે છમ છમ– વિદ્યા આવે ઝમ ઝમ" પણ અત્યારે 'સોટી'ને કોઈ માનતું નથી. એવી શિક્ષા કરનાર શિક્ષકને જ સજા થાય એવા કાયદાઓ થયા છે અને બાળકો પણ તે જાણતાં હોય છે. બાળમંદિરમાં તો આ પ્રકારની વસ્તુને કોઇ સ્થાન હોઇ જ ન શકે. ત્યાંના શિક્ષકમાં માતાનો પ્રેમભાવ જ હોવો જોઇએ. શિક્ષકને જોયા પછી, બાળકને તેને ભેટી પડવાનું મન થાય એ સારું લક્ષણ છે પણ એનો અતિરેક શિક્ષક તરફથી ન થવો જોઇએ નહિતર બાળકો માથે ચડી જાય છે.

શિક્ષકનો આદર્શ :

બાળકોને બીવડાવ્યા વિના અંકુશમાં રાખવા તો પછી એનો બીજો રસ્તો કયો ? એમ વિચારતા શિક્ષક પોતે આદર્શ રીતે વર્તે એમ કેટલાકને લાગશે. કારણ એનીજ કૃતિ, વિચાર અને ભાવનાનું અનુકરણ બાળકો કરતા હોય છે. એટલું જ નહિ પણ બાળકોએ જે રીતે વર્તવું જોઇએ એવું શિક્ષકને લાગે છે તે અંગેની યોગ્ય છાપ શિક્ષકે પાડવી જોઇએ. 'બાપ તેવો બેટો' તે કહેવતમાં રહેલું રહસ્ય સૂચક છે. શિક્ષક એક પ્રકારનો ઢાંચો છે જેના વડે બાળકના માટી જેવા મનને ઘાટ આપી શકાય એવી એક કલ્પના છે. જે રીતે ઢાંચામાં માટી મૂકીને એક સરખા ચિત્રો બહાર પડે છે તે રીતે શિક્ષક પાસે શીખનારા બાળકોનું મન ઘડાય છે એવું મનાય છે. આ રીતે શિક્ષકની જે કંઇ છાપ પડે છે તેમાં બાળકોને બીક પણ લાગતી નથી અને બાળકોનો પણ વિકાસ થાય છે. એમાં શિક્ષક અને બાળકો બંનેમાં પ્રેમનો સંબંધ હોય છે.

પણ શું એ શક્ય છે ?

એવા કેટલા શિક્ષકો આદર્શરૂપ ગણી શકાય? આદર્શ બનવું એ કંઇ સહેલી વાત નથી. શિક્ષકના આદર્શના ઢાંચાનું માપ કોણ લે? એકલો શિક્ષક આદર્શ જીવન સ્વીકારે તો પણ સમાજની ઇતર વ્યક્તિઓ જ્યાં સુધી આદર્શ બનતી નથી, ત્યાં સુધી શિક્ષકના આદર્શને અસર કેટલી રહેશે? શિક્ષક કરતાં પણ ઘરની વ્યક્તિઓનો સંબંધ વધારે વખત માટે હોય છે. તેથી શિક્ષક અને વાલીઓ તરફથી જુદી જુદી છાપ બાળકના મન પર પડે તો બાળકના મનમાં દ્વંદ્વ શરૂ થાય છે અને તેમાં એની શક્તિનો પણ હ્રાસ થાય છે.

માની લઇએ કે એકવાર શિક્ષક પોતાનું જીવન આદર્શ બનાવી શકે તો પણ તે યોગ્ય છે કે કેમ? એ પણ એક પ્રશ્ન છે. દરેક બાળકમાં જુદું જુદું વ્યક્તિતત્ત્વ હોય છે. આ બધાં બાળકોને એક ઢાંચામાં મૂકવાથી એમનો સરખો વિકાસ શી રીતે થાય! તેથી શિક્ષકનું જીવન આદર્શ હોવું જોઇએ તેના સારા સંસ્કારોની છાપ બાળકો પર પડવી જોઇએ, એમ કહેવામાં પણ થતો અતિરેક અટકાવવો જોઇએ.

શિક્ષકની બાળકના વિકાસમાં મહત્ત્વ.

શિક્ષકની બાબતમાં આજે મુખ્ય કોઈ અપેક્ષા હોય તો તે એ છે કે શિક્ષકે બાળકનો યોગ્ય વિકાસ થવા દેવો જોઇએ. દરેક બાળકનું વ્યક્તિતત્ત્વ અને આનુવંશિક તત્ત્વો જુદા જુદા હોય છે. એનો વિકાસ સારી રીતે થાય તે માટે કેળવણીમાં ધ્યાન આપવાની જરૂર હોય છે. દરેક વ્યક્તિ જુદી જુદી રીતે વિકસશે તેથી જ 'મુંડે મુંડે મતિર્ભિન્ના' આપણે કહીએ છીએ તે સાચું છે. શિક્ષકે પોતાની છાપ બાળક ઉપર પડે તેવો પ્રયત્ન કરવાને બદલે બાળક જે કંઇ આકાર લે તેને સગવડ આપવી જોઇએ. વિકાસ એક કુદરતી ક્રિયા છે; તેને યોગ્ય વાતાવરણની જરૂર હોય છે. એ વાતાવરણ

સર્જવાનું કામ શિક્ષકનું હોય છે. સારો વિકાસ કરવાનો હોય તો બાળક સ્વતંત્ર હોવું જોઇએ. સ્વતંત્રતામાં જ સ્વયંશિક્ષણ થઈ શકે છે. વાતાવરણમાં આ વિકાસના કામમાં કંઇક અથડામણો હોય તો તે શિક્ષકે દૂર કરવી જોઇએ. બધાને એકજ ઢાંચામાં ઢાળવાનો પ્રયત્ન ન થવો જોઇએ. જેમ પથારીનો વીટો ઉકેલાય તે રીતે વિકાસનું કામ થતું હોય છે. એમાં કોઇ પણ પ્રકારનો ફેરબદલ ન થવો જોઇએ. એવું કેટલાક માને છે. આ પ્રકારના અતિરેકથી પણ સાવધ રહેવાની જરૂર છે. કારણ વ્યકિત સમાજમાં રહેવાની છે. વ્યકિતનાં જીવનમાં જેમ વ્યકિતગત જીવન એ એક મહત્ત્વનો ભાગ છે તેમજ તેનું સામાજિક જીવન પણ બીજો મહત્વનો ભાગ છે. આજની ઘડીએ સામાજિક જીવનને વિશેષ મહત્ત્વ છે. સામાજિક જીવન અને વૈયકિતક જીવન એનો એક બીજા પર પરિણામ થતો હોય છે. કુદરતી તત્વો કેટલા પ્રમાણમાં, વૈયકિતક જીવનમાં યોગ્ય હોય તો પણ તે વ્યકિતના સામાજિક જીવનમાં ઉપયોગી હોય છે, એમ નથી. કુદરતી આવેગોને સંયમમાં રાખવાં એ સામાજિક જીવનની દૃષ્ટિએ આવશ્યક છે નહિતર સમાજમાં અવ્યવસ્થા પેદા થાય. અવિવાહિત શારીરિક સંબંધ હંમેશ ત્યાજ્ય હોય છે એવું નથી, એમાં પણ ઉદાત્તતા હોઇ શકે. પણ આ પ્રકારનો સંબંધ કુંટુંબ વ્યવસ્થાને પોષક નથી માટે એવી વાતોને સામાજિક જીવનમાં પણ સ્થાન નથી.

બાળકના કુદરતી વિકાસને મદદ આપવામાં, તેના વિકાસ યોગ્ય દિશામાં અને યોગ્ય રીતે થાય એ જોવું જરૂરી છે. જે વૃત્તિઓનો વિકાસ સામાજિક જીવન માટે અયોગ્ય છે તેને માટે શરૂઆતથી જ સાવધ રહેવું જોઇએ. એ કામ ઘેર વાલીઓ અને શાળામાં શિક્ષકોનું છે.

સારા શિક્ષકના ગુણ :

શિક્ષક કેવો હોય અને એણે કેમ વર્તવું આ બે મુદ્દાઓ પર વિચાર કરતાં સારા શિક્ષકમાં કેવા ગુણ હોવા જોઇએ તે સંબંધમાં થોડી ચર્ચા થઈ; મુખ્ય વાત શિક્ષકમાં અધ્યાપન કળા હોવી જોઇએ બીજું એને બાળકની સ્વયં કેળવણી અથવા સ્વયં વિકાસમાં મદદ કરવી જોઇએ. આ બે ગુણો મહત્વના છે જ પરંતુ એની સાથે સાથે બીજા કેટલાક વિશેષ ગુણો શિક્ષકમાં અને ખાસ કરીને બાળ-મંદિરના શિક્ષકમાં હોવાં જરૂરી છે,

૧. ઘણાંઓની વૃત્તિ વધારે પડતી કેળવણીને લીધે અભિમાની બને છે એટલે કે આપણે હવે પ્રવીણ થયા છીએ એમ માનીને તેઓ બધાને ઉપદેશ આપવા લાગે છે. પોતાના કામોને તેઓ ઝીણવટથી તપાસતા નથી. પોતાનો અભ્યાસ સતત ચાલુ રાખવો જોઇએ એવું તેને લાગતું નથી. પોતાની તુલના તેઓ તેમના હાથ નીચેના વ્યકિતઓ સાથે કરે છે. છતાં ઘણાં લોકો ઉપરને પગથિયે પણ હોય છે. તેઓની જેમ આપણી ઉન્નતિ થવી જોઇએ, તે તરફ તેઓ દુર્લક્ષ કરે છે, આનું પરિણામ એ આવે છે કે ઉપરની કક્ષાના લોકોનું તેઓ અપ-માન કરવા લાગે છે. કોઇ પણ હિસાબે કેળવણીના કામમાં અલ્પ સમાધાન યોગ્ય નથી. જ્ઞાનનું ક્ષેત્ર વિશાળ છે. જીવન કાળ ટૂંકો ને મર્યાદિત છે તેનો ખ્યાલ શિક્ષકે રાખવો જોઇએ. કોઈ પણ ક્ષેત્રને ઓછું લેખવું એ પોતાને જ નીચે પાડવાનું લક્ષણ છે. બાળમંદિરમાં કામ કરવું એટલે વિશેષ શું? અથવા પ્રાથમિક શાળામાં કામ કરવું, તદ્દન સહેલું એવા કેટલાક ઉપાધિધારીઓના વિચારો હોય છે. તે બાબતમાં એમની ઉપાધિઓની પૂંછડીઓ એ સાચેજ પૂંછડીઓ બને છે. પ્રત્યક્ષ કામ કરીને બતાવવા માટે જો તેઓ પ્રયત્ન કરે તો તેમની આ સમજણ પાછળ રહેલી ભ્રમણા ભાંગી જશે; અને પછી તેઓને લાગશે કે મોટા બાળકોને શીખવાડવું જૂદું છે અને નાના બાળકોને શીખવાડવું ને જૂદું છે. કદાચ નાનાઓ માટે અઘરૂં છે. તેથી મુખ્ય વાત એટલે શિક્ષકની વૃત્તિ સતત્ અભ્યાસાર્થીની હોવી જોઇએ. આપણા દેશની સમસ્યાઓ એણે સમજી લેવી જોઇએ. બની શકે તો પરદેશના કેળવણીનાં ક્ષેત્રમાં કઇ રીતે કાર્ય થાય છે તે એણે જાણી લેવું જોઇએ. અભ્યાસીની વૃત્તિ કીડીની જેમ કણ કણ વડે જ્ઞાનનો સંગ્રહ કરવાની હોવી જોઇએ. આપણા કરતાં નીચી

કક્ષાના લોકો પાસેથી ઘણું જાણવા જેવું હોય છે, આ મને બાળમંદિરના નિરીક્ષણનાં કામમાં જાણવા મળ્યું છે. તેથી જ્યાં જ્યાં કંઇક જાણવા જેવું મળે ત્યાંથી તે લઇને પોતાની યોગ્યતા વધારવા માટે શિક્ષકનો પ્રયત્ન હોવો જોઇએ.

૨. શિક્ષકનો મહત્ત્વનો બીજો ગુણ એટલે તેના વિચારની ઉદારતા. કોઈ પણ જાતના મતાગ્રહ રાખ્યા સિવાય, એણે બીજાના વિચારોની સત્યતા જાણી લેવા પ્રયત્ન કરવો જોઇએ. પોતાની જેમજ બીજા પણ પ્રામાણિક હોય છે એમ તેને લાગવું જોઇએ શાસ્ત્રીય શોધોમાં કેટલીય નાની નાની શોધો જ્યારે સામાન્ય માણસ કરે છે, ત્યારે તેની સાથે સાથે બીજાના વિચારોને નીચા લેખવાની વૃત્તિ વધે છે તે ન વધવી જોઇએ. સત્યની શોધ કરનાર માણસ હંમેશ મનથી મોકળો રહેવો જોઇએ. વિશિષ્ટ ચોકઠામાં ગોઠવાઇ જઈને વિચાર કરનારા હંમેશ એકજ દિશામાં જતાં દેખાય છે. એવાઓની પ્રગતિ મર્યાદિત ક્ષેત્રથી આગળ વધતી નથી. બાળમંદિરના શિક્ષકે પોતાની દૃષ્ટિ સર્વાંગી રાખવી જોઇએ. મોન્ટેસોરીએ બાળકેળવણીમાં કેટલીક સારી વસ્તુઓ રજૂ કરી છે તેથી એજ પદ્ધતિને સર્વ પૂર્ણ જોનારા શિક્ષકો જોવામાં આવે છે. મૉન્ટેસોરી સાધનોનો ઉપયોગ કંઇક બીજી રીતે થઇ શકે, એમ વિચારવામાં તેઓ પાપ માને છે. મૉન્ટેસોરીના તત્વોને જ તેઓ વેદ જેવા માને છે. આ પ્રકારની સંકુચિત વૃત્તિ શિક્ષકોએ કાઢી નાખવી જોઇએ. બધા પાસેથી સારુ હોય તે ગ્રહણ કરવાની વૃત્તિ રાખવી જોઇએ.

૩. શિક્ષકની દૃષ્ટિ શાસ્ત્રીય હોવી જોઇએ. આ શાસ્ત્રીય દૃષ્ટિ સારાસાર શોધવામાં મદદરૂપ બને છે. આવી દૃષ્ટિવાળા માણસોની વિશિષ્ટતા એટલે સત્યની શોધ કરવા માટેનો અમર્યાદિત ઉત્સાહ. તે માટે વૈજ્ઞાનિકો શારીરિક અને માનસિક કષ્ટો સહન કરવા તત્પર બને છે. એવી શોધો માટે પોતાની આંખો ગુમાવ- નારા, ઔષધોનો શો પ્રભાવ થાય છે તે જોવા ખાતર તે ઔષધોનો પ્રયોગ પોતા પર કરી પોતાનો જીવ જોખમમાં નાખનાર ઘણાં શાસ્ત્રજ્ઞો થઈ ગયાં છે. તેઓની શક્તિ તેઓની અભિરુચિમાંથી ઉત્પન્ન થઈ હોય છે. કુદરતની અગમ્ય વિગતો એમના પ્રયત્નોને લીધે જ જાણવા મળે છે. શિક્ષકમાં પણ આજ વૃત્તિ હોવી જોઇએ.

૪–સાદા વિજ્ઞાની અને શિક્ષક એમાં ફરક છે. વિજ્ઞાનની દૃષ્ટિ સત્યની શોધ કરવાની હોય છે તો શિક્ષકની દૃષ્ટિમાં માનવ માટેનો પ્રેમ હોવો જોઇએ. શિક્ષકનો ઉદ્દેશ માનવ અને શરીર સંબંધેની અગમ્ય વાતો માત્ર જાણવા પૂરતો મર્યાદિત હોતો નથી. એ જાણીને એણે માનવ સુધારા માટે પ્રયત્ન કરવાનો હોય છે. કોઇ વિજ્ઞાની પશુ–પંખીઓનું અવલોકન જે નિર્લેપ વૃત્તિથી કરી શકે. તે બાળકોના અવલોકન કરવામાં શિક્ષકને માટે શક્ય હોતું નથી. બાળકોની સાથે વર્તતાં તેમાં તેનો માનવ જાતિ પરનો પ્રેમ પ્રગટ થવો જોઇએ. આ દિવ્યદૃષ્ટિ હોય તોજ એને સફળતા મળી શકે છે. આજે સમાજ સુધારાના કેટલાંક કામો ચાલુ છે તે બધાંનો એક બીજા સાથે સંબંધ જોડવો એ શિક્ષણનું જ કામ છે. ભાવિ સમાજ નિર્માણ કરવામાં કેટલાંક અંશે આજનું શિક્ષણ પરિણામદાયી નીવડશે. તેથી શિક્ષણક્ષેત્રે કાર્ય કરતી વ્યક્તિને માનવ પ્રેમને પ્રથમ સ્થાન આપવું પડશે. એના બધા પ્રયત્નો આ માટે જ હોવાં જોઇએ. (અપૂર્ણ)

—સ. આ. કેળકર.

પૂર્વ પ્રાથમિક ભૂમિતિ

લેખાંક-૨ : ભૌમિતિક આકૃતિઓની પેટી

આ પહેલા આવી ગયેલા લેખમાં મોન્ટેસોરી પદ્ધતિમાં ભૂમિતિ વિષયને મેડમ મોન્ટેસોરીએ જે પ્રકારનું સ્થાન આપ્યું છે તેનો સહેજ ખ્યાલ આપ્યો છે. અંક ગણિત કરતાં પણ ભૂમિતિનો વિષય બાળકને માટે વધારે સરળ છે. તેમજ તેનો અનુભવ અંક ગણિત જેટલો સૂક્ષ્મ (Absiract) નથી. ભૂમિતિ અને અંક ગણિતનું શિક્ષણ સાથે સાથે થાય તો તે એક બીજાને પોષક નીવડે છે વગેરે મુદ્દાઓની ચર્ચા આવી ગઇ છે. સાથે સાથે પૂર્વ પ્રાથમિક સંસ્થામાં આ વિષયની રજુઆત કરવા માટે જે જુદા જુદા સાધનો મોન્ટેસોરી પદ્ધતિમાં યોજાયાં છે તેની એક યાદી પણ આપવામાં આવી છે. આ સાધનોમાં સૌથી પહેલું નામ મેં ભૌમિતિક આકૃતિઓની પેટીનું મૂકયું છે. ખરું જોતાં દર્શનેન્દ્રિયના સાધનોમાં ગણાતા દડાપેટી, ટોપકાવગરનાં દડા, લાંબી અને પહોળી સીઢી કે મિનારો એ બધા સાધનો પણ ઇન્દ્રિય કેળવણીના નહિ અવકાશના વિજ્ઞાનના એટલે કે ભૂમિતિના જ સાધનો છે. આ સાધનો દ્વારા ઇન્દ્રિય કેળવણી થાય છે એ મેડમ મોન્ટેસોરીનો દાવો આજના મનોવિજ્ઞાનને ગળે ઉતારવો મુશ્કેલ છે છતાં એ સાધનોનાં પરિચયમાં આવતા બાળકો કેટલીક ભૌમિતિક પરિભાષા શીખી લે છે એ આપણા અનુભવની વાત છે. અવકાશના વિજ્ઞાનમાં પરિમાણોનું અત્યંત મહત્વ છે. એ પરિમાણોનો અપ્રત્યક્ષ ખ્યાલ આપવાનું કાર્ય આ સાધનો દ્વારા થાય છે. એ બધા દર્શનેન્દ્રિયનાં આકાર કેળવણીના સાધનોમાં જ મોન્ટેસોરીએ ભૌમિતિક આકૃતિઓની પેટીનો સમાવેશ કર્યો છે. આ પેટીમાં ક્ષેત્ર ભૂમિતિની કુલ બત્રીસ વિવિધ આકૃતિઓનો બાળકને પરિચય થાય એવી યોજના છે.

ભૌમિતિક આકૃતિઓની પેટી અને કોડના સેટસ્

આ પ્રકારની લાકડાની ભૌમિતિક આકૃતિઓની બાળકોના મનોવિકાસ માટેની ઉપયોગની મૂળ કલ્પના ઇટાલીના પ્રસિદ્ધ કેળવણીકાર ઇટાર્ડની છે. ઇટાર્ડ પછીના કેળવણીકાર સેગ્વિને ઇટાર્ડની ભૌમિતિક આકૃતિઓનો ઉપયોગ કર્યો હતો. પરંતુ મેડમ મોન્ટેસોરીએ આ સાધનના રંગ, રચના તેમજ આકારોમાં જોઇતા ફેરફારો કરીને તેનો સમાવેશ ઇન્દ્રિય કેળવણીની પોતાની પદ્ધતિના સાધનોમાં કર્યો. એ સાધન અત્યારે ભૌમિતિક આકૃતિઓની પેટી તરીકે મોન્ટેસોરી સાધનોમાં જાણીતું છે.

એના નામ મુજબ લંબાઇમાં ૩૦ સેંટિમિટર અને પહોળાઇમાં ૨૦ સેંટિમિટર જેટલી એક લાકડાની પેટી છે. જેમાં ચેસ્ટ ઓફ ડ્રાવર્સની જેમ છ ખાનાઓ છે. એક ખાનું ખેંચીને બહાર કાઢીએ તો ટ્રે જેવું લાગે છે. એવી કુલ છ ટ્રેઝ છે અને દરેક ટ્રેમાં ૫૫"×૫૫" ના ભૌમિતિક આકારની ફ્રેમો તેમજ તેની અંદર બંધબેસતી ભૌમિતિક આકૃતિઓ છે. ટ્રેની અંદરનો રંગ ઘેરો ભૂરો છે. તેમજ આકૃતિઓનો રંગ પણ એજ પ્રકારનો છે. પણ ફ્રેમો પર પીળું પોલિશ કરેલું છે તેથી ફ્રેમ વચ્ચે મૂકેલી આકૃતિ નજરે ચઢે છે. દરેક ટ્રેમાં એવી છ આકૃતિઓ અને ફ્રેમો છે પરંતુ એક ટ્રેમાં ફ્રેમ અને આકૃતિઓને બદલે ચાર ૫૫" ×૫૫ ના પોલિશડ પાટિયા છે. આ બધી આકૃતિઓ બહાર નિકળી શકે છે અને તે કોઇપણ ટ્રેમાં ગોઠવી શકાય એવી છે. દરેક ટ્રેમાં ક્રમશઃ નીચે જણાવ્યા મુજબની ભૌમિતિક આકૃતિઓ છે.

ક્રમાંક ૧માં અનિયમિત ચોખુણ તેમજ અનિયમિત સમાન્તર દ્વિભૂજ ચોખુણ છે. આ ટ્રેમાં ઉપર જણાવેલા ચાર પાંટિયા હોય છે.

ક્રમાંક ૨માં ચોરસ અને બીજા પાંચ લંબ ચોરસ છે. ચોરસનો પાયો દસ સેંટિમીટરનો છે ત્યારે લંબ ચોરસમાં એક બાજુ ચોરસની બાજુ જેટલી જ છે અને બીજી બાજુ ઓછી કરીને પાંચ જુદા જુદા લંબ ચોરસ બનાવ્યા છે.

ક્રમાક ૩માં જેનો વ્યાસ ૧૦ સેંટિમીટર છે એનું વર્તુળ અને બીજા ક્રમશઃ નાના થતાં પાંચ વર્તુળો છે.

ક્રમાંક ૪માં ૭ પ્રકારના ત્રિકોણ છે. વિષમ કાટખૂણુ ત્રિકોણ, સમદ્વિભુજ કાટખૂણુ ત્રિકોણ, સમદ્વિભુજ ત્રિકોણ, સમભુજ ત્રિકોણ, વિશાલ કોણ ત્રિકોણ અને લઘુકોણ ત્રિકોણ

ક્રમાંક ૫માં ૭ બહુકોણાકૃતિ છે. પંચકોણ, ષટ્કોણ સપ્તકોણ અષ્ટકોણ, નવકોણ, દશકોણ.

ક્રમાંક ૬માં લંબ ગોળાકાર, અંડાકાર, વાંકો ત્રિકોણ, સમભુજ ચોખુણ, સમાન્તરભુજ ચોખુણ અને કુલ.

આ પેટીની સાથે ૫૦'×૫૦' ના કાર્ડોની ત્રણ શ્રેણીઓ હોય છે. તે દરેક કાર્ડોના સેટમાં ઉપર જણાવેલી ભૌમિતિક આકૃતિઓ દોરેલી છે. પ્રથમ શ્રેણીના કાર્ડો પરની આકૃતિઓમાં આખો વાદળી રંગ કરવામાં આવ્યો છે ત્યારે બીજી શ્રેણીની આકૃતિઓ જાડી લીટી વાળી છે. ત્રીજી શ્રેણીના કાર્ડો પરની આકૃતિઓ ઝીણી લીંટીવાળી છે. આ સાધન સાથે બીજું એક વધારાનું ટ્રે રખાય છે અને એ ટ્રેની અંદર મૂકેલી આકૃતિ ટ્રે ગમે તેમ ઉપાડીએ તો ન પડે તે માટે એ ટ્રેને હિંજીસ લગાવીને એક ફ્રેમવાળું ઢાકણું બનાવેલું હોય છે એને વુડન હિન્જડ્ ફ્રેમ' કહેવાય છે.

સાધનનો હેતુ : ઉપર જણાવ્યા મુજબ ક્ષેત્રાકૃતિઓ (Plane Forms) નો પરિચય કરાવવો.

બાળકની ઉંમર : ત્રણ વર્ષની આસપાસ.

વ્હાલા બાલમિત્રો,

—જ્યારે પણ તમારા વડીલો સાથે રમકડાં ખરીદવા જાવ ત્યારે પ્રખ્યાત **અરૂણ** માર્કાના પ્લાસ્ટિક રમકડાંનો જ આગ્રહ રાખશો.

પ્રિય વેપારી બંધુઓ,

અમારા પ્રખ્યાત "**અરૂણ**" માર્કાના પ્લાસ્ટિક રમકડાં ૧૨, ૧૬ અને ૨૦ ના સેટ પેકીંગમાં મળશે. વેપારી વિગત માટે લખો અગર રૂબરૂ મળો :

શાહ બ્રધર્સ : ૮, ફાઝલ મેન્શન
અબ્દુલ રહેમાન સ્ટ્રીટ
પાયધુની, **મુંબઇ–૩.**

પૂર્વ તૈયારી : ઉપર જણાવ્યા મુજબ દફ્તાપેટી, સીઢીઓ અને મિનારો વગેરેની રમતો સામાન્ય રીતે ફાવી ગઈ હોય ત્યાર પછી આ સાધન અપાય છે.

છતાં આ બધા સાધનો પરની રમતો બાળકને આવડે તેના કરતાં માનસિક રીતે બાળક કંઇક સ્થિર થએલું હોય તો આ સાધનનો વધુ સારો સમજણપૂર્વક ઉપયોગ એ કરી શકે છે. આ સાધનની રજુઆત વ્યકિતગત કરવાની હોય છે.

રજુઆત : શરુઆતમાં વર્તુળની ટ્રે લઇને તેમાંથી આકૃતિઓ બહાર કાઢીને બાજુમાં આસન પર મૂકવી. પછી તે આડી અવળી કરવી અને બાળકને તેને ઠેકાણે ગોઠવવાનું સૂચન કરવું. આગળ જતાં ફ્રેમો અને આકૃતિઓ કાઢીને ગોઠવવાનું સૂચન કરવું. એ રીતે પછી ત્રિકોણ, ચોરસ અને લંબચોરસ બહુકોણાકૃતિઓ અને પછી બાકી રહેલી આકૃતિઓ ટ્રેમાં ક્રમશઃ અથવા બાળકના રસ મુજબ આપવી. અકેક બબે ટ્રેની અથવા તેના કરતાં વધારે ટ્રેની આકૃતિઓ એકી સાથે ગોઠવવાની રમત સૂચવી શકાય. દફ્તા પેટીની જેમ ફ્રેમો અને આકૃતિઓ દૂર દૂર રાખીને આકૃતિ જોઇને યોગ્ય ફ્રેમ લાવવી અથવા ફ્રેમ જોઇને યોગ્ય આકૃતિ લાવવી વગેરે વિવિધતા રમતમાં લાવી શકાય.

આ પ્રકારની પ્રાથમિક રમતો થઇ ગયા પછી આ આકૃતિઓના આકારોના ફેરફારો પર બાળકનું ધ્યાન વધારે કેન્દ્રિત કરવા માટે એમના દર્શનેન્દ્રિયના ઉપયોગની સાથે સાથે ચલસ્પર્શ સંવેદનનો ઉપયોગ કરવો જોઇએ એવું મૉન્ટેસોરીનું સૂચન છે. મોન્ટેસોરીની ઇન્દ્રિય કેળવણીની પદ્ધતિમાં સામાન્ય રીતે એક સાધનમાં બની શકે ત્યાં સુધી એક જ સંવેદન કેળવણીની કલ્પના છે. પરંતુ ચલસ્પર્શ સંવેદન પ્રાથમિક છે અને નાની ઉંમરના બાળકોમાં એ સંવેદન વિશેષ પ્રભાવશાળી હોય છે એવો મૉન્ટેસોરીને ખ્યાલ હોવાથી (જેને માટે આજની માનસશાસ્ત્રીય પ્રયોગ શાળાઓમાં પૂરાવો મળતો નથી) આકાર કેળવણીના સાધનોનો શરુઆતમાં દર્શનેન્દ્રિય દ્વારા લીધા પછી તે ચલસ્પર્શ સંવેદન દ્વારા આપવાનું સૂચન કરવામાં આવે છે.

ચલસ્પર્શ સંવેદન દ્વારા રજુઆત : બધી ભૌમિતિક આકૃતિમાંથી પ્રથમ વર્તુળ ત્રિકોણ અને ચોરસ એવી ત્રણ આકૃતિઓ અને તેની ફ્રેમો કોઈ એક ટ્રેમાં અથવા વુડન હિંજ્ડ ફ્રેમમાં નીચેની હારમાં ગોઠવવી. ઉપરની હારમાં ત્રણ ચોરસ પાટિયા ગોઠવી દેવા. પછી શિક્ષકે પ્રથમ વર્તુળની આકૃતિ ડાબા હાથે ઉપાડીને તે આકૃતિના કોરો પર પોતાની બે આંગળીઓ ફેરવી બતાવવી. અને આકૃતિ ઉપરના ચોરસ પાટીયા પર ગોઠવવી. આમ કરવાથી ફ્રેમની અંદરથી દેખાતું વર્તુળ અને પાટીયા પરનું વર્તુળ એ એની સમાનતા બાળકની નજરે ચડશે. કોરો પરથી આંગળી ફેરવતી વખતે શિક્ષકે મોટેથી બોલવું 'અહીં એક પણ ખૂણો લાગતો નથી' 'આ વર્તુળ છે' વર્તુળ ચોરસ પાટીયા પર મૂક્યા પછી ત્રિકોણનો પાઠ પણ એજ રીતે આપવો અને બોલવું 'અહીં ત્રણ ખૂણા લાગે છે' 'આ ત્રિકોણ છે.' એ જ રીતે ચોરસની વિશેષ ઓળખાણ આપવી. આગળ જતાં દરેક ટ્રેની આકૃતિઓનો પરિચય આ રીતે ચલસ્પર્શ-સંવેદન દ્વારા કરાવવો. આંગળી ફેરવીએ ત્યારે ડાબો હોથના આંગળામાં પકડેલી આકૃતિ કરે એ જોવું જોઇએ.

આ રીતે ચલસ્પર્શ સંવેદન દ્વારા આકૃતિઓને બાળક ગ્રહણ કરે તો તેમાં લેખન માટેના સ્નાયુઓ કેળવાય છે અને તેથી લેખન માટેની પૂર્વ તૈયારી આ ક્રિયામાં થાય છે એવો મૅડમ મૉન્ટેસોરીનો દાવો છે. આગળ જતાં તેઓ બાળકને રેતિયા અક્ષરો પર પણ એજ રીતે આંગળાં ફેરવવાના હોય છે એટલે કોઇપણ આકૃતિઓ પર હાથ ફેરવવાની બાળકમાં ટેવ પડે છે અને એ રીતે આ ક્રિયામાં બાળક એક પ્રકારની ક્રિયા સરળતા અનુભવતું હશે એ બનવા જોગ છે. પરંતુ એ ક્રિયા સરળતાનો અનુભવ થવા માટે અભ્યાસ કરતાં પણ રસ ખૂબ મહત્વનો હોય છે. હાથ ફેરવવામાં રસ પડે તો બાળકો હાથ ફેરવે છે. નહિ તો એ ક્રિયામાં કંટાળો આવે છે. તેથી આ આકૃતિઓ પરની કોરો પર હાથ ફેરવવાનો બાળકોમાં કંટાળો ઉભો ન થાય એ શિક્ષકે જોવું જોઇએ.

કાર્ડોના સેટસ સાથેની રમતો : આ રમતો ઉપરની ચલ સ્પર્શની રમતો થઇ ગયા પછી જ લેવી જોઇએ એવું કંઇ નથી. પ્રાથમિક ગોઠવવાની-રમતો થઇ ગયા પછી પણ કાર્ડો સાથેની રમત યોજી શકાય છે. શરુઆતમાં કાર્ડોની પહેલી શ્રેણી લેવી, એમાંથી બે અથવા ત્રણ ટ્રેની આકૃતિઓ પ્રથમ લેવી. અને કાર્ડો બધી આકૃતિઓ દેખાય એ રીતે ગોઠવવા. ટ્રેમાંથી એકેક આકૃતિઓ લઇને બાળકે આ કાર્ડો પર ગોઠવવાની હોય છે. લાકડાની ટ્રેમાં ફ્રેમનો યાંત્રિક આધાર બાળકને મળતો હતો. એવો આધાર અહીં કાર્ડના ચિત્ર પર ન મળતો હોવાથી બાળકને આકૃતિનો ખ્યાલ લેવાની ફરજ પડે છે. કાર્ડપરનું ચિત્ર અને પોતાના હાથમાં લીધેલી આકૃતિ એ બન્નેની તેને તુલના કરવી પડે છે. એ રીતે બે કે ત્રણ ટ્રેજના કાર્ડ પર આકૃતિઓ ગોઠવાઈ ગયા પછી બીજા વધારે કાર્ડો લઇને વધારવા અને બાકી રહેલી ટ્રેની આકૃતિઓ. એજ રીતે ગોઠવી દેવાય. આગળ જતાં આકૃતિઓ અને કાર્ડો દૂર દૂર રાખીને એની જ સ્મૃતિની રમત બતાવી શકાય. કાર્ડોની પ્રથમ શ્રેણી પર ગોઠવવાની રમત પછી એ જ પ્રકારની રમતો દ્વિતીય શ્રેણી પર અને દ્વિતીય શ્રેણી થઇ ગયા પછી તૃતિય શ્રેણી પર લેવી જોઇએ.

આ રમતોના પરિણામે બાળકોને ઘણા ભૌમિતિક આકારોનો પરિચય થાય છે. અને એવા આકારો પછી બાળકોને એમની આજુબાજુમાં જ્યાં જ્યાં દેખાય છે ત્યાંથી તેઓ તે ઓળખી કાઢે છે, 'આ ગોળ રોટલી કરી છે' 'મારી પાટી લંબ ચોરસ છે' 'સૂરજ ગોળ છે' 'બારીઓ લંબ ચોરસ છે,' છાપરામાં કેટલાય ત્રિકોણ છે' એવા કેટલાય અવલોકનો બાળકો કરતાં દેખાય છે. આસપાસની ભૌમિતિક આકારોની દુનિયા હવે એમને જાણીતી લાગે છે. એ રીતે જે કંઇ આકારો બાળક જાણી જાય તેનું દૃઢીકરણ થાય તેના સબંધે સમજે એ દૃષ્ટિએ બીજા કેટલાંક સાધનો મૉન્ટેસોરીએ યોજ્યાં છે તે આ પછીના લેખાંકમાં વિચારી લેશું.

શેષ નામલે

તંત્રી નોંધ:

રવિવાર તા. ૧૮ મી માર્ચના દિને નૂતન બાલ શિક્ષણ સંઘના વ્યવસ્થાપક મંડળની બીજી સભા મુંબઈ ખાતે મળી ગઇ. આ સભા આગળ રજૂ કરવામાં આવેલા મુદ્દાઓ પૈકી એક મહત્વનો મુદ્દો સંઘના નવા બંધારણ અંગેનો હતો.

ગયા વર્ષે ઓગષ્ટ માસમાં મળેલા સંઘના નિયંત્રણ મંડળે સંઘનું કાર્ય અને પરિસ્થિતિને લક્ષ્યમાં લઇ અનુકૂળ એવું બંધારણ મધ્યપ્રદેશ અને મુંબઈ રાજ્યના ભૂતપૂર્વ રાજ્યપાલ શ્રી મંગળદાસ-ભાઇ પકવાસાની સલાહસૂચનાં લઇને તૈયાર કરવામાં આવે એવું સૂચન કર્યું હતું. આ સૂચના પ્રમાણે બંધારણ સમિતિએ એક ખરડો તૈયાર કર્યો છે. આ ખરડા પર પડેલાં વ્યવસ્થાપક મંડળ અને પછી નિયંત્રણ મંડળ પોતાનો છેવટનો હાથ ફેરવશે અને પસાર કરશે ત્યાર બાદ જ નવી ચૂંટણી આ નવા બંધારણ પ્રમાણે થશે.

નવું બંધારણ શા માટે!

સંઘના ચાલુ બંધારણને અમલમાં આવ્યાને હજુ ત્રણ વર્ષ પણ પૂરાં થયાં નથી, તો પછી ફરી આ નવા બંધારણની શી જરૂર છે, એવો એક પ્રશ્ન ઉપસ્થિત થાય એ સ્વાભાવિક છે. બંધારણ સમી મહત્વની વસ્તુમાં વારંવાર ફેરફાર થયા કરે એ કાર્યકરોના સ્થિર વિચારોનું દ્યોતક નથી. એવું પણ કેટલાંકને લાગે એસંભવિત છે. આજની પરિસ્થિતિમાં સાર્વજનિક સંસ્થાઓ પર અધિકાધિક સરકારી નિયંત્રણો આવવા મંડ્યા છે, એને લીધે આપણા દેશમાંની અનેક સંસ્થાઓ સામે જાતજાતના પ્રશ્નો ઉદ્ભવવા લાગ્યા છે. ટ્રસ્ટ એકટને લીધે કોઈ પણ સંસ્થા પોતાની શક્તિ કરતાં વિશેષ જવાબદારી ઉપાડી લેવાનું સાહસ કરવા અસમર્થ બની રહેશે. જૂના બંધારણ પ્રમાણે સંઘની પ્રાદેશિક અને સ્થાનિક શાખાઓની જવાબદારી કેન્દ્રીય સંસ્થાએ સ્વીકારી હતી. આપણી શાખાઓનું કામકાજ દિવસે-દિવસે વધતું ચાલ્યું છે, તેમ તેમ શાખાના એ કાર્યો પર દેખરેખ રાખી નિયંત્રણ રાખવાનુ કેન્દ્રિય કાર્યાલયની શક્તિ બહાર થતું જાય છે એથી આ સ્થિતિને લક્ષ્યમાં લઇને શ્રી પકવાસા સમિતિએ આ બંધા-રણમા કેટલાક ફેરફારો સૂચવ્યા છે. એનો સારાંશ નીચે પ્રમાણે છે:-

(૧) સંઘ અને એની પ્રાદેશિક અથવા સ્થાનિક સંસ્થાઓ બધી બાબતોમાં સ્વતંત્ર રહે. એમનું રજીસ્ટ્રેશન અને સભાસદત્વ પણ દેખીતી રીતે જૂદું રહેવું જોઇએ. પરંતુ આ બધી જ સંસ્થાઓએ પોતાનું શૈક્ષણિક ધોરણ, હેતુઓ, એ અંગે કોઇ વિશિષ્ટ ધોરણ નક્કી કરવામાં આવે એવી વ્યવસ્થા કરવી જોઇએ.

(૨) બધી જ પ્રાદેશિક અને સ્થાનિક શાખાને 'શાખા' ન કહેતાં હવે પછીથી પ્રાદેશિક અથવા સ્થાનિક સંસ્થા કહેવામાં આવે.



(૩) આજીવન સભ્યો, સામાન્ય સભ્યો (શિક્ષણ-પત્રિકા લેનારા) અને બાળશિક્ષણ સંસ્થાના પ્રતિનિધિ સભ્યો એમ સભ્યોના ત્રણ પ્રકારો રાખવા. આ સભ્યોમાંથી જ સંઘનું નિયંત્રણ મંડળ રચાય. નિયંત્રણ મંડળ પાસે સંઘના કાર્યની બધી જવાબદારી સોંપાય. આ મંડળમાં

(અ) સર્વ વ્યક્તિગત સભ્યોએ ચૂંટીને મોકલેલા ૯ સભ્યો

(બ) સર્વ પ્રતિનિધિ સભ્યોએ પોતામાંથી ચૂંટીને મોકલેલા ૬ સભ્યો

(ક) ૬ અથવા એથી ઓછાં-કૅા-ઑપ્ટ કરેલાં સભ્યો મળી કુલે ૨૧ સભ્યોનું આ નિયંત્રણ મંડળ બનાવવામાં આવે.

(૪) રોજ બરોજના કાર્યો માટે આ સભ્યોમાંથી ૯ સભ્યોની એક કાયમી (Standing) સમિતિ બનાવવામાં આવે. એ સંઘના વ્યવસ્થાપક મંડળનું કામ કરે.

સલાહકાર મંડળ :

(૫) કાયમી સમિતિના સભાસદો પ્રત્યેક પ્રાદેશિક સંસ્થાના બે સભ્યો અને સંલગ્ન સંસ્થાઓના ત્રણ પ્રતિનિધિ મળી સંઘનું સલાહકાર મંડળ બને અને આ મંડળ શૈક્ષણિક ધોરણ અંગે સંઘને માર્ગદર્શન આપે.

(૬) સંઘની ચૂંટણી દર વર્ષે કરવામાં આવે અને એમાં પ્રત્યેક વખત ૩ જગ્યા માટે જ ચૂંટણી કરવામાં આવે.

(૭) સંલગ્ન શાખા અને સંસ્થાની ફી અનુક્રમે રૂા. ૨૦] અને રૂા. ૧૦] રાખવામાં આવે.

ચાલુ બંધારણ સાથે સરખાવતા આ ખરડામાં નીચેની બાબતો વિશેષ દેખાય છે:

(૧) સંઘનું સ્વરૂપ હાલમાં એકમાત્મક (Unitary) સ્વરૂપનું હતું તે હવે પછીથી સંઘાત્મક (Federated) સ્વરૂપનું બનશે.

(૨) સંઘના બધા નાના મોટા ઘટકો પોતાનું કાર્ય સંપૂર્ણ સ્વતંત્ર રીતે કરી શકશે.

(૩) નિયંત્રણ મંડળમાં બાલશિક્ષણ સંસ્થાના પ્રતિનિધિઓને પહેલાં કરતાં વધારે નિશ્ચિત પ્રતિનિધિત્વ મળતું હોવાથી બાલશિક્ષણ સંસ્થાનું સંગઠન દૃઢ કરવામાં મદદરૂપ થશે.

(૪) કેન્દ્રિય કાર્યાલયની જવાબદારીઓ ઘણા પ્રમાણમાં ઓછી થશે અને એના કાર્યને મર્યાદિત સ્વરૂપ મળશે.

સંઘની કાર્યક્ષમતા પર આ બંધારણનું શું પરિણામ આવે છે એ આજે કહેવું કઠિન છે. કાર્યક્ષમતા તો મુખ્યત્વે કાર્યકર્તાઓની શક્તિ પર અને સંગઠન બળ પર અવલંબે છે. બંધારણમાંના બાધક તત્વોને શક્ય તેટલાં ઓછાં કરી કાર્યકર્તાઓના કર્તૃત્વોને શક્ય તેટલો વધારે અવકાશ દેવાનું જે ધોરણ સંઘે નિશ્ચિત કર્યું છે તે અભિનંદનીય છે, એવું અમને લાગે છે. આ નવા બંધારણથી સંઘનો પરિવાર અધિકાધિક વિશાળ બને અને એમના હાથે બાળકોની વધુમાં વધુ સેવા થાય એવી પ્રાર્થના છે.

વાત્સલ્ય.....

'પોઢ્યાં પારણે રે આવ્યા
બાળકુંવર કેં યાદ !'

* * * * *

રઢિયાળો રાસ હોય, કે દુઃખનાં દુંદુંભિ હોય. પણ, બાળકની યાદ આવતાં જ માતા એ બધું પડતું મેલીને બાળક પાસે દોડી જાય છે.. માતા અને બાળક એટલે વિશ્વના વાત્સલ્યની વિરલ કથા !

એ મોંઘેરા બાળને મમતાને ઝૂલે ઝુલાવતી એક તસ્વીર.....



બાળશિક્ષણ અને સંઘ સમાચાર

મીઠાપુર :— નૂ. બા. શિ. સંઘની સ્થાનિક શાખાની સામાન્ય સભા તા. ૧૮–૨–૫૬ ના રોજ મળી હતી જે સમયે શાખાનો હિસાબ તેમજ બાળ મંદિરના હિસાબો રજૂ કરવામાં આવ્યા હતાં, અને એમને સભાએ પસાર કર્યા હતા. ત્યારબાદ કાર્યવાહક મંડળની ચૂંટણી થતાં નીચેના સભ્યો ચૂંટાઈ આવ્યા હતા :–

(૧) **શ્રી સી. બી. જોશી**–પ્રમુખ (૨) **શ્રી એલ. આર. ગોહેલ** મંત્રી (૩) **શ્રી રામજી ડી. ચૌહાણ** ખજાનચી (૪) **શ્રી ડી. સી. ગોંસાઇ** (૫) **શ્રી હરીલાલ ભુદરજી** (૬) **શ્રી જયકિશોરભાઈ ર. દવે** (૭) **શ્રી પુરુષોતમભાઇ જુ. મશરૂ** (૮) **શ્રી લલિતાબેન ધૃણા** (૯) **શ્રી પ્રફુલ્લતાબેન મહેતા** સભ્યો.

મુંબઇ : સ્વ. ગોવિંદજી માધવજી ભાટિયા બાળમંદિર, કાલબાદેવી, મુંબઇ–૨ ના ત્રેવીસમા વાર્ષિક મેળાવડા નિમિતે તા. ૨૫–૨–૫૬ ના દિને માબાપો અને બાળ શિક્ષણ પ્રેમીઓની એક સભા શ્રીમતિ પૂર્ણિમાબેન પકવાસાના પ્રમુખ સ્થાને યોજવામાં આવી હતી, જે સમયે પ્રાર્થના રાસ વગેરે વિવિધ કાર્યક્રમ રખાયો હતો.

અમદાવાદ :— નૂ. બા. શિ. સંઘની અમદાવાદ શાખાની જનરલ સભા ડૉ. નાનુભાઈ આર. દેસાઈના પ્રમુખપદે તા. ૨૯–૧–૫૬ ને દિને મળી હતી, જેમાં જાન્યુઆરીથી ડિસેંબર ૧૯૫૫ સુધીના હિસાબો ઠરાવ નં. ૧ થી મંજૂર કરવામાં આવ્યા હતા. ઠરાવ નં. ૨ માં અમદાવાદ ખાતે સંઘના સહમંત્રી અને અમદાવાદમાં વર્ષોથી બાલ શિક્ષણનું પ્રત્યક્ષ કાર્ય કરતાં શ્રી યશસ્વતિબેન ભટ્ટએ શરૂ કરેલા બાલ અધ્યાપન મંદિર બદલ શાખાએ તેમને અભિનંદન આપ્યા હતાં. ઠરાવ નં. ૩ માં મીલોમાં હાલમાં ચાલતાં ઘોડિયા ખાતાની જેમ બાળમંદિરો પણ શરૂ થવાં જોઇએ એવી વિનંતિ કરવામાં આવી હતી. ઠરાવ નં. ૪ માં મ્યુનિસીપલ કોર્પોરેશન તરફથી કાંકરિયા હિલ ગાર્ડનમાંના ચિલ્ડરન્સ ઝૂમાં સ્વ. શ્રી ગિજુભાઇનું બસ્ટ મૂકવા માટે જે ઠરાવ થયો છે તેને સ્થાનિક સૌ બાળમંદિરો યોગ્ય સહકાર આપે એવી અપેક્ષા રાખવામાં આવી હતી. ઠરાવ નં. ૫ માં માર્ચ માસમાં બાળકોની રેલી યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સભાનું કામકાજ પૂર્ણ થયા બાદ, શ્રી શંભુભાઈ પટેલના પ્રમુખપદે સ્થાનિક બાળમંદિરોના શિક્ષક ભાઈ બેનોનું માસિક મિલન યોજાયું હતું, જે વખતે 'બાળકોને વિજ્ઞાન નાટય પ્રવૃત્તિ દ્વારા કેવી રીતે શીખવાડાય' તે અંગે વ્યાખ્યાન યોજાયું હતું.

અમદાવાદ :–સંઘના સહમંત્રી અને બાળ-શિક્ષણ કાર્યમાં અખૂટ રસ ધરાવતાં **બેનશ્રી યશસ્વતિબેન ભટ્ટએ** સ્વસંચાલિત બાલમંદિર ઘોડિયા, પ્રીતમનગર બાલમંદિર અને ગુજરાત બાલ અધ્યાપન મંદિરનું સ્થાવર–જંગમ મિલ્કત મળી કુલે રૂા. ૧,૦૧૧૧૬નું જાહેર ટ્રસ્ટ વસંત પંચમીને શુભ દિને રજીસ્ટર કરાવ્યુ છે. આ પ્રસંગની ખુશીમાં ત્રણે સંસ્થાઓમાં રજા પાળવામાં આવી હતી.

ભારતમાં જ બનતી સ્વદેશી બનાવટોને જ ઉત્તેજન આપો.





હૈ હૈ કૂતી

—બાળકો માટે ગીતવાર્તા—

કાચબો જી, કાચબો!
કાળો કાળો કાચબો!
જાડો જાડો, કાચબો!
એક નદી નાનીમાં
કાચબો જી રે,
ઠંડા ઠંડા પાણીમાં
કાચબો જી રે.
માછલી જી, માછલી!
ધોળી ધોળી માછલી!
નાની નાની માછલી!
એક નદી નાનીમાં
માછલી જી રે,
ઠંડા ઠંડા પાણીમાં
માછલી જી રે.

❀

કાચબા ને માછલીની જોડી મળી,
બન્નેને ખૂબ ખૂબ દોસ્તી પડી.
સવારે સાથ,
બપોરે સાથ.
રાતે યે સાથ,
ને સાથે એ સાથ.
બન્નેની જોડી ભોળી ભળી,
પાણીમાં રે એ હળીમળી.

❀

એ નદીના કિનારે,
સાંજે રોજ ને સવારે,
પાણી પીવા ઓવારે,
વનનાં પશુ પધારે,
એ નદીના કિનારે,
સાંજે રોજ ને સવારે.

❀

લાંબી ડોકનું
હરણું આવે,
દોડતું જાણે
ઝરણું આવે.
શરીર પર
ટીપકી રઢિયાળી,
આંખો જાણે
હીરા વાળી.
લાંબી ડોકનું
હરણું આવે,
દોડતું જાણે
ઝરણું આવે.

❀

આવે સિંહરાજ !
આવે સિંહરાજ !

વનનો રાજા ઘૂર ઘૂઘવતો,
જોરનાં જાણે પૂર ઘૂઘવતો.
વનમાં મોટો શોર ગજવતો,
ઘૂમે પહેલો પો'ર ગજવતો.
આવે સિંહરાજ !
આવે સિંહરાજ !

❀

લાંબા કાનવાળું,
સસલું તો રૂપાળું;
ટપકું માથે ધોળું,
પૂછડીએ છે કાળું.
એ તો આમ કૂદે
ને તેમ કૂદે;
એ છનક છનક
ખૂબ કૂદે.
લાંબા કાનવાળું.
સસલું તો રૂપાળું;
ટપકું માથે ધોળું,
પૂંછડીએ છે કાળું.

❀

હૂપ હૂપ વાંદરા,
કાળા મોઢે વાંદરા;
ચૂપ ચૂપ વાંદરા,
ચાળા પાડે વાંદરા.

આગળ જુએ,
પાછળ જુએ,
પાણી પીતાં
પીતાં જુએ.

હૂપ હૂપ વાંદરા,
કાળા મોઢે વાંદરા;
ચૂપ ચૂપ વાંદરા,
ચાળા પાડે વાંદરા.

❀

એ બધામાં લુચ્ચું છે કોક,
આવે રોજ શિયાળ એક,
છેતરવું છે એનું કામ,
પેટ ભરવું એનું કામ,

લુચ્ચાલાલ છે એનું નામ,
કેવું, સાચે કેવું નામ!
એ બધામાં લુચ્ચું છેક,
આવે રોજ શિયાળ એક.
એણે પાણી પીતાં પીતાં ખૂબ જોયું,
અરે, કાચબાને દેખી મન મોહ્યું.

કાચબો જો મળી જાય,
એનું તો છે કામ થાય;
ખરો તો શિકાર ભાઈ,
ખરો લાગ આ કે'વાય.
એણે પાણી પીતાં પીતાં ખૂબ જોયું,
અરે, કાચબાને દેખી મન મોહ્યું.

કાચબો પટાવું કેમ,
પાણીમાં હું ફાવું કેમ?
એના મનમાં વિચાર થાય,
કાચબો ત્યાં નીકળ્યો ભાઇ.
એણે પાણી પીતાં પીતાં ખૂબ જોયું,
અરે, કાચબાને દેખી મન મોહ્યું.

❀

'આવો આવો કાચબાજી,
આવો આવો ભાઈ!
મારે ને આપને તો,
જૂની સગાઈ.

❀

મામાના હું મામાનો,
તેના યે હું મામાનો
છોકરો જી થાઉં,
છોકરો જી થાઉં,
તેથી તમારો,
ભાઈ કહેવાઉં.'
કાચબો તો બોલ્યો, 'ભાઈ'
બોલતાં આવડે થોડું ભાઈ.

મારે તો કોઇ સગું નૈ,
મારી દોસ્ત છે માછલીબઇ.'
શિયાળ બોલ્યું, 'કાચબાભાઈ'
તમારા વિના ના રહેવાય;
મારું મોટું ઘર કહેવાય,
એકલપણું તો ના સહેવાય.

મારા તે ઘરમાં,
ચાંદીના ખાટલા;
મારો તે ઘરમાં,
સોનાના પાટલા;
મારા તે ઘરમાં,
હીરાના હાર;
મારા તે ઘરમાં,
મોતીની માળ;
મારા તે ઘરમાં,
પાણીના હોજ;
મારા તે ઘરમાં;
કરજોજી મોજ.
શિયાળ બોલ્યું, 'કાચબાભાઇ,
તમારા વિના ના રહેવાય;
મારું મોટું ઘર કહેવાય,
એકલપણું તો ના સહેવાય'.

કાચબો બોલ્યો,
'શિયાળ રે ભાઈ,

ત મા રું હે ત તો,
ઘ ણું ક' વા ય;
આજે તો ભાઈ, પે'લી વાર,
કોઈ બતાવે હેત લગાર;
બધાં કરે છે ખેલ ને લે'ર,
ઘેર બોલાવે ના કોઈ પેર;
તમે ખરા છો સગા એક,
શોધતા આવ્યા અહીં રે છેક.
સાંજ પડી છે આજે ભઈ,
કાલે મળશું તૈયાર થઈ;
માછલી ફરવા તો છે ગઈ,
મળ્યા વિના ના નીકળું ભઈ.'

એમ કહી કાચબો,
ડૂબકી મારી જાય;
શિયાળ તો છે મોજમાં,
ન વ ત મ ગા ણાં ગા ય.

❀

નવલમ ગાણાં ગાય,
શિયાળજી મસ્તીમાં તો નાચે;
શિકાર મળિયો ભાઈ,
ઘણા દિવસમાં આજે.

❀

એમ કરતું લે'રમાં,
એ તો ચાલ્યું જાય;
હુકી હુકીના રાગડા,
મોજે મોજે ગાય.

❀

આવી માછલી,
આવી માછલી મસ્તાન;
એની પૂંછડી,
એની પૂંછડી મસ્તાન.
સરસર સરરર
પાણીમાં એ;
ફરફર ફરફર
ધીરી નાચે;
એ તો નાચમાં ગુલતાન;
આવી માછલી,
આવી માછલી મસ્તાન.
માછલી બોલી,
'કા ચ બા બા ઈ;
જલદી દોડી
આવો ભાઈ.
કાચબો તો આવ્યો,
ટોપી પે'રણ લાવ્યો;
'માછલી હું આવ્યો,
મારો સગો ભાઈ આવ્યો.
એના ઘરમાં
હીરાના હાર.
એના ઘરમાં
મોતીની માળ;
મારા પર છે
હેત અપાર;
મને બોલાવે
કાલ સવાર;
એનું નામ
છે શિયાળરાજ;
ઊઘડયાં મારાં
નસીબ આજ.

એમ કહીને કાચબો,
અંદર દોડી જાય,
સોનામે'લમાં પોંચવા,
ઊંચો નીચો થાય.

❀

માછલી તો સાંભળી,
વિચારમાં પડી જાય;
લુચ્ચા શિયાળને ઓળખે,
તેથી એ ગભરાય.

શી રીતે બચાવવો?
કાચબો દોસ્ત ગણાય;

ત્યાં સામેથી માછલી,
મોટી એક જણાય.

'માછલી બેની આવજો,
બચાવવા ને કાજ.

શિયાળ પાછું આવિયું,
કાચબા માટે આજ.
મીઠી મીઠી એની બોલી ને,
લુચ્ચાં એ નાં ને ન,

રોજ લૂંટે છે સર્વને,
આપણું લૂંટશે ચે ન.'

માછલી બોલી જોશમાં,
'ગભરા ના તું લ માર,
મારી પાસે જોર છે,
શિયાળના શા ભાર.'

❀

ત્યાં શિયાળ તો આવિયું,
'આવો કાચબા ભાઈ;
સામે મારી ગાડી ઓ,
ઊભી થાકી જાય.'

હાવસોઇ હાવસોઇ
કૂદતો જાય,
કાચબો ગાંડિયો;
ખૂબ ફુલાય:

'ચાલો મારા શિયાળભાઇ,
ગંદા પાણીમાં ના રે'વાય.

❀

જેવો કાચબો નીકળ્યો
શિયાળે મારી તરાપ,

બન્ને પંજા મારિયા
કાચબો બોલ્યો, 'બાપ'!

શિયાળ સામે કાચબો
બજમાવે છે જોર,

'બાપ' બોલો છે પળ પળે;
જ્યારે વાગે નો'ર.

'મને બચાવો બાપજી,
આજે જલદી આવ,
માછલી બેની ઉતાવળી,
મુજને તો બચાવ.'

ત્યાં તો માછલી એક નહીં,
પંદર વીસ એકસાથ,
મોટી માછલી પેહલી,
સૌયે આવી સાથ.

માછલીએ શિયાળનો
પકડયોજી ત્યાં પગ;

બધાનાં જોર સાથથી,
શિયાળ લપસ્યું ઝટ.

પાણીમાં જોર એનું
જરા ના ભાઈ,
ડૂબી ગયું ને
ના પાછું જણાય.

કાચબાજી છટકયા,
ખૂબ ગભરાય,

માછલી બેની તું,
ભલી છે ભાઈ.'

(પછી નદીની માછલીઓએ ને કાચબાએ
'આધું પીધું ને મોજ કરી.')

'આલો' લી માછલીઓ,
રચાયો રાસ,

કાચબો બચ્યો તેના
ખુશીને કાજ.

ધીરી ધીરી પવનની લે'ર,
નાચે મોજાં રૂડી પેર.

રૂડાં કમળની
રૂડી પાંખડી.

ખીલવા આંડે
જાણે આંખડી.

જોતાં આવે લે'ર,
નાચે મોજાં રૂડી પેર.

છમ છમ વાગે
મોજાં આજે,

એના તાલે
માછલી નાચે;

જોતાં આવે લે'ર
નાચે મોજાં રૂડી પેર.

માછલી નાચે
કાચબો નાચે.

નાચે આજે
સઘળાં નાચે.

જોતાં આવે લે'ર
નાચે મોજાં રૂડી પેર.

વેશનાટક

(આ નાટક જુદા જુદા વેશ લેવાનું નાટક છે. સવારથી સાંજ સુધી આપણે આજુબાજુ નજર નાખીએ તો કેટલાંય જાતજાતનાં માણસો દેખાય છે. કોઈ સાધુ, તો કોઈ શાકવાળો. આજના વેશનાટકમાં આવાં જુદાં જુદાં માણસોનાં ગીતો છે. ગીતો ગાતાં જવાનાં ને અભિનય કરવ નો કપડાં પણ ગીત પ્રમાણે જ પહેરવાનાં. આવાં ગીતો તમે જાતે બનાવી શકો અને ભજવી શકો.)

(પડદો ઊપડે.)

વહેલી સવાર
સાધુજી ને ભગત લોકો જાગે.

(ભગતજી આવે.)

ભગતજી

રાત રહે જ્યારે પાછલી ખટ ઘડી
સાધુ પુરુષને સૂઈ ન રહેવું.

રઘુપતિ રાઘવ રાજારામ;
પતિત પાવન સીતારામ.

સીતારામ સીતારામ
ભજ પ્યારે તું સીતારામ

(ભગતજી જાય ને ઝાડુ વાળનાર આવે.)

ઝાડુ વાળનાર

કામ મારાં કામ રે!
કામ મારાં!
રૂડાં કેવાં કામ!
કામ મારાં!

જગત જો મેલું ઘેલું.
એને હું તો સાફ કરું,
લાતો ખાઉં, ગાળો ખાઉં,
તો ય હું તો ના'રે ડરું.
એવાં રૂડાં કામ રે! કામ મારાં!

(ઝાડુ વાળનાર જાય છે અને શાકવાળી આવે છે.)

શાકવાળી :

એય શાક લ્યો રે! ભાઈ, શાક!
એ કરમસદનું કોળું લાવી,
વડોદરાની વાલોળ લાવી,
મુંબઈનું મરચું લાવી,
સૂરતનું સૂરણ લાવી,
એય શાક લ્યો! રે ભાઈ, શાક!
શાકવાળી આવી હું તો,
શાકવાળી આવી.

શાક નવાં લાવી હું તો,
શાક નવાં લાવી.

કુમળી તો કાકડી
ને કેવી છે ફાંકડી!
કોબી તો વીલુડી,
પોચી ને રાંકડી;
શાકવાળી આવી,
શાકવાળી આવી હું તો,
શાકવાળી આવી.

(શાકવાળી જાય ને છાશવાળી ભરવાડણ આવે.)

સ્વીકાર

ઝંકાર . – શ્રી કચ્છી વીશા ઓસવાલ રથા. જૈન પાઠશાળા ચીંચપોકલી, મુંબઈ–૧૨ નો ૧૯૫૫-૫૬ નો મુદ્રિત અંક મળ્યો છે, આ અંકમાં પાઠશાળાએ ૩૯ વર્ષના અસ્તિત્વ દરમ્યાન જે પ્રગતિ કરી છે અને શાળામાં હાલમાં જે જે વિશિષ્ઠ પ્રવૃત્તિઓ ચાલી રહી છે તેનો આછો પણ સુંદર ખ્યાલ, શાળાના પ્રિન્સિપાલ શ્રી રતનચંદભાઇ દલુચંદ દોશીના અને સંસ્થાના માનદ્ મંત્રીઓના નિવેદન પરથી મળી રહે છે. આ સંસ્થામાં બાળમંદિરથી માંડી ૧૧મા ધોરણ સુધીના હાઇસ્કૂલના વર્ગો છે; અંકમાનું વિવિધ સાહિત્ય અને છપાઇ સારા છે.

મુકુલભારતી બાલ નિકેતન, વડોદરાનો વાર્ષિક અહેવાલ મળ્યો છે. શ્રી પ્રભાવતીબેન પંજવાણી જેઓ સંસ્થાના સંચાલિકા છે, ના અથાક અને સતત્ પ્રયત્નો વડે સંસ્થા કેળવણી કુચમાં આગળ વધી રહી છે. એમના કાર્યમાં સફળતાં મળે એ પ્રાર્થના છે.

—સંપાદક

વસો :–વસંત પંચમીનો દિવસ બાલદિન તરીકે છેલ્લાં વીસ વર્ષથી ઉજવવામાં આવે છે. બાલદિનની વાર્ષિક નિવેદન અંગેની માહિતી તથા પ્રમુખશ્રીની વરણી મૂળદેવ પંડ્યાએ કરી હતી. બહારગામના શાળામંડળના અધ્યક્ષ શ્રી શિવાભાઇ ગોકળભાઇ પટેલના હસ્તે ધ્વજવંદન તથા પ્રમુખપદે બાલદિન ઉજવવામાં આવ્યો હતો; કવાયત મનોરંજન કાર્યક્રમ તથા બાળમેળો યોજવામાં આવ્યો હતો. બાળમેળામાં આજુબાજુ ગામોએ બાળકો ને શિક્ષકો સહિત મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. બાળ શિક્ષણ સાહિત્ય પ્રદર્શન તથા બાળમેળાનું ઉદ્ઘાટન પ્રવચન શ્રી. ભોગીલાલ ચોકસી (મંત્રી, નૂતન ગુજરાતી શાળા–બોરસદ) એ કર્યું હતું

જોઇએ છે :

ટ્રેઇન્ડ મોન્ટેસોરી શિક્ષક જોઇએ છે. શરૂઆતમા પગાર રૂા. ૧૦૦] રહેવાની સગવડ સાથે. લખો : **મૂળચંદભાઇ શાહ અવિધા** · વાયા · અંકલેશ્વર (જિ. ભરૂચ)

મહાગુજરાત પૂર્વ પ્રાથમિક શિક્ષકસંઘ

મહાગુજરાત પૂર્વ પ્રાથમિક શિક્ષક સંઘનુ દ્વિતીય વાર્ષિક અધિવેશન જે તા. ૨૫ અને ૨૬ મી માર્ચના દિવસોમાં અમદાવાદ મુકામે ભરવાનુ હતુ તે હાલ તુરત મુલતવી રાખવામાં આવ્યું છે.

મંત્રી, મ. ગુ. પૂ. પ્રા. શિક્ષકસંઘ.





ફોન નં. ૨૦૪૪૩

આપની દરેક

જરૂરિયાતો

ખરીદવાનું એક માત્ર

: ભરોસા પાત્ર સ્થળ :

આજે જ એક વખત પધારી મુલાકાત લ્યો.

શ્રી
બોમ્બે સ્વદેશી કૉ-ઓપરેટીવ સ્ટોર્સ કું.
લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ, ફોર્ટ, મુંબઇ-૧.

શાખાઓ : મહાત્મા ગાંધી રોડ, પૂના. જેમ્સ સ્ટ્રીટ,-સિકન્દ્રાબાદ.





ન્યૂ આ. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : શ્રી રમણિકભાઇ તુરખિયા, ૧૧૮ હિંદુ કોલોની, દાદર, મુંબઈ ૧૪.
મુદ્રણ સ્થાન : યુનિટી પ્રિન્ટિંગ પ્રેસ, મુંબઇ ૧

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ–૩૧ : અંક ૨ : મે, ૧૯૫૬



સંસ્થાપક :
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી. તારાબેન મોડક

*

તંત્રી
શેષ નામલે

મારી દૃષ્ટિએ અધ્યાપન પધ્ધતિ એટલે જીવન પરથી અને પાઠો પરથી સ્વગતિએ વિકાસ કરી લેવાનું સ્વાતંત્ર્ય; વડીલો નો અનિયંત્રિત અધિકાર અને "સૂચના" એથી મુક્ત મેળવવી. તેવીજ રીતે ભય અને ગુનાહીત વૃત્તિથી મુક્ત મેળવવી. આને અર્થ સ્વેચ્છાચાર માત્ર નથી. એકાદું બાળક 'ગણિત શીખવું નથી' એમ કહે તો તે પોતાનુ સ્વાતંત્ર્ય સ્થાપિત કરે છે એમ સમજવું જોઇએ. પણ તેજ બાળક અન્ય બાળકો સૂતાં હોય ત્યારે 'મારે ગ્રામોફોન વગાડવું છે' એમ જો કહે તો તેને સ્વેચ્છાચાર જ ગણવો પડશે. આવા સ્વેચ્છાચાર પર બાળકનું જ સ્વયંશાસન હોય, એજ એનો જવાબ હોઈ શકે, આવું શાસન ચલાવવા માટે બાળકમાં વિશેષ પાત્રતા હોય છે.

વાર્ષિક લવાજમ : રૂા. ૪–૦–૦

કાર્યાલય : ૧૧૮, હિન્દુ કૉલની, દાદર, મુંબઈ ૧૪.

છૂટક નકલ : ૬ આના

નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

વાલીઓ, શિક્ષકો અને બાળપ્રેમીઓનું બનેલું અખિલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :—

પ્રમુખ : શ્રી મોરારજીભાઇ દેસાઈ, ઉપપ્રમુખ : આચાર્ય શ્રી ભિસે

કાર્યાધ્યક્ષ: શ્રી સરલાદેવી સારાભાઇ, કોષાધ્યક્ષ : શ્રી વા. રા. પટવર્ધન

મંત્રીઓ : શ્રી શેષ નામલે, શ્રી. યશસ્વતીબેન ભટ્ટ

સ્થાનિક શાખા : કોઇપણ બાળ કેળવણીની સંસ્થા, વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના ૨૫ સભ્યો બનાવી, સંઘમાન્ય શાખા સ્થાપી શકે છે. આ જાતની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે.

પ્રાદેશિક શાખા : કોઇપણ જિલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની જિલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે. અને આ જિલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયંત્રણ મંડળમાં ચૂંટાઇ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય : સંઘનું બંધારણ, પ્રવેશ પત્રક સૂચના--માહિતી વિ. સંઘને લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્રવ્યવહાર કરવા વિનંતી છે.

મંત્રી, **નૂતન બાલ શિક્ષણ સંઘ**
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

— : સંપાદક મંડળ : —

જયકુમારીબેન પટેલ, હરપ્રસાદ ભટ્ટ, જયંતિભાઇ ઓઝા,
હેમલતાબેન માળવી, રમેશભાઇ કોઠારી, કુસુમબેન શાહ.

: અનુક્રમણિકા :

૧.	સંસ્કારનો વારસો	.... ..	એ–જ–સ
૨.	નવા યુગનો શિક્ષક	....	સ. આ. કેળકર
૩.	ધૈર્ય રાખો : ઉપાયો યોજો	...	અનુતાઇ
૪.	સંપાદકીય	... .	તંત્રી નોંધ

: બાળ વિભાગ :

૧.	ઉઠશો!, ઉઠશો? આવજો ...	મોંઘીબેન
૨.	ગાય	મા. દ્વિવેદી
૩.	આવરે ગાવડી આવ	ગો. રા. કુલકર્ણી
૪.	વીર વનરાજ	કુસુમબેન શાહ

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો!

કે–"શિક્ષણ પત્રિકા" એ નૂતન બાળ શિક્ષણ સંઘનું મુખપત્ર છે. તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે–"શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા–પિતા, વાલીઓ, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે–"શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતાં લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એક બાજુએ લખાયેલા હોવા જરૂરી છે.

કે–"શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઇ પણ માસથી થઇ શકાય છે.

કે–"શિક્ષણ પત્રિકા" માં બાળ શિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામા આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમા કાર્યાલયને મોકલાવી આપવા જરૂરી છે,

કે–"શિક્ષણ પત્રિકા" માં સંપાદકીય નોંધ સિવાયના રજૂ થતાં લખાણો સાથે તંત્રી કે સંપાદક સહમત છે એમ કોઇએ માની લેવું નહિ.

કે–અંક ન મળ્યાની ફરિયાદ દર માસની તા. ૨૦ મી પહેલા મોકલવી જરૂરી છે.

કે–"શિક્ષણ પત્રિકા" ગુજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસ અનુક્રમે તા. ૧લી, ૧૪મી અને ૨૦ મી એ પ્રગટ થાય છે.

કે–"શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા" ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરૂરી છે.

કે–"શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતી છે.

— રમણિકલાલ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

મુંબઇ, મધ્ય ભારત, મધ્ય-પ્રદેશ, ઉત્તર–પ્રદેશ, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી



નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ ૩૧ : અંક ૨] મુંબઇ [મે, ૧૯૫૬

સંસ્કારનો વારસો

સંસ્કારનાં ચોકઠાં

આ મે મહિનો આવ્યો એ સાથે જ ગયે વર્ષે આબુ ઉપર વીતાવેલ ઉનાળાના દિવસો યાદ આવે છે:

ગિરિરાજ આબુ ઉપર આખી રજા કયાં ચાલી ગઇ એ ખબર ન પડી! એ નાગરાજ અર્બુદે જાણે પોતાની અનેક ફેણો દશે દિશાઓમાં ફેલાવી હોય એમ આબુ દશે દિશાઓમાં એની કંઈ ને કંઇ વિશિષ્ટતા સાથે ફેલાયો પડયો છે. એના અનેકવિધ પોઇંટો અને અચળગઢ–ગુરુશિખર જેવા દૂર દૂર આવેલા સ્થાનો આપણને જાણે પોતાની પાસે ધસડી રહ્યા હોય એમ આપણે ત્યાં દોડી જઇએ છીએ. એ બધે ઘુમવામાં, નખ્ખી તળાવમાં હોડી હંકારવામાં, અદ્ધરદેવીને પગથિયે શરત મારવામાં કે દેલવાળાનાં મંદિરોની કળામાં ડૂબી જવામાં એ તો કયારે ય ભાન ન રહ્યું કે કેલેન્ડરમાંથી મે મહિનો ખસી ગયો છે અને જૂનનાં પગલાં મંડાયાં છે!

અને છતાં ત્યારે વશિષ્ટાશ્રમ અને ગૌતમાશ્રમ તો હજુ વણજોયા જ રહી ગયા હતા. અને ચાર દહાડામાં બીસ્ત્રા-પોટલા બાંધવાના હતાં!

પણ તે દિવસે જ નકકી કરી નાખ્યું કે રહ્યા-સહ્યા દિવસોમાં આ આશ્રમોની પૂણ્યભૂમિની યાત્રા કરી જ લેવી.

બીજે દિવસે જ વહેલી સવારમાં અમે બધાં નીકળી પડયા.

અમારા યજમાન મથુરભાઇની વ્યવસ્થામાં કંઇ જ કહેવું પડે એમ નહોતું. એ અહીં સરકારી ખાતામાં સારે સ્થાને છે.

એમનો કાનો નોકર, નોકર કરતાંય વિશેષ તો એમના કારભારી જેવો હતો. કાનો જાતનો ભીલ છે. અને એ જેમ આ સુધરેલા શહેરી લોકો ભેળો ભળી શકે છે તેમ જ એ સાચા ભીલના બેટા જેમ ચિત્તાનો શિકાર પણ કરી શકે છે. એને મન ચિત્તો એટલે કૂતરો. એ વાત કરે ત્યારે ચિત્તાને કુત્તો જ કહે!

એ પણ તે દિવસે સાથે હતો.

બીજા સાથે હતા મહેન્દ્રભાઇ. એમની સાથે જ હું આવ્યો હતો. અને વિશેષમાં હતા મથુરભાઇના ભત્રીજા ધીરૂભાઇ. ધીરૂભાઇ પચ્ચીસ–ત્રીશની ઉંમરના હશે. પણ એમનું શહેરી શરીર એમને શહેરની નાજૂક સંસ્કૃતિના પ્રતિક જેવું મળેલું છે.

ધીરૂભાઇએ કોલેજશિક્ષણ લીધું છે. અને અહીં કાકાની લાગવગથી સરકારી ખાતામાં નોકરી મેળવી છે. નોકરી તો છે માત્ર કારકુનની. પણ એ મથુરભાઇ કરતાં વિશેષ સાહેબ થઇ ફરે છે.

એમને અને કાનાને ઉભું રહ્યું ન બને!

કાનો આમ તો બહું ભલો માણસ છે. પણ એનાથી અપમાન સહન થતું નથી. મથુરભાઇ પણ એનું માન જાળવીને કામ લે છે. પણ ધીરૂભાઇ તો સિદ્ધાંતથી જ માને છે કે નોકરોચાકરો સાથે કડકાઇથી જ વર્તવું જોઇએ. નહીં તો એ લોકો માથે ચેડી બેસે!

મજા તો ત્યાં છે કે ધીરૂભાઇ ચર્ચામાં હમેશ સમાજવાદ અને સામ્યવાદ લાવે છે! અને મૂડીવાદને નીંદયા કરે છે. પણ વ્યવહારમાં એ વગર મૂડીએ મૂડીવાદની જેમ જ વર્તે છે!

અને એમને અહીં એમની સાહેબી ભોગવવાની પૂરી સગવડ છે. કેમકે મથુરભાઇ એવા ભોલાદોલા માણસ છે કે એ મોટે ભાગે બધી વાતોને હસી ટાળે છે.

આથી કાનાને અને ધીરૂભાઇને દિવસમાં દસ વખત જંપે છે. પણ મથુરભાઇ તો બધી ય વખત હસીને જ કળીયો પતાવે છે!

કાનાને ઘણીવાર રીસ ચડી જાય છે. પણ મથુરભાઇ તો ખોટો ગુસ્સો કરી એને કહેવાનાં :

'એલા તું ય એના જેવડો નાનો છો? ધીરુ તો હજી બાળક છે—તને શરમ નથી આવતી?

અને કાનો શરમાઇને હસી પડે છે.

ખરેખર મથુરભાઇની આ હસવાની નીતિ મને બહુ જ આકર્ષી જાય છે!

આપણે જે વાતને દલીલ, ટીકા કે તીવ્ર લાગણીઓ દ્વારા વ્યક્ત કરીએ છીએ; જે માટે આપણા મગજને થકવી નાખીએ છીએ. અને છતાં સામેની વ્યક્તિને ગળે વાત ઉતારી નથી શકતા. અરે, સામેની વ્યક્તિનો ગુસ્સો શમાવી નથી શકતા એ તો ઠીક પણ ઉલટું એ રીતે ઘણીવાર તો એ ગુસ્સાને દલીલોના ધંધનથી ઓર ચેતાવી મૂકીએ છીએ એ જ કામ મથુરભાઇ માત્ર મોટેથી—પૂરા જીગરથી હસીને ઉકેલ લાવી દે છે!

એમાં ન તો એમને તકલીફ પડે છે—ન સામેની વ્યક્તિને!

ઘરમાં પણ મણીબેન ગમે તે કહે, મથુરભાઇનું તો રૂવાડું ય ન ફરકે! હા એ હાસ્યથી ફરકી ઉઠતાં હશે એ ખરું.

પણ આમાં ધીરૂભાઇને મોકળું મેદાન મળી જાય છે એ એમને જેમ ફાવે એમ ભાષણો ચલાવ્યા કરે છે. એમને ઊંડે ઊંડે એમ પણ છે કે પોતે મથુરકાકા કરતાં વિશેષ ભણ્યા છે એટલે પોતાને વિશેષ જ્ઞાન છે.

તે દિવસે પણ એમનું વ્યાખ્યાન આખે રસ્તે ચાલ્યા જ કરતું હતું.

પણ એક રીતે એ દિવસે તો ધીરૂભાઇનું ભાષણ ઉપકારક જ બનેલું. કેમકે એ રીતે વાતોમાં અમારો પંથ સહેલાઇથી કપાતો જતો હતો.

અલબત્ત મથુરભાઇ પણ અનેક તુક્કાઓ કાઢે ને હસાવે. પણ એ કંઇ લાંબુ ન ચાલે.

જ્યારે ધીરુભાઇ તો કોઇ વિષયની ચર્ચા ઉપાડે અને પછી એમાંથી કાનાને અને એમને જ્યાં પડે!

તે દિવસે અમે સૌ હાથમાં લાંબી લાઠીઓ લઇને ચાલ્યા જતા હતા.

મહેન્દ્રભાઇએ કાનાને પૂછયું :

'ભાઇ કાના, કહે છે કે આ ભાગમાં ચિત્તા બહુ હોય છે.'

'જી હાં સાયબ, પણ ઇ તો અંધ થકી ઓત દુર જંગલમેં મીલે.'

મહેન્દ્રભાઇ : 'પણ ત્યારે આ આપણે હજુ જંગલમાં નથી આવ્યા?'

'હા ઇ સત્ છે. પણ એ કુત્તાઓ રાતના વિશેષ દેખા દેવે.'

ધીરુભાઇ બોલી ઉઠયા :

'હવે ચિત્તા બીત્તાની તો વાતો મારા ભાઇ આપણને શહેરી લોકોને બીવડાવવા કામ લાગે. બાકી મેં તો આ ચાર મહિનામાં એકકે ચિત્તો નથી જોયો!'

કાનો હસતો બોલી ઊઠયો :

'દેખ્યો નંઇ વાંતક ઠીક હે, મળ્યો તબ કેવા વાપસ ના આવ હે!'

ધીરૂભાઇનો ગુસ્સો બરખિલાફ!

'તો તું શું સમજે મને? હું એમ તારા ચિત્તા બીત્તાથી ડરૂ એવો નથી. હું એકલો પહોચી જઉં એમ છું. આ, બસ્સ લાકડી મારી પાસે હોય પછી એની દેન નથી.

કાનો વિશેષ હસી પડયો :

'લાઠી તો હાથમેં ઠંડી રે' વે,—અને ચિત્તો તમેર ગળે ચોંટી પડે!'

આ અપમાન ધીરૂભાઇથી સહન કેમ થાય?

'ચૂપ કર; તને કોઇ નથી પૂછતું, અમારી વાતોમાં વચ્ચે બડબડ તારે ન કરવી.

મથુરાભાઇ હસતા બોલ્યા:

'હા; હા, હા, હા, એલા ધીરૂ, તું જ ખરો છો હોં! તારી વાતમાં કાનો વચ્ચે બોલ્યો કે કાનાની ને મહેન્દ્રભાઇની વાતમાં તું વચ્ચે બોલ્યો?'

ધીરૂભાઇ એમ કબૂલ કરે?

'હું તો એટલું જાણું કે મોટા લોકો વાતો કરે એમાં વચ્ચ નોકર ચાકરોએ ન બોલવું જોઇએ. નોકરોએ માત્ર પૂછવામાં આવે એનો જવાબ દેવાય.' કાનો બોલ્યો:

'ઇ સત્ હે ધીરૂભાઇ. પણ મુને કાકા બોલવા દે ઇટલે મેં બોલું.'

ધીરૂભાઇ: 'હા, એ કાકા જ તને બગાડે છે.'

મથુરભાઇનું મુકત હાસ્ય આ સપાસની ટેકરીઓ ઉપર કુદકા મારવા લાગ્યું.

મથુરભાઇ બોલ્યા:

'એલા ધીરૂ, આમ તો તું સમાજવાદ અને સામ્યવાદની વાતો કરછ. પણ વ્યવહારમાં તો જરાકે તારો સામ્યવાદ નથી આવતો! સામ્યવાદમાં તો 'સબ સરખા' માનવાના હોય છે ના?'

'નહીં કાકા, તમે કંઇ જાણતા નથી. તમે સામ્યવાદ વિશે કંઇ વાંચ્યું નથી. સામ્યવાદનો અર્થ એવો નથી કે તમારે તમારા નોકરોને માથે બેસાડી નાચવું!— નહીં. તો પછી રાજકાજ ચાલે જ નહીં. નોકરને પૂરૂ ખાવાપીવા મળી રહે એ જોવું જોઇએ. બાકી જો નોકરો એના સાહેબને સલાહ દેવા બેસી જાય તો બીજે દિવસે જ સરકાર ઉથલી પડે!

વળી મથુરભાઇ હસતા બોલ્યા:

'હા, હા, હા, હા. આ તારો સામ્યવાદ સારો. પણ અમને તો એ કંઇ વિદ્યા હવે ચડે નહીં. પાકે ઘડે કાંઠા ન ચડે? અમે તો કાના સાથે જેમ વર્તીએ છીએ એમ જ વર્તવાના. ભલે ભઇ તું તારે અમને જોઇએ તો મૂડીવાદી કહે!'

અવનવા આકર્ષક રંગોમાં મળે છે. લગાડયા પછી ચાર અઠવાડીયા બાદ ધોઈ શકાય છે. પ્રતિવર્ષ રંગ ખર્ચ બચે છે સારા રંગકામ માટે હમેાને પૂછો.

એશિયન પેઇન્ટસ
ઉત્તમ સેવા આપનાર

'નહીં કાકા, આ તો કોઇ વાદ જ નથી. આમાં તો કોઇ વિચારનો ઢંગધડો જ નથી. એ તો આપણી જૂની પુરાણી રીત છે. અને આપણે તો માની જ બેઠા છીએ કે જૂનું એટલું સોનું.'

મથુરભાઇ મહેન્દ્રભાઇ તરફ ફરતા બોલ્યા :

'મહેન્દ્રભાઇ, એક તમે આ ધીરૂને બોલતો બંધ કરી શકો એમ છો.'

ધીરૂભાઇ બોલી ઉઠયા :

'એમાં બોલતા બંધ થવાય જ કેમ? વિચારો એ આધુનિક કાળના મહાન વિચારકોના વિચાર છે. એ કંઇ ગપ્પાં હાંકતાં થોડા આવ્યા છે?'

મહેન્દ્રભાઇ મથુરભાઇને કહે :

'મથુરભાઇ, જાણે વાત એમ છે કે ધીરૂભાઇને આપણે કોઈ પહોંચી શકીએ એમ નથી. પણ તમને નથી લાગતું કે આપણે માત્ર જૂના સામાનને પાલિસ કરવાનું જ કામ કરીએ છીએ?— જેમકે આપણે શાતિસંસ્થાને કાઢી નાખવા લાગ્યા છીએ. બીજી બાજુથી નાતના પટેલ જેવા જ પણ વિશેષ સ્વાર્થી એવા પટેલિયા આપણી આ નવી ચૂંટણીની નાતમાં લાવી રહ્યા છીએ. આપણે અસ્પૃશ્યોને ભાઈ કહેવા લાગ્યા છીએ, ત્યારે બીજી બાજુ આપણે એક મોટી નોકર સંસ્થા ઉભી કરીને એ નાતને અસ્પૃશ્ય જેવીજ બનાવી રહ્યા છીએ! આગળના વર્ણ પ્રધાન ઉચ્ચનીચના ભેદ હવે ફરી બીજા સ્વરૂપે આપણે લાવી રહ્યા છીએ!

'આપણે, ભલેને ગમે તેવા નવા નવા પ્રકારો ઉભા કરીએ પણ માનવ સ્વભાવ તો એજ રહેવા દઇએ છીએ! જ્યા સુધી માનવમનને આપણે ઉચું લેવાની વ્યવસ્થા ન કરીએ ત્યાંસુધી અંદરનો જંગલી અહમ્ ગમે તે રૂપે પોત પ્રકાશ્યા વગર રહેવાનો નથી.

'હું ઉંચો, તું નીચો! હું, હું ને હું—બીજું બીજું બોટું!'

અલબત્ત વાત તો મહેન્દ્રભાઇ મથુરભાઇને સાથે કરતા હતા. પણ એની અસર ધીરૂભાઇ ઉપર થયા વગર ન રહી. એ જરાકે જવાબ આપ્યા વગર મુંગા થઇ ગયા.

કાનો અને હું છેક પાછળ હતા. એ મારા તરફ સૂચક રીતે હસ્યા વગર ન રહ્યો.

મેં પણ નાકે આંગળી મૂકી એને ચૂપ રહેવા સંજ્ઞા કરી, અને એ ચૂપ જ રહ્યો.

અમારો પંથ ઠીક ઠીક કપાયો હતો.

ગૌતમાશ્રમ તરફની એ ખીણમાં થઇને અમે ચાલ્યા જતા હતા. ખીણમાં અવારનવાર ઝાડનો છાયો મળી રહેતો હતો. તો ઘણીવાર તડકામા અમારે ચાલવાનું હતું. સવારનો એ પહાડી તડકો પણ ખૂબ કડક લાગતો હતો.

પણ અમે બધા યે માથે ટોપા અને આંખે કાળા ચશ્મા ચડાવીને એનો પહેલેથી જ પ્રતિકાર કરી રાખ્યો હતો.

હાથની લાકડી નીચે ઠબકારતા અમે બધા ચાલ્યા જતા હતા.

અને એમ જ અમે ગૌતમાશ્રમ આવી પહોંચ્યા, એ પુરાણ પ્રસિધ્ધ સ્થાનની પ્રદક્ષિણા કરી અમે સૌ પાવન થયા.

આવાં પુરાણાં સ્થાનો ઉપર પુરાણી કાળની કલ્પનાઓ જન્માતી જાય છે. એ સ્થળમાં બેઠાં બેઠાં ભૂતકાળમાં જ્યારે એ આશ્રમ પ્રવૃત્તિથી ધમધમતો હશે ત્યારે આ મૃતદશામાં પડેલો આશ્રમ કેવો જીવંત ધબકતો લાગતો હશે!

એ બધુ જોવાનુ અમે પતાવી લીધું.

કામ પૂરૂં થયું કે બધાને ખબર પડી કે અમે બધાં બહુજ ભૂખ્યા થઇ ગયા છીએ!

જમવા માટે અમે સુન્દર સ્થળની શોધમાં લાગ્યા.

કેટલેક દૂર એક સરસ આંબાવાડિયું હતું. અમે બધા ત્યા પહોંચ્યા. નજીક જ એક વાવ હતી. અને વાવની બાજુમાં પાણીનો હવાડો હતો.

આંબાઓ નીચે અને આસપાસ સુકકાં પાંદડાઓની ધૂંટણભૂડ પથારી પડી હતી. એ બધાં આધાં કરીને બેસવાની જગ્યા કરવી અશકયવત્

(અનુસંધાન પાના ૬૦ પર)

નવા યુગનો શિક્ષક

(ગતાંકથી સંપૂર્ણ)

(૫) શિક્ષકમાં માનવપ્રેમ હશે તો બાળક અવલોકનની વિશેષ દૃષ્ટિ તેને બાળક માટેના પ્રેમ દ્વારા પ્રાપ્ત થશે.

આજ દૃષ્ટિ તેને બતાવશે કે બાળકને માટે કયા સાધનો છે તથા જુદી જુદી વય તથા શક્તિવાળા બાળકોને કેવી રીતે શીખવવું. આવી દૃષ્ટિ આવે એટલે ચાલુ કામમાં કઈ બાબતો ચાલુ રાખવી અને કયા ફેરફાર કરવા, જે પરિસ્થિતિ છે તેમાં સ્થાનિક બાબતોનો ઉપયોગ શિક્ષણના સાધનો તરીકે કેવી રીતે કરવો એ એને સહેલાઇથી સમજાશે.

દા. ત. રંગબેરંગી ઢીંગલીઓ કે અન્ય ખર્ચાળ રમકડાં કરતાં સાદા ઘન તથા ઇંટ બાળકોને વધારે પસંદ પડે છે, આ બાબતો શિક્ષકના ધ્યાનમાં આવતી નથી કે રહેતી નથી. કારણ બાળકોની નિર્માણ પ્રવૃત્તિ તરફ એ બેદરકાર રહે છે, તથા એને પોતાને જે ગમે છે તે બાળકોને ગમશે એવું શિક્ષક તથા વાલી સમજે છે તેથી માટીકામ અને ચિત્રકામનું મહત્વ તેમના ધ્યાનમાં આવતું નથી. માટે બાળકની દૃષ્ટિમાંથી આપણે જોવાનું શીખવું જોઇએ. તથા બાળકનું ગમવું-ન ગમવું એનું પૃથક્કરણ આપણને કરતાં આવડવું જોઇએ. ટૂંકમાં બાળક જ આપણો ગુરુ છે. તેજ આપણો માર્ગદર્શક તથા તેનીજ મદદ વડે આપણો પણ વિકાસ થવાનો છે એ ધ્યાનમાં લેવું જોઇએ.

(૬) આ ઉપરાંત એક ખાસ બાબત શિક્ષકે કરવાની હોય છે. બાલમંદિરમાં તો ખાસ જરુરી છે. તે એ કે પોતાને પાર્શ્વભૂમિમાં રાખવાની કળા તેણે પ્રાપ્ત કરી લેવી જોઇએ. જરૂર પડે ત્યાં જ એને મદદ કરવી જોઇએ. અવ્યવસ્થા થતી હોય તો જ એણે વ્યવસ્થા નિર્માણ કરવા માટે આગળ આવવું જોઇએ. નહિ તો પોતાની મદદ વિના બાળકે રમવું, ફરવું તથા સ્વયંશિક્ષણ પ્રાપ્ત કરવું એ જ થવા દેવું જોઇએ. આની સતત જાણ એણે રાખવી જોઇએ. તેનાથી એનું કામ ઓછું નથી થતું. પરંતુ એનાથી ઉલ્ટું વધે છે. કારણ મદદ કયાં કરવી તથા કેવી રીતે કરવી એ બાબતો શોધી કાઢવી સહેલી નથી. ઘણીવાર એવું દેખાય છે કે, જ્યાં શિક્ષકે નકકામાં બાળકના કામમાં પડવાનું નથી ત્યાં એ પડે છે. એક બાળક પાસે કામ કરતી વખતે બીજાં તરફ તેનું દુર્લક્ષ થાય છે અથવા બાજુના બાળકના નાકમાંથી શેડા આવ્યા છે અને એના તરફ બાળકનું ધ્યાન નથી. આ બાબતોનું એને ભાન રહેતું નથી. સાધનોનો દુરુપયોગ થતો હોય તો એને સમજાતું

નથી તથા જ્યાં ન શીખવવું જોઇએ ત્યાં શીખવવાની ઇચ્છા થાય છે. આ બધું અયોગ્ય છે.

(૭) શિક્ષકે પાર્શ્વભૂમિમાં રહેવું એટલે એને બાળકોને સૂચના ન કરવી એવું નથી કારણ શિક્ષણમાં સૂચના મોટો ભાગ ભજવે છે. પણ યોગ્ય સૂચનો કયા અને તે કેવી રીતે કરવા એ શિક્ષકે બાળમંદિરની દૃષ્ટિથી સમજવું જોઇએ. કદી એ બોલીને સૂચન કરી શકે. દા. ત. ગપ્પા ગોષ્ટી વખતે આસનો વ્યવસ્થિત મૂકવા, અવાજ ન કરવો વિગેરે સૂચનો બોલીને કરી શકે છે તેવીજ રીતે તે સમયે કોઇએ કંઇ સારું કર્યું હોય તો બાળકનું નામ લઇને એ બાબતનો ઉલ્લેખ કરી શકાય છે. જે બાળકની ભૂલ થઇ હોય એનું નામ ન દેવું. તેજ પ્રમાણે જરૂરીઆત પ્રમાણે મિનારો કેમ ગોઠવવો તે પોતે ગોઠવીને બતાવવો. આ કાર્ય કરીને સૂચન કરેલું કહેવાય.

સૂચના પ્રમાણે જ નિયમનની વાત છે. કારણ જો શિક્ષક હુકમ કરવા માંડે તો બાળકમાં પોતાનામાંથી નિયમન ઉત્પન્ન થશે નહિ, પણ શિક્ષકે જરૂર પડે ત્યાં નિયમનનો આગ્રહ રાખવા માટે કડક પણ થવું જોઇએ. બાળક મોટેથી રડતુ હોય એટલે તેની ઇચ્છા પ્રમાણે એને ખરું ખોટું કંઇ પણ કરવા દેવું એ બરાબર નથી. બાલમંદિરમાં હુકમ હોતો નથી પરંતુ નિયમન હોય છે. આ નિયમનની કલ્પના બાળકને વારંવાર તેને સમજાય એવી ભાષામાં આપવી જોઇએ. આ નિયમન જરૂરીઆત પ્રમાણે કડક રીતે કરવું તથા કરાવી લેવું જોઇએ.

(૮) આ ઉપરાંત શિક્ષણમાં ઉપયોગી થઇ પડનારા અન્ય ગુણોની એક મોટી યાદી તૈયાર કરી શકાય. શિક્ષક કાર્યદક્ષ હોવો જોઇએ. ન્યાયી હોવો જોઇએ. શારીરિક તથા માનસિક દૃષ્ટિથી નિરોગી હોવો જોઇએ વગેરે અનેક ગુણોનો વિચાર કરી શકાય. પણ આ બધી બાબતો જો શિક્ષકમાં માનવપ્રેમ હશે, ઉદારતા હશે તથા બાળકને ગુરુ માનવાની વૃત્તિ હશે તેં આપોઆપ નિર્માણ થશે. તેથી શિક્ષકે આ બધાં ગુણો મેળવવા માટે પ્રયત્ન કરવો એમ કહેવામા કંઇ વાંધો નથી.

અવલોકનની બાબતો :

બાળમંદિરમાં શિક્ષકે નીચેની બાબતોનું અવલોકન કરીને નોંધ તયાર કરવી જોઇએ, અને યોગ્ય તે ઉપાય પણ કરવો જોઇએ.

(૧) શારીરિક વિકાસ કેમ કરાય તે જોવાની દૃષ્ટિથી દર મહિને વજન લેવું જોઇએ. તેજ પ્રમાણે દર ત્રણ મહિને ઊંચાઇ, ઉભા રહીને અને બેસીને લેવી જોઇએ. શકય હોય તો બે મહિને એકવાર ડોકટર પાસેથી શારીરિક તપાસ કરાવી લેવી. એમાં જો બાળકનો વિકાસ બરાબર થતો નથી એમ દેખાઇ આવે તો વાલીની મદદથી તેના યોગ્ય ઉપાય યોગ્ય સમયે કરવા જોઇએ. બાળકને કંઇ રોગ થાય તો તેનો પણ ઉપચાર કરવો જોઇએ. કોઇ કોઇવાર આંખ આવવી, તથા આવાજ બીજા સાંસર્ગિક રોગ થયા હોય ત્યારે પણ વાલી બાળકને શાળામાં મોકલે છે તે તરફ શિક્ષકે ધ્યાન આપીને તેને બાળમંદિરમાં ન આવવા માટે ફરમાન કરવું. બાળકને શાળામાં સુવાની વ્યવસ્થા હોવી જોઇએ. અને કોઇપણ બાળકને ઊંઘ આવે તો એને ઊંઘવા માટે મોકલવો જોઇએ.

(૨) બાળકની સ્વચ્છતા તરફ શિક્ષકે ખાસ ધ્યાન આપવું જોઇએ. એ દૃષ્ટિથી બધા બાળકો તરફ વારંવાર એની દૃષ્ટિ જવી જોઇએ. શેડા આવે કે તરત લૂછવા. વારંવાર નખ કાપવા, વિગેરે કેટલીએ બાબતમાં બાળમંદિરમા ઝીણવટાધથી ધ્યાન આપવું જોઇએ. આ માટે સ્વચ્છતાનો તકતો રાખવો જોઇએ. આ ઉપરાંત સામાન્ય રમતમા પણ સ્વચ્છતાની ટેવ બાળકમાં પડે એવું બાળમંદિરનુ વાતાવરણ હોવું જોઇએ દા. ત. નાસ્તા વખતે હાથ ધોવા, પૂર્વ તૈયારી કરવી, માટીકામ, રંગકામ, વગેરે હસ્તવ્યવસાયની બાબતોમાં સ્વચ્છતા તથા વ્યવસ્થા રાખવી.

(૩) બાળકનો વિકાસ બરાબર નથતો હોય અને તેમા કંઇ મુશ્કેલી આવતી હોય તો એ સમજી લેવી જોઇએ. કારણ માનસિક વિકાસ અટકયો એટલે વ્યકિતની પીછેહઠ થાય છે. આવા બાળકોને

જરૂરી મદદ કરીને તેમનામાં આત્મવિશ્વાસ ઉત્પન્ન કરીને તેમને ધીરે ધીરે રસ્તા ઉપર લાવવા પડે છે. તેને શિક્ષકમાં વિશ્વાસ ઉત્પન્ન થવો જોઇએ. ઘણી વાર આવી બાબતો તરફ યોગ્ય સમયે ધ્યાન ન જાય તો એનાથી થએલું નુકસાન ભવિષ્યમાં સુધારી શકાતું નથી.

(૪) બાળકના વર્તનનો વિચાર કરતી વખતે તેના મનોવિકાસની કક્ષા સમજી લઇને વર્તનના ન સમજાય અને ન દેખાય એવા કારણો જાણી લેવા જોઇએ. દા. ત. એકાદુ બાળક કૂતરાથી ખૂબ બીતું હોય તો તેનું શું કારણ? બીજા બાળકોને વિના કારણે મારતું હોય તો તેનું શું કારણ? આ બધું જાણી લેવું જરા મુશ્કેલ છે પણ પ્રયત્નથી સાધી શકાય છે. એ કરવા તરફ શિક્ષકની દૃષ્ટિ હોવી જોઇએ.

(૫) વિશેષ બાબતોની નોંધ રાખીને તે માટેનો ઇલાજ પણ કરવો જોઇએ. દા. ત. રોજ એકાગ્રતાથી કામ કરનાર છોકરી એક દિવસ અસ્વસ્થ દેખાય તો તેનું કારણ શું એ શોધી કાઢવું જોઇએ. અનેક કારણો હોઈ શકે. માંદગીનું પૂર્વ ચિહ્ન, ઘર માંની ક્ષોભજનક બાબત, એટલે કે માર પડવો, અપમાન થવું, ઘરમાં કોઇ નવું આવે, સાંજે સીનેમા જોવા જવાનું હોય, વગેરે શારીરિક મુશ્કેલી હોય, દા. ત. કપડાં તંગ હોય, નાડી બરોબર બાંધી ન હોય વગેરે ત્યારે બરું કારણ શું હશે એ શિક્ષકે શોધી કાઢવું જોઇએ. રોજ એકજ સાધન લઇને કોઇ બાળક રમતું હોય તો આમ કેમ રમતો હશે તે પણ જોવું જોઈએ.

(૬) બાળકની પ્રગતિની નોંધ રાખવી જોઇએ તેમાં શાળાના જે જે વિભાગના કામો હોય તે બાળકો કેવી રીતે કરે છે એ તો હોવું જ જોઇએ. તેમાં સાંસ્કૃતિક કામો, હસ્તવ્યવસાય. ક્રિડાંગણની રમતો વગેરે બાબતોનો પણ ઉલ્લેખ હોવો જોઇએ. એ ઉપરાંત સ્વભાવ, ટેવ, નિયમિતપણું વગેરે બાબતોની નોંધ રાખવી.

(૭) નવા દાખલ થએલા બાળક તરફ ખાસ ધ્યાન આપવું જોઇએ. તેમાં કેટલાંક રડતા હોય છે કેટલાકને બીક લાગી હોય છે. આ બધાને મદદની જરૂર હોય છે. અને તેમને કામમાં રસ ઉત્પન્ન થાય તથા બાળમંદિરના સામાન્ય નિયમો તેમને સમજાય એ માટે આપણે પ્રયત્ન કરવો જોઇએ.

શિક્ષકે ધ્યાન આપવા જેવી બાબતો એટલે સંપૂર્ણ યાદી બનાવી લેવી. આ બાબતો મહત્ત્વની છે પણ આ બાબતો તરફ ધ્યાન આપવાની વૃત્તિ હોય, તથા સૂક્ષ્મ દૃષ્ટિ રાખવાની ટેવ શિક્ષકને હોય તો શિક્ષક કેટલીએ બાબતની નોંધ રાખી શકે છે.

ઉજાગરો, શારીરિક અને માનસિક શ્રમ બાદ



જીવદયા નેત્રપ્રભા

(રજીસ્ટર્ડ)

||

માટે

વૈદો, ડોકટરો, આયુર્વેદિક હોસ્પિટલોએ આંખોના માટે ઉપયોગી તરીકે પ્રમાણપત્રો આપેલ છે.

બાળક તથા વૃદ્ધ સુધી સૌ કોઈ જરૂરીયાત પ્રમાણે ૧ થી ત્રણ વખત આંજી શકે છે.

જીવદયા નેત્રપ્રભા કાર્યાલય,

વિકટોરિયા મિલ કમ્પાઉંડ, ગામદેવી, મુંબઇ ૭.

હાલની આપને બાટલી કારણ સમય મળશે તેમ લાભ લેશો

બાળમંદિરમાં શિક્ષકની વિશેષતા

સામાન્ય શિક્ષક કરતા બાળમંદિરના શિક્ષકનો દરજ્જો વિશેષ છે. કારણ બાળકના અત્યંત સંસ્કારક્ષમ કાળમાં તે શિક્ષકના સમાગમમાં આવે છે. આ સમયે પડનારા સંસ્કાર લાંબા સમય સુધી ટકનારા હોય છે. આ વયમાં વ્યકિતત્વ ઘડાતું હોય છે. તેથી આ બધા મહત્ત્વના કાર્ય ઘરે માતા-પિતાએ તથા શાળામાં શિક્ષકે કરવાના હોય છે. આ વયનો જો યોગ્ય ઉપયોગ થાય તો શિક્ષણની દષ્ટિથી ઉતાવળ કરવાની જરૂર નથી. પણ જે મૂળભૂત કલ્પના છે તેની પકડ બાળકને આ વયમાં આપી શકાય. આ કલ્પના બાળકને આપી શકાય તો આગળના શિક્ષણમાં એનો ઉપયોગ થઇ શકે. આજ વયમાં સારી ટેવો પાડવી જોઇએ. આ વયના બાળકો સાથે કામ કરનાર શિક્ષકો માટે અપેક્ષા પણ રાખી હોય છે.

(૧) શિક્ષક પ્રેમાળ હોવો જોઇએ. બાળકને એ માતા સમાન લાગવો જોઇએ. તેના ચહેરા ઉપર હાસ્ય અને આનંદ પ્રેગટ થવાં જોઇએ. કપાળ ઉપર કરચલીઓ પડવી, મોટેથી ગુસ્સે થઈને ધાંટા પાડવા વિગેરે બાબતો બાળમંદિરના શિક્ષક માટે મોટો અવગુણજ છે. તેથી શિક્ષકે પ્રયત્નપૂર્વક આ ટેવો દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ. તથા પોતાના ક્રોધ ઉપર સંયમ રાખવો જોઈએ. કોઇ પણ વખત નકારાત્મક સૂચન ન કરવું પરંતુ શું કરવું અને કેવી રીતે કરવું એનું સૂચન કરવું. દા. ત. કોઈ બાળકને ગાવાની ઇચ્છા થઇ હોય અને વાર્તા ચાલતી હોય તો બહાર જઇને ગાઇ આવે એવું સૂચન કરવું. પણ ગીત ગાવાનું બંધ કરો એવું સૂચન ન કરવું.

(૨) બાળમંદિરના શિક્ષક પાસે કલાત્મક બાબતની આવશ્યકતા છે. દા. ત. સારૂં ગાતા આવડવું, અક્ષર સુંદર હોય, નૃત્ય તથા હાવભાવ કરતા આવડવું આ બાબતો બાળમંદિરના શિક્ષકોને ન આવડે તો એને માટે જુદા શિક્ષક રાખવા પડે છે અને ઘણીવાર એમનામાં બાળમંદિરની દષ્ટિ ન હોય તો તેમની પાસેથી કામ લેવામાં મુશ્કેલી પડે છે.

(૩) સ્વચ્છતા; વ્યવસ્થા તથા ટાપટીપ આ તરફ શિક્ષકે ખાસ ધ્યાન રાખવું જોઇએ. આ પોતાની બાબતમાં તથા બાળમંદિરના ઓરડાઓ, સાધન તથા ક્રિડાંગણ એ બાબતમાં આ દષ્ટિથી તેનું સુક્ષ્મ ધ્યાન રહેવું જોઇએ. સાધન ઉપર ધુળ ચોટી છે. ફૂલદાનીમાં વાસીફૂલો છે. ચિત્ર કરેલા પાટિયા લુછ્યા નથી ખરાબ થએલા સાધનો દુરસ્ત કર્યા નથી એવું ઘણીવાર દેખાઇ આવે છે, શિક્ષકનું આ બાબતમાં કામ ટાળવાપણું દેખાય છે. પરંતુ એ યોગ્ય નથી. કારણ વાતાવરણમાં સૌન્દર્ય તથા પ્રસન્નતા લાવવા માટે સૌથી પહેલા સ્વચ્છતા વ્યવસ્થા તથા ટાપટીપ હોવી જરૂરી છે.

(૪) આજ પ્રાથમિક શાળાના શિક્ષકની લાયકાત શાળાંત પરીક્ષા પસાર કરી હોય એ ગણાય છે. તથા એજ પ્રમાણે બાળમંદિરના શિક્ષકની લાયકાત પણ ગણાય છે. બાલમંદિરમાં તો ઓછું શિક્ષણ લીધેલાં ઘણા શિક્ષકો છે. તેમાંથી થોડાંક ખુબ સરસ કામ કરે છે. પરંતુ સર્વ સામાન્ય વિચાર કરવો હોય તો પદવીધર શિક્ષક જ બાળમંદિરમાં હોવા જોઇએ. કંઇ નહિ તો છેવટે મેટ્રીક પાસ થએલાં હોવા જોઇએ.

(૫) શક્ષણિક લાયકાત કરતાં પણ વધારે મહત્ત્વની વાત એટલે વ્યકિત શિક્ષક થવાને લાયક છે કે નહિ એની તપાસ થવી જોઇએ. હાલ કેટલીક સંસ્થા વિધવા, ત્યકતા અથવા આવીજ મુશ્કેલીમાં સપડાયેલી સ્ત્રીઓ બાલમંદિર ચલાવે એટલા માટે તેમને શિક્ષણ આપવામાં આવે છે. પરંતુ દુ:ખી મનની વ્યકિત શિક્ષક થવાને કેટલા સુધી લાયક છે એ જોવું જોઇએ. ઘણીવાર બાળકો જોડે કામ કરીને દુ:ખી મન પણ પ્રફૂલ્લિત બને છે, આ બધી બાબતો ધ્યાનમાં લઇને કંઇ નિર્ણય લેવો. એકવાર શક્ષણિક લાયકાત ઓછી હશે તો ચાલશે પરંતુ શિક્ષકને યોગ્ય તેવું વ્યકિતત્ત્વ હોવું જોઇએ.

(૬) બાળમંદિરમાં પુરૂષ શિક્ષક હોવા જોઇએ કે નહિ? આ પણ એક પ્રશ્ન છે. ખરી રીતે બાળકની આ વય દરમ્યાન સ્ત્રી શિક્ષક જ વધુ યોગ્ય કહેવાય. પરંતુ બધાંજ પુરૂષ શિક્ષકને બાળમંદિરમાં કામ કરવું ફાવતું જ નથી એમ નથી હોતું. કોઇ પુરૂષ શિક્ષકોને એ સારી રીતે ફાવે છે. પ્રયત્નથી કોઇપણ બાબતો આપણામાં લાવી શકીએ છીએ. ખાસ કરીને જ્યારે ફક્ત સ્ત્રીઓજ શિક્ષક તરીકે રાખીશું તો બાળમંદિરના વાતાવરણમાં એક પ્રકારનું બાયલાપણું આવે છે. ઘરે જે પ્રમાણે બાળકને માતા તથા પિતાનો સહવાસ મળે છે, અને તેને લીધે બન્ને તરફના સંસ્કારોનો લાભ બાળકને મળે છે, તેવીજ રીતે બાળમંદિરમાં પણ મળે એ ઇચ્છનીય છે તેમ છતાં પચાસ ટકા કરતાં વધારે શિક્ષિકાઓ હોવી જોઇએ.

બાળમંદિરના શિક્ષકનું ભાગ્ય

બાળમંદિરના શિક્ષકનું એક વિશેષ બાળતમાં અમૂલ્ય સ્થાન છે. બાળકના સહવાસમાં તેને મનને યોગ્ય એવો આનંદ મળે છે. બાળકના સહવાસમાં શિક્ષક પણ પ્રસન્ન તથા આનંદી રહે છે. જ્યારે બિલકુલ સ્વાર્થ વગર બાળકો શિક્ષકને ગળે વળગે છે ત્યારે તેના હૃદયના કોમળ તારો છેડાય છે અને એમાંથી મધુરાં ગીત નીકળે છે. આત્મિક વિકાસ માટે બાળમંદિરમાં ઉંચું સ્થાન છે. જીવનની મુશ્કેલીમાંથી કંટાળેલા જીવને અહીં આવીને ફરીથી નવજીવન માટે ઉત્સાહ મળે છે. આવું અહોભાગ્ય થોડેઘણે અંશે દરેક શિક્ષકનું હશે પરંતુ બાળમંદિરના શિક્ષકનું વિશેષ અહો ભાગ્ય ગણાય એ એણે સમજવું જોઇએ. એટલે એને બીજી અન્ય મુશ્કેલીનો સામનો કરતાં મુશ્કેલી પડશે નહિ.

— સ. આ. કેળકર.

સર્વત્ર મળે છે.

ટેલિફોન નં. ૬૦૬૧૦



ભારતના મુખ્ય વિક્રેતા :
પેનમેન્સ ઇન્ડસ્ટ્રીયલ સર્વિસીસ,
કાંદિવલી (મુ. ઉપનગર).
સ્થા. વિક્રેતા : ૧૦ શામશેટ સ્ટ્રીટ,
મુંબઇ ૨.

(પાના ૪ થી આગળ)

હતી. કાનાએ એ પાંદડાં ઉપર જ એક ચાદર બીછાવી અને અમે સૌ એના ઉપર બેઠા.

આસપાસ ગાયો ચરી રહી હતી. અને અમને આવેલા જોઇને એના ચરાવવાવાળા ગોવાળિયાઓ દૂરથી આવીને અમારી સામે હવાડાની પાળ ઉપર બેઠા.

એ લોકો એમની ગ્રામ્યરીતે આપસમાં મજાક ઉડાવી રહ્યા હતા. અને મને શંકા છે કે એ લોકો ધીરૂભાઇનું શરીર જોઇને કદાચ મજાક કરતા હોય.

કાનાએ બધા માટે ખાણાં તૈયાર કર્યા અને પોતાનો ભાગ લઇને એ થોડે દૂર જઇને બેઠો.

પણ પેલા ગોવાળો તો બરાબર અમારી સામેજ બેઠા હતા.

આ ધીરૂભાઇથી સહન ન થયું.

એણે કાનાને કહ્યું.

'કાના આ લોકોને કહે કે અહીંથી એ બધા ઉઠી જાય. અમે ખાતા હોઇએ ત્યારે એ સામે બેઠા ભોડાં તાણી તાણી જોયા કરે એ ન ચાલે. સાલ્લા ભૂખડી બારસ!'

કાનાએ સાંભળ્યું તેમ પેલા લોકોએ પણ સાંભળ્યું. અને એ લોકોનું હાસ્ય અલોપ થઇ ગયું. અને એટલે એ લોકો એકબીજાને ઉઠવાના ઇશારા કરવા લાગ્યા.

પણ એ જ વખતે જે પ્રસંગ બન્યો, તેણે આખો તખ્તો ફેરવી નાખ્યો:

એ પાદડાંની પથારી નીચે કંઇ સળવળાટ થયો. અને પેલા ગોવાળિયામાંથી એકનું ધ્યાન એ બાજુ ગયું.

એણે ત્યાંથી દોટ મૂકી અને હાથની લોકડી ઉંચો કરતો બોલ્યો:

'શેઠ, તમે કોઇ ઉઠતા નહી.'

ધીરૂભાઇએ ઉગામેલી લાકડી જોઇ અને એમને થયું કે એ લાકડી એમની સામે જ ઉગામાઇ છે. એ ઉભા થતા અને પાછા હઠતા બોલી ઉઠ્યા:

'કેમ એ ય! કેમ એ ય!'

પણ ત્યાં તો પાછળથી બીજા ગોવાળે એમને ધક્કો મારીને ચાદર ઉપર આગળ પાડી દીધા. અને એજ વખતે પહેલા ગોવાળિયાની ડાંગ બરાબર ધીરૂભાઇ જે બાજુ પાછળ હઠતા હતા ત્યાં ઉપરા ઉપર પડવા લાગી.

અમે બધા ઉભા થઇ ગયેલા. એ તો બધું પતી ગયું ત્યારે ખબર પડી!

લાકડી અટકી અને ગોવાળે નીચે નમીને પાંદડાં નીચે હાથ નાખ્યો અને એણે ચાર પાંચ ફૂટ લાંબો કાળો નાગ પૂંછડિયેથી પકડીને અમારી સામે ધર્યો.

ધીરૂભાઇ એની સામે જોઇ રહ્યા હતા. ત્યારે એમની આંખો બને એટલી બહાર આવી ગઇ હતી.

એ કાનાનો ટેકો લેતા બોલી ઉઠ્યા:

'ઓ કાના, આજ મોટી ઘાત ગઇ!'

'જી હાં, સાયબ, ભગવાન રખવાલા હે

પણ ધીરૂભાઇ કંઇ બોલ્યા નહી.

પેલા ગોવાળો તો નાગ લઇને ચાલવા લાગ્યા.

પણ ત્યાં મથુરભાઇ ન રહી શકયો:

'એ એલાઓ એમ ચાલ્યા કયાં? ઉભા રહો. હવે એમ ન જવાય. આજ તમે અમારા જીવ બચાવ્યા છે. આવો અહી આવો. અમારી સાથે રોટલા ખાવા બેસો.'

પણ પેલા લોકો ઉભા રહી ગયા, પણ પાસે ન આવ્યા.

પણ મથુરભાઇ જેવો દુલ્લો માણસ એમ જવા દે?

એ પોતેજ ઉભા થયા અને અમે સાથે લીધેલ નાસ્તામાંથી અર્ધોઅર્ધ એ લોકોને આપી દીધો.

એ લોકો રાજી થઇ ગયા અને હવાડા પાસે બેસીને અમારી તરફ વાંસો કરીને ખાવા લાગ્યા.

અમે પણ પછી બધા નાસ્તો કરવા લાગ્યા.

બધું પતાવીને અમે ત્યાં આરામ કરવા રોકાયા. ગોવાળિયાઓ પણ એ ગલ્લામાં જ ટોળે વળીને કંઇ ગમતા હતા.

ઉપડવા વખતે ફરી મથુરભાઇ એ ગોવાળો પાસે ગયા. એ લોકોનો આભાર માન્યો અને ખીસ્સામાંથી પાંચ રૂપિયાની નોટ કાઢીને નાગ મારનારના હાથમાં મૂકી.

ફરી અમારો પ્રવાસ શરૂ થયો.

હવે ધીરૂભાઇ મુંગા થઇ ગયા હતા.

પણ હવે તો મથુરભાઈની જીભ ખૂલી ગઇ હતી!

'ચલો ધીરુ, હવે કેમે મુંગો થઇ ગયો? હવે તારૂં ભાષણ ચલાવ ને!

કાનો પણ બોલી ઉઠ્યો.

'સાયબ, ચિત્તો ન મળ્યો. પણ કાળો નાગ મળ્યો!'

ધીરૂભાઇની ટંગડી હજુ કંઇ નીરાળી થાય!

'અરે ચિત્તો હોત તો તો હું પહોચી વળત!'

મથુરભાઇ કહે:

'ચલો હવે રહેવા દે; આજ રામકહાણી રહી ગઇ હોત. તું તો પડયો'તો એ ગોવાળિયાની પાછળ! બિચારા કેવા નરમ સ્વભાવના માણસ હતા! તેં ફીધું એટલે ચાલવા માંડ્યા. અને તું તો મેં ફાટયું બોલ્યા કરતો' તો. અને એ લોકોએજ આજ તારી જાન બચાવી!' એ વખતે એ લોકો ગુસ્સે થઇને જોઇ રહ્યા હોત તો? એમને ન થયું કે ભલે ને આ મોટો લોટ સાહેબ આજ તો મરતો! —એ એજ લાગનો છે!"

મારાથી ન રહેવાયું. હું બોલી ઉઠ્યો:

'હાં રે મહેન્દ્રભાઇ, આ તો જુઓ! એ લોકોને જરાકેય એમ ન લાગ્યું, જરાકે વિચાર ન આવ્યો કે પોતે શા માટે, આપણને બચાવવા પોતાના જાન જોખમમાં નાખે?'

મહેન્દ્રભાઇ બોલ્યા:

'સુમનભાઈ, આ તમારા 'સંસ્કારના વારસા'ની વાતોમાંની વાત છે! આ અજ્ઞાન પ્રજા આવી જ રીતે સંસ્કારાઇ છે. એને બાલ્યાવસ્થાથીજ આ





સંસ્કાર મળે છે કે એ પોતે નીચી જાત છે અને આપણે સફેદ કપડાંવાળા કોઈ મહાન છીએ!

'એટલે આપણે એમનું અપમાન કરીએ તો પણ એ એમને ખટકતું નથી.

'આમજ આપણે કહેવાતી ઉંચ વર્ણને એ લોકોને નીચ ગણવા, તેમને મારવા, અપમાન કરવું એવા સંસ્કાર મળ્યા છે. એટલે આપણને આ લોકોને ગાળો દેવામાં આંચકો લાગતો નથી.

'આમજ આપણે સમાજમાં જાતજાતનાં સંસ્કાર ચોકઠા બનાવીએ છીએ અને એમાં આખી જિંદગી કાઢી નાખીએ છીએ.

'યુગે યુગે જૂના ચોકઠાં તૂટે છે, નવાં બને છે.

'એમજ આ ચોકઠા ઉપર હવે દશે દિશાથી ઘા થવા શરૂ થઇ ગયા છે. એક મોટો પડશે અને આ ચોકઠું ભાંગીને ભૂકકો થઇ જશે અને ત્યારે આ અજ્ઞાન લોકો બોલી ઊઠશે કે આ મહાન્ નથી. એ આપણું લોહી ચૂસનાર જળો છે.

'અને પછી એ તમારા ઉપર બહારથી લાવીને નાગ છોડશે.

'પરિણામ એ આવશે કે અત્યારે એમનામાં (ભલે અજ્ઞાનજન્ય પણ) ભલાઈ છે તે નાશ પામશે. અને વેર અને સ્વાર્થના વાઘા પહેરીને પોતાને ધણા સમજુ ગણાવતા એ ફરતા થશે.'

મથુરભાઇ કહે:

'મહેન્દ્રભાઇ, મને તો એ જ નથી સમજાતું કે માણસ માણસાઇ બોઇને કેમ સુખી થઇ શકે? ભલાઈના બદલામાં માણસને રોટલો મળે એ કેવી રીતે સારૂં કહેવાય? માણસ પશુ નથી કે એ માત્ર રોટલાથીજ સંતોષાય. એને તો રોટલાથી વિશેષ હૃદયની હુંફ જોઇએ. એ વગર માનવ સમાજ ટકે જ શી રીતે?

મહેન્દ્રભાઇએ હકોરમાં માથું હલાવ્યું અને પછી તો બધા મુંગા મુંગા પંથ કાપવા લાગ્યા.

અને એમજ અમે ઘરે પહોંચ્યા.

— ઓ–જ–સ

પેટના દર્દો માટે
'સન કુદીના'
માથાના દર્દો માટે
સન પેન બામ
વાપરો

શિક્ષણ સાહિત્ય

બાલમંદિરો માટે સાધનો, નકશાઓ, ચિત્રપટો, કરસતના સાધનો, બાલસાહિત્ય અને અન્ય ઉપયોગી સાધનો માટે સૂચિપત્ર મંગાવો.

લખો:

નૂતન શિક્ષણ–સાધનાલય એંડ આર્ટ વર્કર્સ લિ૰,

સીનેમા રોડ, સુરેન્દ્રનગર, (સૌરાષ્ટ્ર.)

ધૈર્ય રાખો : ઉપાયો યોજો

પ્રશ્ન:– આદિવાસીઓના બાળકો બાલવાડીમાં આવે છે. પરંતુ બહારજ રમ્યા કરે છે અથવા તો ભાગી જાય છે. તેઓને લાકડા ફાડવા, ભારા બાંધવા વિગેરે આવું કામ વિશેષ ગમે છે તો શું કરવું?

જવાબ:– આ બાળકો બહારજ રખડયા કરે એ બૂબજ સ્વાભાવિક છે. આખો દિવસ એમને ખુલ્લા જંગલોમાં ભટકવાની ટેવ હોય છે. ઉપર ભૂરૂં આકાશ અને નીચે સપાટ જમીન. તેમને જમવા પૂરતી અને રાત્રે સૂવા પૂરતીજ ચાર દિવાલની જરૂર પડીની જરૂર હોય છે. વળી ઉનાળાના દિવસોમાં તો તેનો તેટલો પણ ઉપયોગ થતો નથી. તો પછી આ બાલકોને બાલવાડીની ચાર દિવાલની અંદર બેસીને કામ કરવું એ તો બૂબજ કઠીનજ લાગે ને! તેને અંદર તો ગુંગળામણજ થાય એટલે બહાર ભાગી જાય છે.

તેવોજ તેને ગમો અણગમોનો વ્યવસાય છે. બાળકોને પોતાની આસપાસના વાતાવરણમાં જેવું જોવાં મળે તેવુંજ કરવાનું મન થાય છે. અમારા ગામમા એક વખત એક પ્રાથમિક શાળામાં પરીક્ષા હતી. તે સમયે અમારા પડોશીનો કે પછી તેમને ઘરે આવેલ મહેમાન છોકરો કોઇ પરીક્ષા આપવાનો હતો. તેની વાતો, વહેલા જમવાની ધમાલ, નંબર જોવાની ધાંધલ વગેરે પ્રકારનું વાતાવરણ હતું. તે સમયે અમારા બાલમંદિરમાં બાળકો અંદર અંદર ગપ્પાં મારતાં હતા. મારે પરીક્ષા આપવાની છે. મારો નંબર ચાર છે. વગેરે એટલે જેવું વાતાવરણ તેની આજુબાજુ હતું તેજ વાતો તેના મનમાં રમતી હતી. ઉચ્ચ વર્ણના બાળકો ત્રણ સાડાત્રણ વર્ષના થાય ત્યાં તો માબાપો પાસેથી પાટી પેન માગીને લઇ આવે છે. જ્યારે ખેડૂતોના બાળકો જમીન ખેડવાની, કૂવા ખોદવાની વિગેરે રમતો રમે છે. વળી ઝાડુ બનાવનારના નાના બાળકો શીંદરીના રેષાના દોરડાં વણવાની રમતો રમે છે. આપણું મન શાહી ચૂસ કાગળ જેવું છે. આજુબાજુમા જે કંઇ બની રહ્યુ હોય તે સર્વને શોષીને મનમાં સાચવી રાખવા સતત પ્રયત્ન ચાલુજ હોય છે.

આ દૃષ્ટિને ધ્યાનમાં લઈને વિચારીએ તો આદિવાસીના બાળકોને કેવું વાતાવરણ મળે છે? ઘરમાં બે ચાર હાંડલા જેમ તેમ પડેલા હોય છે. એક બીજાના ફાટલા તૂટેલા ચિંથરા પહેરવા માટે અને જમવા માટે રાબ બનાવીને એકાદ થાળીમાં બધા ભેગા મળીને ખાતા હોય છે.

આવી પરિસ્થિતિમાં ઘરનું સમૃદ્ધ વાતાવરણ મળવાની શકયતા કયાં રહી? માબાપનેજ વાર્તા એટલે શું; રમત એટલે શું વિગેરેની કલ્પનાજ હોતી નથી. તેવા માતાપિતા બાળકોને પોતાના સહવાસમાં રાખીને કયા સંસ્કાર આપી શકે? નાટક સીનેમા, રેડિયો, વાહનો, દુકાનો વગેરેનો ગડબડાટ, ઝગમગાટ, વિગેરે પ્રકારનું વાતાવરણ તેમને જોવા મળતું જ નથી. તેમને તો દૂર દૂર જંગલમાં રખડવું ગમે છે. તેમને તો ઊંચા ઊંચા ઝાડ પર ચઢવું ઘટાદાર ઝાડીઓમાં ભટકવું, મંદ મંદ પવન વાતો હોય, પાંદડાનો સળવળાટ, પક્ષીઓના કલરવ; જનવરોના જાત જાતના અવાજો, સાપના ફૂંફાડા અને હિંસક પશુઓની ગર્જના, એજ એમનું વાતાવરણ અને એજ એમનું જગત.

ગાય વાછરડાને પાળવા, પક્ષીઓની નકલ કરવી, ઝાડની ડાળીએ હીંચકા ખાવા, પકડ દાવ રમવું, અને બોર કરમદા ખજૂર વગેરે જે મળે તે ખાવું એજ તેઓનો જંગલોનો ઉદ્યોગ હોય છે, દુનિયામાં અહીં તહીં કંઇ પણ ઉથલપાથલ થઇ જાય તો પણ તેની તેને કંઇજ ખબર હોતી નથી. આવી પરિસ્થિતિને લીધે વાતાવરણમાંથી મળનારા સંસ્કારો દ્વારા જે સંસ્કારી જીવન બનવું જોઈએ તે બની શકતું નથી. તેઓને આજુબાજુનું નિરીક્ષણ કરવું, શીખવું. ધ્યાનમાં લેવું. વગેરેનો તેમને ખ્યાલ આવતોજ નથી, એ રીતે તેમના મનના દ્વાર બંધજ હોય છે.

હવે આપણે શું કરવું? આજ બધી પ્રવૃત્તિ બાલમંદિરમાં રાખવી કે કેમ? અને ફકત તેટલીજ પ્રવૃત્તિ રાખવી?

[અપૂર્ણ]

સંપાદકીય

રાષ્ટ્રિય બાલકલ્યાણ પરિષદ

ભારતીય બાલવિકાસ સમિતિ તરફથી મે ૧૯૫૬ના ૯ થી ૧૨ રોજના દિલ્હીમાં રાષ્ટ્રિય બાલકલ્યાણ પરિષદ ભરાવાની છે. આ પરિષદની આમંત્રક સંસ્થા નવીન હોવા છતાં તેના અધ્યક્ષપદે ભારત સરકારના આરોગ્ય મંત્રી માનનીય રાજકુમારી અમૃતકોર છે. અને શ્રીમતિ ઇન્દિરા ગાંધી આ સંસ્થાના ઉપપ્રમુખ છે. આ સંસ્થા અખિલ ભારતીય સ્વરૂપની હોવાથી, જીનીવાની 'બાલકલ્યાણ આંતરરાષ્ટ્રિય સંઘ' નામની સંસ્થા સાથે જોડાયેલી છે. ભારતના વિવિધ પ્રદેશોમાં આ સંસ્થાની પ્રાદેશિક શાખા હોવાથી તેના કાર્યનું ક્ષેત્ર મોટા પ્રમાણમાં વધતું જાય છે. આ પ્રકારની અખિલ ભારતીય સંસ્થાએ આ પ્રકારની પરિષદની યોજના કરી તે ઘણુંજ આવકારદાયક છે.

પહેલી પંચવાર્ષિક યોજનામાં બાલકલ્યાણ વિષયક કાર્ય સરકારની પ્રેરણાથી શરૂ થયું. આ કાર્યની શરૂઆતમાં આ ક્ષેત્રમાં કઈ કઇ સંસ્થા છે, અને તેનું કાર્ય કયા પ્રકારે ચાલે છે, તેઓનો આગળનો (ભવિષ્યનો) પ્રશ્ન શું છે તે સમજવાની દૃષ્ટિએ ભગીરથ પ્રયત્નો કરવામાં આવ્યા છે. બીજી પંચવાર્ષિક યોજનાની શરૂઆતમાં જરા આગળ વધીને ભારતની ભિન્ન ભિન્ન બાલકલ્યાણ સંસ્થાઓને એકત્ર કરીને તેઓનો પરસ્પર સહકાર અને વિચાર-વિનિમય થાય તે દૃષ્ટિથી બાલકલ્યાણ પરિષદની આયોજના કરવામાં આવી છે.

'બાલકલ્યાણની નવી સીમા' તે આ પરિષદનો મુખ્ય વિષય છે. આ વિષયની વિવિધ બાજુનો અભ્યાસ થાય તે માટે પરિષદના નીચે પ્રમાણે ચાર વિભાગ કરવામાં આવ્યા છે.

(૧) સાધારણ બાળકો માટે સામાજિક ઉપક્રમ (Community Sevices for the Normal Child) (૨) સવ્યંગ બાળકો માટે સામા જિક ઉપક્રમ (Community Services for the handicapped child) (૩) વાલીઓના બાલસંગોપનને સંગઠન કરનારા ઉપક્રમો. (૪) બાલકલ્યાણ ઉપક્રમોનું સંયોજન અને શાસન (વહીવટ) (organisation and administration of child welfare services) આ ચાર વિભાગમાં જુદા જુદા નાના નાના વિષયો મૂકીને તે પ્રત્યેક વિષય સંબંધે રસ હોય તેવાઓની ચર્ચાની સગવડ માટે જુદા જુદા ગ્રુપ બનાવવામાં આવ્યા છે. તે ગ્રુપ નીચે પ્રમાણે છે.

પહેલો વિભાગ : ૧ લો ગ્રુપ શરૂઆતનું શિક્ષણ (Early Education.) બીજો ગ્રુપ :– આરોગ્ય અને પોષણ. ત્રીજો ગ્રુપ :–મનોરંજન અને સાંસ્કૃતિક ઉપક્રમ. ચોથો ગ્રુપ :–બાલમાનસોપચાર.

બીજો વિભાગ :– (૧) શારીરિક અને માનસિક દૃષ્ટિએ સવ્યંગ બાળકો. (૨) બાલ ગુન્હેગાર. (૩) બીજા સામાજિક મુશ્કેલી ભોગવતાં બાળકો, બાળ ભિખારીઓ, ક્રૂરતાના ભોગ બનેલા બાળકો, અનાથ બાળકો, ત્યકત બાળકો, દુર્લક્ષિત બાળકો.

ત્રીજો વિભાગ :– વાલીઓના બાળસંગોપન ચળવળોને વેગ અને સંગઠિત બનાવનાર ઉપક્રમ.

ચોથો વિભાગ :–બાલકલ્યાણ અંગેનું ધોરણ, કાયદા કાનૂન, શાસન, આર્થિક વ્યવસ્થા, સહકાર, સરકારી અને સાર્વજનિક સંસ્થાઓમાં જવાબદારીની વહેંચણી.

આ પરિષદ કુલ ચાર દિવસ ચાલવાની છે. અને તેનું ઉદ્‌ઘાટન પંતપ્રધાન શ્રી જવાહરલાલ નેહરુના હસ્તે થવાનું છે. તેની સાથે બાળસાહિત્યના પ્રદર્શનની પણ યોજના કરવામાં આવી છે. આ પરિષદમાં ભારતીય બાલવિકાસ સમિતિની પ્રાદેશિક શાખા, સમાજકલ્યાણ કાર્યોને સંબંધિત હોવા ભારત સરકારના ખાતાંઓ, પ્રાદેશિક રાજ્યોના સમાજ કલ્યાણ ખાતાઓ, સેંટ્રલ સોશીઅલ વેલ્ફર-અર બોર્ડ, બાલકલ્યાણ ચળવળમાં પ્રત્યક્ષ અથવા અપ્રત્યક્ષ રીતે સંબંધિત એવી રાષ્ટ્રિય સંસ્થાઓ, જુદી જુદી પ્રાદેશિક કલ્યાણકારી સંસ્થા અને જે સ્થાનિક સસ્થા બાલકલ્યાણના કાર્યોના વિશિષ્ટ ક્ષેત્રમાં પ્રારંભિક અને મહત્વનું કાર્ય કરે

છે તેવી સંસ્થાઓનો સહકાર મળે તે માટે પ્રયત્ન કરવામાં આવશે.

આ પરિષદની યોજના જોતાં ભારતીય બાળક અને ભારતની બાલકલ્યાણ ચળવળોનો મૂલગ્રાહી અભ્યાસ આ પરિષદમાં થશે તેમ જણાય છે. આ પરિષદનો નિર્ણય દેશમાંની સરકારી બિનસરકારી અને સાર્વજનિક સંસ્થાને માર્ગદર્શકરૂપ થાય, અને બાલકલ્યાણ ચળવળ સુસંગઠિત થઈને બાળકોને તેઓ તરફથી ઉત્તમ સેવા મળે તેવી શુભેચ્છા પ્રકટ કરીને પરિષદના યોજકોને માનપૂર્વક અભિનંદન આપીએ.

મહાનગરપાલિકાને અભિનંદન!

પૂનાની મહાનગરપાલિકાએ પેશવા ઉદ્યાનમાં બાળકોના આનંદવિહાર માટે 'ફુલરાણી'ની યોજના કરી તે સમાચાર વાંચીને આનંદ થયો છે. પૂના નગરપાલિકાએ બાલપ્રશ્ન પ્રત્યે સારું લક્ષ્ય આપ્યું છે. જ્યારે દરેક મહાનગરપાલિકા નિશ્ચિતપણે એમ કહે છે કે "બાલશિક્ષણ એ અમારા ક્ષેત્રમાં આવતું નથી, ફક્ત પ્રાથમિક શિક્ષણ જ અમારું ક્ષેત્ર છે." તેવે વખતે પૂના મહાનગરપાલિકાએ યોજના તેમજ પૂર્ણ વિચારપૂર્વક પૂનામાં બાલમંદિર ખોલ્યું. વળી ફી વિના ચાલતું હોવાથી બીજા સારા બાળમંદિરોમાં જેઓને પ્રવેશ મળવો અશક્ય હોય તેઓને સારી સગવડ મળે. આ સિવાય સંભાજી ઉદ્યાન, માતા જીજીબાઇ ઉદ્યાન, વગેરે અનેક ઠેકાણે નાના બાળકો માટે ક્રિડાંગણની ઉત્તમ સગવડ કરવામાં આવી છે અને એથીય આગળ જઈને બાળકો માટે આ નાની આગગાડીમાં આનંદવિહારની સગવડ કરી આપી છે. આ એક પછી એક ઉદાહરણો ઉપરથી આ મહાનગરપાલિકાનું લક્ષ્ય તેના બાળકોના વિકાસ તરફ ગયું છે તે સ્પષ્ટ દેખાય છે. તે બદલ અમે પૂના મહાનગરપાલિકાને અંતઃકરણપૂર્વક અભિનંદન આપીએ છીએ.

બાળવિકાસની દૃષ્ટિ:—આપણા દેશમાં તેમજ સમાજમાં અનેક ઉપેક્ષિત અને દુર્લક્ષિત બાબતો છે. અને તેમાં 'આપણા બાળકો' પણ છે. તેમાં બાલકલ્યાણ—એટલે કે તેઓની અર્ભકાવસ્થા દરમ્યાન તેમની ઉપાસના અને ખોરાક બાબત થોડું ઘણું લક્ષ્ય કેટલાંક લોકોએ આપ્યું છે. બાકી ત્રણ વર્ષથી દસ વર્ષના બાળકના શરીર અને મનોવિકાસ તરફ બહુ જ થોડું લક્ષ્ય સરકાર, સ્થાનિક સંસ્થા, તેમજ બાનગી સંસ્થાઓએ આપ્યું છે. આજકાલ માત્ર મોટાં શહેરોમાં બાળમંદિરોનો પ્રવાહ વધ્યો લાગે છે. પણ તે બાળકોને હિતકારક જ છે તેવું કહી શકાય નહિ. કારણ તેઓ ઉપર બાસ કોઈનું નિયંત્રણ કે માર્ગદર્શન નથી. મહાનગર-પાલિકા જો બાલકલ્યાણ તરફ—તેઓના શારીરિક તેમજ માનસિક વિકાસની દૃષ્ટિએ લક્ષ્ય આપવા લાગે તો જ આ સંસ્થાઓને યોગ્ય વલણ મળે અને બાળકોની મશ્કરી કરવા સરખું બાળમંદિરોનું આજનું વ્યાપારી સ્વરૂપ ખાત્રીપૂર્વક બદલાય. આવી પરિસ્થિતિ જલ્દીથી આવે. મહાનગરપાલિકાની દૃષ્ટિ એક રીતે બાળકો તરફ વળી છે. એટલે બાળ-વિકાસમાં હાનિકારક બાબતો તેની દૃષ્ટિમાં આવશે

બાલ અધ્યાપન શિક્ષણ ક્રમ

સરકારી પ્રમાણ પત્ર અને નૂતન બાલશિક્ષણ સંઘ માન્યબાલ અધ્યા-પન મંદિરમાં, (ગુજરાતી અને મરાઠી માધ્યમ) મેટ્રીક, નોનમેટ્રીક તેમજ વ. ફા. પાસને પ્રવેશ મળી શકશે. ઓફીસના સમય દરમ્યાન રૂબરૂ મળો અગર બે આનાનો સ્ટેંપ બીડી લખો:—

પ્રિન્સિપાલ,

શિશુ વિહાર બાલ અધ્યાપન મંદિર,

૧૧૮, હિંદુ કોલની, દાદર,

મુંબઇ ૧૪

અને તેનો યોગ્ય ઉપાય કરવાની જરૂર તેના લક્ષ્યમાં આવશે એવી આશા રાખી શકાય.

વિકાસપોષક રમકડાં:—આજ વખતે 'ફુલ-રાણી' જેવા મનોરંજક સાધનો વિષે એક બે વિચાર મૂકવા અસ્થાને નહિ ગણાય. બાળકોના રમતના સાધનો બાળકોના શારીરિક તેમજ માનસિક વિકાસને પોષક એવા હોવાં જોઇએ. "બાળકોને ખૂબ મજા આવે છે," "બાળકો તેને છોડતાં જ નથી," "શું બાળકોને મજા આવે છે!" આવા ઉદ્‌ગારો ઘણી વખત મોટેરાંઓના મોઢામાંથી નીકળતાં હોય છે. તેની પાછળ એવોજ અર્થ અભિપ્રેત હોય છે કે બાળકોને જેમાં મજા આવે, આનંદ આવે, હાથમાંથી છોડવા જ ન ગમે તેવાજ રમકડા તેમના વિકાસને પોષક હોય છે પરંતુ આ સિદ્ધાંત સર્વાંશે ખરો નથી.

બાળકોને શું કે મોટેરાંઓને શું? જેમ શારીરિક દ્રષ્ટિએ હિતાવહ કે પોષક ખોરાક ઘણી વખત તેટલો રુચિકર લાગતો નથી. અને રુચિકર લાગે તે ઘણી વખત અહિતકારી હોય છે તેવું જ આવા રમવાના સાધનો તેમજ બીજા સાધનોની બાબતમાં બને છે. જેમ ચાવી દીધેલી મોટર ચાલે કે થોડીવાર જોવાની મજા આવે છે. પરંતુ જેમાં હાથ, કાન, આંખ, અને ઇન્દ્રિયોને વ્યાપાર મળે-તુલના કરીને સૂક્ષ્મ ફરક જોવા મળે તેથી બૌદ્ધિક વ્યાપાર ખીલે, એવાં રમકડાં પ્રથમ ભલે રમવા માટે આકર્ષક ન લાગે પરતુ તેમાં રહેલો રસ લાંબો સમય ટકે છે. તેવીજ સ્થિતિ આ મોટા રમકડાની છે. સાયકલ અથવા મોટર, આગગાડી વિગેરે બાળકોના રમવાના સાધનો છે. તેમાં બેસીને ફરવા મળે તો થોડો સમય આનંદ મળે છે. પણ શરીર વિકાસ અથવા બુદ્ધિવિકાસની દ્રષ્ટિથી તેમાંથી કંઈજ મળતું નથી. તેના કરતાં એવા સાધનો થોડી વધારે કિંમત આપીને રાખ્યાં હોય કે જેના બધાજ ભાગો છુટ્ટા થઈ શકે. દા. ત. મીકેનો કે જેમાં સુતારી ઓજાર વાપરીને ભેગાં કરી શકાય. તેવી ચીજને વધારે યોગ્ય બને છે. સાદી બળદગાડી જેવું બને તેવા નાના નાના છુટ્ટા ભાગ રાખ્યા હોય અને પછી તે ગાડીમાં બાળકે જ બળદ બનીને ખેંચવાનું હોય તેવી સગવડ હોય તો તે શરીર તેમજ મનને વધારે પોષક અને વિકાસક બને છે. મોટાં બાળકો માટે વરાળ, વીજળી, વિગેરેનો ઉપયોગ કરીને ચલાવી શકાય તેવાં સાધનો રાખી શકાય. મેકેનિકસનો નિયમ, પદાર્થ વિજ્ઞાન તેમજ રસાયણશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર વગેરે અનેક શાસ્ત્રોની મદદથી રમી શકાય તેવા તેવા રમકડા રાખી શકાય. તો પણ ગામડાના બાળકોને ફકત આનંદવિહારનો આનંદ મેળવી આપવાથી તેનો વિકાસ પોષાવાનો નથી એ યોજકોના લક્ષ્યમાં હશેજ.

(અનુસંધાન પાના ૨૪ પર જુઓ)

ભારતમાં જ બનતી સ્વદેશી બનાવટોને જ ઉત્તેજન આપો.



"ઉઠશો ? ઉઠશો ?" : "આવજો, આવજો."

એક હતો પટેલ.

એને એક દીકરો હતો ને દીકરાની વહુ હતી. વહુ બહુ ડાહી અને શાણી હતી. સારા ભાવતરની છોરુ હતી. ધર્મધ્યાનમાં એનું મન વધારે હતું.

પણ સાસરામાં ઝાઝી ભેડ એટલે કોઇ ધર્મધ્યાનમાં કાંઇ જાણે નહિ. પટેલ ઘરડા થયેલા પણ પ્રભુનું નામ લેવામાં સમજતા નહિ.

એક વાર વહુ કૂવે પાણી ભરવા ગઇ. કૂવે એણે પોતાના પિયરના ગામના બ્રાહ્મણને જોયો. તેણે કહ્યું :

"અહો, મહારાજ ! તમે અહીં કયાંથી ?" બ્રાહ્મણ કહે: "જુઓને બહેન, હવે તો ચોમાસું બેસશે એટલે ગામડાંમાં ફરવા જઉં છું. કોઇ કથા કરાવે તો વળી પાંચ પૈસા મળે."

બાઇ કહે: "ત્યારે તો મહારાજ, અહીં જ કથા વાંચોને ! કૂલ નહિ ને કૂલની પાંખડી જે મળશે તે હું તમને આપીશ. તમારે ચોરે કથા વાંચવી."

"ભલે બા." એમ કહી બ્રાહ્મણ ગામમાં ગયો ને બાઇએ ઘેર આવી સસરાને કહ્યું "દાદાજી, ગામમાં એક બ્રાહ્મણ આવ્યો છે, તે રોજ ચોરે કથા વાંચશે. તમે રોજ સાંભળવા જજો."

પટેલ કહે: "વહુ બેટા, હું તો કથામાં કાંઇ સમજું નહિ, પણ તમે કહો છો તો જઇશ."

પટેલ રોજ કથા સાંભળવા જાય, વહુ રોજ રાતે પૂછે: "દાદાજી, આજ શું સાંભળ્યું ?"

પટેલ કહે 'દીકરા, મને કાંઇ સાંભરતું નથી."

વહુ કહે "દાદાજી, વધારે નહિ પણ તમારે એક વેણ હમેશાં યાદ રાખવું."

બીજે દિ' પટેલ કથામાં ગયા. પોંતે રહ્યા પટેલ એટલે બધાં માનપાન આપે ને પટેલ આવે ત્યારે કહે; "આવો આવો," "બેસો બેસો." પટેલ ઊઠે ત્યારે વળી બધાં કહે: "ઊઠશો, ઊઠશો ?" "આવજો, આવજો !"

પટેલે આજે આ બધું યાદ રાખી લીધું.

પટેલ ઘેર આવ્યા. રાતે વહુએ પૂછ્યું: "કાં દાદાજી, આજે શું સાંભળ્યું ? કાંઇ યાદ રહ્યું કે?"

પટેલ કહે: " હા, બેટા; આજ ઘણું યાદ રાખ્યું છે. ને તમને કહેવા માટે કથામાંથી આવ્યો છું ત્યારનો ગોખ્યા જ કરું છું."

" એટલું બધું શું યાદ રાખ્યું, દાદાજી ?"

પટેલ કહે: "આવો, આવો," "બેસો બેસો"

"ઊઠશો ? ઊઠશો ?" "આવજો, આવજો !"

વહુ સમજી ગઇ કે દાદાજીએ કથામાંથી કાંઇ યાદ રાખ્યું નથી.

વહુ એને કામે લાગી. દાદાજી તો એકતાર થઇ ગોખ્યા જ કરે છે : 'આવો, આવો' 'બેસો, બેસો' ઊઠશો ? ઊઠશો ?' 'આવજો, આવજો !'

મધરાતે પટેલને ઘેર ચોર ખાતર પાડવા આવ્યા. પાછલી પછીતે ખાતર પાડયું. ત્યાં તો પટેલ બોલ્યા : 'આવો, આવો !'

ચોર તો ગભરાયા. કહે : "માળું, પટેલ તો હજી જાગતા લાગે છે." ત્યાં તો પટેલ બોલ્યા : બેસો, બેસો' એટલે ચોરે જાણ્યું કે પટેલ આપણને જ કહે છે : "એલા ભાગો નહિતર પકડાઇ જઇશું."

ચોર તો જાય નાઠા. પટેલ કહે : 'ઊઠશો ? ઊઠશો ? 'આવજો આવજો.'

મોટે મળસ્કે વહુ દળવા ઊઠી. પટેલના ઓરડા પાસેથી નીકળી, —જુએ તો દાદાજી તો કથામાંથી સાંભળેલું ગોખવામાં એકતાર થઇ ગયા છે. પછીતે ખાતર પાડેલું દીઠું પણ કાંઇ ચોરાયું લાગતું નથી.

વહુ કહે : "દાદાજી, ચોર આવ્યા'તા ? પછીતે ખાતર કોણે પાડયું ? આ તમે "આવો આવો" "બેસો બેસો" એમ બોલો છો એટલે નાસી ગયા લાગે છે."

દાદાજી કહે : "મને તો ખબરેય નથી. મેં તો કોઇને 'આવો, આવો' કહ્યું નથી. હું તો મારે કથામાંથી સાંભળેલું ગોખ્યા કરું છું."

ત્યારથી પટેલ ધ્યાન દઇને કથા સાંભળવા લાગ્યા.

ઝાંઘીબેન.



'બાપુને ગમે'

રે.....આપણે બાપુના બાળકો;
ચાલોને બાપુને ગમતું કરીએ...
આપણે નિત નિત સાચું બોલીએ;
બાપુને સાચું બોલવું ગમે.

આપણે માંદાની ચાકરી કરીએ;
બાપુને માંદાની ચાકરી ગમે.

આપણે રોજ રોજ રેંટિયો કાંતીએ;
બાપુને રેંટિયો કાંતવો ગમે.

આપણે રોજ હરીં રામ નામ લઇએ
બાપુને રામ નામ ખૂબ જ ગમે.

વ. દેસાઈ

☆

જોડકણું

ગાય

ગાય રે ગાય
કાળી ધોળી ગાય
પીએ પાણીને
ચરવા જાય.....ગાયરે
પગ એના ચાર
આંચળ ચાર
આપે છે એ તો
દૂધ અપાર....ગાયરે.
મીઠું મીઠું દૂધ
નાચી કૂદી ખૂબ
પીઉં છું હું તો
ખૂબ ખૂબ ખૂબ.
ગાયરે....ગાય.

માધવલાલ દ્વિવેદી

આવરે ગાવડી, આવ!

આવ ગાવડી, કપિલા આવ,
ચારો ખાવા જલદી આવ!

લીલું લીલું ઘાસ,
ખોળ આણ્યું ખાસ.

પેટ ભરીને તું ખાજે,
દૂધ આળુડાંને દેજે. (૧)

સાંજ થઈ અંધારી રાત,
વાછરડાં દેખે છે વાટ!

જલ્દી જલ્દી આવ,
દોડી દોડી આવ!

પેટ ભરીને ધાવીને દૂધ;
આંખ ભરીને લેશે નીંદ (૨).

કાળી કાળી તું કપિલા
દૂધ ઊજળી ચંદ્રકળા

મીઠું ને રૂપાળુ
બધાંને છે વ્હાલું!

ધાર નીકળે છે ઝર્ ઝર્
ભરાય હાંડો સર્ સર્ (૩)

માતા તું છે દુનિયાની
દેવી નાનાં મોટાની

વાછડો આ તારો
થઈને બળદ સારો

કરાવશે ખેતીવાડી;
જીવાડશે દુનિયા સારી (૪)

બાળ તને બોલાવે છે
તારું દૂધ જ માગે છે

આવીને તું વે'લી
ભરજે દૂધ કટોરી (૫)

ગો. રા. કુલકર્ણી

વીર વનરાજ

રૂપેરી નદીના કાંઠા પર પંચાસર નામનું ગામ છે. ત્યાં ચાવડાવંશનું નાનું રાજ્ય હતું. ત્યાંનો રાજા જયશિખરી બડો પરાક્રમી. આરબોએ પંચાસુર પર હલ્લો કર્યો. શુરો જયશિખરી શત્રુના જબરા લશ્કર સામે લડતા મરાયો. મરતાં પહેલાં એણે પોતાની રાણી રૂપસુંદરીને તેના ભાઈ સુરપાળ સાથે જંગલમાં મોકલી દીધી. જંગલમાં રૂપસુંદરીએ એક બાળકને જન્મ આપ્યો. વનમાં જન્મ્યો હોવાથી આ બાળકનું નામ વનરાજ પાડયું.

વનમાં રૂપસુંદરીને તથા વનરાજને ઘણાં દુઃખો વેઠવાં પડતાં. પરંતુ તેના મામા સુરપાળ તથા શિલગુણસૂરિ નામના સાધુ તેઓને મદદ કરતા.

એકવાર એક વેપારી જંગલમાં થઇ જતો હતો. વનરાજે એને પડકાર્યો. વનરાજના સાથીઓ સમજ્યા કે વેપારી એટલે તો પોચો જ હોયને ! એમણે પેલા વેપારીને કહ્યું; 'તારી પાસે જે કાંઇ હોય તે અમને આપી દે.' પણ વેપારી તો ભારે નીકળ્યો. વેપારી પાસે ધનુષબાણ. એણે એ કાઢયું. વનરાજના માણસો તો મનમાં હસવા માંડયા. વેપારીએ કહ્યું; 'લો હું તમને એકએક બાણ આપું છું. જુઓ બીજાં ફેંકી દઉં છું. તમારી તાકાત હોય તો મારી સામે આવો.' વનરાજે માણસની હિમ્મતને પારખી. સામે એક ઝાડ હતું, ઝાડ પરના ફળના નીશાનને તાકવાનું કહ્યું. વેપારીએ તો નિશાન આબાદ તાકયું. વનરાજ એને ભેટી પડયો. વેપારીએ ગુજરાતના રાજાના પુત્રને પારખ્યો. બન્ને મિત્રો બન્યા. આ વેપારી તે ચાંપો.

વનરાજ ધીમે ધીમે મોટો થયો. પિતાનું રાજ્ય પાછું મેળવવા એણે પ્રયત્ન કરવા માંડયા. પણ એ કામ કોઈ સહેલું નહોતું. એની પાસે નહીં હતા પૈસા. આથી વનરાજે ધાડ પાડવી શરૂ કરી. એક ભરવાડ પણ આ ટોળીમાં ભળ્યો. આમ ચાર થયા. વનરાજ, સુરપાળ, અણહીલ ભરવાડ અને ચાંપો.

એક દિવસ એક વાણિયાને ત્યાં ધાડ પાડતાં ઘીના ઘાડવામાં વનરાજે હાથ નાખ્યો. આખાયે પંજાનો આકાર ઘીના ઘાડવામાં પડયો. સવારે ઊઠી વાણિયાની દીકરી શ્રીદેવીએ આ જોયું. હાથની રેખાઓ જોતાં ખાતરી થઇ કે આ કોઈ રાજકુમાર છે. શ્રીદેવી આ હાથના માલિકને મળી. ત્યારથી બેઉ ભાઇ બેન બન્યાં.

વનરાજે પોતાની વીરતાથી ધન મેળું કર્યું. લશ્કર જમાવ્યું. બાપદાદાનું રાજ્ય પાછું મેળવ્યું. પંચાસર તો પડી ભાંગ્યું હતું. નવી રાજધાની અણહિલપુર થઇ. રાજગાદીએ વનરાજ બેઠો ને બેન શ્રીદેવીને હાથે રાજ તિલક થયું.

—કુસુમબેન શાહ



એકચ્યુઅરીના અભિપ્રાય

"વેલ્યુએશનનું પરિણામ શ્રેષ્ઠ છે (નફો રૂા. ૬૬,૪૮,૬૯૮) કંપનીના અનામત ભંડોળની સધ્ધરતા કાયમ રાખીને પણ બોનસના દરો ઘણા ઉંચા જાહેર કરવાનું શકય બન્યું છે એ ઘણું સંતોષકારક કહેવાય. નફામાં પોલીસી હોલ્ડરને માટે રૂા. ૧૦,૭૭,૮૭૨ અનામત રાખવામાં આવ્યા છે તેથી ભવિષ્યમાં પણ આનાથી-યે વધુ સારા બોનસના દરો જાહેર કરવાને શકિતમાન થશે."

ધી ઇન્ડસ્ટ્રિયલ એન્ડ પ્રુડેન્શીયલ

એસ્યોરન્સ કું. લી.,

ઇન્ડસ્ટ્રિયલ એશ્યુરંસ બિલ્ડીંગ, ચર્ચગેટ સ્ટેશન સામે, મુંબઈ-૧





મારી શેઠાણી આવી સુંદર ચમકદાર સફેદ સાડી પહેરતાં એનું કારણ એમની સહેલી-ઓને સમજાતું નહિ એટલે, એક દિવસ એમણે એનું રહસ્ય પૂછ્યું

મારી શેઠાણીએ એમને જવાબ આપ્યો, સાડીઓ સહિતના મારા તમામ સફેદ કપડાં (ફક્ત સૂતરાઉ અને આર્ટ સિલ્કનાં) હમેશા ટીનોપાલવાળા સ્વચ્છ પાણીમાં બોળવામાં આવે છે ટીનોપાલમાં બોળેલા સફેદ કપડા એટલા બધા અધિક ચમકદાર હોય છે કે એ સૌથી દીપી ઉઠે છે



ટીનોપાલથી આવતી ધોબીની ચમકદાર સફેદાઇ ૩ થી ૪ પોલાઇ સુધી ચાલે છે એટલે એનો ઉપરાછાપરી ઉપયોગ કરવાનું જરૂરી રહેતું નથી અને વાર પણ લાગે, માત્ર નાની ૫ા ચમચી ટીનોપાલ એક બાલ્દી ભરેલા કપડાને સફેદ બનાવવા પૂરતું છે.

ટીનોપાલ (વીજી)

ડબ્બાને સોંપી દઉ સફેદાઇ તો

એમેલ્ગમેટેડ કેમિકલ્સ એન્ડ ડાયસ્ટફ્સ કં. લિ., પો. ઓ. બોક્સ નં. ૯૬૫ મુંબઈ.



(પાના ૧૬થી આગળ)

કદાચિત્ આ 'ફુલરાણી'માંજ આવા પ્રકારની રચનાત્મક રમતોને અવકાશ હશે જ. વર્તમાનપત્રમાં વાંચેલા વર્ણન ઉપરથી બાળઆનંદ અને વિહારની અતિશયોક્તિ છે તેથી આ કટાક્ષમય ટીકા નથી પણ રચનાત્મક સૂચનો કરવામાં આવે છે. અમારી સમજ ભૂલભરેલી હતી તેવું સાંભળીને આનંદ જ થશે.

વધુ એક વિચાર :—એક વધુ વાત સહજ મનમાં આવે છે. તે એ કે એક બાગમાં ૨૫—૩૦ હજાર ખર્ચીને એક 'ફૂલરાણી'ની યોજના કરવી આજની પરિસ્થિતિમાં સારી—કે તે જ ત્રીસ હજાર ખર્ચીને ૩૦ અથવા ૬૦ નાનાં નાનાં ક્રિડાંગણો આપણા ગામમાં પછાત હોય તેવા, દરિદ્રો તેમજ પછાત વગેરે સર્વ પ્રકારની વસતીમાં બાળકો તેમજ તેઓની માતા ઘડી બે ઘડી સ્વચ્છ હવામાં તેમજ પાનફુલના અને તુલસી વિગેરેના બાગમાં આવીને બેસે તેવી સગવડ કરી આપવી વધારે સારી ? એક રેતીનો હોજ, સાદા હિંચકા અથવા બાગકામના સાધનો રાખવાથી બાળકોમાં સ્ફૂર્તિ ન આવે શું ? માતાનું મન પણ વધારે ઉલ્લાસિત થાય અને ઘરનું વાતાવરણ વધારે પ્રફુલ્લિત ન થાય શું ? આ વિચાર પણ વિચારણા જ માગી લે છે.

અ. ગુ. પૂર્વ પ્રા. શિક્ષક સંઘ

ધર્મજ :—મહાગુજરાત પૂ. પ્રાથમિક શિક્ષક સંઘ ખેડા જિલ્લા વિભાગના ઉપક્રમે ચિખોદરા ગામના આમંત્રણને માન આપીને તે ગામે મે—'૫૬ના ત્રીજા અઠવાડિયામાં "એક શૈક્ષણિક શિબિર" ભરવાનું નક્કી થયું છે. આ શિબિરમાં હસ્તવ્યવસાય, બાલગીતો, બાલવાર્તાઓ, બાલનાટકો, બાલરમતો ઉપર વિશેષ ભાર મૂકવામાં આવશે. આ શિબિર ખેડા જિલ્લાના શિક્ષકો પૂરતુજ મર્યાદિત છે છતાં શકયતાનુસાર પડોશના જિલ્લાના શિક્ષકોને મર્યાદિત સંખ્યામાં લાભ આપવામાં આવશે. આ અંગે નીચેના સીરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતિ છે:—

શ્રી દેવદત્ત ભાઇ પટેલ, કીર્તિ બાલમંદિર
મુ. પેટલાદ (જિ. ખેડા)

"કુમલ મસાલો" તો રસોઇ સારી"

એની ખાત્રી કરો.

કુમલના તાજો "મસાલો" હંમેશા વાપરો.

કે. ટી. કુમલ એન્ડ કું. લિ.

૪૦, ફોરાસ રોડ. મુંબઈ—૮.

શાખાઓ :— લાલબાગ, ગોળપીઠા, નાયગાંવ, દાદર, પરેલ, તારદેવ, લાલબાગ માર્કેટ અને વરલી મારકેટ.

ઓછાં મૂલ્યે

ઘડિયાળની બૅટરી



ESTRELA

REGD. TRADE MARK

BATTERIES

એસ્ટ્રેલા બેટરીજ લી.

મુંબઇ, કલકત્તા, દિલ્લી, મદ્રાસ, કાનપૂર, નાગપૂર.

HAS 193



જે. જે. એન્ડ સન્સ

(૧) ૭૧, મંગળદાસ, રોડ, (૨) પ્રાર્થના સમાજ,
૩) ભુલેશ્વર રોડ, (૪) કુંભાર ટુકડા
૫) ડી'સીલ્વા રોડ, સ્ટેશન સામે, ગલીમાં
દાદર (W. Rly.)



સફેદ વાળને
શ્યામ કરતું
દરેક જગ્યાએ મળે છે.

ઉત્પાદકો:— લોના ઈન્ડસ્ટ્રીજ
૬૬, એ, ઝવેરી બજાર, મુંબઇ ૨.

મૂ. ખા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : રમણિકલાલ તુરખિયા, ૧૧૮ હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪
મુદ્રણ સ્થાન : યુનિટી પ્રિન્ટિંગ પ્રેસ, મુંબઇ ૬.

ફોન નં. ૨૦૪૪૩

આપની દરેક

જરૂરિયાતો

ખરીદવાનું એક માત્ર

: ભરોસા પાત્ર સ્થળ :

આજે જ એક વખત પધારી મુલાકાત લ્યો.

ધી

બોમ્બે સ્વદેશી કૉ-ઓપરેટીવ સ્ટોર્સ લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ, ફોર્ટ, મુંબઇ-૧.

શાખાઓ : મહાત્મા ગાંધી રોડ, પૂના. જેમ્સ સ્ટ્રીટ, સિકન્દ્રાબાદ.



નૂતન બાલ શિક્ષણ સંઘના

શિક્ષણ-પત્રિકા

વર્ષ-૩૧ : અંક- ૩ : જૂન, ૧૯૫૬

> નઈ તાલીમ એ એક સંયમ પદ્ધતિ છે. અર્થાત તે સંયમ પ્રધાન છે. સ્વચ્છંદતા પ્રધાન નથી. નાનપણથી બાળક પોતાની ઇન્દ્રિયો મન અને બુદ્ધિ સંયમમાં રાખતાં શીખે એ તરફ લક્ષ્ય આપવું જોઇએ. એની વાણીમાં સત્યનિષ્ઠા હોવી જોઇએ. વાણી પ્રવાહ સારો હોય. અર્થાત વાણીની શૈલી ન જોતાં વાણીનું શીલ જોવું જોઇએ. શીલ અને શૈલી એમાંના ભેદ તરફ હું તમારું ધ્યાન દોરવા માગું છું.
>
> —વિનોબાજી.

સંસ્થાપકો:
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી તારાબેન મોડક

☆

તંત્રી:
શેષ નામલે

વાર્ષિક લવાજમ :	કાર્યાલય:	છૂટક નકલ
રૂા. ૪-૦-૦ : :	૧૧૮, હિન્દુ કૉલોની, દાદર, મુંબઇ, ૧૪.	૬ આના

નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

સાહી એ, શિક્ષકો અને બાળ પ્રેમીઓનુ બનેલું અખિલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :-

પ્રમુખ: શ્રી મોરારજીભાઇ દેસાઈ. ઉપપ્રમુખ: આચાર્ય શ્રી ભિસે.

કાર્યાધ્યક્ષ: શ્રી સરલાદેવી સારાભાઈ. કોષાધ્યક્ષ: શ્રી વા. રા. પટવર્ધન

મંત્રીઓ: શ્રી શેષ ના. નામલે : શ્રી યશસ્વતીબેન ભટ્ટ.

સ્થાનિક શાખા : કોઈપણ બાળ કેળવણીની સંસ્થા, વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના ૨૫ સભ્યો બનાવી, સંઘ માન્ય શાખા સ્થાપી શકે છે. આ જાત ની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે.

પ્રાદેશિક શાખા : કોઈપણ જિલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની જિલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે. અને આ જિલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયત્રણ મંડળમાં ચૂંટાઇ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય : સંઘનું બંધારણ, પ્રવેશ પત્રકો, સૂચના-માહિતી વિ. સંઘને લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતી છે.

મંત્રી, નૂતન બાલ શિક્ષણ સંઘ.
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

સંપાદક મંડળ :

જયકુમારીબેન પટેલ, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઈ ઓઝા, હેમલતાબેન માળવી, રમેશભાઇ કોઠારી, કુસુમબેન શાહ

: અનુક્રમણિકા :

૧.	સંસ્કારનો વારસો	....	શ્રી ઓજસ
૨.	બાલ ભાવનાની રમત	....	,, શાં. નારુલકર
૩.	બાલવાડી કેવી રીતે ચલાવવી	....	,, અનુતાઇ વાઘ
૪.	સંપાદકીય	....	,, તંત્રી

: બાલ વિભાગ :

૧.	એ રાજહંસની વાત	....	—
૨.	વાદળને	....	શ્રી લલિત પરીખ
૩.	ક્યાં ગયા' તા?	....	—
૪.	ઉજાણી	....	શ્રી મો. પરમાર

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો!

કે- "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઈ પણ માસથી થઇ શકાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરુરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં સંપાદકીય નોંધ સિવાયના રજૂ થતાં લખાણો સાથે સંપાદક સહમત છે એમ કોઇએ માની લેવું નહીં.

કે- "શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

કે- "શિક્ષણ પત્રિકા" ગુજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૧૦ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરુરી છે.

—શ્રી રમણિકલાઈ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

મુંબઇ, મધ્ય ભારત, ઉત્તર–પ્રદેશ, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૩૧ અંક ૩] મુંબઇ [જૂન, ૧૯૫૬

સંસ્કારનો વારસો

'બકરું નીકળે છે - ઊંટ પેસે છે'

અકસ્માત સ્ટેશન ઉપર જયન્તીભાઇ મળી ગયા.

'એહો તમે! મુંબઇ આવ્યા કે શું?'

'હા જી, રજાઓ શરૂ થઇ છે ને? તમે પણ મુંબઇ જતા લાગો છો.'

'હા જી, ચાલો સંગાથ થયો! અને આ બધાં બાળકો પણ સાથે આવેછે કે?'

લલિતભાઇ પાસે આવતા બોલી ઊઠ્યા:

'હા જી, સુમનભાઇ, અમે થોડાક દિવસ ઘરે જઇ આવીએ.'

'અરછા! ત્યારે તો ભારે મજા આવશે!'

મને બહુ આનંદ થયો.

અમે બધાં ગાડીની રાહ જોતા ઉભા રહ્યા.

બારસો એક કલાક ગાડી મોડી હતી.

અને જ્યારે આવી ત્યારે પીંજરામાં બકરાં પૂર્યાં હોય તેમ એ માણસોથી બીચોબીચ ભરી હતી.

આટલી ભીડમાં અમારે આઠ દશ બાળકો સાથે કેમ સમાવું એ એક મોટો કોયડો થઇ પડ્યો. છેક એંજીન પાસેથી પ્રયત્ન કરતા છેલ્લા ગાર્ડના ડબ્બા સુધી પહોંચ્યા, પણ કયાંય અંદર પગ મૂકવા પણ જગ્યા ન મળી. જયન્તીભાઇ મારી સામે જોઇ રહ્યા.

ગાડી ભાગ્યે પાંચ મિનિટ થોભે છે.

છેવટે અમે બધાં છેલ્લા ડબ્બાના છેલ્લા દરવાજા ઉપર હલ્લો લઇ ગયા, દરવાજે ધક્કેલતાંજ અંદરથી અવાજ આવ્યો:

'અરે ભાઇ, યહાં તો મરને કો ભી જગહ નહીં'

મેં અંદર જોયું દરવાજા સુધી અનેક નાના મોટા ટોપલા અને ગાંસડા ખડકેલા પડ્યા હતા.

અને એ બધા ભૈયા લોકો મુછો મરડતા ગાંસડા ઉપર બેઠા હતા.

મને આ ભૈયાઓનો આગળ સારો પરિચય છે એટલે અંદર જતાં હું બચકાતો હતો. પણ એજ વખતે છેક પાછળના દરવાજાથી પાસે બેઠેલો એક ભૈયો બોલી ઊઠ્યો;

'અરે યાર, આને દે કૈસે હી હમ નીભા લેંગે. યહી આખરી ડબ્બા હે! યહ લોગ જબ્ કહી ભી જગહ ન મીલી તબ તો ઇધર આયે હૈ. આને દો—આઇએ બાબુજી, આ જાઇએ.'

અને પોતેજ આગળ આવીને મારા હાથમાંથી બેગ ઉપાડી લીધી. પછી તો એણે બાળકોને જોયા;

'અરે બાપરે! યહ તો આપ છોટીસી ફૌજ લે આયે હૈ!

પણ એ એટલું બોલે તે પહેલાં તો આ બાળકો કુદકો મારતા અંદર ઘુસી ગયા!

પેલો ભૈયો તો જોતો જ રહ્યો, અને વાંદરાની ઝડપથી છોકરાઓ અંદર ઘુસી ગયા!

નાનો નિરંજન જે પાછળ હતો એને ઉપાડીને અંદર લેતા ભૈયાજી બોલ્યા:

'અરે છોટા હનુમાન, તુમ ભી યહ અશોકવનમેં આ જાઓ.'

જયન્તીભાઇ અને હું છેક દરવાજાની પાસે ઉભા રહ્યા. એટલી સંકડાશ હતી કે અવાર નવાર અમારાથી એક બીજાના પગ કચડાઇ જતા હતા.

અને એમજ ગાડી ઉપડી.

પણ પેલો ભૈયો હજુ બેઠો નહોતો:

'બાબુજી, આપ લોગ યહ ગઠરી પર બૈઠ જાઇએ.

'નહીં ભૈયાજી, આપ બૈઠો. હમ ઇધર ખડે હી રહેંગે.'

'અરે બાબુજી ઐસા નહીં હો સકતા. આપ ખડે રહેં ઔર હમ બૈઠેં ?

'તો ક્યા હમ બૈઠેં ઔર આપ ખડે રહેંગે ? યહ ભી તો ઠીક નહીં-' મેં કહ્યું.

'અજી ખડા રહના યહ હમારા કામ હૈ, આપકા નહીં. આઇએ યહાં બૈઠો.'

અમારે ફરજિયાત એ ગાંઠડા ઉપર બેસવું પડ્યુ અને ભૈયો બારણાં પાસે ઉભો ઉભો બીડી પીવા લાગ્યો.

એની નજર બધે બાળકો તરફ ગઇ.

બાળકો તો કોઈ ઉપલી અભેરાઇએ ચડી ગયા હતા તો કોઇ જ્યાં બારી પાસે બન્યું ત્યાં ઉભા રહી ગયા હતાં.

મને બેઠા પછી વિચાર આવવા લાગ્યા:

'આ ભૈયા લોકોની મારા ઉપર કેવી ખરાબ છાપ પડી હતી ! આ લોકો બિલ્કુલ જંગલી છે. એ લોકો ડબ્બામાં ઘુસે ત્યારે કદિય ત્યાં ભીડ છે કે નહીં તે ન જુએ. અંદર ઘુસી જાય ! તમે બારી પાસે બેઠા હો તો બરાબર તમારા મોઢા ઉપર એ એના પેટી પટારા ફેંકે ! તમારા પગ ઉપર સામાન ફેંકે; એને પછી બધે ગમતેમ સામાનના હુંગરા ખડકી મૂકે ! એ કામમાં તમને ચારે બાજુથી એ ધક્કા લગાવે. તમારા ખોળામાં એ એમના નાળખીલાવાળા ઓખાઇ જોડા સાથે પગ મૂકીને પોતાનો સામાન અભેરાઇએ ચડાવે !

અને જો તમે વાંધો ઉઠાવો તો કહે :

'અજી જનાબ, ક્યા કીયા જાય ?

આમ માત્ર, જાણે એ કરે છે એ સિવાય બીજું શકય જ ન હોય !

અને જો તમે વિશેષ ઝંગડો કરવા જાઓ તો બસ્સ, એક સાથે બધાજ તમારા ઉપર ઉતરી પડે !

તેમાં જનારા હોય ત્રણ તો ત્રેણસો તો એમને મૂકવા આવ્યા હોય !

હાર લટકતા હોય, પાનનો રાતો રંગ હોઠોથી દાઢી સુધી રેલાયો હોય.—સફેદ કપડાં, કાળું શરીર, અને રાતું મ્હોં ! સરસ સૌન્દર્ય ખીલી નીકળ્યું હોય.

એટલી તોબાહ પોકરાવતી એ જાતથી હું કંટાળીને એ ભૈયાની ગાડીઓથી જવાનુંજ છોડી ગયો છું.

પણ આજ ફરી મારે એજ સાથીઓ સાથે સફર કરવાનું આવ્યું છે.

પણ એ મુછાળા ભૈયાઓને જોઇને પહેલો જે હું ડરી ગયેલો તે ભાવ આ ભૈયાજી એ અત્યારે રહેવા નથી દીધો.

જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ ડબ્બામાં બેઠેલો લોકો તરફ વિશેષ ધ્યાન જતું ગયું.

સામેના બાંકડા ઉપર એક બહેન સૂતાં હતાં. અને એના પગ-તરફ એમના પતિ બેઠાં હતા. એ આખા બાંકડા ઉપર એ બેજ જણા હતા. એમની બારી પાસે એમણે એમનું એક પોટલું રાખ્યું હતું.

મેં જોયું કે આમ બીજા બાંકડાઓ ઉપર પણ ઠેકઠેકાણે જગ્યા હતી. પણ કાં તો કોઇ લાંબું થઇ સૂતું હતું. અથવા તો એનો સામાન પડ્યો હતો. કોઇના બીસ્તરા પાથરેલા હતા. અને એના ઉપર માત્ર એક તેનો માલીકજ બેઠો હતો.

જો આ બધા લોકોને બીજાના અધિકારનો વિચાર હોય તો અમારા ડબ્બામાંના બધાય પ્રવાસીઓ આરામથી બેસી શકયા હોય.

મને આ વિચારે અશાન્ત કરી મૂકયો. મેં ધીમેથી જયન્તીભાઇને કહ્યું. પણ એ તો માત્ર સ્મિત કરીને અટકી ગયા.

એટલે હું પણ મૂંગો રહ્યો.

પણ મને લાગે છે, એ મારા સ્વભાવમાં નથી. મારાથી અન્યાય થતો જોઈ શકાતો નથી.

કદાચ એ કારણ ન પણ હોય. કદાચ મારામાં ઉદારતાની ઓછપ હોય.

હું રહી ન શકયો.

મેં સામે બેઠેલા પતિરાજને નમ્રતાથી કહ્યું

'આપ, જો પેલું પોટલું નીચે મૂકી દો તો બે ત્રણ બાળકો ત્યાં ખુશીથી બેસી શકશે.

એમણે જાણે આ આશા રાખીજ હોય અને એને માટે પહેલેથીજ શસ્ત્ર સજી બેઠા હોય તેમ બિજલીથી એ બોલી ઉઠયા :

'એ પોટલું ત્યાંજ રહેશે. એ નીચે નહી રહે.

એ શબ્દો એવા તો કડકાઇથી બોલાયેલા કે જાણે મેં એમને ગાળ ન દીધી હોય !

મારો હાથ દાબતા જયન્તીભાઇએ મને ચૂપ રહેવા કહ્યું:

'સુમનભાઇ જવા દોને. તમને ખબર નથી. એના કરતાં બાળકોને બારી પાસે ઉભું રહેવું વિશેષ પસંદ હોય છે.'

હું મુંગો રહ્યો.

એ ભાઇ મારી સામે હજુય ઘુરકતા હોય તેમ જોઇ રહ્યા હતા.

એ ગૃહસ્થ, જેને આપણે શિક્ષિત કહીએ છીએ એ વર્ગના હતા. એ 'મુંબઇ સમાચાર' વાંચી રહ્યા હતા ઉમરે પણ લગભગ પચ્ચાસેકની આસ-પાસ લાગતા હતા.

મેં મારી નજર એમના ઉપરથી ફેરવી લીધી, અને બારણાં તરફ જતાં ત્યાં ઉભા ઉભા ભૈયાજી બીડી ફૂંકતા મારી સામે જોઇ રહેલા ત્યાં ગઇ. એના મ્હોં પર આછુ હાસ્ય રેલાયું હતું.

આ અભણ માણસ એ સ્મિત દ્વારાજ મને પોતાની વાત કરી રહ્યો હતો:

'બાબુજી, જાને દો. ઐસે મૂર્ખ લોગ કો કયાં કહના?

પણ આટલોજ ભાવ એના મ્હોં પર ન હોતો. બીજો પણ ભાવ હતો:

'યહ મૂર્ખ આદમીકો ટાંગ પકડકે બાહર ફેંક દે સકતા હું, મગર ઐસા કરના અચ્છા નહીં.'

એ વાત સાચી હતી. 'મુંબઇ સમાચાર' ના પંક્તિ માત્ર માથામાંજ મિજાજ રાખતા હતા. બાકી શરીરે તો સુદામાજ હતો!

છોકરાઓ તો હલ્લેર કરતા હતા.

અંદર અંદર ગપ્પાઓ ચલાવતા હતા. બહાર દેખાતા સ્થળો કે દ્રશ્યો ઉપર ચર્ચા ચલાવતા હતા.

આ બધો પ્રદેશ તો એ લોકોએ પર્યટનમાં ખૂંદેલો એટલે એમની ચર્ચામાં સ્થળોની વાત વિશેષ આવતી હતી.

સૂર્યકાન્તની નજર એ ગૃહસ્થના છાપા ઉપર પડી. એ મોટા સમાચારો વાંચીને બોલી ઉઠયો, લલિતભાઇ, ગાય મોસ્કો ને પીને રશિયા ગયા છે!

લલિતભાઇ અભેરાઇએથી બોલ્યા:

અમનવા ઓકર્ષક રંગોમાં મળે છે. લગાડયા પછી આઠ આઠવાડીયા બાદ ધોઈ શકાય છે. પ્રતિવર્ષ રંગ ખર્ચ બચે છે સારા રંગકામ માટે હમેાને પૂછેા.

એશિયન પેઇન્ટસ
ઉત્તમ સેવા-આપનાર

'એમ કે? તો હવે બુલ્ગેનીન ફ્રાન્સ જશે!'

પછી તો અનેક રાજકારણની વાતો એ છોકરાઓ કરવા લાગ્યા.

આ વાતોથી પેલા ગૃહસ્થ છાપું વાંચવાનું છોડીને છોકરાઓની વાતો સાંભળવા લાગ્યા.

વચ્ચે વચ્ચે છોકરાઓ જયંન્તીભાઇને પણ વાતમાં ભેળવતા હતા.

'કાકા, નેપાળ આપણે જવું જોઇએ. હવેનો પ્રવાસ નેપાળનો રાખો આપણે રાજા મહેન્દ્રને મળવા જઈશું.'

આમ કરતાં અમે ઇગતપૂરી પહોંચ્યા. ગાડી થોભી કે અનેકવિધ ભોજન સામગ્રીઓ બારી પાસે આવવા લાગી.

'આઇસક્રીમ! આઇસક્રીમ!'

સૂર્યકાન્ત જયન્તીભાઇ સામે જોઈ રહ્યા. ઉપરથી વીરુભાઇ બોલ્યા:

'કેમ આઇસક્રીમ ખાવો લાગે છે!'

સૂર્યકાન્ત મોઢું ઠાવકું રાખી બોલ્યો:

'ના આઇસક્રીમ ન ખવાય. આપણી હોજરી ખરાબ થઇ જાય.'

જયન્તીભાઇ હસી પડયા.

તમારું મોઢું તો એમ કહે છે હોજરી ભલે ખરાબ થતી. પણ કાકા અમને આઇસક્રીમ અપાવો!'

સૂર્યકાન્ત માત્ર હસ્યો.

જયન્તીભાઇએ આઇસક્રીમવાળાને બોલાવ્યો અને બાળકોએ આઇસક્રીમ લીધો. પછી શિંગના પડીકા લીધા અને ગાડી ઉપડી.

બાળકો શિંગ ફોતરીને ખાવા લાગ્યા. શિંગના ફોતરાં બારીમાંથી એ લોકો બહાર ફેંકતા હતા. પણ પવન ને કારણે ફોતરાં ઉડીને બીજી બારીમાંથી અંદર આવીને સામે બાંકડે બેઠેલા એક મહારાષ્ટ્રી ભાઇના બોળામાં પડવા લાગ્યાં.

એમણે ગુસ્સાથી કહ્યું.

'હે ભગ, મારા ઉપર ઘાણ આવે છે ના?'

જયન્તીભાઇએ સૂર્યકાન્તને કહ્યું:

'ભાઇ ધ્યાન રાખો. આપણે બીજાને તકલીફ ન આપવી જોઇએ.'

'ના કાકા, પવનથી એ પડયાં. હવે હું એમ બહાર નહીં ફેંકું.

એમ કહેતાં એણે હાથમાંનાં ફોતરાં બોરસામાં ભરવા માંડયાં.

'બરાબર'

જયન્તીભાઈ બોલ્યા અને એમણે બંનાં બાળકો તરફ નજર ફેરવી લીધી.

મેં પણ સાથે નજર ફેરવી તો દેખાયું કે બધાંય બાળકો બોરસામાં જ ફોતરાં ભરતાં હતાં.

પણ આ શાનું લાગતાં બાળકો બુગદાઓ આવ્યા અને ગાંડા થઇ ગયાં. એ બધા જ નીચે ઉતરી પડયાં અને બરાબર પેલા ભૈયા ઓની જેમ જ બીજાનું જરાકે ધ્યાન રાખ્યા વગર કોઇને કોઇ બારી પાસે પહોંચી ગયા. અને બહાર ડોકાં કાઢીને એની કાળી ચીચીયારીઓ પાડવા લાગ્યા કે કાન પડયું કંઇ જ સંભળાય નહીં.

પેલા 'મુંબઇ સમાચાર' વાળા ગૃહસ્થના કપાળમાં કરચલીઓ વંચવા લાગી. પણ સદ્‌ભાગ્યે ભોંયરું જતાં બાળકો પાછા શાન્ત થઈ જતાં હતાં. અને એટલે એ ગૃહસ્થે પોતાના ગુસ્સાને શબ્દમાં ન મૂકયો.

ખરેખર, એ દશ ભોંયરાં ગયાં ત્યારે કાન જાણે બહેર મારી ગયા હોય એવું લાગતું હતું.

પણ આ બધો ય વખત મેં જોયું કે જયન્તીભાઇ માત્ર સ્મિત કરતા શાન્તીથી બેઠા જ રહેલા.

આવી રીતે અમે કસારા પહોંચ્યા.

ગમે તે કારણ હો, પણ કસારાથી પેલા ગૃહસ્થ છાપું બંધ કરીને પોતાની નજીકની બારી પાસે ઉભેલા સૂર્યકાન્ત ને કંઇક પૂછી રહ્યા હતા.

બીજી બાજુ જોયું તો પેલા મહારાષ્ટ્રી ભાઇએ પોતાની બાજુમાં જગ્યા કરીને લલિતભાઇને બેસાડયા હતા.

પેલા ગૃહસ્થે સૂર્યકાન્તને પૂછયું:

'તમે બધા કયાં જાઓ છો?'

'મુંબઇ.'

'તમે આટલું બધું તોફાન કરો છો, તે તમાર કાકા તમને વઢતા નથી?'

(અનુસંધાન ૧૧ મી પાના પર જુઓ.)

બાલ-ભાવનાની રમત

અનભિષિક્ત માતૃપદ.

"સુશીલા જો તો મધુ શું કહે છે?

સવારનો સમય એટલે કેટલી ધમાલ! નિશાળ તથા ઓફીસમાં જવાની ધમાલ. આઠનો સુમાર હતો એટલી-વારમાં બાજુના સાવિત્રીબેન રમાબેનને ત્યાં ગઇ કાલની ખરીદી જોવા આવ્યા હતા. તેથી રમાબેનને તેમની પાસે થોડીવાર પણ બેસવું જ પડ્યું.

"સુશીલા આઠ વાગ્યા છે હં! બાબાનું પહેરણ શોધીને તેને આપ" બોલતા બોલતા રમાબેને સુશીલાને બૂમ મારી.

સુશીલા ૧૦-૧૧ વર્ષની નાનકડી છોકરી! માતાને ઘરકામમાં થોડી મદદરૂપ થઇ શકતી હતી. સુશીલા પછીનો આવેલો એનો ભાઇ ૮-૧૦ વર્ષનો રમેશ હતો એના પછી ૫-૬ વર્ષની સ્મિતા અને એનાં પછીનો મધુ ૨॥-૩ વર્ષનો હતો. બાબુભાઇને બીજાનાં પ્રમાણમાં સંસારમાં એવી કંઇ મુશ્કેલી ન હતી. મધ્યમ સ્થિતિમાં પણ એમનાં દિવસો સંતોષમાં પસાર થતા. રમાબેનની જોડી પણ એમને જોઇએ એવી હતી.

"અરે સુશીલા; એને પહેરણ આપે છે ને!" સુશીલાએ ફરીથી આની બૂમ સાંભળી. "જો તો, એણે શું ધમાલ માંડી છે?"

"નથી પહેરતો જા! જા, જઇને આને કહે!

રમેશનો અવાજ સંભળાયો. "પહેરને હવે, આમ શું કરે છે! નહિ તો હું જતી રહીશ, જો, નાખી દઉં?" સુશીલા અકળાઇને બોલી.

"બા,.....! જો આ સુશીલાએ મારૂં પહેરણ નીચે નાખી દીધું, હવે હું પહેરવાનો નથી!"

"શું કરવું આ મિથસી છોકરીને? ' દશવર્ષની હવે કંઇ નાની કહેવાય? એને કામની જરાયે સૂઝ પડતી નથી! શું થશે હવે આનું આગળ?"

"કંઈ ચિંતા કરો નહિ. ઉંમરના પ્રમાણમાં ડહાપણ આવે છે." સાવિત્રીબેને જતાં જતાં રમાબેનને શાંત્વન આપ્યું.

"અરે સુશીલા! પેલો મધુ બાથરૂમમાં કયારનો પાણીમાં મસ્તી કરે છે, બે લોટા નવડાવીને કાઢ એને બહાર"

દસ પંદર મિનિટમાં પાણીથી ખૂબ ભીંજાયેલો મધુ આગળ તથા હાથમાં ટૉવેલ લીધેલી સુશીલા પાછળ દોડતા બહાર આવ્યા. એટલી વારમાં સુશીલાને પીઠ પર પાછળથી ધબ્બ લઇને ધબ્બો પડ્યો.

"ઓ રે બા! હું શું કરું! હું ટુવાલ લાવતી હતી, ત્યાં મધુ બહાર દોડી ગયો." સુશીલાની આંખમાં પાણી ભરાઇ આવ્યાં.

"સવારથી તેને જોઉં છું ! સતત ધમાલ ચલાવી છે ! પાબાંનું પહેરણ ફેંકયું, મધુની પાછળ દોડાદોડ, થયું છે યું તને ?" સુશીલા આંખો લૂછતી લૂછતી મધુને કપડાં પહેરાવવા લાગી. વાંક મધુનો હતો કે પોતાનો એજ એને મજ્યું નહિ.

"બંધ કર રડવાનું, નિશાળનો સમય થયો છે. ચૂલા પરનો ભાત ઉતારીને તમે લોકો જમી લો" એમ કહીને રમાબેન કપડાં ધોવા ગયા. આજે બાબુભાઇને રજા હોવાથી એમણે વધારે કામ કાઢયું હતું. સુશીલા પોતે પણ જમતી હતી, અને મધુને પણ કોળિયાં ભરાવતી હતી.

"રમેશ, સ્મિતાને થોડો વધારે ભાત આપ, એ તારાથી નાનો છે."

"આપ તારામાંથી ! મોટી થઇ છે દાદીમા તે !' રમેશ બુરકયો.

થોડી વારમાં સુશીલા નિશાળે જવા માટે તૈયાર થઇ ગઈ, રમેશ પણ તૈયાર થઇ ગયો, પણ સ્મિતાની ચંપલ મળતી ન હતી. આખરે બધાં તૈયાર થઇને નીકળ્યા.

"એ.....રમેશ દોડ નહિ, જો જે સ્મિતા દોડશે અને પડશે તો રડશે." પણ રમેશ અટકયો નહિ. સ્મિતા એની પાછળ દોડી અને રસ્તામાં પથ્થર આવવાથી પડી ગઇ, અને તે રડવા લાગી.

"અરે, તને લાગ્યુ" સુશીલા એના કપડાં સાફ કરતી બોલી, "હવે દોડતી નહિ હં.....! સાંજે બા ખાવાનું આપશે તેમાંથી તનેજ ભાગ આપીશ હં.....! રમેશ ને સુશીલાની આંગળી પકડી ચાલવા લાગી.

બપોરે રમાબેનને જરા ઠીક નહોતું લાગતું, તેથી અંદરના ઓરડામાં આડા પડ્યા હતાં. ચારનાં સુમારે છોકરાંઓ સ્કૂલમાંથી આવ્યાં, બાને સૂતેલી જોઇ બા કેમ સૂતી છે, માથું દુ:ખે છે. હાથમાંનું દફ્તર ફેંકીને બાના ઓશીકા પાસે આવીને કપાળ પર હાથ લગાડીને પૂછ્યું.

"હા, મને જરા ઠીક નથી, પેલું દફ્તર ઉંચક, અને મધુ કયાં છે તે જો, રમેશ આવ્યો કે ? અને સ્મિતા કયાં છે ?

એટલી વારમાં રમેશની સ્વારી ધૂમાધૂમ કરતી ઘરમાં આવી, "બા, બા, ભૂખ લાગી છે, ખાવાનું આપ !" બોલવા લાગ્યો.

"અરે હા ! સુશીલા આવશે અને આપશે તમને" તેનાં શરીર પર હાથ ફેરવીને રમાબેને સુશીલાને બૂમ પાડી.

"અમને નહિ જોઇએ, જા.....તું જ આપ ખાવાનું સુશીલા અમારી જોડે લડે છે."

"તું પણ કંઈ ઓછો નથી ! સુશીલા, લાવ તો પેલો લાડુનો ડબ્બો અને વાડકીઓ મારી પાસે. હું આપીશ. તોબા તમારાં ઝઘડાથી. બીજાનાં છોકરાંઓ કેવાં ડાહ્યા હોય છે !"

ડબ્બો ખૂબ ઊંચે પાટિયા ઉપર મૂકયો હતો, ઉંચા થવા માટે શેનાં ઉપર ચઢવું એનો સુશીલા વિચાર કરતી હતી. પાટલાના ઢગલા તરફ એની નજર ગઇ, ધીમેથી એનાં ઉપર ચઢી, ડબ્બો પણ હાથમાં આવ્યો, એટલી વારમાં એક પાટલો પડી ગયો, થયું ! સુશીલા, ડબ્બો અને બધું જ પાટલાની સાથે નીચે.

રમેશને સુશીલાને ચીઢવવાની ખૂબ સરસ તક મળી, એ કંઇ છોડે એમ હતો ! એ મોટે મોટેથી હસવા લાગ્યો પાટલાનો ધડધડ અવાજ સાંભળતાંજ રમાબેનનો મીજાજ એકદમ ગયો "પાડયુ ને બધું ! બહુ સારું કર્યું ! એક કામ જો સરખું કરે તો તારૂ નામ સુશીલા ખરૂં ! હાથ-પગમાં બિલકુલ જોર નથી, કેમ, જમતી નથી ?"

પગ જરા છોલાઇ ગયો હતો; થોડું લોહી પણ નિકળ્યું હતું, તે ફ્રોકથી દાબીને તથા હાથમાંનો ડબ્બો સંભાળતી સુશીલા ઉભી થઇ. મોઢું તદ્દન ઓશીયાળું થઇ ગયું હતું, તેમ છતાં આંખના આસુ અભિમાનપૂર્વક અટકાવીને તે બાની પાસે આવી. રમેશ હજી મોટે મોટેથી હસતો હતો એનાં હસવાથી રમાબેનને પણ થોડું હસવુ આવ્યું.

"શું થયુ હતું તે પડી ગઇ ?"

સુશીલાથી હવે અપમાન સહન થયુ નહિ, આંખના આંસુ પણ અટકાવી ન શકાયા, એણે એકદમ ઓસરીમાં દોટ મૂકી, બાનો અને રમેશનો હસવાનો અવાજ એના કાનને તદ્દન અસહ્ય થયો હતો. બારી આગળ બેસીને એ છૂટથી રડી પડી.

"શું કરવા રડે છે ?" ધીમેથી ચાલ્યો આવતો મધુ એને ગળે બાઝી પડયો અને તેનાં ગાલ ઉપર પોતાનો

ગાલ લગાડીને ચૂમવા લાગ્યો. સુશીલા પોતાનું બધું દુઃખ ભૂલી ગઇ.

"સુશીલા, તું મને તારામાંથી ખાવાનું આપશે?"

સામેથી લાહુની બે વાડકી લઇને આવતાં સ્મિતાએ લાડમાં પૂછ્યુ, તેને સવારની શરત યાદ હતી ફરીથી છોકરાંઓનો કલબલાટ શરૂ થયો. બધાં આનંદથી આવામાં પડી ગયા.

"બા હું લીલીને ત્યાં રમવા જાઉં?"

"પણ સાથે સ્મિતા તથા મધુને લેતી જા. અહિંયા એ મને પજવશે, એમનું જરા ધ્યાન રાખજે હં..... નહિતો પડશે રમવામાં,"

પડોશમાં લીલી અને કુમુદ રહેતાં હતાં, મોટો બાગ હતો, જગ્યાની છૂટ હતી, કોઇ ના કહેનાર નહોતુ પછી છોકરીઓના આનંદની વાત શું? બાગમાં બધ ભેગા થઇ ગયા. સુશીલા પણ પોતાની આજુબાજુને જગત ક્ષણભરમાં ભૂલી ગઇ, સંતાકૂકડીની રમતમાં રંગ આવ્યો હતો. દોડાદોડ શરૂ થઇ. પોતાની ઉપર દાવ ન આવે એ માટે દરેકનો પ્રયત્ન ચાલુ હતો. એટલામાંજ મધુનું કંઇક બગડ્યું. એણે સુશીલાનું ફ્રોક ખેંચી ને રમવા માટે ભેંકડો તાણ્યો, એની બેનપણીઓએ પણ મધુને સમજાવવાનો પ્રયત્ન કર્યો, તોપણ એ સુશીલાને છોડવાને તૈયાર ન હતો!

"આ શું સુશીલા!! તું હંમેશ આ કટકટ સાથે લાવે છે, અને રમતની મઝા મારી નાખે છે." નલિનીએ છણકો કરીને કહ્યું.

"રમત કેવી જામી હતી." લીનીએ સાથ પૂરાવ્યો, સુશીલાથી ગુસ્સો કાબુમાં ન રખાયો, એક તો રમતમાંથી નીકળવું પડ્યું એટલે પડેલેપીજ એ નિરાશ થઇ હતી તેમાં વળી ઉપરથી બધાં બોલવા લાગ્યા. તેથી અપમાનમાં વધારો થયો, મધુના નાજુક ગાલ ઉપર એનાં હાથથી તમાચો પડ્યો, એથી મધુને વધુ જોર ચઢ્યું, સુશીલાએ મધુને એકદમ ઊંચકી લીધો. બેનપણીઓ તરફ જોતી બોલી "હું જ આવતીકાલથી રમવાં આવીશ નહિ, નકામું મારે લીધે તમારી રમતમાં ભંગ પડે છે!"

"એમ નહિ, પણ આટલી રમત વખતે તો એને બા પાસે મૂકીને કેમ નથી આવતી? આખો દિવસ શું કેડ ઉપર લઇને ફર્યા કરે છે!" લીલી આજીજી કરતી બોલી

"ભલે, એ મારો ભાઇ છે! તમારી રમતમાં ભંગ પડે છે, એટલે હું જ આવીશ નહિ."

"નહિ આવતી ને! તું નહિ આવે તો અમારી રમત થોડી અટકવાની છે?" શીલાએ ગુસ્સામાં ઉત્તર આપ્યો.

સુશીલાથી હવે ત્યાં થોભાયું નહિ, તે સ્મિતાને આંગળીએ વળગાડીને તથા મધુને કેડે લઇને ઘેર પાછી ફરી.

સુશીલા બારીમાં બેસીને લોકોની આવજા જોતી હતી, કેટલાં બધા લોકો? કયાં જતાં હશે આ લોકો? આ પીળી ટોપી વાળો સિપાઇ આ શું હાથ ઊંચો નીચો કરે છે! અને આ છોકરાંઓ રસ્તામાંજ રમશે. પોતાને ઘેર કેમ નથી જતાં? એક છોકરો કેળનાં પાનની પૂડી બનાવી જોરજોરથી વગાડતો હાથ ઊંચા નીચા કરી ચાલતો હતો. સુશીલા પણ હસવા લાગી. પીપૂડીમાં ચૂંક ભરાઇ જવાથી તે વાગતી બંધ થઇ, તેમાંથી અવાજ જ નીકળતો નં હતો, સુશીલાને લાગ્યું કે જોરથી ફૂંક મારશે તો ફરીથી વાગશે. તે મોઢાથી ફૂંક મારવા લાગી.

"સુશીલા, બા.....સુશીલા, કયાં ગઇ? આ મધુને ઊંચક અહીંથી, એકસરખી કટકટ કરે છે!"

એટલી–વારમાં પેલાં છોકરાની પીપૂડી વાગવા મંડી, પોં..... . સુશીલાએ બાની બૂમ સાંભળી, થોડી વારમાં ઘોડિયાના હિંચકા સાથે હાલરડાનો સૂર સંભળાયો.

ધીમે ધીમે સૂર હળવાં થવા માંડ્યા, રાત્રીનો ગાઢ અંધકાર થયો. સર્વત્ર શાંતિ હતી. આકાશમાં થોડા તારા ચમકતા હતાં, રમાબેને આવીને જોયું. સુશીલાની પાછળ કમુ તથા બાજુમાં મધુ ગાઢ નિદ્રામાં પડયા હતા, સુશીલાએ મધુને હૈયાં સાથે ચાંપ્યો હતો. મધુએ સુશીલાને ગળા ફરતો પોતાનાં નાજુક હાર વીંટાળ્યા હતાં.

"ખરેજ! આ મધુને સુશીલાની શી રટ લાગી છે! મોટી હોતે તો મા તરીકે જ શોભતે!" રમાબેન હસતાં હસતાં મનમાં બબડ્યા.

શાંતાબેન નારુલકર

બાલવાડી કેવી રીતે ચલાવવી?

કાર્યક્રમ

પાછળ લેખમાં લખ્યા પ્રમાણે જગ્યાની વ્યવસ્થા થઈ, બાળકો ભેગા થવા લાગ્યા, હવે તેને શીખવવું શું ? અથવા કયા કામો લેવા ? કઈ રીતે તેમને માર્ગદર્શન કરવુ કે જેથી આ બાળકો ૪–૫ કલાક આપણી પાસે આનંદથી રહે; અને પોતાનો સર્વાંગી વિકાસ સાધી શકે.

અઢીથી ૭ વર્ષની વયના બાળકોના સર્વાંગી વિકાસ માટે આવશ્યક એવી જરૂરીઆતો ધ્યાનમાં લઈને આ કાર્યક્રમની યોજના થવી જોઈએ. તે સાધારણ રીતે નીચે પ્રમાણે છે:

(૧) બાળકને ખૂબ કામ કરવાની હોંશ હોય છે. તેમના સ્નાયુની હિલચાલ નિયંત્રિત અને સુસંબધ્ધ થવા માટે તેમના પ્રયત્ન સતત ચાલુ હોય છે. તેમની અનુકરણવૃત્તિ તીવ્ર હોય છે. તેને લીધે મોટા માણસો જેવું કરે છે, તેમની આજુબાજુમાં જે થાય છે તેવું જ કરી જોવાનો તેમનો પ્રયત્ન હોય છે. કંઈ પણ કરતા રહેવું એમને ગમે છે. અદબ વાળીને તથા મોઢે આંગળી મૂકીને ડાહ્યાડમરા થઈને બેસવું એમને ગમતું નથી. તેમની આ ક્રિયાશક્તિને અવકાશ મળે એવી પ્રવૃત્તિ આપવી જોઈએ

(૨) આ વયના બાળકોની જ્ઞાનેન્દ્રિય ઉત્તેજિત અને તીવ્ર થએલી હોય છે. તેને સંવેદન-ક્ષમ બનાવવાનું બાળકોનું એક મોટું કામ ચાલુ હોય છે. તેવીજ રીતે આજુબાજુના જગતનો પરિચય જ્ઞાનેન્દ્રિય મારફત કરી લેવાનો તથા તે બધા અનુભવો મનમાં સંગ્રહી રાખવાનું પણ એક મોટું મહાભારતનુ કામ ચાલુ હોય છે. તેથીજ કોઈ પણ વસ્તુ હાથમાં આવે એને મોઢામાં નાખી જોવી, પછાડી જોવી, દાબી જોવી, વગાડી જોવી, આવી બાળકોની પ્રવૃત્તિ ચાલુ હોય છે. તેથી આપણે કહીએ છીએ કે "બાબો ભાંગફોડિયો છે!" બાબો ભાંગફોડિયો નથી પરંતુ એ અભ્યાસ કરે છે તેથી એની જ્ઞાનેન્દ્રિયના વિકાસની દૃષ્ટિથી યોગ્ય એવી પ્રવૃત્તિઓની યોજના થવી જોઈએ.

(૩) આ વયમાં તેના કાને અથડાતી ભાષા, પછી તે એક હોય કે બે-ત્રણ હોય, ઉચ્ચારની વિશિષ્ટ ઢબ સહિત તે આત્મસાત કરવાની તેમની ત્રીજી જોરદાર પ્રવૃત્તિ ચાલુ હોય છે. તેમનો શબ્દસંગ્રહ વધે, તેમને ખૂબ બોલવા, જોવા તથા સાંભળવા મળે, શુદ્ધ ઉચ્ચાર તથા શબ્દનો યોગ્ય સ્થાને ઉપયોગ કરવાના કામમાં તેમને મદદ મળે એવી યોજના કરવી જોઇએ.

(૪) બાળક જન્મ વખતે સંપૂર્ણ રીતે બીજા ઉપર આધાર રાખતો હોય છે એ ખરૂં પણ તે કંઈ એને ગમતુ નથી. પોતાનુ કામ પોતે કરીને સ્વાવલંબી બનવાની બાળકની ખટપટ ચાલુ હોય છે. તેથીજ હું હાથે ચડ્ડી પહેરીશ, હું હાથે નાહીશ, હું માથુ ઓળીશ " એવી સતત બાળકો હઠ કરતા હોય છે. તેથી ધીમે ધીમે બાળકો પોતાના કામો પોતે કરી શકે અને સ્વચ્છ અને ટાપટીપ કરવાની ટેવ તેમને પડે એવી પ્રવૃત્તિની યોજના બાલવાડીના કાર્યક્રમમાં થવી જોઇએ.

(૫) આ ઉપરાંત સભ્યપણાની રીતભાત, સારા સંસ્કારની છાપ પડવી, સામાજિકતા, પરસ્પર સહકારથી રહેવું વગેરે બાબતોની નાનપણથીજ મન ઉપર છાપ પડવી જોઇએ. પહેલા આપણા દાદા અથવા દાદી સાંજે બાળકને ભગવાન પાસે લઈને બેસતા તે સમયે સારા શ્લોકો બોલવા, સારી વાતો સાંભળવી, બધાંને પગે લાગવું વગેરે સુસંસ્કારની દૃષ્ટિથી ઘણી એવી બધી બાબતો થતી હતી. હાલની વિભક્ત કુટુમ્બની પદ્ધતિમાં હવે આની ભારે ખોટ લાગે છે જૂનું જે કાઢી નાખવા જેવું લાગે તે જરૂર કાઢી નાખવું પણ તેની જગ્યાએ નવું શું રાખવું તે નક્કી થયું નથી. એટલે એ પ્રશ્ન બાકી જ રહે છે. આ માટેની ખોટ ભરી કાઢવા માટે બાળમંદિરે અથવા બાળવાડીએ પ્રયત્ન કરવો જોઇએ. ઉત્તમ નાગરિક ઘડવા જેવું મહત્વનુ તે જવાબદારીનું કામ આપણા માથે છે.

ઉપરની બધી બાબતોનો વિચાર કરતાં નીચે પ્રમાણે સાધારણ રીતે કાર્યક્રમની યોજના હોવી જોઇએ. એ એ અંગે હવે વિચારીએ.

ગામડાંની બાલવાડીમાં આવતાં બાળકો ૨॥ વર્ષથી તે દશ વર્ષ સુધીના હોય છે. મોટા બાળકોને શાળા હોતી નથી. નાનાં બાળકોને સંભાળવા એ તેમની પ્રવૃત્તિ હોય છે. તેથી નાનાની જોડે મોટાં તથા મોટાંની જોડે નાના એ રીતે તેઓ મોટાં થતાં હોય છે. એ ઉપરાંત જે

બાળકો શાળામાં જતાં નથી, કોઇ પ્રકારના સંસ્કાર નથી. તેમની ફકત વય વધારે છે તેથી, બાલવાડીમાં આવવાનું બંધ શા માટે કરવું ? તેથી ગામડાંની બાલવાડીના બાળકોની વય મર્યાદા અઢી થી છ નહીં, પરંતુ અઢીથી દશ વર્ષ સુધીની રાખવી જોઇએ. અઢીથી નાના હોય એવા ભાઇબહેનો પણ કદી કદી મોટી-બહેનોની કેડ પર બેસીને આવે છે, તેને કેડ પર રાખીને જ રમવું; ગોળ પર ફરવુ વિ. કાર્યક્રમ મોટી બેનો કરતી હોય છે. કાર્યક્રમ યોજતી વખતે પણ ઉપરની બાબત લક્ષમાં લેવી જોઇએ.

ઉપરના મુદ્દા ધ્યાનમાં લઇને કાર્યક્રમની રીતસર યોજના કરવી જોઇએ. આ વર્ષમાં શું કરવું છે, તેના કરતાં આ મહિનામાં શું કરવું છે ? રોજનો કાર્યક્રમ કેવી રીતે નક્કી કરવો એ બધી બાબતોનું અંદાજ પત્રક તથા સમય પત્રક શિક્ષક પાસે હોવું જોઇએ.

બાલવાડીમાં બાળકોને સ્વાતંત્ર્ય હોય છે, એટલે અક્ષય પત્રક હોતું નથી. એનો ખરો અર્થ શિક્ષકે સમજી લેવો જોઇએ. સમય પત્રક નથી. એટલે કંઇ જ કાર્યક્રમ નથી — બાળક પાસે નથી. ને શિક્ષક પાસે પણ નથી. જે સમયે જે સૂઝે તે કરવું. આમ હોય તો ગોટાળો થવાનો સંભવ છે. કયે સમયે કયો કાર્યક્રમ લેવો, એને માટે પણ સમયપત્રક બાલવાડીમાં જરૂરી છે. તે વખતે બધા બાળકોને ત્યાં બેસવું જ જોઇએ, એવો આગ્રહ હોતો નથી, એટલેજ બાળકોને સ્વાતંત્ર્ય છે, એમ કહીએ છીએ. તેવીજ રીતે આગળથી નક્કી કર્યા પ્રમાણે એકાદો કાર્યક્રમ આગળ પાછળ કરવાની જરૂર જણાય તો કરવું. આની પણ આપણને છૂટ છે. સમયપત્રક એ આપણી સગવડતા માટે છે. તેમાં આપણે સંજોગવશાત્ ફેરફાર કરી શકીએ છીએ. તેનું બંધન આપણને નથી, એ દૃષ્ટિથી બાલવાડીમાં સ્વતંત્રતા હોય છે. પણ બાળક માટે આપણે કયુ સમૃદ્ધ એવું વાતાવરણ ઉભું કરવાના છીએ, તેની ભાષા શુદ્ધિને કેવી રીતે મદદ કરીશું, તેની જ્ઞાનેન્દ્રિયને શિક્ષણ આપવા માટે કેવી વ્યવસ્થા કરવાના છીએ, બાળકોમાં સમજ વ્યવસ્થા, સામાજિકતા આવે એને માટે શું કરીશું આ બધી બાબતોનો પૂર્વ વિચાર તથા પૂર્વ યોજના કર્યા વગર આ કામો પાર પડશે નહિ. તેથી શિક્ષકે મહિનાનું અંદાજ પત્રક તૈયાર કરવું. કયા ગીતો, વાર્તાઓ, બડબડ-ગીતો, રમતો તથા પ્રવાસો યોજશું, કયા હસ્તોદ્યોગો લઇશું, નાસ્તા માટે શું બનાવીશું, ઇન્દ્રિય શિક્ષણ, ભાષા, ગણિત માટે કઇ રમતો યોજવાના છો, કયા સાધનો રાખવાના છો વગેરેની નોંધો રાખવી. મહિનાની આખરે તેમાંથી થયેલી તથા ન થયેલી બાબતોની નોંધ લેવી ને ન થએલી બાબતો શા માટે નથી થઇ તેનો વિચાર કરીને આગળના મહિનાનું પત્રક તૈયાર કરવું.

આવી રીતે દર મહિનાનું અભ્યાસપત્રક તૈયાર કરીને તેને આધારે રોજનો કાર્યક્રમ યોજવો. સાધારણ રીતે તે નીચે પ્રમાણે થઇ શકે.

(૧) ઘર — આંગણુ એની સ્વચ્છતા — વાળવું પાણી છાંટવું, — રંગોળી પૂરવી.

(૨) વ્યક્તિગત સ્વચ્છતા — માથું ઓળવું નખ કાપવા, હાથ ધોવા, કપડાં વ્યવસ્થિત કરવા, બટન તૂટ્યાં હોય તો ટાંકવા, ફાટયું હોય તો સીવવું — જરૂર લાગે ત્યાં થીંગડુ મારવું.

(૩) પ્રાર્થના તથા ભજન.

(૪) સામુદાયિક કાર્યક્રમ — એમાં સામાન્ય રીતે બે ભાગ થાય છે.

(અ) સંગીત — બાલગીત — ફેરગીત — અભિનય ગીત, રમતગીત વ. આવી શકે.

(બ) વાર્તા — ગપ્પા ગોષ્ટી — વસ્તુ પરિચય — નાટક વગેરે આવી શકે. અઠવાડિયામાં વારા-ફરતી એક દિવસ આ પ્રમાણે ઉપરનાં બન્ને પ્રકારનાં કાર્યક્રમની યોજના કરી શકાય. દા. ત. સોમ, બુધ સંગીત હોય તો મંગળ, ગુરૂ વાર્તા રાખી શકાય, શુક્રવારે નાટક તથા શનિવારે રમત રાખી શકાય.

(૫) વ્યક્તિગત રમતો — એનાં જુદા જુદા હસ્તઉદ્યોગો તથા જ્ઞાનેન્દ્રિય વિકાસ, ભાષા વિકાસ, ગણિત અને આ પ્રવૃત્તિને લગતાં સાધનો સાથેની રમત.

(૬) નાસ્તો તથા બાલવાડીની ઉત્તર તૈયારી.

(૭) બાગકામ.

(૮) રમત.

ઉપર પ્રમાણેનો કાર્યક્રમ નક્કી કરીને પ્રવૃત્તિ યોજવાથી બાળકને પણ ટેવ પડે છે, અને તે એક પછી એક કામો કરવા લાગે છે, પણ આમાં એકાદ દિવસ કંઈક ફરક કરવાની જરૂર પડે તો જરૂર કરવો. તેજ પ્રમાણે ઉપર લખેલા કાર્યક્રમ પ્રમાણેજ રૂપરેખા દોરવી જોઈએ એવું નથી. આ તો એક નમૂનો આપ્યો છે. આપણી બાલવાડીની પરિસ્થિતિ જાણીને તે પ્રમાણે આપણે કાર્યક્રમ કરી શકીએ પણ તેનો એક નમૂનો તૈયાર કરી રાખવો. દરરોજ નવો કાર્યક્રમ રાખીશું તો બાળકોને તથા આપણને ગોટાળો થશે અને શાળામાં પ્રવૃત્તિનું ધોરણ નક્કી થતું નથી. મહિનાને આખરે જે પ્રમાણે આપણે બાળકોની હાજરીનું સરવૈયું કાઢીએ છીએ, તેજ પ્રમાણે તે મહિનામાં થયેલાં બધાજ કામનું સરવૈયું કાઢવું જોઈએ.

કાર્યક્રમની સાધારણ રૂપરેખા નીચે આપેલી છે. જૂન—૧૯૫૬.

મહિના દરમ્યાન પાર પાડવાનો કાર્યક્રમ	મહિનાની આખરે નક્કી કર્યા પ્રમાણે ન પાર પડેલો કાર્યક્રમ.	કારણ
સ્વચ્છતા – પાઠ – માથું ઓળવું – નખ કાપવાં– અંગસ્વચ્છતામાં નખ, વાળ, કપડાં એની દર શનિવારે તપાસ કરીને નોંધ રાખવી.		
વ્યવસ્થા – સાધનની જગ્યા બતાવવા. સાધનની સફાઈ કરવી		
સંગીત – પ્રાર્થના, અમો તો તારાં નાના બાળ— ભજન – વૈષ્ણવ જન. બાળગીત – ચકીબેન. અભિનય ગીત – બાલુડાં સૌ સાથે મળી. ફેરગીત – અક્કો પાંદડી. રમતગીત - લાખા કુંવર. બડબેડગીત – બચુભાઈ.	ભજન અભિનય ગીત તથા ફેરગીત થયા નથી.	વધારે રજા આવી હોવાથી કાર્યક્રમ ઓછો થયો છે.
વાર્તા – ચલરે તુમડા તડક તડક, ઉંદરની ટોપી. ગપ્પાગોષ્ટી : વરસાદ વિષે. વસ્તુ પરિચય – એકદળ દ્વિદળ ધાન્ય. બાળનાટક – ઉંદરની ટોપી. નાટકમાં બાળકોએ ઓછો ભાગ લીધો હતો.		બાળકો નવા હતા.
રમત – દૂધ અને દહીં, શાનો વખત થયો. કાગડો અને કાબર.		
પ્રદર્શન – કપડાંનું પ્રવાસ - નદી, સમુદ્ર, તળાવ, આમાંથી જે હોય તે. નહિતો ડુંગર પર.	પ્રવાસ થયો નથી.	ખૂબ વરસાદ હોવાથી
નાસ્તો – (૧) વટાણાનું શાક. (૨) કેળાની કચુંબર. (૩) વધારેલા પૌઆ. (૪) સકકરપારા.	કચુંબર થઇ નહીં	કેળા મળ્યાં નહીં

આ કાર્યક્રમ ફક્ત નમૂનો બતાવવા પૂરતો આપ્યો છે. પોતપોતાની બાળવાડીમાં સ્થાનિક પરિસ્થિતિ જોઈને તેમાં જરૂર પડે એ પ્રમાણે ફેરફાર કરવો, પણ આ પ્રકારની નોંધ દરેક શિક્ષક પાસે હોવી જોઈએ.

—અનુતાઈ.

(પાના ૪ થી આગળ)

લલિતભાઇએ જવાબ આપ્યો :

'એ અમારા ગુરૂજી છે. એમને અમે કાકા કહીએ છીએ.'

'એમ ? તમે કઇ નિશાળમાં ભણો છો ?

'દેવલાલી બાલગૃહમાં. પણ એ કંઇ નિશાળ જેવું નથી હો, ત્યાં તો ઘર જેવું જ છે.'

સૂર્યકાન્ત વચ્ચેજ બોલી ઉઠ્યો;

'અરે ઘરથી તો વધારે મજા અહીં આવે ?

લલિતભાઇએ આગળ ચલાવ્યું;

'હાસ્તો. અને બાલગૃહમાં તો કોઇ માસ્તરજ નથી આ અમારા કાકા છે. તેમજ મા જેવાં અમારા બાઇ છે.' ને દીદી છે.

ગૃહસ્થને વિશેષ રસ પડ્યો.

'તે તમને ત્યાં કોઇ મારે નહીં ?

'અરે મારે શું, કોઇ વઢે પણ નહીં.?

'ઠીક! ત્યાં ક્યાં સુધી ભણાવે છે ?'

'જ્યાં સુધી ભણવું હોય ત્યાં સુધી. મેટ્રીક સુધી ભણવું હોય તો ત્યાં સુધી.'

મેં જોયું કે એ ગૃહસ્થના મ્હોં ઉપરની આગળની કડકાઇ ઓછી થઈ હતી. અને અવારનવાર એ જયન્તીભાઇ તરફ નજર કરીને પાછી ખેંચી લેતા હતા.

જયન્તીભાઇ તો મુંગાજ બેઠા હતા.

બેય છોકરાઓએ બાલગૃહની એવી તો વિસ્તૃત વાતો કરી ! એમાં અન્ય વિષયોની પણ વાત આવતી હતી. પેલા ગૃહસ્થ ઉપર એ વાતોનો બહુ પ્રભાવ પડ્યો.

આટલું ઓછું હોય તેમ લલિતભાઇ કહે:

'અમારા બાલગૃહની પુસ્તિકાઓ વાંચો તો તમને બધીય ખબર પડી જશે.'

અને જયન્તીભાઇ પાસે આવતાં એ બોલ્યો; કાકા, આપણી પુસ્તિકાઓ આપોને. આમને આપવી છે.'

અને પુસ્તિકાઓ લઇને પેલા ભાઇને આપતાં આગળ બોલ્યો;

'આ બાલગૃહમાં બે દિવસ' તમે વાંચશો એટલે તમને બરાબર ખબર પડી જશે.'

પેલા ભાઇએ પુસ્તિકાઓ લઇને વાંચવા માંડી. વચ્ચે વચ્ચે કંઇ ખૂલાસા એ લલિતભાઇને પૂછતા હતા, અને એ એમને જવાબ આપતા હતા.

પણ પછી તો એ ભાઇ પુસ્તિકાઓમાંજ મશ્ગુલ થઇ ગયા.

અને જ્યારે એ વાંચી લીધી ત્યારે જાણે એમને કોઈ અલભ્ય આનંદ થયો હોય તેમ એમનું મ્હોં ધન્યતાથી છવાઇ ગયું.

અત્યાર સુધી એમણે બાળકો સાથેજ વાતો કરેલી એનું એક કારણ એ હતું કે આ વાતો દરમ્યાન જયન્તીભાઇ તો કંઇજ બોલ્યા ન હોય; બીજું કારણ એમણે મારા ઉપર મિન્નજ ખોયેલો એની ભોંઠપ હતી.

પણ હવે એમનાથી ન રહેવાયું :

એ પોતાની જગ્યાએથી ઉભા થયા. અને બહુજ ભક્તિભાવથી ત્યાંથી હાથ જોડીને જયન્તીભાઇને નમસ્કાર કરતા બોલ્યા :

'આ પુસ્તિકાઓ હું મારા માટે રાખું ?'

'જરૂર જરૂર રાખો. એ આપવા માટે તો છપાવી છે !' જયન્તીભાઇ બોલ્યા.

સાસરવાટ.....

સાસરવાટ શિલાભરી રે એને છેક અજાણી;
ક્યાંય શીળી નથી છાંયડી રે નથી પંથમાં પાણી !
લાજભરી મોંરી લાડકી રે એને મોઢડે તાળાં;
કોણ પળેપળ પૂછશે રે દુઃખી જોઈ દયાળા !

[બોટાદકાર]

卐

સાસરૂં એણે જોયું નથી, ઘરની શીળી છાંયડી છોડીને ક્યાંયે એણે પગલું પાડ્યું નથી એવી લાડકી દીકરી સાસરે જતાં, એનું શરમાળ મોઢું જોઇને કોણ અને વહાલપથી બોલાવશે ?

અજાણ્યા સાસરામાં એને વહાલથી બોલાવશે, આપતજનો સાથેની એક સ્મરણ છબી.....

* ફોટોગ્રાફી * પેટિંગ
* એન્લાર્જમેંટ * ફ્રેમિંગ
ન્યુ ઠક્કરબાપા પોસ્ટ કે સામને રાજકોટ

ગૃહસ્થ આગળ બોલ્યા:

'મારે એક પુત્ર છે. બાર તેર વરસનો બિલકુલ રીઢ થઇ ગયો છે. ખરાબ સંગતનો પ્રતાપ. કેટલેય ઠેકાણે ચૂકેલો. પણ કયાંય ટકતો નથી. —જો આપ રાખો તો લાવું'

જયન્તીભાઇ જવાબ દે તે પહેલાં જ સૂર્યકાન્ત બોલી ઉઠયો:

'હા, હા. મોકલો, મોકલો. અને હું પણ પહેલાં તો નિશાળે નહોતો જતો. રખડ્યા જ કરતો ને સિનેમા જોયા કરતો.'

જયન્તીભાઇએ કહ્યું:

'આપ જરૂર એને લાવજો. એને બાલગૃહમાં ગમી જશે.'

એ ભાઇ હાથ જોડતા બેઠા.

અત્યારે એ ઇચ્છતા હોય કે એ પોતે અમને પોતાની પાસે બોલાવીને બેસાડે! પણ પહેલાં પોતે જે મિજાજ બતાવેલો એટલે એમ કરતાં એમને ભોંઠપ આવતી હોય એમ લાગતું હતું.

એણે બોલ્યા વગર જ સૂર્યકાન્તનો હાથ પકડીને એને પોતાની બાજુમાં બેસાડ્યો. અને રમેશભાઇ પણ પેલું પોટલું જરા આઘું કરીને બેસી ગયો!

એ ભાઇ કલ્યાણ આવતાં એમના પત્નીને ઉઠાડી અને ત્યાં જ ઉતરી ગયા. ઉતરતાં પણ એમણે જયન્તીભાઇને નમસ્કાર કર્યા અને પોતે રફૂલ ઉઘડતાં જ આવશે એમ કહેતા ગયા.

આ બધો વખત અમારું ધ્યાન માત્ર એ ગૃહસ્થ તરફ જ રહેલું. પણ જ્યારે એ દરવાજામાંથી બહાર ગયા ત્યારે અમારું ધ્યાન અમારા ભાઇબંધ ભૈયાજી તરફ ગયું.

એમના મ્હોં પર મજાક ભર્યું હાસ્ય હતું.

એ પણ હાથ જોડતા જયન્તીભાઈ તરફ બોલી ઉઠયા:

'પંડિતજી, આપ તો ખૂબ હૈં. આપને હરફ નહીં નિકાલા ઔર વહ તીસમાંરખાં કો આપને દોસ્ત બના દીયા!'

અને એ બધા બાળકો તરફ જોતો બોલ્યો.'

'ઔર યહ તુમ્હારે બચ્ચે કોઇ અજીબ હૈં!' કયા કયા બોલ રહે થે! મુંહમેં જીભ રખતે નહીં થે!

લલિતભાઇ લાંથી આંખો નચાવતો બોલ્યો:

'તો ભૈયાજી, આપ કયા સમજતે હો? હમ કૌન હૈં? — બાળગૃહ કે લડકે! — સમજે?'

એમ કહેતો એ મૂછ મરડતો હોય એમ વળ દેવાનો અભિનય કરવા લાગ્યો.

એ ગૃહસ્થ ગયા. એટલે એ જગ્યાએ અમે ગોઠવાયા હવે તો ઘણી વ્યવસ્થા હતી. ભૈયાજી પણ આવી બેઠા!

ગાડી ચાલી ત્યારે મેં જયન્તીભાઇને કહ્યું:

'જયન્તીભાઇ, માણસનું મન કેવું છે! એ કયારે શું કરે એ કંઇ ન કહેવાય!

'આ ગૃહસ્થ પહેલાં કેવી ખરાબ રીતે વર્ત્યા! અને જતાં એ કેવા નમ્ર થઇ ગયા!

'આ ભૈયા લોકોનો મને એવો કડવો અનુભવ છે કે આજ મને અહીં આવતા ઝગડાની બીક લાગતી હતી પણ આજ આ ભૈયાજીએ એ છાપ ભૂંસી નાખી છે—પણ હું જાણું છું એ ફરક બધી વ્યક્તિ વ્યક્તિના કારણ બને છે.'

જયન્તીભાઇ કાંઇ વિચાર કરી બોલ્યા:

'સુમનભાઇ, તમારી વાત એક રીતે સારી છે અને એક રીતે સાચી નથી. વ્યક્તિ

વ્યક્તિએ ફરક છે એ ખરૂ પણ એ એકજ કારણ નથી હોતું.

'તમે મને આગળ પણ આ ભૈયાઓની વાત કરેલી પણ તમે જોશો તો એમાં એ ભૈયાઓનો દોષ નહીં દેખાય એ લોકો જે જાડધારી રીતે ઉછરે છે, તે રીતે એમને આમ ફેંકવો કે બીજાને લાગી જાય એમાં વાંધો ન લાગવો એ એમના ઉછેરમાં છે. એની પાછળ સ્વાર્થવૃત્તિ નથી. જેટલો ત્રાસ તમને એ આપે છે, એથી યે વિશેષ ત્રાસ તમે એ લોકોને આપો તોય એ એમાં કંઈ અયોગ્ય ગણશે નહીં.

એ ત્રાસ દેતા ભૈયાઓમાંનાજ આ ભૈયાજી છે. જેમણે આજ આપણને પ્રેમથી આવકાર્યા, ભલે અઝડપણું એ સાદું ન હોય પણ એ આ અભણ લોકોનો બહુ મોટો દુર્ગુણ ન ગણાય કેમકે એમનામાં હજુય માનવી માટે પ્રેમ તો એટલોજ ભર્યો છે. અઝડતા એ તો એના જીવનનું એક બા રૂપ છે. એ કડક કાચલીની અંદર તો પ્રેમ ભરપુર કુંણું દીલ છે.

'પણ એ અભણ છે એટલેજ એ કુંણું દીલ રહ્યું છે.

'એજ અભણ માનવીને ભણાવીને આપણે હમણાં ગયેલાં ભણેશ્રીઓ બનાવીએ છીએ. અને એમનું અઝડતાનું કાચલું આપણે કાઢી નાખીએ છીએ.

'પણ એ સાથે અંદરનું પેલું કુંણું દીલ પાછું કાંચણ એવુંજ કઠણ થઈ જાય છે!

'આજ આપણા ભણતરનો અંજામ છે!

આ અભણ ભૈયાજી નિઃસ્વાર્થ આપણા ઉપર પ્રેમ વરસાવી શકયો. જ્યારે પેલા ગૃહસ્થને જ્યારે એના પુત્રના પ્રશ્નનો ઉકેલ આપણામાં દેખાયો ત્યારે એનો આપણા તરફ પ્રેમ ઉભરાઇ પડયો!

'ભણતરે પેલા નિઃસ્વાર્થ પ્રેમને સૂકવી નાખ્યો ભણતરે, માત્ર સ્વાર્થ હોય ત્યારે પોતાના પ્રેમનું કેમ પ્રદર્શન ભરવું એ બધુ સુંદર રીતે શીખવી દીધું છે.

'આ છે આપણા શિક્ષણ નો સરવાળો!

'નિરક્ષરતા રૂપી બકરું આપણે કાઢીએ છીએ ત્યારે બીજે બારણેથી સ્વાર્થનો ઊંટ, અંદર ઘુસાડી દઇએ છીએ એ આપણે નથી જોતા.'

આ વાત કેવી સાચી છે!

એજ ચર્ચામાં મુંબઈ આવી ગયું.

—એ. જ. ચૂ.

રિંગોઝોનનો
મલમ અથવા લોશન
ગમેતેવી દરાજ, ખરજ
કે ખરજવાં જેવાં
ચામડીના દરદોને આ દવા
જડમૂળથી નાબૂદ કરે છે
ધી ઝોન કેમિકલ કું.
મુંબઇ. ૪



સંપાદકીય

બાલ કલ્યાણ પરિષદ, નવી દિલ્હી :

ગયા માસના બીજા અઠવાડિયામાં ભારતીય બાલવિકાસ સમિતિ (Indian Council for Child welfare) ના ઉપક્રમે એક રાષ્ટ્રીય બાલકલ્યાણ પરિષદ યોજવામાં આવી હતી. આ પરિષદનું ઉદ્‌ઘાટન બાળકો પ્રત્યે વિશેષ લાગણી ધરાવતા આપણા પંતપ્રધાન પંડિત જવાહરલાલ નેહરૂએ કર્યું હતું. ભારતીય બાલવિકાસ સમિતિના અધ્યક્ષ શ્રીમતી રાજકુમારી અમૃતકૌર જેઓ આપણા કેન્દ્રીય આરોગ્ય મંત્રી છે એમણે પરિષદના સ્વાગત પ્રમુખ તરીકે દેશની અગ્રગણ્ય એવી બાલકલ્યાણ સંસ્થાના બસો જેટલા પ્રતિનિધિઓને આવકાર આપતું પોતાનું સ્વાગત પ્રમુખ તરીકેનું ભાષણ કર્યું હતું. પરિષદ નિમિતે પ્રદર્શન, પરિસંવાદો વગેરે જે જૂદા જૂદા કાર્યક્રમો યોજાયા હતા તે નિમિતે ડા. બી. વી. કેસકર, ડૉ. કે. જી. સૈય્યીદૈન, શ્રી. ગોવિંદવલ્લભ પંત, ડૉ. સુશીલા નાયર, શ્રીમતી, ઇંદિરા ગાંધી, શ્રીમતી હેના સેન, શ્રી. જી. એલ. શુકલ તેમજ કેન્દ્રીય શિક્ષણ ખાતાના જુદા જુદા અધિકારીઓના ભાષણો અને વિચારોનો લાભ પરિષદને મળ્યો હતો, તેથી બાલકલ્યાણ પ્રવૃત્તિ અંગે સરકાર શું શું કરી રહી છે અને શું શું કરવા ધારે છે તે માટેની અધિકૃત માહિતી મળી હતી. દિલ્હીની મે માસની પ્રતિકૂળ ઋતુને અવગણીને જે ખંતથી આ પરિષદનો કાર્યક્રમ પાર પાડવામાં આવ્યો તે માટે પરિષદના સંચાલકોને સાચેજ અભિનંદન આપવા ઘટે. બીજી પંચવાર્ષિક યોજના જ્યારે છેલ્લું સ્વરુપ લેવાની અણીએ હતી તે વખતે દેશની જૂદી જૂદી બાળ-કલ્યાણ સંસ્થાઓ શું શું સૂચવવા માગે છે તેનો અંદાજ કાઢવા માટે જ આ પરિષદ ધોમધોખતા ઊનાળાનો સામનો કરીને બોલવવામાં આવી હશે એમાં શંકા નથી. તેથી જ આ પરિષદમાં જે કંઈ વિચારો રજૂ થયા તેને બીજી પંચવાર્ષિક યોજનામાં બની શકે તેટલું સ્થાન મળશે એવી આશા કરી શકાય એમ છે. પરિષદમાં થએલા મોટા ભાગના ભાષણો આપણા દેશની બાળકલ્યાણ પ્રવૃત્તિ અંગેની પરિસ્થિતિ અને પ્રશ્નો અંગેનો યથાર્થ ખ્યાલ આપનારા હતા. એમાંથી કેટલાંક ભાષણોનો સાર હવે પછીના અંકમાં આપવાનું અમે વિચાર્યું છે.

બાલકલ્યાણ પ્રવૃત્તિના જૂદા જૂદા પાસાઓ અંગે વિચારણા શક્ય બને તે માટે પરિષદના ચાર મુખ્ય વિભાગો કરવામા આવ્યા હતા. એવા દરેક વિભાગમાં બીજા ત્રણ ચાર મંડળો રચવામાં આવ્યા હતા. એ બધા મંડળોની ભલામણો પરિષદના ખુલ્લા અધિવેશનમાં ચર્ચવામાં આવી હતી અને અનુસંધાનમાં કેટલાક મહત્વના ઠરાવો ઘડવામાં આવ્યા હતા.

સૌથી મહત્વનો ઠરાવ ભારત સરકારે કેન્દ્રમાં સમાજ કલ્યાણ પ્રવૃત્તિ માટે સચિવાલય (Ministry for Social Welfare) સ્થાપન કરવાની ભલામણ અંગેનો હતો. શ્રીમતી ઇંદિરા ગાંધી તેમજ શ્રીમતી સેન વગેરેએ આ ઠરાવ સામે પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. બાલકલ્યાણ પ્રવૃત્તિ જેવા ક્ષેત્રમાં સરકારી હસ્તક્ષેપ થાય અથવા તેની અપેક્ષા આપણે રાખવી એ એમને અયોગ્ય લાગ્યુ હતું. આ સબંધમાં પરિષદ તરફથી એક પ્રતિનિધિ મંડળ પંડિત નેહરૂની મુલાકાતે જઇ તેમની સલાહ પણ લઇ આવ્યું હતુ. પંડિતજીએ ભારત સરકાર અત્યારના સોશ્યલ વેલફેઅર બોર્ડની પ્રવૃત્તિનો વિસ્તાર કરવા તેમજ તેને જરૂરી વધુ સત્તાઓ આપવા તૈયાર છે પરંતુ આ કાર્ય માટે સ્વતંત્ર ખાતાઓ ચલાવવ અંગેની વિચારણા તે જૂદા જૂદા રાજ્યોએ જ જરૂર જણાય તો કરવી જોઇએ એવો પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. આવો ખુલાસો મળ્યાં છતં પરિષદે કેન્દ્રમાં સમાજ કલ્યાણ પ્રવૃત્તિ માટે સ્વતંત્ર ખાતું બોલવા અંગે ભલામણ કરતો ઠરાવ બહુમતથી પસાર કર્યો હતો.

બીજા એક ઠરાવમાં બાલકલ્યાણ સંસ્થાઓનુ રજીસ્ટ્રેશન તેમજ તેના પર નિયંત્રણ રાખવા માટે કેન્દ્રીય સરકારે કેટલાક કાયદાઓ કરવાની જરૂર છે તેના પર ભાર મૂકવામાં આવ્યો હતો.

લોકલ બોર્ડ, મ્યુનિસિપાલિટી જેવી સ્થાનિક સંસ્થાઓ આ કાર્ય માટે નાણાં ઉભા કરે તેવી ભલામણ કરવામાં આવી હતી

પરિષદે બાલકલ્યાણ અંગેના સંશોધન અને મૂલ્યાંકન માટે કંઇક વ્યવસ્થા થવી જોઇએ તે માટે સૂચન કર્યું હતું.

પરિષદના બાળકેળવણી વિષયક વિભાગે સાત વર્ષ સુધીના કામગાર સ્ત્રિઓના બાળકો માટે ઘોડિયા ઘરો તેમજ બાલમંદિરો અથવા બાલવાડીઓનો પ્રબંધ ગામડાઓ તથા શહેરોમાં થવો જોઇએ અને તે માટે ગ્રામીણ વિભાગોમાં સરકારે ૭૫ % જેટલી ગ્રાંટ આપવાનું ધોરણ રાખવું જોઇએ એવી ભલામણ કરી હતી.

અન્ય ઠરાવોમાં કુટુંબ નિયોજન અંગેનો પ્રચાર, શાળાઓમાં ભણતા બાળકોને પૂરક ખોરાકની વ્યવસ્થા તેમજ બાલસાહિત્ય માટે એક રાષ્ટ્રીય ટ્રસ્ટ યોજવા અંગેની સૂચનાઓ હતી.

ચાર દિવસના કાર્યક્રમમાં દેશની બાલકલ્યાણ પ્રવૃત્તિએ હવે પછી પોતાના પગલાં કઇ દિશામાં વાળવા તે બાબતનું બહુજ સ્પષ્ટ ચિત્ર રજૂ થયું હતું. પરિષદના અનુભવી તેમજ કાર્યક્ષમ ચાલકોને અમારા હાર્દિક અભિનંદન.

બાલમંદિરોના સો જેટલા વર્ગો

અમદાવાદની મહાનગર પાલિકા વખતોવખત બાલકલ્યાણ પ્રવૃત્તિ અંગે નવી નવી યોજનાઓ વિચારે છે અને તેથી તે પોતાના પ્રદેશના બાળકો પ્રત્યે જાગૃત રહી કંઇક કરવાની પોતાની ફરજ છે એ સમજે છે. ૧૯૨૭ માં પોતાનું બાળમંદિર શરુ કરીને તે વખતની અમદાવાદ નગર પાલિકાએ ભારતની બધીજ નગર પાલિકાઓને બાલપ્રવૃત્તિનો પહેલો પાઠ આપ્યો છે. તે પછી નગરના જૂદા જૂદા લત્તાઓ માટે બાલક્રીડાંગણો અને ઉદ્યાનો ઉભા કરવામાં અમદાવાદ નગર પાલિકાઓ જે ઉત્સાહથી કામ ઉપાડયું તે પણ અમદાવાદને ગૌરવ દેવા જેવું હતું. અમદાવાદની પ્રજા પણ બાળ કેળવણી માટે કંઇક ઉત્સાહ ધરાવે છે. આ શહેરમાં નાની મોટી બસો જેટલી બાળમંદિરની બાનગી સંસ્થાઓ ચાલે છે એમ કહેવામાં આવે છે. પ્રજાનુ આ વલણ ધ્યાનમાં લઇ અહમદાવાદ મહાનગર પાલિકાના સ્કૂલ બોર્ડે ૫૦ હજારના ખર્ચે ૧૦૦ બાળમંદિરો શરૂ કરવાની એક યોજના કરી છે તેમ જાણવા મળે છે.

આ યોજના મુજબ મહાનગર પાલિકા વર્ગ દીઠ રૂ. ૫૦૦ નો કેપીટલ ખર્ચ કરશે. તેમાં બાળકો માટેનો જરૂરી સાધન સરંજામ લેવાશે. દરેક વર્ગમાં ૩૦ બાળકો લેવાશે. દરેક બાળક માટે માસિક રૂ. ૨ ની ફી રાખવામાં આવશે. વર્ગનો સમય સવારે

શિક્ષણ સાધનો

બાલમંદિર માટે સાધનો, નકાશાઓ, ચિત્રપટો, કસરતના સાધનો,
બાલસાહિત્ય અને અન્ય ઉપયોગી સાધનો માટે સૂચિપત્ર મંગાવો.

લખો:

નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્ક્સ (પ્રાઇવેટ) લિ.
સીનેમા રોડ, સુરેન્દ્રનગર. (સૌરાષ્ટ્ર.)

૮ થી ૧૦-૩૦ રહેશે. અને તેમાં, ત્રણ થી પાંચ વર્ષના બાળકોને દાખલ કરવામાં આવશે.

અમદાવાદ જેવા ગીચ વસ્તીના શહેરના બાળકોને અઢી કલાક માટે પણ મહાનગર પાલિકાની પ્રાથમિક શાળાઓના ખુલ્લા મોટા મકાનો અને તેના ક્રીડાંગણોમાં રમવાની કંઈક સગવડ કરી આપવાનો આ વિચાર કેટલો અગત્યનો છે તે કહેવાની જરૂર નથી. બાળકોની મુંઝવણ સમજીને મહા નગર પાલિકાએ આ જે અત્યંત ઉચિત પગલું ભર્યું છે તે માટે અમે મહાનગર પાલિકાને ધન્યવાદ આપીએ છીએ. અમદાવાદની આ યોજના સફળ બને તો તે દેશની અસંખ્ય નગરપાલિકાઓ અને સ્થાનિક સંસ્થાઓ માટે માર્ગ દર્શક થઈ પડશે. આ વર્ગ સફળ કરવામાં મહાનગર પાલિકાએ જે પ્રકારના શિક્ષકોની યોજના કરી છે તે વસ્તુ અમારી દૃષ્ટિએ આ યોજનાની કાચી કડી છે. તે તરફ અમે અમદાવાદ મહાનગર પાલિકાનું ખૂબ જ વિનય પૂર્વક ધ્યાન ખેંચીએ છીએ અને કહીએ છીએ કે યોગ્ય તાલીમ પામેલા શિક્ષકો જો આ યોજનામાં નહિ રાખવામાં આવે તો વર્ગો બાળકોના વિકાસને નુકશાન કરશે અને પૂર્વ પ્રાથમિક કેળવણીમાં એક મોટો નમૂનો ઉભો થશે. અમદાવાદના સદ્‌ભાગ્યે અમદાવામાં ગુજરાત બાલ-અધ્યાપન મંદિરની સ્થાપના થઈ છે. આ સંસ્થા નૂતન બાળ શિક્ષણ સંઘ જેવી ગુજરાતમાં ૩૦ વર્ષથી કાર્ય કરતી અનુભવી સસ્થા સાથે સારો એવો સંબંધ ધરાવે છે. આ સંસ્થા શિક્ષકોની તાલીમનો તેમજ આ નવા ઉભા કરેલા બાળ-મંદિરોના નિરીક્ષણ અને નિયંત્રણનો પ્રશ્ન યોગ્ય રીતે હાથમાં લઇ શકે એવી સ્થિતિમાં છે. મહા-નગર પાલિકા તે માટે પોતાનું બાતું કાર્યક્ષમ બનાવી શકશે પરંતુ બાતાઓ તરફથી થતાં કામમાં જે કેટલાક દોષ આવી જાય છે તે ધ્યાનમાં લતાં આ પ્રવૃત્તિ માટે મહાનગર પાલિકા સ્થાનીક સંસ્થાને વિશ્વાસમાં લઇને તેમને વિશ્વાસથી પોતાનું કામ સોંપે તો લોકસંસ્થા અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાના સહકારનો એક ઉત્તમ દાખલો આપી શકાશે. અમદાવાદ મહાપાલિકા અમારા આ સૂચન પર જરુર વિચાર કરે અને નૂતન બાલશિક્ષણ સંઘની અમદાવાદ શાખાના કાર્યકરો તે અંગની જરુરી હીલચાલ કરે એવું અમારું નમ્ર સૂચન છે.

ભારતમાંજ બનતી સ્વદેશી બનાવટોને જ ઉ-તેજન આપો.



એ રાજ હંસની વાત

એ રાજાનું નામ જાનશ્રુતિ. એને પક્ષીઓ પાળવાનો ઘણો શોખ. રાજ્યનાં ગામ અને નગરોમાં એણે પરબડીઓ બંધાવેલી. પોતાના મહેલમાં પણ એણે એક ખાસ પરબડી બંધાવી. રાજા જાતે દાણો નીરે અને એ દાણો ચરવા દેશ–વિદેશનાં પક્ષીઓ આવે, રંગબેરંગી જાત જાતના અનેક પક્ષીઓ આવે. રાજા એ પક્ષીઓને જોઇ રાજી થાય.

એ રાજાને રાજહંસ ઘણા ગમે. રાજહંસ જોવા એ જંગલોમાં ભટકે અને રાજહંસ જુએ ત્યારે જ એને આનંદ થાય અને પછીજ ઘેર પાછો ફરે.

એ રાજાને એવી ઈચ્છા થઇ કે પોતાને ત્યાં રાજહંસ આવે! પોતાની પરબડી પર આવી રાજહંસ ચારો ચરે. એણે રાજહંસ બોલાવવા એક યુક્તિ રચી. પક્ષીઓ માટે જ્યારે એ દાણો નીરે ત્યારે તેની સાથે થોડાં મોતી પણ વેરે. પક્ષીઓ આવી દાણો ચરી જાય, પણ મોતીને કોઈ અડકે નહિ. રાજહંસ આવે, તોજ તે મોતી ચણે. રાજા રોજ મોતી વેરે અને રાજહંસની રાહ જુએ. એમ તો દિવસો ચાલ્યા ગયા, પણ રાજાની ધીરજ ખૂટે નહિ. રાજહંસ એક દિવસ આવશે જ, એની એને ખાતરી હતી.

તે દિવસે રાજા કંઇક આનંદમાં હતો. એ રોજ કરતાં વહેલો જાગ્યો હતો અને વહેલો વહેલો પરબડી પર ગયો. એના હાથમાં બીજો દાણો આવ્યો નહિ અને એકલાં મોતીજ આવ્યા. એણે બધાં મોતીજ વેરી દીધાં અને એ રાહ જોતો બેઠો. બીજાં પક્ષીઓ તો આવ્યાં નહિ; પણ બે રાજહંસો આકાશમાં ઉડતા હતા, તેમની નજર મોતી પર પડી અને એ પરબડી પર ઉતર્યા.

એકલાંજ મોતી વેરાએલાં જોઇ, એ બંને તો ખુશ થઈ ગયા. એકબીજાને સામે જોતા જાય, મોતી ચણતા જાય અને એમની વાણીમાં કંઈક વાત કરે. એમાંનો એક રાજહંસ કહે કે 'ભાઇ! આ પરબડી બનાવનારા રાજા કેટલો ઉદાર છે. એણે અહીં એકલાં મોતીજ પાથર્યાં છે. આપણે ખરેખર એ રાજાની ઉદારતાનાં વખાણ કરવાં જોઈએ!,

બીજો રાજહંસ કહે 'મોતી વેરવાં એમાં કાંઈ ઉદારતા નથી. એની પાસે ઘણાં મોતી હશે અને એણે એ વેર્યાં હશે. રાજહંસને જોવાનો એને શોખ, એટલે એણે મોતી વેર્યાં હશે; એમાં ઉદારતા શાની?'

પહેલો રાજહંસ કહે 'મને તો આ રાજા ઉદાર લાગે છે. એ વિના એનાથી મોતી વેરાય નહિ.'

બીજો રાજહંસ કહે 'નહિ ભાઇ! મને તો આ રાજા પામર લાગે છે. ભલે એની પાસે ધન હોય પણ એની પાસે આત્મજ્ઞાન નથી અને તે પામર છે' આત્મજ્ઞાન વિના માણસ ઉદાર બનતો નથી.' પહેલો રાજહંસ કહે કે 'તો મને એવો ઉદાર માણસ બતાવશે?' બીજો રાજહંસ કહે 'કે ચાલ મારી સાથે, હું તને ઉદાર માણસ બતાવું.'

રાજા છુપાઇને એમની વાત સાંભળતો હતો. એને ત્યાં આજે રાજહંસ આવ્યા હતા, એજ આનંદની વાત હતી અને એમાંય એમની વાતચીતથી એને કંઈક જાણવાનું મળ્યું. રાજહંસો ઉડીને જાય એટલે તે પણ પાછળ જવાને તૈયાર થયો.

રાજહંસો ત્યાંથી ઉડ્યા અને દૂર એક ગામને સીમાડે જઇને બેઠાં. રાજાય એમની પાછળ જઇ પહોંચ્યો હતો. ત્યાં ઝાડને ઓથે એક ગાડું

— વાદળાંને —

આવોજી આવો વાદળ સૌ પાણીડાં લઈ આવોજી,
નીલ ગગનમાં રમતાં કૂદતાં ધીમે રહીને આવોજી!
દૂરદૂરની વાતો લાવો,
સાગરનાં ઘુઘવાટાયે.
સોનાં ઉછળે ફીણ વળે તે
સોનાં ઉછળે ફીણ વળે તે વાતો લઇ ને આવોજી!
વીરોની હાકલ્લ શાં કરતાં
ગગડાટો ગડડડ ધીમે
વીજળીના ચમકારા કરતાં વાદળ સૌ અહીં
આવોજી!

તમે આવતાં વન વન, કરશે
નૃત્યો, મોરલિયાં થનગન્
વળી ટહુકશે 'ટૂંહુ ટૂંહુ': ધીમે ધીમે અહીં આવોજી

ઝાડી ઝાડી કૈં હર્ષ પામશે,
પુષ્પવેલ નાચી ઉઠશે;
સરિતાયે કૈં સરર કરતી નૃત્ય અનેરું કરી ઊઠશે
તમે આવતાં અમે સહુ કૈં
આનંદે ડોલી ઉઠશું
કાગળની હોડી લઇ રસ્તે રમતો રુડી રમશું આવોજી

લલિત પરીખ

પડયું હતું અને ગાડાની નીચે એક સાધુ માણસ બેઠો હતો. એનું નામ રૈકવ. એની પાસે કાંઈ નહોતું, બીજું કોઇ સાધન નહોતું. એનું જે કંઈ ગણો, તે ગાડું જ હતું. રાજહંસો તેજ ઝાડ પર જઇને બેઠા. પેલા બીજા રાજહંસે પહેલા રાજહંસને જણાવ્યું કે 'જે આ રૈકવ છે, તે લોકમાં પામર દેખાય છે, પણ મારી નજરે એ ઉદાર છે; કારણ કે એની પાસે આત્મજ્ઞાન છે. એટલે એને બીજા કશાની જરૂર નથી. એનું જીવન સંતોષથી પસાર થાય છે. એ પામર નથી.'

પેલા પહેલા રાજહંસે બીજા રાજહંસની વાત માની અને ત્યાંથી બંને ઊડી ગયા.

રાજહંસના ઉડી ગયા પછી, પેલો રાજા ગા. નીચે બેઠેલા સાધુ પુરુષ પાસે ગયો. એ નમસ્કાર કર્યા અને સાધુ પુરુષે એને આશીર્વા આપ્યા.

રાજાએ જિજ્ઞાસાથી એમની પાસેથી આત્મ જ્ઞાન મેળવવાની ઈચ્છા બતાવી. એટલે રૈકવે તે ઉદારતાથી આત્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો. રા એ આત્મજ્ઞાનનો ઉપદેશ મેળવી આનંદ પામ્યો તેની પામરતા દૂર થઇ અને તે પણ સાચો ઉદ બની, રાજધાની ભણી ગયો.

ક્યાં ગયા' તા ?

ક્યાં ગયાં, તા?
ફરવા.
શું જોઈ આવ્યા?
સ્ટીમર ને સ્ટીમ લોંચ. વહાણ ને હોડી.
ચમકતી રેતી. ડુબતો સૂરજ.
મોટા મોટા મોજા ને ખારૂં ખારૂં પાણી.
ઓય રે! દરિયે ગયા' તા એમ કહેાને.
હાસ્તો.

× × ×

ક્યાં ગયા' તા?
ફરવા.
શું જોઇ આવ્યા?
ઉંચા નીચા ઝાડ. લીલું સૂકું ઘસ.
પથરા ને કાંકરી. લાલ, કાળી માટી.
વહેતા ઝરણાં, જ્યાં ત્યાં લપસણાં.
દૂર નીચે ગામડાં, જાણે કીડીઓના રાફડાં.
ઓય રે! પહાડ ચડયા' તા એમ કહેાને.
હાસ્તો.

× × ×

ક્યાં ગયા' તા ?
ફરવા.
શું જોઇ આવ્યા?
મોટા મોટા ભગવાન. મોટા મોટા થાંભલા.
ભાંગી. ટૂટી. દીવાલો, કોરેલી કમાનો.
અંધારૂં ઘોર! પણ ઠંડક ઠંડક !
એવા તો ભગવાન, કે નથી માગતા ફૂલ,
કે નથી માગતા ફળ.
ઓય રે! ગુફા જોઇ આવ્યા. એમ કહેાને!
હાસ્તો.

× × ×

ક્યાં ગયા' તા ?
ફરવા.
શું જોઇ આવ્યા?
નાના મોટા ઝાડ. એવા તો ગીચ કે તડકાય ન મળે.
ઊંચું ઊંચું ઘાસ. એવું તો ઊંચું કે રસ્તોય ન જડે.
મોટી મોટી વેલો પર હિંચકા ખાધા.
ઝાડે ઝાડે ચઢીને ભુસકા ખાધા.
ઓય રે! જંગલ જગાવ્યું એમ કહેાને.
હાસ્તો.

× × ×

ક્યાં ગયા' તા?
ફરવા.
શું જોઇ આવ્યા?
વહાણ ને હોડી. ઝટ જાય દોડી.
કાચબા ને કરચલા. માછલી ને માછલાં.
કિનારા પર ફર્યા. ને ખૂબ ખૂબ તર્યા,
પીધું મીઠું પાણી. ને કરી ઉજાણી.
ઓય રે! નદીએ ગયા' તા એમ કહેાને!
હાસ્તો.

ઉજાણી

ઊનાળાની રજા પડી.
ગૌતમ, ગૌરીને મજા પડી!
ગૌતમ—રજા પડી;
મજા પડી!
ઘર કામ નહિ,
વખત જાય નહિ,
ગૌરી— ચાલો ને ઉજાણીએ જઈએ
ગૌતમ—કઇ જગાએ જઈએ?
ગૌરી— પેલા વડલા દાદા રોજ યાદ કરે છે.
દાદા પાસે જઇશું,
માથે ચઢશું,
દાઢી પકડશું,
હિંચકા ખઇશું.
ગૌતમ—ગૌરી—ઉનાળામાં ઉજાણી,
થાશે ઘણી મજાની,
કઈ કઈ લઇશું વાની?
ગૌરી— બટાટા લાવો,
શક્કરિયાં લાવો,
ખરબૂચ લાવો,
તરબૂચ લાવો,
આકુસની કેરીઓ લાવો,
જલદી જાઓ, જલદી જાઓ,
વહેલા વહેલા પાછા આવો
ગૌતમ—તું શું લઇશ?
ગૌરી— કાજુ, દ્રાક્ષ, ચારોળી,
પુરી, પાપડ, પકોડી,
આસન વાસણની ઝોળી,
એક પૈસાની ગોળી!
ગૌતમ–ગૌરી ઉજાણીએ ગયાં,
વડલાદાદા—આવો દીકરા, આવો,
આસન અહીં જમાવો,
ખાટું મીઠું ખાઓ,
હિંચકા ઊંચા ખાઓ,
ગીત મધુરાં ગાઓ,
આવો, દીકરાં, આવો.

મોહનસિંહજી પરમ



બાળ શિક્ષણ-સંઘ સમાચાર

કઠલાલ :– કઠલાલ આદર્શ સ્ત્રી ઉદ્યોગ શાળા તથા વિનોદ બાળ મંદિરનો બીજો વાર્ષિક ઉત્સવ તા. ૮ અને ૯–૫–૧૯૫૬ ના રોજ શ્રીમતિ કાન્તાબેન ત્રિવેદીના પ્રમુખપદે યોજવામાં આવ્યા હતો જે વખતે રંજન કાર્યક્રમ, પ્રભાતફેરી, પ્રદર્શન વગેરે કાર્યક્રમો યોજાયા હતાં.

જોઇએ છે :– "દક્ષિણ ભારતમાં આવેલ મદુરા શહેરમાં ગુજરાતી શાળા માટે શિક્ષક જોઇએ છે. લખો : આચાર્યજી, C/o. અમર જ્યોતિ રેટોર્સ અમ્મન સનદી સ્ટ્રીટ, મદુરાઇ (દ. ભા.)

જોઇએ છે :– જીવનભારતી બાળમંદિર, માટે એક ઉત્સાહી, તાલીમ પામેલા ભાઇ અથવા બહેન લખો :- આચાર્ય, જીવન ભારતી, નાનપરા, સૂરત.

રાજકોટ :– નૂતન બાલ શિક્ષક સંઘ તથા બાલ સેવા સમિતિના આશ્રયે યોજાયેલ પૂર્વ પ્રાથમિક શિક્ષકોની શિબિરની પૂર્ણાહુતિ બાળ કેળવણીકાર શ્રી હરભાઇ ત્રિવેદીના હસ્તે થઇ હતી. આ શિબિરમાં આજુબાજુના પ્રદેશના ૩૫ શિક્ષકો જોડાયા હતા. શિક્ષકોમાં પારસ્પરિક સમજણ તથા વિચારોની આપલે સાધવામાં આ શિબિરને સફળતા સાંપડી હતી.

જોઇએ છે :– શ્રી સારસા પ્રવૃત્તિ મંડળ, મુ: સારસા (વાયા : આણંદ) ને બાળમંદિર માટે તાલીમ પામેલા બે ઉત્સાહી શિક્ષકો જોઇએ છે. ઉપરના સીરનામે પત્ર વ્યવહાર કરવો.

નિરીક્ષણ સમાચાર

અમદાવાદ : સંઘના મુખ્ય નિરીક્ષક શ્રી. પ્રભુભાઇ ઉપાધ્યાયને પ્રમુખપદે ગુજરાત બાલ મંદિરના વિદ્યાર્થી ભાઇઓનો વિદાય સમારંભ તા. ૨૮-૪-૫૬ ને શનિવારે થયો. શ્રી. પ્રભુભાઇએ સૌને બાળકો સાથે પ્રેમથી વર્તી બાળ સેવા દ્વારા માનવ સમાજની સેવા કરવાનો અનુરોધ કર્યો હતો. તા. ૨૮ ની સવારે સંઘ સાથે જોડાયેલાં કેટલાંક બાળમંદિરોની તેમણે મુલાકાત લીધી હતી.

વિરમગામ : કેળવણી મંડળ હસ્તક ચાલતા બાળ-મંદિરનુ. તા. ૩૦-૪-૫૬ ને સોમવારે શ્રી. પ્રભુભાઇએ નિરીક્ષણ કરી સંતોષ વ્યક્ત કર્યો. બાળમંદિરનું નવું મકાન તૈયાર થઇ ગયું છે. જૂનથી બાળમંદિર નવા મકાનમાં બેસશે.

મીઠાપુર (ઓખા મંડળ)-નૂતન બાળ શિક્ષણ સંઘ-મીઠાપુર બાળમંદિરનું શ્રી. પ્રભુભાઇ એ તા. ૩-૫-૫૬ ને બુધવારે નિરીક્ષણ કરી આનંદ વ્યક્ત કર્યો. સાંજે ૬ વાગે સંઘની શાખાના કાર્યવાહક અને બાળ મંદિર ના શિક્ષકો સભ્યો સાથે પ્રમુખ શ્રી. છોટુભાઇ જોશીના નિવાસસ્થાને વાતચીત કરી બાળમંદિર અને સંઘની શાખા માટે ઉપયોગી સૂચનો આપ્યાં. રાતના સાડા આઠ વાગે બાળમંદિરના મકાનમાં સંઘની શાખાના સામાન્ય સભ્યો અને બાળમંદિરના બાળકોના વાલીઓની સભામાં તેમણે 'બાળમંદિરની વિશિષ્ટતાઓ' વિષય ઉપર પ્રવચન કરી સૌને બાળમંદિરને હાર્દિક સહકાર આપવા વિનંતિ કરી.

ઉજાગરો, શારીરિક અને માનસિક શ્રમ બાદ



જીવદયા નેત્રપ્રભા

(રજીસ્ટર્ડ)

માટે

વૈદ્યો, ડોક્ટરો, આયુર્વેદિક હોસ્પિટલોએ આંખો માટે પ્રમાણ પત્ર આપેલ છે.

બાળક તથા વૃદ્ધ સુધી સૌ કોઇ જરૂરીઆત પ્રમાણે ૧ થી ત્રણ વખત આંજી શકે છે.

જીવદયા નેત્રપ્રભા કાર્યાલય,

વિક્ટોરિયા મિલ કમ્પાઉંડ, ગામદેવી, મુંબઇ ૭.

હાલની કિંમતમાંજ આપને સેમ્પલ બાટલી સાથેનું કારટુન ટુંક સમય માટે મળશે વ્હેલી તકે તેનો લાભ લેશો

આપની દરેક

જરૂરીયાતો

ખરીદવાનું એક માત્ર

: ભરોસાપાત્ર સ્થળ :

આજેજ એક વખત પધારી મુલાકાત લ્યો.

શ્રી

બોમ્બે સ્વદેશી કૉ-ઓપરેટીવ સ્ટોર્સ લિ.

લિ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ, મુંબઈ-૧.

શાખાઓ: મહાત્મા ગાંધી રોડ. પૂના. જેમ્સ સ્ટ્રીટ, સિકંદ્રાબાદ.



મ. બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક: રમણિકભાઇ તુરખિયા, ૧૧૮ હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.
મુદ્રણ સ્થાન: પરફેક્ટા પ્રેસ, મુંબઇ ૨૨.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ-૩૧ : અંક- ૪ : જુલાઇ, ૧૯૫૬



મૂઢ દેવતા

માતાપિતા પણ પોતાના બાળક ને લાડ લડાવે છે પણ તેમને યોગ્ય વલણ આપવા માટે કોઈ વખત તેઓ લપડાક લગાવી દે છે. પરંતુ આ શક્તિ છેવટે તો પાર ઉતારતી નથી. કારણ કે તેનામાં બુદ્ધિ હોતી નથી. જે દૈવી મૂઢ છે તેને દૈવી માનવી એ ભૂલ ભરેલું છે.

(કાંચીપુરમ સ. સંમેલન : વિનોબાજી.)

સંસ્થાપકો :
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી તારાબેન મોડક

☆

તંત્રી :
શેષ નામલે

વાર્ષિક લવાજમ :	કાર્યાલય :	છૂટક નકલ
રૂ. ૪-૦-૦ : :	૧૧૮, હિન્દુ કૉલની, દાદર, મુંબઇ, ૧૪.	૬ આના

નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓનુ

બનેલું આખ્ખલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :-

પ્રમુખઃ શ્રી મોરારજીભાઇ દેસાઈ. ઉપપ્રમુખઃ આચાર્ય શ્રી ભિસે.

કાર્યાધ્યક્ષઃ શ્રી સરલાદેવી સારાભાઈ. કોષાધ્યક્ષઃ શ્રી વા. રા. પટવર્ધન

મંત્રીઓઃ શ્રી શેષ ના. નામલે : શ્રી યશસ્વતીબેન ભટ્ટ.

સ્થાનિક શાખા : કોઈપણ બાળ કેળવણીની સંસ્થા, વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના ૨૫ સભ્યો બનાવી, સંઘ માન્ય શાખા સ્થાપી શકે છે. આ જાતની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે.

પ્રાદેશિક શાખા : કોઈપણ જિલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની જિલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે. અને આ જિલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયામક મંડળમાં ચૂંટાઇ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય : સંઘનું બંધારણ, પ્રવેશ પત્રકો, સૂચના-માહિતી વિ. સંઘને લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતી છે.

મંત્રી, નૂતન બાલ શિક્ષણ સંઘ.
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

સંપાદક મંડળ :

જયકુમારીબેન પટેલ, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઈ ઓઝા,
હેમલતાબેન માળવી, રમેશભાઇ કોઠારી, કુસુમબેન શાહ

: અનુક્રમણિકા :

૧.	આવતી કાલના બાળ મંદિરો	....	શ્રી શેષ નામલે
૨.	બાલવાડી કેવી રીતે ચલાવવી	....	,, અનુતાઇ વાઘ
૩.	પૂર્વ પ્રાથમિક ભૂમિતિ	....	,, શેષ નામલે
૪.	વાલી પરિષદ	....	,, શાંતા ગાંધી
૫.	નઈ તાલીમ	...	,, વિનોબાજી
૬.	નિર્દોષ અને નિરાધાર	....	,, પ્રેમશંકર ભટ

: બાલ વિભાગ :

૧.	સંપાદકનો પત્ર	....	શ્રી રમેશ કોઠારી
૨.	નાનું હરણિયુ . .	....	,, કુસુમ ત્રિવેદી
૩.	ગલુ	....	,, સુરેશ્વરસિંહ
૪.	ઝટ સવાલ—પટ જવાબ	....	,, સંપાદક
૫.	પોપટભાઈ	....	,, મંજુ કોઠારી
૬.	ચકોચકી	....	[પંખીઓનું પત્ર]

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો।

કે- "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઇ પણ માસથી થઇ શકાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરુરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં સંપાદકીય નોંધ સિવાયના રજૂ થતાં લખાણો સાથે સંપાદક સહમત છે એમ કોઇએ માની લેવું નહીં.

કે- "શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેના સઘળા પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

કે- "શિક્ષણ પત્રિકા" ગુજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૧૦ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરુરી છે.

—શ્રી રમણિકભાઈ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

મુંબઇ, મધ્ય ભારત, ઉત્તર-પ્રદેશ, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૩૧ અંક ૪] મુંબઇ [જુલાઇ ૧૯૫૬

આવતી કાલના બાલમંદિરો

[દિલ્હીમાં તા. ૯ થી ૧૨ મી મેના દિવસોએ ભરાએલી રાષ્ટ્રીય બાલકલ્યાણ પરિષદમાં વાંચેલો લઘુ નિબંધ]

ભારતમાં પૂર્વ પ્રાથમિક શિક્ષણની ચળવળને કેવળ ચાળીસ વર્ષ થયા છે. સૌથી પહેલા આ ક્ષેત્રમાં ખ્રિસ્તી મિશન દ્વારા બાલોદ્યાનવાદનું (Kingdergartermist) આગમન થયું. આપણા દેશમાંના 'ઇન્ફંટ' વર્ગના સરકારી શૈક્ષણિક યોજના ઉપર તેમના કાર્યની તથ. કલ્પનાની ખૂબ અસર થઇ છે. આજે પણ કિન્ડરગાર્ટન પધ્ધતિથી ચાલતી-કેટલીયે સરકારી અને મિશનરી શાળા ભારતમાં બધે જોવા મળે છે.

પૂર્વપ્રાથમિક શિક્ષણની ક્ષિતિજ ઉપર કિંડર-ગાર્ટન પધ્ધતિના સંસ્થાપક ફ્રોએલ પછી મેડમ મોન્ટેસોરીનું વ્યકિતત્વ ઝળકયું. તેમના વિચારનો પ્રભાવ અહીં ઇ. સ. ૧૯૧૫ ની આસપાસ પડેલો લાગે છે. મોન્ટેસોરી પધ્ધતિનો પ્રસાર કિંડરગાર્ટન પધ્ધતિ પ્રમાણે સરકારી ક્ષેત્રમાં થયો નહિ, પરંતુ એ અહીં એક લોકપ્રિય ચળવળ બની. સ્વાતંત્ર્ય પછી કેટલીએ સરકારી અર્ધસરકારી સંસ્થામાં પણ આ પધ્ધતિને સ્થાન આપવામાં આવ્યું છે. મારી માહિતી પ્રમાણે આજે આખા દેશમાંની પૂર્વપ્રાથમિક સંસ્થામાં ઘણે ઠેકાણે મોન્ટે-સોરી પધ્ધતિ જ વધારે પ્રમાણમાં પ્રચલિત હોવાનો સંભવ છે.

ઇ.સ. ૧૯૩૬માં ગાંધીજીએ બુનિયાદી શિક્ષણ અંગે એક અત્યંત વાસ્તવવાદી અને ક્રાંતિકારી કલ્પના આપણા દેશની આગળ રજૂ કરી. અહિંસા-વાદી સર્જનાત્મક સમાજવ્યવસ્થાની મૂળભૂત જરૂરી-યાત દ્વારા જ શિક્ષણનું કામ થવું જોઇએ. આ તેમની યોજનાનો મુખ્ય મુદ્દો છે. આ શિક્ષણ અંગે ગાંધીજીની શૈક્ષણિક યોજનામાં જેમને શ્રધ્ધા છે તેવા મંડળો તરફથી હાલમાં આપણા દેશમાં મોટા પ્રમાણમાં પ્રયોગો ચાલુ છે. બુનિયાદી શિક્ષણનો આ મધ્યવર્તી તત્વનો આધાર લઇને પૂર્વપ્રાથમિક શિક્ષણમાં હાલ પ્રયોગો થાય છે આ પ્રયોગો જે સંસ્થાઓ દ્વારા થાય છે તેને પૂર્વ-બુનિયાદી શાળા કહે છે. શાલેય પૂર્વ કાલના આ શિક્ષણ ક્ષેત્રમાં મહત્ત્વના હજી બીજા બે વિચાર પ્રવાહો દેખાય છે, તેનું સૂચન કર્યા વગર હાલની પરિસ્થિતિનું ચિત્ર યથાર્થ થઇ શકશે નહિ. કેટલાક શિક્ષણ તજ્ઞો હમણાં હમણાં બાલ્યાવસ્થામાંના ભાવનાત્મક જીવનને ખાસ મહત્વ આપી રહ્યાં છે. આ શિક્ષણ તજ્ઞોને માનસચિકિત્સકોનું સારૂં એવું પીઠબળ મળ્યું છે. આ વ્યકિતઓ મેડમ મોન્ટેસોરીના શિક્ષણ વિષયક વિચાર માટે નિશ્ચિતપણે પ્રતિકૂળ દેખાય છે. આ લોકોની કલ્પના મુજબ સ્થપાએલી સંસ્થાને મુકત વ્યવસાયશાળા (The Free activity Schooil) કહેવામાં આવે છે. એમના મત પ્રમાણે શિક્ષણનું મુખ્ય કાર્ય એટલે મનુષ્યની આંતરિક સર્જનાત્મક સુપ્ત શકિતને પરિણામકારક મુકત

અવકાશ આપવો એ હોય છે. તેથી મેડમ મોન્ટેસોરીની શૈક્ષણિક વાતાવરણ તૈયાર કરવાની કલ્પના તેમજ વ્યવસ્થા અને સુનિશ્ચિતિ વગેરે તત્ત્વો આ લોકોને માન્ય નથી. મને લાગે છે કે શિક્ષણ અંગેની અમારી જે કંઈ કલ્પના રૂઢ થઇ છે તેમાંથી આપણને મુકત કરવા માટે આ વિચાર પ્રવાહનો ખૂબ સારી રીતે ઉપયોગ થશે, અને આજે એનું થોડું ઘણું પરિણામ પણ દેખાઇ આવે છે. આપણામાંના કેટલાંક શિક્ષક મંડળો પોતપોતાની શિક્ષણ વિષયક કલ્પનાઓ તપાસવા લાગ્યાં છે. તેને લીધે શિક્ષણક્ષેત્રના વિચારમાં થોડી ઘણી મોકળાશ અનુભવવા લાગ્યા છે. આ મોકળાશના પરિણામે ઠેકઠેકાણે પ્રગતિશીલ વિચારસરણીની શાળાનું હું 'પ્રાગતિક શાળા' એવું નામ સૂચવું છું. આ શાળામાં જૂદી જૂદી વિચારસરણીનું મિશ્રણ આપણને જોવા મળે છે. આ મિશ્રણમાં પોતાની શ્રદ્ધા પ્રમાણે કયાંક ફ્રોબેલ તો કયાંક મેડમ મોન્ટેસોરી, ગાંધીજી અથવા આધુનિક માનસ ચિકિત્સકના વિચારોને પ્રાધાન્ય અપાય છે.

ખાસ કરીને પૂર્વપ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં જેને બધે ઠેકાણે એક બીજું મનથી ગમતું નથી તેમાંનો હું એક છું તેથી આવતી કાલની આપણી પૂર્વપ્રાથમિક શાળા આપણા દેશમાં બધે જ ઠેકાણે એક જ ઢાંચાની કરવામાં ન આવે એવું મને લાગે છે. તેવું કરવું ડહાપણભર્યું પણ નહીં નીવડે. જ્યારે આપણા જીવનના અને સંસ્કૃતિના ક્ષેત્રમાં શુદ્ધ અને સમન્વયી વિચારની બન્ને પ્રક્રિયાને સંપૂર્ણ અવકાશ મળશે ત્યારે જ આપણી પ્રગતિ સ્થિર અને સતત થતી રહેશે. વિશિષ્ટ વિચારસરણીના શુધ્ધ પ્રયોગને તે જ પ્રમાણે સમન્વય દ્રષ્ટિના પ્રયોગને આપણે મહત્વ આપતા શીખવું જોઇએ. વિશિષ્ટ વિચારસરણીને કદી કદી અંહકારનું સ્વરૂપ મળે છે. આ અંહકાર સમન્વયની વિચારસરણીના વિકાસમાં નડતરરૂપ થઈ પડે છે. તે જ પ્રમાણે સમન્વયની વિચારસરણીમાં કયારેક કયારેક ખૂબ ઢીલાપણું દેખાઇ આવે છે તે માટે બાલહિતની દ્રષ્ટિ સામે રહે એવા પ્રયત્નો થવા જોઇએ.

વ્યકિતગત રીતે હું મારી જાતને પ્રાગતિક પ્રણાલિકામાં બેસાડવાનો પ્રયત્ન કરતો હોઉં છું. એનો અર્થ એ કે શકય બન્યે હું કોઇપણ એક પંથનો ઉપાસક બનવાનું ટાળું છું. આવતી કાલની પૂર્વ પ્રાથમિકશાળા સમાજની સમન્વયી - વિચારસરણીમાંથી જ ઘડાય અને તેમાં દરેક પદ્ધતિમાં ઉત્તમ તત્વો આવે એવી મારી વિચારસરણી છે.

બાલોદ્યાન પધ્ધતિમાંના ક્રીડન તત્વને આપેલું મહત્વ, મોન્ટેસોરી પદ્ધતિમા બાલસ્વાંત્ર્યની કલ્પનાને આપેલું સ્વરૂપ મુકત વ્યવસાય શાળામાં બાળકના ભાવનાત્મક જીવનને અને ગૃહજીવનને આપેલું સ્થાન તેમજ બુનિયાદી પદ્ધતિમાં જણાઇ આવતો વિશેષ વાસ્તવવાદ અને સમષ્ટિવાદ આ દરેક વિચારશ્રેણી શ્રેષ્ઠ તત્વો આવતી કાલની આપણી પૂર્વપ્રાથમિક શિક્ષણ યોજનામાં વણાઇ જવા જોઇએ એવું મને લાગે છે.

અણુયુગના ઉષાકાલની શરુઆત થઇ છે આ યુગમાં કેળવણીને લોકોના પ્રતિકારાર્થે તેમજ રક્ષણાર્થે નવી ભૂમિકાઓ અસરકારક રીતે લેવી પડશે. નવા ભયંકર સંહારક શસ્ત્રના સંશોધનને લીધે 'શાંતિ અથવા સર્વનાશ' આ બે માર્ગ સિવાય ત્રીજો કોઇપણ રસ્તો માનવ સામે રહ્યો નથી. તેને લીધે સંહારક શસ્ત્રના શોધની સાથોસાથ મનુષ્ય શાંતિ તરફ લઈ જનારા સાધનોની પણ એટલી જ આતુરતાથી શોધ કરે છે. તેમાં શાંતિપ્રિય સમાજરચનાના સાધન તરીકે કેળવણી ઉપરની શ્રદ્ધા સતત વધે છે. જગતના આંતરરાષ્ટ્રીય વ્યવહારમાં પંચશીલ તત્વોને વધારેમાં વધારે મહત્વ પ્રાપ્ત થતું જાય છે. આ તત્વને લીધે દેશદેશના લોકોમાં એકબીજા માટેની સમજણ વધતી જશે અને સર્વનાશ થતો અટકશે એવી આશા મને લાગે છે. આવી પરિસ્થિતિમાં આ પંચશીલ તત્વોને શિક્ષણના ઉદ્દેશમાં સમવિષ્ટ કરીને આપણી ભાવિ પેઢીને કેવી રીતે વલણ આપવું આ આપણા શિક્ષકોની સામેનો પ્રશ્ન છે. આપણા સામાજિક દુઃખો અને વ્યકિતગત વ્યથા દૂર કરવા માટે કેળવણીએ મહત્વની ભૂમિકા લેખાવી જોઇએ

એવી એક અપેક્ષા દિવસે દિવસે વધતી જાય છે. આ રીતે આવતી કાલની કેળવણીને જે પ્રતિબંધાત્મક, નિવારણાત્મક અને રક્ષણાત્મક ભૂમિકા અસરકારક રીતે લેવાની હોય તો અત્યારે જે રીતે પૂર્વપ્રાથમિક કેળવણી તરફ દુર્લક્ષ થઈ રહ્યું છે તે પ્રકારનું દુર્લક્ષ કરવાનું આપણને પરવડશે નહિ. મનુષ્યનાં મનનું ઘડતર અને વિકાસની સાથે આ અવસ્થાની કેળવણીનો સંબંધ બીજી કોઇ પણ કેળવણીની અવસ્થા કરતા ખૂબ ઘનિષ્ઠ હોય છે તેથી જ આ અવસ્થામાંની કેળવણીનું મહત્ત્વ આપણે જનતાને અને સરકારી અધિકારીઓને સમજાવી આપવાની દૃષ્ટિથી કોઈ નિશ્ચિત યોજના કરવી જરૂરી છે.

સદ્‌ભાગ્યે ઉપર સૂચવેલું કાર્ય ગયા ત્રીસ વર્ષથી સતત કરતી રહેલી એક જૂની અખિલ ભારતીય સંસ્થાના પ્રતિનિધી બનવાની તક મને મળી છે. શિશુશિક્ષણ અને બાલશિક્ષણની ચળવળ ચલાવતી વખતે આ સંસ્થાને અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડયો છે. ચળવળ ચાલુ હતી તે દરમ્યાન મળેલ યશપયશનો અનુભવ પણ આ સંસ્થા પાસે છે. આ અનુભવના અનુસંધાનમાં જ આ ચર્ચા વિભાગ સામે અમારા કેટલાક મુખ્ય મુખ્ય પ્રશ્નો હું રજૂ કરવાનો છું.

આપણે ત્યાં સામાન્ય જનતામાં અને શિક્ષક વાલી–વર્ગમાં આ પૂર્વ પ્રાથમિક શિક્ષણના સ્વરૂપ બાબત તેમજ તેના ઉદ્દેશ માટે ખૂબ ગેરસમજણ અને અસ્પષ્ટતા સર્વત્ર દેખાઇ આવે છે. બહુસંખ્યક સુશિક્ષિત લોકોને લાગે છે કે આ શિક્ષણ એટલે લેખન–વાંચન ગણિત આદિ વિષયોની સાથે–સાથ બીજા કેટલાક વધારે વિષયોનું જ્ઞાન બાળકોને કરી આપવા માટે જ છે. પૂર્વપ્રાથમિક શિક્ષણ માટેની

અવનવા આકર્ષક રંગોમાં મળે છે. લગાડયા પછી ચાર અઠવાડીયા બાદ ધોઈ શકાય છે. પ્રતિવર્ષ રંગ ખર્ચ બચે છે સારા રંગકામ માટે અમોને પૂછો.

એશિયન પેઇન્ટ્સ
ઉત્તમ સેવા આપનાર

તેમની અપેક્ષા પૂર્વપ્રાથમિક શિક્ષકોએ અને સાધનસુસજ્જ શાળાએ પૂરી કરવી જોઇએ "નહિતો આ શાળા કેવી ?" એવું એ લોકોને લાગે છે. આપણાં ઘણાં ખરાં રાજ્યો અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓ પાસે આ શિક્ષણ ઉપર ખર્ચ કરવા માટે તથા શાળાને યોગ્ય મદદ તથા માર્ગદર્શન કરવા માટે કોઇપણ પ્રકારની સગવડતા ન હોવાથી આ શાળાનું ધોરણ નકકી કરવામાં એ શાળામાં ફી ભરનારા વાલીવર્ગની દખલગીરી વધેલી છે. "મારા બાળક ઉપર બરાબર ધાક રાખજો, એને જોઇએ તો મારો પરંતુ તેને વાંચતા લખતાં તો જરૂર શીખવો જ." કેટલાક વાલીવર્ગનું શિક્ષકોની ઉપર આવું દબાણ હોય છે. તો કેટલાક વાલીઓ શાળા-સંચાલકોને દમ મારતા હોય છે કે "હવે ધ્યાન રાખજો આગળ ઉપર મારા બાળકની પ્રગતિ નહિ થાય તો આવતા મહિનાથી મારા બાળકને શાળા-માંથી ઉઠાડી લઇશ !"

એક બાજુ આવો સત્તાધારી પણ અજ્ઞાની વાલીવર્ગનો પ્રશ્ન આપણી સામે છે તો બીજી બાજુ બાલ શિક્ષણની શોષણવૃત્તિથી સંસ્થા ચલાવનારા શાળાસંચાકોનો પણ એક બીજો પ્રશ્ન આપણી સામે છે. ભારતના નાના મોટા શહેરમાંથી માલીકી હકકની આવા પ્રકારની શાળાની સંખ્યા એકસરખી વધી રહી છે. આ લોકોએ બાલશિક્ષણ એ પોતાની આજીવિકા માટે એક 'ધંધો બનાવ્યો છે. મળે તે નાની ઓરડીમાં એ લોકો બાળમંદિરનું પાટિયું લગાવીને કુમળી વયના ફાવે તેટલા બાળકોને નાની ઓરડીમાં ભરીને કલા-કોના કલાકો ગોંધી રાખે છે. આવા પ્રકારની શાળાના કોઇપણ પ્રકારના રમવાના સાધનો હોતા નથી અને જો હોય તો તે ફકત બતાવવા પૂરતાં જ હોય છે. બિચારા બાળકોને પોપટની જેમ થોડું ગોખાવીને, લખવા વાંચવાનું ફરજિયાત કરીને વાલીઓને જે જોઇએ છે તે પૂરું પાડે છે. દુઃખની સાથે કહેવું પડે છે કે કેટલીક સાર્વજનિક સંસ્થા પણ આજ પ્રકારનો ઉદ્દેશ આંખ સામે રાખીને આવી શાળા ચલાવતા નજરે પડે છે.

આવી રીતે જ્યાં વાલીઓ અજ્ઞાન છે, અને શાળા સંચાલકોમાં શોષણવૃત્તિ છે ત્યાં જનતાએ અથવા સરકારે મધ્યવર્તી સહાયક સંસ્થા ઉભી કરીને અને તે માટે આવશ્યક આર્થિક મદદ આપીને આવી શાળાઓનું નિયમન કરવું જોઇએ. આ સંસ્થાઓનું સ્વરૂપ એકલી માન્યતા આપવાથી બદલી શકાશે નહિ. આર્થિક મદદ કરવાની યોજનાની સાથે સાથેજ આ સંસ્થાને યોગ્ય માર્ગદર્શન કરવા માટે સરકાર અથવા મધ્યવર્તી લોકસંસ્થા પાસે પ્રશિક્ષિત (Trained) એવો સેવકવર્ગ પણ જોઇએ. તેમની આવી શાળાઓમાં વારંવાર જઇને તેનું નિરીક્ષણ કરવું જોઇએ તથા શાળાઓના પ્રશ્નો ધ્યાનમાં લઇને તેમને યોગ્ય મદદ કરવી જોઇએ.

આપણી રાજ્ય સરકાર હાલની આપણા દેશની પરિસ્થિતિમાં પૂર્વપ્રાથમિક શિક્ષણ અંગે નવી પ્રત્યક્ષ જવાબદારી પોતાને માથે લઈ શકશે નહિ એ આપણને ખબર છે. તેથીજ આજે અહીં ભરા-યેલી આ રાષ્ટ્રીય બાલ કલ્યાણ પરિષદ એક મધ્ય-વર્તી રાષ્ટ્રીય અધિકૃત સંસ્થા નિર્માણ કરવી અને તેના વડે ભારતમાંની પૂર્વપ્રાથમિક શિક્ષણની ચળવળને પદ્ધતિસરનું માર્ગદર્શન અને આર્થિક મદદ અપાય એવી વ્યવસ્થા કરવી જોઇએ એવું મને લાગે છે. કેન્દ્રીય સરકાર અને રાજ્ય સરકાર આવી સંસ્થાઓને છુટથી મદદ કરવી જોઇએ. પરંતુ આવા પ્રકારની ફકત સરકારી મદદ મળવાથી આપણું કાર્ય વ્યવસ્થિત રીતે થશે નહિ. અખિલ ભારતમાંના આ ક્ષેત્રમાં કાર્ય કરતી જૂદી જૂદી સંસ્થા એકત્ર થઈને પૂર્વ પ્રાથમિક શિક્ષણ નિયં-ત્રણ માટે એક બોર્ડ બનાવવું જોઇએ. આ રીતે મધ્યવર્તી સંસ્થા પાસે ફકત આર્થિક બળ જ નહિ પરંતુ લોકસંસ્થાના સહકારનું પણ બળ મળવું જોઇએ. આ પરિષદ આવા પ્રકારની મધ્યવર્તી સંસ્થા નિર્માણ કરશે એવી અપેક્ષા રાખીને મારો આ નાનકડો નિબંધ પૂરો કરૂં છું.

—શેષ નામલે

બાલવાડી કેમ ચલાવવી?

લેખાંક : ૪

સફાઇ કામ

બાલવાડીના કાર્યક્રમની સામાન્ય રૂપરેખા આપણે પાછળના લેખમાં જોઇ. હવે એનો વિગતવાર વિચાર કરીશું.

બાલવાડીમાં જઇને સૌથી પહેલાં કરવાનું જે કામ છે તે છે જગ્યાની સફાઇ. બાલવાડી ઘરમાં હોય, ઝૂંપડીમાં હોય અથવા તો આંગણામાં હોય તો પહેલાં જગ્યા ઝાડુથી વાળીને તથા જરૂર પડે ત્યારે લીંપીને સાફ કરવી જોઇએ. આ કાર્ય બાળકોની મદદથી આપણે કરી શકીએ છીએ.

કચરો કાઢવો (ઘરનો):—આ માટેની નાની સાવરણી અને કચરો ભરવા માટે સુપડી જોઇએ. સાફ કરવાની જગ્યા ખૂબ ઉખડી ગયેલી હોય તો પાણી છાંટવું. જે દિશામાંથી પવન આવતો હોય તે દિશામાં કચરો કાઢતા જવું. જગ્યાના સાત આઠ ભાગ કરવા. અને તે બાળકોને વહેંચી આપવા. દરેકે પોતાના વિભાગનો કચરો એક નકકી જગાએ એકઠો કરવો. સાવરણી કેમ પકડવી અને જમીન પરથી કચરો કેમ કાઢવો તે શિક્ષકે પોતે બતાવવું. આંવી રીતે કાઢેલો કચરો સુપડીમાં ભરીને ટોપલીમાં (બાલદી, ધમેલું અથવા જે સાધન હોય તેમાં) ભરવો અને પછી તે કચરો કચરાના ખાડામાં નાખવો. આ ખાડો પણ બાળકો પાસે ખોદાવવો. કચરો કાઢતાં પહેલાં જે કંઇ કામની વસ્તુઓ નીચે પડી હોય તે ઉંચકી લેવી. ખુરશી, બાંકડો, કબાટો વગેરેની નીચેથી પણ કચરો કાઢવો. ઉંચકી શકાય તેવો સામાન હોય તો તે ખસેડીને કચરો વાળવો વગેરે બાબતો તરફ બાળકોનું ધ્યાન ખેંચવું. કચરો કાઢયા પછી સાધનો જગ્યા પર મૂકવા. હાથ ધોઇને રૂમાલથી લુછવા. આ બધું બાળકો પાસે આગ્રહપૂર્વક કરાવવું જોઇએ.

કચરો કાઢવો (આગણાનો) : આંગણું લીપીને જમીન સરખી કરવી. આંગણાંનો કચરો ઉપર પ્રમાણે સાવરણીથી કાઢી શકાય, પણ તેમ નથી. સાવરણાથી આંગણું સાફ કરવું જોઇએ. આડો કચરો કાઢતી વખતે વાંકા વળવું પડે છે એટલે મનુષ્ય જલ્દી થાકી જાય છે. આથી નાના, અને ઉભા પંખા ઝાડુ લેવા. અને ઉપર પ્રમાણે જ આંગણાના ભાગ કરવા અને બાળકો પાસે કચરો કઢાવવો. આંગણાંમાં પાંદડા વગેરે પડયું હોય તેના ત્યાં જ નાનો ઢગલા કરાવવા. જો આંગણામાં ખાડા હોય તો તે માટી અથવા રેતી નાખીને પૂરી દેવા. કોઇપણ જાતનો કચરો કાઢયા પછી તે તરત જ કચરાની ટોપલીમાં નાખવાનો આગ્રહ રાખવો.

લીંપવું :- જમીનને વારંવાર લીંપવી પડે છે. આ કામ બાળકોની મદદથી કરવું. બાળકો આ કામ હોંશથી કરતા હોય છે. આપણે તેને માટે પહેલેથી સારી રીતે પૂર્વ તૈયારી કરી રાખવી. (૧) નાની નાની બાલદીઓમાં છાણ પાણી તૈયારી કરી રાખવા (૨) તે લઈ જવા માટે નાના વાસણો

જગત્ જનની!

મનુષ્યનાં સંસ્કારોનું મૂળ માતા છે. માતા પોષણ આપે છે, મોટું કરે છે. ...માતા શકિત છે, અબળા નથી...

—મોરારજી દેસાઇ

જે માતાએ રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, મહંમદ પયગમ્બર, ઇસુ, ઝરથુસ્ત્ર અને ગાંધીને જન્મ આપ્યો એ માતાને ધન્ય છે.....!

અને એ ધન્યવાદ માત્ર શબ્દોમાં જ નહિ, સક્રિય બનવો જોઇએ—વેન્ગાર્ડની તસ્વીર, એન્લાર્જમેન્ટ કે પેઇન્ટિંગથી.....

.....☆ ફોટોગ્રાફી ☆ પેઇન્ટીંગ.....
☆ એન્લાર્જમેંટ ☆ ફ્રેમીંગ
વેન્ગાર્ડ સ્ટુડીયો
ચકુભા ટાકોરસાહેબ ગોંડલ સામે મુવર્સ

રાખવા. (૩) કચરો નાખવા માટે ટોપલા, ધમેલા કે બાલદી રાખવી.

(૪) લીંપવાની જગ્યા બાળકોને વહેંચી આપવી કે જેથી એકબીજા ઉપર છાંટા ઉડાડે નહિ (૫) બાળકોના કપડાં સરખી રીતે સંકોરી લેવા. છોકરાઓના બમીસ કાઢી લેવા. છોકરી હોય તો ચણીયાનો કાછડો કરાવી લેવો એટલે કપડાં બગડે નહિ. આવી રીતે પૂર્વ તૈયારી થયા પછી એક વિભાગમાં શિક્ષકે લીપી બતાવવું. ધીમે ધીમે છાંટા ન ઉડે એવી રીતે જમીન ઉપર કેવી રીતે લીપી લેવું વગેરે ક્રિયા કાળજીપૂર્વક બતાવવી પછી બાળકોને લીપવા દેવું.

લીપણનું કામ થયા પછી હાથ પગ ધોવા માટે, બાલદી લોટો વગેરે સાધનો સાફ કરી નાખવા, કચરો બાડામાં નાખવો વગેરે બાબતો આગ્રહપૂર્વક કરાવી લેવી. બાળકને લીંપણનું કામ ખૂબ ગમે છે. ખૂબ મોટી જગ્યા હોય તો ઉપર ઉપરથી લીપી લેવી તથા વચ્ચે વચ્ચે ધોઇ લેવી. આવા કામો બાળકની મદદથી કરી શકાય.

છાણનું લીંપણું કરવું:— કોઇ ઠેકાણે આંગણામાં જ બાલવાડી ચાલે છે તેથી ઉપર પ્રમાણે ઉપર ઉપરથી જ લીપી લેવું પડે છે. પણ બોલવાડી આગળ જે આંગણું હોય છે તે ભાગમાં રોજ છાણનું લીપણું કરી દઈએ તો પણ ચાલે. લીંપણું કેવી રીતે કરવું એ શરૂઆતમાં બાળકને આવડતું નથી પરતુ પ્રયત્નથી થોડા વખત પછી આવડે છે. અને કામ ખૂબ હોંશથી કરે છે.

સામાન લુછવો:—દરરોજ ઝાડુ કાઢયા પછી કોઇ સામાન પરથી ધૂળ ઝાટકી કાઢવી પડે છે તો કોઇ સામાન પરથી ધૂળ લુછી લેવી પડે છે. કોઇ બાળકને આ કામ પણ સોંપવું. તેને માટે નાની ઝાટકણી તથા લુછવાના નાના કટકા હોવા જોઇએ. ટેબલ ખુરશી વગેરે લાકડાનો સામાન ઝાટકવો પડે છે. આ કામો પણ શાંતિથી ને વ્યવસ્થિત રીતે કેવી રીતે કરવા એ બાળકને વચ્ચે વચ્ચે બતાવતા જવાથી બાળકો હોંશથી કરે છે. રોજની સાફસુફી પાંચ–દસ મિનિટમાં થાય છે પણ આઠ પંદર દિવસે વિશેષ સફાઇ કરવી પડે છે તે વખતે ફોટાફ્રેમની પાછળનો ભાગ ઝાટકવો. ફોટાનો કાચ લુછવો, બારીનો તથા કબાટના કાચ હોય તો લુછવા. વગેરે કામો આપવા. તેવી જ રીતે લાકડીને ઝાડુ બાંધીને ભીંત તથા છત ઉપરના જાળા પાડવા. ભીંત સાફ કરવી એ પણ કામ તે દિવસે કાઢવા. સ્વાભાવિક રીતે જાળા વગેરે પાડવાનું કામ પહેલાં કરવું, લુછવુ વગેરે કામ ઝાડુ કાઢયા પછી કરવું. આને માટે કંઈ કહેવાનું જ ન હોય આવી રીતે વચ્ચે વચ્ચે બધી સાફ સફાઇ કરવી. આથી વાતાવરણ હંમેશાં સ્વચ્છ અને પ્રસન્ન રહે

છે. આ સ્વચ્છતા કરવામાં આપણે પોતે પણ ભાગ લેવો જોઇએ–આથી બાળકોને પણ આનંદ થાય છે. અર્ધાથી પોણા કલાક સુધી રોજ આ કામ બાળકોને આપવું. જે દિવસે લીંપવાનું અથવા તો સફાઈનું કામ કાઢયું હોય છે તો વખત પણ જાય છે. પણ તે સર્વ બાલવાડીનું શૈક્ષણિક કાર્ય જ છે. આ કામોમાં બાળકોનો વખત નકામો જાય છે એમ માનવું નહિ.

ઘરની ને આંગણાની સ્વચ્છતા સાથે 'સુશોભન' એ એક મહત્વનો ભાગ છે. જેવી રીતે આપણી શાળા સ્વચ્છ અને વ્યવસ્થિત હોવી જોઈએ તેવી રીતે તે સુશોભિત પણ હોવી જોઇએ. પ્રસન્ન શાંત, પ્રફુલ્લિત વાતાવરણમાં બાળકોનું મન શાંત થાય છે. આનંદિત થાય છે અને બાળકો સુકૃતમને વિહરે છે.– આથી પ્રસન્ન વાતાવરણની બાલવાડીમાં અત્યંત જરૂર છે.

સુશોભન અનેક પ્રકારનું થઇ શકે છે. કોઇપણ ઝાડના બે ચાર ફૂલો અથવા પાંદડાઓ તોડીને લાવ્યા એટલે સુશોભન થયું એમ માનવું નહિ.

સુશોભનનો પ્રકાર:– (૧) રંગોળી કાઢવી આંગણાની વચ્ચે રોજ છાણનું પાણી છાંટીને રંગોળી કાઢવી એ આપણી પદ્ધતિ હતી–તેમાં આવકારનું તત્વ છે પછી દરવાજાની બંને બાજુ જે નાના ઓટલાઓ હોય તેના પર પણ રોજ છાણનું પાણી છાંટીને તેના પર રંગોળી કાઢવી. ટપકોનુ કમળ, નાળીએર વગેરે સહેલી રંગોળી તેમજ શંખ, ચક્ર, ગદા, પદ્મ, જ્ઞાન કમળ, સ્વસ્તિક વગેરે સરળ આકૃતિઓ બાળકોને દેખાડવી. આકૃતિઓ સ્પષ્ટ હોવી જોઇએ. વચ્ચે વચ્ચે તેમાં રંગ પૂરવો બાલવાડીની અંદરની બાજુમાં ગોળની વચ્ચે રંગોળી કાઢવી. તેને ભૂંસવી નહિ. તેને પગ લાગવા દેવો નહિ. તે તરફ બાળકોનું ધ્યાન ખેંચવું. કોઇ

જગતમાં પહેલી વાર

અકાળે સફેદ થતાં અને ખરતા વાળ અટકાવવા અભ્યાસ, અનુભવ અને પ્રયોગો બાદ–ભારતીય વનૌષધિઓમાંથી શોધ થેલ, નિર્દોષ અનુપાન

મયૂરપંખ
પ્રકૃતી

નોંધ : આ તેલ નથી, રંગ કે કલપ નથી વાળનું ખરવું અને અકાળે સફેદ થવું તે આંતરિક દોષોનું જ પરિણામ હોય છે. જડમુળથી રોગને નાબુદ કરવામાં ભારતીય વનૌષધિઓ અજોડ છે.
સુચના : સ્ત્રી અને પુરૂષ માટે તદ્દન જુદી બનાવટ હોવાથી ખાસ સ્ત્રી યા પુરૂષ, કોને માટે છે તે સ્પષ્ટ લખવું.

ઓર્ડર માત્ર મનીઓર્ડરથી જ સ્વીકારવામાં આવે છે.
કિંમત: એક માસ ચાલે તેટલા અનુપાનની ડબ્બી, પેકીંગ, પોસ્ટેજ સાથે રૂા. ૬–૧૨–૦

લખો: કીર્તિ એન્ડ કું. ૧૦૨, કેથેડ્રલ સ્ટ્રીટ. અનંતવાડી ભુલેશ્વર
(S. P.) 3 Bros મુંબઇ ૨.

વખત મોટી રંગોળી-રંગોળીનો ગોલીચો કરવો. કોલસાનો ભૂકો નાખીને પણ રંગોળી કરી શકાય, પાણી પર ફૂલ અને પાંદડાની રંગોળી પણ કઢાય. આ સર્વ પ્રકાર વચ્ચે વચ્ચ કરવા. આથી બાળકોના માનસ પર સારી છાપ પડે છે.

આ જ પ્રમાણે રંગોળી કાઢવામાં બીજી ઘણી વસ્તુઓનો ઉપયોગ થાય છે. (૧) બદામ, પિસ્તાના અથવા અખરોટના છોડા, ખજુર-ખારેકના બીયા વસ્તુને રંગીને તે આકૃતિ વચ્ચે ભરી શકાય (૨) કાચા પોચૈયાના સફેદ બીંયા, દૂધીનાં બીયાં, કલીંગરના કાળા બીયા વગેરે બીયાના કુદરતી રંગોનો ઉપયોગ કરીને સુંદર આકૃતિ બનાવી શકાય. (૩) ધાન્યના દાણાં એકબીજામાં ભેગા કરીને ગાલીચો કાઢી શકાય. ધાન્ય એકબીજામાં ભેગું ન થાય તેની ખાસ કાળજી લેવી. (૪) ઘરમાં આવેલા ભાજીપાલાની છાલ...વગેરેનો ઉપયોગ કરીને પણ આકૃતિ બનાવી શકાય. દા. ત. વટાણાંનાં છોતરાં, દૂધીના બીયા વગેરે (૫) ઘણી વખત બજારમાં તાજા રસવાળી ભાજી આવે છે. લાલ ટામેટાં, જાંબળા રંગના રીંગણાં, સફેદ કાંદા, લીલા મરચાં વગેરે-આનો ઉપયોગ કરીને સુંદર આકૃતિ બનાવી શકાય. આ બધી વસ્તુઓ શાક કરવામાં પછી ઉપયોગી થઇ પડે છે. (૬) રંગોળીમાં રંગ પૂરવા માટે લાકડાનું ભૂસુ રંગીને મૂકી શકાય. ઇંટની અને કોલસાની ભૂકી કરીને મૂકી શકાય. પાંદડાં અને ફૂલો સૂકવીને તેનો ભૂકો કરીને રાખી શકાય. શંખ, છીપલા, ચીચુડા વિગેરેનો ઉપયોગ પણ કરી શકાય. આ રીતે બધી વસ્તુનો ઉપયોગ કરીને સુંદર આકૃતિ બનાવવામાં આવે છે. આ પ્રમાણે વિચાર કરીએ તો બીજી પણ ઘણી બાબતો રંગોળી કરવા માટે મળે.

(૨) સુશોભનનો બીજો પ્રકાર એટલે ફૂલ અને પાનથી ફૂલદાનીઓ ભરવી. આને માટે રોજ સુંદર બગીચો હોવો જ જોઇએ એવું કંઇ નથી. આજુબાજુથી મળી શકે તેવા કોઇ પણ જાતના ફૂલો, કુમળા અથવા વિશિષ્ટ રંગના પાન, જંગલી ઝાડ ઉપર થએલા નાના નાના ફળના લીલા અથવા પાકેલા લુમખા, ઘાસના તોરા વગેરે ગમે તેનો ઉપયોગ થઇ શકે તેને માટે ફકત આજુબાજુ જાગૃત નજર રાખવી જોઇએ. ફૂલદાની એટલે અમુક પ્રકારના મોઢાવાળી રંગેલી નાની મટકી, બાંબુની પોલી લાકડી, પાણી પીવાની લોટી વિગેરે વસ્તુ પણ ચાલે. પિત્તળની ફૂલદાની મળે તો વધારે સારું.

રોજને રોજ તાજા પાણીમાં તાજી ફૂલદાની કુશળતાથી ભરીને બાલવાડીની મુખ્ય મુખ્ય જગ્યાએ મૂકવી. થોડીક ફૂલદાની બાળકોને ભરવા આપવી કે જેથી બાળકો ચોકકસ દ્રષ્ટિથી આજુબાજુનું જોઇને સુશોભનને યોગ્ય તેવા ફૂલો અને પાંદડાંઓ લઇ આવી શકે.

(૩) જૂદા જૂદા પ્રકારના તોરણ કરીને બારી બારણાને સુશોભિત કરી શકાય. (૧) પાન અને ફૂલનું તોરણ (૨) શંખનું તોરણ (૩) કાગળનું તોરણ-ધજા (૪) મોતીના તોરણો આવા અનેક પ્રકારના તોરણો ઘણાંને આવડે. તોરણ માટેની બધી સાધન સામગ્રી ભેગી કરીને બાળકોને આપવી. તોરણ કેવી રીતે કરવું તે એક વખત બતાવવું કે જેથી બાળકો પોતાની મેળે પછીથી ખૂબ આનંદથી કરી શકે.

(૪) નાના કુંડામાં ઝાડો વાવીને ને અંદર બારડાઓમાં યોગ્ય જગ્યા પસંદ કરીને વ્યવસ્થિત રીતે મૂકવા.

પાણી માં વેલ અથવા એવાજ પાન બાટલીમાં ભરીને મૂકી શકાય. નાના નાના શંખ તથા કોડીયાં વિગેરેમાં મેથી, ગાજર જેવાનાં બી વાવીને એ લીલોતરીનું પણ સુશોભન કરવું. આ બાબતોથી પણ બાલવાડીની શોભા વધારી શકાય. એકંદર જોનાથી દ્વારા વાતાવરણ પ્રસન્ન અને સુંદર દેખાય તેમજ વાતાવરણમાં શાંતિ લાગે એવા પ્રયત્નો હંમેશા કરવા જોઇએ. આવી રીતે સફાઇ તથા સુશોભનના કામમાં શિક્ષકે તથ બાળકોએ મળીને પહેલો અડધો પોણો કલાક રોજ આપવો જોઇએ. આ પણ બાલવાડીની એક પ્રવૃત્તિ જ છે.

—અનુતાઇ વાદ્ય

પૂર્વ પ્રાથમિક ભૂમિતિ

લેખાંક : ત્રીજો

ભૌમિતિક લોખંડની આકૃતિનો સેટ

આ સેટમાં ટેબલ ઉપર મૂકી શકાય તેવી ઢબના બે લાકડાના ઘોડા હોય છે, અને તેમાંના દરેક ઉપર પાંચ લોખંડની જાડા પતરાની બનાવેલી ભૌમિતિક આકૃતિ અને એની ફ્રેમસ મૂકવામાં આવે છે. આ દશ ભૌમિતિક આકૃતિ આ પ્રમાણે હોય છે: ૧ વર્તુળ, ૨ સમભુજ ત્રિકોણ ૩ ચોરસ ૪ લંબ ચોરસ ૫ લંબ વર્તુળ, ૬ અંડાકાર, ૭ પંચકોણ. ૮ સમદ્વિભુજ ચોકોન ૯ વક્ર ત્રિકોણ, ૧૦ કુલ્લી આકાર. આ બધી ભૌમિતિક આકૃતિના રંગો જૂદા જૂદા હોવા જોઇએ એવું મેડમ મોન્ટેસોરીએ સૂચવ્યું હતું પરંતુ બજારમાં જે મળે છે તેમાં ફ્રેમનો રંગ ગુલાબી અને આકૃતિ ભૂરા રંગની હોય છે. સામાન્ય રીતે આ આકૃતિનો પાયો ૧૦ સેન્ટીમીટરનો હોય છે.

આ સાધનોની સાથેસાથ રંગના કાપેલા કટકા હોય છે. આ કાગળના કટકાનો આકાર (૫"×૫") બરાબર ફ્રેમના માપ જેટલો હોય છે. આ કાગળની નીચે આધાર તરીકે આ કટકા કરતા ચારગણા મોટા આકારના જાડા પૂંઠા બાળકને આપવામાં આવે છે. તે જ પ્રમાણે વિવિધ રંગની પેન્સીલ અને તે મૂકવા માટે પેન્સીલ સ્ટેન્ડ હોયછે બાળકે ચિત્ર દોરેલા કાગળો મૂકવા માટે દરેક બાળકને એક એક કવર આપવામાં આવે છે.

સાધનનો ઉદ્દેશ : લેખનની પૂર્વ તૈયારી માટે આ સાધનોનો ઉપયોગ મોન્ટેસોરી પદ્ધતિમાં સૂચવાયો છે. પરંતુ આ સાધનનો ઉપયોગ કરીને બાળકો જાણે કે ચિત્રો દોરે એવો દેખાવ લાગે છે. એને લીધે આ સાધનના ઉપયોગથી થતા કામને આપણા બાળમંદિરોમાં 'ચિત્રકામ' એવું નામ ભૂલથી આપવામાં આવે છે. ભૌમિતિક ઘટનાની મર્યાદામાં આ એક પ્રકારના ચિત્રો જ હોય છે એ પણ ખરૂં છે પરંતુ આપણે ત્યાંના શિક્ષકો આ જ કામને ચિત્રકામ સમજીને બાળકને આ ઘટના ચિત્રની આગળની ચિત્રકલાનો ભવ્ય પ્રદેશ બતાવતા જ નથી. કોઇપણ બાલમંદિરમાં આ ભૌમિતિક ચિત્રના ઢગલા દેખાશે પરંતુ પોતાની કલાથી આજુબાજુની વસ્તુના વનસ્પતિ ફળફૂલ, પ્રાણીના અથવા દ્રષ્ટિના મુકત ચિત્રો બાલમંદિરોમાં ખૂબ ઓછા દેખાય છે. બાલમંદિરના શિક્ષકની ચિત્રકલા વિષયક મર્યાદાને લીધે આ ભૌમિતિક તથા એક રીતે યાંત્રિક ચિત્રકલાને જ બાલમંદિરમાં સ્થાન મળ્યું છે. મોન્ટેસોરી પદ્ધતિમાં આ સાધનની યોજના ચિત્રકલા માટે નથી એટલું જ નહિ તો ચિત્રકલાની પૂર્વ તૈયારીનું આ સાધન છે એવું કોઇ ઠેકાણે પણ

જોઇએ છે :—

સંસ્થાના બાલમંદિર–કુમાર મંદિર સારૂ બાલ અધ્યાપન પ્રાવિણ્ય તથા સિનિયર ટ્રેઇન્ડ શિક્ષક ભાઈ–બહેનો સંપુર્ણ વિગત સાથે ઉમેદવારોને સંપર્ક સાધવા સૂચન છે.

મંત્રી : શ્રી. કેળવણી મંડળ વિરમગામ

જોઇએ છે :– જીવનભારતી બાળમંદિર, માટે એક ઉત્સાહી, તાલીમ પામેલા ભાઇ અથવા બહેન લખો :– આચાર્ય, જીવન ભારતી, નાનપરા, સુરત.

જોઇએ છે:– શ્રી સારસા પ્રવૃત્તિ મંડળ, મુ: સારસા (વાયા : આણંદ) ને બાળમંદિર માટે તાલીમ પામેલા બે ઉત્સાહી શિક્ષકો જોઇએ છે. ઉપરના સીરનામે પત્ર વ્યવહાર કરવો.

કહ્યું નથી. બાલમંદિરમાં આ સાધનોના આ પ્રકારનો દુરૂપયોગને લીધે આ સાધન ચિત્રકલાના વિકાસમાં વિરોધક અથવા બાધક બન્યું છે એવો કેટલાંક ચિત્રકલાના શિક્ષકોનો અભિપ્રાય છે.

મડમ મોન્ટેસોરીએ આ સાધનનો ઉપયોગ લેખનની પૂર્વતૈયારીની દ્રષ્ટિથી (૧) લેખની અથવા પેન્સીલ આંગળીથી પકડીને પકડની તૈયારી માટે. તે જ પ્રમાણે લેખન માટે આવશ્યક તે સ્નાયુના સહકાર તથા ગતિ વધારવા માટે સૂચવ્યો છે આકૃતિની કિનાર અને તેની ફ્રેમની કિનાર પેન્સીલ સ્થિર કરવા માટે બાળકને શરૂઆતમાં આધાર મળે છે તે જ પ્રમાણે આકૃતિમાં રંગ પૂરતી વખતે આકૃતિની મર્યાદા બાળકને સુચક નીવડે છે એવું મેડમે મોન્ટેસોરીનું કહેવું છે. મોન્ટેસોરીનો આ દાવો બધાંને ગળે ઉતરે એવો નથી. પેન્સીલ માટેની પકડ અથવા લેખનના અથવા ચિત્રણના સ્નાયુનો સહકાર આ બાબત ફકત હાથની ક્રિયા ઉપર આધાર રાખતી નથી તેને માટે બાળકની રસવૃત્તિ અથવા ઇચ્છા-શક્તિ જાગૃત થવી જોઇએ. આ રસવૃત્તિ ભૌમિતિક આકૃતિથી નિર્માણ થાય છે. આપણા હેતુપ્રમાણે અથવા કલ્પના પ્રમાણે કાઢવાના ચિત્રમાં વધારે સારી રીતે થશે એમ કહેવાય છે. તેમ છતાં ભૌમિતિક ઘટનાની યોજનામાં અને રંગ પૂર્તિમાં કેટલાક બાળકોને રસ ઉત્પન્ન થઇ શકે છે એ પણ હકીકત છે. આ સાધન લેખનની પૂર્વતૈયારી કરતા ભૌમિતિક આકૃતિનો પરિચય દૃઢ કરવાની દૃષ્ટિથી વધુ ઉપયોગી છે એવું મને લાગે છે. લેખનની ક્રિયા અથવા ચિત્રની દ્રષ્ટિથી બાળકના હાથની તેમાં કેટલે અંશે તૈયારી થાય છે એ પણ મને માન્ય છે જ.

રજુઆત અથવા સાધનના ઉપયોગનું નિદર્શન

આપણા ટેબલ ઉપર પહેલા ચોરસ પૂઠું મૂકવાનું સૂચવવું. પછી તેમને ગમે ને રંગના કાગળની તે જ પ્રમાણે પોતાને ગમે તે આકૃતિની અને રંગીન પેન્સીલની પસંદગી કરવાનું બાળકને સૂચવવું. શરૂઆતમાં લાલ ભૂરી અને પીળી પેન્સીલ એવા ત્રણ રંગી પેન્સીલનુ સ્ટેન્ડ આપવું. પરંતુ થોડો સમય ગયા પછી વિવિધ રંગની તથા છાયાની પેન્સીલનો ડબ્બો બાળકની પ્રગતિ પ્રમાણે તેમને મળવાની સગવડતા હોવી જોઇએ. તેજ પ્રમાણે શરૂઆતમાં આકૃતિમાં લેખંડની ફ્રેમનો ઉપયોગ કરવો. તેમાં પણ વર્તુળ, લંબવર્તુળ અંડાકાર વગેરે જેવા ખૂણા ન હોય એવી આકૃતિ કાઢવાનું બાળકને વધુ સહેલું પડે છે એવો અનુભવ છે.

પૂઠાં ઉપર રંગીન કાગળ મૂકીને તેના ઉપર ફ્રેમ બરાબર કેવી રીતે મૂકવી એ બતાવવું પછી પેન્સીલનો કોણ આકૃતિની સાથે સરખો રહે તો જ બરાબર વર્તુળ દોરાશે તે તરફ બાળકનું લક્ષ ખેંચવું. ફ્રેમનો ઉપયોગ કરીને કાગળ ઉપર આલેખન થયા પછી તે આકૃતિ કેવી રીતે મૂકવી તે બતાવવું અને પસંદગીના રંગની પેન્સીલ લઇને ફરીથી આકૃતિની ફરતી પેન્સીલ ફેરવીને આકૃતિ દોરવી. ફ્રેમનો ઉપયોગ કરીને કાઢેલી પહેલી આકૃતિ અને આ બીજી આકૃતિ જો બરાબર સમાન્તર હોય તો સાધનનો બરાબર ઉપયોગ કરતાં આવડયો છે એમ સમજવું. પછી આ આકૃતિની મર્યાદામાં રહીને રંગ પૂર્તિ હલકે હાથે સીધી રેખાથી કેવી રીતે કરવી તે બાળકોને બતાવવું. શરૂઆતમાં બાળકોની રેખા, તુટક અધુરી અને વાંકીચૂકી એવી આવે છે. અભ્યાસથી તે સીધી સફાઇદાર બનીને રંગપૂર્ણ એક સારી બને છે. ધીમે ધીમે એક કરતાં વધારે આકૃતિઓ અને રંગોનો ઉપયોગ બાળકો જ તેમની કલ્પના પ્રમાણે કરવા લાગે છે અને તે બાળકો આકૃતિઓનો પરસ્પર સંબંધ તેઓ અનુભવથી સમજવા લાગે છે. રંગ સંબંધની પસંદગી, ઘટનાનો કલ્પનાવિકાસ, સપ્રમાણુતા વગેરે બાબતોમાં બાળકોનો વિકાસ થતો હોય છે. પેન્સીલની પકડ આવવાથી પોતાને જોઇએ તેવો આકાર પેન્સીલની મદદ વડે નિર્માણ કરી શકાય એવો આત્મવિશ્વાસ બાળકમાં ઉત્પન્ન થાય છે. તે જ પ્રમાણે ભૌમિતિક આકૃતિનો પરિચય દૃઢ થઇને તેનું કાર્ય અને પરસ્પર સંબંધ તેમને સમજાય છે.

—શેષ નામલે.

વાલી પરિષદ

લેખક : શાંતા ગાંધી

આ માસનો આખરી શનિવાર હતો. આજે રાબેતા મુજબ વાલીઓની ચર્ચા સભા મળવાની હતી. બાળકોને વિદાય કરીને મંજુબેન સભાની તૈયારી કરવામાં ગુંથાઈ ગયા. આજે કેટલા વાલીઓ આવશે? કોણ કોણ આવશે? છેલ્લા બુધવારની બાળસભાની નોંધ વાંચી. એમાંથી કયા મુદ્દાઓ આજે વાલીઓ જોડે ચર્ચી શકાય તેવા છે? છેલ્લી વાલી પરિષદની અહેવાલ નોંધમાં આ મુદ્દાઓને વણી લેવાનો તેમણે પ્રયાસ કરવા માંડયો.

બાળકના ચારિત્ર્યનો સમગ્ર અને સમતોલ વિકાસ શિક્ષક એકલે હાથે કરી ન શકે એ હકીકત સહુએ સ્વીકારી લીધી હતી. શિક્ષક તથા વાલીઓનો સક્રિય સહકાર અનિવાર્ય લાગતો હતો. પરંતુ શાળાનો ભરચક કાર્યક્રમ અને આર્થિક મર્યાદાઓ જોતા, શિક્ષકો બાળકોના ઘરની નિયમિત મુલાકાતો લઈ શકે એટલો સમય અને શક્તિની તેમની પાસેથી અપેક્ષા રાખવી એ ઇચ્છનીય હોવા છતાં અવ્યવહારૂ લાગતી હતી. ત્યારે, વાલીઓનો સંપર્ક સાધવો શી રીતે? આ સમસ્યાના કામચલાઉ ઉકેલરૂપે વાલીપરિષદનો જન્મ થયો હતો.

પ્રમાણમાં, વાલીઓના મનમાં આ શાળાની છાપ સારી હતી. પોતાના તોફાની બાળકોને પાંચ સાત કલાકો સુધી સાચવી રાખતી આ એક જાતની હાટડી જ છે એવું તેમને લાગતું ન હતું એ મૂડીના પાયા પર આ મીલન યોજના અમલમાં મૂકી શકાઇ હતી. એમ છતાંય, શરૂઆતની સભાઓમાં હાજરી ઘણી ઓછી રહી હતી. ઉદર નિર્વાહાર્થે વૈતરું કરી કંટાળેલા માબાપોને અહીં આવી બાળમંદિરિયાંનું પુરાણ સાંભળવાની ખાસ ઇચ્છા થતી ન હતી. એ પોથીના રીંગણા તોળવા જોખવાની ખાસ જરૂર પણ તેમને ભાસતી ન હતી. પરંતુ શરૂઆતમાં આવેલા વાલીઓએ બીજાઓને કહ્યું:

"ના ભાઇ, વાત કંઇ હડધુતકારી નાખવા જેવી નથી. એકવાર આવી તો જુઓ–મજા પડશે. આ એક જાતની કલબ છે એમજ માની લો ને, મારા ભાઇ! મહીનામાં એકવાર મળીએ, નવાં નવાં મોઢા જોઇએ અને બે ઘડી મનમાં આવે તે વાતો કરી છૂટાં પડીએ."

ચર્ચા માટે કોઇ વિષય પહેલેથી નકકી કરવામાં આવતો નહિ તેમજ શાળાના સંચાલક ભારેખમ ભાષણો ઠોકતા નહિ એ આકર્ષક વસ્તુ બની ગઇ હતી. મંજુબેન છેલ્લી સભાનો અહેવાલ વાંચતા તેમાં સહુએ સાથે મળીને ચર્ચેલા મુદ્દાઓ ઉપરાંત બાળકોએ પોતાની ઘરની તેમજ અભ્યાસક્રમ બહારની કરેલી ચર્ચાઓની કેટલીક માહિતીઓ પણ આપતા. આ અહેવાલ ચર્ચાનો પ્રવાહ આપમેળેજ અમુક મુદ્દાઓ પર કેન્દ્રિત બની જતો પરંતુ તે માટે કોઈ આગ્રહ રખાતો ન હોવાથી રસક્ષતિ

થવાનો સંભવ ઓછો હતો. અહીં ભેગા મળેલા લોકોનો સામાન્ય રસ બાળકોમાં હોવાથી બાળકોના સવાલો વધારે ચર્ચાય તે સ્વભાવિક હતું. ચર્ચાને અંતે કોઇપણ મુદ્દાપર આખરી નિર્ણય લેવામાં આવતો ન હતો. અહીં તો માત્ર વિચારોની આપ લેજ કરવાની હતી. આ મુકત વાતાવરણમાંથી જેને જેટલું ગ્રહણ કરવું હોય એટલું કરે. સામાન્ય વાત-ચીતોની, સાંભળનારના માનસ પર અજાણ્યે અસર તો થતી જ હોય છે.

સાડાત્રણ વાગે મોટાભાગના વાલીઓ આવી ગયા અને મંજુબેનના અહેવાલ વાંચનથી સભાની શરૂઆત થઈ. તે પૂરું કરીને કશીપણ ટીકા ટીપ્પણ કર્યા વિના મંજુબેન ચૂપ રહ્યા પરંતુ એક વાલીએ અહેવાલના અનુસંધાનમાં ચર્ચા શરૂ કરી.

"બાળકને ઘરનું વાતાવરણ કદાચ બંધીયાર લાગતું હશે પરંતુ અમે જાણી જોઇને તેને જકડી રાખીએ છીએ એવું નથી."

"એ તો વાંદરાની જાત." તમે એને બોલવા દો એટલે પાછળ વળીને જુએ જ નહિ. ઘરમાં તો બધાની સગવડ સાચવવી પડે." જયાબેન છણકો કર્યો.

"અરે જયાબેન, ગિજુભાઇએ ગુજરાતમાં બાળયુગ દાખલ કરી દીધો છે એ કેમ ભૂલી જાઓ છો. હવે તો આખી દુનિયાએ પોતાની તહેનાતમાં ખડે પગે ઉભા રહેવું જોઇએ, એમ છોકરાંઓને લાગવા માંડ્યું છે, ચીમન ભાઇએ મજાક કરી.

"વળી હવે તો લોકશાહીનો જમાનો આવ્યો છે. બધાં પોતપોતાની માંગણીઓ સામે ધરે ત્યારે બાળક કેમ મૂંગુ રહે?" પ્રવીણભાઇએ ટાપશી પૂરી.

"આ બધામાં બિચારા માબાપનો મરો છે." રત્નાબહેને વાત જરી રાખી. "અમારા વખતમાં કોઇ નૂતન શિક્ષણને ઓળખતું ન હતું એટલે ઘેર માબાપના અને નિશાળમાં માસ્તરોના માર ખાઇને મોટા થયા. હવે અમારા બાળકોની મરજી સંભાળવામાં જુવાની જવાની અને એ લોકો મોટા થઇને દા જૂચર માંડે એટલે પાછાં ઘરડે ઘડપણ અમારે એકલે પંડે ઘરનો ભાર વહેવાનો. અમને કેમ જાણે સુખનો અધિકાર જ ન હોય!"

ચર્ચાના આરંભવા બાદ પહેલી જ વાર મંજુબેનને ટહુકો કર્યોઃ

"તમારા અને તમારા બાળકોના હિતો પરસ્પર વિરોધી છે એમ શા માટે માની લો છો?"

"પણ મંજુબેન, હકીકતે બને છે તો એવું જ હો!" કળાબેને ચર્ચામાં ઝંપલાવ્યું. "તમે બાળકેન્દ્રિત વાતાવરણનો આનંદ રાખો છો. શિક્ષકો તો એ ધંધો લઇને બેઠાં છે એટલે એવું વાતાવરણ સમજાવી શકે પણ ઘરમાં બીજી અનેક સમસ્યાઓ હર પળે ઉભી થતી હોય ત્યાં એ શી રીતે શકય બને? ધારો કે રાતે બાળકને ગાવાનું મન થયું અને તેના પપ્પા બહાર થાકયા પાકયા આવીને માંડ ઉંઘવાની તૈયારી કરતા હોય ત્યારે છોકરાંને રોકયા વિના કેમ ચાલે?"

અને ત્યાર પછી તો લગભગ બધાં જ વાલીઓએ એક એક કરતાં આવી અથડામણોની એક લાંબી લચક હારમાળા ખડી કરી દીધી. તેના કારણોના મૂળમાં મુખ્યત્વે શહેરનો સ્થળ સંકોચ જોઇ શકાતો હતો. માત્ર બાળકની રમત ગમતો માટે જ નહિ પણ રહેવા માટેય અલાયદી ઓરડી આપવાની વાત મોટા ભાગના વાલીઓ માટે શકય ન હતી. અલાયદો ખૂણો કાઢી આપવાથી સંતોષ જનક પરિણામ આવશે એવી શ્રદ્ધા બહુ ઓછાને હતી અને કેટલાંક ચાલની એક ઓરડીમાં રહેનારા માટે તો આટલી સગવડ કરી આપની પણ અવ્યવહારૂ લાગતી હતી. આ વાતમાંથી વાત નીકળતા સાર્વજનિક બાળ ભવનોની ચર્ચા થઇ. મહોલ્લા વાર આવા ભવનો હોય તો શાળામાંથી આવ્યા બાદ બાળકો છુટથી મનગમતી રીતે પોત પોતાની સ્વયંસ્ફુરિત ઉર્મિઓનું ઉર્ધ્વીકરણ કરી શકે એ વાત મોટા ભાગના લોકોને માન્ય છે.

"અને ચાલીવાળામાં જરાક અક્કલ આવે તો બધા માળાના છજ્જનો એક ભાગ પણ બાળકો માટે જૂદો કાઢી આપી શકે. દેશમાં તો છોકરાં શેરીઓમાં રમીને મોટા થાય છે પણ શહેરમાં ગાડી મોટરની બીક એટલે છોકરાંને માટે એ રસ્તોય બંધ થઇ ગયો છે, એ બિચારા અકળાયને આપણને પજવે

એટલે આપણે સામો ગુસ્સો કરીએ" વિમળાબેન બોલ્યા.

"પરંતુ તેથી કંઈ વાલી અને બાળકના સંબંધોનો પ્રશ્ન ઉકલી જતો નથી. જેના ઘરમાં જગાની છૂટ હોય છે તે પણ ઘણીવાર બાળકને વિનાકારણ ટોકયા કરે છે. આપણા જીવન સંઘર્ષમાંથી પેદા થતી અકળામણનો ઉભરો આપણે જાણ્યે અજાણ્યે બાળકો-પર ઠાલવતા જ હોઇએ છીએ" રસિકભાઇએ વાતને નવો ઝોંક આપ્યો.

માનસશાસ્ત્રના પદવીધર અંજલીબહેને તેમનો મુદ્દો ઉપાડી લીધો તેમનો બાબો આ શાળામાં ભણતો હતો. "સાચી વાત છે. આ તો આપણો દૃષ્ટિકોણ સુધારવાનો સવાલ છે. આપણે બાળકની સ્વયંસ્ફુરિત ઉર્મિઓને રૂંધીને તેને વારંવાર નાસી-પાસ કરીએ છીએ. બાળપણની આવી નાની મોટી નિરાશાઓનો સરવાળારૂપે ઘડાતું ચારિત્ર્ય વિકૃત બને છે અને પુખ્તઉંમરે તેની વ્યાજસાથે કિંમત ચૂકવવી પડે છે. અનેક ગુન્હેગાર માનસમાં તેમના બાળપણમાં પડેલી ગુંચ નજરે પડે છે."

આ ચર્ચા દરમ્યાન અનેક મુદ્દાઓ ઉભા થયા. બની શકે ત્યાં સુધી બાળકની સ્વાભાવિક વૃત્તિઓને અનુકુળ બનીને વાલીઓએ વર્તવું જોઇએ, જ્યાં બાળકની ઇચ્છા પર અંકુશ મૂકવો અનિવાર્ય હોય ત્યાં તેને વિશ્વાસમાં લઇને, તેને વાસ્તવિક પરિસ્થિતિથી વાકેફ કરી, તેને યોગ્ય વર્તન કરવા પ્રેરવો જોઇએ એ વિચાર સર્વસાધારણ રીતે સાચો લાગ્યો પરંતુ તેની વ્યવહારિકતા વિશે હજી ઘણાંનાં મનમાં શંકા રહેતી હતી. કુટુંબના બીજા સભ્યોને અગવડરૂપ થતી ઉર્મિઓને દાબી શકવા જેટલી સામાજીક વૃત્તિ બાળક કેળવી શકે છે તેનાં કેટલાંક દાખલાઓ ટાંકવામાં આવ્યા પરંતુ જ્યારે માનસશાસ્ત્રના સામાજીક તેમજ આર્થિક પાસામાં પ્રવેશવા લાગી ત્યારે એક વાલીએ દરખાસ્ત કરી :

"આ વિષય જેટલો રસિક છે એટલોજ મહત્વનો પણ છે. આજે આપણે આપણી સમય મર્યાદા વટાવી ચૂકયા છીએ. ઉતાવળમાં તેને ન્યાય આપી શકાશે નહિ. તેની વીગતવાર ચર્ચા આવતી સભાપર મુલતવી રાખીએ તો કેમ?"

વાલી પરિષદે આ સૂચન સ્વીકારી લીધું.

નઈ તાલિમ.

સર્વનાશ તરફ લઇ જનારી દંડનીતિ

વિનોબાજી–ભૂદાનયજ્ઞના સૌજન્યથી (દંડશકિતના સંસ્કાર કુટુંબમાંથી ને કેળવણી સંસ્થામાંથી નષ્ટ કરી શકાય તો સમાજમાંથી પણ નષ્ટ થવાની શકયતા છે વિનોબાજીએ વ્યકત કરેલો વિચાર આપણે કેવી રીતે અમલમાં મૂકી શકીએ એ આપણા ચિંતનનો વિષય બનવો જોઇએ. સં.)

લોકો સત્વગુણની ઝંખના કરતા હોય તો પણ શકિતની અધિષ્ટાત્રી દેવી જૂઠી જ છે એમ તેઓ માને છે. શાંતિ પ્રાપ્ત થવી જોઇએ એવું બધાને લાગે છે તો પણ મનુષ્યની અંતિમ શ્રધ્ધા શાંતિ ઉપર હોતી નથી. તે શકિત ઉપર જ હોય છે. રક્ષણ કરવાનું સામર્થ્ય શાંતિમાં છે એવું કોઇ માનતુ નથી. માબાપ પણ પોતાના બાળકોને ખૂબ લાડ લડાવે છે તો પણ તેમને યોગ્ય વલણ આપવા માટે કોઇ વખત તેઓ લપડાક લગાવી દે છે. શકિત દેવી છેવટે તો પાર ઉતારતી નથી કારણ કે તેનામાં બુધ્ધિ હોતી નથી. જે દેવી મૂઢ છે તેને દેવી માનવી એ ભૂલ ભરેલું છે. અને તેના ઉપર વિશ્વાસ મૂકવો એ ભૂલ છે. પછી તેના પર અંતિમ વિશ્વાસ મૂકવો એના કરતા પણ મોટી મોટી ભૂલ છે. જ્યાં મતભેદ થાય છે ત્યાં શકિતથી કામ પાર પાડી શકાતું નથી; ત્યાં શાંતિથી કામ લેવું જોઇએ. એનાથી કામ ન થાય તો એ કામ શા માટે પાર પડયું નથી એનું સંશોધન કરવું જોઇએ. કામ પણ તેવું ન માનતા આપણે સામ છોડીને દંડનો ઉપયોગ કરીએ છીએ દંડથી કામ ન થાય તો તેનાથી વધારે દંડનો ઉપયોગ, તેનાથી પણ કામ ન થાય તો તેનાથી પણ વધારે દંડનો ઉપયોગ એમ કરતા કરતા અણુશકિત સુધી લોકો પહોંચી ગયા છે. પણ કોઇના ધ્યાનમાં એમ નથી આવતું કે દંડશકિત એ વિશ્વાસને પાત્ર શકિત નથી. કોઇપણ પક્ષનું તે સમાધાન કરી શકતી નથી. આ શકિત કોઇપણ પ્રશ્નનો ઉકેલ આણી શકતી નથી. દંડશકિતનું ઉગ્ર સ્વરૂપ જોઇને આપણે ભયભીત થયા છીએ. શકિત ઉપરની આપણી અંતિમ નિષ્ઠા ઓછી થઇ ગઇ છે. પરન્તુ આપણે હજી તેનો ત્યાગ કર્યો નથી.

નિર્દોષ અને નિરાધાર

મારે જે વાત કહેવી છે તે મેં નજરે જોયેલી છે. એ દ્રશ્યે મને એટલો બધો ક્ષુબ્ધ બનાવ્યો છે કે હજી મનને સ્થિર કરી નથી શકયો! તેથી, વાત કહેવા માટે યોગ્ય શબ્દો મળશે કે કેમ તેની શંકા છે. એમ છતાં પ્રયત્ન કરું છું.

મારા ઘરની પાછળ એક બાળક કન્જિયે ચડયું હતું. લગભગ ૨॥ વરસનું બાળક હશે. તેની માએ તેને ઘરમાંથી ફંગોળીને ફળિયામાં પછાડયું. બાળકને ચુપ ચુપ કહીને આંખો બતાવી. તો ય રડતું બાળક ઊભું થઈને માના ખોળામાં પડવા દોડયું. માએ "આઘ્રો બસ રોયા" કહીને સાથળ ઉપર ચોંટિયો ભર્યો. બાળકની ચીસો વધી. મા ઉઠીને આઘી ચાલી ગઇ. બાળક રોતું રોતું પાછળ દોડયું.

વાંચનારને લાગશે કે આમાં વળી ક્ષુબ્ધ થવાનું શું છે? અમને તો કંઇ વાત કરવા જેવું પણ નથી લાગતું આવું તો ઘણાં ઘરોમાં કાયમ ચાલ્યા જ કરે છે. પણ એનો અર્થ તો એટલો જ, કે બાળકની સાથે જંગલીની જેમ વર્તન કરવુ તે માબાપ માટે અને મોટેરા માટે સાધારણ બિના બની ગઈ છે. તેમાં કંઇ ન કરવા જેવું કે અજુગતું કોઇને નથી લાગતું, એક મોટા માણસને કોઇ થપાટ મારે તો ૧૦૦ માણસો ભગા થઇ જાય છે અને મોટી હો હા થાય છે. પણ એક બાળકને કોઈ મોટો માણસ થપાટ મારે તો દરેકને એમ જ લાગે છે કે ભલે મારી ઘરમાં, શેરીમાં, નિશાળમાં અને સમાજમાં બધે જ બાળક તરફના વર્તનમાં આવું જંગલીપણું ચાલ્યા જ કરે છે, પણ આપણે જાણતા નથી, કે ઉંમરમાં નાનાં, શક્તિમાં ઓછાં અને નિરાધાર બાળકો ઉપર તેના કહેવાતા વડીલો જે જુલમો ગુજારે છે તેમાંથી કેવાં ભયંકર પરિણામો નીપજે છે.

જગતના જૂઠાણા, ચોરી, લડાઈઓ, જુલમો, અન્યાય, વિધ્વનસંતોષીપણું, ધર્મને નામે ચાલતાં ધતિંગો અને એવા અનેક દુર્ગુણોનાં બીજ બાળકો સાથે ખાનદાનીભર્યું વર્તન નહિ દાખવનાર વડીલો જ વાવે છે.

માણસાઈના મૂલ જ્યારે માણસને હાથેજ ઓછાં થાય અને તે પણ બાળકના માબાપ, વડીલ કે શિક્ષકને હાથે ઓછાં થતાં દેખાય ત્યારે, એથી વધારે દુઃખદ પ્રસંગ બીજો શું હોઈ શકે?

બાળક નિર્દોષ અને નિરાધાર છે; માબાપ ગમે તેટલા મારકણા હોય તોયે બાળકને તેના વિના નથી ચાલતું. માર ખાઈને રડતું રડતું પણ બાળક તેના જ ઘરમાં રહે છે અને ખોળામાં પડવા દોડે છે. ખરું જોતાં બાળકની નિર્દોષતા અને નિરાધારપણું જોઇને દરેક મોટેરાએ તેને સહાય કરવી જોઇએ; તેનું સન્માન કરવું જોઇએ. બાળક જ્યાં આપણને અનુકુળ ન થઇ શકે ત્યાં આપણે બાળકને અનુકુળ થઇને જીવવું જોઇએ.

પણ તને બદલે બાળક ઉપર કડકાઇ અને સજાનો દોર ચલાવવાનું જંગલીપણું ચાલુ છે; જો માબાપ પોતાના બાળકનું સન્માન ન સાચવવાના હોય તો સમાજમાં બીજાની તો આશા જ કયાંથી રખાય? દરેક માણસ નાનામાંથી જ મોટો થાય છે. નાનપણમાં જો એને મારીને, અપમાન કરીને, નજીવો ગણીને ઉછેરવામાં આવે, તો મોટપણમાં તેની પાસેથી સારી આશા રાખવી તે કડવા ઝાડ વાવીને મીઠા ફળની આશા રાખવા જેવું વ્યર્થ છે.

પ્રેમશંકર ભટ્ટ

ભારતમાંજ બનતી સ્વદેશી બનાવટોને ઉ-તેજન આપો





વહાલા બાલમિત્રો,

ઊનાળાની રજાઓ પૂરી થઇ તમે રજાઓમાં ઘણી મઝા કરી હશે. તમારામાથી ઘણા બહાર ગામ ગયા હશો. નવાં નવાં ગામ અને નવાં નવાં શહેરો જોયાં હશે. ઘેર રહ્યા હશો તો નવી નવી રમતો રમ્યા હશો અને નવી નવી ચોપડીઓ વાંચી હશે

આ વેળાનો બાલવિભાગ તમે જરૂર વાંચજો. એમાં તમને ગમે એવી ઘણી ચીજો આપી છે. આ વેળાએ અંદર એક મઝાનો કોયડો છે. એ કોયડો તમે ઉકેલી અમને જવાબ મોકલજો. સારા જવાબ આપણે આવતા બાલવિભાગમાં છાપીશું. તમે 'ચકોચકી' નાં પાનાં વાંચજો જ. એ ચકોચકી તમારા જેવાં બાળક દોસ્તો લખે છે. મોટાં માણસો મોટા માણસ માટે લખાયલાં છાપાં ખરીદે છે નાનાં બાળકો બાળકોનાં છાપાં ખરીદે છે. તેમ 'ચકોચકી' પંખીઓનું છાપું છે. લખનાર બાળકોએ જાણે પંખીઓની દુનિયા માટે છાપું લખતાં હોય એ રીતે એ લખ્યું છે. છોકરાંઓને વાંચવાની મઝા આવશે. તમને આ પાનાં ગમ્યાં કે નહિ તેનો જવાબ જરૂર લખશો.

વાદળમાં તો નજર નાખો! શું સુંદર વાદળાં ધીમે ધીમે આવે છે અને ફર ફર ચાલ્યાં જાય છે. કદીક થોડા છાંટા વરસાવે છે કોઇક વાર જોરથી વરસાદનું ઝાપટું આપી જાય છે. તમે બધાં વરસાદમાં પાણીમાં કાગળની નાવડીઓ તરાવજો. પાણીથી થતી નદીઓ જોજો. વરસાદ બંધ રહી જાય તો બહાર નીકળી ખુશ થએલાં ઝાડપાન જોજો.

આ વખતના બાલવિભાગમાં 'સવાલનો જવાબ' નામનો વિભાગ પણ શરુ કર્યો છે. બાળકોને ઘણી ઘણી વસ્તુઓ જાણવાનું મન થાય છે. આ વિભાગમાં તમે ત્રણ પૈસાનો પોસ્ટ કાર્ડ લખશો તો આવતા અંકમાં તમારા સવાલનો જવાબ છાપીશું.

ચાલો દોસ્તો આવજો!

વાદળ જમે ગોટમગોટ
ચાલો કરીએ મોજમ મોજ

તમારો
રમેશ કો.

તા. ક. કાગળ લખવાનું સરનામું :—
રમેશભાઇ બાલવિભાગ-શિક્ષણ,પત્રિકા, જીવન ભારતી, સૂરત.

નાનું હરણયું

નાનું નાનું વનડું;
નાનાં નાનાં ઝાડ;
પીપળ વડ ને સમડું,
મોટા મોટા તાડ,
નોનું નાનું વનડું!
નાની નાની નદીઓ,
નાની એની પાળ,
રેતીના તો કાંઠા,
કાંઠે ઝાડની હાર,
નાનું નાનું વનડું!
એવા વનની માંહે,
પશુનો ના પાર,
સિંહ વરુને વાઘો,
દોડે છે વિકરાળ;
નાનું નાનું વનડું!
લીલા ઝાડની માંહી,
હરણાની કતાર,
હરણાનાં નાનાં ત્યાં તો,
બચ્ચાં છે બેચાર,
નાનું નાનું વનડું!
એ બચ્ચાંની માંહી,
એક ઘણું હુશિયાર,
લાગ મળ્યો કે તેવું,
ભાગ્યું એ તત્કાળ;
નાનું નાનું વનડું!
આઘે દોડે આઘે,
અટકે ના એ લગાર,
થાકી થોભ્યું જ્યારે,



જોરનો આવ્યો પાર,
નાનું નાનું વનડું!
થાકયું થાકયું એકલું બેઠું ઝાડની છાંય,
છાયામાં એ સૂઇ ગયું બેઠું ત્યાંય ન ત્યાંય!
હરણયું નાનું હરણયું જી!
એવું મઝાનું કેવું હરણયું જી!
એ ટીપકી વાળું હરણયું જી!
એ નાકે છે કાળું હરણયું જી!
આમ કૂદે એ હરણયું જી!
ને તેમ કૂદે એ
હરણયું જી!
કુંપળ ને ચાટે
હરણયું જી!
પાછું દોડે એ વાટે
હરણયું જી!
જરા અટકે એ
ઠાઠે હરણયું જી!
જરા લટકે એ
ઠાઠે હરણયું જી!
હરણયું નાનું હરણયું જી!
કેવુ મઝાનું કેવું હરણયું જી!
કૂદી નાચી થાકીયું વનડાની મોઝાર,
ઊભું એ તો બાપડું પાણી માટે લગાર!
આગળ આગળ ચાલીયું પાણી જેટલું જાય,
પાણી એને ના મળે આંખથી આંસું જાય!
એ તો રડવા માંડયું,
મારી મા મા મા!

મને પાણી તો પા,
　　મારી બા બા બા!
એ રડતું રહ્યું,
　　મારી મા મા મા!
ના પાણી મળ્યું,
　　મારી બા બા બા!
ખૂબ ખાડા મળે,
　　મારી મા મા મા!
સો સુકા મળે,
　　મારી બા બા બા!
નદી નાળાં હતાં,
　　મારી મા મા મા!
પણ સુકાં બધાં,
　　મારી બા બા બા!
એની ધીર ખૂટે,
　　મારી મા મા મા!
એનાં અંગ તૂટે,
　　મારી બા બા બા!
એ ઢળી પડયું,
　　મારી મા મા મા!
પાણી ના રે મળ્યું,
　　મારી બા બા બા!

એવામાં તો દૂર થી વાદળ દેખાય,
હરણું રડતું બોલીયું 'વરસી જને ભાઈ,'
જાણે એણે સાંભળ્યું હરણું રડતું ભાઇ,
વિરાટે ભીજવ્યું આખું વનડું ત્યાંય,
પાછું વરસ્યું જોરથી પાણીથી ઉભરાય,
વનડું આખું લહેરમાં હરણું પીતું થાય.

પછી કેવી મોજ કેવી મોજ હરણાને ભાઇ,
ખરી મોજ ખરી મોજ હરણાને થાય!

ઝનક નાચે,
એ થનક નાચે,
ઘણું રાજીરાજી,
એ ઘેલું નાચે,
હરણું નાચે ને,
વાદળ ગાજે,
જાણે ઘેરૂં ઘેરૂ,
પેલું ઢોલક વાગે.

ઝત્રક નાચે,
એ થત્રક નાચે,
ઘણું રાજી રાજી,
એ ઘેલું નાચે,

પછી કેવી મોજ કેવી મોજ હરણાને ભાઇ,
ખરી ખરી મોજ ખરી મોજ હરણાને થાય!

નાચી કૂદી વ્હાલમાં દોડયું પાછું જાય,
દૂરથી ટોળું દેખતાં માની સોડ ભરાય,
મા પણ રાજી એટલી થઇને ઘેલી ભાઈ,
બચ્ચા સાથે બાપડી વાદળના ગુણ ગાય.

કુસુમ ત્રિવેદી

ટચુકડી વાર્તા

ગલુ

ગલુ કૂતરાનું નાનું બચ્ચું. ગલુને ચાર ભાઇબેન. બધાં મળી પાંચ જણ. બધાં સાથે કૂદે, રમે અને મઝા કરે. એમની બાનું નામ કાળી. કાળી કૂતરીનો રંગ કાળો. કાળો જાણે કોલસો કાળો. પણ માથા ઉપર એક સફેદ ટપકી. કાળી કૂતરી પાંચે બચુકડાં કૂતરાંની સંભાળ લે.

કાળીની બખોલની આજુબાજુ ચારે કુરકુરીયાં રમે, પણ એમાં સૌથી તોફાની કુરકુરીયું ગલુ.

'ગલુ. ગલુડીયુ ગાંડીયું,
બધાં બીજવે બાંડીયું.'

બખોલ પાસે જે જે છોકરાં રમવા જાય તે ગલુની સાથે જ રમે. તોફાની ગલુ કુરકુરીયાને બીજવવાની એમને ભારે મઝા આવે. છોકરાં જાય એટલે એનાં બીજાં ભાઈ બેન પણ એની પૂંછડી ખેંચે. ગલુ ઘણીવાર કંટાળી જાય ત્યારે ખુણામાં બેસી રડે. એ રડે એટલે એનાં બીજા ભાઇબેન હસે અને એની મશ્કરી કરે.

'ગલુ ગલુડીયું ગાંડીયું,
બધાં બીજવે બાંડીયું,
બાંડું ખુબ રીસાય,
ચાલો બીજવીએ ભાઇ.'

જેમ જેમ દિવસ જતા ગયા તેમ તેમ બધાં છોકરાં અને કુરકુરીયાં ગલુને વધારે બીજવવા માંડયા. ગલુએ આ બધાંને સીધાં કરવાનો રસ્તો શોધી કાઢયો. એક દિવસ સવારના પહોરમાં એ ઉઠયું બધાં બચ્ચાં ઉઠેલાં નહિ. છોકરાં પણ રમવા આવેલાં નહિ. એણે ચારેકોર જોયું. જોઈને એ ધીરે પગલે બહાર નીકળ્યું પાછું જોયું એની મા પણ ઊંઘતી હતી.

એ બખોલથી થોડે દૂર એક જૂના લીમડાનું ઝાડ હતું. એ ઝાડના થડમાં ઊંડી બખોલ હતી. ગલુ એ બખોલમાં છુપાઈ ગયું.

બધાં કુરકુરીયાં ઉઠયાં. ગલુ ગુમ. મા ઉઠી તો ગલુ મળે નહિ. છોકરાં રમવા આવ્યાં તો ગલુનો પત્તો નહિ. માએ ભસવા માંડયું. 'ગલુ ઓ ગલુ! ગલુ!' કુરકુરીયાં બોલાવવા માંડયાં; 'ગલુ ઓ ગલુ!' છોકરાં માએ બૂમો પાડી; 'ગલુ એ ગલુ.' મા ગલુના ગૂમ થવાનું કારણ સમજી. ગલુ કુરકુરીયાં અને છોકરાંઓ વિષે ઘણીવાર માને ફરીયાદ કરતું હતું. કૂતરી તો બધાં છોકરાં ઉપર અને બચ્ચાં ઉપર ખુબ ગુસ્સે

થઈ; "જાવ મારા ગલુને શોધી લાવો. તમે બધાંએ જ એને હેરાન કર્યું છે."

જાવ ગલુને શોધો,-
નહિતો પછી જોજો,
માફી માગશે એની
દોસ્તી બાંધીશ તેની.

બધાં બચ્ચાં અને છોકરાંઓએ ચારકોરે ધૂમો પાડવા માંડી. ગલુ તો લીમડાની બખોલમાં બેઠું બેઠું આ તાલ જોતું રહ્યું. બધાંએ બહુ શોધ કરી. પણ ગલુ શેનું મળે! બધાના સાદ બેસી ગયા. બોળી બોળી પગ દુઃખ્યા બપોર થઈ ને ભૂખ લાગી. ભૂખ લાગીને થાક લાગ્યો. પરસેવાના તો રેબઝેબ પણ ગલુ તો ગેબ નું ગેબ. બધાં કુરકુરીયાં ને છોકરાં તો રડુ રડુ થઈ ગયાં બધાં મોટેથી બોલ્યાં.

'ગલુ ગલુડીયું ગાંડીયું નહિ,
ગલુ અમારો મોટો ભાઇ,
ગલુ જો આવી જાય,
તો લીલા લહેરો થાય,
એ કહેશે તેમ કરશું,
ને એની સેવા કરશું,'

જેવો આ અવાજ પૂરો થયો કે ગલુ હસતું હસતું બખોલમાથી નીકળ્યું. બધાંના આનંદના તો પાર ન રહ્યો. ત્યારથી ગલુ સાથે બધાં રમે પણ એને કોઇ ખીજવે નહિ.

કુમાર સુરેશ્વર સિંહ

ઓટ સવાલ અને પોટ જવાબ

મનુભાઇ શાહ. ઉ. ૧૨

સવાલ : વાદળમાં વરસાદનું પાણી કયાંથી આવતું હશે?

જવાબ : વાદળ વરાળનું બનેલું હોય છે. સૂરજની ગરમીથી દરિયાનું પાણી ગરમ થાય છે અને એમાંથી વરાળ બની ઉપર જાય છે. ઉપર જઇને એનાં વાદળો બંધાય છે.

મીના નાણાવટી ઉ. ૧૧

સવાલ : ભખભખ આવે,
ઝખઝખ જાવે,
કાળી રોટી ખાવે,
સો મણ પાણી પીવે,
હજાર જણનો સાથ,
પણ હજાર ના હાથ.
આ વાત નો જવાબ શો?

જવાબ : આગગાડી....! વાતમાં બહુ અકકલ અજમાવવી પડે એવું છે.

વિરેન્દ્ર શલેત ઉ. ૯

સવાલ : કાગળ શેના બનતા હશે?

જવાબ : ઝાડના લાકડાના માવાના. ઘણીવાર જૂનાં છાપાં અને કપડાંના પણ કાગળ બને છે.

અલ્લારખાં શેખ ઉ. ૧૨

સવાલ : કયું પંખી એવું છે જેને પાંખ છે છતાંય ઊડતું નથી.

જવાબ : શાહમૃગ.

સવાલ : કયું પ્રાણી એવું છે જે ગળુ હોવાં છતાં અવાજ કાઢી શકતું નથી?

જવાબ : ઝીરાફ.

(સવાલ પૂછવાનું સરનામું : મધુસૂદન, ક્રીડા, સીદીક મહોલ્લો, નાનપૂરા, સૂરત.)



બાળક :

પોપટભાઇ પોપટભાઈ
વનના ઝાડે,
ઝાડની ડાળે,
બેઠા છો ?
બેઠા છો !
ખાશો શું
પીશો શું ?
ફળ નથી ને
કરશો શું ?

પોપટ :

ચારે કોરે ચક્કરડાં,
અંદર અક્ષર એક એક,
મેળવી મેળવી ગોઠવે,
તો મળશે ફળ અનેક.

(ગોળાકારમાંના જૂદા જૂદા અક્ષરોમાંથી ફળના નામ બને છે તે શોધી એનો જવાબ નીચેના ચરણમાં મોકલો.)

મધુ કોઠારી
જીવન ભારતી, સૂરત

ચકાચકી

સંપાદક : મયૂરમામા : અંક : ૧ વર્ષ : ૧ : સરનામું : ચકાચકી કાર્યાલય આંબલીયાનગર

એક ભયંકર અકસ્માત! આજથી આખા પંખી જગતના રહેવાસીઓ ચેતતા રહે!!!

[અમારા ખાસ અબરચત્રી તરફથી]

જીવન ભારતીના બાગની પાછળ વહેલી સવારે એક અજબનો અકસ્માત થયો હતો. આ અકસ્માતની ખાસ જબાબદારી માબાપની એકાળજી ઉપર રહેલી જણાય છે. બીના એવી હતી કે વહેલી સવારે 'ટકટક' નામની એક મરઘીનું બચ્ચું જેનું નામ ચકુ હતું તે ઘેરથી નાસી ગયું હતું. બાગની પાછળના ભાગમાં એક તારની વાડ છે. આ વાડની આગળ કચરાના ઢગલા છે. આ બચ્ચું ઢગલા જોઇને વિના વિચાર્યે વાડ ઓળંગવા ગયું. વાડના તાર કાંટાવાળા હતા. બચ્ચાના નાજુક શરીરમાં તારના કાંટા ભોંકાઈ ગયા હતા બચ્ચાનાં શરીરમાંથી લોહી નીકળતું હતું અને બચ્ચું ઘણી રડારોડ કરવા માંડયું. આ રડવાનો અવાજ સાંભળી આજુબાજુનાં ઝીળાં બચ્ચાં દોડી આવ્યાં હતાં. બચ્ચાને એની માને તેડી લાવતાં હતાં. બાએ ગરુડરાજ નામના જૂના અને જાણીતા વૈદ્યરાજને તેડાવ્યા હતા. મલમપટ્ટા પછી બચ્ચાની તબિયત સુધરતી જાય છે. સમાજના પ્રતિષ્ઠિત સમાજ સેવક જેવા કે બગલાભાઈ, કાગડાભાઈ અને શકરાબાજ ભાઇઓએ મરઘીને બચ્ચું સુપ્રત સૂપવા બદલ ઠપકો આપ્યો હતો.

ચ કો ચ કી

[લવાજમના દર]

વાર્ષિક સુંદર રંગીત એ પીછાં
છમાસિક સુંદર રંગીત એક પીછું.
ત્રમાસિક સુંદર રંગવીનાનું પીછું.
છુટક નકલ જુવારના કે બાજરીના એ દાણા.

સરનામું : આંબલીયા નગર.
એજન્ટ : કલબલીયા શેઠ, કાબરજી

મહાન સમાજ સેવક બચકુ બાપુ બગલા શંકરનું ચોપાટી ઉપર ભાષણ

(ખાસ અબર વાહક કંપની.) સૂરત

ઘણા વર્ષોથી તાપી નદીના કિનારે એક પગે ઉભા રહીને તપ કરતા અને માછલી બેનોને સલાહ આપતા જાણીતા સમાજ સેવક શ્રી. બચકુ બાપુ (બચકાં ભરવામાં જાણીતા) બગલાશંકરનુ એક જંગી ભાષણ ચોપાટી થયું હતું. એ સભામાં આજુબાજુના જાણીતા બગલાઓની મેદની જામી હતી. ભાષણની મુખ્ય મુખ્ય વાતો નીચે મુજબની હતી. [ચાલુ]

ઝાડપાડુ છેતરપીંડીલાલ બિલ્લાદાસની ગીધડદાદા નામના જૂના અને જાણીતા છુપા પોલીસે ધરપકડ કરી છે.

અમારા ખાસ ખબરપત્રી ચકલાશંકર તરફથી

આજે બપોર પછી પંખીનગરનો નામચીન ઈંડા ચોર અને ઝાડપાડુ છીતરપીંડીલાલ બિલ્લાદાસની ગીધડદાદા નામના જૂના અને જાણીતા છુપા પોલીસે ધરપકડ કરી છે. વાત એમ છે કે ઘણાં વર્ષોથી પંખીનગરની વચમાં આવેલા વડના ઝાડ ઉપરના જુદા જુદા પંખીઓના માળામાંનાં ઈંડા આ લુચ્ચો બિલ્લો ઉપાડી જતો હતો. ઘણીવાર એ એની સાથે એવી ચબરાક વહુ બિલ્લીને પણ લાવતો હતો. એના ત્રાસથી તો પંખીનગરમાં આવેલી આ વડનિવાસ નામની આલિશાન ઈમારત સુની પડી હતી ઘરની મળવાની મુશ્કેલીને લીધે કોઈ રડયાં ખડયાં પંખીઓ અહિ કોમચલાઉ માળા બાંધતા પણ લગભગ બધાંજ આ બિલ્લાના ત્રાસથી ગભરાઇ ગયાં હતાં. આ ફરીયાદ છુપી પોલીસ ખાતાના બુધ્ધિમાન અને બળવાન અમલદાર ગીધડદાદા પાસે ગઇ એ વડની ડાળી ઉપર પોતાના બહાદ્દર ત્રણ પૂત્રોને લઇ છુપાઇ રહ્યા. એક માળામાં ઇડાના આકારના સફેદ પત્થર મૂકયા. ઝાડપાડુ આ પત્થરોને સાચાં ઈંડા સમજ્યો. અને ઝાડપર ચઢી માળાઉપર પહોંચ્યો કે તરતજ ચારે પોતાની તીણી અને મજબુત ચાંચથી હુમલો કર્યો. અણધાર્યા હુમલાથી બિલ્લો ગભરાયો અને ઝાડની નીચે પડયો. પાછો ગીધડદાદાએ છાપો માર્યો અને છેતરપીંડીલાલ બિલ્લાદાસ પૂછડી લઇ ભાગી ગયો. આ બનાવ પછીથી પંખીનગરના બધા લુચ્ચા લોકો ગભરાઇ ગયા છે. ચોરી અને ઝાડના બનાવો ઓછા બનશે

બગલાશંકરનું ચોપાટી ઉપર ભાષણ

(ચાલુ પાન પહેલેથી)

'મારા વહાલા બગલાભાઈઓ,

આજે આપણી જે માછલી બહેનો આપણાથી રીસાઇ છે, તેમને મનવવાના ઉપાયો વિચારવા આ સભા મળી છે.

તમને બધાંને ખબર તો છેજ કે ઘણાં વર્ષોથી માછલી બેનોને બચાવવા અને સલાહ આપવા મેં મારા જીવનની સેવાઓ તન, મન અને ધનથી આપી છે. આપણે તો માત્ર હવા ઉપર જીવીએ છીએ. ચાલો બધા એક સાદે બોલો:

આવો અમારી માછલી બેન,
આપણે કરીએ સુખ ને ચેન,
અમારી સાથે આવો રહો,
સઘળાને આ વાત જ કહો,
અમે તમારા મોટા ભાઇ,
કરશું જેટલી સેવા થાય,

દુંકી જાહેર ખબરો :—

હવા ઉજાશવાળા મકાન માટે: લીંબડાની રડીઆમણી ડાળ ઉપર માળો બાંધવાની જગ્યા ખાલી છે.

મળો યા લખો:
શ્રી. કકલાટીયા મીંયા,
બકલાટીયા મીંયાં કાગડાચાચા.

સંગીત શીખવાની ઉમદા તક:

બુલબુલ બેનના સુંદર સંગીત પદ્ધતિના વર્ગો બુલબુલ બેન પોતે વિદ્યાર્થી ઓના લાભાર્થે ચલાવશે.

'બુલબુલ શાળા'

ધુવડભાઇ સલાહકાર:

કોઇપણ ચિંતામાં પડયા હોય તો વિખ્યાત સલાહકાર ધુવડભાઇની સલાહ મેળવવાનું ચુકશો નહિ.

ઠે ધુવડભાઇ ધુધુજી,
—જૂના ખંડીએરની બખોલમાં.

ખાલી જગ્યા ભાડે આપવાની છે.

(રહેવા માટે નહિ જાહેર ખબર માટે)

જાહેર ખબર વિભાગ
ચકોરચકી કાર્યાલય.

છેલ્લામાં છેલ્લી ખબર!

યંત્ર પર જતાં યાને સ્ટોપ પ્રેસ

સાંભળ્યું છે અરે ચોકકસ પાયેથી ખબર મળી છે કે ચોપાટી ઉપર બગભગતોના મીઠા બોલથી છેતરાઇને ઘણી માછલીઓ બગભગતોનો નાસ્તો બની ગઇ હતી.

ઉજાગરો, શારીરિક અને માનસિક શ્રમ બાદ

જીવદયા નેત્રપ્રભા

(રજીસ્ટર્ડ)

॥

માટે

વૈદ્યો, ડોક્ટરો, આયુર્વેદિક હોસ્પિટલોએ
આંખો માટે પ્રમાણ પત્ર આપેલ છે.

બાળક તથા વૃદ્ધ સુધી સૌ કોઇ જરૂરીઆત પ્રમાણે
૧ થી ત્રણ વખત આંજી શકે છે.

જીવદયા નેત્રપ્રભા કાર્યાલય,

વિક્ટોરિયા મિલ કમ્પાઉંડ, ગામદેવી, મુંબઇ ૭.

હાલની કિંમતમાં
આપને સંપૂર્ણ
બાટલી સાથેનું
કારટુન ટુંક
સમય માટે
મળશે જ્યારે લી
તક તેનો
લાભ
લેશો

શિક્ષણ સાધનો

બાલમંદિર માટે સાધનો, નકાશાઓ, ચિત્રપટો, કસરતના સાધનો,
બાલસાહિત્ય અને અન્ય ઉપયોગી સાધનો માટે સૂચિપત્ર મંગાવો.

લખો:

નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્ક્સ (પ્રાઇવેટ) લિ.

સીનેમા રોડ, સુરેન્દ્રનગર. (સૌરાષ્ટ્ર.)



રિંગોઝોન

મલમ અથવા લોશન

ગમેતેવી દરાજ, ખરા
કે ખરજવાં જેવાં
ચામડીના દરદોને આ દવા
જડમૂળથી નાબૂદ કરે છે

ધી ઝોન કેમિકલ કું.
મુંબઇ. ૪



જે. જે. એન્ડ સન્સ

(૧) ૭૧, મંગળદાસ રોડ, (૨) પ્રાર્થના સમાજ,
(૩) ભુલેશ્વર રોડ, (૪) કુંભાર ટુકડા,
(૫) ડી'સીલ્વા રોડ, સ્ટેશન સામે, ગલીમાં
દાદર (W Rly.)

આપની દરેક

જરૂરીયાતો

ખરીદવાનું એક - માત્ર

: ભરોસાપાત્ર સ્થળ :

આજેજ એક વખત પધારી મુલાકાત લ્યો.

ધી

બોમ્બે સ્વદેશી કૉ-ઓપરેટીવ સ્ટોર્સ કું.

લિ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ, મુંબઈ–૧.

શાખાઓ: મહાત્મા ગાંધી રોડ. પૂના. જેમ્સ સ્ટ્રીટ, સિકન્દ્રાબાદ.

એસ્ટ્રેલા બેટરીજ લી.

મુંબઈ, કલકત્તા, દિલ્લી, મદ્રાસ, કાનપૂર, નાગપૂર.

ન્યૂ. બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક: રમણિકલાલ તુરખિયા, ૧૧૮ હિંદુ કૉલોની, દાદર, મુંબઈ ૧૪.
મુદ્રણ સ્થાન: પરફેકટા પ્રેસ, મુંબઈ ૨૨.

વર્ષ-૩૧ : અંક : ૫

ઑગષ્ટ, ૧૯૫૬

નમું હું તુજને સદા સર્વદા'

વિશ્વ જૈન પત્રિકા

સંસ્થાપકો:

સ્વ. ગિજુભાઈ બધેકા

શ્રી તારાબેન મોડક

તંત્રી :

શેષ નામલે

વાર્ષિક લવાજમ

રૂ. ૪-૦-૦

કાર્યાલય:

૧૧૮, હિન્દુ કોલની, દાદર, મુંબઇ, ૧૪.

છૂટક નકલ

૬ આના

શુભ્ય



સ્વસ્તિકના ૭૭૭ ધોવાના સાબુથી
કપડાં ધોવાનું સરળ બનાવો. આ
સાબુ વાપરવાથી કપડા ધોવામાં
ખુબ મઝા પડશે અને થાક
નહિ લાગે. ધ્યાનમાં લ્યો, કે આ
સાબુ કેટલો કરકસરભર્યો છે,
કેટલો લાંબો ચાલે છે, છેક છેવટ
સુધી કેવું કામ આપે છે. આજેજ
એક લાટો ખરીદો.

સ્વ સ્તિ ક 777 સા બુ

સ્વસ્તિક ઓઈલ મીલ્સ લી. મુંબઈ.

SHILPI SOM 274-A

ઊંચી જાતના ફ્રેન્ડ ફ્રુટસ,
રસો, જામ, જેલી, તરકારી
અને ફ્રુટ ફ્રશોના
ઉત્પાદક :

પ્યોર પ્રોડકટસ એન્ડ
મધુ કેનીંગ [પ્રાઈવેટ] લી.
ડો એની બિસેન્ટ રોડ
મુંબઈ—૧૮
તરફથી
સા....ભા....૨.



Phone:
262077

Grams:
'ARLABS'
Bombay

ARLBAS [Private] LIMITED

Prop. of

Associated Research Laboratories

(Estd. 1940)

BOMBAY–12

PIONEER MANUFACTURERS OF DYESTUFFS

Sole Distributors :

M/S. TEXDYES CORPORATION

Manekji Wadia Bldg.,

127, Mahatma Gandhi Road,

BOMBAY-1.

Phone: 38672

**Grams: 'DREAMS'
Bombay**

સર્વ પ્રકારના પ્રશ્નો માટે

અમદાવાદ - પ્રશ્ન કુંજ

માધવદાસ પાસ્તા રોડ,

દાદર, મુંબઈ–૧૪

ટે. નં. ૬૧૬૬૩.



કેસ્ટોફીન

ANNA 1

ANNA 1

બે આનાની
મીઠી ચોકલેટો

દરેક પાકીટનો

દરેક પાકીટનો

બાળકો તથા વૃદ્ધો માટે ગુણકારક છે

કેસ્ટોફીન મેન્યુફેક્ચરીંગ કું., વલી મુંબઈ–૧૮

શિક્ષણ સાધનો

બાલમંદિર માટે સાધનો, નકાશાઓ, ચિત્રપટો, કસરતના સાધનો,
બાલસાહિત્ય અને અન્ય ઉપયોગી સાધનો માટે સુચિપત્ર મંગાવો.

લખો :

નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કસ (પ્રા૦)લી૦
સીનેમા રોડ, સુરેન્દ્રનગર. (સૌરાષ્ટ્ર.)

નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

વાલીઓ શિક્ષકો અને બાળ પ્રેમીઓનું બનેલું અખિલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :–

પ્રમુખઃ શ્રી. મોરારજીભાઇ દેસાઇ. ઉપપ્રમુખઃ અચાર્ય શ્રી. ભિસે.

કાર્યાધ્યક્ષઃ શ્રી. સરલાદેવી સારાભાઇ. કોષાધ્યક્ષઃ શ્રી. વા. રા. પટવર્ધન

મંત્રીઓઃ શ્રી. શેષ ના. નામલે : શ્રી. યશસ્વતીબેન ભટ્ટ

સ્થાનિક શાખા : કોઇપણ બાળ કેળવણીની સંસ્થા. વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના ૨૫ સભ્યો બનાવી, સંઘ માન્ય શાખા સ્થાપી શકે છે. આ જાતની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે.

પ્રાદેશિક શાખા : કોઇપણ જિલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની જિલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે. અને આ જિલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયંત્રણ મંડળમાં ચૂંટાઇ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય : સંઘનું બંધારણ, પ્રવેશ પત્રકો, સુચના–માહિતી વિ. સંઘને–લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતી છે.

મંત્રી, **નૂતન બાલ શિક્ષણ સંઘ**
૧૧૮, હિંદુ કોલોની, દાદર, **મુંબઇ ૧૪.**

સંપાદક મંડળ :

જયકુમારીબેન પટેલ, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઇ ઓઝા, હેમલતાબેન માળવી, રમેશભાઇ કોઠારી, કુસુમબેન શાહ

: અનુક્રમણિકા :

૧. પંદરમી ઓગસ્ટ ...	...	... શ્રી. તંત્રી
૨. બાલ રમત ...	...	... શ્રી. શાં. નારુલકર
૩. તમારું બાળક આકસ્મિક પ્રસંગ માટે તૈયાર છે? ...		... શ્રી. હેમલતા માળવી
૪. બાળવાડી કેમ ચલાવવી! ...		... શ્રી. અનુતાઇ વાઘ
૫. બાલ શિક્ષણ સંઘ સમાચાર ...		... (સંકલન)
૬. વાલી પરિષદ ...	...	... શ્રી. શાંતાબેન ગાંધી

બાલ–વિભાગ

૧. સંપાદકનો પત્ર ...	...	શ્રી. રમેશ કોઠારી
૨. એક હતો રાજા ...	...	શ્રી. ગુલ નીમચવાલા
૩. રંગપુરણી... ...	...	શ્રી. મધુ કોઠારી
૪. કોયલ	...	શ્રી. ગુલ નીમચવાલા

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો!

કે–"શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે–"શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા–પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે–"શિક્ષણ પત્રિકા"માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોય જરૂરી છે.

કે–"શિક્ષણ પત્રિકા"ના ગ્રાહક કોઇ પણ માસથી થઈ શકાય છે.

કે–"શિક્ષણ પત્રિકા"માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયે મોકલાવી આપવા જરૂરી છે.

કે–"શિક્ષણ પત્રિકા"માં સંપાદકીય નોંધ સિવાયના રજૂ થતાં લખાણો સાથે સંપાદક સહમત છે એમ કોઇએ માની લેવું નહીં.

કે–"શિક્ષણ પત્રિકા" ગુજરાતી હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૧૦ મી અને ૨૦ મીએ પ્રગટ થાય છે.

કે–"શિક્ષણ પત્રિકા"ના દરેક ગ્રાહકને ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરૂરી છે.

કે–"શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતી છે.

—શ્રી. રમણિકભાઇ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર; મુંબઇ ૧

મુંબઇ, મધ્ય ભારત, ઉત્તર-પ્રદેશ, રાજયસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી



નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૩૧ અંક ૫) મુંબઈ (ઓગષ્ટ '૫૬

ઓગષ્ટ પંદરમીના શુભ અવસરે

ઓગસ્ટ પંદરમી એટલે આપણા રાષ્ટ્રના સ્વાતંત્ર્યનો આનંદ મહોત્સવ. આ મહોત્સવના શુભ અવસરે આપણા આનંદ કિલ્લોલ સાથે આપણે થોડીવાર અંતર્મુખ બનીને રચનાત્મક કાર્યમાં પડેલા કાર્યકરોએ અને જનતાએ પોતાના કાર્યની સમાલોચના કરીને તેની પ્રગતિનું મુલ્યાંકન કરવું જોઇએ. સ્વાતંત્ર્ય એ માનવ પ્રગતિના વિકાસનો મૂળમંત્ર છે, એ સ્વાતંત્ર્ય આપણા રાષ્ટ્રને જે દિવસથી મળ્યું તે દિવસથી આપણા જીવનમૂલ્યો ફરી ગયા છે અને દુનિયાના અનેક સ્વતંત્ર દેશો વચ્ચે આપણે માનભર્યું અને મહત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. આપણા અનેકવિધ જીવનના ક્ષેત્રોમાં થતી આપણી પ્રગતિ અને તે સાધવાની આપણી રીતિનીતિ દુનિયા ખૂબ ધ્યાનપૂર્વક નિહાળી રહી છે.

સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયા પછી આપણી પ્રગતિનો પ્રવાહ સતત વેગવાન બનતો રહ્યો છે છતાં એ પ્રવાહનો લાભ હજી આપણા રાષ્ટ્રની બાલ દુનિયા સુધી આપણે જોઇએ તે પ્રમાણમાં પહોંચાડી શકયા નથી એ હકીકત છે. બાલકલ્યાણ માટેના આપણા બધા પ્રયત્નોથી આ પ્રશ્નને આપણે સહેજ સ્પર્શી શકયા છીએ એટલું જ. આપણા ગ્રામીણ વિભાગોના બાળકલ્યાણ અંગેના વ્યાપક અંધેરામાં કયાંક કયાંક તણખલા જ કરી શકયા છીએ. હજારો લાખો ગામડાઓમાં ગરીબાઇમાં રિબાતી જનતા માટે કોઇ પણ પ્રકારના સુતિકાગૃહો કે દવાખાનાઓ નથી. બાળ જન્મને કોઈ પણ જાતનું રક્ષણ નથી. જન્મેલા બાળકો માટે યોગ્ય પ્રકારના પોષણની કોઇ પણ વ્યવસ્થા નથી. ખેતરકામ, મજૂરી અને વ્યવસાય કરતી સ્ત્રિઓના બાળકો માટે નથી ઘોડિયા ઘરો કે કોઇ સંગોપન વ્યવસ્થા, એથી સહેજ મોટા બાળકો માટે સો કે બસોમાંથી એકાદ ગામડામાં કોઇક મરજીવી બાલવાડી કયાંક દેખાય છે. મોટા ભાગના ગામડાઓમાં પ્રાથમિક શાળાઓ પહોંચી ગઇ છે. પણ એ પ્રાથમિક શાળાઓને માથે બાળવિકાસની કોઇ જવાબદારી નથી. આ બાળકોની શારીરિક અને માનસિક પ્રગતિની કોઇ યોજના નથી. આ શાળાઓમાં બાળકોની યોગ્ય ઉપાસ્થતિ પણ હોતી નથી. તે માટે અભણ જનતાને માથે દોષનો ટોપલો ઢોળવાનો પ્રયત્ન થાય છે પરંતુ જનતાની મુસ્કેલીઓનો વિચાર થતો નથી. આપણો બંધુજન સમાજ જ્યારે ગરીબાઇ અને અજ્ઞાનમાં પંકાઇ ગયો છે ત્યારે જ બાળરક્ષણ અને કલ્યાણની યોજનાઓની સૌથી વધુમાં વધુ જરૂરિયાત છે.

બીજી પંચવાર્ષિક યોજનામાં સમગ્ર દેશની સમાજ કલ્યાણ યોજનાઓ માટે ૮૦ કરોડ રૂપિયાની યોજના કરવામાં આવી છે એમ જણાય છે. એમાં બાળકલ્યાણના ભાગે શું આવશે અને તેમાંથી આપણે આપણા કરોડો બાળકોને શી રીતે સ્પર્શી શકીશું? બાળકલ્યાણ પ્રવૃત્તિમાં આપણી પ્રગતિ થઇ છે એ કબૂલ પણ આપણી એ પ્રગતિમાં આ પ્રવૃત્તિઓના સામાન્ય ઉદ્દેશ્યો સુધી પહોંચવા માટે હજુ કેટલું બાકી છે તે જોવા જતાં આશાવાદી માણસને પણ ધકકો લાગે છે.

ઓગષ્ટ પંદરમીના શુભ અવસરે આપણી આ નિરાશાની સ્થિતિમાંથી પલટો લાવવાનો આપણો નિશ્ચય દ્રઢ બનવો જોઇએ. આપણા બાળકોની દુનિયા આપણાથી ખૂબ જ ઉપક્ષિત રહી છે. બાળકો માટે ઠેર ઠેર દૂધ કેન્દ્રો, કીડાંગણો, અર્ભકાલયો, બાલવાડીઓ, અને બાળકના સર્વાંગી વિકાસની જવાબદારી તેની પ્રાથમિક શાળાઓ સ્થાપિત કરવા માટે ઘેર ઘેર બાળકોના નવા પ્રકારના ઉછેર માટે અને નવા પ્રકારના શિક્ષણ માટે આજના શુભ અવસરે લડત ઉપાડવાની આપણે સૌએ પ્રતિજ્ઞા લેવી જોઇએ.

❀ બાલ ર મ ત ❀

નલિની કેટલાક વખત પછી પિયર આવી હતી. નવા શણગારેલા વાતાવરણમાં કેટલીએ સુંદરતા હોય તો પણ 'પિયર' શબ્દ દરેક સ્ત્રીને એક અનુપમ આનંદ આપનારો છે. ફરીને એ જ એફિકરી નિરલસ જીવન, ખાવું, પીવું, રમવું, હરવું, ફરવું એમાંજ દિવસો જાય. એને અંતરથી થતો આનંદ એ ફરીને અનુભવતી હતી. કહેવા પૂરતુ એને એક નાનકડું બંધન હતું, તે એનો નાનો કિશોર! તેમ છતાં એને જોવા માટે મોટીબા હતા, પણ તેના પોતાના માતૃત્વનું ભાન કરાવીને જ નલિનીની મા એનું બધું કરતી. એની બેન માલિની એની પાસે જ રહે એમ નલિની ઇચ્છતી હતી.

આજ સવારે બન્ને બેનો બાગમાં ફરતા હતા. ત્યાં જ નલિનીની દ્રષ્ટિ મોગરાના છોડને પહેલી જ આવેલી કળી તરફ ગઇ. સાડલાના છેડાને પકડીને બાજુ પર ખસેડી તથા નવી જ બેઠેલી કળી તરફ આનંદથી જોઇને નલિની બોલી: 'માલિની જોને મોગરાને પહેલી કળી બેઠી. સાંજ સુધીમાં ખીલી જશે.'

"અને અહીં જોયું કે નલૂ? આ તારી કળી તરફ; એનો શું કારભાર ચાલ્યો છે તે જોયું?" માલિની જરા ગભરાએલા સ્વરમાં બોલી. બાના હાથમાંના ઊનનાં દડા ઉપર કયારની ય એની નજર હતી. બોલવાના ને જોવાના તાનમાં એ કયારે એના હાથમાંથી છૂટી ગયો એનું ધ્યાન એને ન રહ્યું. કિશોરને તક મળતા એને ઉપાડી લીધો હતો. હવે જમીન ઉપર બેસી જઇને બન્ને હાથથી દડો ટાઇટ પકડીને એને ચાખી જોવા માટે વારંવાર મોઢામાં નાખી જોતો હતો વળી તે વારંવાર જમીન ઉપર પછાડી જોતો હતો તો કોઇવાર તેના તરફ ઉંડા વિચારમાં પડેલા શાસ્ત્રજ્ઞ પ્રમાણે નિરખીને જોતો. કિશોર દડાના ગુણાવગુણની રૂપરેખા ચાખવામાં ડૂબી ગયો હતો. હવે શું એ દડાના તંતૂની પરીક્ષા બાકી હતી? બે આંગળીની ચપટીમાં કંઇ આવે છે કે શું એના હવે પ્રયત્નો ચાલુ હતા. ઓ બાપરે! શું કરવું આ છોકરાને? આ ઊનના દડાનો નિકાલ 'આણ્યો.' નલિનીએ એના હાથમાંથી દડો ખૂંચવી લીધો.

"આ મોટા માણસને બીજાના કામમાં નકામુ માથું મારવાની ઘણી ખરાબ ટેવ છે!" કિશોરે નલિનીના હાથમાંના દડા તરફ જોઇને કચવાટ શરૂ કર્યો.

બપોરનો આરામનો સમય હતો. નલિની તથા માલિની વાર્તાના પુસ્તકમાં ડૂબી ગયા હતા. ઘરમાં બા બાઇ પાસેથી ઘઉં સાફ કરાવી લેતી હતી. બધે શાંતિ હતી.

"અરે નલુ! તારા છોકરા તરફ જરા પણ ધ્યાન છે ખરૂં? જો કેટલા ઘઉં ઉડાડી મૂકયા?" નલિનીને માની મૂમ સંભળાઇ.

ઘઉંનો આટલો મોટો પીળો ઢગલો જોઇને કિશોરને કંઇક નવી શોધ કરવાની તક મળી છે એમ જાણીને ખૂબ આનંદ થયો હતો. ઝટ ઝટ ઘુંટણીઆ તાણતો એ ત્યાં પહોંચી ગયો. કિશોરે પોતાના બંને હાથને હથેળીથી ઢગલા ઉપર પટ પટ પછાડવાની શરૂઆત કરી. હાથને ખૂબ સરસ લાગે છે હં! અરે! હાથ અંદર પણ ઉતરે છે! મૂઠી વાળી... બહાર કાઢી કેટલા દાણા આવ્યા જોઇએ? હાથ ઉઘાડયો. ઓ ડ ડ એક પણ રહ્યો નહિ! હાથમાંનો દાણો એકાગ્રતાથી શોધતા કિશોરને પાછળથી જ કોઇએ ઉંચકયો. આ અચાનક હલ્લાથી એ ચકિત થઇ ગયો. 'આ મોટેરાંઓને મળેલી શકિતનો ઉપયોગ આપણા જેવા નાના ભુલકાંઓ ઉપર અત્યાચાર કરવામાં શા માટે વાપરતા હશે? કોને ખબર? હશે? જવા દો? પછી કોઇવાર જોઇશું. કિશોર માની ગોદમાંથી ઘઉંના ઢગલા તરફ જોતો જ રહ્યો!

નલિનીનું ધ્યાન વાર્તામાં જ હતું. તેણે કિશોરને નીચે મૂકયો. પણ તેની સામે પિતળની ફૂલદાની હતી તે તરફ એનું ધ્યાન ગયું. કિશોર પોતાના નિરૂદ્યોગી જીવનનો વિચાર જ કરતો હતો. એ ચારે તરફ નિરીક્ષણ કરવા લાગ્યો.

"અરે આ શું અહીં ચકચકતું છે?" કિશોરની જ્ઞાનલાલસા ફરીને જાગૃત થઈ. હં! સવારનો દડો સુંવાળો હતો. ઘઉંના દાણા કંઇ જુદા જ લાગ્યા. હવે આ પોચું પોચું લાગે છે? થપથપ ડ ડ ડ પણ જોરથી હાથ મારતા વાગ્યું! હં! ફેંકી દો એટલે મટી જશે. ઓ હ શું ગબડયું? વાહ! સરસ ખણખણ અવાજ એમાંથી બે નીકળ છે! ફરીથી

અવાજ સાંભળવા દો ! ઠક ઠક ઠક.

"ખરેખર ! તોબા ! આ છોકરાએ તો મને તોબા પોકરાવી ! જરા જેટલોય જંપ નથી એના જીવને ! કેટલા જોરથી ફૂલદાની પછાડે છે !" નલિની ફૂલદાની ખેંચતા બોલી.

હવે તો કિશોરની સહનશીલતાની હદ આવી ગઇ ! પ્રયોગ માટે આટલા બધાં સાધનો હોવા છતાં તેનો તેનાથી કંઇ ઉપયોગ ન થાય ! આ મોટેરાંઓ જાતે તદ્દન લાકડાના પુતળાની માફક સ્વસ્થ બેસીને એ સાધનો તરફ જુએ છે, અને બીજાને પણ એમાંથી મળનારો જ્ઞાન તથા આનંદનો ઉપયોગ કરવા દેતા નથી. શું કહેવું આ જુલમની સામે ?

આ વખતે કિશોરે હવે આવા અત્યાચારો સામે ભીડીને વિરોધ કરવાનો પ્રયત્ન કર્યો. "ઉ હું ઉ હું."

"લખી, લઇ જા એને ઊંચકીને બહાર ! શું એક સરખો ઉત્પાત મચાવ્યો છે ? રડવાથી શું થયું ? ઘરે હોય છે ત્યારે નાકે દમ લાવે છે."

નલિનીના બાપુજીને બાગનો ખુબ શોખ

ઘરની આગળના બાગની એ પોતે દેખરેખ રાખતા હતા. તેને લીધે માળી પણ ઝાડની વધારે કાળજી લેતો હતો. ચાર ઝાડાચારનો સુમાર હતો. માળી ઝાડને પાણી પાવામાં રોકાએલો હતો. ઠેકઠેકાણે પાણીના નાના નાના વહેળા વહેતા હતા. ચારેબાજુ ફૂલો ખીલી ઊઠયા હતા.

લખી કિશોરને લઇને ફરવા જવાની તૈયારીથી બહાર આવી. હજી જરા તડકો લાગતો હતો એટલે થોડીવાર પછી જઇએ એમ વિચારીને કિશોરને બાગમાં મૂકીને લખી જરા અંદર ગઇ.

"બેન છે કે ઘરે ?" બાજુના ઘરમાંથી આવેલા અન્નપૂર્ણાબેને પૂછ્યું.

'હા છે, આવોને અંદર !' લખીએ ઉત્તર આપ્યો. અને એ એમને અંદર લઇ આવી. પાણી વગેરે આપ્યું.

કિશોરનું એક એક પગલું આગળ પડતુ હતું. બન્ને હાથ પસારી મોઢેથી 'હા ઉ હા ઉ' અવાજ

જીવનવા આકર્ષક રંગોમાં મળે છે. લગાડયા પછી ચાર અઠવાડીયા બાદ ધોઈ શકાય છે. પ્રતિવર્ષ રંગ ખર્ચ બચે છે સસ્તા રંગકામ માટે હમેાને પૂછો.

એશિયન પેઈન્ટસ
ઉત્તમ સેવા આપનાર

કાઢતો એક એક ડગલું આગળ મૂકતો. કિશોર સ્વાતંત્ર્યના આનંદમાં મસ્ત થયો હતો. કેટલું સુંદર દેખાય છે! ચારેબાજુ હાથ તો લગાડી જોઈએ! અરે! પહોંચતો જ નથી. ચાલો ત્યારે આગળ જઈએ. અરે! આ ખળ ખળ અવાજ ક્યાંથી આવે છે? અને આ ધાર શેની? પાસે જઇને તો જોઇએ! હા! સરસ ઠંડુ ઠંડુ લાગે છે. અરે! વાહ મઝાના છોડવા! નાનકડા પાણીના વહેળા પાસે ઉભા રહીને કિશોરે હાથ પસારીને બાગના નળની ધાર નીચે લંબાવ્યો અને ચારે બાજુ છાંટા ઉડયા!"

'હાહા હાહા, ઠંડુ ઠંડુ લાગે છે! કેટલું સરસ!"

એટલી વારમાં પગની નીચેની ભીની પોચી માટી બેસી ગઇ અને કિશોર એ નાનકડા વહેળામાં જ ધબ દઇને જઇ પડયો.

'એંહ કંઇ ખાસ થયું નથી. હમેશના જેવું જ છે આ તો! કેવું ચારે બાજુ ઠંડુ ઠંડુ અને પોચુ પોચુ છે. અહીં બેઠા બેઠા જ મઝા કરીએ.

કિશોર મહાનંદમાં પડી ગયો.

મહેમાનની આગતા સ્વાગતા પૂરી થઈ એટલે લખીએ કિશોરની શોધ શરૂ કરી. કિશોરને જ્યાં મૂકયો હતો ત્યા દેખાયો નહિ.

'અરે! બાબો કયાં ગયો હશે?' એમ કહીને હાંફળી ફાંફળી અહીં તહીં ફરી વળી. થોડે જ દૂર નળ પાસે હાથ પગ પસારીને બેઠાલા કિશોરની મૂર્તિ જોઇ. ફરવા જવાનાં બધાં કપડા ભીના થઇ ગયા હતા. મોઢે અને એના ભૂખરાવાળમાં પાણીના તુષાર ઉડયા હતા.

લખી જોઇને ખૂબ ગભરાઇ જઇ, 'અરે બાપરે ડૉ ડૉ મોટીબેન જોઇ જશે તો ડૉ ડૉ?' એમ બોલીને જ એણે કિશોરને ઉંચકયો ને બાગના ખૂણામાં લઇ ગઈ એને લુછી નાખ્યો, ઘરમાંથી બીજા કપડાં લાવીને પહેરાવ્યા અને બાબાગાડીમાં નાખ્યો, આ વખતે માત્ર તેણે આ બંડખોર કેદીની યોગ્ય વ્યવસ્થા કરી. બાંબાગાડીનો પટ્ટો બરાબર બાંધ્યો કે જેથી કિશોરથી અહીં તહીં હલાય પણ નહિ. આવા પાકા બંદોબસ્ત પછી એણે કિશોરની ગાડી રસ્તાની ધારે ધારે ચલાવવા માંડી.

આ મોટા મોટા રાક્ષસ જેવા ઝાડો. વચ્ચે વચ્ચે રંગબેરંગી ફૂલો, કેટલાંક કિલકિલ કરનારા પક્ષીઓ, રસ્તા ઉપર રમનાર બાળકો, ગાડી, બસ! કિશોર એક સરખો આ બધા તરફ જોતો હતો. કયાં જાય છે? શું કરે છે? એની બબ્બર કાઢવાની એની ઇચ્છા થઇ. એણે લખીને હાવભાવ સાથે કેટલીએ વાર પૂછ્યું. પણ તે કંઇ જ જવાબ આપતી નહોતી. કિશોરને આ પરાધીનતા પર ખૂબ ક્રોધ ચઢતો હતો પણ રાજકીય કેદીનો ક્રોધ કોના ઉપર! ફકત અસહકાર અથવા સત્યાગ્રહ જ યોગ્ય માર્ગ!

સાંજ પડી હતી. નલુ અને માલિની બાગમાં જ ફરતા હતા. ફરતા ફરતા નલુએ કહ્યું, 'અરે માલિની સવારની કળી ખીલી છે!"

"આમ અર્ધ ખીલેલી કળી કેટલી સુંદર લાગે છે. આવતી કાલ સુધીમાં એ આખી ખીલી જશે."

એટલી વારમાં સામેથી આવતી લખી તરફ એની નજર પડી. 'અરે! કિશોર ગાડીમાં જ સુઇ ગયો! લખી જરા ધ્યાન રાખતી જા. જરા ફરીને વહેલી આવતી જા. જા હવે અંદર જઇને બરાબર સુવાડી દે"

સુતેલી એ બાલમૂર્તિ સામે પ્રેમથી જોઇને તથા એના દૂર દૂર ઉડતા વાળ ઉપર પ્રેમથી હાથ ફેરવીને માલિનીએ નલિનીને કહ્યું, "નલિની આ તારો કિશોર પણ મોગરાની કળી જ નથી કે?"

"હા! પણ આ મોગરાની કળી ને કેવી માતા બોળામાં શાંતિથી બેઠી છે. અને મારો કિશોર રોજ ધમાલ કરીને મને હેરાન કરી નાંખે છે." નલિનીએ હસતા હસતા જવાબ આપ્યો.—શાતાબેન નાઝળકર



આનો ઉપાય ?

પ્રશ્ન : ગામમાંથી ઘણાં બાળકો આવે છે પણ અંજરની મોસમ હોય, જુવારની મોસમ હોય કે એ દિવસોમાં વાલીઓ પોતાના ખેતરમાં રહેવા જાય ત્યારે બાળકો બાલવાડીમાં આવી શકતા નથી. હાજરી ઓછી રહે છે. આને માટે શું કરવું ?

–ઉષા હલોળકર

જવાબ : બાળકો ગામમાં હોવા છતાં બાલ-વાડીમાં આવતા ન હોય તો તે માટે આપણે પ્રયત્ન કરવો જોઇએ પણ બાળકો ખેતરમાં રહેવા ગયા હોય ને તેથી શાળામાં આવતા ન હોય તો તેમાં દુઃખી થવાની જરાયે જરૂર નથી. તેના ખેતરમાં અંજીર પાકે છે. બળામાંથી જુવાર મળે છે. આવી રીતે ઘરમાના નાના મોટા માણસો જે ઉદ્યોગ કરે છે તે તેઓ જોતા હોય છે. તેમનાથી થઇ શકે એવા કામો કરવા માટે તેમની પણ ખટપટ ચાલુ હોય છે. ટોપલી આપ, ઘાસ ભર, અહીંથી અંજીર થોડા થોડા કરીને ત્યાં મૂકો, વગેરે કામોમાં બાળકો મગ્ન હોય છે.

એક બાજુ પડતો જુવારનો ઢગલો અને બીજી બાજુ ઉડતો કચરાનો ઢગલો જોવાની તેમને મઝા પડે છે. આમાં પણ એમનું જીવન–શિક્ષણ ચાલુ હોય છે. તેઓ પ્રવૃત્તિમય હોય છે, અને તેથી તેઓનું અર્ધજાગ્રત મન પુષ્કળ સંસ્કારો ગ્રહણ કરતું હોય છે. માટે જ આ બાળકો આવા સમયે બાલવાડીમાં ન આવે તો પણ તેમાં કાંઇ નુકશાન નથી.

હવે બાલવાડીની હાજરીનો પ્રશ્ન ઉભો રહે છે. તમારા પટ ઉપર ત્રીસ બાળકો હોય અને તેમાંથી ૧૫/૨૦ બાળકો જો આ રીતે ખેતરમાં રહેવા જતાં હોય–તો તે વખતે બાકી રહેલા બાળકોને લઇને તમે દરરોજ જુદા જુદા ખેતરમાં જઇ શકો. અને ત્યાં ચાલતા કામોનું અવલોકન કરી શકો. ખેતરમાં રહેતાં માણસોનો સહકાર મેળવીને તેઓના કામમા મદદ કરવી અને બાળકોને કરતાં આવડે તેવા કામો બાળકોને કરવા માટે આપે તેવી માગણી કરવી. અને પછી ત્યાં જ નાસ્તો વિગરે કરવો, ઘેરથી જતી વખતે વાળ ઓળીને કપડાં સરખા કરીને પછી લઇ જવા. આ દિવસો દરમ્યાન ગીતો, વાતચીત, વાતો વિગેરે પણ તેઓના કામને અનુરૂપ હોય તેવા સ્વરૂપનાં જ કહેવા. અને તે જાતનો કાર્યક્રમ ખેતરમાં લેવામાં પણ ખાસ વાંધો નહિ. બાળકો ચાલી શકે તેટલા જ દૂર ખેતરો હોય છે. તેથી દોઢ–બે માઇલ ચાલવામાં બાળકોને જરાપણ હરકત આવતી નથી.

જો બધાં જ બાળકો આ રીતે ખેતરમાં રહેવા જતાં હોય તો તમારી વાર્ષિક રજા આ દિવસોમાં રાખવી જોઇએ. તે માટે તમારે તમારા અધિકારીઓને વસ્તુસ્થિતિ સમજાવીને જણાવવી. પરંતુ એ ત્રીસમથી પાંચાં–છ બાળકો જ ખેતરમાં જનારા હોય તો તેઓની ગેરહાજરી પૂરવી અને મહિનાને આખરે તેઓની ગેરહાજરીના કારણો લખવા. આ જાતની ગેરહાજરી ક્ષમ્ય છે. આ સમયે રોજ નહિ તો પણ અઠવાડિયામાં એકાદ સહેલ તો જુદા જુદા ખેતરોમાં તમારે કરવી જોઇએ. મુખ્ય મુદ્દો એ કે ગામમાં આજુબાજુ જે પ્રવૃતિ ધમધોકાર ચાલતી હોય તેનાથી બાળકોને વંચિત ન કરતાં, બાળકો તેમાં કઇ રીતે મગ્ન થાય તેવો આપણે પ્રયત્ન કરવો.

પ્રશ્ન–કેટલાક બાળકો બિલકુલ બોલતા નથી, એને માટે શું કરવું ? **ઉષા વકીલ** (સુરત)

જવાબ–બાળકો બોલતા નથી એના ઘણા કારણો છે. સૌથી પહેલું તથા મુખ્ય કારણ એટલ તમારી તથા બાળકની પૂરતી ઓળખાણ હોતી નથી. તમે જે પ્રશ્નો પૂછો છો તે બધાં જ એમને નવા હોય છે. અપરિચિત હોય છે. આવું હોવા છતાં તમને લાગે છે કે પહેલે જ દિવસે બાળકે બધી જ પ્રવૃત્તિમાં ભાગ લેવો જોઇએ. તે કેવી રીતે બને ? તમે પણ કોઇ નવે સ્થળે જાઓ છો તો સંકોચ કરો છો. તેથી ધીરજ રાખીને આપણે આપણું કામ ચાલું રાખવું. ધીમે ધીમે એક બે કરતા બધાં બાળકો બોલવા લાગશે.

ઉપરના કારણો દૂર થયાં પછી પણ કેટલાંક બાળકો અબોલ જ રહે છે. તેનું કારણ તેઓ બીકણ હશે. ઘરમાં તેમને સ્થાન નહિ હોય અથવા તેમને ખૂબ લાડ થતા હશે, તેથી કોઇની સાથે ભળવું તેમને ગમતું નહિ હોય. એમના ઉચ્ચારમાં કંઇ દોષ હશે તેમની સમજ શકિત ઓછી હશે, કદાચ કાનમાં કંઇ ખોડ હશે, ઘરે બહુ ધાક હશે, અશકત માંદો હશે. આવા અનેક કારણોમાંના કયા કારણોને લીધે બાળક બોલતું નથી તે શોધી કાઢીને એને દૂર કરવા. આ પ્રસંગે એમની સહાનુભૂતિ મેળવવી જોઇએ. આપણે ધીરજ ન ખોવી જોઇએ.

અનુબેન

તમારું બાળક આકસ્મિક પ્રસંગો માટે તૈયાર છે?

થોડા જ દિવસ પહેલાં અમારી બાજુની પ્રાથમિક શાળાનો એક સાત વર્ષનો બાળક શાળા છૂટ્યા પછી એની બા તેડવા આવે એની રાહ જોતો શાળાના દરવાજા પાસે ઉભો હતો. શાળાના ઘણો બાળકો જતા રહ્યાં. અડધો કલાક થયો–પોણો કલાક થયો. એ રાહ જોઈને થાકયો. (એની બા કોઈ માંદા સગાની ખબર કાઢવા બહાર ગયા હતા. ત્યાં ટ્રેનની અનિયમિતતાને લીધે એમને મોડુ થયું.) એક ગલ્લી છોડીને જ એનું ઘર હતું. એણે એકલા ચાલીને ઘરે જવાનો નિર્ણય કર્યો.

રસ્તામાં એને એના વર્ગના મિત્રો મળ્યા. એ બધાં સામેના બાગમાં હિંચકા ખાવા જતા હતા. એ એમની સાથે ગયો. થોડા હિંચકા ખાધા. હવે જલદી ઘરે જવાનો એણે નિર્ણય કર્યો. થોડુ ચાલ્યો અને એને ઘરનો રસ્તો મળ્યો જ નહિ. એના મૈયાં-દ્વિત નાના જાણીતા જગતમાં આ બાગ અપરિ-ચિત હતો. ઘરનો કયો રસ્તો? એ એકલો અડધો કલાક સુધી ઘરનો રસ્તો શોધતો અહીં તહીં ફર્યો. કઈ ગલીમાં એનું ઘર હશે? બધી જ ગલીઓ સરખી લાગવા માંડી, અંધારું થવા આવ્યું એ રડવા જેવા થઈ ગયો. ત્યાં જ ફરજ બજાવતાં એક પોલીસે એને જોયો.

બાબા તું કયાં રહે છે?' પોલીસે એને પૂછ્યું ગભરાએલો તથા માની પાસે જવા ઇચ્છતો સાત વર્ષનો છોકરો એના ઘરનું સરનામું ભૂલી ગયો હતો. એને બરાબર ખબર પણ ન હતી. આજૂબાજૂના આઠ દસ ઘર બતાવીને એણે પૂછ્યું આ તારું ઘર? આ ઘર?' ઘર ન મળતાં એ વધારે અકળાયો. એનું ખિસ્સું એનું દફ્તર તપાસ્યું એમાંથી કઈ સરનામું મળે? એ પણ કંઇ ન મળ્યું.

બાસ્સા ત્રણ કલાક પછી એની ગભરાએલી માને પોતાનો 'કિરણ' પોલીસ સ્ટેશનેથી મળ્યો. પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટે કહ્યું :

બાળકને ઘરના સરનામાનું કાર્ડ સાથે આપજો જેથી આટલી બધી, ગભરાટ તથા તાણ ન રહે.

તમારું બાળક આવા આકસ્મિક પ્રસંગો માટે કેટલું તૈયાર છે? ધારો કે તમે ખરીદી કરવા નીકળ્યા છો, અને તમે એમ ધાર્યું હતું કે એ ઘરે આવે એ પહેલાં તમે આવી પહોંચશો, પરંતુ સંજોગવેશાત તમારે કયાંય રોકાઈ જવું પડયું તો? એણે કયાં જવું એની ખબર છે? તમે આવી પહોંચો એ દરમ્યાન એની કોણ સંભાળ રાખશે? કોઇ કારણસર તમે મોડા પડયા તો એવું કોઈ છે જે એનું ધ્યાન રાખે?

આવા પ્રશ્નોની સામે પરદેશના એક ભાગમાં બ્હેનોએ ભેગા મળીને આવા સંકટોનો સામનો કર-વાનો નિર્ણય કર્યો. અઠવાડિયામાં એક દિવસ દસ માતાઓમાં એક જે ઘરે રહે અને કોઈ અનિવાર્ય સંજોગો ઉભા થાય તો એમના વિખૂટા પડી ગએલા બાળકની જવાબદારી એને શીરે રહે. આવા પ્રસંગો ખુબ ઓછા બને છે. ઘણી માતાઓ સામાન્ય રીતે પોતાના બાળક માટે સમયસર જ ઘરે આવી પહોંચે છે. પરંતુ એ વિભા-ગના એક બ્હેનની ગાડીને અકસ્માત થયો અને ધાર્યા કરતા એમને ઘરે આવતા ખૂબ મોડું થયું. તે દિવસે એમના વિભાગની જે બ્હેન 'રક્ષક' હતી એમને ટેલિફોન કરીને ખબર આપી દીધી. એ 'રક્ષક' પડોશીએ એમના બાળકને પોતાને ઘરે બોલાવ્યો અને એની બાના સમાચાર આપ્યા અને કહ્યું કે તારા બા આવે ત્યાં સુધી તું અમારા ઘરમાં અથવા બાગમાં રમજે. સાથે સાથે બાળકને સાંજનું દૂધ અને નાસ્તો પણ આપ્યો. આથી બાળક અને માતા બન્ને તે દિવસના સંકટમાંથી બચી ગયા.

થોડા સમય પહેલા બીજો એવો પ્રસંગ બન્યો જે સ્પષ્ટ રીતે બતાવી આપે છે કે આકસ્મિક પ્રસંગો માટે તૈયાર રહેવું જોઇએ. કિરણ નામનો લગભગ ૮–૯ વર્ષનો એક છોકરો એક દિવસ સાંજે જ્યારે ઘરે આવ્યો ત્યારે એના પડોશીએ એને સમાચાર આપ્યા કે એના મામા એકાએક માંદા પડી ગયા હોવાથી એના બા મામાને ઘરે ગયા છે, રાત્રે પણ કદાચ રોકાવું પડે તેથી તને ત્યાં આવવાનું કહ્યું છે. કિરણ વિચારમાં પડી ગયો. એના મામાન ઘર એના ઘેરથી દૂર હતું ત્યાં

જવા માટે એની પાસે બસમાં પૈસા ન્હોતા. વળી નિશાળેથી આવ્યો હતો એટલે એને ભૂખ પણ ખૂબ લાગી હતી. પડોશી પાસેથી બસ માટેના પૈસા માંગવાનું ઠીક ન લાગ્યું. એટલે એમ જ થાકેલો પાકેલો એણે ચાલતા મામાને ત્યાં જવાનો નિર્ણય કર્યો. મામાને ત્યાં અવારનવાર ગયો હતો એટલે રસ્તાની તો ખબર હતી. રસ્તે ઘણી વાર ઓળંગવાનું આવતું હતું. શાળા ઑફીસ છુટવાને સમયે ગાડીની ખૂબ અવરજવર રહે છે છતાં એ ધીમે ધીમે સાચવીને રસ્તો ઓળંગતો ચાલતો હતો. મામાને ઘરે પહોંચ્યો ને બાને વાત કરી. બાને તરત ખ્યાલ આવ્યો કે આવા આકસ્મિક પ્રસંગો માટે થોડાક પૈસા એને મળી શકે એવી વ્યવસ્થા કરવી જોઈએ. ઘરની બીજી ચાવી જે પાસેના કુટુંબ સાથે નિકટનો સંબંધ બાંધ્યો હોય એને ઘેર રાખવી તથા ઘરમાં એક નિશ્ચિત જગ્યા રાખવી કે જ્યાં થોડા પૈસા રાખવા જેથી એ લઇ શકે. યોગ્ય સમજણ અને દોરવણીથી આપણે લગભગ પાંચ છ વર્ષના બાળકને આવા આકસ્મિક પ્રસંગો માટે તૈયાર કરી શકીએ. બાળકની આવી પૂર્વતૈયારી ખૂબ મહત્વની છે. શાળાઓ પણ બાળકોને આ પ્રકારની તાલિમ આપે એવી વ્યવસ્થા થવી જોઇએ.

બીજો એક પ્રસંગ એવો બન્યો કે જેમાં એની ખાત્રી થાય છે. ઘરમાં લગભગ ત્રણથી સાતેક વર્ષના ચાર-પાંચ બાળકો રમતા હતા. ત્યાં જ રસોડામાંથી એક મોટી ચીસ સંભળાઇ. તરત જ બધાં અંદર દોડ્યા. જોયું તો રમેશની બા માળીએથી કંઇક ઉતારતા ઉંધે માથે નીચે પડી ગયા હતા. રમેશે એને બૂમ પાડી હલાવીને બોલાવી જોયા. પણ બા બોલ્યા નહિ. સાડ્ડા વર્ષના સુરેશને તરત સૂઝ્યું કે અમારા ડોકટર કાકાને ટેલીફોન કરશું તો એ તરત આવશે. એના બાપુજીએ એને ડોકટરકાકાનો નંબર કહી રાખ્યો હતો. એ લગભગ પાંચ વર્ષનો હતો ત્યારથી ટેલીફોન કરતા શીખવ્યું હતું. તરત જ પોતાને ઘેર જઇને એણે એના ડોકટરકાકાને બોલાવ્યા. રમેશના બાની સ્થિતિ બહુ ગંભીર હતી. એમને હોસ્પીટલમાં તાત્કાલિક સારવાર માટે ખસેડવા પડ્યા. સુરેશની ત્વરીત બુધ્ધિએ આ ગંભીર અકસ્માતમાંથી રમેશના કુટુંબને બચાવી લીધા. (બીજું કોઇને બોલાવવા માટે કે બીજે કોઇ



વિચાર કરવામાં પણ જો પાંચ–સાત મિનિટ ગઇ હોતે તો એ બચી શકતે નહિ.)

હવે ધીરે ધીરે ઘણે ઠેકાણે પબ્લીક ટેલીફોન આવ્યા છે–આવવા માંડયા છે. ઘણાના ઘરમાં પણ ટેલીફોન હોય છે. દરેક કુટુમ્બે બાળકને મહત્ત્વના ટેલીફોન નંબરોની એક યાદી કરીને અમુક ચોક્કસ ઠેકાણે લટકાવી રાખવી. જેમને ઘેર ટેલીફોન હોય તેમને તો એ યાદી ટેલીફોનની પાસે લટકાવી જ રાખવી.

એમાં (સ્પષ્ટ અક્ષરોમાં તથા કંઇક ચિહ્નો સાથે) ડોકટરનો, હોસ્પીટલ, પોલીસ સ્ટેશનનો બંબા-ખાનાનો તથા કોઇ એક પાસેના સંબંધીનો હોય તથા બાળકને પણ ટેલીફોનમાં નંબર જોડતા તથા બરાબર વાત કરતા શીખવવું જોઈએ.

આવા પ્રસંગો ઉપરથી એટલું તો ચોક્કસ લાગે છે કે દરેક બાળકને આવા આકસ્મિક અકસ્માતો માટે તૈયાર રાખવા જોઇએ. આવા પ્રસંગોમાં ગભરાઇને ભાન ખોઈ બેસીએ તો ઘણું મોટું નુકસાન થવા સંભવ છે. ઘરે તથા શાળામાં આની તાલિમ આપવાની વ્યવસ્થા કરવી જોઇએ. આ તાલિમની સાથે સાથે થોડી પ્રાથમિક પ્રથમોપચારની તાલિમ પણ બાળકોને મળવી જોઇએ. કદીક dangerous ભયરૂપ નીવડવાનો સંભવ હોઇ શકે. એમાં પણ દવાની બાટલીને બરાબર લેબલ લગાડીને એના ઉપર દવાનું નામ બાળક વાંચી શકે એ ભાષામાં સ્પષ્ટ રીતે લખવું જોઇએ. જેથી કંઇ છોલાયુ હોય, કપાયુ હોય કે વાગ્યું હોય તો તાત્કાલિક ઉપાય કરવાથી પાકવાનું તથા કંઇક વધારે થવાનો સંભવ ઓછો થઈ જાય છે.

–હેમલતા ભોળવી



નવી ડિઝાઇનોની સુંદર પુસ્તક

આમાં ૬૪ આકર્ષક ડિઝાઇનો, ૩૪ જુદી જુદી ટાંકાઓની આકૃતિઓની માહિતી સાથે.

કિં. રૂા. ૩–૦–૦ ટપાલ ખર્ચ જૂદું. વ્યાપારિક પૂછપરછ માટે લખો:

એમ. મધુકર એન્ડ બ્રધર્સ

ટ્રામ નાકું, દાદર મુંબઇ-૧૪.

સ્વદેશી ભાવના કેળવી ભારતમાં જ બનતી સ્વદેશી
બનવટોને જ ઉત્તેજન આપો.

બાલ—વિભાગ



વ્હાલાં બાલ મિત્રો,

ગયા વખતના બાલવિભાગના નવા વિભાગોને તમે સરસ આવકાર આપ્યો છે. થોડા મિત્રોએ તો જવાબો પણ સરસ આપ્યા છે. આ વખતના બાલવિભાગમાં પણ તમને ગમે એવી રંગપૂરણી અને કોયડો આપ્યાં છે. આવતા વખતથી તો થોડા બાલ-મિત્રોનાં લખાણો પણ લેવાનો વિચાર છે.

ચોમાસામાં ખેતરમાં નવાં નવાં અનાજ રોપાય છે. નાના છોડો ઉગે છે. ચારે કોર લીલું લીલું ઘાસ થાય છે. આ છોડોના પાન ભેગા કરવાની પણ મઝા આવે છે. જુદા જુદા છોડોનું એક એક પાન તોડવાનું. એ છોડનું નામ, જગ્યા અને એનો ઉપયોગ કોઈ મોટાને પૂછીને નોંધવાનાં સાથે તારીખ પણ લખવાની. પાનને કોઇ ચોપડીમાં દબાવીને મૂકશો તો છ સાત દિવસમાં તો સરસ કડક અને ચપટ બનશે. પછી એક નોંધ પોથીમાં ચોખ્ખાં ગુંદરથી ચોટાડવાનાં. ઘણાં પાન ભેગા કરશો તો તમને આજુબાજુના છોડ વિષે ઘણું જાણવાનું મળશે.

આ વખતે મુંબઇથી હેમલતા ખટાઉ, વઢવાણથી અરવિંદ શાહ, વિરાણુથી છગનભાઇ પટેલ, સૂરતથી કનુ કોઠારી, અમદાવાદથી માલતી મહેતા, વડોદરાથી હેમન્ત ભટ વગેરે બાળકોએ ઘણા સરસ જવાબ આપ્યા હતા. એ બધાને અમે સુંદર ચોપડીઓ ભેટ મોકલવાના છીએ.

ચાલો દોસ્તો આવતી વખતે મળીશું.

તમારાજ
રમેશ કોઠારી.
મધુ કોઠારી.

પતંગિયાની વાત

મારા વ્હાલા નાના દોસ્તો,

આજે હું તમને નાનકડાં પક્ષીઓ તથા પતંગિયાં વિષે એક વાર્તા કહીશ. પણ જોજો હં એને ખરી નહીં માની લેતા. આવી વાર્તા આફ્રિકાના સીદ્દી લોકો પોતાનાં બાળ-કોને રીઝવવા કહે છે. તમે વાંચશો તો તમને ગમશે.

પતંગિયાં અને પંખીઓની વાર્તા કોને ન ગમે !

ત્યારે સાંભળો :—

ઘણા વર્ષો પહેલાંની વાત. બધાંજ પતંગિયાં તથા પક્ષીઓ એક સરખા રંગના હતાં. એકવાર એવું બન્યું કે દુનિયામાં રોગ ફાટ્યો. બિચારાં બધાંજ પક્ષીઓ, પતંગિયાંઓ તથા પ્રાણીઓ માંદાં થઇ ગયાં. એમની સેવા ચાકરી કોણ કરે? એમ નક્કી કરવામાં આવ્યું કે જે સાજાં હોય તે બધાં માંદા પશુ પક્ષીઓની સારવાર કરે.

પક્ષીઓ તથા પતંગિયાં બહુજ માયાળુ હતાં. માંદા પશુ પક્ષીઓને બૂબજ કાળ-જીથી ખોરાક લાવી આપે. વ્હાલથી તેમની ચાકરી કરે. થોડા સમય પછી બધાં માંદાં પશુપક્ષીઓ સાજાં થઇ ગયાં. તેમણે એક સભા ભરી. બિચારા નાનાં નાનાં માયાળુ પંતગિયાંઓએ તથા સુંદર પક્ષીઓએ દુઃખના સમયમાં આપણને સાથ આપ્યો. આપણી ચાકરી કરી. આપણને સાજાં કર્યાં. એ નાનાં દયાળુ જીવોને આપણે શું ઈનામ આપીએ? એમની મેહનત તથા ચાકરીનો બદલો આપણે કેવી રીતે વાળીએ?' આમ સાજાં થયેલાં પશુ પક્ષીઓની સભાને મોટો પ્રશ્ન હતો.

બૂબ ચર્ચા થઈ. બધાજ સાજાં થયેલાં પશુ પક્ષીઓ કહે, " બધાં પતંગિયાઓ તથા પક્ષીઓ એક સરખા રંગના છે. એમણે આપણને નવું જીવન આપ્યું. આપણે એમને નવું રૂપ આપશું, એમને સુંદર બનાવીશું જાતજાતના રૂપાળા રંગોથી એમની નાની નાની નાજુક પાંખો રંગી નાખશું. "

એક દિવસ નક્કી કરવામાં આવ્યો. સાજાં થયેલાં પશુ પક્ષીઓ બૂબજ આનંદમાં હતાં. ઇનામ મેળવનાર પક્ષીઓમાં પણ બૂબ ઉત્સાહ હતો. જાતજાતના સુંદર રંગોથી તેમની પાંખો રંગવામાં આવી. તેઓ બૂબજ રૂપાળાં. બૂબજ સુંદર દેખાતાં હતાં. આમ ઊડે. તેમ ઊડે. પાંખો ફફડાવે ડાળે ડાળે ઊડી આનંદનાં ગીતો ગાય. કેટલાંક પક્ષીઓએ તો આકાશમાં ઊડવા માંડ્યું. જાણે સાત રંગનું મેઘ ધનુષ્ય ન ઉડતું હોય, એવુંજ લાગે. બધાં જોવા નિકળ્યા પણ એવામાં તો વાદળ ગરજ્યાં

રંગપૂરણી.

પેન્સીલના રંગ, ચાકના રંગ કે પાણી-ના રંગથી ઉપરના ચિત્રમાં રંગ પૂરો. રંગ સુંદર રીતે પૂરવો. આ ચિત્રને કાપીને રંગ પૂરી નીચેના સરનામે કવરમાં બીડી મોકલી આપશો.

મધુ કોઠારી
જીવન ભારતી
સૂરત.

વિજળી ચમકી અને ઘોધમાર વરસાદ પડવા લાગ્યો. કેટલાંક પક્ષીઓ જલ્દી જલ્દી ઊડીને પોતાના માળામાં ભરાઇ ગયા. તેમનો રંગ જેવોને તેવોજ રહ્યો. કેટલાંક બિચારાં વરસાદમાં થોડાં ભીજાયાં. તેમનો રંગ સહેજ ફીકકો થઈ ગયો. અને કેટલાંક તો બિચારાં સાવજ ભીંજાઈ ગયાં. તેમનો રંગ તો પહેલાનાં જેવોજ થઇ ગયો.

ગુલ. દા. નીમચવાલા.

ઝટ સવાલ પટ જવાબ :

મીના દેસાઇ. (મુંબઈ)

સ. નવા પૈસા નીકળવાના છે એ વાત ખરી?

જ. હા. હવે એક રૂપિયાના સૌ પૈસા થશે. અને આના પાઈનું ચલણ ધીમે ધીમે નીકળી જશે. ૧૦૦ ની રકમથી હિસાબ ગણવાનું સહેલું બનશે.

સ. ઘણા ઘરો પર લાંબા અને પાતળા સળીયા કેમ લગાવાતા હશે ?

જ. એ સળીયા તાંબાના હોય છે, આકાશમાં જ્યારે વિજળીના કડાકા થાય છે. ત્યારે કોઇક વાર વિજળી તૂટી પડે છે. વિજળી માણસોને નુકશાન પણ કરે છે. આ સળિયાથી વિજળી સીધી સળીયા વાટે જમીનમાં જતી રહે છે અને નુકશાન થતું અટકે છે.

વલ્લભ મહેતા (વડોદરા)

સ. ઘણીવાર બાનગી મોટરોમાં રબરના દટ્ટાવાળી ચકલી હોય છે અને એ રબરનો દટ્ટો જ્યાં દબાવીએ છીએ ત્યાં ચકલી સાથે ચોંટી જાય છે. એનું શું કારણ ?

સ. હવાના દબાણના કારણે આમ થાય. રબર દબાવીએ ત્યારે બાલી જગ્યામાંથી હવા નીકળી જાય અને એજ જગ્યાએ બહારની હવાનું દબાણ થાય એટલે એ દબાણના આધારે એ ચોટી રહે.

અનસૂયા દેસાઇ. (રાજકોટ)

સ. સારામાં સારું ફળ કયું ?

જ. આપણા દેશમાં આમળાં કરીને ઘણાં સરસ ફળ થાય છે. એ બાવામાં બહુજ સ્વાદિષ્ટ લાગે છે. શરીરની તંદુરસ્તી માટે ઘણાં જાણીતાં છે.

વિનુ ત્રિવેદી (ભાવનગર)

સ. છોકરાં માટે કોઇ સીનેમાં નથી બનાવતું?

જ. હુમણાં બિમલ રાય નામના ફીલ્મ બનાવનાર મહાશય 'ધુલી' નામની રંગીન ફીલ્મ બાળકો માટે બનાવે છે.

સ. કાર્ટુન ફીલ્મ સરસ કોણ બનાવે છે ?

જ. અમેરિકાના વોલ્ટ ડીઝની. એમનું 'મીકી માઉસ' નામનું એક પાત્ર ઘણું રમુજી છે.

(બીજા જવાબો આવતા અંકે)

કોયલ

લીલું છમ સુંદર વન
ઝમઝુમ નાચે મારૂં મન.
સર સર સર વહે પવન
ઝર ઝર ઝર વરસે ગગન.
"કૂ" "કૂ" – એ બોલે કોણ?
મન મારૂં ડોલાવે કોણ?
એ તો પેલી કોયલ બેન
આંબા ડાળે કરતી ચેન.

કોયલ ! તારી મીઠી બોલી
રૂપાળી તું – ભોળી ભોળી.
ગીત તારૂં ભૂલાવે ભાન
મને શીખવ તું તારૂં ગાન.

–કુમારી ગુલ નીમચવાલા.



આ દોસ્તને તમે ઓળખો છો?
એનું નામ ચંદુ ....

ચંદુ ભાઈ ચા વી,
ચા વી ગ ઈ કા વી,
કા વી ગા મે ટા પુ,
ચંદુ વે ચે છા પુ.
છાપુ વેચો ઘેર ઘેર,
એને આવે રુડી લે'ર,
રસ્તે એ તો વેચ્યે જાય,
બીજી વાર ન આંટો થાય.
ઘેર ઘેરથી અક્ષર એક,
ચંદુને તો મળશે ભેટ,
એ ભેટમાં નામ જ એક,
અક્ષર મેળવે બનશે છેક.

ઉપરના કોયડામાં ચંદુ એવે રસ્તેથી ચકરડાંઓ પરથી પસાર થાય છે કે ફરીથી એ રસ્તે એને જવું પડતું નથી. દરેક ગોળ ઘરમાંના અક્ષર ઉઠાવે છે. દાખલા તરીકે દરવાજાના જમણું ઘરમાં (ક) અક્ષર છે. એ બધા અક્ષર ભેગા કરી લો શિક્ષણ પત્રિકાના જાણીતા છાપાનું નામ મળશે. જ્યાં તીરનું નિશાન છે ત્યાંથી એ બહાર નીકળે છે.

જવાબ નીચના સરનામે મોકલો.
મધુ કોઠારી, જીવન ભારતી
સૂરત

GERMAN TEXTILE MACHINERY

for

ALL PURPOSES

Particulars from :-

Engineering & Agencies (Private) Ltd.

P. O. Box No. 1291 Bombay.

હાલને બેનડી.....

(અભિનય ગીત)

હાલને બેનડી! વરસી ગ્યાં મેવલા.
ચારેકોર શેરીમાં નાનકડી નદિયું,
ડગલે ને પગલે આવે ખાબોચિયું--
થેાડાંક કાગાળયાં ગૂંજમાં ઘાલજે
હેતે હંકારશું પાણીમાં હેાડિયું.
કાળુડાં વાદળાં નાઠા પચ્છમ કેાર
તેાય હજી પાણીડે ચુવે છે નેવલાં ....
હાલને બેનડી !

ખેડુ ભલે ખેડના ધડે મનસૂબા,
આપણે તેા રહી રેતીમાં ઊભા
હાથને પગ બધા દાટી દાટીને
રૂડાં મજાનાં કરશું -કાંઇ કૂબા.
ફેંકને કૂતરાં, ગદ્દાં ગલૂડિયાં
મેલને એકકેાર ઢીંગલાં ઢેબલાં....
હાલને બેનડી !

નાનાં ખાબેાચિયાં ઠેકડે કૂદશું.
ગાતાં, બરાડતાં બેતરાં ખૂંદશું,
દેાડી દેાડીને જહીં થાકશું એટલે
કરવા રમકડાં ગારાને ગૂંદશું.
પાછા વળી ઘેર આવીને ટેસથી
ભેગાં મળીને બેન ખાશું હેા! સેવલાં...
હાલને બેનડી!

બે કાંઠે લથબથ આ નદી ખળભળે,
આઘે આકાશમાં મેઘનું ઓગળે,
હાલને! કેવેા મજાનેા દિવસ છે!
હૈય હૈયે બસ આનંદ ઊછળે!
ડાહ્યાં તે શરાં તેા માને ઘડીકમાં,
આડાં હાલે તે બધાં છેાકરાં વેવલાં....
હાલને બેનડી!

—ગુલામ મેાહમ્મદ શેખ.

વાદળી

વરસ વાદળી વરસ
ઝટ પટ વરસ
વરસ વાદળી વરસ
બેતર માં વરસ
લેાકેા અનાજ ખાશે સરસ.
વરસ વાદળી વરસ
ઝાડ ઉપર વરસ
એના પાન થાશે સરસ,
વરસ વાદળી વરસ
તળાવમાં વરસ
પંખી છીપે એની તરસ
વરસ વાદળી વરસ,
મારા ઘરઉપર વરસ
અમે ગીત ગાશું સરસ,

બંડુભાઈ પટેલ.



સંપાદક : મયૂર મામા. અંક: ૨. મહિનો : ઓગષ્ટ. વર્ષ: ૧. સરનામું : ચકોચકી કાર્યાલય, આંબલીયા નગર

આખું જગત હંસરાજાઓ-
ની મિત્રાચારી ચાહે છે !

જગતનાં બધાં પંખી રાજ્યો એકી ટશે
હંસરાજની મદદની આશા રાખે છે !

ભીખ માગતો કાચબો હંસરાજની મદદથી
એકાએક માલદાર થઈ ગયો !

[અમારા ખાસ ખબરપત્રી કબુતર શંકર તરફથી]

હેતકર નામના બે હંસો રહેતા હતા. હંસો ઉંચા ખાનદાનના હતા. એમની એક કટપટજી કાચબાની મિત્રાચારી થઇ.

એક દિવસ સાંજના સમયે જ્યારે કટપટજી કાચબો સરોવર કિનારે જલક્રિડા યાને પાણીમાં રમત કરી રહ્યો હતો ત્યારે બે માછીઓ આવીને બોલ્યા; 'આ સરોવર તો મનમાન્યા બોરાકથી ભરેલું છે. કાલે આપણે આવીને જળ

[બીજા પાને બીજી કોલમ]

દુઃખદ અવસાન

આજે રાત્રે ૧૨ કલાકે ધુવડભાઇ ધુઘુજીના પિતાશ્રી ધુઘુદા નુ અચાનક હૃદય બંધ પડી જવાથી અવસાન થયું હતું. પંખી જનતાના એ જુનામાં જુના સલાહકાર હતા અને જુનામાં જુના નાગરિક હતા પંખી જનતાએ આમ એક મોટો સિતારો ગુમાવ્યો. પ્રભુ એમના આત્માને શાંતિ આપો.

પરદેશ જતાં પંડિત પટપટ પોપટજી અને મહાન સંગિતકાર શ્રી કાકા કાગડા (ભી. ટી. પં. જ) અમેરિકાના એક મોટા પ્રાણીધરને પંખી જગતના ઉદ્ધાર મુખ્ય પ્રધાન શ્રી. ગરુડલાલે ભારતવર્ષનાં બે નમુનેદાર પંખીઓ આપવાનું વચન આપ્યું છે. સંભળાય છે કે પંડિત પટપટ પોપટજી અને મહાન સંગિતકાર શ્રી કાકાનાં નામો સૂચવાયાં છે.

બીના એમ છે કે અહિથી દોઢસો બસો ગાઉ દૂર આવેલા વિંધ્યાંચળના જંગલોમાં એક સરોવર છે. એ સરોવર સુંદર લીલાં વૃક્ષોથી શોભતું છે.

એ સરોવરમાં દયાકર અને

મારું નામ કૌઆ.
મારું નામ કૌઆ
મને ભાવે પૌઆ.
પૌઆ મળે જો રાજીરેડ!
નાચું કૂદું, કરું ખેલ!
મારી વાંકી તીણી ચાંચ.
ખાવા લાવું મરચાં પાંચ!
પછી રચાયે રુડા સાચ!
ઉડું સરવરિયાની પાળ.
જપ ને બેસું આંબાડાળ!
ખાટી મીઠી કેરી ખાઉ.
પંખીનો રાજા કે' વાઉ!



સ્ટોપ પ્રેસ યાને ગરમા ગરમ ચણાસીંગ છેલ્લી તારની ખબર

મુજબ એવું જણવા મળે છે કે આજે રાત્રે પર્વતની ચઢાઇ કરવા જતાં ગરુડ કુટુંબના ત્રણ યુવાનોને ભારે હેરાન ગતી નડી હતી. જ્યારે ત્રણે ગરુડ મિત્રો ઉચે ઉંચે ઉડીને ઉપર જતાં હતાં ત્યારે નીચે વિલાયતના ત્રણ ગોરા પણ પર્વત ચઢતા હતા. ગરુડો જોઇને એમણે જાળ બીછાવી હતી. બે ગરુડ મન ગમતો ખોરાક જોઇને નીચે ઉતર્યા હતા ને જાળમાં ફસાયા પણ ત્રીજાએ જાળ તોડી હતી.

(પહેલા પાનનાં ત્રીજા કોલમથી)

નાખીશું ! આ વાત કાચબાએ સાંભળીને બીજાં જળચરોએ પણ સાંભળી. સરોવરમાથી એક નહેર નદીમાં જોડાતી હતી. બધાં માછલાં અને કાચબાઓ તો નહેર વાટે નદીમાં પહોંચ્યાં પણ કટપટ કાચબો તો બંને હંસના મોંમાં લાકડી પકડાવી એને બાઝ્યો અને એમની સાથે દરિયા પાર જવા ઉડ્યો રસ્તામાં મુંબઇ પાસેના દરિયા પરથી જ્યારે ત્રણે પસાર થતાં હતા ત્યારે અરબદેશના રાજાની સહેલગાહે નીકળેલી સ્ટીમર પસાર થતી હતી. બેલાસીઓને ઉપરનું દ્રશ્ય જોઇને હસવુ આવ્યું. કટપટ ગુસ્સે થયો અને બોલવા જતાં મોંમાંથી લાકડી છુટી ગઇ અને કાચબો નીચે પડ્યો. થોડી વાર તો એ બેભાન થઇ ગયો પણ જ્યારે આંખ ખોલી ત્યારે સુગંધીદાર પાણીથી ભરેલા બાદશાહનો તરાવાના હોજમાં એ પડેલો. શાહે એના તરવા માટે ખાસ જગ્યા કરાવી અને મનમાન્યા ખોરાકની વ્યવસ્થા કરી ત્યારથી બધાં હંસ રાજા સાથે જવા માગે છે

| ગણેશાય નમઃ |

ચીમનલાલ ચંકલાભાઇના દિકરા ચિં. ચ ચુભાઇ ચકલા ના ચેંચેં ચકલી બહેનની દિકરી ચિં. ચંદાબેન ચકલીની સાથે આજે સાંજે ઘર નં. ૪૮ નાનપુરાના છપરાની છત નીચે લગ્ન છે એ સમયે સર્વ સગાસંબધી ઓને આમંત્રણ છે.

ટુંકી જાહેર ખબરો

ખોવાયા છે.

અમારા પુત્રો નામે પોપટીયો અને ટીટુડીયો નિશાળે ગયા હતા. સાંજે તેઓ ઘેર પાછા ફર્યા નથી. મોડી રાત સુધી કંઇ પત્તો નથી. પત્તો આપનારને યોગ્ય બદલો આપશું.

સરનામું: 'ચકોચકી' કાર્યાલય
આંબલીયા નગર.

માળો વેચવાનો છે.

બધી જાતની સગવડતાવાળો માળો વેચવાનો છે. તેમાં ઊંચા પ્રકારની સામગ્રી વાપરવામાં આવી છે. તેથી તે ઘણો મજબૂત છે. પાસેજ સરસ જુવારનું ખેતર છે. આથી મોટો લાભ તો એ છે કે ચણવા માટે દૂર જવાની તકલીફ મટી જાય છે. મળો યા લખો:

ક્કડખખડ લક્કડ ખોદ કું.
લીમડાપુર ડાળી નં–૦૦૦૧

નોકરી જોઇએ છે.

એક ઘરડા અને સાચાબોલા સજ્જનને બાળકો સાચવવાની નોકરી જોઇએ છે. પંખી કેમ ઉછેરવું તેની એમને પૂરેપૂરી ખબર છે. આવા નોકર મળવા મુશ્કેલ છે. જલદી લખો :

સરનામું : બિલાડીજી લુચ્ચાજી
ઓફિસ નં–૦૦૨

બાળવાડી કેમ ચલાવવી ?

લેખાંક ૫ મો

શારીરિક સ્વચ્છતા

ગામડાના બાળકો બાલવાડીમાં આવે છે તે વખતે તેમને શારીરિક સ્વચ્છતાનું જરા પણ ભાન હોતુ નથી. ઘર જોઇએ તો લીંપી ગુંપીને બૂબ સ્વચ્છ હોય છે. આંગણું પણ પ્રમાણમાં બૂબ સ્વચ્છ હોય છે. પરંતુ શરીર તરફ બિલકુલ દુર્લક્ષ હોય છે. વિખરાએલા વાળ એને કદી વર્ષમાં એકવાર પણ સારું તેલ મળ્યું હશે કે કેમ એની શંકા માથું, જુથી ભરપૂર, મેલાં કપડા, શરીરે બધે ખસ, પીળા તથા સડેલા દાંત આવાજ વેશે બાળકો બાલવાડીમાં આવે, ત્યારે નવી આવેલી ગ્રામ સેવિકાને ચિતરી ચઢે ને ? પરંતુ તે કાઢી નાખવી જોઇએ. આવા જંગલી માણસોને તમારે માણસ બનાવવાના છે. અહીં જ આપણું બરૂં કામ છે. તેથી કમર કસીને કામે લાગવું જોઇએ. આ બાળકોને સ્વચ્છ કરવાના અને સ્વચ્છતાની ટેવો પાડવાની અને એ બાબતમાં સ્વાવલંબી બનાવવાના આવા ત્રણ પ્રકારના કામો હોય છે અને એ બાલવાડીના મહત્વના કામો છે.

હવે આપણે એક બાબતનો વિચાર કરીએ.

(૧) વાળની સ્વચ્છતા.

વ્યવસ્થા : બાલવાડીમાં એક મોટો અરીસો રાખવો. તેમાં બધાં બાળકો જોઇ શકે એવી રીતે તે મૂકવો. શકય હોય તો બાળક દીઠ એક એક કાંસકી રાખવી અને તે કાગળની અથવા કપડાની થેલીમાં રાખવી. આટલી બધી કાંસકીઓની સગવડ ન હોય તો દરેક છોકરીના વાળ ઓળાઇ જાય એટલે કાંસકી ફીનાઇલના પાણીમાં બોળીને સાફ રાખવી. કાંસકી લુછવા અને હાથ લુછવાને રૂમાલ હોવો જોઇએ. ગુંચ નાખવા માટે કાગળની કોથળી હોવી જોઇએ. તેલની વાડકી અને એક ચમચો હોવો જોઇએ.

કૃતિ : ઉપર પ્રમાણે વ્યવસ્થા કેવી રીતે રાખવી, છોકરીઓને ગુંચ કેમ કાઢવી, ગુંચ કયાં નાખવી, કાંસકી કેમ વાપરવી, તેલ કેવી રીતે લગાડવું વગેરે કરવાના અને સ્વચ્છતાની ટેવો પાડવાની અને એ સર્વ ક્રિયા કરીને બતાવવી અને તેજ પ્રમાણે એ



ક્રિયા થાય એવો આગ્રહ રાખવો.

મોટી છોકરીઓને નાની છોકરીઓના, એમ એક-બીજાને એક બીજાના વાળ ઓળવા કહેવું. છોકરાઓના વાળ બહુ વધેલા હોય છે પરંતુ માથામાં જૂં, લીંખ હોય તેથી શક્ય હોય તો મુંડણ કરી લાવવા માટે ઉ-તેજન આપવું. પરંતુ તે શક્ય ન થાય તો વાળ ઓળવાનો આગ્રહ રાખવો. વચ્ચે વચ્ચે વાળ કાપવા માટે હજામની પાસે મોકલવાની વ્યવસ્થા આપણે કરવી જોઇએ.

સૂતળી રંગીને ત્રણ રંગની લટ એકત્ર બાંધીને છોકરીઓને લટ ગૂંથવા માટે રાખવી. એક બોટા વાળની લટ પણ રાખવી તેથી પ્રત્યક્ષ વાળની કલ્પના આવે.

બાલવાડીમાં માથુ ગુંથવાની બધી વ્યવસ્થા હોય તો પણ ઘરેથી જ વાળ ઓળીને આવે એવી ટેવ તો પાડવી જ. એ બાબતમાં ઉ તેજન આપવું.

છોકરા, છોકરીઓના માથામાં ખૂબ જ જૂં હોય છે તેનો નાશ કરવો જ જોઇએ. તે માટે તેમને ઘરે જઇને માથામાં નાખવાની દવા આપવી. તે ઘરની બધી સ્ત્રીઓને નાખવા માટે સૂચવવુ. આપણે પ્રત્યક્ષ તેમના વાળમાં દવા નાખીને બતાવવી. બાલવાડીમાં અવારનવાર માથું ધોવાની પ્રવૃત્તિ પણ રાખવી. જૂં દૂર કરવા માટે પ્રોત્સાહન તથા ઉ-તેજન આપવું.

જૂં માટે સામાન્ય રીતે નીચેની દવાઓ વપરાશમાં છે.

૧ કોપરેલ તેલ તથા સીપીચંદ.

૨ સિતાફળીના બીયાં વાટીને કોપરેલમાં નાખીને વાપરવાં. આ બહુ ઝેરી હોય છે માટે મોઢામાં કે આંખમાં ન જાય એની કાળજી લેવી.

૩ કોપરેલમાં કપૂર ઓગાળીને નાખવુ.

૪ ડી. ડી. ટી. પાવડર નખાય.

નખની સ્વચ્છતા : છોકરા છોકરીઓના નખ ખૂબ મોટા થએલા હોય છે. તેમાં કચરો માટી જઇને કાળાં થઇ ગએલાં હોય છે. તે તરફ બાળકોનું ધ્યાન ખેંચવું. એ કાપી નાખવા અને કાપતા શીખવવું જરૂરી છે. આ દૃષ્ટિથી માથુ ઓળવાના સાધન પાસે જ નખ કાપવાના સાધનો રાખવા.

વ્યવસ્થા : બે ત્રણ નાની કાતરો. નખ ભીંજવવા માટે પાણીનું એકાદુ નાનું વાસણ અથવા વાડકી. કાપેલા નખ મૂકવા માટે કોડીયા અથવા નાની વાટકી. હાથ લુંછવાને નેપ્કીન.

કૃતિ :-પહેલા બાળકોના નખની તપાસ કરવી, અને નખ વધ્યા છે એ તરફ બાળકોનું ધ્યાન ખેંચવુ. ત્યાર પછી બધાંને દેખાય, એમ એક બાળકને બેસાડીને નખ કાપી બતાવવા. પછી પોતે તથા કેટલાંક મોટાં બાળકોની મદદથી નાના બાળકોના અને આપણા પોતાનાં નખ કાપવા. બને તો પોતાના નખ પોતે કાપવા માટે ઉ તેજન આપવુ.

દાંતથી નખ કરડવા નહિ. એને વધારવા દેવા નહિ તેમાં મેલ ભરાવવા દેવો નહિ. એ બાબતો તરફ વાતચીત દ્વારા બાળકોનું ધ્યાન ખેંચવુ.

કપડા : ગામડાના બાળકો પાસે એક જ કપડુ હોય છે, એ ફાટે કે બીજુ સીવડાવે. એક સાથે બે જોડ કપડા સીવડાવવાથી કપડા લાંબો

હજારો કુટુંબોમાં હવે છુટથી વપરાય છે.....

કેશલી

ખરતા વાળને અટકાવી, વાળને વધારે છે.
મગજને ઠંડું રાખી વાળને મુલાયમ બનાવે છે.
સફળ પ્રયોગો બાદ એ જનતા સમક્ષ રજુ થયું છે

લોમા પ્રોડકટસની એક અનમોલ કૃતિ

: સોલ એજન્ટસ :
એમ. અમ. ખંભાતવાળા
રાયપુર, અમદાવાદ.

:એજન્ટસ :
સી. નરોત્તમ એન્ડ કું.
મંગલદાસ રોડ, મુંબઇ-૨

સમય સુધી ટકે છે આ બાબત પ્રયત્નપૂર્વક તેમના ધ્યાનમાં લાવવી પડે છે. આ એક જ કપડું દરરોજ પહેરવું; મહિનાને છેડે ગમે ત્યારે એક વાર એને ધોવું એટલે એ એકદમ ચીંથરા જેવું થઈ ગયું હોય છે. બટન હોય કે નહિ હોય, તો પણ બીડવા નહિ. કેટલેક ઠેકાણેથી ફાટેલું તો સીવેલું ઉખડી ગએલું, તેના કરતા એકલી સ્વચ્છ લંગોટ કે ચડી પહેરે તો સારૂં એવું આપણને લાગે.

આવે વખતે બાલવાડીના શિક્ષકે શું કરવું એ પ્રશ્ન છે. એકદમ નવા કપડા સીવડાવવાનું આપણાથી ન કહેવાય પણ નખની જેમ કપડાની તપાસ લેવી. તે ગંદા છે તે તરફ બાળકોનું ધ્યાન ખેંચવું. બટન ટાંકી આપવા તથા ફાટેલું સાંધી આપવું. પૂર્વતૈયારીમાં સોય, દોરો, બટન વગેરે સાધનો માથુ ઓળવાના સાધનો પાસે જ રાખવાં.

કપડાં ધોવાનો સામુહાયિક કાર્યક્રમ રાખવો. અઠવાડિયામાં એક વાર બધાં બાળકોના કપડાં સોડા તથા સાબુ નાખીને ઉકાળવા. ગામમાં નદી, તળાવ કે ઝરો જે કંઇ હોય ત્યાં બધાંએ ભેગા જવું અને કપડા ધોવા. કપડા ઘસવા, છબછબાવવા, નીચોવવા સુકવવા આ બધી ક્રિયા બાળકોને પ્રત્યક્ષ બતાવવી. ધોએલા કપડા પહેરીને આવવા ઉત્તેજન આપવું. આ અને આવી અનેક બાબતોમાં સુધારો થતા સમય લાગે છે.

ચામડીની સ્વચ્છતા : આ ખુબ મહત્વની છે. કારણ લગભગ બધાં જ બાળકોને ખસ હોય છે. એનું મુખ્ય કારણ તો લોકો દરરોજ નહાતા નથી એ જ હોય છે. તેથી બાળકો રોજ નહાય એવા પ્રયત્નો કરવા જોઇએ. વાલીને મળીને આ બાબતમાં તેમનું મન વાળવાનો પ્રયત્ન કરવો જરૂરી છે. બાલવાડીમાં નાહવાની વ્યવસ્થા કરી શકાય તો તે જરૂર કરવી. આ સામુદાયિક નાહવાનું દૃશ્ય બહુ મઝાનું હોય છે. નાસ્તા માટે જેટલા હોંશથી બાળકો ભેગા થાય છે તેટલી જ હોંશથી નાહવા માટે પણ બાળકો ભેગા થાય છે.

પૂર્વ તૈયારી : (૧) ગરમ પાણી કરવાની વ્યવસ્થા. થોડું ગરમ પાણી મળે એવી વ્યવસ્થા બને તો રાખવી. મેલી, ગંદી થએલી ચામડીને સ્વચ્છ કરવા માટે તેની જરૂર હોય છે. તે જ પ્રમાણે બાળકોને તેનું આકર્ષણ પણ હોય છે.

(૨) છ–સાત નાની ડોલો ને નાનીનાની લોટીઓ.

(૩) **સાબુ :** કાર્બોલિક સાબુ અથવા લાઇફબોય હોવો જોઇએ. બાળકોને ખસ થયેલી હોય છે તેથી હલકે હાથે સાબુ લગાડીને ધોવાની આવશ્યકતા હોય છે જ. જે ભાગમાં શિકકાઇ અથવા અરીઠાં ખૂબ તથા સસ્તા મળતા હોય ત્યાં શિકાકાઇનું પાણી અથવા અરીઠાનું ફીણ તૈયાર રાખીએ તો પણ ચાલે.

સાબુના નાના નાના કટકા કરીને તે કોડિયામાં રાખવા. સાબુની ડબ્બીની જેમ બાસ કાણાં વાળા કોડિયા કુંભાર પાસેથી કરાવી લેવા. તે શક્ય ન હોય તો જાતે કાણાં પાડી લેવા. નાળીએરની કાચલી મળે તો પણ ચાલે. પરંતુ દરેક બાળકને સ્વતંત્ર સાબુ મળવાની વ્યવસ્થા થવી જોઇએ.

ઠંડુ પાણી ભરી રાખવું : નહાવા જેવું પાણી કરવા માટે ઠંડુ પાણી એકાદા મોટા પીપમાં

પંદરમી ઓગસ્ટ કહે છે :

જે દેશના માનવીને ઘેર
પો તા ના એક પણ
રાષ્ટ્રનેતાનો ફોટો નથી
એ માનવીને કયા
દેશનો ગણવો ?

ભારતીયપણાની ભવ્યતાને ઝળહળતી કરો–મહાત્માજી, પં. જવાહર, સરદાર, સુભાષ, રાજેન્દ્રબાબુ, લોકમાન્ય તિલક વગેરેની તસ્વીરો [પેઇન્ટિંગો વસાવીને...એ માટે વેન્ગાર્ડ અજોડ છે.



કે હોજમાં ભરી રાખવું. તેમાંથી જોઇએ તેટલું પાણી બાળકો પોતાની જાતે કાઢી શકે એવી વ્યવસ્થા હોવી જોઇએ.

કપડાની વ્યવસ્થા : ટુવાલ–શરીર લુછવા માટે દરેકને સ્વતંત્ર ટુવાલ હોવો જોઇએ. તેને માટે ગામમાંથી જૂના ધોતિયા કે સાડલા ભેગા કરવા, તેના કટકા ફાડીને, ધાર સીવીને ટુવાલો તૈયાર કરવા નવા ટુવાલો મળે તો ખુબ ઉત્તમ જ થાય. દરેક બાળકના ટુવાલ ઉપર એક એક ચિન્હો કરી રાખવા જેથી દરેકને તે ઓળખાય. નહાતી વખતે તે વ્યવસ્થિત ઘડી કરીને હારબંધ સળીએ મૂકી રાખવા અથવા હારબંધ ખીંટીએ લટકાવી રાખવા.

પહેરવાના કપડા : બદલવાને બીજી જોડ હોય તો તે એકબાજુ ઘડી કરીને મૂકવા. કાઢેલા કપડા અરીઠાંના કે સાબુના પાણીમાં બોળવા. બાળકોને જ એ ટેવ પાડવી. વાલીઓને સમજાવીને દરેક મહિને થોડા થોડા કરીને કપડા માટે પૈસા ભેગા કરવા, અને આપણે જ દરેક બાળકને જોડી સીવીને સીવડાવીને આપવી. તેથી દરરોજ ધોયેલા કપડા પહેરવાની ટેવ બાળકોને પડે છે. ટુવાલ ઉપરના જ નકકી ચિન્હો કપડાની જોડી ઉપર કરવા.

મલમ : પૂર્વ તૈયારીમાં ખસ ઉપર લગાડવાનો મલમ એ જરૂરી છે. ખસ પર લગાડવાને ઘણી દેશી દવાઓ હોય છે. તેમાંથી બ્યાત્રીની દવા અવશ્ય રાખવી. અમને તો નીચેની દવાનો સારો ગુણ જણાયો છે.

(૧) કડવા લીમડાનો પાલો વાટીને લગાડવો.

(૨) ગંધક પાવડર અને વેસલીન એનો મલમ તૈયાર કરીને લગાડવો.

કૃતિ : બાળકોએ કપડાં સાબુના પાણીમાં બોળીને ગરમ પાણી લેવા માટે હારમાં ઉભા રહેવું. ગરમ પાણી શિક્ષકોએ જ કાઢીને આપવું નહિ તો અકસ્માતનો સંભવ હોય છે. પછી પોતાને જોઇએ એટલું ઠંડુ પાણી નાખીને શરીર ભીનું કરવું. પછી સાબુ લગાડીને ચોળીને કેવી રીતે નહાવું કાન, બોચી, કાનની પાછળનો ભાગ, હાથ પગના આંગળા

હિન્દની મશહુર એક જ માત્ર

ચેમ્પીઅન

પેનનોજ (રજિ.)

આગ્રહ રાખો.

કિંમત રૂા. ૩/૮ અને વધુ



સરળ વહે છે લીક પ્રુફ ગેરંટીડ સર્વત્ર મળે છે

ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લી૦

લોહારચાલ, લાલજીમાનસીંગ બિલ્ડીંગ, મુંબઇ. ૨.

R.P.C.



ઝરણથી બનતું સુગંધિત તેલ

આપને ત્રિવિધ ફાયદા-ઓની ખાત્રી આપે છે.

૧. ખરતા વાળને અટકાવી, વાળને ભરાવદાર અને મુલાયમ બનાવે છે.
૨. મગજને પોષક તત્વો પૂરાં પાડે છે.
૩. શ્રમ, સમય અને સંપત્તિ બચાવે છે

આજે જ એક બાટલી ખરીદો અને હંમેશના વપરાશનું સર્વોત્તમ કેશતેલ ઘેરબેઠાં આસાનીથી તૈયાર કરો.....

બધે જ ઠેકાણે વેચાય છે

સોલ એજન્ટ– સુગંધ ઘર ખાડીયા, અમદાવાદ

સી. નરોત્તમની કું. મંગળદાસ રોડ, મુંબઇ ૨.

વચ્ચેનો ભાગ એમ બધાં જ ભાગો ચોળી ચોળીને કેવી રીતે સ્વચ્છ કરવા તે બાળકોને બતાવવું. શરીર પર ફક્ત પાણી રેડયું એટલે નહાવાઇ ગયું એમ નથી એ તરફ બાળકોનું ધ્યાન ખેંચવું. શરીર ઉપર સાબુ ઘસીને શરીર ઉપરથી સાબુની ચીકાશ તથા મેલ કાઢવાનું બતાવવું અને એનો આગ્રહ રાખવો. શરૂઆતમાં શરીર ઉપરથી ખૂબ મેલ નીકળે છે. મોટા બાળકોએ નાના બાળકોના શરીર ચોળી આપવા, એકબીજાની પીઠ તથા બોચી ચોળી આપવી. આવી રીતે ૭/૮ બાળકોએ એક સાથે નહાવું.

ટુવાલથી શરીર કેમ લુંછવું, કપડા પહેરવા આ બધુ વ્યવસ્થિત બતાવવું. ટુવાલ જુદી સાબુની ડોલમાં ભીંજવી રાખવો.

જે બાળકને ખસ હોય એવા બાળકના એ અંગો હલકે હાથે શિક્ષકે ધોઇ કાઢવા. શરીર લુંછતી વખતે હલકે હાથે તથા જુદા ટુવાલથી તે ભાગો લુછવા. અને તેના ઉપર જતે દવા લગાડી આપવી. જરૂર લાગે તો તે ભાગ સ્વચ્છ કટકાથી બાંધી રાખવી.

ખસ હોય એવા બાળકોનો ચેપ બીજાંને લાગે નહિ એને માટે શહેરોમાં તે બાળકોને ઘરે મોકલી દેવાની રીત હોય છે. તે અહીંયા કામ લાગતી નથી. કારણ ઘરે ગયા પછી આ બધાં બાળકો એકબીજાં સાથે રમે જ છે. વસ્તી ખૂબ ઓછી હોય છે તેથી સવારથી તે સાંજ સુધી ગામના બધાં જ બાળકો એકબીજા સાથે ભેગા મળીને રમતા જ હોય છે. તેથી ફક્ત બાલવાડીના સમય દરમ્યાન જ તેમને ઘરે મોકલી દેવાથી શું ફાયદો થાય? તેનાં કરતા દિવસમાં ૨/૩ વાર તે ભાગ ધોઇ, મલમ લગાડીને ખસ જલદીથી મટી જાય એવા ઉપાયો કરવા વધારે યોગ્ય છે.

કપડાં ધોવા : કપડાં ધોવા, સુકવવા પછી ઘડી કરવી, જગ્યાએ મૂકવા વગેરે કામો શિક્ષકે બાળકોની મદદથી કરવા. તેને માટે પત્થર, નાના ધોકા, બાળકોના હાથ પહોંચે એટલી ઊંચાઇએ બાંધેલી દોરી, કપડાં. ઘડી કરીને મૂકવા માટે એકાદ કબાટ કે ઘોડા વગેરે પ્રકારની વ્યવસ્થા જરૂરની છે. છેલ્લે છેલ્લે મોટાં બાળકો પોતાની કપડાં જાતે ધોઇ શકે એવી દૃષ્ટિ હોવી જોઇએ.

હાથ પગ ધોવા : રોજ નાહવાનો કાર્યક્રમ બધી બાલવાડીમાં શક્ય ન પણ બને. પણ હાથ પગ ધોવાનો કાર્યક્રમ અવશ્ય રાખવો. હાથ પગ ધોવાની જગ્યા નક્કી હોવી જોઇએ. એ પાણી એકાદ ઝાડમાં જતું રહે એમ કરવું. પાણીની ડોલ પાણી રેડવા માટે લોટી, નાળીએરની કાચલી હોય તો ઉત્તમ, પગ લુછવાનો કટકો, મોઢુ લુછવાનો કટકો તથા હાથ લુછવાનો કટકો એમ જુદા જુદા રાખવા. કોઇ કોઇ વાર સાબુ રાખવો જોઇએ.

હાથપગ ચોળી ચોળીને કેવી રીતે ધોવા, આંખ, કાન, નાક, બોચી કેવી રીતે ધોવી તે બાળકોને બતાવવું. દૂવાલથી એ કેમ સાફ કરવા એ પણ બતાવવું. પગ લુછવાના ટુવાલથી જ પગ લુછવા હાથ લુછવાના ટુવાલથી જ હાથ લુછવા, મોઢું લુછવાના દૂવાલથી જ મોઢું લુછવાનો આગ્રહ રાખવો. ત્રણે ટૂવાલોને જુદા જુદા ચિહનો કરવા અને એને જુદે જુદે ઠેકાણે રાખવા જેથી ગોટાળો થાય નહિ. પગના તળીઆ કોરા કરવા માટે જમીન ઉપર ગુણપાટ પાથરી રાખવી. જે બાલવાડીમાં નાહવાનો કાર્યક્રમ ન હોય ત્યાં હાથપગ ધોઇને ખસ ઉપર દવા લગાડવી.

નાકની સ્વચ્છતા : ગમે ત્યાં નાક સાફ કરવું, તથા એ હાથ પગ ગમે ત્યાં લૂછી નાંખવાની ગંદી ટેવ મોટા માણસોને પણ હોય છે. નાના બાળકોને એ અંગે યોગ્ય ટેવ પાડવી. ઘણાં નાના બાળકોના નાકમાંથી લીંટ વહેતુ હોય છે, જીભથી તે ચાટી જાય છે. નાક ગુંગાથી ભરેલું હોય છે એ તરફ એમના વાલીઓનું તથા એમનું ધ્યાન જતું નથી તેથી નાક સાફ રાખવું. લીંટ કાઢવાની એક નકકી જગા કરીને ત્યાં જ નાકમાંથી લીંટ કાઢીને પછી પછી ટુવાલથી નાક લુંછી કાઢવાની ટેવ બાલ-વાડીમાં પાડવી જોઇએ. નાકનું લીંટ કાઢવા માટે એક ખાડો હોવો જોઇએ. નાક સાફ કરીને લીંટ એમાં નાખ્યા પછી એના ઉપર રાખ કે ધૂળ નાખવાની વ્યવસ્થા રાખવી. અવારનવાર શિક્ષકે ત્યાં જઇને નાકમાથી લીંટ કેમ કાઢવું એનો પાઠ આપવો.

શહેરમાં બાળકો પોતાને ઘરેથી રૂમાલ લાવે છે. ગામડામાં ઘરેથી બાળકો રૂમાલ લાવી શકતા નથી.

અને લાવે તો એટલો ગંદો હોય કે હાથમાં પણ પકડી ન શકાય. તેથી બાલવાડીમાં જૂના સાડલાના કે ધોતિયાના રુમાલો તૈયારી કરીને રાખવા પડે છે. એને માટે બે ટોપલી રાખવી. એકમાં સ્વચ્છ ધોએલા રૂમાલ રાખવા અને બીજીમાં નાક લુછીને ખરાબ થએલા રૂમાલ નાખવાની વ્યવસ્થા કરવી. આ રૂમાલો સુંવાળા હોવા જોઇએ. વાપરેલા રૂમાલો દરરોજ ધોઇ નાંખવા. રૂમાલનું મહત્ત્વ બાળકોના ધ્યાનમાં લાવવા માટે અવારનવાર રૂમાલ વિષે વાતચીત કરવી.

થુંકવાની ટેવ : ગમે ત્યાં ગમે તેમ થુંકવાની ગંદી ટેવ ઘણાં બાળકોને પણ હોય છે. બાળકો મોટાંઓ પાસેથી જ આ શીખ્યા હોય છે. તેને માટે બાલવાડીમાં બે–ત્રણ ઠેકાણે પહોળા મોઢાના માટલા રાખથી ભરી રાખવા. એ માટલામાં જ થુંકવાની આગ્રહપૂર્વક ટેવ બાળકોને પાડવી. માટલામાંની રાખ વારંવાર બદલી લેવી.

દાંતની સ્વચ્છતા : ગામડામાં ઘણાં બાળકોના દાંત પડી ગએલા તથા સડી ગએલા હોય છે. રોજ મોઢું ધોવાની તથા દાંત ઘસવાની ઘણાંને ટેવ હોતી નથી. તેથી બાલવાડીમાં અઠવાડિયામાં એકવાર પ્રત્યક્ષ દાંત ઘસાવી લેવા. દરરોજ દાંતની તપાસ કરવી. તે અંગે વાતચીત કરવી. આજે કોણ કોણ દાંત ઘસીને આવ્યા છે? એની રોજ તપાસ કરવી. બાલવાડીમાં જે દિવસે દાંત ઘસવાની પ્રવૃત્તિ હોય તે દિવસે એક ટોપલીમાં મંજનના પડીકાં બાંધીને રાખવા તથા જીભ સાફ કરવા માટે દાંતણની ચીરીઓ, મોઢું ધોવા માટે પાણીની નાની લોટી, તથા ટુવાલ રાખવા. શિક્ષકે પોતે એક પડીકું લઇને મંજન દાંતે ઘસી બતાવવું. અંદરથી બહારથી, ઉપરના નીચેના દાંતને કેવી રીતે ઘસીને ચોકખાં કરવા એ બતાવવું. ઊળ કેમ ઉતારવી એ પણ બતાવવું. પછી કોગળા કેમ કરવા જીભ કેમ ઘસવી, વગેરે બતાવવું. મોઢું ધોતી વખતે કાન, નાક, આંખ, મોચી એ પણ કેવી રીતે ધોઈને સ્વચ્છ કરવાં એ પણ બતાવવું. પછી ટુવાલથી બધું કોરૂ કરીને પોતાના દાંત કેવા સ્વચ્છ થયા છે તે અરિસામાં જઇને જોવું. મંજન લઈને પડીકાનો કાગળ એક બીજી ટોપલીમાં નાખવા માટે વ્યવસ્થા રાખવી. દાતણની ચીરી તથા થુંકવા માટે બાકોરૂ કરવો... આ બધી ક્રિયા શિક્ષકે કરીને બતાવવી, અને પછી બાળકોને એ કરવા કહેવું.

દાંતના મંજન અનેક પ્રકારના હોઇ શકે. ગામડામાં છાણની રાખ લઇને તેમાં થોડી ફટકડીનો ભૂકો તથા મીઠું નાખીને તૈયાર કરેલું મંજન સસ્તું, તથા સારું ગણી શકાય. બાળકો જાતે તૈયાર કરી શકે એવું સહેલું પણ છે.

પેશાબ કરવા તથા બાજરે જવા અંગે સ્વચ્છતાની ટેવ પાડવી.

ગમે ત્યાં પેશાબ કરવો એ જાણે કે ગામડામાં અયોગ્ય લેખાતુ નથી. વિશાળ જગ્યા હોય છે, તેથી કોણ કાળજી રાખે ? તે જ પ્રમાણે બાળકોને જાજરૂ બેસાડવા માટે પણ એવું જ છે. તેથી બાલવાડીમાં આ બાબતમાં આદર્શ વ્યવસ્થા હોવી જોઇએ અને તે વાલીઓને બરાબર બતાવીને, તેવી વ્યવસ્થા ઘરે કરવા માટેનો આગ્રહ બાલવાડીના શિક્ષકે રાખવો જોઇએ.

પેશાબ : નિર્ગંધ પેશાબખાનુ કરી શકાય તો ખૂબ ઉત્તમ પણ એ શકય ન હોય તો સાદો ખાડો કરીને તેના ઉપર બાળકોથી બરાબર બેસી શકાય એવી વ્યવસ્થા કરવી. વારંવાર આ ખાડા બદલવા. ત્યાં જઇને જ પેશાબ કરવો એનું સૂચન બાળકોને વારંવાર કરવું પડે છે.

શૌચ : એને માટે નાના નાના ખાડા કરીને તેના ઉપર બે પાટિયા નાંખવા. જાજરે જતી વખતે પાણી લઇને જ જવું તથા શૌચવિધિ થયા પછી માટી નાંખવી, આ બાબત આગ્રહપૂર્વક શીખવવી પડે છે. આ ખાડા ભરાઈ જાય કે બીજા કરવા. ખાડા ખોદવાનું કામ બાળકો હોંશથી કરે છે.

એકંદરે સ્વચ્છ અને ટાપટીપ રહેવાની ટેવ બાલવાડીના બાળકોમાં પડવી જોઇએ. તેને માટે અઠવાડિયામાં એક દિવસ સ્વચ્છતાની તપાસ કરવી અને તેની નોંધ રાખવી. **—અનુભાઇ વાદ્ય.**

બાળ-શિક્ષણ અને સંઘ સમાચાર

નઇ તાલીમ શિબિર

મેની તા. ૧૦ મીથી ૨૧ સુધીના અગિયાર દિવસ માટે યોજવામાં આવેલી આ શિબિરનું ઉદ્‌ઘાટન મુંબઇના શ્રી. મણીબેન નાણાવટીના શુભ હસ્તે થયું હતું. શિબિરમાં ૭૪ બ્હેનો તથા ૩૭ ભાઇઓ મળી કુલ ૧૧૧ જણા જોડાયા હતા. ઉદ્‌ઘાટન પ્રસંગે ગુજરાતના જાણીતા કેળવણીકાર શ્રી જુગતરામભાઇ દવેએ પૂર્વ ભુમિકાદી કેળવણીનો ખ્યાલ રજૂ કરતા કહ્યું હતું કે માણસના બચ્ચાંને જીવનમાં જાતજાતના કામો અને ઓજારો વાપરતા શીખવવાના હોય છે. નહાવું, ધોવું, ખાવું, સફાઇ રાખવી વગેરે ઘણું 'ઘણું શીખવાનું હોય છે. માનવ જીવનના આ અઘરા વ્યવહારોમાં પ્રવેશ કરતી વખતે તેને આપણે કંઇક મદદગાર થઇએ. મનુષ્ય બાળ માટે જીવનમાં પ્રવેશ કરવો વનના જનાવરોના બચ્ચાં કરતાં સવિશેષ મુશ્કેલ છે કારણ કે આપણે માણસો એકલા રહેતા નથી. સમાજમાં નાનાંએ મોટાં સાથે અને આપણે મોટેરાં નાના સાથે કેવો વર્તાવ ચલાવવો કયાં ખમી લેવું કયાં બીજાને માટે ઘસાવવું વગેરે ઘણા માનવગુણો સમજવાના અને શીખવાના હોય છે. આ બધી કેળવણીનુ જ નામ નઈ તાલિમ છે.

અગિયાર દિવસની પ્રવૃત્તિઃ

તા. ૧૧–૫–૫૬: દાણા વીણવા, ભાખરી બનાવવી, પાણી ભરવું, ઘંટીકામ, સુશોભન ભોજન અનાજનું પ્રદર્શન.

તા. ૧૨–૫–૫૬: બાગકામ, કૂંડા કામ, બાલ કૂવો, પક્ષીઓ માટે પરબ, વૃક્ષ સુશોભન, પાંદડાનું પ્રદર્શન.

તા. ૧૩–૫–૫૬: વસ્ત્રોદ્યોગ, ગાલિચો બનાવવો, પરબીયાના સફાઇ, વાસણ માંજવા, ચિત્રકામ, ચિત્રોનું પ્રદર્શન.

તા. ૧૪–૫–૫૬: રસોઇ, મૂઠિયા, શાક, છાશ કરવી, સિવણ, રંગોળી, દૂધ શાકનું પ્રદર્શન.

તા. ૧૫–૫–૫૬: પશુપાલન, બાલઝુંપડી, બાગ કામ, બાળકૂવો, વનમ ળાઓ બનાવી. જનાવરોના વાળ તથા ઝાડની ડાળીઓનું પ્રદર્શન.

તા. ૧૬–૫–૫૬; સ્નાન, નખ કાપવા, વાળ સજાવવો, કળાકામ, સ્નાનની ક્રિયાઓનું પ્રદર્શન.

તા. ૧૭–૫–૫૬: પર્યટન.

તા. ૧૮–૫–૫૬:- ખિચડા બનાવી, બીરંજ બનાવ્યો, સિવણ તથા લીંપણ, સુકામેવા ફળફળાદિનું પ્રદર્શન.

તા. ૧૯–૫–૫૬: કૂંડાકામ, બાળકુવો, ફૂલછોડ વાવ્યા, પાણી પાયું

તા. ૨૦–૫–૫૬: રમકડાં બનાવ્યા, કપડાં ધોયા, ઘંટી કામ વસ્ત્રોદ્યોગ, ઝાડૂ બનાવ્યા, સુકો મેવો, ગરમ મસાલા વગેરેનું પ્રદર્શન.

આ ઉપરાંત આ દિવસોમાં બાલનાટકો, બાલ વાર્તાઓ, બાલ ગીતોનો વિવિધ કાર્યક્રમ યોજાયો હતો. તેમજ ગણિતના સાધનો અને બાલવાડીમાં ઉપયોગી થતા સાધનો રજૂ કરવામાં આવ્યા હતા. બાલોપયોગી સંગ્રહમાં વિવિધ ફળોના તથા બોરના ઠળીઆ, દિવાસળીના બોખાં, છીપલાં, રેતી; વિવિધ આકૃતિના પત્થરો, વિવિધ શાકભાજીના બી, ચણોઠી, વગેરેનો ઉપયોગ સમજાવવામાં આવ્યો હતો.



ઠરાજ, બસ, બુજલી, ચાંદા બરજવું, પગની ચળ, ઠંડીમાં કે પાણીમાં હાથ–પગ ફાટી ચીરા પડવા, આંગળા સડી જવા તથા બીલ માટે, સ્ત્રીઓ તથા છોકરા–છોકરીઓના માથાના વાળમાંના ચાંદા, બોડા, ઉંદરી તથા શરીર પરની બસ, બુજલી ઉપર મલમ કોપરેલ અગર બીજા બાવાના તેલમાં મિશ્રણ કરી દિવસમાં બેત્રણ દિવસ સુધી લાગલગાટ લગાડવો.

ચી–ટેકસ ફોર્માસ્યુટીકલ્સ એન્ડ. કું. મુંબઇ–૩.

શિબિરની પૂર્ણાહુતિ ગુજરાતના જાણીતા ભૂદાન સેવક શ્રી. બબલભાઇ મહેતાના પ્રમુખસ્થાને થઇ હતી. પુર્ણાહુતિ કરતા શ્રી, બબલભાઈએ કહ્યું કે જુગતરામભાઈ જેવા સ્વયંભુ બાલશિક્ષક જેવા ગુરૂ સાથે તમને આટલા દિવસ રહેવાનું મળ્યું.

એનેજ હું તો સદ્‌ભાગ્ય ગણું છું. જુગતરામભાઇ જેવા તો અહીં તમારી સામે છે તેને જીવનમાં ઉતારી બાળક જે સદા ચેતનનો ફુવારો છે તેનો માર્ગ સરળ કરી આપશો એવી હું આશા રાખું છું

(૨) નૂતન બાલ શિક્ષણ સંઘ મુંબઈ શાખા તરફથી મુંબઇના બાલ શિક્ષકો ભેગા મળી શકે અને શિક્ષણની દ્રષ્ટિથી કંઇ ચર્ચા વાતો કરી શકે એ મ,ટે દર મહિનાના છેલ્લા શનિવારે જુદા જુદા બાળમંદિરોમાં માસિક મિલન યોજવામાં આવે છે. જુલાઇ તા. ૨૩–૭–૫૬ ના શનિવારે સેવા મંદિરમાં માસિક મિલન પ્રસંગે બાલ ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વસંતભાઇ પરમાર તથા પરાશરભાઇએ બાલગીતો ગાયા હતા. મુંબઈની જુદી જુદી બાલસંસ્થાના ઘણા શિક્ષકભાઇ બહેનોએ હાજરી આપી કાર્યક્રમ ખૂબ સફળ બનાવ્યો હતો.

નવો ઉપક્રમ

શિશુવિહાર દાદરમાં અને સ્વ. રૂક્ષ્મણીબેન પરીખ બાલમંદિરમાં સંગીત માટે જુદા જુદા સંગીત શિક્ષકો આવે છે. બંને બાલમંદિરના બાળકોને જુદા જુદા ગીતો અભિનય સાંભળવા તથા જોવા મળે. બંને બાળમંદિરના બાળકોને બધાં ગીતોનો લાભ મળે એ માટે બંને બાળમંદિરો તરફથી એક નવો ઉપક્રમ શરૂ કરવામાં આવ્યો છે. મહિનામા એક દિવસ બંને બાળમંદિરના સંગીત શિક્ષકોએ એક બાળમંદિરમાં ભેગા મળવું અને ત્યાં ગીતો તથા અભિનયની આપલે કરવી. બંને બાળમંદિરના સંગીત શિક્ષકો...શ્રી. વસંતભાઇ પરમાર તથા શ્રી. અનિરૂધ્ધભાઇ તન્નાએ આ ઉપક્રમને આવકાર્યો છે. શિક્ષકો સ્વ. રૂક્ષ્મણીબેન પરીખ બા. મં. માં મળ્યા ત્યારે શિક્ષકોને તથા બાળકોને ખૂબ લાભ થયો હતો. અરસપરસ નવા ગીતો અભિનયની આપ લે તથા નવા મિત્રો થઇ શકે છે. આવું ઘણા બાળમંદિરો કરી શકે છે.

યુનિકેમ લેબોરેટરીઝ, મુંબઇ, ૨૬

"એ પિલ્સ"ના બાળકો રાત્રે અજાણતા પેશાબ કરે છે એ બંધ કરવા માટે "એ" પિલ્સ વાપરો. ૧૦૦ ગોળી રૂા. ૩-૦૦

✡

ડેન ટોનીક

આનાથી બાળકોને સારી ઊંઘ આવે છે, ભૂખ લાગે છે અને દસ્ત પણ સાફ આવે છે.

દાંત સાફ રહે એ વસ્તુ નાના બાળકોના વિકાસની દૃષ્ટિએ અત્યંત આવશ્યક અને મહત્વની છે. એ માટે બાળક ૬ માસની વયનું હોય ત્યારથી "ડેન ટોનીક" શરૂ કરો. આ દવાથી દાંત સુખેથી આવે છે અને કાયજ પીડા થતી નથી. કિં. રૂા. ૧–૮–૦

હેલ્મિયો લેબોરેટરી
૧૭૮, ન્યુ ચર્ની રોડ, રામમોહન હાઇસ્કુલ પાસે
મુંબઇ–૪

વાલી પરિષદ

ગઈ પરિષદનો મંજુબહેને જે અહેવાલ વાંચ્યો તેમાં મુખ્યત્વે નીચેના મુદ્દાઓ હતા :

(૧) બાળકના તંદુરસ્ત વિકાસખાતર બાલકેન્દ્રીય વાતાવરણની આવશ્યકતા સ્વીકારવા છતાં મોટા ભાગના વાલીઓને તેનો અમલ કરવો અવ્યવહારિક લાગે છે.

(૨) આજના આર્થિક સંજોગો માબાપોને ન છૂટકે બાળકની સ્વાભાવિક વૃત્તિઓને દબાવી દેવાની ફરજ પાડે છે જેને પરિણામે, બાળકના ઘડતરમાં અતિ મહત્વનો ભાગ ભજવતું બાળપણ અનેક પ્રકારની હતાશાઓથી ભરપૂર હોવાને કારણે તેના મગજમાં અનિવાર્ય રીતે માનસિક મડાગાંઠો બંધાઇ જાય છે. તેની અસર ભારતના ભાવી નાગરિકોની રહેણી કરણી, વિચાર સરણી તેમજ વ્યક્તિત્વપર ઘણી ઊંડી થતી હોવાને કારણે રાષ્ટ્રીય નવસર્જનની દૃષ્ટિએ આ સમસ્યાનો ગંભીર વિચાર કરવો જરૂરી છે.

(૩) આ સંજોગોમાં શાળાઓ એકલે હાથે મૂળભૂત પરિવર્તન લાવી શકશે નહિ. જે શાળાઓનું સંચાલન કેવળ ધંધાદારી–વેપારવૃત્તિથી જ ન થતું હોય એવી ગણીગાંઠી સજગ શાળાઓ પણ તત્કાલીન સામાજીક મૂલ્યોથી પર રહી શકતી નથી.

(૪) ચર્ચાના એક તબક્કામાં તેણે સહેજ નવતર ઝોંક લીધો હતો. બાળક અને પુખ્ત ઉંમરના માણસોના હેતો વચ્ચે કંઇક મૂલભૂત અથડામણ હોય એમ પૂરવાર કરવાનો પ્રયાસ થયો હતો.

આજની પરિષદમાં અકસ્માત આવી ચડેલ એક પાશ્ચાત્ય મહેમાને આ મુદ્દા વિશે આશ્ચર્ય વ્યક્ત કર્યું. મંજુબહેને જે ખુલાસો કર્યો તેમાંથી ચર્ચા ઉભી થઇ અને આખી પરિષદ એજ દિશામાં વળી જવાથી બાકીના મુદ્દાઓની ચર્ચા આવતી બેઠક સુધી મુલતવી રાખવામાં આવી.

પાછલી બેઠકમાં જે વાલીએ આ સવાલ ઉભો કર્યો હતો તેમને મંજુબહેનનો જવાબ અધુરો લાગવાથી તેમણે પોતે જ વધારે સ્પષ્ટતા કરી, "વાત એમ છે કે મોટા ભાગના બાળકોનો ઉછેર માબાપના યાવનકાળમાં થાય છે. જેમને પાછલી ઉંમરમાં બાળકો થાય છે તેની હું વાત નથી કરતો. કદાચ તેવા બાળકોની સમસ્યા જુદા પ્રકારની હશે. પણ યુવાન માબાપોએ શું કરવું? યૌવનના કોડ કોને ન હોય? એક તો આર્થિક સંકડામણને કારણે યૌવનસુલભ મોજમજાહ કરવાની તકો જ જ્યાં ઓછી હોય છે, ત્યાં કદાચ દિનરાત બાળકના ગમા અણગમાનો વિચાર કરવાની હા પાડીએ તો પણ તે પ્રમાણે વર્તવું મુશ્કેલ છે–ના, અશકય છે."

"હું આ વાત બરાબર સમજી નથી. મને કહેશો કે—" પશ્ચિમવાસી બહેન બોલ્યા.

"એક સીધી સાદી વાત જ લોને–" કળાબેન બોલી ઉઠયા. "વરસના વચલે દા'ડે સીનેમા નાટકે જોવાનો વિચાર કરીએ ત્યારે બાળક આડું ફાટે તો આપે શું કરવું? બાળકોને બંધીઆર થીએટરમાં બેસી રહેવું ગમતું નથી અને મોટા ભાગની ફિલ્મો બાલભોગ્ય હોતી નથી એમ જાણવા છતાંય અમારે બાળકોને સાથે લેવા પડે છે–અને તેમને પરાણે પરાણે અમારી પાછળ તણાવું પડે છે કારણ કે તેમને માટે સ્વતંત્ર રીતે સમય પસાર કરવાની કોઇ વ્યવસ્થા કરી શકાતી નથી. અમારે ત્યાં "બેબી–સીટરો" ની પ્રથા નથી તેમજ દરેક બાળકને સંતોષી શકે તેટલી મોટી સંખ્યામાં અને વિવિધ કક્ષાવાળા બાલભવનો પણ નથી. થોડાં ઘણાં અખાડાઓ અને કહેવાતી કલબો છે પણ ત્યાં આંગળીએ વળગતા બાળકો બેઠાં જ જવાના છે?"

"માફ કરજો બહેન," પાશ્ચત્ય મહમાન ધીમે સાદે બોલ્યા, "પણ કંઇક ગેરસમજુતિ થઈ હોય એમ મને લાગે છે. મારાથી મોટાઇનો ડોળ થઇ ગયો હોય તો હું અંતઃકરણપૂર્વક ક્ષમા માગું છું. હું તમારા દેશના રીત રીવાજને જાણતી નથી અને અહીંની વાસ્તવિકતા વિશેનું મારું અજ્ઞાન કબૂલ કરું છું. છેલ્લા છ માસથી હું ભારતની મુસ્ત ફરીએ આવી છું તેની પાછળ એક ખાસ હેતુ છે. આઝાદી બાદ ભારતની સમાજ રચનામાં ધીમી ગતિએ પણ મક્કમ રીતે મૂળભૂત ફેરફારો થઇ રહ્યા છે તેની ના પાડી શકાય તેમ નથી. અમારું પાશ્ચાત્ય જીવન ઔદ્યોગિકકરણના પાયા પર રચાએલું છે. તમે પણ એ દિશામાં જઇ રહ્યા છો. ત્યારે તેની અસર તમારા બાલજીવન પર શી થઇ રહી છે તેનો અભ્યાસ કરવાની મારી ઇચ્છા છે. એ જીજ્ઞાસા જ મને તમારા

જેવી પ્રગતિશીલ શાળાની વાલીપરિષદમાં ધસડી લાવી છે. મારે તમારી પાસેથી ઘણું ઘણું શીખવાનું છે, તમારા થોડાક ગામડાંઓમાં ફરવાની મને તક મળી છે અને કેટલાંક ઔદ્યોગિક વિસ્તારોની મુલાકાત મેં લીધી છે. ત્યાંની પરિસ્થિતિ જોઈને જે સવાલો મારા મનમાં ઉભા થયા છે તે હલ કરવામાં તમે મદદ કરશો એવી આશા છે અને તેથી જ શિષ્ટાચારનો ભંગ કરીને તમારી ચર્ચામાં દખલ કરવાનું મેં સાહસ કર્યું છે."

મહેમાનની આ લાંબી લચક પ્રસ્તાવના પરિષદને મૂળ મુદ્દાથી સહેજ વળાંક લઇને દૂર આડગલીમાં લઇ ગઇ. મહેમાને જે એક મુખ્ય સવાલ રજૂ કર્યો તે આ હતો:

'સલામતિની ભાવનાનો અનુભવકરવો એ બાળકને માટે બહુ જરૂરી છે. તેને તેની મૂળભૂત જરૂરીઆતોમાંની એક મહત્વની જરૂરીઆત ગણાવી શકાય. ઘણાં તત્વોનો સુમેળ સાધીને આ ભાવનાનો અનુભવ કરાવી શકાય છે પરંતુ તેની શકયતા માટે એક વાત તો અનિવાર્ય છે-તે એ કે પોતે કુટુંબનો માનીતો છે, સહુને વહાલો લાગે છે અને કોઇને ભારે પડતો નથી એમ બાળકને લાગવું જોઈએ. આ વાત રજૂ કરતાં કરતાં પાશ્ચાત્ય મહેમાને પોતાના દેશનો દાખલો આપીને કહ્યું, "તમારા પ્રમાણમાં અમારી આર્થિક હાલત સારી છે. અમારૂં જીવન ધોરણ ઉંચું છે-અને છતાંય અહીં એક હકીકતે મારૂં ખાસ ધ્યાન ખેંચ્યું છે. અમારા બાળકોના પ્રમાણમાં તમારા બાળકો વધારે સમતોલ અને સલામત શા માટે લાગે છે?"

"અરે બહેન, તમને દૂરથી ડુંગર રેળીઆમણા લાગ્યા હશે. અમે જ સલામતી નથી અનુભવતા, ત્યાં અમારા બાળકોની શી વાત કરવી!" કળાએનથી બોલી જવાયું.

"હું સાચું જ કહું છું," મહેમાન વાતને વળગી રહ્યા, અમારા બાળકોના પ્રમાણમાં તમારા બાળકોમાં માનસિક ગૂંચો ઓછી દેખાય છે. તમારા શહેરી બાળકો કરતાં ગામડાની ધૂળમાં રમતા બાળકોનું માનસ મને વધારે તંદુરસ્ત લાગ્યું છે. અને શહેરના જુદા જુદા વર્ગોની સરખામણીમાં મજૂરોના બાળકો તમારા મધ્યમવર્ગના બાળકો કરતાં વધારે સમતોલ લાગે છે. તમારા શ્રીમંતવર્ગના બાળકો કરતાં પણ મને એ વધારે સરળ લાગ્યા છે. આ વિરોધાભાસનું કારણ કોઇ મને કહી શકશે?"

એકાદ ક્ષણ સુધી સહુ વિમાસણમાં પડી ગયા. મહેમાનની પૂરી વાત હજી બહુ ઓછાં વાલીઓ સમજી શક્યાં હતાં. એક વાલીએ કહ્યું, "તમે તો ઉંચી જ વાત કરો છે. અમારા ગરીબોના બાળકો ભૂખે મરે છે અને શ્રીમંતોના સંતાનો અજીર્ણથી મરે છે એમ હું માનું છું. તમે મધ્યમ વર્ગ વિષે જે કહ્યું તે હું જરાય સમજી શકતો નથી."

'હું પણ પૂરૂં સમજી નથી અને એટલે જ તમને બધાને પૂછી રહી છું કે મારા આ અવલોકનનો અર્થ શો? મેં વૈજ્ઞાનિક રીતે ચકાસી ચકાસીને આ

ઉજાગરો અને શારીરિક, માનસિક શ્રમ બાદ



જીવદયા નેત્રપ્રભા
(રજીસ્ટર્ડ)

માટે

વૈદ્યો, ડોકટરો, આયુર્વેદિક હોસ્પિટલોએ આંખોના માટે ઉપયોગી તરીકે પ્રમાણપત્રો આપેલ છે

બાળક તથા વૃદ્ધ સુધી સૌ કોઇ જરૂરીયાત પ્રમાણે ૧ થી ત્રણ વખત આંજી શકે છે.

જીવદયા નેત્રપ્રભા કાર્યાલય,
વિકટોરિયા મિલ કમ્પાઉંડ, ગામદેવી, મુંબઇ ૭.

માહિતી મેળવી છે. એ ખોટી છે એમ સ્વીકારતા પહેલાં મારે તેને સામાજીક દ્રષ્ટિએ તપાસી લેવી જોઇએ. તમારા સામાજીક માળખામાં એવું શું Coping Mechanism (પરિસ્થિતિનો સામનો કરવા માટે પેઢી દર પેઢીએ ઉભું કરેલું તંત્ર) છુપાએલું છે કે જેથી આ શકય બની શકે છે. અમારા બાળકોની ખીનસલામતિની ભાવનાનું એક કારણ તમને કહું તો કદાચ મારો મુદ્દો વધારે સ્પષ્ટ થશે. અમારે ત્યાં યંત્રયુગ આવ્યો અને તેના સ્વાભાવિક પરિણામ રૂપે વિભકત કુટુંબની પ્રથા સાથે લેતો આવ્યો. આજકાલ અમારા કુટુંબમાં માબાપ અને તેમના કાચી ઉંમરના બાળકો સિવાય બીજું કોઇ સગું વહાલું હોતું નથી. તમામ પ્રકારના જીવન સંઘર્ષમાં એકલે હાથે ઝઝુમતા માબાપનું જીવન ખૂબ ધમાલીયું બની જાય છે. તેમને પોતાના બાળકો જોડે વધારે સમય ગાળવા ફુરસદ હોતી નથી. બાળકનું વ્યકિત સ્વાતંત્ર્ય ખીલવાના બહાને તેને તદ્દન છૂટો દોર આપવામાં આવે છે અને બાળકને સલાહ સૂચનો આપીને, જરૂર પડે સક્રિય મદદ કરીને તેને તેના જીવનસંઘર્ષમાં ટેકો આપવાની જવાબદારીનું ભાન અમારા માબાપોના મનમાંથી ઓછું થતું જાય છે. કેટલાંક સજાગ શિક્ષણ શાસ્ત્રીઓએ આ જોખમકારક પરિસ્થિતિ સામે લાલબત્તી ધરી છે. બાળકની માતા ન હોય, અથવા તે માતૃત્વની જવાબદારીને પહોંચી વળી શકે તેમ ન હોય તો ત્યાં બાળકના જીવનમાં માતાનું સ્થાન લેનારી બીજી કોઇ વ્યકિતનું અસ્તિત્વ અનિવાર્ય છે. અમે તેને Mother Substitute કહીએ છીએ.'' એમ કહીને તેમણે કળાબહેન તરફ જોઇ ઉમેર્યું, ''આ બહેને ''એબી-ફીકરો''ની વાત કહી તે પરથી મને આ વિચાર આવ્યો છે. અમે કૃત્રિમ રીતે મદર સબસ્ટીટયુટ મેળવવાના ફાંફાં મારી રહ્યા છીએ પરંતુ હજી તેના સંતોષજનક પરિણામો આવ્યા નથી.''

''અમારી શેઠાણીઓના છોકરાં આયાઓના હાથમાં ઉછરતા અમે જોઇએ જ છીએ ને બાઇ!'' મંછા બહેનને મનગમતો વિષય મળી ગયો હતો. ''એવી ઉછીની લીધેલી ને ઉધાર રાખેલી માતાઓમાંથી શું કસ નીકળે, કપાળ!''

પ્રજ્ઞાબહેને ચચાને ફરી ઉંચા સપાટી પર ખેંચી લેતા કહ્યું; ''તમે જે વિભકત કુટુંબ અને ઔદ્યોગીકરણની અસર વિશે ઇશારો કર્યો છે તે વિચારવા જેવો છે. અમે હજી યંત્રયુગના પ્રારંભકાળથી જ પસાર થઇ રહ્યા છીએ એમ કહી શકાય. અમારે ત્યાં તમને ટકી રહેલા સંયુકત કુટુંબો તુટતા તેમજ તદ્દન છૂટાં પડી ગયેલાં વિભક્ત કુટુંબોનો શંભુ મેળો એક સાથે જોવા મળશે.''

''એટલે જ હું અહીં આવી છું.'' મહેમાને હસીને કહ્યું. ''તમારા સંક્રાંતિકાળ દ્વારા અમારા વર્તમાનની ગુંચો કદાચ ઉકેલી શકાશે એમ મને લાગે છે. અહી સહેજ પાછળ ભૂતકાળમાં ડોકીયું કરવાથી કદાચ મને ખૂટતી કડી મળી જાય. તમારા સંયુકત કુટુંબોમાં બાળકને આપોઆપ સ્વાભાવિક રીતે 'મદર સબસ્ટીટયુટ' મળી શકતી હતી એમ માનવું ભૂલભરેલું તો નથીને?''

''ના, જરાય નહિ. સંયુકત કુટુંબના બાળકો

વિલ્સનની

૪ આગેવાન પેનો

વીલસન
''જુનીયર''
વેકાફીલ
વીલસન અમેરીકન નીબમાં
ફીટ કરેલી ૩. ૩/૧૨

વીલસન
''મેજર''
વેકાફીલ
વીલસન અમેરીકન નીબમાં
ફીટ કરેલી ૩. ૫/૧૨

વીલસન
ડીલક્ષ
વેકાફીલ
૧૪ કેરેટ ગોલ્ડ નીબ
ફીટ કરેલી ૩. ૮/૧૨

વીલસન
''એડમિરલ''
વેકાફીલ
૧૪ કેરેટ ગોલ્ડ નીબ
ફીટ કરેલી ૩. ૧૨/૮

REGD.
Wilson
VACOFIL PEN
વીલસન

સોલ વિતરણકર્તા :
કિરણ એન્ડ કું. પ્રાઇવેટ લિ.
૭૩-૭૫, છીપી ચાલ, મુંબઇ, ૨.
શાખાઓ : કલકત્તા અને મદ્રાસ
વીલસન પેનમાં વીલસન શાહી જ વાપરો.

તેમના યુવાન માબાપો કરતાં તેમના દાદા દાદીઓને હાથે જ ઉછરે છે." અત્યાર સુધી મૂંગા રહેલા ચીમનભાઇ બોલ્યા.

"અરે, ચાર છોકરાંના બાપ થાય ત્યાં સુધી બે બિચારો બધાંની દેખતાં પોતાના બાળકને નામ દઇને બોલાવી પણ શકતો નહિ."

"બાપ તો ઠીક પરંતુ યુવાન માતા પણ સાસુ સસરા દેખતા બાળકને લાડ કરવાની ધૃષ્ટતા ન કરતી." કળાબેને છણકો કર્યો, "ગામડાંમા હજી ઘણે ઠેકાણે ઓછાવધતા પ્રમાણમાં આવું ચાલે છે."

"પણ કળાબેન, યુવાન માબાપ છેયાં છોકરાંની જંજાળમાંથી છૂટે છે એટલો ફાયદો ખરો કે નહિ?" પ્રજ્ઞાબેને હસીને ટકોર કરી.

"ફાયદો શું, ધુળ ને રાખ ! એ તો ઓલામાંથી ચૂલામાં પડવા જેવું થાય. સાસુ સસરા જેવું જેઠાણીનો ચોકી પહેરો ચૂકાવીને શું મોજ મ્હાણી શકવાની છે ?"

આ રસિક ચર્ચા લાંબો વખત ચાલી તે દરમ્યાન ત્યાં હાજર રહેલાઓમાંથી લગભગ બધાએ પોતપોતાના જાતઅનુભવમાંથી તેમજ કાને સાંભળેલી વાતો પરથી દાખલા દલીલો આપીને મૂકત મને ભાગ લીધો. તેમાંથી મનુબહેને પોતાની નોંધમાં નીચેના મુદ્દાઓ તારવી લીધા:

(૧) સંયુકત કુટુંબોમાં ઉછરતા બાળકના જીવનમાં એક કરતાં વધારે સ્ત્રીઓ માતાનું સ્થાન લે છે તેના સારા તેમજ માઠા બંન્ને જાતના પરિણામો આવે છે. તેની લાગણીઓ એકજ વ્યકિતપર કેંન્દ્રિત ન થઈ શકવાના કારણે તેનામાં સ્વત્વની ભાવનાનો વિકાસ ઓછો થાય છે એ મોટી અસર ગણી શકાય. પરંતુ સમગ્ર રીતે જોતા સંયુકત કુટુંબનું વાતાવરણ બાળવિકાસને માટે વધારે લાભદાયી લાગે છે. તે રોજીંદા જીવનમાં એકબીજા જોડે સુખદુઃખમાં સમભાગી થતાં શીખે છે, તેનામાં સહકારની ભાવના કેળવાય છે એટલું જ નહિ પણ તેમનામાં કોઈ લ્હાવો લેવાનો રહી ગયાનો અભરખો ઓછો હોવાથી બાળકને કેન્દ્રમાં રાખીને તેઓ તેની આજુબાજુ પોતાનો જીવનક્રમ આનંદથી ગોઠવી શકે છે. આજ હકીકત જીવનથી વિરકત બનેલાં બીજાં પ્રૌઢ સગાંઓને લાગુ પડે છે.

(૨) જૂના સંયુકત કુટુંબની આપબુદ્ધ રીતોને તિલાંજલી આપવી જોઇએ એ વાત સર્વમાન્ય હોવા છતાં મોટા ભાગના વાલીઓનો મત તેના મૂળભૂત તત્વોને સાચવી રાખવાની તરફેણમાં ઝૂકી રહ્યો છે. નવું તેટલું સોનું જ છે એમ માનવાની જરૂર નથી જુનાને સ્થાને કંઇક સુયોગ્ય નવું મૂકી શકીએ તે દરમ્યાન સંયુકત કુટુંબમાંથી સડો દૂર કરીને તેની સુધરેલી આવૃત્તિને હાલ તુરત અપનાવી લેવી જોઇએ.

(૩) સામાજીક તેમજ આર્થિક પરિવર્તનના સ્વાભાવિક પરિણામ રૂપે થતા સંજોગોની બાળજીવન પર શી અસર થાય છે તે સજાગ-રીતે તપાસતાં રહેવું જોઇએ. અને જરૂર પડે આ પ્રક્રિયાઓને યોગ્ય દિશામાં વાળીને બાળકના હિતની દ્રાષ્ટએ તેનો ઉકેલ લાવવા તત્પર રહેવું જોઇએ.

(૪) બાળકને નવડાવતી વખતે ડહોળું પાણી થાય તે જરૂર ફેંકી દેવું પણ સાથે સાથે બાળક ફેંકાઇ ન જાય તેનું ધ્યાન રાખવું જરૂરી છે. જુના સમાજના સારા તત્વો સાચવી રાખીને તેના પાયા પર રચાએલું નવજીવન બાળકના તંદુરસ્ત વિકાસ માટે વધારે અનુકૂળ છે.

મોડી સાંજે પરિષદ વિખેરાઈ ત્યારે બધાને એમ લાગતું હતું કે હજી ઘણું ઘણું કહેવાનું રહી ગયું છે. આજના જ મુદ્દાઓને આવતી બેઠકમાં ફરી સમગ્ર રીતે વિચારી જોવાનો નિર્ણય કરીને બેઠક પૂરી થઇ હતી.

—શાતા ગાંધી.

સર્વત્ર મળે છે. ટે. નં. ૭૦૯૧૦.

સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ :-
પેનમેન્સ ઈંડસ્ટ્રીયલ સર્વીસીઝ
કાંદીવલી (મુંબઈ એસ. ડી.)
લોકલ સેલ :-૧૦,શામસેટ સ્ટ્રીટ, મુંબઈ-૨.

Complete Textile Engineering Service

VEREINIGUNG VON TEXTILMASCHINENFABRIKEN

ASSOCIATED TEXTILE ENGINEERS

BOMBAY • AHMEDABAD • COIMBATORE

આપની દરેક

જરૂરીયાતો

ખરીદવાનું એક માત્ર

: ભરોસાપાત્ર સ્થળ :

આજેજ એક વખત પધારી મુલાકાત લ્યો.

શ્રી

બોમ્બે સ્વદેશી કૉ-ઓપરેટીવ સ્ટોર્સ કું.

લિ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, કોટ, મુંબઈ-૧.

શાખાઓ: મહાત્મા ગાંધી રોડ. પૂના. જેમ્સ સ્ટ્રીટ, સિકન્દ્રાબાદ.





બા. ાશ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક: રમણિકલાલ તુરખિયા, ૧૨૮ હિંદુ કોલોની, દાદર, મુંબઈ ૧૪.
દ્રગ સ્થાન: પરેકટા પ્રેસ, બઈ ૨૨.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ–૩૧ : અંક : ૬ સપ્ટેમ્બર. ૧૯૫૬.



> સુથાર પણ સુથારકામ શીખવશે. પરંતુ તેથી એ કામનો હું યંત્રવત કારીગર થઇ શકીશ. પરિણામે હું જુદા જુદા ઓજારો વાપરતાં શીખીશ પણ તેથી મારી બુદ્ધિનો વિકાસ ભાગ્યેજ થશે. પણ એજ વસ્તુ જો મને કોઇ સુથારી અંગેનું શાસ્ત્રીય શિક્ષણ લીધેલી વ્યક્તિ શીખવે તો તે મારી બુદ્ધિના વિકાસને પણ પ્રેરક બનશે.
>
> –ગાંધીજી

સંસ્થાપકો :
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી. તારાબેન મોડક

☆

તંત્રી :
શેષ નામલે

વાર્ષિક લવાજમ : રૂ. ૪–૦–૦ : : કાર્યાલય : ૧૧૮, હિન્દુ કૉલની, દાદર, મુંબઇ, ૧૪. : : છૂટક નકલ ૬ આના

આગામી દીવાળીના સુઅવસરે



પ્રગટ કરવાની જાહેરાત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

"શિક્ષણ-પત્રિકા" ના પ્રતિવર્ષના બાલ સાહીત્ય વિશેષાંકોએ બાળ-જગતમાં અને મુખ્યત્વે બાળ સાહિત્યમાં અનેરૂ સ્થાન મેળવ્યું છે. એ દૃષ્ટિએ આ આગામી વિશેષાંક પણ એક અજોડ અનુષ્ઠાન બની રહેશે એમાં અમને જરાય સંશય નથી.

લેખકોને—

આ અંકમાં જુદી જુદી વયના બાળકોની રૂચિને પોષે એવી વાર્તાઓ, નાટિકાઓ, કાવ્યો, ટચુકડાંઓ નાનાં નાનાં કોયડાઓને સ્થાન આપવામાં આવશે. લેખક ભાઇ બહેનોને પોતાની કૃતિઓ સ્વચ્છ અક્ષરે કાગળની એકજ બાજુએ તા. ૨૦-૯-૧૯૫૬ સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા વિનંતિ છે.

આગામી અંક બંધ રહેશે—

નવેંબર માસની બીજી તારીખે દિવાળી આવે છે. તેથી દિવાળીના આ ખાસ વિશેષાંક ગ્રાહકોને ઓકટોબરના ચોથા આઠવાડિયામાં મળી જાય. એ માટે સપ્ટેમ્બર-માસનો "શિક્ષણ પત્રિકા" નો અંક પ્રગટ કરવામાં આવશે નહી. તેની ગ્રાહક ભાઇ-બહેનો નોંધ લેવા કૃપા કરે. આ ખાસ વિશેષાંક ૫૪ થી ૬૦ પાનાંનો અંક દળદાર અને સમૃધ્ધ હશે.

એજન્ટો અને સંસ્થાઓને—

એજન્ટો અને સંસ્થાઓને આ ખાસ વિશેષાંકની જોઈતી પ્રતો માટે અમોને તા. ૨૦-૯-૧૯૫૬ સુધીમાં જણાવી દેવા વિનંતિ છે.

આ અંકની છુટક કિંમત રૂા. ૧-૦-૦ રહેશે. ઓર્ડરની સાથે કિંમતના પચાસ ટકા નાણાં અગાઉ થી મોકલી આપવા વિનંતિ છે.

— વ્યવસ્થાપક - સંપાદક
"શિક્ષણ પત્રિકા"

શિક્ષણ પત્રિકા અંગ

આટલું ધ્યાનમાં રાખશો!

કે- "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે, તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા-પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાયેલાં હોવા જરૂરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઇ પણ માસથી થઇ શકાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરૂરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" માં સંપાદકીય નોંધ સિવાયના રજૂ થતાં લખાણો સાથે સંપાદક સહમત છે એમ કોઇએ માની લેવું નહીં.

કે- "શિક્ષણ પત્રિકા" ગૂજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૧૦ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે- "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા"ના રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરુરી છે.

કે- "શિક્ષણ પત્રિકા" (ગૂજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

—શ્રી રમણિકભાઇ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

મુંબઇ, મધ્ય ભારત, ઉત્તર-પ્રદેશ, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૩૧ અંક-૫) મુંબઈ (સપ્ટેમ્બર '૫૬

સંઘી બાદ બહેનોને,

આપણા સંઘના ઉપક્રમે ઓગસ્ટની ૧૭ મીથી ૨૦ સુધી બાલઅધ્યાપન મંદિરોના અધ્યાપકોનું એક ચર્ચા સંમેલન (Seminar) શિશુવિહાર દાદરમાં યોજવામાં આવ્યું હતું. બાલ અધ્યાપન મંદિર એટલે બાલશિક્ષકોને તાલીમ આપનારી સંસ્થા. એ તાલીમ આપનાર શિક્ષકોને આપણે અધ્યાપકો તરીકે સંબોધીએ છીએ. સંઘ સાથે એક યા બીજી રીતે સંકળાએલા એવા દસ બાલઅધ્યાપન મંદિરો છે. એ બધા અધ્યાપન મંદિરો પોતપોતાની પરિસ્થિતિમાં જેમ બની શકે એટલી સારી તાલીમ બાળમંદિરના શિક્ષકોને મળે તે માટે પ્રયત્ન કરી રહ્યા છે. બાલ-મંદિરના શિક્ષકોને તાલીમના સંબંધમાં દરેક સંસ્થા આગળ અનેક પ્રશ્નો હતા. એટલે બધી સંસ્થાઓના અધ્યાપકોને એકવાર નિરાંતે ભેગા કરીને એક બીજાના અનુભવોની આપ-લે કરવાની તક મળે તે જાતનો પ્રબંધ કરવા માટે ઘણા દિવસોથી સંઘ પાસે માગણી મૂકાઇ ગઇ હતી. પરિણામે આ ચર્ચા સંમેલનની યોજના થઇ.

આ સંમેલન માટે કુલ આડત્રીસ નિમંત્રણો અપાયા હતા. તેમાંથી ૩૪ અધ્યાપકોએ આ સંમે-લનમાં હાજરી આપી હતી.

ઉપસ્થિત રહેલા અધ્યાપકોની વિગતો : શ્રી. દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિર ભાવનગર બે, બાલ અધ્યાપન મંદિર સુરેન્દ્રનગર એક, ગુજરાત બાલ અધ્યાપન મંદિર અમદાવાદ બે, ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર બોડીં ત્રણ, કુમારિકા-સ્ત્રી મંડળ સંચાલિત બાલ અધ્યાપન મંદિર વિલેપાર્લે ત્રણ, બાલ અધ્યાપન મંદિર દાદર આઠ, બાલ અધ્યાપન મંદિર પૂના ત્રણ, K. G. બાલ અધ્યાપન મંદિર સોલાપુર એક, ભગિની સમાજ સંચાલિત બાલઅધ્યાપન મંદિર નાગપુર ત્રણ, બાલ નિકેતન બાલ અધ્યાપન મંદિર ઇંદોર બે, તે સિવાય શ્રી. ભા. બોા. કેવે, શ્રી. કમલિનીબેન દામલે, શ્રી. સ. આ. કેળકર, શ્રી. મધુરીબેન ત્રિવેદી, શ્રી ચૈતન્યબેન પરીખ. શ્રી. પ્રભુભાઈ ઉપાધ્યાય એવા બીજા આ જ ક્ષેત્રનાં અનુભવી સભ્યો ઉપસ્થિત હતા. આ સંમેલન સંઘના એક સંસ્થાપક શ્રીમતી તારાબેન મોડકના પ્રમુખપદે યોજાયું હતું પરંતુ તેઓ સંમેલનના છેલ્લા ત્રણ અધિવેશનોમાં જ હાજર રહી શકયા હતા. શરૂઆતના ત્રણ અધિવેશનોનું પ્રમુખપદ શ્રીમતી તારાબેનની ગેરહાજરીમાં શ્રીમતી કમલિની-બેન દામલેએ સ્વીકાર્યું હતું.

આ સંમેલનના ૭ અધિવેશનોમાં આગળના વિષયો પર ચર્ચા કેન્દ્રિત કરવામાં આવી હતી (૧) મુંબઇ રાજ્યનો પૂ. પ્રા. શિ. પ્ર. શિક્ષણ ક્રમ, સંઘના પ્રવેશ તથા પ્રાવીણ્ય શિક્ષણક્રમમાં સુધારા (૨) પૂર્વપ્રાથમિક શિક્ષણના પાઠો તેનું સ્વરૂપ, અને પરીક્ષા (૩) અવલોકનનો હેતુ તંત્ર અને પરીક્ષા (૪) અભ્યાસક્રમ અને સમયપત્રક (૫) હસ્ત-વ્યવસાયનું સ્વરૂપ, મર્યાદા અને અવકાશ (૬) સાધનપોથીની મર્યાદા સ્વરૂપ (૭) પાઠ્યપુસ્તકો અને પારિભાષિક શબ્દો.

હવે થવાના વિશાળ દ્વિભાષિકમાં સંઘ સાથે એક યા બીજી રીતે સંકળાયેલી દસ સંસ્થામાંથી નવ સંસ્થાઓ આવી જાય છે. આમાંથી અત્યારની મુંબઇ રાજ્યમાં ૭ સંસ્થાઓ તો છેજ. સંઘ સાથે સંકળાયેલી નહિ એવી ૩-૪ અન્ય સંસ્થાઓ પણ આ નવા વિશાળ રાજ્યમાં છે એ બધી સંસ્થાઓને યોગ્ય માર્ગદર્શન આપી તે બધી સંસ્થાઓના અંશતઃ વિકાસની જવાબદારી આપણા નવા રાજ્ય પર આવવાનીજ છે એવા સમયે નૂતન બાલશિક્ષણ સંઘે આ ચર્ચા સંમેલનની યોજના કરી તે પૂર્વ-પ્રાથમિક કેળવણીની પ્રગતિને ઘણીજ પ્રેરક નિવડશે એ વિશે અમને શંકા નથી. સંમેલનના યોજકોને આપણે વિનંતી કરીએ આ ચર્ચા સંમેલનનો સમગ્ર અહેવાલ તેઓ પ્રકાશિત કરે અને સંમેલનનો લાભ બીજા આ ક્ષેત્રમાં રસ લેતા ભાઈબહેનોને આપે.

—સંઘ બોર્ડ.

ક્ષોભપ્રક્ષોભ ... . ૧ માર્ચ '૫૬

વ્યક્તિ દોષ પાત્ર નથી પણ પરિસ્થિતિ દોષપાત્ર છે

બાલગૃહમાં ડગલે ડગલે વિચારો સ્ફુરે છે. એ પ્રસંગો અને એને પરિણામે જન્મતા વિચારોની નોંધ રાખવાથી મને લાગે છે કે શિક્ષણની વિચાર વાટિકામાં સારૂં એવું ભ્રમણ થશે. કંઈ નવનવિન વિચાર ફૂલો પણ જોવા મળશે, સૂંઘવા મળશે.

નોંધપોથી, એ જેને અંગ્રેજીમાં thinking awaud કહે છે એનો પ્રકાર છે. અને એનાથી ઘણો ફાયદો થવા સંભવ છે.

મનમાં વિચારો તો ઉઠે છે. પણ એનું record કર્યા વગર એ સ્થિરતા નથી પકડતા, સ્પષ્ટતા નથી લેતા.

આત્મકથા માટે એક એવી આવશ્યકતા હોય છે કે એમાં આત્મકથા લખનાર સત્યને આગ્રહથી વળગી રહે. જો કે એ ભાગ્યે જ બને છે ! કેમકે એ પ્રસિદ્ધ થવાની છે એ એનો લેખક જાણતો હોય છે ત્યારે સત્યને વફાદાર રહેવું એને ભારે પડી જાય છે !

પણ રોજનિશી બાબતમાં એમ નથી. અલબત્ત રોજનિશી પણ પ્રસિદ્ધ થાય છે. પણ એમાં તો લેખક ધારે એટલું અપ્રસિદ્ધ રાખી શકે છે.

એટલે મારે હિસાબે નોંધપોથીમાં પહેલી શરત એ હોવી જોઇએ કે એમાં તો મનમાં ઉઠતાં વિચાર તરંગો જેવાં ને તેવા નોંધાવા જોઇએ. એ સમાજને ઉપકારક હોય કે અપકારક. એથી આપણી કીર્તિ વધતી હોય કે અપકીર્તિ પણ નોંધપોથીમાં તો અલંકાર રહિત નગ્ન સ્વરૂપમાં વિચારો નોંધવા જોઇએ.

નોંધપોથી એ આજ કરતાં ય આવતી કાલ માટે ઉપકારક થવાની છે—એ દ્રષ્ટિબિન્દુ ન ભૂલાવું જોઇએ.

આથી ઓછામાં ઓછું, માણસ પોતાની જાત સાથે તો પ્રમાણિક બની શકે છે.

બસ આજ તો આટલી નોંધ ઘણી !

* * *

૪ માર્ચ '૫૬

આજ સવારે દળતો હતો ત્યારે રંજુભાઇ ઘઉ લાવીને બાજુની ઘંટી ઉપર દળવા લાગ્યા, રંજુભાઇ બહુ સરસ છોકરો છે. એનામાં એટલું બધું Force છે કે હું માનું છું કે એ જરૂર મોટો થતાં કંઈ કરશે.

પણ એને અત્યારના જગતની ચાલુ રીત નડશે.

વચ્ચે એમના દાદી અને બાપુ મળવા આવેલાં.

એ કહે:

'હા, એને ગલુડિયાં રમાડવાં કે વાસણ માંઝવાં એવાં કામો બહુ ગમશે. ભણવામાં એનો જીવ નહીં લાગે.'

હમણાં દાદીમાનો પત્ર પણ આવેલો કે 'તું ગલુડિયાં રમાડતો નહીં—એથી તને ગુમડાં થશે.'

જો કે આ સાહેબ કંઈ કોઇનું સાંભળે એવા નથી. એ તો એના અંદરના જોશ સાથે પોતાની રીતે પ્રત્યવાયોમાંથી રસ્તો કાઢતા જીવનની વાટે આગળ ધપે છે !

આવું તાકાદદાર જોશ Force જેનામાં હોય છે એને માબાપો સમજી નથી શકતાં અને એટલે એમાંથી ઘર્ષણ જાગે છે. બાળક આસપાસ પ્રત્યવાયોની મોટી વાડ ઉભી થાય છે. અને ઘણીવાર બાળક હારીને ટાઢું પડી જાય છે.—એટલે કે પેલું Force નબળું પડી જાય છે.

એનો અર્થ એ થયો કે પ્રાણશક્તિથી થનગનતો એ ઘોડો નિર્માલ્ય થઇને જીવનની ઢસેડાગાડી ખેંચતો બાકીની જિંદગી પસાર કરે છે !

આ એક પ્રકારની પ્રાણીની કતલ કહેવાય.

એવું કોઇ માબાપ ઇચ્છતાં ન હોય. પણ એવું જ બની રહ્યું છે.

પણ વળી કેટલાંક બાળકો તો હાથમાં ન ઝલાય એવા Force-પ્રાણ સાથે જન્મે છે. એ આ પ્રત્યવાયની વાડને તોડીને પણ બહાર કુદી આવે છે. એ ઘોડો ઝાલ્યો ઝલાય નહીં એવો હોય છે.

એને કાબુમાં રાખવા જેમ પ્રયાસ કરો તેમ એ વિશેષ બળવો કરે છે. એને જેટલી લગામ નાખે તેટલી તોડીને ફેંકીને દે છે.

અને છેવટે મોટેરાંઓ હારી જાય છે.

આનું પરિણામ એ આવે છે કે પેલી તાકાદ

દાર પ્રાણશક્તિ દબાણ અને પ્રત્યવાય કારણે અસમતોલ બને છે. અને એનું પરિણામ એ પ્રાણશિકત અનૈસર્ગિક, અસામાજિક રાહે વહેવા લાગે છે.

આ બધું સમજવા માટે તો બાલમનની રચના સમજવી પડે, જે આ ધમાલિયા જીવનમાં માબાપો માટે શક્ય નથી. અને માત્ર સમજ્યાથી પણ કંઈ ન વળે. એ પ્રમાણે બાળકની સારવાર કરવા માટે ધીરજ-સમય અને શક્તિ જોઇએ છે. જે આજકાલ માબાપો માટે શક્ય નથી.

માબાપો પોતે જ પોતાનાં કામો અને રસપ્રવૃત્તિઓમાં એવાં રચ્યાં પચ્યાં રહે છે કે એમને માટે આ શક્ય નથી.

અને એટલે આ કામ અમ શિક્ષકો ઉપર આવી પડે છે. અલબત્ત એ કામ આદિકાળથી શિક્ષકો ઉપર જ રહેતું આવ્યું છે. આપણા ઋષિમુનિઓ એ કામ પહેલેથી કરતા જ આવ્યા છે.

જો કે અત્યારે ચાલતી ઓફીસ ટાઇપની શાળાઓ કે શિસ્તનો કોયડો વીંઝતી લશ્કરી બરાકો જેવી બોર્ડીંગ સ્કૂલો આ કામ કેટલે અંશે પાર પાડી શકે એ પ્રશ્ન છે.

પણ મોડે કે વહેલે ગૃહશાળાઓએ જ આ પ્રશ્ન ઉકેલ્યે છુટકો છે કેમકે એ સિવાય ભાવિ પેઢીને ચાલુ પેઢીની સાથે લેવી શક્ય નથી.

એમ નથી બનતું માટે તો સમાજ પેઢી ઉતાર નીચે પડતો આપણે જોઇ રહ્યા છીએ. એજ કારણે સમાજનું સ્વારથ્ય બગડતું ચાલ્યું છે.

પણ આ કામ શિક્ષક ત્યારે જ કરી શકશે જ્યારે એ બાલમનની રચના જાણીને ઓછા force વાળા બાળકો-માટે ઓછામાં ઓછી પ્રત્યાવાયો ઉભી થાય એવી વ્યવસ્થા કરશે.

કેમકે બાળકને મીઠાઇ ગમે છે, સુન્દર કપડાં કે રમકડાં ગમે છે એ જેટલું સાચું છે, તેથી યે વિશેષ એ સાચું છે કે બાળકને અંદરના force ને મોકળું મેદાન મળે, એની ક્રિયા આડા અંતરાય ઉભા ન થાય. એના તરંગ (Phantasy) ને જીતી

ઉપરનું આકર્ષક ચિત્ર મને છે. લગાડ્યા પછી આને ઝાંખપ ધોઈ શકાય છે. પ્રતિવર્ષ રંગ બદલવો પડે છે આને રંગકામ માટે હમીને પૂછો.

એશિયન પેઇન્ટસ
ઉત્તમ સેવા આપનાર

લેવાની જોગવાઇ હોય, એ ગમે છે.

* * *

હાં, તો હું રંજુભાઇની વાત કહેતો હતો.

એમના પિતાએ મને પૂછેલું.

'રંજુનુ વલણ શા તરફ દેખાય છે?'

એકાદ માસમાં એ જાણવું શકય નથી. વળી આ અત્યારના પાંડિત્ય પ્રધાન અભ્યાસક્રમમાં તો એ જાણવું અઘરૂં છે.

"પણ વલણની વાત તો ઠીક છે. પણ રજુમાં force ઘણું છે અને એ મહત્વની વાત છે."

"માનવીનું વલણ અલબત્ત એને સાચે માર્ગે લઇ જાય. પણ એ માર્ગે એ એના force પ્રમાણે ધીમું કે ઝડપથી જાય છે. પણ ખરૂં તો એ force છે!

"માનવીને કોઇ મહાન બનાવતું હોય તો તે તે આ અંદરનું force–પ્રાણશકિત છે. અને એ રંજુભાઇમાં રોમેરોમ ભર્યું છે.

પણ આજ સવારે તો મને બીજા વિચારો આવેલા.

મને થયું કે આ રંજુભાઇની દાઢી અત્યારે દળતાં જુએ તો એ નારાજ થાય.

આજના લોકોને તો, છોકરો ખૂબ સ્વચ્છ રહે, ડાહ્યું ડાહ્યું બોલે અને શાળાના dull વિષયોમાં કાળજી રાખે–એ જ પસંદ કરે. એમને એમાં જ પ્રગતિ–શિક્ષણ દેખાય.

પછી મને વિચાર આવ્યો કે ગમે તેટલું સારૂં બીયાણું હોય–કિંમતી હોય પણ એને જો તિજોરીમાં રાખી મૂકીએ તો એનો કશો અર્થ નથી.

એ બીને તો ખેડૂતે ધૂળમાં–જેમાં ઉકરડાનું ગંદુ ખાતર પડયું છે–તેમાં જ ફેંકવું પડે. તો જ એમાંથી સુંદર પાક ઉતરે.

એ જ વાત બાળક માટે.

ગમે તેટલો આપણી પાસે પૈસો હોય–આપણો છોકરો ગમે તેટલો બોટનો હોય. પણ એને તમે ઘરમાં સાચવી રાખો તેથી એનો વિકાસ ન થાય.

પણ આજની શિક્ષણ પદ્ધતિએ તો એને તિજોરીયાં સાચવી રાખવાની તરકીબ શોધી કાઢી છે! –બાળકનાં કપડાં જરાકે ગંદા ન થાય, એના શરીરને જરાકે હાલાકી ન આવે, જરાકે ઉઝરડો ન પડે એનું ધ્યાન રખાય છે! એ નીચલા વર્ણું જેમ કામ કરવા ન લાગી જાય એનું ધ્યાન રખાય છે!

આ તિજોરીમાં સાચવી રાખેલું બીયાણું કંઇ કામનું રહેતું નથી.–આ પદ્ધતિ કદિ ય સાચો માનવી તૈયાર કરી શકવાની નથી.

એ બાળક બીયાણાને આપણે મોકળે મને આ કુદરતની જમીનમાં ફેંકવું પડશે. અને ત્યારે એ પોતાની જાત પ્રમાણે ઊગીને વિકાસ પામશે.

અલબત્ત આપણે શિક્ષકોએ એની મનજમીનને ખેડવી પડશે. યોગ્ય ખાતર નાખવું પડશે. એને પાણી પાવું પડશે.

પણ બીને ઊગવા તો એની મેળે જ દેવું પડશે એમાં આપણું કંઇ ન ચાલે. બીને ફોડવાથી એમાંથી કંઇ ફણગો ફૂટશે નહીં. એવી અધીરતા ચાલશે નહી.

વળી વારેવારે જમીન ખોદીને જોવો પણ એસ-વાની જરૂર નથી કે બીમાંથી કોંટા ફૂટયા કે નથી. એ તો ખેડૂતની શ્રધ્ધાથી રાહ જોવી જ રહી કે મેં જમીન ખેડી છે, ખાતર આપ્યું છે, ને પાણી આપું છું. હવે બીમાંથી ઝાડ થવું જ જોઇએ.

૧૮ માર્ચ ૫૬.

આજ સવારે બાજ રંજુભાઇને બૂટ અપાવવા સાથે બજારે લઇ જતાં હતાં.

મને રંજુભાઇની પરીક્ષા કરવાનું મન થયું.

મને વિચાર આવ્યો કે આ છોકરો હું માનું છું એમ બીજી જ વસ્તુ પસંદ કરશે.

મેં એને પૂછયું:

'રંજુભાઇ, બોલો તમારે બૂટ લેવા છે કે લેસ્સી માટે સાંકળ? એક લેવાશે–બેય નહીં.'

એ જરા મારી સામે હસતા જોઇ રહ્યા. કેમકે એને શંકા હશે કે કૂતરીની સાંકળ લેવાની વાત બો તો કાકાની બનાવટ છે. પણ પછી મારૂં ગંભીર મો જોઇ એમની શંકા ચાલી ગઇ અને એ કુદતા બોલી ઉઠયા:

'લેસ્સીની સાંકળ! બૂટ તો મારી પાસે જૂના છે એ રિપેર કરાવી લેશું એટલે ચાલશે!'

બાળકને વસ્તુ કરતાં ક્રિયામાં રસ છે એ શું બોટી વાત છે? રંજુભાઇને સુન્દર બૂટ કરતાં પોતાની લેસ્સીને સાંકળ પહેરાવી સવારે સાથે ફરવા લઇ જવી વિશેષપ્રિય છે

આમ જ આગળ એક બાળકે એક કાચી કેરીના બદલામાં ખેડૂતના છોકરાને પોતાની ચડ્ડી કાઢી આપેલી! એમાં કેરીના માલિક બનવાની ઇચ્છા કામ નહોતી કરી ગઇ. પણ એ કાચી કેરીને પોતાના બાનામાં

ધાણની અંદર પકવવાની ક્રિયાનો રસ કામ કરતો હતો!

બાળકને ક્રિયામાં રસ છે એ ખરૂં. પણ એને શુષ્ક–ઉપયોગિતા પ્રધાન–ક્રિયામાં રસ નથી એની પાછળ પાછું Phantasy નું જોર જોઇએ.

અહીં બાળકો સુથારી કામ કરે છે ત્યારે કોઇ સ્ટૂલ કે ઘોડો નથી બનાવતું. બનાવે છે તીર કામઠાં, કટાર, તલવાર બંદુક! કેમકે એ બધાં એમને તરંગ જીવવામાં સહાયક અસ્ત્રશસ્ત્ર બને!

પણ રંજુની Phantasy પણ જુદી છે!

આ છોકરાને પશુ પ્રાણીઓ ઉપર એટલો બધો પ્યાર છે કે એ પશુઓ પાછળ ગાંડા ગાંડા ફરે છે.

એને માત્ર એકાદ કુતરા તરફ પ્રેમ છે એવું નથી. એ જેટલો લસ્સીને વળગે છે એટલો જ ગૌશાળામાં ગાયોને. કેટલીયે વાર કપિલા કપાળે પોતાનો ગાલ દાબી વહાલ કરતો હોય છે.

એવું જ આકર્ષણ છે આખા ગામના કૂતરા તરફ! મારી સાથે સવારે ફરવા આવે ત્યારે લામ રોડ, ઉપરના બધા કૂતરાની વસ્તી ગણતરી એ ભાઈ કરતા હોય. એક એક કૂતરાનું સ્વભાવ વર્ણન મને સંભળાવતો હોય.

એટલો સરસ છોકરો છે. એટલો પ્રેમાળ છે. એટલી બુદ્ધિ તેજ છે. પણ એની જોશ ભરેલી એ પ્રાણશક્તિને વાસ્તવ જગત અગવડભર્યું બને છે. અને એટલે એના આવેગોને માર્ગ આપવા અનેક બહાના કાઢવામાં એવી તેજ બુધ્ધિ વપરાતી હું જોઉં છું.

અને ત્યારે મને ચિંતા થાય છે, મને ભય છે કે આમ કરતાં કરતાં એની તીવ્ર બુદ્ધિ સદ્‌બુદ્ધિની વાટ ચૂકી કુબુદ્ધિ તો નહીં બની જાય?

પણ એનું શું થાય? એણે તો ભણવું તો જોઇએ જ! શાળાના શુષ્ક વિષયો એને આકર્ષતા નથી. પણ એથી કંઇ એને એમાંથી થોડી મુક્તિ મળે? તો તો એને અહીં રાખે જ કોણ? પણ એના તીવ્ર આવેગો એને ઘણીવાર વર્ગમાં ત્રાસરૂપ (Nuisance) બનાવી દે છે.

નહીં, નહીં. બાલગૃહ હજુ સાચું 'બાલ–ગૃહ' બન્યું નથી. —ઓજસ્

અમે સાંભળ્યું છે કે
પારસમણિ લોખંડ અને
પીત્તળને સોનામાં ફેરવી
નાંખે છે – પણ આમ
બનતું અમે જોયું નથી.

લોમા સફેદ વાળને શ્યામ બનાવી દે છે તે અમે સાંભળ્યું છે એટલું જ નહી પણ તે જોયું પણ છે.

લોમા

દુનીયા ભરમાં માન્યતા
પામેલ વાળને કુદરતી રીતે
શ્યામ કરનાર

સોલ એજન્ટસ: એમ. એમ ખંભાતવાલા, અમદાવાદ ૧
એજન્ટસ: સી. નરોત્તમ અન્ડ કું., મુબઇ ૨

GUJ

ટે. નં. ૩૦૫૭૫

બરૂં શું અને બોટું શું?

(રશીયન ચિત્રપટ ઉપરથી)

તાનિયા:–"બા તું ચાલી કામ ઉપર, હવે હું આખો દિવસ શું કરીશ?

બા:–તું ઓલ્ગા સાથે રમજે. આજે તારા બાપાનો કાગળ આવશે. કાગળ આવે તો સંભાળીને રાખજે હં!

બા કામ ઉપર ગઇ અને તાનિયા બહાર રમવા ગઇ. શેરીના બધાં છોકરાંઓ સામે આવેલા સમુદ્રના કિનારા ઉપર રમતાં હતાં.

તાનિયા બોલી, "ઓલ્ગા, આજ સમુદ્ર ઉપરથી મારા બાપા લડાઇ કરવા ગયા છે."

ઓલ્ગા:–"તારી એકલીના જ કંઇ નથી ગયા. મારા બાપા પણ ગયા છે!

આમ વાતો કરતાં કરતાં તાનિયા અને ઓલ્ગા બન્ને સમુદ્ર પાસે ગયા તે લોકોને દૂરથી એક મોટર લોંચ દેખાઇ.

બધાં જ છોકરાંઓ, મોટેથી બોલતાં હતાં "હવે કાગળ આવશે. હવે કાગળ આવશે."

તાનિયા અને ઓલ્ગાએ પણ તેમાં ભાગ લીધો. થોડીવારમાં તો મોટર લોંચ નજીકમાં આવી. કિનારા ઉપર નાનાં મોટાં ઘણાં માણસો ટોળે વળ્યાં ગીર્દી પણ ખૂબ થઇ હતી. પોસ્ટમેન નામો વાંચતો જતો હતો. અને એક એક જણ પોત પોતાના કાગળો લેતાં હતાં.

ઓલ્ગાને પણ કાગળ મળ્યો. અને તે તાનિયા પાસે જઇને બોલી "જો મારા બાપાનો કાગળ, તારા બાપાનો કાગળ છે?"

તાનિયા પોસ્ટમેન પાસે ગઇ અને તેને પૂછ્યું "મારો કાગળ આવ્યો છે?"

પોસ્ટમેન :–'આજે તારા બાપાનો કાગળ નથી' તાનિયાનું મોઢું પડી ગયું. તે નીચું મ્હોં કરીને ઉભી રહી.

ઓલ્ગા નાચતી નાચતી તેની સામે આવી. અને કહેવા લ ગી 'મારા બાપાનો કાગળ આવ્યો.

તારા બાપાનો નહિ'

તાનિયાની આંખોમાં પાણી ભરાઇ ગયાં. તેના બાપાનો કાગળ ન આવ્યો એટલે તેને ચિંતા થવા લાગી.

તાનિયા આખો દિવસ બધા છોકરાંઓ સાથે જ હતી. પરંતુ તેનું મોઢું પડી ગયું હતું. અને તે કોઇની સાથે બોલતી કે હસતી પણ ન હતી.

સાંજ પડી. તાનિયાની મા કામ ઉપરથી આવી. તાનિયાએ મા માટે ચાની તૈયારી કરી રાખી હતી. માએ ચ્હા પીધી અને પૂછ્યું.

"તાનિયા તારા બાપાનો કાગળ આવ્યો છે?"

તાનિયા અને ઓલ્ગા બાજુમાં જ રમતાં હતાં.

તાનિયાએ કહ્યું "બા આજે તો ટપાલ જ આવી નહિ." માનું મોઢું પણ પડી ગયું.

તાનિયા:–"બા આજે નહિ આવે તો કાલે જરૂર આવશે. તેમને કાગળ લખવાનો ટાઇમ નહિ મળ્યો હોય."

પરંતુ એટલામાં ઓલ્ગાનું ધ્યાન તાનિયાના બોલવા તરફ ગયું. અને તેથી તે બોલી.

"મારા બાપાનો કાગળ ન આવ્યો આજે?

આ...જ"

તાનિયાએ ઓલ્ગાને એક ચિમટો ભર્યો. અને ધીમેથી તેને કંઇ પણ બોલવાની ના પાડી.

થોડા દિવસો પછી... ... ...

તાનિયા અને ઓલ્ગા બંને જણ ઓલ્ગાને ઘેર રમતાં હતાં. રમતાં રમતાં બન્ને જણ લડી પડયા. અને ઓલ્ગા બોલી "તું તો બોટું બોલે છે."

તાનિયા :–"હું કોઇ દિવસ બોટું બોલતી નથી. મારી બાને બોટું બોલું તે જરાપણ ગમતું નથી."

ઓલ્ગા :–"તો પછી તે...દિવસે કેમ બોટું બોલી હતી? અને પાછી કહે છે કે હું બોટું બોલતી નથી. ટપાલ આવી નથી એમ તારી બાને કહ્યું હતું તે સાચું હતું કે?"

તાનિયા રડવા લાગી

આ બન્ને જણ બોલતાં હતાં તે ઓલ્ગાની માએ સાંભળ્યું. તેણે તાનિયાને પાસે બોલાવી અને પૂછ્યું "તાનિયા તેં તારી બાને બોટું કહ્યુ હતું?"

તાનિયા "મારી બા માંદી રહે છે. અને તે બાપાની ખૂબ ચિંતા કરે છે. અને પછી તે જમતી પણ નથી અને એક સરખી રડયા કરે છે? એટલેજ મેં ટપાલ આવી નથી. એમ કહ્યું હતું."

ઓલ્ગાની માએ તેને પોતાની પાસે લઇને વ્હાલથી હાથ ફેરવીને કહ્યું, "તાનિયા તેં સારૂં જ કર્યું."

પછી તેણે ઓલ્ગાને પાસે બોલાવીને, તાનિયા શા માટે બોટું બોલી તે કહ્યું અને તેને બોટું બોલ્યું એમ ન કહેવાય તે સમજાવ્યું. ક્ય. ત્રિવધ્ર.



વહાલા બાલ મિત્રો,

તમે બધાં મઝામાં હશો. ચોમાસાના વરસાદની મઝા માણી હશે. ગૂજરાતમાં ઘણી જગ્યાએ તો જોઇએ એનાં કરતાં પણ વધારે વરસાદ પડયો. જોઇએ એના કરતાં વધારે વરસાદ પડે તો ખેતી બગડે, આપણે જોઇએ એના કરતાં વધારે બાઇએ તો પેટ દુઃખે છે ને એવી રીતે.

ચોમાસામાં ખેતરની પોચી અને ચીકણી માટીમાંથી સરસ રમકડાં બનાવી શકાય. તળાવ કિનારેથી પણ માટી લાવી શકાય. માટીમાંથી કાંકરા કાઢી નાખવા જોઇએ. પછી એ માટીમાંથી ગોળ, લંબગોળ અને ચોરસ આકાર બની શકે. મરજીમાં આવે એવા આકારો બને. ચકલી, બળદ ને ટેબલ બને, પ્યાલો, રકાબી અને બોલ બને. જે જોઇએ તે બને. બનેલાં રમકડાંને તાપમાં નહિ સૂકવવાનાં. તાપમાં સૂકવીએ તો તૂટી જાય. છાયામાં સૂકાઇ જાય પછી એને રંગી શકાય. બજારમાં માટીના રંગ મળે છે એમાં ગુંદરનું પાણી ભેળવીએ તો સરસ ચટકદાર રંગો બની શકે. રમકડાં પકવવા હોય તો ચૂલાની ગરમીમાં રાખથી બરાબર ઢાંકીને પકવી શકાય. પણ કોઇવાર તૂટી પણ જાય. શહેરમાં રહેતાં બાળકો કુંભાર પાસેથી તૈયાર માટી ખરીદી શકે. ચાલો ત્યારે જરૂર બનાવજો.

આ વખતની રંગપૂરણીમાં ઘણાં બાળમિત્રોએ ભાગ લીધો. પાલણપુરથી અજીતકુમાર, નેપીયનસી રોડ, મુંબઇથી નયના મહેતા અરુણાએ સુંદર રંગપૂરણી કરીને મોકલી. એ બધાં બાળકોને અમે નાનકડી પુસ્તિકાની ભેટ મોકલવાના છીએ.

ચાલો ત્યારે આવતી વેળાએ મળીશું.

કુસુમબેન શાહ અને રમેશ કોઠારી.

ચાલો રમત રમીએ !!

ચાલો ચાલો રમત રમીએ !
લીલા લીલા ઘાસ પર,
દોડમ દોડી કરીએ ફરીએ,
ભીની ભીની રેતીમાં જી,
વાટકા વાટકી ભરીએ ભરીએ.

* * *

બને રેતીનાં તો નાનાં ઘર,
બને મંદિર ને મોટ ર,
તળાવ બને, નદિ બને અને
દરિયા બને
ફૂલ ચોડીએ તો બાગ બને.

* * *

હીંચકા ઉપર બેસી જઇએ,
સાંકળ ખેંચી હીંચકા લઇએ,
ઉપર જવાય, નીચે અવાય,
ચીંચું...ચીંચું...ચીમ ચીમ...ચીંચું,
ઉપર જાવ ! બધું જણાય !
જાણે વિમાનમાં બેઠા ભાઈ !
હીંચકાની તો મઝા ભાઈ !

* * *

'સી...સૌ...' તો બધાંએ જોયું.
'સી...સૌ...' તો વિલાયતી નામ.
'ઉડણ પાટલી' એનું નામ.
પાટીઆના બે બે છેડા, વચમાં
એની ધરી.

બે બે છેડે એક જણ બેસે. 'હોય'
કરતું કનો ઉંચુ થાય. બીજે છેડે
બીજો બેસે ત્યારે સમતોલ થાય.

* *

'હૈયા હાશ!' એક જણ હલકો થાય,
બીજો જણ નીચે જાય, 'હૈયા હોય'
નીચે ગયેલો હલકો થાય,
અને ઉચે ગયેલો નીચે જાય,
વાહ 'સી...સૌ..'ની મઝા વાહ !

* *

'સૂરૂ....રે....રે....સપ' લપસણી જી
લપસણી.
આંખ મીંચીને બેસોજી !
સીધાં નીચે ઉતરો જી !
એક પછી એક,
મનુ, કનુ અને મીના,
કાબસજી ને અમીના,
ચોળી ચેડી, લીલું ફરાક,
લાંબી ડોક ને ચીબું નાક,
જાડા પાતળાં સોએ સાથ!
લપસણી રમતાં સાથ ને
સાથ !
'સૂરૂ ...રે....રે....સપ' લપસણી જી
લપસણી !

આ કે

૧૭મી ઓગસ્ટ ૧૯૫૬.

મારાં પ્રિય ભુલકાંઓ,

જાણો છો વિજ્ઞાન કેટલું રસીલું છે ? વિજ્ઞાન એટલે શું, એમ તમને પ્રશ્ન પૂછવાનું મન થાય કદાચ ! વિજ્ઞાન એટલે, કોઈપણ વિષયનો ઊંડો અને રીતસરનો અભ્યાસ. તમને આગગાડી, વિમાન, મોટર, ટ્રામ વગેરેમાં બેસી મુસાફરી કરવી ગમે ને ? તો એ બધી તમારી મઝા માટે તમે કોનો આભાર માનશો ? એ બધાંની શોધ કરનારા વૈજ્ઞાનિકોનો ! વૈજ્ઞાનિકો એટલે વિજ્ઞાનનો ઊંડો અભ્યાસ કરનારા. એ આગગાડી, મોટર, ટ્રામ, વિમાનની શોધની વાત તે હું તમને કોઈ દિવસ જરૂર કહીશ. પણ આજે આપણે એક નાની સરખી ચીજની ખબર લઇએ. ચાક !

તમે ચાક તો રોજ જુઓ છો ને ! પણ તમે કોઈ દિવસ વિચાર સરખો કર્યો છે કે એ ધોળો ધોળો લાકડી સરખો કટકા જેટલો ચાક આવ્યો ક્યાંથી ? લો ત્યારે, હું કહું તે ધ્યાનથી સાંભળો હં !

જુઓ, દરિયાની તળેટી એ નાનાં નાનાં જીવડાં રહે છે. એ જીવડાંને રહેવા માટે ઘર તો જોઇએ ને ! તો એ જીવડાં પોતા માટે એમનાં કદ સમાય એટલાં નાનાં નાનાં ઘર બાંધે. પણ એ ઘરમાં ઝીણું ઝીણું કાણું રાખે; જેમ આપણા ઘરમાં બારીઓ હોય છે તેમ. પછી શું થાય તે જાણો છો ? એ બધાં ઘરો એકઠાં થઇને એક ટેકરા જેવો બને ! જાણે કે નાનું સરખું જીવડાંઓનું ગામ.

હવે એ જીવડાં પોતાનાં ઘર દૂર દૂર દરિયા કિનારાના પાણીમાં બાંધે પણ દરિયાના પાણી કોઈ વાર એમના ઘરના ટેકરા આગળથી દૂર જતાં રહે અને પછી તે પર બધી માટી છવાઈ જાય. એમ ઘણો વખત વીતી જાય. પછી એ ઘરોના ચાક બને છે. પણ એ ચાકથી કાંઈ પાટી પર લખાય નહિ હં ! એ તો બરાબર પાકો થવો જોઇએ. પછીજ લખાય !

એટલે એ ચાક વર્ષોના વર્ષો સુધી પડી રહે. કોઇને એની પરવા નહિ, જાણે પત્થરનો ટુકડો. ઘણા ઘણા વખત પછી માણસો એ ચાકને માટીના થરોમાંથી ખોદી કાઢે. પછી, એ ચાકને મોટા મોટા કોથળાઓમાં ભરી દે અને ગામેગામ રવાના કરે. હવે, એ ચાકને મોટા મોટા ચાક બનાવવાના કારખાનામાં મોકલી આપે, જ્યાં એને સાફ કરી જુદા જુદા ઉપયોગ માટે જુદા જુદા આકારમાં બનાવવામાં આવે છે. આપણે પાટીયાં ઉપર લખવાનો ચાક લાકડી જેવા આકારનો બને, આટલી બધી મહેનતે મળેલો ચાક કેટલો સોંઘો વેચાય છે. પૈસે પૈસે ચાકની લાકડીઓ મળે !

જાણો છો, ચાક બીજાં શા શા કામમાં આવે છે તે ? એક તો આપણે લખવાના કામમાં લઇએ. બીજું, ચાકને જો તપાવીને તેમાં પાણી રેડો તો તેનો ચુનો થાય. પછી એ ચુનો ઘરની દીવાલોને રંગ કરવામાં વપરાય.

કા ચ મા ભા ઈ

મારા વહાલા નાના દોસ્તો,

તમે જાણો છો કે આફ્રિકાના લોકો પોતાનાં બાળકોને રીઝવવા એમને પક્ષીઓ તથા પ્રાણીઓના ઘરની વાતો કહે છે. ગયે વખતે મેં તમને પક્ષીઓ વિષે એક વાત કહી હતી. આજે હું તમને આપણા સૌના જાણીતા અને માનીતા કાચાણાભાઇ ની વાત કહીશ. તમે એમને તો જોયાજ હશે. પોતાનું નાનું સરખું માથું હલવતા હલવતા કેવા ધીમે ધીમે ચાલે છે! જાણે પોતાનું નાનકડું ઘર પોતાના બરડા ઉપર ઊપાડીને મુસાફરી કરવા નિકળ્યા હોય એમ નથી લાગતું! સાંભળો ત્યારે કાચબાભાઇ ની વાત.

એકવાર જગતના બધાં પ્રાણીઓની એક મોટી સભા ભરાઇ. આવી ઉપયોગી સભામાં હાજરી આપવા આપણા કાચબાભાઇ ન જાય એવું કાંઇ બને! એ તો ધીમે ધીમે ચાલી નિકળ્યા પણ એમની ચાલ તો એટલી ધીમી કે વખતસર પહોંચેજ શેના! બિચારા કમનસીબે મોડા પડયા. સભા ભરવાનાં નક્કી કરેલા સ્થળે પહોંચ્યા પણ એમને કશે પણ રહેવાની જગ્યા ન મળી. બિચારાયે કકડતી ઠંડીમાં ખૂણામાં ભરાઇને જેમ તેમ રાત પસાર કરી. બીજે દિવસે સવારે બબડતા બબડતા પોતાના ઘર તરફ ચાલીં નિકળ્યા.

થોડા સમય પછી બીજી સભા ભરાઇ. આ વખતે તો બાસ કાચબાભાઇ વખતસર આવી પહોંચ્યા. એ તો ખુશ થતા થતા સૌથી પહેલાં પક્ષીઓ પાસે ગયા. અને કહેવા લાગ્યા "પક્ષી ભાઇ બહેનો, મને તમારી સાથે રાખશો?" પક્ષીઓ કહે, "ભાઇ, એ કેમ બને તમારું મ્હોં રહેજ અમારા જેવું છે એ વાત બરી પણ તમારાં શરીર ઉપર અમારા જેવાં પીછાં ક્યાં છે? વળી તમારું માથું પણ સાપ જેવું છે. તમે તેની સાથે જઇને રહોને!"

બિચારા કાચબાભાઇ તો સાપો પાસે ગયા. તેમણે જવાબ આપ્યો, "તમારું માથું અમારા માથા જેવું છે પણ તમને તો પગો છે ને! તમારી ગણત્રી અમારી જ્ઞાતમાં શી રીતે થઇ શકે?" કાચબાભાઇ તો હેરાન હેરાન થઈ ગયા. નિરાશ થઇને બહાર ખૂણામાં જેમતેમ પડી રહ્યા. સવારે ધૂંઆ કૂંઆ - થતા થતા પોતાના ઘર તરફ ચાલી નિકળ્યા પણ તેજ દિવસથી એમણે નક્કી કર્યું કે પોતાનું કોટલું પોતાની સાથેજ લઇને ફરવું કે કોઇ જગ્યા ન આપે તો રહેના તો કામ લાગે. તે દિવસથી કાચબાભાઇ જ્યાં જાય ત્યાં પોતાનું ઘર એમની સાથેજ હોય. અલબત, તેને લીધે એમને ઘણું ધીમું ચાલવું પડે છે પણ રહેવાને માટે જગ્યા આપવા કોઇના કાલાવાલા તો નથી કરવા પડતા ને!

ગુલ નીમચવાલા

જે ચુનામાં રેતી ભેળવી તેમાં પ્રમાણસર પાણી નાખો તો કોલ બને. કોલ એટલે રેતી, ચુનો અને પાણીનું મિશ્રણ. જાણો છો કોલ શામાં ઉપયોગી છે? ઘર બાંધતી વખતે ઇંટ ચણવામાં.

તમે કંતાનના સફેદ બૂટ પહેરો છો કે? એ તો બૂટ મેલાં થઈ જાય તો તમે ઉપર શું લગાવો છો? ચાક, ખરું ને?

જોજો, કોઇ દિવસ ચાકને ગળવાનું નાખી જોજો. પીગળેજ નહિને! કેવું અજબ જેવું! એ ચાકને પીગળાવવા પુષ્કળજ ગરમી જોઇએ, જે આપણા સાધારણ વેતામાં નહિ હોય.

તો ચાલો હવે, આજે બહુ થયું. આવતી વેરી તમને આવીજ કોઈ ઉપયોગી ચીજની વાત કહીશ.

નરગીશ કેરશાસ્પ મોદી

કોયડો



ચોકડીવાળા બાનામાં લાલ રંગ પૂરો અને મીંડામાં ભૂરો પૂરો. પછી જુઓ શું નીકળે છે.

કાપીને આ સરનામે મોકલો : શ્રી મધુભાઇ કોઠારી, "જીવન ભારતી," સુરત.

"ફૂલવાડી"

ફૂલવાડી, મારી ફૂલવાડી,
મારી રંગ રંગીલી ફૂલવાડી,
ગુલાબ, ચમેલી મોગરાની
મારી મીઠી મીઠી ફૂલવાડી.

ભાત ભાતની રંગબેરંગી,
ચિત્તને ચોરે ફૂલની હાર,
મારે બાગે આવે તેને,
આપું સુંદર ફૂલની ભાળ.

આમ તેમ ઊડે પતંગિયાં,
પંખી ગીતો ગાય,
હરેક ફૂલને ચુમી ભમરો,
ઊડી ચાલ્યો જાય!

જુઓ પેલા નરગીસ ફૂલ,
કેવાં શોભે સાથ!
ચલો સૌએ હળ્યું ફરશું
લઇને હાથમાં હાથ.

ફૂલવાડી મારી.....

નરગીશ ફેરશાષ્પ મોદી

વીંટી ની સાચી કીમત

એક હતો રાજા. ઘણોજ ઉદાર, ઘણોજ દયાળુ. પોતાની પ્રજાને ખૂબજ ચાહતો. તેનાં રાજમાં બધાંજ સુખી. એની પાસે પુષ્કળ દોલત--બધીજ પ્રજાને માટે. એનાં દિલમાં પ્રેમ ઉભરાય--તે પણ દુઃખી પ્રજા માટેજ. એની આંખોમાં આંસુ. તે બધાજ પ્રજાના દુઃખો ધોવા માટે.

એકવાર દેશમાં અકાળ પડયો. સારાયે દેશમાં હાહાકાર છવાયો રાજાને તો ઊંઘ નહીં, ચેન નહીં. પોતાનું બધું જ ધન પ્રજાને આપી દીધું. અનાજના ભંડારો પ્રજાને માટે ખોલી નાખ્યા.

રાજા પાસે એક વીંટી હતી. ખૂબજ સુંદર અને કીમતી ચકમક થાય. એની ઉપર પ્રકાશ પડે તો એમાં સાત રંગો દેખાય એ વીંટી રાજાને ખૂબજ પ્રિય હતી. એની જોડ આખાયે દેશમાં ન મળે. રાજાએ પોતાનાં બધાંજ ઘરેણાં વેચી નાખ્યાં. આખરે વીંટીનો વારો આવ્યો મંત્રીઓ તથા ઝવેરીઓ કહે, "રાજન આ વીંટી ન વેંચશો આખાયે દેશમાં એનો જોડો નથી. એની કીંમત કોણ આંકશે ?"

રાજાની આંખોમાં આસુ હતાં. હૃદયમાં પ્રેમ હતો. બોલ્યા, "મારી પ્રજા ભૂખે મરી રહી છે. એવા દુઃખના સમયમાં શું મને આ દુનિયામાં કાંઇ પણ નથી. એને વેચવાથી જે ધન આવશે તેનું અનાજ લઈશું અને તેથી મારી પ્રજાની ભૂખ મટશે એજ એની સાચી કીંમત."

ગુલ દા. નીમચવાલા.

હરણ ને કાગડો

જંગલમાં એક હરણું રહે.
હરણાને એક કાગડો દોસ્ત.
એકવાર હરણું જંગલમાં એકલુ ફરવા ગયું અને શિકારીની જાળમાં ફસાઈ ગયું. એ તો રડવા માંડયું. એના દોસ્ત કાગડાએ રડવાનો અવાજ સાંભળ્યો. એ હરણ પાસે આવ્યો ને બોલ્યો; 'જો સામેથી શિકારી આવે છે. એ આવે ત્યારે તું મરી ગયું હોય એવો ઠોંગ કરજે. પછી એ જાળ કાળજી વિના ઉઠાવશે. જ્યારે એ જાળ ઉઠાવશે ત્યારે હું કાક કરીને અવાજ કરીશ. જેવો અવાજ સંભળાય કે તું કૂદીને પવનવેગે દોડી જજે.'

આ વાત પૂરી થઈ ત્યાં તો શિકારી આવ્યો, હરણે મરવાનો ઠોંગ કર્યો. શિકારીએ ચિંતા વિના જાળ ઉઠાવી. કાગડો કાક બોલ્યો ને તેવુંજ હરણ કૂદતું કૂદતું પવનવેગે દોડી ગયું.

શિકારી હાથ મસળતો રહી ગયો.
અક્કલથી ભલભલાં કામ થાય.

કુમાર સુરેશ્વર સિંહ, રાજપીપળા.



સંપાદક : મયૂરભાઈ : અંક : ૩ વર્ષ : ૧ : સરનામું : ચકોરીબહેન કાર્યાલય આંબલીયાનગર

૦૦૦૦૦૦૦૧ રૂ. નું બંગી ઈનામ

પંખી જગતના મહાન વિજેતા મીકલાજી કબુતર !

ભારતના સુપુતે આખા વિશ્વમાં વિજયનો ડંકો વગાડયો !!

(અમારા ખાસ અણરપત્રી ચંચુપાત ચકલાશંકર તરફથી)

મહાન વિજેતા મીકલાજી કબુતર

'પવનવેગ પવનઉડ' નામની આખા જગતના પંખીઓની ઉડવાની મહાન હરીફાઈ યુરોપ દેશમાં યોજવામાં આવી હતી. આ હરીફાઈમાં વિશ્વના બધા દેશોનાં ઉડવામાં હોંશીયાર એવાં પક્ષીઓએ ભાગ લીધો હતો. આ હરીફાઈની જગ્યા સ્વીટઝરલેન્ડના રમણીય વૃક્ષોમાં રખાઇ હતી.

હરીફાઇ જોવામાટે આખા વનના વૃક્ષોની ડાળેડાળ ખીચોખીચ ભરાઈ ગઇ હતી૦૦૦૦૦૦૧૨ મેડમાનો ધ્યાન ખેંચી લે એવા હતાં ભારતથી આવેલાં મોરે ભાઇના રંગીબેરંગી કપડાં જોઇને યુરોપના કોટપાટલુનીયા ઢીલા થઈ ગયા હતા શ્રીમતી પોપટલાલજીની લીલી સાડી પર યુરોપની સુંદરીઓની નજર ચોંટી હતી.

(બીજા પાના પર ચાલુ કોલમ ૧)

પગની પાંખ ! મહાન વૈજ્ઞાનિકા શ્રીમતી સટપટ સમડી બાઈની અદ્‌ભુત શોધ !

(અમારા ખાસ અખબરપત્રી તરફથી

એમ જાણવા મળ્યું છે કે મહાન વૈજ્ઞાનિકા શ્રીમતી સટપટ સમડી બાઇએ એક અદભૂત શોધ કરી છે. તેઓ શરીરવિજ્ઞાન નાં મોટાં વૈજ્ઞાનિકા છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી તેઓ 'પાંખ'ના વિષય પર શોધ કરી રહ્યાં હતાં. આખરે પોતાની તીક્ષ્ણ નજરથી અને ખૂબ પરિશ્રમથી, પાંખના પૂણજ ઝીણવટ ભર્યા અભ્યાસ પછી, એવુ જાહેર કર્યુ છે કે, પાંખએ પગનું રૂપાંતર પામેલું સ્વરૂપ છે. તેઓ જણાવે છે કે પહેલાં આપણને ચાર પગ હતાં. તેમાં આગલ પગનું ખૂબ વર્ષો પછી પાંખમાં રૂપાંતર થયું છે. વળી તેઓ કહે છે કે પાંખની સંભાળ રાખવામાં આવે તો આપણને અજબ શક્તિ મળે !

બ્રહ્મ આક્રમણ !

ચઢી આવેલાં બનકાંઓ

(ગીધડજી ગરબડજી ખબરપત્રી)

એમ જાણવા મળે છે કે પાંચ છપ્પનકાંઓ પીપળાપૂરમાં ચઢી આવ્યા હતાં આ કારણથી ત્યાં ખૂબ ખળભળાટ મચી ગયો હતો. પોલીસ તપાસ પછી જણાવ્યુ હતું કે બનકાંઓ ખરેખર લૂંટના આશયે આવ્યાં નથી પણ એમનાં શેઠાણી શેઠજી સાથે અચાનક સુંબધ જવાથી રોજનો મળતો ખોરાક બંધ થયો છે. સરકારે બનકાંના સરદારને જામીનપર છોડયો હતો.

બરાબર હરીફાઇ વખતે જુદા જુદા દેશોનાં હરીફો તૈયાર હતા. હરીફાઇમાં દરેક પંખીને પાંચસો ગાઉ ઉડીને જલદીમાં જલદી પાછું આવવાનું હતું

હરીફાઇમાં રસાકસી ભારે રહી શરુઆતમાં યુરોપનાં કેળવાએલાં કબુતરો આગળને આગળ થયાં પણ છેલ્લા લગભગ ૧૦૦ ગાઉની ઉડ દરમ્યાન ભારત દેશના કીકલાજી કબુતરે કમાલ કરી. જોરથી પાંખો ફફડાવીને પરદેશી પક્ષીઓને પાછળ પાડયાં.

આ હરીફાઇથી જગત ભરમાં ભારતનું ભાવી ઉજ્વળ થયું. રમતના મેદાનમાં ભારતનો ઝંડો ફરકયો બધાં પંખીયેએ એક સ્વરે ગાયું

કીકલાજી કબુતર!
ભારતના વીર!
આખા જગતને,
પીવડાવ્યુ નીર!

હરીફાઈનું જગી ઇનામ ૦૦૦૦૦૦૧ રૂા. એમને મળ્યું આથી વિશ્વની ઉડવાની કળામાં નવો વિક્રમ નોંધાયો. વિક્રમ એટલે પહેલ.

જગતમાં રાખ્યો રંગ,
એણે જગતમાં રાખ્યો રંગ
ભારતમાનો બેટડો
નામે કીકલો એક,
યુરોપ દેશમાં પોચીનાં,
રાખ્યો બાસો ટેક!
બધા હરીફોમાંએ,
નાનકડો દેખાય,
ઉડવાના ચાલુ થયું,
ઉડયો ઘણું એ ભાઇ!
વિમાનો ઉતરી પડયાં,
જોઇને એની ઉડ.
કીકલીબેન નાચીયાં.
જગમાં ઉડી ધુળ.
ધુળમાંથી છે પાકીયું.
કિંમતી કેવું નંગ.
જગતમાં રાખ્યો રંગ!
એણે જગતમાં રાખ્યો રંગ



તસ્વીર : ચકોચકી સ્ટુડીઓ

માતાપિતા ભારતના પંખી જગતના વિખ્યાત નાગરીકો કબુતરલાલા અને કબુતરી ગોરીએ પોતાની પુત્રીના વિવાહ કીકલાજી કબુતરસાથે કર્યા છે.

સ્ટોપ પ્રેસ યાને યંત્ર પર જતા ગરમા ગરમ સીંગ જેવા સમાચાર

કીકલાજી કબુતરનું કીકલીબેન કબુતરી સાથે વિવાહ

કીકલાજીના મહાનવિજય પર ખુશ થઇ કીકલીબેન કબુતરીના

ટુંકી જાહેર ખબરો

જાત જાત નાં રમકડાં!

બચ્ચાંને મનગમતાં રમકડાં અમારે ત્યાંથી મળશે. જે રમકડાં જોઇને બચ્ચાં ખુશ ખુશ થઇ જશે. રમકડાંની જાત નીચે પ્રમાણે છે:

(૧) લીલા રંગની ઘાસની સળીઓ.
(૨) રંગબેરંગી દોરીના ટુકડા.
(૩) પાંખ પર લગાવવાના ગોળ સિક્કા જે ખૂબ હલકા છે, જે થી સહેલાઇથી ઉડી શકાય છે.

લખો: કકકડ બબડ લકકડ બોદ
ન. ૨, રમકડાંવાળા.
અમારી બધી જગ્યાએ શાખાઓ છે.

જોઇએ છે.

એક મોટો ચણ ભંડાર જોઇએ છે. જેમાં દરેક પ્રકારના ચણ હોવા જરૂરી છે. વળી આ ચણ ભંડાર ખેતરના રખેવાળ ના રહેઠાણ આગળ હોય તો વધારે કિંમત આપીશું.
લખો: કલબલયા કાબર કુપની,
પીપળાપુર.

ખોવાયું છે.

મારી મહા મોંઘી એક ચાંચ જે બીજા કાગડા સાથે તકરાર કરતાં તૂટી ગઇ છે તે રસ્તા રખડી ગઇ લાગે છે. મેળવી આપનારને હજાર વાર કાકા કાકાનું ગાયન સાંભળવા મળશે.
લખો: કાકા કાગડાજી, સુગડીપુરમ્

ખોડીની વિકાસવાડી

૧ વિકાસવાડી એટલે શું

ખોડીની વિકાસવાડી એ એક સંયુકત શાળા છે. અહીં અર્ભકાલય બાલવાડી તથા પ્રાથમિક શાળા એમ ત્રણ વિભાગ એકત્ર ચલાવવામાં આવે છે. એટલે આ ત્રણ વિભાગ મળીને જ આ શાળા બને છે. આવી આ સંયુકત શાળા ખાસ આદિવાસી લોકો માટે શરૂ કરેલી છે. તેમની ખાસ પરિસ્થિતિમાં આવા જ પ્રકારની શાળા તેમને માટે ચલાવીએ તો તેમના કેળવણી અંગેના પ્રશ્ન ઉકેલી શકાય, એવો શ્રી. તારાબેન મોડકનો મત છે. આજે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત થયું અને તદ્દન ગામડા સુધી શાળા શરૂ કરવાનું કામ સરકારે કર્યું. શાળામાં કેટલાં બાળકો આવવાની શકયતા છે એની ગણત્રી કરીને નામો પણ દાખલ કર્યા. પરંતુ શાળાઓ યોગ્ય રીતે ચાલતી નથી, એવો અનુભવ આપણને થાય છે. શાળામાં બાળકોની સંખ્યા ખૂબ ઓછી રહે છે. તેને માટે સરકાર મોટું ખર્ચ કરતી હશે તેમ છતાં તેનો ઉપયોગ થતો નથી. તેનું કારણ એ છે કે આદિવાસી લોકોના ખાસ પ્રશ્નો કયા છે તે ધ્યાનમાં લઈને તેનું નિવારણ શાળા દ્વારા કેવી રીતે થઈ શકે તેનો વિચાર કરવામાં આવ્યો નથી, અને આજ સુધી જે રીતે શાળાઓ ચાલતી હતી એની જ આવૃત્તિ આદિવાસી ગામોની શાળામાં દેખાઈ આવે છે. આ બધું બદલીને આદિવાસી જીવનમાં સાંસ્કૃતિક સામાજિક તથા શૈક્ષણિક વિકાસ થાય એવી કોઈ યોજના કરવી જોઈએ. તેનું સ્વરૂપ શું હોવું જોઈએ એનો પ્રત્યક્ષ નમૂનો એટલે જ આ વિકાસ વાડી.

૨, કલ્પનાનો ઉગમ.

૧૫૪૫ ની સાલમાં બોડીમાં નૂતન બાલ શિક્ષણ સંઘ તરફથી શ્રી. તારાબેન મોડકે જ્યારે ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર શરૂ કર્યું ત્યારે શિક્ષણનો મુખ્ય પ્રશ્ન પૂર્વ પ્રાથમિક કક્ષાનો જ હાથમાં લેવો એમ નકકી થયું હતું. ગામડામાં બાલ મંદિર દ્વારા કેળવણી કેવી રીતે આપવી એ અંગે આ પહેલા મુંબઈ તથા વેડછીમાં પ્રયોગ થયો હતો. તેમાં ફકત બાલવાડી ચલાવવાનો જ વિચાર થયો હતો. પણ પ્રત્યક્ષરૂપે જ્યારે બોડીમાં કામની શરૂઆત થઈ ત્યારે બે મોટા પ્રશ્નો ઉભા થયા. તેમાંનો એક પ્રશ્ન હરિજનોનો હતો અને બીજો હતો આદિવાસી ઓનો. હરિજનો વિષે આપણે અહી વિચારવાનું નથી.

આદિવાસી લોકો ગામથી થોડે દૂર રહેતા હોય છે. પણ ગામમાં રહેતા લોકોના બાળકો પણ બાલવાડીમાં આવતા નહોતા. ગામથી માઇલ દોઢમાઇલના પરિધમાં આદિવાસી લોકોની વસતિ તેમના કામ કરવાના ખેતરો પાસે વસેલી હોય છે. તેમનો મુખ્ય ધંધો ખેતરમાં મજૂરી કરવાનો છે. તેથી પાંચ દશ ઘરનું જૂથ આપણને થોડે થોડે અંતરે જોવા મળે. અહીંના બાળકોને માઇલ દોઢ માઇલ ચાલવું



એમાં કંઈ બહુ મોટી વાત લાગતી નથી. પણ આ બાળકો બાલવાડીમાં આવતા નહિ અને એમના મા-બાપ એમને મોકલતા પણ નહિ તેથી તેમની ઝૂંપડીના સામેના આંગણામાં જ રોજ બે–ત્રણ કલાક બાલવાડીનું કામ ચલાવવું એવું શ્રી. તારાબેન મોડકે નક્કી કર્યું; અને તે પ્રમાણે કામની શરૂઆત કરી. ગ્રામ–બાલ–શિક્ષા–કેન્દ્રના અધ્યાપન મંદિરમાં તાલિમ લેવા આવેલ ઉત્સાહી બાલવાડી શિક્ષકોની આ શાળા પ્રયોગશાળા બની અને એનું નામ આંગણ–વાડી રાખવામાં આવ્યું. આંગણબાલવાડીના કામને લીધે આદિવાસી પ્રશ્નો તરફ વધુ ધ્યાન ખેંચાયું. પ્રાથમિક શાળાની વયના બાળકો શાળામાં જતા નથી. એ જણાઈ આવ્યું. અને તેમને શીખવાની ઇચ્છા છે એવું પણ પણ દેખાઈ આવ્યું. તેથી આ આંગણબાલવાડીમાં જ પ્રૌઢ શિક્ષણનું પણ થોડું ઘણું કામ થવા લાગ્યું.

પરંતુ આવા કામથી સંતોષ થયો નહિ. કારણ આ કામમાં સાતત્ય જળવાઇ રહેતું નહોતું. આંગણોમાં બાલવાડી ચલાવવી એટલે વરસાદના દિવસોમાં એ ચલાવવી શક્ય જ નહોતી, તથા ઠંડીના દિવસો ટૂંકા તેથી અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓ પાસે સમય જ બહુ થોડો રહેતો. એટલે આંગણ–બાલવાડીનું કામ ઉનાળાનાં બે–ત્રણ મહિના દરમ્યાન જે કંઈ થાય તે થતું, આ બધું ધ્યાનમાં લઈને આદિવાસીની કેળવણીનો પ્રશ્ન સારી રીતે ઉકેલવા માટે ૧૯૫૨થી વિકાસવાડીની શરૂઆત થઈ.

૩ આદિવાસી લોકો માટે જુદી શાળા શા માટે!

આદિવાસી લોકો માટે જુદી શાળા શા માટે હોવી જોઈએ એવું બધાંને લાગે છે. કારણ જુદી શાળા કરી એટલે એ બાળકો બીજા બાળકો જોડે ભળી શકશે નહિ તથા બીજા બાળકો જોડે ભળવાથી સંસ્કૃતિની જે લેવડદેવડ થાય છે તે શક્ય બનશે નહિ. આવું ઘણાંને લાગે છે. તેથી દરેક જાતિના અથવા સામાજિક કક્ષાની જુદી શાળાઓ ન હોવી જોઈએ એમ કહેવું સપ્રમાણ લાગે છે, પરંતુ આદિવાસીઓના અમુક ખાસ પ્રશ્નો હોય છે. તે તરફ ધ્યાન આપી શકાય એ માટે એમને માટે જુદી શાળાની જરૂર છે. બધી જાતિના લોકો ભેગા હોય તો શિક્ષકને આ પ્રશ્નોના ઉકેલ માટે જેટલો સમય તથા લક્ષ આપવું જોઈએ તે આપી ન શકાય એવો અનુભવ થયો છે. આવી શાળાના આદિવાસીઓમાં પણ ન્યૂન-ભાવ આવે છે. તેઓ હમેશ વર્ગમાં પાછળ રહે છે, અને એમાં શાળામાં રસ ન રહેતા એ શાળામાં આવવું એમને ગમતું નથી અને એથી કોઈને કોઈ બહાને એઓ શાળામાં આવતા બંધ થઈ જાય છે. તેથી આદિવાસીઓના ખાસ પ્રશ્નો ધ્યાનમાં લઈને તેના ઉકેલ માટે થોડા સમય માટે એમની જુદી શાળા ચલાવવી જ યોગ્ય છે. ત્યાર પછી ભેદભાવ આપમેળે જ ઓછા થતા જશે.

૪. આદિવાસીઓના પ્રશ્નો

આદિવાસીઓની શૈક્ષણિક ઉન્નતિ કરતી વખતે નીચેના પ્રશ્નો તરફ ખાસ ધ્યાન આપવું જોઈએ.

(૧) આ લોકો તદ્દન પછાત હોય છે. જગતના આધુનિક જીવન સાથે તેમનો ખાસ સંપર્ક હોતો નથી કારણ એમનું ઘણુંખરું જીવન ખેતરમાં તથા ઘરમાં જ જાય છે. કોઈ ખાસ પ્રસંગોએ અથવા

હજારો કુટુંબોમાં હવે છુટથી વપરાય છે.....

કેરોલા

ખરતા વાળને અટકાવી, વાળને વધારે છે.
મગજને ઠંડું રાખી વાળને મુલાયમ બનાવે છે.
સફળ પ્રયોગો બાદ એ જનતા સમક્ષ રજુ થયું છે

લોમા પ્રોડકટસની એક અનમોલ કૃતિ

: સોલ એજન્ટસ :
એમ. એમ. ખંભાતવાળા
રાયપુર, અમદાવાદ.

: એજન્ટસ :
સી. નરોત્તમ એન્ડ કું.
મંગલદાસ રોડ, મુંબઇ–૨
ટે. નં. ૩૦૫૭૫

M. P. C.

ખરીદી કરવા માટે જ ફકત શહેરમાં આ લોકો આવતા હોય છે. તેથી અપર સંસ્કૃતિનું પરિણામ એમના ઉપર થતું નથી. તેમનો રીતરિવાજો તથા કલ્પના ગતાનુગતિક હોય છે. તેમાં અંધશ્રદ્ધાનો ભાગ બહુ મોટો હોય છે. તેમાંથી ખરું ખોટું તપાસીને કે તારવીને જોવાની તેમને જરૂર લાગતી નથી. તેથી કોઇ માંદુ પડે તો કોઇ સાધુબાવાને બોલાવવો અથવા મંત્રતંત્ર કરવા એ તરફ એમનું ધ્યાન વધારે જાય છે.

તેમની ભાષા પ્રગલ્ભ નથી. ભાષા દ્વારા ખાસ વ્યવહાર કરવાની તેમને જરૂર પડતી નથી બિલકુલ ગણેલા શબ્દોમાં અને ખાસ કરીને 'હા' અને 'ના' એમાં જ એમના ઉત્તરો સમાઇ જતા હોય છે. ઘરમાં પણ અંદર અંદર એ વ્યકિતઓને ઓછું જ બોલવાનું બને છે.

અસ્વચ્છતા ખૂબ જ દેખાઇ આવે છે. માથું ઓળવા તરફ સ્ત્રીઓનું ધ્યાન ઓછું હોય છે અને તેથી તેમના માથામાં જું તથા લીખો અને ગૂંચ પડેલી હોય છે. કપડાં ધોએલા હોતા નથી. નહાવામાં પણ ખાસ માનતા નથી. આ બધાંનું એક કારણ ગરીબી અને બીજું અજ્ઞાન છે.

આદિવાસીઓના જીવનમાં આનંદ

નવરાશ તથા સ્વતંત્રતા ખૂબ દેખાઇ આવે છે. પરંતુ પોતાનામાંના ન્યુન ભાવ દૂર કરવા માટે અને જે સારા તત્વો છે એને સાચવવા માટે એમની કેળવણીમાં ખાસ સગવડ કરવી જોઇએ.

(૨) આદિવાસીઓની એક ખાસ મનઃસ્થિતિ દેખાઇ આવે છે કે ધોળું વસ્ત્ર પહેરેલા તથા ધોળી વ્યકિતની એને બીક લાગે છે. કારણ આજ સુધી આ લોકોએ એમનું બધી રીતે શોષણ જ કર્યું છે તેથી ધોળા પોશાકવાળી વ્યકિતઓમાં તેમને વિશ્વાસ આવતો નથી. કારણ થોડો સમય પહેલા તો આદિવાસીઓને આ ભાગમાં ગુલામ તરીકે રાખવામાં આવતા હતા. લગ્ન સમયે આવેલા પૈસા ભરપાઇ કરવા માટે પતિ પત્નિ તથા બાળકો જમીનદારોને ઘરે ગુલામ જ બનતા. અત્યારે આ સ્થિતિમાં ઝડપી સુધારો થતો જાય છે. આની થોડી ઘણી કલ્પના આદિવાસીઓને પણ આવી છે. પણ મનઃસ્થિતિમાં હજી ખાસ ફરક પડયો નથી.

(૩) ધોળા કપડાંની બીકને લીધે જ આદિવાસીયોમાં ન્યુનભાવ ઉત્પન્ન થયો હોય એવું દેખાઇ આવ્યું છે. પોતાના બાળકોને બાસ ભણતા આવડશે નહિ, તેમનામાં બુદ્ધિ તથા શકિત નથી, ધોળાં કપડાં પહેરનાર બાળકો સાથે એમના બાળકોની સરખામણી કરવી શકય જ નથી એવા વિચારો એમની મોટી વ્યાકતઓ કરે છે. તેની અસર બાળકો પર પણ થાય છે.

(૪) જીવન–સંઘર્ષનું તીવ્ર સ્વરૂપ આદિવાસીઓના જીવનમાં જોવા મળે છે. તેમને આખા વર્ષ સુધી પેટ ભરીને ખાવા મળતું નથી, તથા ઘરની બધી નાની મોટી વ્યકિતને મજૂરી કરવાની જરૂર પડે છે. તેથી આધુનિક શાળાનું શિક્ષણ એમને જીવનોપયોગી લાગતું નથી.

(૫) સંયુકત શાળાની જ જરૂરીઆત શા માટે?

તેથી આદિવાસીઓના વિશેષ પ્રશ્નો ધ્યાનમાં લઇને તેમને માટે જુદી શાળાઓ જ હોવી જોઇએ તથા એ શાળાનું સ્વરૂપ સંયુકત શાળાનું જ હોવું જોઇએ.

માતા ને ખોળો !

અશોકનું ધર્મસિંહાસને નહિ,
નહિ મહારાજ્ય સમુદ્રગુપ્તનું
કનિષ્કનું યે ન વિસાતમાં કંઇ,
પદ્માસને પ્રિય ન જીન સુકતનું;
મળ્યું હતું એ સહુથી મહાન !
માના તણા અંતરનું વિજ્ઞાન !

* * (શ્રીધરાણી)

સૃષ્ટિ પરનાં સર્વ સામ્રાજ્યોનાં
સિંહાસનનું સુખ એક માતાના
મમતાભર્યા ખોળા આગળ
તુચ્છ છે.....
એવી એ મોંઘેરી માવડીની
એક તસ્વીર એન્લાર્જમેન્ટ કે
પેઇન્ટિંગ માટે—

☆ ફોટોગ્રાફી ☆ પેઇન્ટીંગ
☆ એન્લાર્જમેંટ ☆ ફ્રેમીંગ
ઉનડકટ સ્ટુડીયો
ઉનડકટ ચેમ્બર્સ ગોલ્ડ સ્પોટ સામે મુંબઇ

તેના પણ ખાસ કારણો છે.

(૧) એમનામાંથી કામ કરવાની શક્તિ હોય એવા નાના-મોટા બધાં આર્થિક દ્રષ્ટિથી કામ કરતા હોય છે. પુરુષ સ્ત્રી તથા બીજાં બધાં કામે જાય છે. ત્યારે નાના બાળકોને કોણ સંભાળે એ પ્રશ્ન ઉભો હોય છે તેથી આ કામ ઘરના મોટાં છોકરાં ઉપર પડે છે. તેને લીધે આ બાળકો શાળામાં જઈ શકતાં નથી. તેમને શાળામાં મોકલે તો પછી નાના બાળકોને ઘરમાં કોણ સંભાળે ?

(૨) બાળકો થોડા મોટા થવા લાગે એટલે કમાવા માંડે છે. ઇંધણ તથા છાણ ભેગું કરીને લાવવાનું કામ તો એમને દરરોજનું હોય છે. એ ઉપરાંત જંગલમાંથી લાકડા કાપી લાવી તેઓ વેચે છે. વરસાદમાં ઘાસ કાપી લાવીને તેના ભારા વેચવાનું કામ હોય. હંમેશ ગાયને ચરવા લઈ જવાનું કામ હોય જ. આ બધાં કામોમાં સામાન્ય રીતે બાળકને ૨-૩ રૂપિયા તો મળે જ. કેટલાકને આના કરતા વધારે કમાતા પણ આવડે. તેથી આ કમાણી છોડાવીને બાળકોને શાળામાં મોકલવું પસંદ પડતું નથી. શાળામાં કશી ફી ન હોય તો પણ આટલી કમાણી બાળકના શિક્ષણ માટે જતી કરવી એટલે એ એક રીતે એમના શિક્ષણ માટે ખર્ચ કરવા જેવું જ થયુ. એ એમને પોસાય એવું હોતું નથી. બાળકો પોતાની કમાણીમાંથી એક ટંકનું ભોજન તો મેળવે છે તે છોડીને તેમને શાળામાં મોકલે તો એમને ખાવાને શું આપવું ?

આ બન્ને પ્રશ્નોનો ઉકેલ સંયુકત શાળામાં જ થઇ શકે નાના બાળકોને સંભાળવાનું કામ મોટાં બાળકો કરી શકે એટલે જ અર્ભકાલય (ઘોડિયા ઘર) તથા બાલવાડી પ્રાથમિક શાળાની સાથે સંકળાયેલી હોવી જોઇએ. અહીં નાના બાળકો આનંદથી રહે છે. જ્યારે જરૂર પડે ત્યારે મોટાં બાળકોની મદદ એમને મળી રહે છે. મોટાં ભાઇ-બહેનો સાથે થોડો સમય તેઓ તેમના વર્ગમાં પણ રહે છે. આથી એમને છૂટ હોય છે. કારણ ધીરે ધીરે તેઓ તેમના મોટા ભાઇ-બહેનોથી છૂટા પડી શકે છે. શાળા તેમને પોતાના ઘર જેવી લાગે છે, અને તેઓ પોતાની મેળે રમી શકે છે. અર્ભકાલયની દાઇ તથા બાળકના શિક્ષક તેમની મદદમાં હોય છે જ. તેને લીધે એમનો વિશ્વાસ વધે છે. પોતાના નાનાં બાળકો અહી સુરક્ષિત છે એની માતાપિતાને નિરાંત હોય છે. એને લીધે વિકાસવાડી આ લોકોમાં લોકપ્રિય બની છે. વાલી પોતે બાળકને અહીં આવીને મૂકી જાય છે.

બાળકના આર્થિક પ્રશ્નનો ઉકેલ પણ શાળામાં થવો જોઇએ. શાળાની આજુબાજુ કંઇ પણ કામ મળવું જોઇએ અથવા બધાંએ મળીને છાણ ભેગું કરવું લાકડાં ભેગાં કરવા, વારાફરતી ઢોર ચારવા એનો બંધો હોવો જોઇએ. ખાસ કરીને તેમના વાતાવરણમાંથી તેમને કાઢીને જુદા વાતાવરણમાંથી તેમની કેળવણી કરવા કરતાં તેમના જ વાતાવરણમાં તેમને શિક્ષણ મળવું જોઇએ તથા તેમના જીવનના પ્રશ્નોનો ઉકેલ કેમ કરાય એવો સમાવેશ એમાં

ઉજાગરો અને શારીરિક, માનસિક શ્રમ બાદ



જીવન્તિયા નેત્રપ્રભા
(રજીસ્ટર્ડ)

માટે

વૈદો, ડોકટરો, આયુર્વેદિક હોસ્પિટલોએ આંખોના માટે ઉપયોગી તરીકે પ્રમાણપત્રો આપેલ છે

બાળક તથા વૃદ્ધ સુધી સૌ કોઇ જરૂરીયાત પ્રમાણે ૧ થી ત્રણ વખત આંજી શકે છે.

જીવન્તિયા નેત્રપ્રભા કાર્યાલય,
વિકટોરિયા મિલ કમ્પાઉંડ, ગામદેવી રોડ, મુંબઇ ૭.

થવો-જોઇએ. ખેતીના ઉદ્યોગમાંથી એક ટંકનું તેમનું ભોજન નીકળી શકે એમ છે તથા આ ઉદ્યોગ કેટલા અંશે તેમના પરિશ્રમથી થઇ શકે છે, મૂતકતાંઇમાંથી પણ થોડું ઘણું પેદા કરી શકાય છે. તે ઉપરાંત જમવા માટે બીજું જે અન્ય ખર્ચ થશે તે અન્ય કંઇ માર્ગ નીકળે ત્યાં સુધી બોટ તરીકે શાળાએ સહન કરવો જોઇએ. બપોરનું જમણ શાળામાં જ થવું જોઇએ એ બાબત પણ શિક્ષણની દ્રષ્ટિથી મહત્ત્વની છે. આ રીતે એક ટંકનું જમણ જે શાળામાંથી મળે તો વાલીઓને શાળા માટે તથા શિક્ષણ માટે કોઇ પ્રકારનો વિરોધ રહેતો નથી.

(૬) **બાળ ઉછેર. કેળવણીનું આધ્યત્મ.**

સંયુકત શાળા રાખવાનું એક ખાસ કારણ એટલે બાળ ઉછેર. એને કેળવણીના આધ્યત્મ તરીકે લઇને આ બાળકોને બુનિયાદી પદ્ધતનું શિક્ષણ પ્રાથમિક શાળામાં આપી શકાય એમ છે. ઘેર પણ તેમને બાળ ઉછેરનું કંઇને કંઇ કામ તેમને કરવું જ પડે છે. પરંતુ તે સારી રીતે કેવી રીતે કરી શકાય એની એમને કલ્પના હોતી નથી. રડતા બાળકોને શાંત કરવા માટે મોટાં બાળકો તેને રમાડે છે. તથા એના ઉપર ગુસ્સે પણ થાય છે. બાળક ઝાડો-પેશાબ કરે એ તરફ પણ એમને ધ્યાન રાખવું પડે છે. પરંતુ આ બધી બાબતોમાં શાસ્ત્રીયતા હોતી નથી. બાળકને કેમ નવરાવવું, તેમને હમેશ કેમ સ્વચ્છ રાખવા તેમને ખાવાને શું આપવું. તથા તેમને કેમ રમાડવા આ બધી બાબતો કેળવણીની કક્ષાના છે. તથા આ વિષયો સાથે અન્ય ભાષા ગણિત ઇતિહાસ ભૂગોળ વિજ્ઞાન વગેરે બાબતોનાં અનુબંધ બાંધવો સહજ સહેલો છે. આ શિક્ષણની જરૂરત છોકરીઓને તો છે જ પણ છોકરાઓને પણ આપવું જોઇએ. કારણ ઘેર બધાંને છોકરાંઓ સંભાળવાનું કામ કરવું પડે છે.

બાલ ઉછેરનો મૂળોદ્યોગ તરીકે કોઇએ વિચાર કર્યો નથી. આ વિચાર શ્રી. તારાબેનનો નવો જ છે. આ વિષયનું મહત્વ સમજાવીને કહેવાની જરૂર નથી. પરંતુ એટલું માત્ર નોંધવા જેવું લાગે છે કે ગૃહ વિજ્ઞાન આ વિષય કોલેજમાં શીખવવામાં આવે છે. તેના કરતાં જુદી જ રીતે આ વિષય

રિંગોઝોન

મલમ અથવા લોશન

ગમેતેવી દરાજ, ખરસ
કે ખરજવાં જેવાં
ચામડીના દરદોને આ દવા
જડમૂળથી નાબૂદ કરે છે

ધી ઝોન કેમિકલ કું.
મુંબઇ. ૮



તરફ ધ્યાન આપવું જોઇએ. પાશ્ચાત્ય દેશમાં વિજ્ઞાનની મદદ વડે કરેલી પ્રગતિ તરફ આપણે આંખ આડા હાથ ન દઇ શકીએ. તે જ પ્રમાણે આજની આપણી શી પરિસ્થિતિ છે તથા એમાં શા ફેરફાર થઇ શકે, કયા કરવા જરૂરી છે તથા કયા કરી શકાય છે. વગેરે વ્યવહારિક બાબતો તરફ પહેલા ધ્યાન આપવું જોઇએ. આ દ્રાષ્ટથી આદિવાસી લોકમા કેટલાક રીતરિવાજો આપણને યોગ્ય લાગશે, તે ચાલુ રાખવા જોઇએ. આટલી વાત તો ચોક્કસ છે. કે આદિવાસીઓના બાળકો નાનપણમાં ગઠીઆ દેખાય છે, એટલે કે બાળઉછેરનું એમને હસ્તગત થયેલું તત્વ કાયમ રાખીને બીજી અન્ય બાબતોનો તેમાં ઉમેરો કરવો જોઇએ. આ વિષયમાંના સંશોધનને રાષ્ટ્રીય મહત્વ છે.

૭ કેળવણીમાં ખેતીકામ

ખેતર કામ કરવું એ આદિવાસીઓને મુખ્ય ધંધો છે. તેથી શિક્ષણમાં એને પણ સ્થાન મળવું જોઇએ. ખેતીમાં આધુનિક ફેરફારો કેટલા ને કેવા મહત્વના છે એ ને આ બાળકોને નાનપણથી સમજાવીશું તો જ તેમની ખેતીમાં ઝડપી ફેરફારો શકય છે. કારણ મોટી વયે આ ફેરફારો એમને ગળે ઉતરતા નથી તથા એને ગળે ઉતારવાની તેમની ઇચ્છા પણ એમને નથી લાગતી. જાપાની પધ્ધતિથી ડાંગરની ખેતી કરવા માટે કામ કરનાર મજૂર મળતા નથી એવો આ બાજુનો એક અનુભવ છે. તેનું કારણ એ જ કે નવી બાબતો સમજીને તે પ્રમાણે કરવાની તેમની દ્રષ્ટિ તથા વૃત્તિ હોતી નથી. તેથી નાનપણમાંજ યોગ્ય સંસ્કારો થવા જોઇએ.

ખેતી કામનું બીજું મહત્વ એટલે તેના દ્વારા શાળા બાળકોને મફત જમવાનું આપી શકે છે. સાધારણ રીતે ૨૫૦ બાળકોની શાળા હોય તો ૫૦ એકર ખેતીનું કામ શાળાએ લેવામાં વાંધો નથી. તેમાંની કેટલીક જમીન બાગાયત માટે રાખવી જેથી બાળકોને આખું વર્ષ કામ મળી શકે. ખેતી કરવાનો ખર્ચ બાદ કરીને વધતું ઉત્પન્ન 'બાળકો'ના એક ટંકના ભોજન માટે ખર્ચી શકાય.

૮ સમુહ ભોજન

જમવામાં પણ શિક્ષણનો ભાગ છે. તેમાં સ્વચ્છતા તથા સુસંસ્કાર આ તરફ ધ્યાન આપવું જોઇએ. આપણા આદિવાસીઓના જીવનમાં સ્વચ્છતા તરફ દુર્લક્ષ થાય છે. તથા સમતોલ આહારનું તત્વની એમને ખબર જ નથી. ચોખાની ઘેંશ કણકી અથવા રોટલા એજ એમનો મુખ્ય ખોરાક છે. તેમ છતાં તેમની પ્રકૃતિ સારી હોય છે. એનું કારણ ખૂલ્લી હવામાં રહેવું તથા પૂરતો શરીરશ્રમ કરવો એ જ છે. આવી સ્થિતિમાં મધ્યમવર્ગનો આહાર આદિવાસીઓને આપવાની જરૂર નથી મધ્યમ વર્ગના આહારમાં જીભનું સ્વાદિષ્ટપણું ખોટી સમજણ તથા નિરર્થક ખર્ચ છે. આદિવાસીઓનો ખોરાક ખર્ચાળ ન કરતાં વધુ પૌષ્ટિક થાય એ તરફ લક્ષ આપવું જોઇએ આ માટે એ બાબ છે તે કંદ મૂળનું સંશોધન કરવું જોઇએ. ખજૂરીના ફળ તથા આવી જ રીતે મફત મળતા અન્ય ફળો

સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ –
પેનમેન્સ ઈંડસ્ટ્રીયલ સર્વીસીઝ
કાંદીવલી (મુંબઈ એસ. ડી.)
હોલસેલ સેલ્સ-૧૦,શામસેટ સ્ટ્રીટ,મુંબઈ-૨.

મર્યાદિત મળે છે. કે. બી. ૬૦૬૬૧૮

કર્યા તથા આહારની દ્રાષ્ટથી તેની યોગ્યતા શી એ જોવુ જોઇએ.

હાલમાં અહીં જે સામુહિક ભોજન થાય છે તેમાં બાળક ઘેરથી ભાત અથવા રોટલો લાવે છે. તથા શાળામાં કોઇ પણ કઠોળ અથવા શાક બનાવવામાં આવે છે એવો અહીંનો રિવાજ છે. શાળાને આ માટે મહિનાનો ૨૦–૨૫ રૂપિયા ખર્ચ આવે છે. અને એમાં સરાસરી ૩૦ બાળકોનું એક ટંકનું ભોજન થાય છે હાજરી પત્રક ઉપર કુલ ૫૫ ની રાખ્યા છે. તેથી મહિને બાળક દીઠ ૮–૧૦ આના ખર્ચ થાય છે. પણ પણ પદાર્થ તૈયાર કરવો, જમવાની પૂર્વ તૈયારી કરવી, પીરસવુ, જમ્યા પછીની ઉત્તર તયારી કરવી તથા પોતાના વાસણ માંજવા આવી કેટલીએ બાબતો શક્ષણિક દ્રષ્ટબિંદુથી થતો હોય છે. જીવન શિક્ષણની દ્રષ્ટિથી તે યોગ્ય જ છે.

૬ આશ્રમ શાળાની સુલભતા.

મુંબઇ રાજ્યમાં ખાસ આદિવાસીઓ માટે આશ્રમ શાળાની એક યોજના કરી છે. એમાં બાળકને વસતિગૃહમાં રાખીને કેળવણીની અનુકુળતા કરવી એવી યોજના છે. વિકાસવાડીની યોજનામાં આશ્રમ શાળાઓ સુલભ બને એવું કરી શકાય તેથી સાત ધોરણ સુધીની સંપૂર્ણ શાળા કેટલેક ઠેકાણે ચલાવી શકાય. કારણ કોઇ પણ આદિવાસીઓના કોઇ પણ એક ગામડામાં ૭ વર્ગ સુધી ચાલે એટલા બાળકો એક ઠેકાણે મળવા જરા મુશ્કેલ છે. માધલ એ માઇલના ઘેરાવામાં બાળકો ચાલીને આવી શકે તેમ છે છતાં ૨૫૦ થી ૩૦૦ બાળકો એક સ્થળે ભેગા થવા જરા મુશ્કેલ જ છે. ખેતીકામ તથા બાલ-ઉછેરનું કામ મોટાં બાળકોને કરવાનું છે તેથી આગળના વર્ગો શાળામાં હોય એ ઇચ્છનીય તો છે જ. બીજું એટલે વસતિગૃહમાં વિશેષ પ્રકારના સંસ્કાર આપી શકાય. ત્યાં શાળાની અનિયમિતતા રહેતી નથી. તેથી પોતાને ઘેરથી આવતા બાળકોની સાથે જ કેટલાંક બાળકો વસતિગૃહમાંના હોવા જોઇએ અર્ભકાલય તથા બાલવાડીમાં આવનાર બાળકો તે ગામના જ હશે. તેમની સંખ્યા ઓછી વધતી હોવી એ ગામની સંખ્યા ઉપર આધાર રાખે છે.

જે ઠેકાણે આશ્રમશાળા સુલભ બની શકે એમ નથી તેમાં ઉપરના વર્ગ માટે બાળકો કેમ મળશે? તેમ છતાં ઓછામાં ઓછા ત્રણ કાર્યકર્તા ત્યાં હોવા જોઇએ. અર્ભકાલય, બાલવાડી તથા પ્રાથમિક શાળા એવા વિભાગ તેમને સોંપવા. પરંતુ એક-બીજાએ એકબીજાના કામમાં મદદ કરવી બાળકોની તથા કાર્યકર્તાઓની સંખ્યા ઓછી હોય તો ખેતી પણ વધારે ન કરી શકાય.

તેથી બાળવા માટે લાકડા લાવવાં વગેરે અન્ય સાથે થનારા ધંધા કયા કરી શકાય એ નક્કી કરવું પડે છે.

(વધુ આવતે અંકે)

કેસ્ટોફીન એન્ચુફેક્ચરીંગ કું. વલી સુંબઇ–૧૮

બાળાશિક્ષણ અને સંઘસમાચાર

મુંબઇ: વિશ્વવિદ્યા સોસાયટી મુંબઇ શાખા: શનિવાર તા. ૧૮-૮-૫૬ ના દિને આ સંસ્થાના પ્રમુખ શ્રી. બાબીબેન મુળજી દયાળના શુભ હસ્તે બાળાશિક્ષણ સંસ્કાર વ્યાખ્યાન માલાની ઉદ્‌ઘાટન ક્રિયા ફેલોશિપ સ્કુલના હોલમાં કરવામાં આવી. પૂ. કેદારનાથજીએ પ્રાસંગિક મંગળ પ્રવચન કર્યું હતું.

બગસરા: આવતાં ઓક્ટોબરમાં બાલમંદિર સંસ્થાને પચ્ચીસ વર્ષ પૂરા થાય છે. તે પ્રસંગે ઉચિત એવો રજત મહોત્સવનો કાર્યક્રમ સંચાલકો ઘડી રહ્યા છે. ઓક્ટોબર તા. ૭-૮-૯ દરમ્યાન જ્ઞાનસત્ર, સંમેલન, પ્રદર્શન, બાળકોની આરોગ્ય હરિફાઇ, છાત્રોની વ્યાયામ હરિફાઇ, કાંતનારાઓની હરિફાઇ, સમૂહ કાંતણ ઉપરાંત પચ્ચીસ વર્ષનું અવલોકન આપતો અહેવાલ રજુ કરીને રજત જયંતિ ઉજવવામાં આવશે.

સિદ્ધપુર: મધ્યસ્થ સમાજ કલ્યાણ પંચની મદદથી નૂ. બા. શિ. સંઘની મહેસાણા જીલ્લા શાખા તરફથી સંચાલિત બાલવાડી તરફથી ઓગસ્ટ ૧૫ મીના દિવસે બાળકોનું સ્નેહસંમેલન તથા વાલી દિનની યોજના સફલતા પૂર્વક કરવામાં આવી હતી.

બોર્ડી: કોસબાડમાં ગ્રામ બાલ કેળવણી વિષયક એક અખિલ ભારતીય સંમેલન બોલાવવાની વિચારણા ગ્રામ બાલ શિક્ષા કેન્દ્રના નિયામક તથા નૂ. બા. શિ. સંઘના સંસ્થાપક શ્રીમતી તારાબેન મોડક વિચારી રહ્યા છે.

મુંબઇ:-નૂતન બાલ શિક્ષણ સંઘની કેન્દ્રસ્થ નિયંત્રણ મંડળની તેમજ વ્યવસ્થાપક મંડળની એમ બે સભા તા. ૨૯-૭-૫૬ ને દિવસે સંઘના કાર્યાધ્યક્ષ શ્રીમતી સરલાદેવી સારાભાઇના અધ્યક્ષ નીચે ભરવામાં આવી હતી. આ સભામાં નીચે પ્રમાણે કેટલાક ઠરાવો કરવામાં આવ્યા.

(૧) સંઘની નવી બંધારણ ઘડતર વખતે અમદાવાદમાં ભરાયલી નિયંત્રણ મંડળની આદેશ અનુસાર શ્રી મંગળદાસભાઇ પકવાસાના માર્ગદર્શનથી શ્રી વા. રા. પટવર્ધન, કોષાધ્યક્ષ, નૂ. બા. શિ. સંઘ અને ડો. નાનુભાઇ દેસાઇ, અધ્યક્ષ નૂ. બા. શિ. સંઘ અમદાવાદ શાખાની મદદ લઇને તૈયાર કરની અને તે સંઘના નિયંત્રણ મંડળની આવતી બેઠકમાં રજૂ કરવી એમ ઠરાવવામાં આવ્યું.

(૨) મરાઠી શિક્ષણ પત્રિકાનું કાર્યાલય પૂનામાં રાખીને શ્રીમતી માલિનીબેન પરાંજપેએ શિક્ષણ પત્રિકાનું વ્યવસ્થાપકનું કાર્ય ગયા નવ વર્ષ અત્યંત કરકસર કરીને અને વ્યવસ્થિતરૂપે કર્યું તે બદલ સંઘે તેમનો આભાર માન્યો હતો.

(૩) નૂ. બા. શિ. સંઘના કાર્યાધ્યક્ષ વિલાયત જવાના હોવાથી તેમની ચાર મહિનાની રજા મંજુર કરવામાં આવી અને તેમની જગ્યાએ નૂ બા. શિ. સંઘના વ્યવસ્થાપક મંડળના સભ્ય શ્રીમતી સૌ. માતિનીબાઇ પરાંજપે ચાર મહિના માટે સંઘના કાર્યાધ્યક્ષ નીમવા એમ સર્વાનુમતે પસાર થયું ઇંદોર બાલ નિકેતન સંઘે ગયા વર્ષે યોજેલા અખિલ ભારતીય પૂર્વ પ્રાથમિક શિક્ષણ પરિષદનો સમગ્ર અહેવાલ Problems of child Education in India આ નામનું પુસ્તક રૂપે પ્રગટ થયું છે. આ પરિષદ જેવી રીતે અનેક દ્રષ્ટિથી અપૂર્વ હતી તે જ પ્રમાણે આ પરિષદના સંચાલકોએ પ્રકાશિત કરેલો આ અહેવાલ પણ અપૂર્વ છે એમાં શંકા નથી. આ અહેવાલમાં પરિષદમાં વ્યક્ત થયેલા નાના મોટા મતો અને તેમાંની છાયાની એટલી બધી કાળજીપૂર્વક નોંધ કરી છે કે જે પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં અભિરૂચી ધરાવતી પ્રત્યેક વ્યકિતને આ પુસ્તક સદર્ભ ગ્રંથ તરીકે અત્યંત ઉપયોગી થશે. આ અહેવાલ પૂર્વ પ્રાથમિક શિક્ષણમાં કાર્ય કરનારા અખિલ ભારતીય વ્યકિતના નામો ગામો, અને વિચાર-વલણ વગેરે બાબતો આપોઆપ માહિતી એકઠી થઇ છે આવી માહિતી અત્યારસુધી પ્રકાશિત થયેલા કોઇપણ પુસ્તકમાં જણાતી નથી. અહેવાલ તૈયાર કરવાનું કામ ઇંદોરમાં આવેલી હોલ્કર કોલેજના તત્વજ્ઞાન વિભાગના મુખ્ય પ્રાધ્યાપક શ્રી ગ. વા. કવીશ્વરને સોંપવામાં આવ્યું હતુ. શ્રી. ગ. વા. કવીશ્વર આ પરિષદના ચાર મંત્રીઓમાંના એક હતા તેમણે આ અહેવાલ તૈયાર કરવાનું કામ જે ચિવટાઇથી અને શ્રધ્ધાથી કર્યું તેનાથી પૂર્વ પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રની અમૂલ્ય એવી સેવા તેમને હસ્તક થઇ છે.

પુસ્તકની કિંમત ૧-૪-૦ પાના ૧૫૦ છે મળવાનું ઠેકાણું બાલનિકેતન સંઘ બાલનિકેતન પાગનિસ પાગા ઇંદોર શહેર.

આપની દરેક

જરૂરીયાતો

ખરીદવાનું એક માત્ર

: ભરોસાપાત્ર સ્થળ :

આજેજ એક વખત પધારી મુલાકાત લ્યો.

ધી

બોમ્બે સ્વદેશી કૉ-ઓપરેટીવ સ્ટોર્સ કું.

લિ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, કોટ, મુંબઇ–૧.

શાખાઓ: મહાત્મા ગાંધી રોડ. પૂના. જેમ્સ સ્ટ્રીટ, સિકન્દ્રાબાદ.



શુભ્ય

સ્વસ્તિકના ૭૭૭ ધોવાના સાબુથી
કપડાં ધોવાનું સરળ બનાવો. આ
સાબુ વાપરવાથી કપડા ધોવામાં
ખુબ મઝા પડશે અને થાક
નહિ લાગે. ધ્યાનમાં લ્યો, કે આ
સાબુ કેટલો કરકસરભર્યો છે,
કેટલો લાંબો ચાલે છે, છેક છેવટ
સુધી કેવું કામ આપે છે. આજેજ
એક લાટો ખરીદો.



સ્વસ્તિક 777 સાબુ

સ્વસ્તિક ઓઈલ મીલ્સ લી. મુંબઈ.

GUJ



ન. પા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક: ઈમાણકભાઈ તરંગિયા. ૧૭/ હિંદ કોલોની દાદર મુંબઈ ૧૪

CHIEF ટેરસ્ટ

ધી બોમ્બે ક્રોનિકલ

વર્ષ : ૩૧. અંક : ૮.

નવેમ્બર ૧૯૫૬.

નહેરૂ ચાચા

જેમની ૬૭મી વર્ષગાંઠ
સારાએ ભારતમાં તા. ૧૪ નવેમ્બરના રોજ
ઉજવવામાં આવનાર છે.

સંસ્થાપકો :
સ્વ. ગિજુભાઇ બધેકા
શ્રી. તારાબેન મોડક

તંત્રી :
શ્રી શેષ નામદે

☆

મૂલ્ય બાર આના.

પ્લાસ્ટિક કંટેનરમા પણ મળે છે

હજારો કુટુંબોમાં હવે છુટથી વપરાય છે...

કેરોલા

* ખરતા વાળને અટકાવી, વાળને વધારે છે.
* મગજને થંડું રાખી વાળને મુલાયમ બનાવે છે.
* સફળ પ્રયોગો બાદ એ જનતા સમક્ષ રજુ થયુ છે.

લોમા પ્રોડક્ટસની એક અનમોલ કૃતિ

: સોલ એજન્ટસ :

એમ એમ. ખંભાતવાળા

રાયપુર, અમદાવાદ.

: એજન્ટસ :

સી નરોત્તમ એન્ડ કું.

મંગલદાસ રોડ, મુંબઈ ૨.

Te'ephone No 30575 M, P, S.

ટેલીફોનઃ ઓફીસઃ ૨૫૫૬૧. તારઃ રોપ માર્ટ.

એમ. બેસ્ટ કોટન રોપ

મેન્યુફેક્ચરીંગ કું.

(પ્રો. એમ. જે. થાણાવાલા એન્ડ કું.)

૪૯, ફોરબસ સ્ટ્રીટ, ફોર્ટ મુંબઈ ૧.

નીચેની ચીજો અમારે ત્યાં બને છે.

* કોટન ડ્રાઈવીંગ બેલ્સ
* કોટન બેન્ડીંગ્સ
* સ્પીનડલ ટેપ્સ
* કોપર કન્ડક્ટર

ગુપ્ત ઘર અને આરોગ્યને માટે માત્ર
એકજ ઉપાય.
તેને માટે
વડીલોને ઘરમાં રહે ક્ષારયુકત દવાઓ કેવી
રીતે વાપરવી તેની માહીતી હોવી જરૂરી છે.

આ દવાઓ નુકશાન કરતી નથી. અને તરત પરીણામ દાયક અને ઉપકારી છે. નાના ગામડામાં જયા ડાકતર મળવા મુશ્કેલ છે ત્યાં આ દવાઓ રાખવી આવશ્યક છે.

આજેજ માહીતીપત્ર મગાવો.

ન્યુ ઈરા હોમીયો ફાર્મસી.

નર સિકર્ડીંગ, દાદર મુંબઈ ૧૪.

મુંબઈ, મધ્ય ભારત, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૩૧ અંક ૬-૭. ઓક્ટો-નવે. ૧૯૫૬

તંત્રી સ્થાનેથી.

વ્હાલાં બાળમિત્રો,

....તમને સૌને અમારા તરફથી સાલ મુબારક !

દર વર્ષની જેમ આ વર્ષે પણ તમને ગમે તેવી જુદી જુદી વાર્તાઓ નાટકો, ગીતો, ટુચકાઓ, રંગપુરણી વગેરેથી ભરપુર એવો 'શિક્ષણ-પત્રિકા'નો આ કથા વિશેષાંક દિવાળી ટાણે પ્રકટ કરીએ છીએ. આ બધું'ય તમે નિરાંતે બેસી જરૂર વાંચી જજો. તમને એ ખુબ ગમશે. તેમ અવનવું જાણવાનું પણ મળશે.

મોટા અક્ષરોમાં જે લખાણ અપાયું છે તે નાની વયના બાળકો માટેજ ખાસ આપવામાં આવ્યું છે. તેમને વાંચતાં ન આવડતું હોય તો મોટાઓ. એમને જરૂર વાંચી સંભળાવે એવી અમારી નમ્ર વિનંતી છે.

સમય ઓછો હતો તેથી આ વર્ષે ચિત્રો બહુ આપી શકાયા નથી તે માટે અમને દુઃખ છે.

તમ બાળુડાંઓની વચ્ચેજ દિનરાત રહેનારા, બાળ હૃદયના અભ્યાસીઓ શ્રી જયંતિભાઇ ઓઝા, શ્રી રમેશ કોઠારી, શ્રી મધુસુદનભાઇ, કુ. ગુલ્ન નીમચવાલા, શ્રી કાશિનાથજી ત્રિવેદી વગેરેએ આ અંકને સમૃધ્ધ બનાવવામાં ખાસ સહકાર આપ્યો છે, એ માટે તમ સૌના વતી અમે એમનો આભાર માનીએ છીએ.

ચાલો ત્યારે તમને આ નવું વર્ષ ખુબજ સુખ દેનારૂં, આરોગ્ય વધારનારૂં અને તમારા વિકાસમાં સહાયકારી બનનારૂં નીવડે એવી અમારી અંતરેચ્છા !

— સંપાદક.

દિવાળીના દીવડા

દિવાળીના દિવડા ઝગમગ ઝગમગ થાય,
રાતે તણેા અંધકાર તેા પલમાં ચાલ્યેા જાય
દિવળીના દિવડા.

નાનાં નાનાં કેાડીયાં,
નાની એમની વાટ,
સાથ મળીને સેંકડેા,
શેાભે સાથ ને સાથ.

નાના નાનાં છેાકરાં,
નાનાં નાના હાથ,
સાથ મળીને એ બધાં
ભીડે મેાટી બાથ.

નાના નાના દિવડા,
જેમ અજવાળે રાત.
જગ અજવાળે છેાકરાં
શેાભાવી દે જાત.

શેાભે સાથેા સાથ સૌ,
શેાભાવે સૌ રાત,
નાના છે તેા શું થયું ?
નાના ના છે કાજ.

દિવાળીના દિવડા ઝગમગ ઝગમગ થાય,
રાત તણાં અંધકાર તેા પલમાં ચાલ્યાજાય
દિવાળીના દિવડા.

શ્રી. કુમાર ત્રિવેદી, શ્રી. રમેશ કેારી

જુની દંતકથાને આધારે.

નામનો મોહ

એક પૈસાદાર વાણીયો હતો. તેનું નામ હતું દુર્ગતિ.

આ નામ ઉપર તેની પત્નિને ભારે ચીડ હતી. પણ વાણીયો તેની તરફ ધ્યાન આપતો નહિ.

એક દિવસ તેની પત્નિએ થાકીને એક ઉપાય અજમાવ્યો—ઉપવાસ ઉપર ઉતરવાનો. તેણે પાણી પીવાનું પણ બંધ કર્યું.

દુર્ગતીએ પૂછ્યું, "તારો વિચાર શું છે?"

તેની પત્નિએ કહ્યું: "દુર્ગતિ જેવું અળખામણું નામ મને ગમતું નથી. ભૂંડુ થજો એ બ્રાહ્મણોનું કે જેણે તમારૂ આવું નામ પાડ્યું. હુમણાં ને હુમણાં આ નામ બદલી નાખો"—

"નામમાં શું છે. માણસનું સાચું રૂપ તો કામથી ઓળખાય છે."

'એ કાંઇ હું ન સમજુ. કાં તો તમો નામ બદલો નહિ તો ઉપવાસ ચાલુ રાખીશ અને એક દિવસ મરી જઇશ.' વાણીયાની સ્ત્રીએ છણકો કરી કહ્યું.

'લાકડાને સોનું કહેવાથી સોનુ અને પથ્થર ને મોતી કહેવાથી મોતી બની જતા નથી. જે સાચું છે તેજ સુંદર છે. બનાવટથી વસ્તુનું સાચા પણું વધતું નથી પણ ખોટો ભપકો વધે છે.' વાણીયાની સ્ત્રીને દુર્ગતિની આ શિખામણ સાંભળવી ન હતી.

❋ ❋ ❋ ❋

છેવટે પોતાની પત્નિની હઠ આગળ વાણીયાએ નમતું મૂકયું અને નામ બદલવાની રજા આપી. પણ સવાલ એ હતો કે કયા નામને સારૂં ગણવું? અંતે એમ ઠરાવ્યું કે બન્ને જણાએ શહેરમાં ફરવા નિકળવું. અને જે માણસ તેમને સારો લાગે તેને તેનું નામ પુછવું અને તે નામ વાણીયાને બદલીને આપવું.

❋ ❋ ❋ ❋

"રામ નામ સાચું છે"—મોટા રસ્તા પર તેઓએ એક નનામીને લઇ જતી જોઇ.

વાણીયાની પત્નિની નજર તે તરફ ગઇ શબને બબા ઉપર ઉપાડી જતા એક માણસને પૂછ્યું, 'ભાઇ મરનારનું નામ શું નામ હતું.'

'ચિરજીવીલાલ'

બન્ને આગળ ચાલ્યા.

'દયાળું શેઠ એક પૈસો આપો' રસ્તા પર એક દુબળો ને ફાટેલા તુટેલા કપડાવાળો ભિખારી

Remember.

JAYANT

FOR

COPPER CONDUCTORS

CONFORMING TO 1ST SPECIFICATION 282/1951

DOOR & WINDOW FITTINGS

OF SUPREME QUALITY & DURABILITY,

AND

ALL KINDS OF HARDWARE & NONFERROUS SEMIS

JAYANT METAL MANUFACTURING CO.

OFFICE: 60774
924-A Sayani Road -
Bombay—28.

SHOW ROOM: 23919
152, Lohar Street.
Bombay—2.

ભીખ માંગતો હતો.

'ભાઇ તારૂં નામ શું ?' ભિખારીને વાણીયાની સ્ત્રીએ પૂછ્યું.

'લક્ષ્મીચંદ'—ભિખારીએ જવાબ આપ્યો.

વાણીયો અને વાણીયણ શહેરની બહાર જ્યાં હલકા લોકો રહેતા હતા ત્યાં જઈ ચડ્યા.

એક ગરીબ બકરીને એક બાટકી મારી રહ્યો હતો. વાણીયાની સ્ત્રી આ દયા વગરના કસાઇને જોઈ કંપી ઉઠી. તેણે બાટકીને પૂછ્યું. 'ભાઇ તારૂ નામ શું ?'

'મારૂ નામ દયાનંદ' બાટકીએ જવાબ આપ્યો.

સાંજને વખતે બન્ને જણા ઘર તરફ પાછા ફર્યા.

"ચિરંજીવીલાલ, લક્ષ્મીચંદ અને દયાનંદ એ ત્રણેમાંથી તને કયું નામ ગમે છે?" વાણીયાએ પોતાની પત્નિને પૂછ્યું.

'એક પણ નહિ'

વાણીયો હસી પડ્યો.

વાણીયાની સ્ત્રી હસી પડી—અને બોલી,

'ચિરંજીવી ચિર ના રહ્યા,

લક્ષ્મીચંદ માંગે ભીખ.

દયાનંદ પશુવૃધ્ધ કરે,

તમે 'દુર્ગતે' મને ઠીક.'

'હું તને નહતો કહેતો કે જે કુદરતી છે તેજ સાચું છે. અને જે સાચું છે તેજ સુંદર છે.' વાણીયે જવાબ આપ્યો.

(પ્રાચીન દંતકથાને આધારે. 'નાચિકેતા' માંથી ટુંકાવીને.)

—ઇન્દુ ઉપાધ્યાય.





પુસીનું ઘર

એક હતી છોકરી. તેનું નામ ઢીંગલી. ઢીંગલી પ્રમાણમાં સુંદર, નાજુક અને હસતી હોવાથી તે સાચેજ બોલતી-ચાલતી ઢીંગલી હતી. તેને ચિત્રકામ કરવાનો ખૂબ શોખ હતો. જ્યારે જ્યારે તેને વખત મળે ત્યારે તે સુંદર ચિત્રો દોરતી. આથી તેની પાસે ઘણો મોટો ચિત્ર-સંગ્રહ ભેગો થયો હતો.

એક દિવસ કામ પૂરું કર્યા પછી રોજની પ્રમાણે ઢીંગલી ચિત્ર-કામ કરવા બેઠી હતી. તેની લાડકી બિલાડી પાસે બેસીને ઢીંગલીનું ચિત્રકામ જોતી હતી આ બિલાડીનું નામ હતું પુસી.

પુસીએ ઢીંગલીને પૂછ્યું. "આજ તું કેવું ચિત્ર કાઢવાની છે?"

ઢીંગલીએ કહ્યું, "અરે, તને રહેવા માટે ઘર નથીને? તેથી તારે માટે સુંદર ઘર દોરું છું."

"વાહ, વાહ, પછી તો ખુબજ ગમ્મત આવશે." પુસી બોલી, "પણ ના ના હું, મને તમારા જેવું સાદું ઘર નહીં જોઇએ!"

મને ઘરની આસપાસ સુંદર બાગ જોઇએ. અને તે બાગમાં ફળ અને ફૂલોના ઝાડો પણ જોઇએ અને વળી સરસ હોજ પણ જોઇએ. [illegible] હોજ નહી જોઇએ કૂંવાં સુંદર [illegible] એવો હોજ જોઇએ હું કે!"

ઢીંગલી બોલી, "ઠીક" એમ કહીને પુસીના કહ્યા પ્રમાણે સુંદર ઘર બનાવ્યું, ઘરની આસપાસ સુંદર બાગ કાઢયો અને બાગમાં માછલીવાળો હોજ પણ કાઢયો.

હોજમાં માછલી જોઇ પુસીના મોંમાં પાણી આવ્યું. અને કયારે એકાદી માછલી પર તરાપ મારૂ એમ તેને થયું. પણ તે વખતે ઢીંગલીએ બાગના દરવાજા આગળ નાનું ઘર દોરવાનું શરૂ કર્યું.

પુસી બોલી, "અરે, આ શું? મારા ઘરની પાસે આ બીજા કોનું ઘર છે?"

અરે, તારા ઘર માટે રખેવાળ જોઇએને? રખેવાળ નહીં હોય તો જનાવરો બાગમાં આવીને બાગમાં નુકશાન કરશેને?" આમ બોલતાં બોલતાં ઢીંગલીએ રખેવાળનું ચિત્ર દોરવાની શરૂઆત કરી

પરંતુ આ રખેવાળને જોઇને પુસીએ [illegible] પૂંછડી પસારીને કમાન જેવી વાળી અને [illegible] ભસ ભસ અવાજ કાઢયો તે જોઇને ઢીંગલીને ખુબ હસવું આવ્યું.

"મને નહિ જોઇએ આ તારૂં ઘર" આમ ગુસ્સામાં કહીને પુસી ત્યાંથી પલાયન થઈ ગઈ

ઢીંગલી પુસીને જતી જોતીજ રહી. ચિત્રમાંનું કૂતરો અધુરોજ રહ્યો.

લે. સૌ. રત્નાવલી. પુ. બોરલે

ગમે તેવા જુના ફોટા ઉપ થી

હુબહુ પેન્ટ્રી —

[illegible]

ફોટો [illegible]

(કોડાક ગોલ્ડ મળશે)

મંગલવાડી, ગીરગામ, મુંબઈ ટે ૩૩૩૧૪

આજ દિવાળી

કુ. નરગીશ મોદી

આજ દિવાળી, કાલ દિવાળી,
માકલી ભેસનો મકનો આવ્યો,
દિવેલ પુરો
માકલી ભેંસનો મકનો આવ્યો,
દિવેલ પુરો
સૌએ બાળક પગલે ચાલે.



હાથી ઉપર મેર મેરાયું
ખોલોજી ભંડારનું તાળું,
અંદરથી મીઠાઇના થાળ,
કાઢોજી તારાનો હાર,
આજ દિવાળી કાલ દિવાળી,

મારો ભાઇ તો હાથી માલે,
હાથી પર ચીતરામણ ચાર,
ભાઈની કેાટે મોતી માળ
આજ દિવાળી કાલ દિવાળી,
(ગૂજરાતના લેાક ગીતની કડી લઇને.)



કેસ્ટોફીન મેન્યુફેક્ચરીંગ કું. વલીં મુંબઈ–૧૮

ભારતેન્દુ હરિશ્ચન્દ્ર

—કુમારી ગુલ નીમચવાલા.

કદાચ ભારતેન્દુ હરિશ્ચન્દ્રનું નામ તમે ન પણ સાંભળ્યું હોય. તેઓ હિંદી જગતના એક મોટા કવિ અને લેખક થઇ ગયા. કવિતા સાંભળવાનો તથા રચવાનો શોખ એમને બાળપણથીજ હતો. તેમના પિતાશ્રી ગિરધરદાસ પણ કવિ અને જ્ઞાની હતા.

એકવાર એક બીજા કવિ ભગવાન શ્રીરામના જીવન વિષે એક કવિતા લખતા હતા. નાના સાત વર્ષના ભારતેન્દુ ત્યાં જઇ ચડ્યા. તેઓ જેટલા હોશિયાર હતા તેટલાજ ચંચળ હતા. મૂંગા મૂંગા બેસેજ શેના? એમનું નિર્દોષ તોફાન જોઇ બીજા લેખકો તથા કવિઓ હસવા લાગ્યા. એટલે એ તો તરતજ ગંભીર થઇ ગયા અને બોલી ઊઠ્યા, "મને માત્ર તોફાન કરતાંજ નથી આવડતું હું, હું તો કવિ છું કવિ, જરા મારી કવિતા તો સાંભળો. મને સરસ કવિતા કરતાં આવડે છે." આ સાંભળી બધા હસી પડ્યા. તેમના પિતાશ્રીએ સમજાવીને કહ્યું, "દિકરા, તું મોટો થઇને કવિતા કરજે. જા, બહાર જઇને રમ." એટલે એ તો જીદે ચઢ્યા અને બોલ્યા, "પિતાજી, તમે પણ નથી માનતા. સાંભળો ત્યારે—" એમ કહીને સહેજ પણ અચકાયા વિના તેમણે પોતાનો રચેલો એક દૂહો ગાઇ સંભળાવ્યો.

એમના સુંદર નાનકડા મોંમાંથી આવા મધુર શબ્દો સાંભળી બધાજ લેખકો તથા કવિઓ ખુશ થઇ ગયા. તેમને ખૂબજ નવાઇ લાગી. સાત વર્ષના નાના બાળકમાં આવી મહાન શક્તિ! પિતા ગિરધરદાસ તો ગદ્‌ગદ થઇ ગયા. નાના ભારતેન્દુને તરતજ ખોળામાં લઇ તેને છાતી સરસો ચાંપ્યો અને તેના માથા ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું, "બેટા, તું આપણા કૂળનો દીપક થજે. ભારતનો પ્રકાશ થજે." અને દુનિયા જાણે છે કે તેઓ ભારતના પ્રકાશ પુરવાર થયા.

એમના જીવનની એક બીજી વાત કહું. એમને નાટક કરવાનો પણ ભારે શોખ હતો. તે વખતના કાશીના રાજા પણ નાટકોના શોખીન હતા. એકવાર 'જાનકી મંગળ' નામનો એક નાટક ભજવવાનો હતો. જે દિવસે સમારંભ હતો તેજ દિવસે છેલ્લી ઘડીએ માલમ પડ્યું કે લક્ષ્મણનો પાત્ર ભજવનાર ભાઇ એકાએક બીમાર થઇ જવાને કારણે હાજર રહી શકશે નહીં. તેનું મુખ્ય પાત્ર હતું. તેના વિના નાટક ભજવાયજ કેમ? બધાંનાં મોં પડી ગયાં. નાટક ભજવનાર બીજા ભાઇઓ સાવ નિરાશ થઇ ગયા એવામાં બાળક ભારતેન્દુ ત્યાં આવી પહોંચ્યા. કાશીના મહારાજા કે જેઓ બાળકમાં ખૂબ ઊંડો રસ લેતા હતા તેમણે છેવટે દુઃખભર્યા અવાજે કહ્યું, "બિચારા બાળકોએ કેટલા ઉત્સાહ અને ઉમંગથી નાટક ભજવવાનો અભ્યાસ કર્યો હતો પણ લક્ષ્મણનું મુખ્ય પાત્ર ભજવનાર ભાઇજ ગેરહાજર છે માટે હવે આ નાટક નહીં થાય." બાળક ભારતેન્દુ આ સાંભળી તરતજ આગળ આવ્યા અને ખૂબજ હિમ્મતથી બોલી ઊઠ્યા, "મહારાજા સાહેબ, ઘભરાઓ છો કેમ! હું છું ને? મારા હોવા છતાં આ નાટક કદાપિ બંધ ન થાય. ભલેને નાટક છેલ્લો ભજવાશે પણ ભજવાશે તો ખરોજ." તેમને સમજાવવામાં આવ્યું કે આટલા થોડા સમયમાં પાઠ મોઢે ન થઇ શકે પણ એ માને તો ભારતેન્દુ શેના! એમણે તો ચોપડી હાથમાં લઇ પોતાનું ભોખવા માંડ્યું અને હુકમની અદાથી બોલ્યા, "હું મારૂં કામ કરૂં છું તમે તમારૂં કામ કરો." નાટક

[illegible] નાટક રજૂ કરવામાં આવ્યો. બધા પ્રેક્ષ- [illegible] સવાલ હતો, "લક્ષ્મણનું પાત્ર [illegible] આ નીથી નાનો, સુંદર અને તેજસ્વી [illegible] કોણ છે?" એની બોલવાની છટા જોઈ બધાંને [illegible] લાગી. સૌથી સુંદર અભિનય પણ [illegible] હતો. નાટક પૂરો થયો એટલે તરતજ [illegible] લક્ષ્મણ બનેલા બાળકને જોવા બધાં ટોળે વળ્યાં. કાશીના મહારાજાએ તો ખુશ થઈને તેમને માથે માં લઇ લીધાં એમના સુંદર વાંકડિયા વાળો ચુમીને ખૂબજ વ્હાલથી બોલ્યા, "બેટા, તું આપણા દેશના એક મહાન કવિ અને નાટયકાર થજે." અને ખરેખર હિન્દી જગતના તેઓ સૌથી પહેલા નાટય-કાર થયા અને હિંદી ભાષાને એક નવું રૂપ આપ્યું તેઓ ભાષાના પિતા કહેવાયા.

હવે તેમની ઉદારતાની એક વાત સાંભળો, દાન કરવાનો એમને બારે શોખ. કોઇનું દુઃખ એમનાથી [illegible] એવામાં એક દિવસ સવારના પહોરમાં ભારતેન્દુ ફરવા નિકળ્યા કકડતી ઠંડીના દિવસો હતા. પોતાની મોંઘી ગરમ શાલ ઓઢીને તેઓ ખૂબ આરામ અને લહેરથી ફરી રહ્યા હતા. એવામાં તેમની નજર એક ગરીબ ચિંથરેહાલ માણસ ઉપર પડી કે જે ઠરજતો ઠરજતો ટુંટિયું વાળી રસ્તાના એક ખૂણામાં જેમતેમ પડી રહયો હતો. આ જોઈ એમનું દયાળું હૃદય કંપી ઊંઠયું. ખૂબજ વ્હાલથી તેની પાસે જઈ ધીમે રહીને પોતાની કીંમતી ગરમ શાલ તેને ઓઢાડી દીધી. તેમનો નોકર બોલી ઊઠયો, "સરકાર, રહેવા દો. હું હમણાંજ ઘરે જઇને એક સાધારણ કામળો લઈ આવું છું. આવી સરસ મોંઘી શાલ તે કાંઈ આવા ભિખારીને આપવાની હોય! ભારતેન્દુ હુકમ કરતા બોલ્યા, "તારા દિલમાં દયા છે કે પત્થર! કામળો તો તું એક કલાક રહીને લાવી આપશે. તેટલી વાર શું ટાઢમાં ઠરજી ઠરજી એને મરવા દઉં! શું આ માણસના કરતાં મારી શાલની કીંમત વધારે છે?

નોકર બિચારો શરમાઇ ગયો અને "માફ કરો સરકાર" એમ બોલી તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યો. ❁ ❁ ❁





સેરકો

એક ખેડૂત હતો. એની પાસે સેરકો નામનો એક કૂતરો હતો. કૂતરો ખૂબ ખૂબ ઘરડો થઈ ગયો એટલે એક દિવસ એના માલિકે એને ઘરમાંથી કાઢી મૂક્યો. સેરકોએ માલિકને આમ ન કરવા ખૂબ ખૂબ આજીજી કરી પણ માલિકે તો કાંઈ વાત સાંભળી નહીં. સેરકો ખૂબ નિરાશ થઇ ગયો. પણ શું થાય! માલિકના ગુસ્સા આગળ એનું શું ચાલે? રડવા જેવો થઇ એ તો ચાલી નીકળ્યો. ફરતો ફરતો ફરતો માલિકના ખેતર પાસે આવીને બેઠો, ને વિચારવા લાગ્યો: હવે શું કરવું? ત્યાં એક શિયાળ આવી પહોંચ્યું. સેરકાને આમ નિરાશ બેઠેલો જોઈ બોલ્યું,

'કેમ ભાઈ અહીં બેઠા છો?' મોતિયાએ બધી વાત કહી સંભળાવી. "જે માલિકનું મેં જીંદગીભર વફાદારીથી કામ કર્યું તેણે મને હવે ઘરડો થયાથી રોટલાના એક નાના કટકા માટે ઘરથી બહાર કાઢી મૂક્યો છે." શિયાળને મોતિયાની વાત સાંભળી તેના પર દયા આવી. તે બોલ્યું "હું તમને કાંઈ મદદ કરી શકું?" મોતિયો તો આ વાત સાંભળી ખૂશ થઇ ગયો અને કહે 'તો તો તમારો ઉપકાર હું જીંદગીભર નહીં ભૂલું.'

શિયાળે કહ્યું: તો સાંભળ હું કહું તેમ કરવું પડશે.

મોતિયાએ કહ્યું: તમે જે કહેશો તે બધું જ કરવા તૈયાર છું. શિયાળે કહ્યું "જુઓ ત્યારે આ બાજરી પાકી ગઇ છે. કાલે ખેડૂત અને એની સ્ત્રી કાપવા આવશે. ખેતરમાં કામ કરવા જતાં પહેલાં તેઓ તેમના નાના બાળકને આ સામેના બળામાં સુવાડી ને કામે લાગશે. કાલે તું જ્યાં એ લોકો બાળકને સુવાડે ત્યાંજ રહેજે–થોડી વાર પછી હું આવીશ ને બાળકને ઉપાડી જઇશ તું એકદમ ભસવા માંડી મારી પાછળ દોડજે. દૂર ગયા પછી હું તને બાળક પાછું આપી દઇશ. તે લઈ તું તારા માલિકને આપજે એટલે એ તારા પર ખૂશ થઇ જશે ને તને ઘરમાં પાછો લઈ જશે." મોતિયો તો શિયાળની વાત સાંભળી ખૂબ ખૂશ થઇ ગયો ને શિયાળની મદદ માટે ધન્યવાદ આપતો આવતી કાલ જલ્દી આવે એની રાહ જોતો ખેતરમાં આમતેમ ફરવા લાગ્યો.

બીજે દિવસે સવારે ખેડૂત અને એની સ્ત્રી બાજરી કાપવા આવ્યા. બાળકને બળામાં સુવાડી એમણે બાજરી કાપવી શરુ કરી. ગયા વરસ કરતાં આ વર્ષે સુંદર-બાજરી પાકી હતી એટલે એ તો આનંદમાં ને આનંદમાં કાપવામાં મશગુલ થઈ ગયા ત્યાં તો મોતિયાનો મોટેથી ભસવાનો અવાજ આવ્યો. ખેડૂત અને તેની સ્ત્રી ચકીત થઈ પાછુ વળી જુએ છે તો એક વરુ તેમના નાના બાળકને બળામાંથી ઉપાડીને નાઠુ છે અને મોતિયો છલાંગો મારતો એની પાછળ પડ્યો છે. બન્ને જણા આ જોઇને તો ચીસ પાડી ઉઠ્યા ને દાંતરડાં વગેરે ફેંકી તેની પાછળ

પહોંચી પણ ન શકે!

વેન્ગાર્ડની ★ ફોટોગ્રાફી
★ એન્લાર્જમેન્ટ
★ પેઇન્ટિંગ
★ ફ્રેમિંગ — એ ચારેય
આજે એવા ટોપ પર છે—અજોડ છે કે
કોઇથી ટક્ય પણ નહિં કરી શકે!
શો રુમ પરની એકજ લટાર બસ થશે—

'મીલાન (ઇટાલી) ટ્રેડ ફેર' અને 'કોલંબો પ્લાન એક્ષીબીશન' માં ફકત 'વેન્ગાર્ડ' નાજ એન્લાર્જમેન્ટો પેઇન્ટિંગો ને ફ્રેમો ભારત સરકારે ખાસ પસંદગી કરી—ખરીદીને મોકલેલ. એથી વિશેષ શું?

★ ફોટોગ્રાફી ★ પેઇન્ટીંગ.....
★ એન્લાર્જમેંટ ★ ફ્રેમીંગ

વેન્ગાર્ડ ફોટો સ્ટુડીયો

દોડયા. મોતિયો તો વરુ પાછળ પૂરપાટ દોડતો હતો. ભેડૂત અને તેની સ્ત્રી તો રડી પડયાં. હવે શું થશે? ત્યાં તો મોતિયાએ વરુને પકડી પાડયું ને બાળકને લઇ તે બેતર તરફ દોડવા લાગ્યો. બળામાં આવી એણે માલિકને બાળક આપ્યું. ભેડૂત તો મોતિયાની આ બહાદૂરીથી બૂબ બૂશ થઇ ગયો અને એને એની ભૂલ સમજાઇ ગઇ. સાંજ પડતાં મોતિયાને લઇ તે ઘેર આવ્યો અને એણે એની સ્ત્રીને બીર બનાવવા કહયું.

રાત્રે બધા વાળુ કરવા બેઠા ત્યાં ભેડૂતે મોતિયાને બોળામાં બેસાડી બીર ઢીચી ઢીચી ને બવડાવી. ત્યારથી તેનો માલિક એના ઉપર બૂબ વહાલ કરવા લાગ્યો. મોતિયા વગર એને બાવુ ગમતું નહીં. રોજ બન્ને સાથેજ બેસે ને ભેડૂત એને બવડાવે.

એક દિવસ મોતિયાને થયું: જે વરુએ મને આવડી મોટી મદદ કરી એનો બદલો તો મારે જરૂર વાળવો જોઇએ. એટલે એ વરુને શોધવા નિકળ્યો. ફરતાં ફરતાં વરુ એનેં મળી ગયું એટલે મોતિયાએ કહ્યું "તમે મારી આવડી મોટી મદદ કરી એનો બદલો તો મારે વાળવોજ જોઇએ." કાલે મારા માલિકની છોકરીના લગ્ન છે એટલે જમણવાર છે. કાલે તમે ઘર પાછળના વાડામાં આવજો. તમને ત્યાં સરસ મીઠાઇ બવડાવીશ. વરુ બુશ થઇ ચાલ્યુ ગયું.

બીજે દિવસે રસોઇની મોટી ધામધૂમ થઇ ને ઘણા બધા મહેમાનો આવ્યા. મોતિયો વરુની વાટ જોતો વાડામાં ઉભો હતો ત્યાં વરુ આવી પહોંચ્યું. મોતિયાએ એને ઘરના બૂણામાં મૂકેલા ડામસીયા નીચે સંતાઇ જવા કહયું ને એ એના માટે બાવતુ લેવા ઉપડયો.

રસોડામાંથી એણે તો બાવાની વસ્તુઓ મોંમાં મૂકી ચાલવા માંડયું-આ જોઇ મહેમાનો બધા બૂમો પાડવા માંડયા ને કેટલાક તો લાકડી લઇ તેને મારવા દોડયા પણ ભેડૂતે એમને બધાને રોકયા ને સમજાવ્યા કે એને મારશો નહીં. એ મોતિયાએ મારા

સ્વસ્તિકના ૭૭૭ ધોવાના સાબુથી કપડાં ધોવાનું સરળ બનાવો. આ સાબુ વાપરવાથી કપડા ધોવામાં બુબ મઝા પડશે અને થાક નહિ લાગે. ધ્યાનમાં લ્યો, કે આ સાબુ કેટલો કરકસરભર્યો છે, કેટલો લાંબો ચાલે છે, છેક છેવટ સુધી કેવું કામ આપે છે. આજેજ એક લાટો ખરીદો.

સ્વસ્તિક 777 સાબુ

સ્વસ્તિક ઓઈલ મીલ્સ લી. મુંબઈ.

પર ખૂબ ઉપકાર કર્યો છે. ભલે એ લઇ જાય. એના માટેજ લઇ જતો હશે.

મોતિયાએ વરુને પૂરી, શાક, ખીર, લાડુ બધું લાવી આપ્યું. વરુએ તો ખુશ થઇ લહેરથી ખાવા માંડયું. ખાઇ રહ્યું એટલે એણે મોતિયાને કહ્યું, ભઇ આજ તો ખૂબ મઝા આવી. પેટ તો ભરાઇ ગયું પણ હવે તો મને ગાવાનું મન થાય છે.

મોતિયો એકદમ બોલ્યોઃ "અરે ભાઇસા'બ, જો જો ગાવા માંડતાં નહીં. ગડબ થઇ જશે. આ બધા લોકો હમણાં કયાંક લાકડીઓ લઇને ઉપડશે તો તમને પૂરાજ કરી નાખશે. તમને જોઇએ તો ઉભા રહો, બીજી ખીર થોડી વધારે લાવી આપું."

આમ કહી મોતિયો ખીર લઈ આવ્યો. વરુએ તો ઠાંસી ઠાંસીને ખાધું ને બોલ્યાઃ 'ભાઇ હવે તો મારાથી ગાયા વગર નહીંજ રહેવાય' ને એમ કહી એમણે તો રાડ કર્યું.-એમના બુલંદ અવાજમાં ચીસો પાડવાનું.

"ગ્રા. દ્ધ પી. ન"

બાળકોને દાંત આવતી

વખતે દેવાનું

ટોનિક

ધૂતપાપેશ્વર કંપની લિ.

પુના નં. ૨

શાખાઓ, કેન્દ્રો:- મુંબઇ, અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર વિગેરે.

Phone : 262077

Grams : 'ARLABS' Bombay.

ARLBAS (Private) LIMITED

Prop. of

Associated Research Laboratories

(Estd. 1940)

BOMBAY-12.

PIONEER MANUFACTURERS OF DYESTUFFS

Sole Distributors :

M/s. TEXDYES CORPORATION

Manekji Wadia Bldg.,

127, Mahatma Gandhi Road,

BOMBAY-1.

Phone : 38672

Grams : 'DREAMS' Bombay.

હૂપી હૂપી...ના બુલંદ અવાજથી આખું ઘર ગાજી ઉઠ્યું. મહેમાનો ને ઘરના બધા આ સાંભળી ગભરાયા ને નાસવા લાગ્યા. કોઇ આમ નાઠું ને કોઇ તેમ, કોઇ સંતાવા દોડયા, તો કોઇ લાકડી લઇ મારવા દોડયા. કેટલાક લોકો ખૂણામાં મૂકેલા ડામ-સીયાને સલામતી સમજીત્યાં સંતાવા ગયા ત્યાં તો વરુને જોઇ ચીસ પાડી ઉઠયા લોકો એકદમ વરુને જોઇ લાકડીઓ લઇ એને મારવા તૂટી પડયા. મોતિયો આ જોઇ વરુ પર કૂદી પડયો. જેડૂતે બધા લોકોને મારતાં રોકયા ને કહ્યુ:

જો જો એને મારતા કદાચ મારા મોતિયાને કયાંક વાગી જશે. તમે ઉભા રહો. એ તો મોતિયોજ હમણાં એને પૂરો કરશે. લોકો થંભ્યા એટલે વરુ બહાર નીકળી દોડવા લાગ્યું.

મોતિયો પણ એની પાછળ દોડયો. દૂર ખેતરમાં આવી બન્ને થોભ્યા ને શ્વાસ ખાવા લાગ્યા. થોડી વાર પછી બન્ને મિત્રો એકબીજાની મદદથી ખુશ થઇ છૂટા પડયા.

રીલનો માણસ



મધુ

ઉતરાણ આવે, પતંગ આવે, દોરો આવે, રીલ આવે.

મોટાં છોકરાં દોરો લે. નાના છોકરાં રીલ લે.

સીધો ઉભો તાર લો અને એને બેવડો કરો. નીચેથી પહોળો કરી બે પગ બનાવો. બીજા કટકાના હાથ બનાવો. પછી થોડા મણકાં ભેગા કરો.

આ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે એ તાર પર મણકાં અને રીલની ગોઠવણી કરી માણસ બનાવો. માથાના ભાગની રીલ પર માણસનાં આંખ, કાન, નાક, મોં ચીતરો. બીજા ભાગો પણ ચીતરાય.

વાહ – હવે તો સાચેજ એ માણસ થયો. એને ખીંટીએ લટકાવાય, કબાટમાં મૂકવો હોય તો મૂકાય અને રમવું હોય તો રમાય પણ.

સાધનઃ પાતળા તાર, રીલ, દોરી, રંગ પીંછી.

—મધુ કોઠારી.

ATE

Complete Textile Engineering Service

ASSOCIATED TEXTILE ENGINEERS
BOMBAY • AHMEDABAD • COIMBATORE

VEREINIGUNG VON TEXTILMASCHINENFABRIKEN
COMBITEX

રાજનો કુણો

સ્થળ: જંગલ. સમય: સવાર.

[જંગલમાં ઝાડની ઘટા નીચે બધાં પશુઓ ભેળાં થયાં છે. સભાસ્થાન પશુઓથી ઠસાઠસ ભરાઇ ગયું છે. બધા પશુઓ અંદર અંદર વાતો કરે છે તેનો ગણગણાટ સંભળાય છે]

[શિયાળભાઇ શાંતિ માટે ચીસો પાડે છે. અને પછી બોંબારા થાય છે.]

શિયાળ: (ઉભો થઇ) મહેરબાન સાહેબો ને ગૃહસ્થો! આજ આપણે શા માટે સભા બોલાવી છે તે તો આપ સૌ જાણો છોજ. આપણે કેટલાક વખત ઉપર બધાએ નક્કી કરીને સિંહને રાજા બનાવ્યા છે, એ આપ સૌ જાણોજ છો.

આપણે માનતા હતા કે રાજાથી આપણે સુખી થઇશું. પણ આજે એજ સિંહરાજા પોતાની પ્રજાને ખાઇ જાય છે, એ આપ સૌ જાણો છો.

આજે આપણે બધા તેનો ઉપાય શોધવા મળ્યાં છીએ.

આવા મોટા કામ માટે આપણને મોટા પ્રમુખ જોઇએ અને એ માટે હું રાજેશ્રી હાથીભાઇને પ્રમુખ થવા વિનંતિ કરૂં છું.

રાજેશ્રી હાથીભાઇની મોટાઇ વિશે બે મત છેજ નહીં. આપ એમના મોટા પેટ ઉપરથીજ જાણી શકશો કે એમાં કેટલો મોટો દુનિયાનો અનુભવ ભર્યો હશે.

એટલે રાજેશ્રી હાથીભાઇ પ્રમુખપદનો સ્વીકાર કરશે એવી આશા સાથે હું બેસી જાઉ છું. (બેસે છે.)

[ઊંટ ઉભો થાય છે. તેનો નીચલો હોઠ ખુશાલીમાં વિશેષ લબડે છે.]

ઊંટ: (બરાડતો) મ્હેરબાનો! હું કહું છું કે, રાજેશ્રી શિયાળભાઇએ જે દરખાસ્ત મૂકી છે તે બહુ બરાબર છે. અને તેને હું ટેકો આપું છું. હી, હી, હી, હી.

(સભામાંથી અવાજ)

શેનો ટેકો? લાંબી ડોકનો કે ઊંચી ખૂંધનો?

(હસાહસ. ઊંટ બેસે છે.)

[હાથીભાઇ ખુરશી પાસે જાય છે. બધાં પશુઓ ખુશાલીમાં ચીસો નાખે છે. ગધેડા ભૂંકે છે. કૂતરાઓ ભસે છે. ગાય ભાંભરે છે વાંદરા હુકે છે.]

હાથીભાઇ: (એમનો ઘોઘરો અવાજ આખી સભામાં ગાજે છે.)

ભાઇઓ ને બહેનો. મને તમે પ્રમુખ બનાવીને જે માન આપ્યું છે તેને હું લાયક નથી. મારા કરતાં વધારે વિદ્વાનને પ્રમુખ બનાવ્યા હોત તો



સારૂં થાત. જેમ કે આ શિયાળભાઇ કે આ ગધેડાભાઈ એ માટે વિશેષ લાયક છે. પણ હું મારી ફરજ બંજાવીશ.

ભાઇઓ આ સિંહરાજા... છે....તે.....ખોટું કરે છે. આવો જુલમ ન હોય. આ અમેજ નથી? કેટલું અમારે ખાવાનું જોઇએ? પણ અમે ઘાસ ખાઇએ છીએ ના? મારૂં તો એજ કહેવું છે કે એ રાજા હોય તો એના ઘરનો, ખાવું હોય તો આવે મારી સાથે ને ખાય ઘાસ.-બાકી તો તમારી ભાઇઓની જેવી મરજી.

(હાથીભાઇ બેસી જાય છે. બધાં આનંદના પોકારો કરે છે.)

ગધેડો: (ભૂંકીને બધાંને શાંત કરતો) દોસ્તો, આપણા પ્રમુખ સાહેબ સાચું કહે છે. જુઓ હું કેટલું કામ કરૂં છું? પણ હું કોઇને ખાઇ જાઉં છું?

મારે તો કોઇ ન ખાય એવો ઉકરડાનો કચરોજ ખાવો!.....

(સભામાંથી અવાજ): ને ડફણાં! (હસાહસ)

ગધેડો:....માફ તો ઇજ કહેવું છે કે સિંહને ખાવું હોય તો આવે મારી સાથે ઉકરડે.

સિંહ કરતાં હું કંઇ કમ નથી. એ ભૂંકે છે. હું પણ ભૂકી શકું છું. એ આગલા પગનો ઉપયોગ કરી શકે છે. ત્યારે હું તો પાછલા પગ પણ વાપરી જાણું છું. એ મોઢેથી બટકાં ભરે છે. હું પણ બટકાં ભરી જાણું છું.

પણ હું સિંહ જેવો નાલાયક નથી. મેં કોઇને મારી ખાધો નથી. (બેસે છે. ખુશાલીના અવાજો.)

કૂતરો: મહેરબાનો, આપ જાણો છો કે મૂળ તો અમે સિંહની નાતના. પણ અમેય ઘરઘર જઇને જે ટુકડો મળ્યો તે ખાઇએ છીએ ના? ને ટુકડો નાખે તેની સેવા કરીએ છીએ ના? - આ હાથીભાઇનો ટુકડો ખાઉ છું ને એ કહે તેને ભસું છું-કરડું છું. ને હાથીભાઇને બાકીનો વખત ચાટું છું.—આ મારૂં કામ!

સિંહ ડાહ્યો થાય ને આવે મારી સાથે-કરે હાથીભાઇની સેવા. એનેય હાથીભાઇ વધ્યા ઘટ્યા ટુકડા નાખશે.

(નમસ્કાર કરી બેસે છે— તાળીઓ.)

ઊંટ: (હોઠ લબડાવતો) ભાઇઓ, હું અને હાથીભાઇ મોટા છીએ છતાં આપણે તો ન કોઇને ખાવા, ન કોઇને મારવા. આપણે તો હાથીભાઇને પણ નીચી ડોક કરી સલામ કરીએ. હી..હી.હી.હી. (મેમે છે. ખુશાલીના પોકારો.)

વાંદરો: (બે વાર આમતેમ જોઇ લુકતો) ભાઇઓ ને બે'નો, આ સિંહને માલમલિદા ખાવા હોય તો આવે મારી સાથે જાત્રા ધામમાં. ત્યાં બીજાં જાનવરો આવે છે એ બહુ સારાં છે. એ પોતાના બચ્ચાંના

મોંમાંથી ઝૂંટવીને અમને બાવા આપે છે. અમે ખૂબ પેટ ભરી ભરીને બાઇએ છીએ. સિંહ અહીં બેઠો ચામડાં કરડે છે તેના કરતાં આવેને મારી સાથે શીરા લાડુ ઉડાવવા ! (બેસે છે. તાળીઓ)

ગાય: (બહુજ શાન્તિથી) ભાઇઓ અને બહેનો આપ સૌએ આપના વિચારો બતાવ્યા છે. આપ સૌનુ કહેવું સાચું છે કે સિંહરાજા આપણને બધાંને મારી નાખે છે એ બોટું કરે છે. એમાં બેમત છેજ નહીં.

પણ મારે કહેવું જોઇએ કે આ રીતે આપણે સિંહરાજાને નહીં વારી શકાએ. સિંહ તો રાજા છે. સત્તા આગળ શાણપણ નકામું છે. [શિયાળ તાળીઓ પાડે છે.) આપ જાણો છો કે સિંહ કોઇ દિવસ ઘાસ ન બાય. તમે કહેશો તેથી એ ઘાસ બાવાનો ? અને કહેશો છતાંય એ આપણને મારી બાશે તો આપણે કરશું શું ? (હાથીભાઇ વિચારમાં ડોક હલાવે છે.) એટલે મારી તો એવી સલાહ છે કે આપણે સિંહ રાજાને વિનંતી કરીએ કે એ બાઝા પશુઓ મારે નહીં પણ આપણી સભા મોકલે એટલાં બાય. (શિયાળ ખુશાલીમાં ચીંસો પાડે છે.)

શિયાળભાઇ પોતાનો મત બતાવશે એવી આશા સાથે હું બેસી જાઉં છું.

શિયાળ : (ગળું સાફ કરીને) મહેરબાનો, આપ જાણો છો કે મને પણ સિંહરાજા જેમ માંસ ભાવે છે. પણ હું તો સિંહરાજાના બેઠાં હાડકાં ચૂસવા સિવાય કંઇ બાતો નથી. છતાં મારે કહેવું જોઇએ કે શ્રીમતી ગાય બેને જે સલાહ આપી છે તે સત્તર આના છે. "સિંહ તો રાજા છે. સત્તા આગળ શાણપણું ન ચાલે."

અહાહાહા ! કેટલી ડાહી સલાહ ? ને છેવટે બધાનો ઉપાય બતાવી શ્રીમતી ગાયબેને બરેબર પોતાનું ઉત્તમ ડહાપણ બતાવ્યું છે. હું એમને પૂરેપૂરો મળતો છું. (બેસે છે, તાળીઓ.)

(સભામાં થોડો વખત અંદરોઅંદર વાતો ચાલે છે. અને તેનો ગણગણાટ સંભળાય છે. છેક પાછળ ખૂણામાં બેઠેલા સસલાઓમાંથી એક સસલો ઉભો થાય છે. તેના મોં ઉપર ખૂબ ક્રોધ દેખાય છે. ક્રોધમાં તેની મૂછો ઉંચીનીચી થાય છે. કાન ટટ્ટાર થાય છે. બાજુમાં બેઠેલી સસલી તેનો હાથ બેચી બેસાડવા પ્રયત્ન કરે છે. પણ સસલો માનતો નથી.)

સસલો : (ક્રોધ અને ભયમાં ચીસો પાડતો.)

'મા'જનને પગે લાગું સું. બાપુ અમે તો તમ હૌની પગની રજ સીએ તમ મોટાનું સંધાનું કે'વું હાસું સે.

પણ અમારૂં ગરીબનું પણ થોડુંક હાંભળો. ગાય માવડીએ કીધું એ હાસું સે. પણ આ સિંહ-રાજાને લાયવું કુંણ?

ઇનું આપડે કામ સું હતું? ઇ સંધાય કામા આ સિયાડિયાના સે. (શિયાળ ક્રોધમાં જોઇ રહે છે.) ઇજ સિંહના વખાણ કરીને લઇ આયવો. ને સંધાને

હેરાન કઈરા. ગાયમાવડી કે'સે સિંહ તો રાજા સે. ઇ ઘાસ નો ખાય. તો હું કઉં સું કે તો પસી ઈ સિંહરાજા જીને પોહાતા હોય ઉંવા રાજા થાય. અમને પોહાતા નથ. માવડી કે'સે કે સત્તા પાંહે સાણપણ નો ચાલે. પણ સત્તા કોની? સિંહ તો એકલા સે. ઈની તી કેવડીક સત્તા? સત્તા તો આપડી મા'જનની કે'વાય-હું તો બાપુ આમ કઉં છું.

(સસલી બેચે છે ને સસલો બેસે છે.)

સસલી: બાપુ, મા'જનની જે થાએ. મારો સસલો તો મૂરખ સે. ઇને દનદશાનું ભાન નથ. ઇનુ નો ગનારતા. ગાયમાવડી કે સે ઇજ હાસુ સે.

(પગે લાગી બેસી જાય છે.)

હાથીભાઇ: ભાઇઓ ને બહેનો. બધા બોલી ગયા. એમાં મને તો શ્રીમતી ગાયબેનની વાત ડહાપણ ભરેલી લાગે છે. કેમ શિયાળભાઈ? (શિયાળ હકારમાં માથું હલાવે છે.) તો પછી છે કોઇ વિરુધ્ધ? -એકમતે પસાર.

હવે આપણે રાજેશ્રી શિયાળભાઇ, શ્રીમતી ગાયબેન અને શ્રીયુત ઊંટભાઈની સમિતિ નીમીએ. એજ લોકો સિંહરાજાને સમજાવવા જાય. છે કોઇ વિરૂધ્ધ?—એક મતે પસાર.

અને રાજેશ્રી ગધેડાભાઇ, શ્રીયુત શિયાળભાઇ અને હું, સિંહરાજા માટે નકકી કરીએ તે સિંહ રાજા ખાય. છે કોઇ વિરૂધ્ધ?—એક મતે પસાર.

ચાલો કામ પૂરૂં સભા બરખાસ્ત.

[તાળીઓનો મોટો કડકડાટ બોલે છે. બધાં પશુઓ ચીસો પાડે છે. તેમાં સસલાનો અવાજ ઊંચો સંભળાય છે.]

સસલો: (ફાટીજતા આવાજે) મારો વારો નક્કી તો કરી જો જો. પછી બતાવું છું કે નહીં?

(બધા એના ઉપર હસે છે ને પડદો પડે છે)

દૃશ્ય બીજું

સ્થળ: પર્વતની ખીણ. સમય: સાંજ

(ખીણમા મોટા પથ્થર પાછળ મોટી ગુફા છે. શિયાળ ભાઇ, ઊંટભાઇ અને ગાયબાઈ આવે છે.)

ગાયબેન: શિયાળભાઇ, તમે આગળ થજો હોં!

શિયાળભાઇ: તમે લોકો અહીં ઉભાં રહો. હું જોઈ [આવું. ઊંઘતાં હશે તો પાછા જવું પડશે. (પથ્થર ઉપર ચડે છે ને અંદર ધુસે છે. જોતાં જ માથું જમીન ઉપર ઘસે છે.) ઘણી ખમ્મા. ધીંગ ધણી સિંહરાજાને.

(સિંહ ધીરગંભીર પગલે બહાર આવે છે.)

સિંહરાજા: (ખૂબ ગંભીરતાથી) કેમ, શું છે શિયાળ?

શિયાળભાઇ: (ફરી નાકઘસતો) બાપુ, આ લોકો તમને મળવા આવ્યા છે.

સિંહરાજા: (ઊંટ અને ગાયને) બોલો. શું કહેવું છે?

[વધુ માટે જુઓ પાનું ૩૭]

GERMAN TEXTILE
MACHINERY
for
ALL PURPOSES
☆
Particulars from :-
Engineering & Agencies
(Private) Ltd.
P. O. Box No. 1291　　Bombay.

ભગવાન બુદ્ધ

લે:-કુ ગુલ નીમચવાલા.

જ્યારે બાળક હતા

ભગવાન બુદ્ધના જીવન વિષે તમે ઘણું જાણો છો. તમને ખબર છે કે એમનું બાળપણનું નામ સિદ્ધાર્થ હતું. પાછળથી જ્ઞાન મેળવ્યા પછી એઓ બુદ્ધ થયા.

રાજકુમાર સિદ્ધાર્થ જ્યારે તમારા જેવડા બાળક હતા ત્યારની વાત હું તમને આજે કહીશ. બાળપણમાં જ એમના હાથની રેખાઓ જોઇ જ્યોતીષીએ કહ્યું હતું, "આ બાળક કાં તો ચક્રવર્તી રાજા થશે કાં તો એક મહાન સાધુ થશે.

સિદ્ધાર્થ બાળજ દયાળુ હતા. કપિલવસ્તુ નગરીમાં પાક લણવાનો સમય આવતો ત્યારે ખેતરોમાં મોટો ઉત્સવ થતો રાજા પ્રજા સૌ એમાં ખૂબ આનંદ થી ભાગ લેતાં. એકવાર એવો જ ઉત્સવ આવ્યો. બધાજ ખેડૂતો પોતપોતાના ખેતરોમાં કામ કરતા હતા પિતા શુદ્ધોદન પણ પોતાના નાના રાજકુમાર સિદ્ધાર્થને લઇને પોતાના ખેતરમાં પહોંચ્યા ખેતરનો ઉત્સવ જોવાને નગરના બધાં જ નરનારીઓ તથા બાળકો સુંદર રંગીબેરંગી વસ્ત્રો સજીને આવ્યાં હતાં. બધાં ઉત્સવમાં આનંદથી ભાગ લેતાં લેતાં પોતાની જાતને પણ ભૂલી ગયા. ત્યારે સિદ્ધાર્થ શું કરતા હતા! તેઓ એક ખૂણામાં ભરાઇને આ બધું જોઇ રહ્યા હતાં તેમના કોમળ સુંદર નાના મુખ ઉપર દુઃખની છાયા હતી આંખોમાં આંસુ હતાં તેઓ વિચાર કરતા હતા." અરે! શું આ ઉત્સવ છે! બિચારા બળદો થાકી જઇને કેટલા હાંફે છે! અને આ

હિન્દની મશહુર એક જ માત્ર

ચેમ્પીયન

પેનનો જ આગ્રહ રાખો.
કીમત રૂા. ૩/૮ અને વધુ

સરળ વહે છે
લીક પ્રુફ
ગેરટીડ
સર્વત્ર મળે છે.

ચેમ્પિયન

ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ
પ્રાઈવેટ લી.
લુહારચાલ, લાલજીમાનસીંગ બિલ્ડીંગ,
મુંબઇ ૨

નવી ડિઝાઈનોના સુંદર પુસ્તક

આમાં ૬૪ આકર્ષક ડિઝાઇનો, ૩૪ જુદી જુદી ટાંકાઓની આકૃતિઓની માહિતી સાથે.
કિં. રૂા. ૩-૦ ૦ ટપાલ ખર્ચ જુદુ. વ્યાપારિક પૂછપરછ માટે લખો:

એમ. મધુકર એન્ડ બ્રધર્સ

ટ્રામ નાકું, દાદાર મુંબઇ - ૧૪.

ગરીબ બેડુતો પરસેવા થી કેવા તરબોળ થઇ ગયા છે!

વિચાર કરતાં કરતાં એમની આંખોમાં થી આંસુઓની ધાર વહેવા માંડી. તેઓ ત્યાંથી દૂર દૂર ચાલ્યા ગયા. એક એકાંત ખૂણામાં એક ઝાડ તળે પલોઠી વાળીને બેસી ગયા. અને વિચારોમાં ડુબી ગયા. એમને શરીરનું કશું જ ભાન ન રહ્યું. જ્યારે ઉત્સવ લગભગ પૂરો થવા આવ્યો અને સંગીતની તાનમાં નાચતાં નાચતાં લોકો થાકી જવા આવ્યાં ત્યારે પિતા શુદ્ધોધનને સિદ્ધાર્થ ન દેખાતાં તેઓ વ્યાકુળ થઈ ગયા. બધાં ગભરાઇ ગયાં. દોડાદોડ થઇ ગઇ. છેવટે પિતા પેલા ઝાડની પાસે આવી પહોંચ્યા. તેમણે પોતાના નાનકડા સુંદર કુમારને ઝાડતળે એકાંતમાં પલોઠી વાળીને વિચારમાં ડુબેલો જોયો. તેઓ પ્રેમ અને દયાની એક નાની મૂર્તિ જેવા લાગતા હતા. તેમના કોમળ શરીર ઉપર પરસેવો તથા ધુળ બાઝી ગયા હતા. મોટી આંખો બંધ હતી પણ સૂકાઈ ગયેલા આંસુઓની નિશાની તેમના ગાલ ઉપર દેખાતી હતી. આ દૃશ્ય જોઈ દયાળુ પિતા રડી પડયા, અને બોલી ઉઠયા, 'બેટા સવાર પડી ગઇ છે. ઊઠ! જો, લોકો નાચી રહયા છે. સાંભળ તો ખરો! સંગીત કેટલું મધુર છે!. પણ કોણ સાંભળે! ઘણા પ્રયત્નો પછી જાણે ઊંડી ઊંઘમાંથી ઉઠયા હોય તેમ કુમાર સિધ્ધાર્થે આંખો ખોલી. પિતા પુત્રને ઉઠાડી દુઃખી હૃદયે ઘરે ગયા

નવી ઈસપનીતિ [બેકારી]

તે પાળેલા કુતરાના ઘરનું વર્ણન સાંભળીને વરૂના મ્હોંમાં પાણી આવ્યું. તે ખૂબજ ભૂખ્યો હતો. તે વાળ-વાળા કુતરાના પટ્ટા તરફ તેનું ધ્યાન ગયું નહિ, તેણે કુતરાના માલીકના ઘરે નોકરી કરવાનો નિશ્ચય કર્યો. તેણે કુતરાને કહ્યું "તું મને તારા માલીકને ત્યાં લઈ જા, ચાલ."

કુતરાએ વરૂને પોતાના માલીક પાસે લઇ જઇને ઉભો કરી દીધો માલીકે પૂછ્યું, "શું જોઇએ છે?" વરૂએ કહ્યું, "હું તમારી પાસે નોકરી માટે આવ્યો છું.", માલીકે કહ્યું, "જો તું સારી રીતે કામ કરીશ તો તને કાયમ માટે રાખીશ. પ્રમાણિકતાથી કામ કરવું પડશે."

માલીકે તેના ગળામાં પણ સાંકળ પહેરાવી. પણ વરૂએ કંઇ વાંધો લીધો નહિ. કારણ કે હવે તેને પેટભરીને ખાવાનું મળવા લાગ્યું હતું. ભૂખે પેટે જંગલે જંગલે ભટકવાનો ત્રાસ હવે મટી ગયો તેથી આઠ દિવસમા તો તે તગડો થઇ ગયો. નોકરી સારી મળી.

એક દિવસ માલીકે કુતરાને કહયું, "તારી કરતા આ વરૂ સારી રીતે કામ કરે છે. બંનેનો ખર્ચ મને પોષાશે નહિ. માટે તને આજથી નોકરીમાંથી છુટ્ટો

આ રીતે કુતરો બેકાર બન્યો.

શિક્ષણ સાધનો

બાલમંદિર માટે સાધનો, નકશાઓ, ચિત્રપટો, કસરતના સાધનો,
બાલસાહિત્ય અને અન્ય ઉપયોગી સાધનો માટે સુચિપત્ર મંગાવો.

લખો:

નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કસ [પ્રાઇવેટ] લી૦
સીનેમા રોડ, સુરેન્દ્રનગર. (સૌરાષ્ટ્ર)

એક બહાદુર દેશભક્ત બાળકની વાર્તા.

નાનકડો વીર

—કુ. ગુલ નીમચવાલા.

સન અઢારસોની આ વાત છે. તે વખતે ઇંગ્લેન્ડ અને ફ્રાંસ વચ્ચે લડાઈ થયા કરતી હતી. તમે જાણો છો કે આ બન્ને દેશોની વચ્ચે એક નાનો સમુદ્ર છે, જેને ઇંગ્લીશ ચેનલ કહેવામાં આવે છે.

એકવાર ફ્રાંસના સૈનિકો, લડાઈ પછી પોતાના દેશ પાછા ફરતી વખતે એક અંગ્રેજ બાળકને કેદ કરી તેને પોતાની સાથે લઈ ગયા. બિચારો બાળક પરાયા દેશમાં ખૂબજ દુઃખી રહેતો પળેપળ તે પોતાના વ્હાલા દેશ ઇંગ્લેન્ડને યાદ કરતા અને બેચેન રહેતા. રોજ સમુદ્રને કિનારે ઊભો રહેતો પોતાની માતૃભૂમિ તરફ એકી ટસે જોઇ રહેતો અને ત્યારે તેની નાની આંખોમાંથી આંસુઓની ધારાઓ વહી જતી. પેલે પાર દેખાતા પર્વતાન તે પ્રમથી નિહાળતો અને ટાઢ, તડકો, ઊંઘ, ભૂખ બધુંજ ભૂલી જતા. તે વિચાર કરતો 'મારા પિતાજી હવે ખેતરે ગયા હશે. મારા નાનકડાં મધુરા ભાઇ–બહેનો દરિયા-કનારે રેતીમાં રમતાં હશે. અને મારી મા, એને તો મારા વિના આવાનું પણ નહિ ભાવતું હોય.'

આવા આવા વિચારો કરતાં કરતાં તે એક ગાંડાની જેમ આમતેમ ભટકતો પણ પોતાના વતન પાછા ફરવાનો એક પણ રસ્તો યા ઉપાય તેને જડતો નહીં. ગરમીના દિવસોમાં જ્યારે સાંજ પડતી અને કલ્લોલ કરતાં કરતાં સુંદર પક્ષીઓ હારબંધ ઇંગ્લેંડની તરફ ઉડતાં- ત્યારે તે પોતાના મનને કહેતો, 'આ પક્ષીઓ કેવા ભાગ્યવાન છે કે પોતાને દેશ જઇ શકે છે! જો પ્રભુએ મને પાંખો આપી હોત તો હુ પણ મારે દેશ ઊડી જાત.' તે પોતાના દેશ માટે એટલો વ્યાકૂળ રહેતો કે જ્યારે ઇંગ્લેંડની સ્વતંત્રહવા ફ્રાંસની તરફ આવતી ત્યારે તેના સ્પર્શથી તેનું રોમ રોમ ઊભું થઇ જતું. પવનના તરંગો સાથે એના મનમાં આનદની તરંગો નાચી ઉઠતી ...

એક દિવસ સાંજે તે સાગર કિનારે ઊભો ઊભો બહુજ પ્રેમભરી નજરથી પોતાના દેશની તરફ જોઇ રહ્યો હતો એવામાં વાદળો ગરજ્યાં. વીજળીઓ ઝબુકી, વરસાદ પડવા માડ્યો અને ભયંકર વ ટોળીયો આવ્યો.

બીજે દિવસે જ્યારે તે દરિયા કિનારે ગયો ત્યારે તેણે એક મોટું લાકડાંનું ઢોલ વહેતું વહેતુ. કિનારે આવતું જોયું તે ઢોલ દરિયાની લહેરો સાથે તણાઇને આવતુ હતુ. તે ખુશ થઇ ગયો, તેના મોંમાંથી આનંદના ચીસ નીકળી ગઇ. તેણે દોડીને તે ઢોલ પકડી લીધું અને તેને એક ગુફામાં સંતાડી દીધુ. તે ઢોલ ખૂબજ મોટુ હતુ એટલે તે ઢોલ તોડીને બાળકે તેના લાકડાના ટુકડાંઓ છુટા પાડયા. તે શાને માટે આમ કરતો હતો? તેને પોતાના દેશ જવા માટે એક નૌકા જોઇતી હતી. જો કે બિચારાને આ કામની જરાપણ સમજણ ન હતી પણ હૃદયમાં રહેલો દેશપ્રેમ તને આ કામ કરવા પ્રેરી રહ્યો હતો તે દોરડાં લાવ્યો. બીલાઓ લાવ્યો અને

સાંડૂ
ઓરિજનલ
બ્રાહ્મી તેલ
જાગરણ અને માનસિક શ્રમ કરનારાઓ માટે ઉપયુક્ત

દત્તાત્રેય કૃષ્ણ સાંડૂ બ્રધર્સ
ચેંબૂર પ્રાયવ્હેટ લિ.
ચેમ્બૂર-મુંબઈ ૩૮

હથેાડી પણ લાવવાનું ન ભૂલ્યેા તે નાનકડા નિર્દોષ બાળકને સહેજ પણ ભાન ન હતું કે આવી નાની નૌકા સમુદ્રની મેાટી મેાટી લહેરેા સામે એક ક્ષણ માટે પણ ટકી શકશે નહીં. આખરે તેણે એ નૌકા બનાવી અને તેમાં બેસીને પેાતાના દેશ જવાના વિચારથી ખૂબજ ખુશ થઇને તે તેમાં બેસવા જતેા હતેા. તેટલામાં તેા થેાડાક ફ્રાંસના સૈનિકેા ત્યા આવી પહેાંચ્યા કેદી બાળક ને આમ ભાગી જતેા જોઈ તેઓ તેને પકડીને ફ્રાન્સના સમ્રાટ ને નેપેાલિયન બેનાપાર્ટ પાસે લઈ ગયા. તેને પેાતાનું મેાત સામે આવતું જોયું. પણ તે વીર બાળક સહેજ પણ ગભરાયેા નહી. તે તેા દેશભક્ત હતેા, બહાદુર હતેા. તેને પૂછાયલા સવાલેાના યેાગ્ય અને સાચા જવાબ તેણે સહેજ પણ અચકાયા વિના બૂબજ હિમ્મતથી આપ્યા. સૈનિકેા ગુસ્સે થવાને બદલે ખુશ ખુશ થઇ ગયા વીર નેપેાલિયને પણ આ નાનકડા વીરને ઓળખી લીધેા. વીરજ વીરને સમજી શકે સમ્રાટ નેપેાલિયન પેાતાના સિંહાસન ઉપરથી ઉઠીને તે નાનકડા બાળક પાસે આવ્યા અને તેના માથા ઉપર પેાતાના હાથ વ્હાલથી ફેરવતાં ફેરવતાં બેાલ્યા, "નાનકડા વીર હું તને ખુશીથી આઝાદી આપું છુ. કારણ તને આઝાદી સાથે પ્રેમ છે અને તારા રેામરેામમાં તારા વતનને માટે દાઝ છે. બહાદુર, તારે દેશ તું ખુશીથી જા. તારા હૃદયમાં દેશ-પ્રેમની જ્યેાત સદા જલતી રહે અને તુ તારી માતૃભૂમિની સેવા કરવા ભાગ્યશાળી થા!"

સૈનિકેાએ બાળકના બંધન કાપી નાખ્યાં. તેણે જીવનમાં-ફરી એકવાર આઝાદી મેળવી. તના આનંદનેા પાર ન રહ્યેા. સૈનિકા પેતેજ તેને ખૂબજ કાળજી, પ્રેમ અને માન સાથે ઇંગ્લેન્ડ મૂકી આવ્યા. પેાતાના દુઃખી માત-પિતા તથા ભાઈ બહેનેાને મળી પેાતાની વ્હાલી માતૃભૂમના દર્શન કરી તે ધન્ય બન્યેા.

ફેાન નં. ૬૧૯૦૨ હેદ્વકર મેટલ પ્રેસીંગ વર્કસ ગ્રામ : હેડમેટસ

—: પ્રેાપ્રાયટર્સ :—

સંજુ ભાઉ હેદ્વકરની કંપની

ભવાનીશંકર રેાડ, દાદર, મુંબઇ નં ૨૮.

મેટલ પ્રેસીંગ અને કટિંગ મશીનરીના હિંદુસ્તાન ભરમાં જુના જાણીતા અને અનુભવી ઉત્પાદક

દેશી-મુડી - દેશી કારીગરી

સર્વ યંત્રના છુટા ભાગ તેમજ કારીગરની જાતી દેખરેખ નીચે કેાઈપણ કસેાટીમાંથા પૂર્ણ થયેલ તે પરદેશી મશીન બરાબર તૈયાર કરી આપનાર નવા ભવ્ય કારખાનામાંથી મેટા પ્રમાણમાં સમયસર ઉત્પાદન અને લગ્ન થેાડા ખર્ચમાં વધારેમાં વધારે સમયસર ઉત્પાદન થઈ શકે છે.

આખા હિંદુસ્તાનમાં ખપત :

ઓર્ડર મુજબ કેાઈપણ જાતના વાસણ તૈયાર કરી આપશું. આપના કેાઈપણ જાતના કામ માટત રૂબરૂ મળેા અથવા પત્ર વ્યવહાર કરેા.

ગ્રાહકનેા સંતેાષ એજ અમારી મૂડી.

○ ☆ ○ કાચબો અને કુતરો ○ ☆ ○

લેખક: શ્રી કાશીનાથ ત્રિવેદી

એક વખત પૃથ્વી ઉપર મોટો દુકાળ પડ્યો. ઝાડ, પાન, પશુ અને પંખી બધા સુકાષ્ઠ નિર્માલ્ય જેવા બની ગયાં. આવા વખતમાં એક દિવસ કાચબો એક કુતરાને મળ્યો કાચબા ભાઇને તો પાણી સિવાય ચાલેંજ નહિ. કુતરાભાઇ તો તાજા માજા અને જાડા હતા. કુતરા નું આવું શરીર જોઇ કાચબાભાઇના મોંમા પાણી આવ્યું અને એણે તો કુતરાને પૂછ્યું.

"કુતરાભાઇ કુતરાભાઇ, આ તમે આટલા તાજા માજા કેમ છો? દુકાળ પડવાથી તો આખી દુનિયા સુકી ને લાકડા જેવી થઇ ગઇ છે."

કુતરાએ હસીને કહ્યું "ભાઇ એ તો એક સવાલ છે. તું પણ સવારે મોં સુજણું થાય તે વખતે મારે ઘેર આવજે. હું તને બધી વાત બતાવીશ."

કાચબાભાઇ ને તો રાત આખી નિંદર પણ ન આવી. તેણે તો રટણ કરવા માડ્યું ક્યારે સવાર પડે અને ક્યારે હુ કુતરાભાઇને ઘર પહોંચું. આમને આમ અડધી રાત તો વીતી ગઇ. કાચબાભાઇ થી તો રહેવાણુ નહિ. તે તો અડધી રાતના ઉઠીને પહોંચ્યા કુકડાભાઇ પાસે અને ઊંઘમાથી તેણે તો મરઘાભાઇ ને જગાડ્યા. મરઘાભાઇ ને લાગ્યું કે સવાર પડી ગઇ હોવી જોઇએ નહિ તો કાચબાભાઇ આવી મને આવી સરસ નિંદરમાંથી જગાડે નહિ. તેણે તો બાંગ પોકારવી શરૂ કરી 'કુકડે ....કુકડે કુક.. ' કાચબાભાઇ તો એકદમ ઉતાવળે પગે જલદી જલદી કુતરાભાઇ ને ઘરે જઈ ઉભા રહ્યા. અને બારણું બખડાવવા લાગ્યાં "કુતરાભાઇ, કુતરાભાઈ બારણુ ઉઘાડો સવાર પડી ગઈ છે. ઉઠો ઉઠો....જુઓ ને મરઘાભાઇ પણ 'કુકડે:...કુક . :કુકડે કુક' કરવા લાગ્યા છે."

કુતરાભાઇ તો કાચબાની આ કરામત જાણતા હતા. તેને તો ખબર હતી કે સવાર પડવાને હજી ઘણી વાર છે. તેણે અંદરથી પથારીમાં પડ્યાં પડ્યાં જવાબ આપ્યો "કાચબાભાઇ હજી તો સવાર પડવામાં ઘણી વાર છે. હજી તો ખેડુત બળદ અને હળ લઇ ખેતર તરફ ક્યાં જઇ રહ્યા છે?"

કાચબાભાઇ તો નિરાશ થઇ ગયા. થોડીવારે

અવનવા આકર્ષક રંગોમાં મળે છે. લગાડ્યા પછી ચાર અઠવાડીયા બાદ ધોઈ શકાય છે. પ્રતિવર્ષ રંગ ખર્ચ બચે છે સારા રંગકામ માટે હમેાને પૂછો.

એશિયન પેઇન્ટસ
ઉત્તમ સેવા સમાપનાર

તેણે પાછા આવી એક યુક્તિ કરી. કાચબાભાઇ હાથમાં બેલની ઘટડો વગાડતા વગાડતા બોલ્યા "કુતરાભાઇ જુઓ તો ખરા. આ બેડૂતો પોત પોતાના બળદ્ધ સાથે બેતરે જવા ઉપડયાં. શું તમને તેના ઘુંઘરા ના અવાજ સંભળાતા નથી ?

કુતરાને કાચબાની આ ચાલાકી સમજતા વાર ન લાગી. તેણે તો કાચબાને કહ્યું "સવાર પડી હોય તો સીમ ના કુવા ઉપર પાણી ભરવા પનિહારી તો આવે ને ? માટે કાચબાભાઇ જ્યારે પનિહારી પાણી ભરવા આવે ત્યારે આવજો.

કાચબાભાઈ તો પાછા હતાશ થઇ ગયા. ફરી વખત તેણે પોતાની અકકલ દોડાવી. ઝટપટ ઝટપટ જઇ પાણીનો બાલી ઘડો ઉપાડી લાવ્યા. અને કુતરા ભાઈના ઘર પાસે પાણીનો બાલી ઘડાનો રણકાર કરતાં કરતા લહેંકા સાથે કાચબાભાઇ બોલ્યા. "કુતરા ભાઇ હવે તો ઉઘાડો - સવાર તો પડી ગઇ. જુઓ પનિહારી પણ પાણી ભરવા કુવા ઉપર જવા માટે નિકળી છે."

કુતરાભાઇને તો કાચબાની બધી તરકીબો બબર પડી ગઇ હતી. કાચબાભાઇને તેણે જાજી દાદ ન આપી. એટલામાં તો સવાર પડી પણ ગઇ. કુતરો પણ ઉઠી આળસ મરડી ઝુપડીમાંથી બહાર આવ્યો. અને કાચબાને લઇ જંગલ તરફ ચાલ્યો.

બહુ આઘે જતાં તેઓએ એક નાળીયેરનુ ઝાડ જોયું. આખા જંગલમાં નાળીયેરનુ આ એકજ ઝાડ હતું. ઝાડ નીચે ઉભા રહી કુતરાભાઇએ ગીત ગાઇ પ્રાર્થના કરી કે મને એક નાળીયેર આપો. અને કુતરાભાઇની પ્રાર્થના પુરી થઇ ત્યાં તો ઉપરથી એક નાળીયેર 'ધબ્બ' કરતું નીચે પડયું.

બન્ને જણાએ નિરાંતે નાળીયેર બાધું. ફરી વખત કુતરાભાઇએ બે નાળીયેર માટે પ્રાર્થના કરી અને બે નાળીયેર 'ધબ્બ' કરતાં નીચે આવી પડયાં. અને તેમાંનુ એક નાળીયેર બન્નેએ સાથે બેસીને બાધું. અને કુતરાભાઇએ કાચબા ભાઇને કહ્યું 'ભાઈ આ બીજું નાળીયેર તું મારી ભાભી માટે ઘેર લઇ જા. તે પણ ભૂખી હશે.'

"ભાઇ સાંભળ હું રોજ સવારે અહીં નાળીયેર માટે પ્રાર્થના કરું છું. અને મને રોજ આ નાળીયેરી નાળીયેર આપે છે. માટે તારે પણ જો નાળીયેર જોઇતું હોય તો તું પણ સવારમાં આવી અહીં પ્રાર્થના કરજે અને એક નાળીયેર તારે માટે અને એક મારી ભાભી માટે લઇ જજે."

કાચબાભાઇ તો ખૂશ ખૂશ થઇ ગયા. મલકાતા મલકાતા ઘરે ગયા અને રાહ જોવા લાગ્યા કે કયારે કુતરો બા'ર જાય અને હું નાળીયેર લઇ આવું.

કુતરાને કામને લીધે બહાર જવું પડયું. કાચબાભાઇ તો આ તકની રાહ જોતા બેઠાજ હતા. તે તો દોડતા દોડતા સીધાં ગયા નાળીયેરી પાસે. અને એક પોતાને માટે અને બીજું એક પોતાની સ્ત્રી માટે નાળીયેર માંગ્યા. કાચબાભાઇની પ્રાર્થના પુરી થતાં નાળીયેરી ઉપરથી બે નાળીયેર 'ધબ્બ' કરતાં નીચે પડયાં.

કાચબાભાઇને વિચાર થયો 'આ બે નાળીયેરમાં શું થાય? આજ ને કાલ માટે પણ બીજા બે નાળીયેર ભેગા લઇ લઉં.' ફરી વખત તેણે પ્રાર્થના કરી પાછા બે નાળીયેર જમીન ઉપર આવીને 'ધબ્બ' કરતાં પડયાં.

કાચબાને તો લોભ લાગ્યો. એક દિવસના નાળીયેરમાં શું ? લાવને સાત દિવસના ભેગા લઇ લઉં. આવવા જવાની જંજાળજ નહિ.

કાચબાભાઇએ તો એક સાથે ચૌદ નાળીયેર માગ્યાં અને ચૌદ નાળીયેર 'ધબ્બમ્' કરતા નીચે પડયાં.

કાચબાભાઇ ને તો લોભ લાગ્યોજ હતો લોભ કરવાથી કાંઇ સારૂ પરિણામ આવેજ નહિ. વળી તેને વિચાર આવ્યો. કાલે કદાચ કુતરાભાઇ આવે ને નાળીયેર લઇ જાય તો ? અને નાળીયેરી ઉપરના બધા નાળીયેર બલાસ થઇ જાય તો ? લોભી ને સારા વિચાર તો નજ આવે. તેણે તો ફરી વખત પ્રાર્થના કરી કે નાળીયેરી પર જેટલા નાળીયેર છે તેટલા બધા નાળીયેર નીચે પડે.

નાળીયેરનો તો વરસાદ વરસવો શરૂ થયો. 'ધબ્બં ધબ્બ' કરતા નાળીયેર કાચબાભાઇ ઉપર પડવા માંડયાં. જાણે બોમ્બના ધડાકા કાચબાભાઇ ની તો પીઠ ભાંગી ગઈ અને માથુ પણ છુંદાઇને ચુરેચુરા થઇ ગયું.

કાચબાભાઇ તો મરી ગયા.

(ગોલ્ડકોસ્ટની એક લોક કથાને આધારે)

અનુવાદ: ઇન્દુ ઉપાધ્યાય

સૌથી લાંબુ બોગદું કેમ બંધાયું?

લેખક :
વિન્ધ્યગુપ્ત મૌર્ય.

દુનિયામાં સૌથી લાંબુ બોગદું આલ્પ્સ પર્વતમાં છે. તેનું નામ સિમ્પલન બોગદું. ઈટાલી અને સ્વીટઝરલેન્ડને જોડતી રેલ્વે આ બોગદામાંથી પસાર થાય છે. તેને બંધાયે ગયા ઉનાળામાં ૫૦ વર્ષ પૂરાં થયાં. તે બંધતાં ૩૦ લાખ પાઉન્ડનો ખર્ચ થયો હતો, ચાર હજાર માણસો તેમાં કામે લાગ્યા હતા પહાડ ફોડવા માટે ૧,૩૫૦ ટન ડાઇનેમાઈટનો ઉપયોગ થયો હતો. બોગદામાં એના ટોટા ગોઠવવા માટે ૪૦ લાખ છીંદ્ર પાડવામાં આવ્યા હતા અને તે ફોડવા માટે ૩,૨૯૦ માઈલ લાંબી વાટ બળી ગઈ હતી. આ બોદકામમાં ૪૮ માણસો માર્યા ગયા હતા. જેમાં મુખ્ય ઇજનેરનો પણ સમાવેશ થાય છે. એના બોદકામની કથા પણ રસિક છે.

આ બોગદું બોદતાં તેમાંથી એવા ગરમ પાણીના ઝરા નીકળી પડ્યા હતા કે એક ઝરાના પાણીની ગરમી તો ૧૨૭ ડીગ્રી ફેરનહાઇટ માલમ પડી!

તા. ૧૯ મે ૧૯૦૬ની સવારે ઈટાલીનો રાજા વિકટર ઇમેન્યુઅલ ત્રીજો જ્યારે બાસ ગાડીમાં બેસીને બોગદામાંથી પસાર થઇ સ્વીટઝરલેન્ડના પ્રમુખને મળવા આવ્યો ત્યારે બન્ને દેશોએ ગૌરવનો રોમાંચ અનુભવ્યો. તે પહેલાં ૧૦૦ વર્ષ અગાઉ નેપોલિયને આલ્પ્સમાં સિમ્પલન ઘાટમાંથી રસ્તો બંધાવી આ બે દેશને જોડ્યા હતા.

આ મહાન બોગદું બનાવવાનો કોન્ટ્રાકટ હેમ્બર્ગના જર્મન કોન્ટ્રેકટરોએ લીધો હતો અને એવી શરત કરવામાં આવી હતી કે કામ જેટલા દિવસ મોડું થશે તેટલા દિવસ રોજના પાંચ હજાર સ્વીઝ ફ્રાંક દંડ લાદવામાં આવશે! શરૂઆતમાં તો કામ બહુ ઝડપથી થયું. પરંતુ સ્વીઝ બાજુથી ચાલીસ માઇલ બોદાયા પછી બડકો એવા ગરમ નીકળ્યા કે જેમ વધુ બોદો તેમ ગરમી વધવા લાગી. ઇજનેરોએ એવી ધારણા રાખી હતી કે ૯૦ ડીગ્રી ગરમી નીકળશે, પણ તેને બદલે ૧૧૫ ફેરનહાઇટ ડીગ્રી નીકળી અને આગળ વધતાં તે ૧૨૭ ડીગ્રી થઇ! આવી ગરમીમાં મજુરો કામ કેવી રીતે કરી શકે? વીજળીના બળવાન પંખા વડે બહારથી ઠંડી હવા અંદર ધકેલવામાં આવી, પરંતુ વ્યર્થ. છેવટે બહારથી બરફ જેવું ઠંડુ પાણી લાવીને ગરમ બડકો પર છાંટવામાં આવ્યું.

ઇટાલીયન બાજુથી થતા બોદકામમાં ગરમ અને ઠંડા પાણીના ઝરા-ફુટી નીકળ્યા, અને તેમાંથી

અમે આપનું ધ્યાન દોરીએ છીએ

કે

અમારે ત્યાં મોટરને લગતા સ્પેર પાર્ટ્સ, અને
તેને લગતી બીજી અન્ય વસ્તુઓ માટે
અમારી મુલાકાત જરૂર લ્યો

યુ ના ઇ ટે ડ
મો ટો મો બા ઇ લ્સ

૪૩૧, લેમિંગ્ટન રોડ, મુંબઇ ૪.

એટલું બધું પાણી નીકળ્યું કે એક મિનિટના પંદર હજાર ગેલનની ઝડપથી તેની નદી વહેવા લાગી. તેમાં બોદકામ કેમ થાય? બીજી મુશ્કેલી એ નડી કે ઉપરના બડકો ભારે દબાણ કરતા હતા અને તેમને બેસી જતાં અટકાવવા કયાંક તો સીમેન્ટ અને પોલાદની ચાર ફીટ જાડી દીવાલ કરવી પડી.

ઇજનેરો અને કોન્ટ્રકટરો આ મહાભારત કામથી એવા તંગ થઈ ગયા કે જયારે આ કામ પૂરૂં થતાં અને તેને ભારે સફળતા મળતા બીજું બોગદું બાંધવાનું તેમને કહેવામાં આવ્યું ત્યારે તેમણે ના પાડી!

આ બોગદું ખુલ્લું મુકાતાં તેમાં આગગાડીઓની અવરજવર એટલીબધી વધી પડી કે બાજુમાં બીજું બોગદું કોરવું પડયું. બાજુમાં નાનું બોગદું તો જર્મન કંપનીએ કર્યું જ હતું. તે આઠ લાખ પાઉંડના ખર્ચે મોટું કરવામાં આવ્યું. આ બોગદું મોટું કરવામાં ભારે સંભાળ રાખવાની જરૂર હતી, કારણ કે બાજુનું બોગદું માત્ર ૪૦ ફીટ દૂર સમાન્તરે હતું અને વચલી દિવાલને નુકશાન થાય તે તે બોગદું ધસી પડે. બરોબર વચ્ચે આ બે બોગદાં મળે છે જ્યાં ગાડીઓ પાટા બદલી શકે છે. અહીં સિગ્નલની એવી અદ્યતન વ્યવસ્થા રાખવામાં આવી છે કે કોઈ જાતના ભય સામે પણ સ્વંયસંચાલિત સિગ્નલ ચેતવણી આપે છે.

ગયા વિગ્રહ વખતે સ્વીટઝરલેન્ડ પર જર્મન આક્રમણનો ભય લાગતો હતો ત્યારે સ્વીઝ સરકાર ચોવીસે કલાક આ બોગદાની રખેવાળી કરતી હતી અને જો જર્મન ચડાઇની ખબર મળે તો તરતજ ત્યાનું બોગદું કુંકી દેવા માટે ડાઇનેમાઇટ ભરેલા દબા તૈયાર રાખવામાં આવ્યા હતા. યોજના એવી હતી કે આ ડબ્બાને વચ્ચેના જંકશન પર મોકલીને તેમને કુંકી દેવા. એ જંકશનમાં એવી ગરમીમાં માણસો દિવસ ને રાત ચિંતા અને ગરમીથી તંગ બનીને કોઇપણ પરિસ્થિતિના સામના માટે તત્પર રહેતા હતા. પરંતુ એ આફત કદી આવી નહિ.

આમ ગયા ઉનાળામાં દુનિયાના આ સૌથી લાંબાં બોગદાંની સુવર્ણજયંતી અને નેપોલિયને બાંધેલા ઘાટના રસ્તાની ૧૫૦મી જયંતી ઉજવવામાં આવી. નવાઇની વાત એ છે કે દોઢસો વર્ષ પહેલાં બંધાયેલો આ પહાડી માર્ગ હજી એવોજ છે અને દર વર્ષે પોણા બે લાખ જેટલી મોટર-ગાડીઓ તેની ઉપરથી પસાર થાય છે.

યુરોપના સૌથી ઠંડા અને ઉંચા પહાડમાંથી કોરી કાઢેલું આ બોગદું આમ સૌથી વધુ ગરમ છે તેમ છતાં તેમાં ઠંડી–ગરમી બંનેના ચમત્કાર છે. ઇટાલી બાજુથી અઢી માઇલ બોદ્યા પછી તેના બડકોમાંથી એવા ઠંડા પાણીનો જોરદાર ઝરો ફુટી નીકળ્યો કે દર મિનિટે તેમાંથી ૧૦,૫૬૪ ગેલન પાણી દર ઇંચે ૬૦૦ રતલના દબાણ સાથે મારો ચલાવવા લાગ્યું, તેનો વધુમાં વધુ પ્રવાહ ૧૭,૦૮૧ ગેલન સુધી પહોંચ્યો અને તેના ઠંડા પાણીથી બોગદાંમાં ઉષ્ણતામાન ૫૫॥ ડીગ્રી ફેરનહાઇટ સુધી ઉતરી ગયું! પરંતુ ઉપર કહ્યું છે તેમ આગળ ઉપર જતાં દર મિનિટે ૧,૬૦૦ ગેલન ગરમ પાણી પાણી છોડતો ઝરો ફુટી નીકળ્યો જેની ગરમી ૧૧૫ ડીગ્રી ફેરનહાઇટ હતી! તેનો વધુમાં વધુ પ્રવાહ ૪,૩૩૦ ગેલન સુધી પહોંચ્યો. અહીં બડકો વજ્રતુંડ અને કૃષ્ણ પથ્થરના નહિ પણ અભ્રક, ચુનાના પથ્થર અને જંબુર બડક નીકળ્યા. આ બોગદાં ઉપર વધુમાં વધુ ૭,૦૦૫ ફીટ ઉંચા પહાડનું વજન છે, અને તેથી કયાંક તો બોગદાંની બીજા આસપાસના ભારે દબાણથી ઉંચી થઇ આવી હતી! તેને સપાટીમાં રાખવાના ઉપાય યોજવા પડયા હતા.

એક રાજા એક ભિખારી

એક હતો રાજા.
એક હતો ભિખારી.

રાજા સાત સાત પેઢીથી ઉતરતી આવેલ રાજગાદીનો વારસદાર હતો. ભિખારી હતો સાત સાત પેઢીથી ભિખ માગતી જમાતનો છેલ્લો ભિખારી.

એક વખત રાજાને દાન આપવાનો વિચાર થયો. તેણે પહેલા ભિખારીને બોલાવ્યો અને દસ સોના મહોર દાનમાં આપી બીજે દીવસે ફરી વખત તેને બોલાવી વીસ સોનામહોર દાનમાં આપી. ત્રીજે દિવસે ત્રીસ આમ રાજા દાનની રકમ રોજને રોજ વધારતોજ ગયો. રાજા દાન આપતો અને તે પણ પહેલા એકજ ભિખારીને.

હવે તો ભિખારી પણ દાનમાં મળતી સોનામહોર લેવા રોજ સવારના રાજાના મહેલ પાસે આવી ઉભો રહેતો. ભિખારીથી દાનમાં અપાતી સોનામહોર માથા પર ઉપાડી પણ જાતી નહોતી રાજા રોજ સોનામહોર એટલી બધી દાનમાં આપતો કે ભિખારી તેનો ભાર પણ ઉપાડી શકે તેમ હતો નહિ. કારણ કે ભિખારી દુબળો, પાતળો અને માયકાંગલો હતો. રાજાની સોનામહોર જે દાનમાં અપાતી હતી તેને ઉપાડવા માટે ભિખારીએ એક ગધેડો રાખ્યો. રાજા પાસેથી દાનમાં સોનામહોર લઈ ગધેડા ઉપર ઉંચકીને રોજ ભિખારી લઈ જતો.

એક દિવસ .... ભિખારી રામશરણ થયો. એટલે કે મરી ગયો. સવારમાં ભિખારી દાન લેવા ન આવ્યો એટલે રાજાને નવાઈ લાગી. રાજા પોતાના પ્રધાનને લઈ જ્યાં ભિખારી રહેતો હતો ત્યાં તપાસ કરવા આવ્યો. રાજા ને ત્યાં ખબર પડી કે ઝુપડીમાં ભિખારી મરણ પામ્યો છે.

અને બાજુમાં સોના મહોરના ઢગલા પડયાં છે. આ સોનામહોરો રાજાએ આપી તે હતી. અને સાથે ભિખારી ના બાપદાદાએ જે ભિખ માગી સોનામહોર ભેગી કરી હતી તે પણ હતી.

પ્રધાને રાજાને કહ્યું "મહારાજ આ ભિખારીનો કોઇ વારસદાર નથી. અને તેણે લગ્ન પણ કર્યા નથી. અને હવે તેના આ ધન નો ઉપયોગ કરનાર કોઇ પણ નથી. કાયદેસર બિનવારસ મિલ્કત રાજાની માલિકીની ગણાય. માટે આપ હુકમ કરો તો આ બધી સોનામહોર રાજ્ય ની તિજોરીમાં જમા કરાવી આવું.

રાજા એ હા પાડી બીજે દિવસે રાજાએ પોતે દાનમાં આપેલ સોના મહોરનો હિસાબ કર્યો તો તેણે દસ હજાર સોનામહોર ભિખારી ને આપી હતી. અને ભિખારીની જે બિન વારસ સોનામહોર રાજ્યની તિજોરીમાં જમા કરવામાં આવી હતી તે તો અગીયાર હજાર હતી. એક હજાર સોનામહોર વધારે હતી. તે ભિખારીના બાપ દાદાના વખતની ભિખ માગી ભેગી કરેલી હતી.

રાજાને સંતોષ થયો. દાન દાનનો પ્રતાપ લઈ પાછું ફર્યું હતું.

એ દિવસથી દાન દેવામાં ફળ પ્રાપ્ત કરવાની પ્રથા ચાલુ થઈ. જે લોકો દાન કરે છે તે હંમેશા તેના ફળની આશા રાખે છે.

અનુ. મનુ ઉપાધ્યાય

લેખક :
મહેન્દ્ર "પ્રાણ"

ટોમીભાઈ તો ભૂલા પડ્યાં

લે:— જયા વોરા.

સંજય રાજુલ અને નાનો ટોમી ઉપડયા ચોપાટીએ ફરવા. ટોમીને તો છુટ્ટી જગ્યા જોઇને દોડાદોડી કરવાનું મન થઈ ગયુ. તે તો માંડયો આગળ ને આગળ દોડવા. રાજુલના હાથમાં રહેલી સાંકળી ખેંચાવા લાગી. પણ રાજુલને થયું- "કાંઈ નહિ, બિચારાને મૂકવા દેને છુટ્ટી. આખો દિવસ બંધાઈ રહેવાથી એને કંટાળો ન આવે?"—તેણે તો આમ વિચાર કરીને સાંકળ મૂકી દીધી. ટોમીભાઇને તો મઝા આવી ગઈ. તે તો જવી સાંકળ ઢીલી થઇ કે ઝટ દઇને દોડી ગયો. સંજય અને રાજુલને થયું કે થોડી વારમાં ટોમી જાતે જ પાછો આવશે. અને તેમ માનીને બન્ને જણ રેતીમાં બેસી ગયાં. પા કલાક થયો, અડધો કલાક થયો પણ ટોમીભાઇ તો આવ્યાં નહીં. રાજુલ અને સંજય તો ગભરાયાં. અને ચારે તરફ શોધવા લાગ્યા તેનો તો કયાંય પત્તો ન મળે.

ટોમીભાઇ તો ખૂબ ખૂબ ફર્યા, અને થાકયા. પછી એક બાજુ બેસીને વિચાર કરવા લાગ્યા: "હવે શું કરું? કયાં જઉં? એ લોકો કયાં હશે?" એટલામાં તો દૂ....રથી એક ટપાલીને આવતો તેણે જોયો.

"હાઉ....હાઉ...એ ટપાલી, મારા છોકરાંને કાગળ લખું તો તું લઇ જશે?"

ટપાલી કહે: 'તું કાગળ લખવાનું કહે છે. પરંતુ તને તેઓનું નામ અને ઘરનું નામ આવડે છે?'

ટોમી તો વિચાર કરતો ઉભો રહયો—'નામ તો આવડતું નથી. હવે શું કરવું?, ત્યાં તો એક બસ આવી. ટોમીને થયું:

'આ બસનો ડ્રાઈવર જરૂર મને ઘેર લઈ જશે.' તેણે બૂમ પાડી 'ઉભો રહે, ઉભો રહે, તું મને ઘેર લઇ જશે?'

ડ્રાઇવર કહે: 'હા, પણ તારે કયાં જવું છે એ ખબર છે?

ટોમી બિચારો શું બોલે? ડ્રાયવરે ટોમીને રડવા જેવો થઇ ગયેલો જોયો. એટલે તેણે કહ્યું: 'ત્યાં દૂર ટેલીફોન છે. ત્યાં જઇને કોઇને પણ કહીશ એટલે તારે ઘેર ટેલીફોન કરી આપશે.'

ટોમી તો દોડયો ટેલીફોન પાસે. ત્યાં એક માણસ ઉભો હતો. તેણે કહ્યું:

'એ ભાઈ, મારે ઘેર ટેલીફોન કરી આપે છે?'

પેલો માણસ કહે: તારા ઘરના ટેલીફોન નંબર શું છે?

ટોમી શું જવાબ આપે? તેને તો નંબર પણ આવડતો ન હતો,



અજબ ગજબનું

માટીનો લોચો લો. ગોળ પેંડા જેવો બનાવો. પછી છ પગ જરા મજબૂત કાગળમાંથી કાપી દરેક બાજુ પર ત્રણ ત્રણ લગાવો. માટીનું માથું પણ લગાવો.

પછી પીઠમાં બરાબર વચ્ચમાં એક કાણું કરો અને એમાં લાંબા રબરની પટી પરોવો

પછી સુકાયા બાદ ઉપર પટા પણ ચીતરજો.

એ સુકી જાય ત્યાર પછી 'અજબ ગજબ'નું આ જાનવર હાથમાં પકડી કુદાવવાની મઝા આવશે.

સાધન :—માટી, કાગળ, કાતર, પીંછી, પીન, રંગ અને રબરની પટી.

પેલા માણસને દયા આવી એટલે તેણે ટામીને કહ્યું

'ત્યાં જે પોલીસ ઉભો તે તને કંઈ પણ મદદ કરશે.'

ટામી દોડ્યો પોલીસ પાસે. તેને જઇને કહે : 'પોલીસદાદા, પોલીસદાદા મને મારે ઘેર મૂકી જશો?'

પોલીસ બોલ્યોઃ 'હા, પણ તારૂ ઘર કયાં છે? તારા ઘરના લોકોનું નામ શું છે?'

પરંતુ ટામી શું જવાબ આપે? તેને તો કાંઈજ ખબર ન હતી. હવે પોલીસ પણ તેને કયાં લઇ જાય? ટામીભાઇ તો હવે રડવા લાગ્યા. પડે હોં!

પણ એટલામાં તો રાજુલ અને સંજય દોડતાં દોડતાં આવ્યાં અને ટામીને જોઇને ખુશ ખુશ થઈ ગયા, અને ઝટઝટ તેને લઇને ઘેર ઉપડયા.

ઘરે જઇને રાજુલ ટામીને કહેઃ

'કેમ ભૂલો પડી ગયોને? હવે જે બહાર જઇએ ત્યારે એમ છુટટો નહિ પડી જતો અને ઘરનું નામ, ઘરના લોકોનું નામ, રસ્તાનું નામ, ટેલીફોન નંબર બધું જ યાદ રાખજે એટલે ઝટ દઇને કોઈ પણ ઘેર મૂકી જાય.'

થોડા દિવસમાં તો ટામીભાઈ બધુંજ શીખી ગયા. હવે ફરી ટામીભાઇને રડવું નહિ પડે હોં!

ચકલીએ ચણો ચણ્યો

લે. શ્રી. રમેશ કોઠારી.

એક હતી ચકલી

એની નાની નાની પાંખ

એની નાની નાની આંખ

એ એમ ઉડે, એ તેમ ઉડે, એ ઉપર ઉડે, એ નીચે ઉડે, એ ઉડયા કરે.

એ દાળ ચણે. એ ચોખા ચણે એ બધું ચણે.

એકવાર એ ચણવા ગઈ. ચણતાં ચણતાં ચણો જડયો.

ચણો તો શકેલો નહિ. ચણો તો પીળો પીળો. પીળો જાણે પીળી હળદર જેવો. ગોળ જાણે ગોળી જેવી. ચકલીની નાની ચાંચ તેવી ચણાને પણ નાની સરખી ચાંચુડી જેવી અણી. ચકલીએ ચાંચમાં ચણાને લીધો ને એ તો ચાલી એના ઘેર. ચણો એણે ખાધો નહિ. ચણો એને રોપવો તો.

ઘરની આજુબાજુ ઘણી બધી ચકલીઓ રહે. ચકલીના ચણાને બધી ચકલીઓએ જોયો. ગોળ ગોળ અને પીળો પીળો ચણો જોઇને ચકલીઓના મોંમાં તો પાણી આવ્યું.

બધી ચકલીઓ બોલી ઉઠી:

'ચકલી ચકલી ચણો આપ !'

ચકલી બોલી:

'ચણો કેવો ને વાત કેવી
નહી આપું ! નહી આપું !'

બધી ચકલીઓ બોલી ઉઠી:

'ચકલી ચકલી ચણો આપ !
નહિ તો મખ્ખીચુસ તારો બાપ'

ચકલી બોલી:

'કેવું હોય તે કો મારા ભાઈ,
કોઇને ચણો તો મળશે નહિં !'

એમ કહીને ચકલી ઉડીને કબુતરોના માળા પાસે માળો બાંધીને રહી.

કબુતરોએ ચણો જોયો. બધાં કબુતર બોલ્યાં.

'ચકલી ચકલી ચણો આપ ?
નહિ તો મખ્ખીચુસ તારો બાપ !'

પાછી ચકલી બોલી :

'કેવું હોય તો કો મારા ભઇ !
કોઇને ચણો મળશે નહિ !'

એમ કહીને એતો ચાલી પોપટ લોકોના માળા પાસે, માળો બાંધીને રહી.

પોપટ બોલ્યા :

'ચકલી ચકલી ચણો આપ !
નહિ તો મખ્ખીચુસ તારો બાપ !'

ચકલી પાછી બોલી :

'કેવું હોય તો કો મારા ભાઇ,
કોઇને ચણો મળશે નહિ,'

બધાં પંખીઓએ મળી ચકલીને કાઢી મુકવા બુમો પાડી :

'ચકલી ચકલી ચાલી જા !
ચણો લઇને ચાલતી થા !
અમારી સાથે રહેતી ના !
એકલી રે ને ખીલ્લો ખા !

ચકલીને તો બહુ લાગ્યું. પણ એતો બધાના માળાથી ઘણે આઘેની તળાવડી ઉપર ગઇ. ત્યાં એણે માળો બાંધ્યો, અને ત્યાં એણે તળાવડીની પાળે ચણો વાવ્યો. રોજ ચાંચમાં પાણી ભરે ને ચણાના ક્યારાને ભરે; ચણો રાતે મોટો થાય એના કરતાં દાડે વધારે મોટો થાય અને દાડે મોટો થાય એના કરતાં રાતે વધારે મોટો થાય. એક ચણાને ચણા સમાવ્યા. ચણા પાકયા.

ચકલીએ પાછા બધા ચણા વાવ્યા. ચણાનું નાનું ખેતર થયું. પાછા બધા પાકયા. એક છોડના એક હજાર છોડ થયા. એક હજારના એક લાખ છોડ થયા, એક લાખના એક અબજ છોડ થયા.

'ચકલી ચણાની બાલીક થઇ,
ચકલીને ખોટ જ નહિ,
ચણા તણા તો ઢગલા થાય,
ચકલી સાચવી રાખે જાઇ!

એક વરસ વરસાદ ન પડયો. વનમાં ફળ નહિ. ખેતરોમાં ચણ નહિ ચકલીઓ ભૂખે મરે! કબુતર ભૂખે મરે! પોપટ ભૂખે મરે! સઘળાં પંખી ભૂખે મરે! બધાં રડે:

'ખેતરમાં કણ નહિ:
ચણવાને ચણ નહિ;
બાપરે બાપ આ શું થાય;
ચણ્યા વગર તો કેમ રે'વાય?'

ચકલીને આ વાતની ખબર પડી. ચકલી તો બહુ સારી. દુઃખ્યાનું દુઃખ મટાડે. ભૂખ્યાને ખાવાનું આપે. ચણાનો તો ભંડાર. ખાવાના શા પાર.

ચકલી તો ઉડીને ચકલીઓ પાસે ગઈ. અને બોલી:

ચાલો મારાં ચકલાં ભાઈ,
મારે ઘેર તો ચણ છે ભાઈ,
આખું વરસ ચણ્યા જાવ,
સુખે તાજા માજા થાવ,
રોજ ખાસો તો ખૂટશે નહિ,
મારા ભંડાર તૂટશે નહિ'

ચકલીઓ સાંભળીને રાજી રાજી થઇ ગઇ ને ફ..ર.ર... ફ. ર. ર થઇને ઉડીને ચકલી સાથે ઉડી. રસ્તામાં ચકલી થોભી. કબુતરનાં ઘરે આવ્યા. ચકલી બોલી:

'ચાલો મારાં કબુતર ભાઈ,
મારે ઘેર તો ચણ છે ભાઇ,
આખું વરસ ચણ્યા જાવ,
સુખે તાજા માજા થાવ,
રોજ ખાશો તો ખુટશે નહિ,
મારા ભંડાર તૂટશે નહિ!'

કબુતર તો રાજીના રેડ. ઉડીને એ તો સાથે થયાં. પોપટને જોઇને ચકલી બોલી:

'ચાલો મારાં પોપટાં ભઈ,
મારે ઘેર તો ચણ છે ભાઈ,
આખું વરસ ચણ્યા જાવ,
સુખે તાજા માજા થાવ,
રોજ ખાશો તો ખુટશે નહિ,
મારા ભંડાર તૂટશે નહિ.'

બધાં પંખી ભેગાં મળ્યાં. ચકલી તણાં તેડાં મળ્યાં. પહોંચ્યાં સૌ ચકલીને ઘેર. ચણુ બાધાની લીલા લેર. બાએ સઘળાં સાથે સાથ. ચકલીની રુડી જાત બધાં બોલ્યાં એકી સાથ;

'ચકલી તારાં મોટાં માન,
અમને તો કાંઈ ના છે ભાત,
ચણો અલી તેં ચણ્યો ના,
અમને ચણવા આપ્યો ના,
વાવી ભર્યા આ ભંડાર,
ચણાનો તો ના છે પાર,
અમને બેની માર ને માર,
જીત તારી ને અમારી હાર.'

ચકલી બોલી:

'પંખી મારા ભલા ભાઇ,
આવું તમારાથી ના બોલાય,
આપણે સઘળાં ભાઇ ભાઈ,
સાથ મળીને તો જીવાય.'

વાહ ચકલી વાહ! વાહ ચકલી વાહ!
ચકલીએ ચણો ચણ્યો ના!

○　　○　　○

જેલર અને બાપુ....

શ્રીમાન કવીન અયરિશ યરવાડા જેલના જેલર હતા તેમને આપણા રાષ્ટ્રપિતા ગાંધીબાપુ પ્રત્યે ખુબજ પ્રેમ હતો. શ્રીમાન કવીન રોજ સાંજે આવી બાપુની સાથે વાતો કરતા. થોડા દિવસ પછી બન્ને સારા મિત્રો થઇ ગયા. શ્રી કવીન બાપુ પાસે રોજ ગુજરાતી શીખતા.

જયારે છુટા પડવાનો સમય આવ્યો ત્યારે શ્રી કવીને બાપુને કહ્યું: "મને વારંવાર વાંચવુ ગમે એવું સુંદર એક વાકય તમે મને ગુજરાતી ભાષામાં લખી આપો, તમારી યાદગીરી તરીકે તે કાગળ સદા હું મારી પાસે પ્રેમથી રાખીશ" બાપુએ લખી આપ્યું, 'કેદીઓ સાથે સ્નેહ અને સૌજન્યનું વર્તન રાખો. જો કોઇવાર કોઇ કારણસર તમને તેમના ઉપર ગુસ્સો આવે તો ઉકળી ન ઉઠતાં શાંત થઇ જાઓ.'

બાપુના આ અક્ષરો વાળો આ કાગળ શ્રી કવીન સદા પ્રેમથી પોતાના સાથે રાખી મૂકતા. જયારે તેઓ વિલાસપુર જેલના મુખ્ય અધિકારી થયા ત્યારે ગુજરાતના રાજનૈતિક કેદીઓને ત્યાં રાખવામાં આવ્યા હતા. અકવાર એવુ બન્યું કે શ્રી કવીનને કોઇ કારણસર કેદીઓ ઉપર એટલો ગુસ્સો આવ્યો અને કેદીઓ પણ એટલા ચીઢાઇ ગયા કે ગોળીઓ ચાલવા સુધીના પરિસ્થિતિ થઇ ગઇ. તરતજ શ્રી કવીને એક પળ માટે એકાંતમાં જઇ ગજવામાંથી પેલો બાપુવાળો કાગળ કાઢીને બે-ત્રણવાર વાંચ્યો અને શાંત થયા. એટલુંજ નહીં, તેમણે સત્યાગ્રહીઓ પાસે માફી પણ માગી.

પૂરે પૂરી મદદ કરો

એક એસા નામનો ખેડૂત હતો. એસા ખેતી મહેનત અને ખંતથી કરતો. તેને બરાબર ખબર હતી કે એક ખેતરમાં વારંવાર પાક લેવાથી જમીનનો કસ નબળો પડે છે, અને જમીન કમજોર બની જાય છે. આ માટે ખેડવા માટેની નવી જમીનની શોધ કરવા માટે તે નિકળી પડયો.

ચાલતા ચાલતા એક જંગલ આવ્યું. જંગલની અંદર એક રસાળ જમીનનો પટ તેણે જોયો. તેણે મનમાં વિચાર કર્યો કે આ જમીન ને ખેડી અને અંહીજ ખેતી કરવી સારી છે. જમીન પણ રસાળ છે અને પાક પણ સારો ઉતરશે. તેણે તે જમીન ખેડવી શરૂ કરી. ખેતરમાં જમા થયેલા જાંખરા કાંટા ઝાડ ને તેણે ઉખેડવા શરૂ કર્યાં એટલામાં તો તેના કાને એક અવાજ આવ્યો:-

"ભાઇ તું કોણ છે?' અવાજ સાંભળી એસા ડરી ગયો થોડા વખત પછી તેણે જવાબ આપ્યો.

"હું ખેડૂત છું. મારૂ નામ એસા છે. આ જમીનમાં મારે ખેતી કરવી છે એટલા માટે હું આ ઝાડ જાંખરા ઉખેડું છું."

ફરી વખત અવાજ આવ્યો. "બેટાઓ જાઓ ઝાડ જાંખરા ઉખેડવામાં આ ખેડુતને મદદ કરો"

થોડાજ વખતમાં ખેતર હથેલીની જેમ તદ્દન ચોખ્ખુ થઈ ગયું.

એસાના મોઢામાંથી એટલા બોલ પણ ન નિકળ્યા કે 'ભાઈ હું તમારો આભાર માનું છું.'

પછી તેણે બી વાવવા શરૂ કર્યાં એટલામાં ફરી વજત અવાજ આવ્યો.

'બેટાઓ જાઓ આ ખેડુતને બી વાવવામાં મદદ કરો.'

વાતવાતમાં તો ખેતરમાં બી બેટાઓએ વાવી દીધાં. આ વખતે એસા એ પોતાના કામમાં મદદ કરનારા અને ન દેખાતા એવા આ દેવતાનો આભાર માન્યો, પણ તેને ફુલ ચડાવવાનું કે નૈવદ્ય ધરવાનું યાદ ન આવ્યું. કે તેણે મોઢેથી એમ પણ ન કહ્યું કે 'મારા લાયક કોંઈ કામકાજ હોય તો ખુશીથી મને કહેજો.'

આ વાતને ત્રણ મહિના જોતજોતામાં વીતી ગયાં. પાકની ઉપર ડુંડા આવવા શરૂ

થયા. પાક લણવાને થોડા વખતની વાર હતી.

એક દિવસ એસાની ઘરવાળી પોતાના નાના છોકરાને લઇ જંગલમાં જતી હતી. છોકરાએ ખેતરમાં દાણાથી ભરેલાં અને લચકી પડતાં લીલાછમ ડુંડાને જોયાં. અને તેણે પોતાની માને કહ્યું

'મા મારે આ ડુંડુ જોઇએ છે.'

માએ જવાબ દીધો.

'બેટા ડુંડુ તો હજી કાચુ છે. તેને તોડવું નકામું છે.'

છોકરો તો હઠે ચડયો હતો. તેણે પોતાની માની એક પણ વાત ન માની. માએ છોકરાને ધમકાવ્યો. છોકરાએ રોવાનું શરૂ કર્યું. છોકરાને છાનો રાખવા માટે એસાની ઘરવાળીએ એક ડુંડુ તોડીને બાળકના હાથમાં આપ્યું. એટલામાં તો આકાશવાણી સંભળાણી

'તું કોણ છે?'

'હું એસા ખેડૂતની ઘરવાળી છું. મારા છોકરાને માટે મોલમાંથી મેં એક ડુંડુ તોડયું છે! ફરી લખત અવાજ આવ્યો 'બેટાઓ જાઓ ડુંડા તોડવામાં આ એસાની ઘરવાળીને મદદ કરો.'

થોડા વખતમાં ખેતરના બધા ડુંડા કપાઈ ને નિચે પડી ગયાં. ડુંડાની અંદરના દાણા તો હજુ કાચા હતાં.

સૌજના નિયમ મુજબ સવારે એસા ખેતરમાં આવ્યો. ખેતરમાં જોયું તો બધા કાચા લીલાછમ ડુંડા કપાઇને નીચે પડયાં હતાં. પહેલાં તો આ જોઇ તેને નવાઈ લાગી, અને પછી દીલ પર મોટા આઘાત લાગ્યો. તેણે બે હાથે કુટવું શરૂ કર્યું.

'હાય... હાય.... મારી બધી મહેનત ધૂળમાં મળી ગઈ. આ બધું કોણે કર્યું?'

ત્યાં તો પહેલો દૈવી અવાજ સંભળાણો.

'છાતી કોણ કુટી રહ્યું છે?'

'એ તો હું એસા છું. મારો સારો મોલ કોઇએ કાપી નાખ્યો છે.' અને તેણે રોવાનું તેમજ છાતી કુટવાનું શરૂ કર્યું.

ફરી વળત આકાશવાણી સંભળાણી 'બેટાઓ જાઓ, છાતી કુટાવવામાં આ ખેડુતને મદદ કરો.' પછી તો પૂછવાનું શું હતું? અદશ્ય બેટાઓએ હુકમ માથે ચડાવ્યો. અને પુરે પુરા બળ અને જોશની સાથ ખેડુતની છાતી કુટવા માંડયા.

સાંજ પડી એસા હજુ સુધી ઘરે આવ્યો ન હતો. ગામના લોકો તેની તપાસ કરતા કરતા ખેતરે આવ્યાં. ત્યાં તેણે જોયું તો કપાયેલાં ડુંડાઓની વચ્ચે એસાની લાશ ચત્તિપાટ ખેતરની વચમાં પડી હતી

—કાશીનાથ ત્રિવેદી

(ગોલ્ડ કોસ્ટની એક લોકકથા ઉપરથી)

અનુ. ઇન્દુ ઉપાધ્યાય

બચ્ચું કોનું ?

—પ્રભુભાઇ ઉપાધ્યાય

કા...ક કા...ક કા....ક કા....ક
લીમડાના ઝાડ પર
કાગડાનો અવાજ થયેા અને–
એક બચ્ચું બિચારૂં,
કાગડાના મોં માંથી નીચે પડયું.
તેની પાછળ કાગડા પણ
નીચે આવ્યા ને બચ્ચાને
ચાંચેા મારવા લાગ્યા ! ! !

બે છોકરા, હરૂ ને ચતુ
એકદમ દોડયા,
ને બચ્ચાને લઈ લીધું.
કાગડા ઊડી ગયા.

હરૂ કહેઃ આ તેા બુલબુલનું બચ્ચું....
ચતુ કહેઃ ના, ના.
આ તેા કાગડાનુંજ બચ્ચું છે;
જોને, કેવું કાળું કાળું છે ! ! !

સામેથી અનુ દોડતી આવી;
ને પૂછવા લાગી,
શું થયું ?



મુખ્ય વિક્રેતા:
પી. રમણલાલ એન્ડ કું.
૧૧૬/૧૮ નારાયણ ધરૂ સ્ટ્રીટ, મુંબઇ ૩.

ઉત્પાદક:
પ્રકાશ મેટલ વર્કસ.
મુંબઇ ૪.

હરૂ, ચતુ કહે :
કા કા કા ગ કો ચિં તા,
ચાંચુ મારી પીખીં તા;
ઊંચકી ફેંકયું ઝાડેથી,
નીચે આવ્યું માળેથી;
થરથરતું શું જુએ,
આંખો એની રૂએ !!!



આ.... લીમડાના ઝાડ
પરથી પડયું.
કાગડા બ...ધા એને
મારી નાખતા'તા.

❁ ❁ ❁

અતુ કહે: આને કરશો શું?
હરૂ, ચતુ કહે :
એને સાજું કરશું;
એને તાજું કરશું.

અતુ કહેઃ બરાબર બરાબર,
ચાલો આપણે ઘેર લઈ જઇએ.

હરૂ, ચતુ અને અતુ,
તેને ઘેર લઈ ગયાં.

ઘરમાં પેસતાંજ બચુએ પૂછયું:
આ શું પકડી લાવ્યાં?
બધાં કહેઃ
કા કા કા ગ કો ચિ તા,
ચાં ચુ મા રી પી ખીં તા;
ઊં ચ કી ફેં ક યું ઝા ડે થી,
ની ચે આ વ્યું મા ળે થી;
થ ર થ ર તું શું જુ એ,
આં ખો એ ની રૂ એ!!!

પે....લા લીમડાના ઝાડ પરથી પડયું.
કાગડા બધાં એને
મારી નાખતા'તા !!!

હોમિયોપથી

પશ્ચિમ ભારતની ઉચ્ચ કોટીની ખાત્રીવાળી શુધ્ધ હોમિયોપથી તેમજ બાયોકેમિકની દવાઓ, ગ્લોબ્લ્સ બાટલીઓ, મુચો અને અન્ય વસ્તુઓ અને અમેરિકન, અંગ્રેજી અને ભારતીય સાહિત્ય પણ મળે છે. સૂચત ત્ર વિના મૂલ્યે મળશે.

★ ★ ★

બાયો – ટોના

નાના બાળકો માટે વરદાન

બાળકોને તંદુરસ્ત અને સશકત બનાવવા માટે છેક ઘોડિયામાં હોય ત્યારથી આપી શકાય એવી દવા.

રોય એન્ડ કું.

પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ–૨.

લકસ–ઓ–લકસ — જુલાબ માટે સર્વોત્તમ ઔષધ.

બચુ કહે: આને કરશો શું?
બધાં કહે:
ઍને સાજું કરશું,
ઍને તાજું કરશું.
બચુ કહેઃ બરાબર છે બરાબર છે
હું પાણી લાવું.
અનુ કહેઃ હું રૂ લાવું.
ચનુ કહેઃ હું પાટા લાવું.

❋ ❋

બચુએ આણ્યું પાણી;
અનુએ આણ્યું રૂ;
ચનુએ આણ્યો પાટો;
ને સારવાર થઇ શરૂ.

બચ્ચાને સારું લાગ્યું.
થરથરતું બંધ પડ્યું.
બધાંની સામું જરા—
આંખ ઉઘાડી જોવા લાગ્યું.
ત્યાં તો બહારથી
બા ને બાપુજી આવ્યાં.
બધાંને ટોળે વળેલાં જોઈ,
પૂછવા લાગ્યાં:
'આ શું કરો છો?'
બધાં કહેઃ
કાકા કાગ કોચિંતા,
ચાંચો મારી પીખીંતા;
ઊંચકી ફેંકયું ઝાડેથી,
નીચે આવ્યું માળેથી;
થરથરતું શું જુએ,
આંબ્યો એની રૂએ!!!

પે....લા લીમડાના ઝાડ પરથી પડ્યું.
કાગડા બધા એને,
મારી નાખતા'તા.

પણ આ કરો છો શું?
બા, બાપુજીએ પૂછ્યું.
બધાં કહે:
ઍને સાજું કરશું;
ઍને તાજું કરશું.
બા, બાપુજી કહેઃ ભલે, ભલે.
પેલી આપણી લાલ દવા છે ને,
તે લગાડશો તો એને
જલ્દી મટી જશે.
લગાડો દવા.

ચનુ દોડીને લાલ દવા લાવ્યો,
ને મંડ્યો લગાવવા.

બચ્ચું તો જરા ચાલ્યું;
બધાં બોલી ઉઠ્યાં:

ચાલ્યું, ચાલ્યું;
ચાલ્યું, ચાલ્યું;



આ ધાં
આ ધાં
એને હવ
આવ

❋ ❋

બાપુજી
આ બ:
હરૂ ક

બધાં કહે: કાગડાનું.
હરૂ કહે: પણ ગળા નીચે ધોળું છે ને?
બધા કહે: પણ પીઠ બધી કાળી છે ને?

એટલામાં બહારથી મોતી આવ્યો,
ને બોલી ઊઠ્યો:
બુલબુલનુંય નથી,
ને કાગડાનુંય નથી.
હરૂ કહે: ગળા નીચે ધોળું છે ને?
બધાં કહે: પીઠ બધી કાળી છે ને?
મોતી કહે: કાગડા જે...વું ખરું;
પણ કોઇએ એને બોલતું
સાંભળ્યું છે?
હરૂ કહે: હા, હા.
કં કં કું... કં કં કું....
કાગડા એને મારતા'તા,
ત્યારે એ બોલતું'તું.

મોતી કહે: બસ ત્યારે
કોયલનું બચ્ચું.
બધાં કહે: ત્યારે કાગડાના
માળામાં કયાંથી?!

મોતી કહે: કોયલ, તેનાં ઈંડાં
કોઈ ન હોય ત્યારે
કાગડાના માળામાં મૂકી આવે છે!!

બધાં કહે: એટલેજ; કાગડા
ચિઢાઇને તેને મારતા હશે.
બચ્ચું તો ધીમે ધીમે ચાલ્યું;
ને થોડું ઊડવા માંડયું!!

સામા આંબા પરથી
કોયલ બોલી....
કૂ....ઊ કૂ....ઊ
બચ્ચું પણ બોલ્યું
કં કં કું.... કં કં કું
બધાં હસી પડયાં ને
બચ્ચું તો ઊડયું!!
બધાં બોલી ઊઠયાં:
એ ઊડયું, એ ઊડયું
એ ઊડયું, એ ઊડયું!!!

(ઓલ ઇંડિયા રેડિયો. મુ બમ્બઇ કેન્દ્રનાં સૌજન્યથી)

સ્વદેશી ભાવના કેળવી ભારતમાં જ બનતી સ્વદેશી બનાવટોને જ ઉત્તેજન આપો.



[પાના ૧૬ થી ચાલુ]

ઊંટ : (હોઠ લબડાવતો) હે હે હે-હે મહારાજ! (શિયાળ ત્રાંસી આંખે જુએ છે.)

સિંહરાજા: (જરા હસતો) હુમ શું મહારાજ ?

ઊંટ : (ગાયને ધક્કો મારતો) ગાયબેન હવે તમારો વારો.

ગાય: (ખૂબ હિંમત ભેળી કરતી) મહારાજ, તમે તો અમારા રાજા છો...

સિંહરાજા: હા, છું જ તો ? એમાં નવી વાત શી કહી ?

ગાય : (વિનવતી) હા મહારાજ. પણ અમે તો એમ કહેવા આવ્યાં છીએ કે બાપુ અમને રાંકને મારી નાખો છો તે....

સિંહરાજા: તે મારે ખાવા જોઇએ કે નહીં ?

ગાય : બાપુ, તમે ખાઓ એ ભલે ખાઓ તમે તો અમારા બાપ છો. પણ બાપુ, માફ કરજો, ખાવા કરતાં બગાડો વધુ થાય છે ને બાપુ....

સિંહરાજા : તે થાય. હું રાજા છું કે ભિખારો? મારી પાછળ બીજા પણ ખાય ને ? આ શિયાળ બિયાળને પણ જોઇએ ના ? એ બિચારાં ક્યાં જાય?

શિયાળ: (જરા મુંઝાતો) બાપુ, તમારું કહેવું સાચું છે. તમે તો મોટા દિલના છો. પણ ગાયબેનનું એમ કહેવું છે કે મફતનો બગાડો ન થાય તો સારું. નહીં તો જાનવરો ખૂટી જશે તો પછી બાપુ તમારેજ ભૂખ્યું રહેવું પડશે.

સિંહરાજા: એમ ? ત્યારે તું રાજી છો આમાં. પછી તારે ચાલશે કે ?

શિયાળ : (આંખને ઇશારે સમજાવતો) હા બાપુ, એમાં શું ?

ગાય : (રાજી થતી) તો બાપુ, મહારાજ આપને દરરોજ જાનવર મોકલશે. આપને શિકાર કરવા બહાર પણ જવું નહીં પડે.

સિંહરાજા : (રાજી થતા) એમ એમ ? વાહ વાહ! એ તો બહુ સારું ! હું તો મારી ગુફામાં પડયો રહીશ ને ઉંઘ્યા કરીશ. આસ્સો !

શિયાળ : (ખુશાલીમાં) હા બાપુ. તમારે મહેનત જ ન કરવાની !

સિંહરાજા : અચ્છા જાઓ, એમ. રાજી ?

ગાય ઊંટ : (પગે લાગતાં) બાપુ, ઘણું જીવો. (જાય છે.)

ગાય: (જતા) ચાલો શિયાળભાઇ.

શિયાળ : તમે જાઓ—હું પછી આવું છું. (ગાય–ઊંટ જાય છે.)

સિંહરાજા : એલા શિયાળ આ બધું શું છે?

શિયાળ : બાપુ, મહાજન સામું થયું છે. સમજી જવામાં માલ છે. બાપુ, બળે કામ નહીં થાય. એ તો કળે કામ કરશું.

સિંહરાજા : પણ એલા, તને કેમ ચાલશે ?

શિયાળ : એ તો બાપુ, તમે બે ના બે ગણોને! એ તો તમે ખાશો એનાથી વધારેજ મોકલશું. પાછા મોકલવા વાળા તો અમે ના અમેજ ને ?

સિંહરાજા : (હસતા) હો હો હો હો, એલા તું ભારે હુશિયાર છો હોં !

શિયાળ : (પગે લાગતો) બાપુ, એ બધો તમારો પરતાપ છે ! (જાય છે)

[પડદો પડે છે.]



— દૃશ્ય ત્રીજું —

સ્થળ : એનું એજ.　સમય : એક માસ પછી.

[જ્યાં ત્યાં હાડકાંના ઢગ પડયા છે. સિંહરાજા એક મોટી શિલા ઉપર ધુંધવાતા બેઠા છે. નીચે શિયાળ ઉભું ઉભું એક હાડકું કરડે છે.]

સિંહરાજા : (ગુસ્સામાં) એલા શિયાળ, આ બાર ઉપર બે વાગ્યા. પણ હજુ તારા મહારાજને બાવાનું ન મોકલ્યું.

શિયાળ : (હાડકું મૂકતો) બાપુ, આજેજ જઇને બધું બરાબર કરી નાખીશ, પણ બાપુ, આજેજ આમ થયું છે. નહીં તો આખા મહિનામાં જરાય વાંકું આવ્યો છે. એમ તો બાપુ, એ બધાં બે દિ' 'હા હો' કરે. હવે કોઇ પૂછતુય નથી કે શું થાય છે. સાચું કહેજો બાપુ, પહેલાંથી તો હવે વધુ બાવા મળે છે ના?

સિંહરાજા : એલા, તું ભારે ચતુર છો. તનેય તે હવે ઠીક દિવાળી છે!

શિયાળ : બાપુ, શું કરીએ? તમ બાપુ વાંહેજ અમારું નભે. [શિયાળ હાડકું લઇ ચૂસે છે.]

સિંહરાજા : એલા, વાસી હાડકાં શું કામ ચાટે છે?

શિયાળ : બાપુ, શું કરું? હવે તો નથી રહેવાતું.

સિંહરાજા : પણ એલા જા જઈ તપાસ તો કર.

શિયાળ : જેવો હુકમ.

[શિયાળ જાય છે. અને સિંહ ઉઠીને ગુફામાં જાય છે.]

(થોડીવારે સસલો અને સસલી દાખલ થાય છે.)

સસલી : એલા, તારા જેવો તો આપણી નાતમાં કોઇ નથી પાકયો! સિંહરાજા તો આપણા રાજા-આપણા ધણી કહેવાય. ઇને વચને મરીએ ને ઇને વચને જીવીએ. આપણી કાયા રાજાના કામમાં આવે એવાં આપણાં ભાગ્ય ક્યાંથી? રાજા તો પરમેસર કે'વાય.

સસલો : (ક્રોધમાં) સસલી, હવે તારો લવારો બંધ કર. ભરખી બાય એવો પરમેસર અમારે નો જોઇએ હું તો ઇ રાજાનું જ કાસળ કાઢી નાખું.—આજ હું જ બધાં જાનવરોને કે'તો આવ્યો સું કે આજ રાજા ઉપવાસ કરવાના સે ઇટલે જવાનું નથી.

સસલી : (એકદમ ચિંતાથી) હાય હાય, સું કેસ? ઈલા એવું કર્યું ? છો તો આવડો આટલોક પણ તીખો ભારે !

સસલો : (ભિન્નજથી) તૈંયે ! હું નાનો સું તોય રાયનો દાણો સું !

(ગુફામાંથી સિંહ બહાર આવે છે. સસલી ભાગી જાય છે.)

સિંહરાજા : (બરાડતો) એલા સસલા ! આટલી બધી વાર ?

સસલો : (ખુશામતિયા અવાજે) બાપુ, ભારે થઇ !

સિંહરાજા : કેમ એલા, બીજા જાનવર ક્યાં ?

સસલો : બાપુ, ભારે થઇ. ઈ સંધા તો અવાઇ ગીયા.

સિંહરાજા : એલા કોણ બાઈ ગયું ?

સસલો : બાપુ, ભારે થઇ !

સિંહરાજા : (ખિજાતા) એલા, 'ભારે થઇ, ભારે થઇ' કર્યા કરે છે ! સીધી વાત કરને ?

સસલો : (અતિનમ્રતાથી) બાપુ, અમે તો સંધા વહેલાં ઘરેથી નીકળ્યા'તાં પણ જીયાં આવતાં'તાં તીયાં વચ્ચે બીજો સિંહ મળ્યો !

સિંહરાજા : બીજો સિંહ ? મારા રાજમાં ?

સસલો : હા બાપુ મેં કીધું : બાપુ, તું ચાલ્યો જા. અમારા સિંહરાજા મોટા સે. ઈ તુને મારી નાખસે.

સિંહ : (ઘૂરકતો) હંમ્ ?

સસલો : પણ બાપુ, ઇ તો કે "ઇ તમારો રાજ તી કુણ મોટો સે ? હું મોટો સું. હું આ રાજ લઇ લઈશ. તમારા રાજાને મારી નાખીશ મુને મારું રાજ નાનું પડે સે મારે ખાવા બીજું રાજ જોવે સે !

સિંહરાજા : (મોટી ગર્જના કરતો) એમ ? એટલો મિજાજ ?

ટેલીફોન :
૨૬-૩૨૮૧
ત્રણલાઇનો.

ટેલીગ્રામ :
"FILTER"
મુંબઇ.

ઘઉંની
વૉલેસ ફ્લોર મિલ્સ
કું૦ લિ૦
૯, વૉલેસ સ્ટ્રીટ, કોટ, મુંબઈ-૧

એકજ વ્યવસ્થા હેઠળની મેંદો, આટો, રવો, સોજી, બેસન, થૂલું વગેરે બનાવતી ભારતની આગેવાન આટાની મિલો.

ઘઉંની આયાત કરનારા
અને
આટાની નિકાસ કરનારા.

મેનેજીંગ એજન્ટસ :
મેસર્સ વિસનજી સન્સ એન્ડ કું.
[પ્રાઇવેટ] લિ૦

મિલો : "એ" ચીખલવાડી, તારદેવ
"બી" અને "સી" અને બેસનની
મિલો ઉમરખાડી અને મઝગામ.

સસલો : હા બાપુ, પસી કે' "બસ હું તમને સંધાને હુવે બાઇ જાઉં" મેં કીધું: 'ઇલા થોભ, હું અમારા રાજાની રજા લાવું. ઇ જો તુને મોટો રાજા કબુલે તો પસી બાજે' પણ બાપુ, ઇ તો કે' "સાલ રે! તારો રાજા તે કુણ સે? હુવે તો હું જ તારો રાજા" (સિંહ મોટી ગર્જના કરે છે) ને બાપુ, પસી તો ઇ બાયવો બાવા. અમે ઘણું ભાયગા પણ ઇ તો એક એકને પકડીને બાઇ ગીયો. હું વળી બખોલમાં ભરાઇ ગીયો તો બચ્ચો અને બાપુ, ઇની તો એક મોટી ગુફા પણ સે.

સિંહ: એમ? મારા રાજમાં આવ્યો અને મોટી ગુફા પણ કબજે કરી? એલા ચાલ, મને બતાવ. એ કયાં છે? હું એને મારી નાખીશ. એ કોણ મોટો?

(સિંહરાજા નીચે ઉતરે છે.)

સસલો : જેવો હુકમ.

(સસલો આગળ દડૂક દડૂક દોડે છે.)

(પડદો પડે છે.)

અને દાંતના રક્ષણ માટે -

થાયમોસીન

પાયોરીયા નાબુદ કરે છે. દાઢનો દુઃખાવો, લોહી ઝરતા અને સડી ગયેલા પેઢાંઓ, બવાળુ, મોઢાનાં ક્ષારો અને મોં અને દાંતના સઘળાં દરદો દુર કરે છે.

'થાયમોસીન' હાથ પ્રક્ષ કે આંગળીના ટેરવા પર લઈ વાપરી શકાય છે.

ટી.એમ.ઠાકોર એન્ડ કું.
૪૩, ચર્ચગેટ સ્ટ્રીટ,
મું બ ઇ ૧.

— દૃશ્ય ચોથું —

સ્થળ : જંગલ. સમય : સાંજ.

(ડાબી બાજુ એક કૂવો છે. ચારે બાજુ ઝાડની ઘટા છે. સસલો આગળ અને પાછળ સિંહ દાખલ થાય છે.)

સિંહરાજા : એલા, કયાં છે એ સિંહ?

સસલો : (ચોર પગલે) બાપુ, ધીમે ધીમે. આટલામાં જ હશે. (કૂવો બતાવતો) આ જુઓ એની મોટી ગુફા સે (આમ તેમ જોઇને) બાપુ, બહાર તો દેખાતો નથી. ગુફામાંજ હશે!

સિંહરાજા : (ક્રોધથી આમ તેમ જોતો) તો બોલાવ એને ગુફામાંથી. હું એને જીવતો નહીં મૂકું.

સસલો : (કૂવાની પાળે ચડી) બાપુ, તમેજ બોલાવો-ગુફામાંથી ઇટલે આવશે. ઇ મોટી ગુફામાં મારો તો અવાજે નો પહોંચે.

સિંહરાજા : (કૂવાની પાળે ચડી) અચ્છા, ચાલ હું જ બોલાવીશ.

(કૂવામાં જુએ છે. પાણીમાં પોતાનો પડછાયો જુએ છે. એને બીજો સિંહ ગણે છે.)

[સિંહ ગર્જના કરે છે. કૂવામાં પડઘો પડે છે.]

સિંહરાજા : (ક્રોધથી) તું જ કે?

પડઘો : તું જ કે?

સિંહ (ગર્જના કરતો) હુંમ....

પડઘો : હુંમ....

(સિંહ પોતાનો પંજો વીંઝે છે. પડછાયાનો સિંહ પણ પંજો વીંઝે છે.)

સિંહરાજા : બહાર નથી આવતો?...

પડઘો : નથી આવતો...

સિંહરાજા : એમ? તો હું અંદરજ મારીશ

પડઘો : અંદરજ મારીશ.

સિંહરાજા : (અંદર કૂદતો) ત્યારે લે....

(કૂદે છે.)

પડઘો : લે.....

[મોટા ધબાકા સાથે સિંહના કૂવાનો અવાજ આવે છે.]

સસલો : (અંદર જોતો અને બોટી દયા બાતો.) બાપુ.....

સિંહરાજા : (અંદરથી) બેલા સસલા, દગો કે ?

સસલો : બાપુ, શું થાય ? અમારે રાજા નથી જોઇતો ! બાપુ બીજે શો ઉપાય ? તમે બાપુ, ઘાસ તો ન બાઓ ?

(કૂવામાંથી સિંહના કૂબ્બા જવાનો બડબડ અવાજ આવે છે.)

સસલો : (બોટું રડતો) બાપુ ! ઓ બાપુ !

(સસલો નીચે ઉતરી પથ્થર પર બેસે છે. થોડીવારે સસલી દોડતી આવે છે.)

સસલી : બલા, હું તો દોડી દોડીને થાકી ગઇ. આખું મા'જન તારાં ઉપર બિન્નયું સે. ને તનેજ ગોતે સે.

સસલો : ભલે ગોતે. મેં રાજાને મારી નાબ્યો.

સસલી : (આશ્ચર્યથી) સાચેજ ?

સસલો : (કૂવો બતાવતો) જો અંદર

સસલી : (જોઇને) હા બેલા ! (ઉમ-ળકાથી) બેલા તું તો ભારે જબરો !

(સામેથી વાંદરો-ગધેડો-શિયાળ-કુતરું વગેરે આવે છે. સસલી તેની સામે દોડી જાય છે.)

સસલી : (વધામણી દેતી) શિયાળભાઇ મારો સસલો કેવો જબરો—સિંહરાજાનેજ મારી નાબ્યો !

શિયાળ : (ચિંતાથી) એમ ? બરેબર?

(વાંદરો, કૂતરો, ગધેડો રાજી થાય છે.)

(બધાં જાનવરો સસલા પાસે જાય છે)

ગધેડો : (રાજી થતો) સસાભાઇ, બહુ સારૂં કર્યું હવે બધી ઉપાધી ગઇ. હવે આપણે સુખી સુખી !

સસલો : (મિજાજથી) ના ગધેડાભાઇ, હજી તો મારે આખું બાતા હોય એવા બધાં મોટાં જાનવરોનેમારી નાબવા છે—હાથીને-ઊંટને....

વાંદરો : ગાયને ?

સસલો : હા, ગાયને પણ. ઈ બહુ દોઢડાબ થાય સે

કૂતરો : મને તો રાબશો ને ? હું તો તમે જેમ કહેશો તેમ કરીશ—સસાભાઇ.

સસલો : (બુશામતથી બુશ થઇ) તમ તમારે રો'ને....

વાંદરો : હું ?

સસલો : તમેય રહો વાંદરાભાઇ.

ગધેડો : હું તો સસાભાઇ જરાય બારે નહીં પડું.

સસલો : (હસતો) તમ તમારે લ્હેર કરો કોણ ના પાડે છે ?

અમે જાણતા નથી...

ચિન્હાને લીધે સ્યામ વાળ સફેદ થાય છે કે નહિ તે અમે જાણતા નથી પણ એટલું તો અમે ચોક્કસ જાણીએ છીએ કે વાળ સફેદ થવાનું કારણ ગમે તે હોય પણ લોમા તેમને ફરીથી ચોક્કસ સ્યામ બનાવી દે છે.

લોમા
૨૦મું
દુનિયાભરમાં માન્યતા પામેલ વાળને કુદરતી રીતે સ્યામ કરનાર

સોલ એજન્ટસ: એમ. એમ. બુંભાતવાલા. અહમદાબાદ ૧
એજન્ટસ: સી. નરોત્તમ એન્ડ કું., મુંબઇ ૨

TELEPHONE No. 30575.

શિયાળભાઇ: [ખૂબજ ખુશામતથી] સસાભાઇ, હું?

સસલો: [જરાક કડકાઈથી] તમે? [વિચારીને] અચ્છા શિયાળભાઇ રહો, પણ જુઓ દગો ન રમતા.

શિયાળભાઇ: હોય? સસાભાઇ તમારી સાથે, તે દગો હોય?

[બાજુમાંથી એક વિચિત્ર પશુ આવે છે. એને શરીરે વાળ નથી. એની ચામડી ચમકારા મારે છે. નવાઇ તો એ છે કે એ બે પગે ચાલે છે. બધા એને જોઇ રહે છે.]

નવું જાનવર: સાહેબજી, તમે બધાં અહીં શું કરો છો?

શિયાળભાઇ: અમારા સસલાભાઇએ સિંહને મારી નાખ્યો અને હવે બધાં મોટા જાનવરોને એ મારી નાખવાનાં છે. હાથી, ઊંટ, ગાય બધાંને.

નવું જાનવર: કેમ?

શિયાળભાઇ: એ બધાં ખૂબ ખાઇ જાય છે માટે.

અત્યંત મનમોહક સાડી અને બીજા દરેક જાતના કાપડ, રેનકોટ, છત્રીઓ માટે પ્રસિદ્ધ

શ્રીધર ભાલચંદ્ર એન્ડ કું.

(સ્થાપના ૧૯૧૭)

માનવંતા ગ્રાહકો તેમજ ચાહકોને

નૂતન વર્ષાભિનંદન

પાઠવે છે.

પ્રાર્થના સમાજ (નાકા), ગીરગાંવ મુંબઇ ૪.

નવું જાનવર: તો પણ તમારે ત્યાં તો સારૂં છે. તમારા હાથી–ઊંટ તો સારા છે કે બાંધેજ સંતોષાય છે. અમારે ત્યાં તો મોટાં જાનવર પોતે બાય સાથે પોતાના બચ્ચાં બાય અરે ત્રીશ પેઢી સુધી બાય એટલું ઉઠાવી જાય છે.

સસલો: (બિન્નજથી) એ તમારે તીંયા. અમારે ઇયાં તો અમે સંધાય મોટાં જાનવરને મારી નાખશું. બસ સંધાય નાનાં નાનાં જાનવરનેજ જીવવા દેશું.

ગધેડો: (રાજી થતો) હો હો હો, હો, પછી તો આપણે બધાં સુખી સુખી થઇ જઇશું!!!

(આનંદમાં ભૂકે છે. સાથે બધાં જાનવરો ચીસો પાડે છે, અને બધાંય જાય છે. શિયાળ પાછળ રહે છે.)

શિયાળભાઇ: ભગવાન સારૂં કર્યું મને તેં નાનો રાખ્યો! [જાય છે.]

[પડદો.]

—ઓજસ.

"એ પિલ્સ" પોતાના બાળકો રાત્રે અજાણતા પેશાબ કરે છે એ બંધ કરવા માટે "એ" પિલ્સ વાપરો. ૬૦૦ ગોળી રૂા. ૩-૦-૦

★

ડેન ટોનિક

આનાથી બાળકોને સારી ઊંઘ આવે છે, ભૂખ લાગે છે અને દસ્ત પણ સાફ આવે છે.

દાંત સાફ રહે એ વસ્તુ નાના બાળકોના વિકાસની દૃષ્ટિએ અત્યંત આવશ્યક અને મહત્વની છે. એ માટે બાળક છ માસની વયનું હોય ત્યારથી "ડેન ટોનિક" શરૂ કરો. આ દવાથી દાંત સુખેથી આવે છે અને કાંઇજ પીડા થતી નથી.

કિં. રૂા. ૧-૮-૦

હોમિયો લેબોરેટરી

૧૭૮, ન્યુ ચર્ની રોડ, રામમોહન હાઇસ્કુલ પાસે

મુંબઈ-૪

સસારાણા ધમાલીઆ

લે. સૌ. સુમતિ પાયગાંવકર

એક હતુ શહેર. શહેરની પાસે હતુ નાનકડું ગામ. ગામની પાસે હતુ એક ખેતર. એ ખેતરમાં એક દર. એ દરમાં રહે એક સસારાણા.

એક દિવસ સસારાણાએ માને કહ્યું, "બા! બા! મને આ દરમાં રહેવું જરાય ગમતું નથી."

બાએ પૂછ્યું, "કેમ ભાઇ?"

સસારાણાએ કહ્યું, "દરમાં બધે અંધારું જ અંધારું છે."

બાએ પૂછ્યું, 'તો પછી કયાં રહેશો?

સસારાણાએ કહ્યું, 'આપણે ઘર બાંધીએ.'

બા કહે, 'આપણે ઘર તો બાંધીશું પણ પૈસા કયાંથી લાવશું?

સસારાણા કહે, 'શહેરમાં જઈશ, નોકરી કરીશ. પૈસા લાવીશ અને ઘર બાંધીશ.

બા કહે, 'અરે, પણ શહેરમાં જઇશ તો ડરી જઈશ અને પાછો આવીશ.'

સસારાણા કહે, 'છટ! છટ! બિલ્કુલ નહિ, મને શહેરમાં જવા દે.' સસારાણા તો ગયા પાસેના શહેરમાં. ત્યાં મળી એક દરજીભાઇની દુકાન.

સસારાણાએ દરજીભાઇને કહ્યું, 'મને કોટ અને પાટલુન સીવી દો ને!'

દરજીભાઇએ પૂછ્યું, 'શા માટે?'

સસારાણા કહે :

'કોટપાટલુન પહેરીશ,
શહેરમાં જઈશ
નોકરી કરીશ,
પૈસા કમાઈશ
અને ઘર બાંધીશ.'

દરજીભાઇએ તો કોટપાટલુન સીવી દીધા. પછી સસારાણા ગયા મોચીદાદા પાસે.

સસારાણાએ મોચીદાદાને કહ્યું, 'મને બુટ સીવી આપો અને મને એક પાકીટ સીવી આપો.'

મોચીદાદાએ પુછ્યું, 'શા માટે ભાઈ?'

સસારાણા કહે,

"બુટ પહેરીશ,
હાથમાં પાકીટ પકડીશ,
શહેરમાં જઇશ,
નોકરી કરીશ
પૈસા કમાઈશ
અને ઘર બાંધીશ.'

મોચીદાદાએ તો બુટ અને પાકીટ સીવી દીધા. પછી તો સસારાણા ગયા કાગળ પેન્સીલવાળાની દુકાને.

દુકાનદારને કહે, મને કાગળ આપો, મને પેન્સીલ આપો ને ફાઉન્ટનપેન તો ભૂલશોજ નહિ.'

દુકાનદારે પુછ્યું, 'શા માટે?'

સસારાણા કહે,

'કાગળ લઈશ
પેન લઈશ

શહેરમાં જઈશ
નોકરી કરીશ
પૈસા કમાઈશ
અને ઘર બાંધીશ.'

દુકાનદારે કાગળ પેન્સીસ આપ્યા ને ફાઉન્ટન પેન પણ આપી.

સસારાણાએ કોટપાટલુન પહેર્યા, બૂટ પહેર્યા, પાકીટમાં કાગળ ભર્યા અને પછી શહેરમાં જવા નીકળ્યા.

શહેરમાં રસ્તા ઉપર એક પોલીસ દેખાયો પોલીસને જોઇને સસારાણા તો ગભરાઇ ગયા—અને એ તો ઊભી પૂંછડીએ નાઠા.

પોલીસ કહે, 'એ! ક્યાં ભાગે છે? તું કોણ છે?'

સસારાણા તો ગભરાઇ ગયા, કહે, 'હું હું—હું તો સસારાણા ધમાલીઆ.'

પોલીસે પૂછ્યું, 'તું અમારા શહેરમાં શા માટે આવ્યો છે?'

સસારાણા ગભરાતા ગભરાતા બોલ્યા,
શ....શ....શહેરમાં જઇશ
નો....નો....નોકરી કરીશ
પ...પૈસા કમાઈશ
અ...અને ઘર બાંધીશ.

પોલીસ કહે, વાહ, વાહ, બીકણુદાસ જા અહિંથી ભાગી જા.

એટલામાં બસ આવી. બસ માટે ઘણાંજ લોકો ઉભા હતા. બધા બસમાં ચઢયા. તેમની સાથે સસારાણા પણ ઘૂસ્યા. બસમાં જગ્યાજ નહોતી. સસારાણા બેઠકની નીચે ભરાઇ ગયા. કંડકટર જોતોજ હતો. તેણે સસલાનો કાન પકડયો ને બહાર કાઢયો.

કંડકટર કહે, 'અરે! સંતાય છે ક્યાં? કોણ છે તું?

સસારાણા તો ગભરાઇ ગયા.

હું....હું...સસારાણા....ધમા....ધમાલીઆ.

કંડકટર કહે, 'અમારા શહેરમાં કેમ આવ્યો છે?'

સસારાણા બીતાં બીતાં કહે,

'શ...શ....શહેરમાં જઈશ
નો...નો...નોકરી કરીશ
પ....પૈસા કમાઇશ
અને ધ...ઘર બાંધીશ.'

કંડકટર કહે, અરે! વાહ રે વાહ, ગભરુદાસ.

ઉતરો બસમાંથી અને જ્યાં જવું હોય ત્યાં જાવ.'

સસારાણા બસમાંથી ઉતર્યા. સામેજ એક મોટું મકાન હતું તેમાં ઘણાં લોકો જતા હતા. ધમ ધમ કરતા જતા હતા. હાથમાં પાકીટ લઇને જતા હતા. સસારાણા પણ બૂટ પછાડતા પગથિયા ચઢયા. લોકોની પાછળ પાછળ એ પણ અંદર જવા લાગ્યા. ઉપર ઓફિસો હતી. સસારાણાનો બાજુનો માણસ એક ઓફિસમાં ગયો. સસારાણા તેમની પાછળ પાછળ ઘુસ્યા. તે માણસ એક ખુરશી ઉપર બેઠો. સસારાણા ગભરાયા. એક ખુણામાં ઉભા રહ્યા. પેલા માણસે સસારાણાને જોયો.

એણે તેને પૂછ્યું, 'એ તું અહિં ક્યાંથી!

સસારાણાના તો હાંજા ગગડી ગયા, તે બોલ્યો, "હું...હું....હું....સસારાણા ધમા....ધમા-લીઆ."

પેલા માણસે પુછયું, 'અમારા શહેરમાં કેમ આવ્યો છે?'

સસારાણા અચકાઇને કહે,

શ....શ....શહેરમાં જઈશ
નો...નો....નોકરી કરીશ
પ...પ...પૈસા કમાઈશ
ને....ધ...ઘર બાંધીશ.'

માણસે કહ્યું, 'અરે વા, સસારાણાં શેની નોકરી કરશો? લખતા આવડે છે?

સસારાણા કહે, 'ઉં ઽ હુ ઽ.'

માણસે પુછયું, 'વાંચતા આવડે છે?'

સસારાણા કહે, 'ઊં ઽ હું ઽ.'

માણસ કહે, શાબાશ, તો શું કરતા આવડે છે?'

સસારાણા કહે, 'મૂળાના પાન બાતા આવડે છે. ફૂણુ ઘાસ બાતા આવડે છે. બૂબ ઉતાવળે દોડતા આવડે, ઝટ લઇને દરમાં ઘુસતા આવડે.

પેલો માણસ કહે, શાબાશ શાબાશ, આ બુરશીમાં બેસી રહે. બપોરે મારો દિકરો આવશે ને તને ઘરે લઈ જશે. મૂળાના પાન આપશે, કુણુ ઘાસ આપશે રહેવાને ઘર આપશે.' સસારાણા તો બુશ બુશ થઈ ગયા.

બપોરે તે માણસનો સાત-આઠ વર્ષનો દિકરો આવ્યો. માણસે તેને કહ્યું.

'અતુલ આ જો તારી સાથે રમવા માટે આ દોસ્ત આણ્યો છે. એને આપણી મોટરમાં ઘરે લઇ જજે. મૂળાના પાન ને કુણુ ઘાસ બાવ આપજે અને પાંજરામાં પૂરી દેજે.

અતુલ સસારાણાને ઘરે લઇ ગયો, તેની પીઠ થાબડી, બાવાનું આપ્યું ને પીંજરામાં મૂકી દીધો.

(સસારાણા અને બસ કંડકટર)

સસારાણા ધમાલીઆ તો રડવા લાગ્યા. ડોકટની બાંયથી આંખ લુંછી. એને બા બુબ યાદ આવતા હતા. દોડતા દોડતા બા પાસે પહોંચી જવાની ઇચ્છા થતી હતી. તેણે બુટવાળા પગે પિંજરાના બારણાને લાતો મારવી શરુ કરી. પિંજરુ જુનુ હતુ એટલે એનું બારણું તૂટી ગયું.

સસારાણાએ હાથમાં નોરથી પાકીટ પકડયું ને જે દોડયા, જે દોડયા, જે ભાગ્યા જે ભાગ્યા તે શહેરની બહારજ આવ્યા. દોડતા દોડતા પોતાના ઘર પાસે આવ્યા ને 'બા! બા!' કરીને બુમો પાડવા લાગ્યા.

બા પુછવા લાગ્યા, 'અરે! શું થયું?

સસારાણા કહે,

હું શહેરમાં જઇશ નહિ,
નોકરી કરીશ નહિ,
પૈસા કમાઈશ નહિ,
ઘર વગર રહીશ નહિ.

❁　❁　❁　❁



તેલથી ચાલતી માછલી

સાથેના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે માછલીનો આકાર કાપો. પછી વચ્ચમાં સાંકડી પટ્ટી અને કાંણું બતાવ્યા પ્રમાણે કાપો.

પછી એ માછલી પાણીમાં તરતી મૂકો કાંણાંવાળા ભાગમાં એક એક તેલનું ટીપું નાખો તો માછલી છપક છપક આગળ વધશે.

સાધન :—કાગળ, પેન્સિલ, કાતર, પાણીનું વાસણ અને થોડુ તેલ.

❁　❁　❁　❁



બાલ શિક્ષણ અને સેવા સમાચાર

સંઘ નિમંત્રિત અખિલ ભારત બાલશિક્ષા પરિષદ.

પૂર્વપ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં કાર્ય કરતી અખિલ ભારતીય સંસ્થાઓ અને કાર્યકર્તાઓ વચ્ચે પરસ્પર ઓળખાણ થાય, પારસ્પરિક સહહકારથી એકબીજાં પાસેથી શીખવાની બુદ્ધિ જાગે અને આ દેશમાંના બાલ-શિક્ષણને યોગ્ય સ્વરૂપ પ્રાપ્ત થાય એક જ એક ઉદ્દેશ્યથી ઇન્દોરમાં ડૉ. ઝાકીર હુસેનના પ્રમુખપણા હેઠળ આ પરિષદની સ્થાપના ગયાં વર્ષના જાન્યુઆરીમાં કરવામાં આવી હતી. પહેલાંજ અધિવેશનમાં પરિષદને અપૂર્વ યશ મળ્યો અને દેશમાંના જુદા જુદા ભાગમાંથી અનેક બાલશિક્ષણના કાર્યકર્તાઓ ત્યારે એકત્ર થયા હતા. ત્રણ દિવસ તેમણે બાલશિક્ષણના પ્રશ્નો ઉપર ઘણી ઉદબોધક એવી ચર્ચા કરી હતી. આ ચર્ચા Problems of child Education in India નામના પુસ્તક રૂપે બાલનિકેતન સંઘે ઇન્દોર તરફથી પ્રકાશિત કરવામાં આવી છે. અધિવેશનમાંની ચર્ચાઓને લીધે જુદે જુદે ઠેકાણે કાર્યકર્તાઓમાં સમજણનું વાતા-વરણ નિર્માણ થયું છે. બાલશિક્ષણમાં રૂઢ થતા ચોકકા-વાળા સંપ્રદાયને ખૂબ મોટો ધડકો વાગ્યો. એમાંથી અનેક તડો પડયા અને તેમાંથી પ્રાગતિક વિચારનો પ્રવાહ ગતિમાન થયો.

આવતા ડિસેમ્બરમાં કોસમ્બાડમાં ભરાનાર બીજા અધિવેશનના સંચાલકોએ પરિષદનું સ્થળ અને ચર્ચાના વિષય બાબતમાં વધુ ઔચિત્ય બતાવીને પરિષદની તૈયારી શરૂ કરી દીધી છે. કોસમ્બાડ, જ્યાં પોસ્ટઓફીસ પણ નથી એવું એક આદિવાસી પહાડી લોકોના નાનકડાં ગામડાની આ બીજી અખિલ ભારતીય પરિષદ માટે પસંદગી કરવામાં આવી છે. આ ગામડાની આજુબાજુનો ગામડામાં શ્રીમતી તારાબેન મોડકની ગયા દસ અગિયાર વર્ષથી એકનિષ્ઠ એવી તપશ્ચર્યા ચાલુ છે. પરિષદમાં "ગ્રામીણ અને શહેરી પછાત વસતીમાનું બાલશિક્ષણ" એ ચર્ચાનો વિષય રાખવામાં આવ્યો છે. આ વિષય અંગેનું મહત્વ પ્રસ્થાપિત કરતા પરિષદના માહિતીપત્રકમાં લખ્યું છે કે: "આજના ૮૪ ટકા ભારતીય લોકો ગ્રામીણ વિભાગમાં રહે છે. બીજી પંચ વાર્ષિક યોજના શરૂ થઈ છે. ગ્રામીણ અને પછાત વર્ગ અંગેનું અમારું ભાન ઉત્તરોત્તર વધતુ જતું દેખાય છે. સેંટ્રલ સોસ્યલ વેલફેર બોર્ડ, સમાજ વિકાસ યોજના, વિસ્તરણ યોજના કસ્તુરબા રાષ્ટ્રીય સ્મારક યોજના, ભારત સેવક સમાજ, ભારતીય બાલવિકાસ સમિતિ જેવી રાષ્ટ્રવ્યાપી સંસ્થાઓ અને ભારતમાં વિસ્તરેલા અનેક સમાજ કલ્યાણ અને શિક્ષણ સંસ્થાઓ પોત પોતાનાં કાર્યનો વિસ્તાર વધારી રહી છે. અનેક સંસ્થાઓ અનેક પ્રકારના પ્રયોગો કરે છે. ભારતના નવસર્જન માટે અપૂર્વ ઉત્સાહ બધે દેખાય છે. આવી પરિસ્થિતમાં પરિષદે સ્થળ અને ચર્ચા વિષય અંગેનું જે ઔચિત્ય દેખાડયું છે તેને લીધે પરિષદ અંગે બધે ઉત્સુકતા દેખાઇ આવે છે.

ચર્ચા વિષયની વિગત :

મુખ્ય વિષયનો નીચેની ત્રણ બાજુથી વિચાર કરી શકાય.

(૧) ગ્રામીણ અને શહેરના પછાત વિભાગની બાલવાડીઓની વ્યવસ્થા (organisation)

(અ) ગ્રામીણ જનતા :-વિશેષત: વાલીઓનો સંપર્ક અને સહકાર સાધવાનો પ્રશ્ન.

(બ) બાલવાડી અને ગ્રામ જનતામાં સમજણ વધારવાની દૃષ્ટીએ સભા અને અન્ય પ્રસંગોનો ઉપયોગ.

(ક) માંદગી અને સંકટ પ્રસંગોએ ગ્રામ જનતાને પાડોસી ધર્મ તરીકે મદદની યોજના કરવી.

(ડ) બાલવાડીનો આર્થિક પ્રશ્ન.

(ઇ) બાલવાડીનું વ્યવસ્થા તંત્ર

(૨) બાલવાડી સેવિકાનું પ્રશિક્ષણ.

(અ) જુદા જુદા પ્રકારની બાલવાડીઓનો ગ્રામીણ અભ્યાસક્રમ અને તેની મુદત.

(બ) સંચાલન અને શિક્ષણ સાધન તૈયાર કરવાનું વ્યવહારિક નિરક્ષણ.

(ક) સંસ્કાર વર્ગ (Refresher Courses.)

(ડ) બાલવાડી સેવિકાને માર્ગદર્શન.

(ફ) પ્રશિક્ષણ સંસ્થાની પ્રશાસનાત્મક બાજુ.

(૩) બાલવાડીનો ઉદ્યોગ-વ્યવસાય અને સાધનનો ઉપયોગ

(અ) બાલવાડીના પ્રકારાનુસાર વ્યવસાય અવકાશ.

(બ) સમૃદ્ધ બાલવાડીની આવશ્યકતા.

(ક) સામાન્ય બાલવાડી અને પ્રશિક્ષણ શાળામાનો ફરક

(ડ) ગ્રામીણ બાલવાડીના સાધન અંગે મહાત્મા ગાંધીના ત્રણ નિયમ

(ફ) નાસ્તો નથા પૂરક પોષણનું મહત્ત્વ.

બધાના સહકારની માંગણી.

આ પરિષદ બાલશિક્ષણના ક્ષેત્રમાંના શિક્ષણશાસ્ત્રીઓ શિક્ષકો, સામાજિક કાર્યકર્તાઓ, શાસનાધિકારીઓ અને જુદા જુદા ક્ષેત્રમાં કાર્ય કરનારાઓ કલ્યાણકારી સંસ્થાના પ્રતિનિધિઓ અને કાર્યકર્તાઓ બધાં માટે ખુલ્લી છે. સર્વને પરિષદનું આમંત્રણ છે. સંસ્થાઓ અથવા કાર્યકર્તાઓ નીચે પ્રમાણે પરિષદના કાર્યમાં સહકાર આપી શકે છે:-

(૧) વ્યક્તિશ અથવા પોતાના પ્રતિનિધિ દ્વાર પરિષદમાં ઉપસ્થિત થઇને,

(૨) પરિષદની ચર્ચા માટે પ્રબંધ લેખન અથવ ભાષણ કરીને.

(૩) પરિષદના કાર્યને ઉપકારક સૂચના મોકલીને.

પરિષદનું માર્ગદર્શન.

ત્રણે દિવસ ઉપસ્થિત રહીને પરિષદને માર્ગદર્શન કરવાનું કાર્ય ગાંધીજીના એક પ્રભાવશાળી શિષ્ય આચાર્ય શ્રી. કાલેલકરે સ્વીકાર્યું છે. પરિષદના કાયમી પ્રમુખ ડો. ઝકીર હુસેન પરિષદમાં હાજર રહેવાના છે. શ્રીમતી

શક્તિનો સંચય — પરમ આવશ્યક

શક્તિસંવર્ધન માટે આયુર્વેદ અનેકાનેક ઔષધો વનસ્પતીજન્ય તથા રસ–ભસ્મો રૂપ દર્શાવેલાં છે.

આર્ય ઔષધીની જ્યુટેક્સ રૂપેરી ગોળીઓ (રજીસ્ટર્ડ)

આયુર્વેદના ઉત્તમો તથા ઔષધો જેવાં કે સુવર્ણયટીત મકરધ્વજ લોહ, અભ્રક, વંગ, કેસર, ઇત્યાદી સાથે રસાયન ગુણ ધરાવતી દીવ્ય વનસ્પતિનાં યોગે જ્યુટેક્સ રૂપેરી ગોળીઓ તૈયાર કરવામાં આવતી હોવાથી શક્તિને ક્ષીણ થતી અટકાવવા તથા નવી શક્તિ ઉત્પન્ન કરી તેનો સંચય કરવા માટે ઉત્તમ સાબીત થયેલ છે.

કી. ગોળી ૫૦ ની બાટલી રૂા. ૩–૮–૦

સ્ટોકીસ્ટો:- વલ્લભજી ભીખા ની કું. પ્રીનસેસ સ્ટ્રીટ .ચેરી એન્ડ કું. ગ્રાન્ટ રોડ. મોનજી ચિન્તામની કું. શેખ મેમન સ્ટ્રી. ઓરીએન્ટલફાર્મસી, દાદર W Rly

આર્ય ઔષધિ ફાર્માસ્યુટીકલ્સ

ટેલિ. નં. ૩૨૧૧૭

સ્વદેશી માર્કેટ બીલ્ડીંગ
પછળ, કાવેલ સ્ટ્રીટ, મુંબઇ ૨

ધનદરા ગાંધીએ આ પરિષદ અંગે અત્યંત ઉત્સુકતા દાખવી હોવાથી પરિષદના ઉદ્‌ઘાટન માટે તેમને જ આવવું જોઇએ એવો પરિષદના વ્યવસ્થાપક મંડળે પોતાનો આગ્રહ રાખ્યો છે. તેમને અનુકુલ થાય તેથી પરિષદની તારીખોમાં ફેરફાર થવાની શકયતા છે.

ફોસણાડની વ્યવસ્થા.

મંડળ અને પરિષદ-ગ્રામ ઉભુ કરવા માટે વ્યવસ્થા સમિતિનું કાર્ય બોર્ડીના શ્રી જયંતરાવ પાટીલના નેતૃત્વ નીચે શરુ થયું છે. પ્રચાર સમિતિ અને કાર્યક્રમ સમિતિનુ નેતૃત્વ શ્રીમતી તારાબેન મોડક સ્વીકાર્યુ છે. પરિષદ માટે આવનાર મહેમાનોનું પશ્ચિમ રેલ્વેના મુંબઇ અમદાવાદ ભાગનો વોલવડ સ્ટેશન ઉપર સ્વાગત કરવાનું તેજ પ્રમાણે તેમને પરિષદ-ગ્રામમાં પહોચાડવાની વાહન વ્યવસ્થા સ્ટેટ ટ્રાન્સપોર્ટ મારફત કરવામાં આવશે.

પરિષદ માટે નિધિ એકત્રિત કરવાનું કાર્ય

આ પ્રકારની પરિષદ માટે જેમ કુશળ કાર્યકર્તા ઓની જરૂરિયાત છે તે જ પ્રમાણે નિધિની પણ સૌથી પહેલી જરુરીયાત છે. તેને માટે સંઘના વ્યવસ્થાપક મંડળે સંઘ પ્રમુખ શ્રી. મોરારજીભાઇ દેસાઇના પ્રમુખપણા નીચે એક પરિષદ અર્થ સમિતિ નીમી છે. તેમાં સંઘના કેન્દ્રીય વ્યવસ્થાપક મંડળના બધા સભાસદો તેજ પ્રમાણે સંઘની બધી શાખાના પ્રમુખ સંઘને મદદ કરનાર કેટલીક વ્યકિતનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વિશાળ અર્થ સમિતિ ફરી ફરીને મળવાની અશકયતાને લીધે મુંબઇમાં એક અર્થ સંચાલન સમિતિ નીમવામાં આવી છે. અને સંઘના કેન્દ્રીય કાર્યાલયમાં જ પરિષદનું કાર્યાલય ઉઘાડવામાં આવ્યું છે. આ કાર્યાલયે જરુરી પરિષદ સહિત્ય તૈયાર કરીને તે સંઘની બધી શાખાને પહોંચાડવામાં આપ્યું છે.

આ પરિષદ માટે ૧૫ થી ૨૦ હજાર રૂપીયાનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. અને આ નિધિ સંઘની સર્વ શાખાએ મેળવવાનો છે. આ નિધિ મેળવવા માટે સંઘ પ્રદેશમાં પરિષદના સ્વાગત સભાસદ નોંધાવવાના છે. સ્વાગત સભાસદનું લવાજમ રૂા. ૧૦-૦-૦ થી તે રૂપિયા ૫૦૧ સુધીનું રાખવામાં આવ્યું છે. દરેક શાખાએ પોતાના પ્રદેશમાં શકય તેટલા વધારે સ્વાગત સભાસદ મેળવવાના છે. તેજ પ્રમાણે સંઘની સાથે સંબધિત અને મિત્ર સંસ્થાઓએ પોતપોતાના પ્રતિનિધિ મોકલીને પરિષદને યશસ્વી બનાવવાની છે. સંસ્થા પ્રતિનિધિ માટે રૂ. ૧૦-૦-૦ લવાજમ રખાયું છે. બાલશિક્ષક નિરીક્ષક માટે રૂ. ૨-૦-૦ રાખવામાં આવ્યા છે.

સમગ્ર શિક્ષક-અધ્યાપક-વિદ્યાર્થી વર્ગને આવાહન.

સંઘ સાથે નાનાં મોટાં એવા આઠ અધ્યાપન મંદિરો અને આશરે સો બાલ શિક્ષણ સંસ્થાઓ જોડાએલી છે. તેજ પ્રમાણે બીજી સો સંઘની મિત્ર સંસ્થાઓ છે. પરિષદ નિધિ ભેગાં કરવા માટે બાલ અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓનો અને અધ્યાપકોનો સારો સહકાર મળ્યો છે. તેજ પ્રમાણે બાલ-મંદિરના શિક્ષક વર્ગ પણ આ નિધિ ભેગાં કરવાં સંઘને બધા પ્રકારની મદદ આપશે એવી આશા રાખી છે. બાલ શિક્ષણના પ્રગતિની જવાબદારી સૌથી પહેલા આ ક્ષેત્રમા કાર્યકર્તા શિક્ષકો ઉપરજ હોય એ સ્વભાવિક છે. તેથી આ સમયે નાના મોટાં બધાં શિક્ષકોએ આગળ આવીને આ પરિષદ નિધિ ભેગો કરીને પરિષદની યોજના બનાવવી જોઇએ સમગ્ર બાલ શિક્ષક, બાલ આધ્યાપન અધ્યાપક અને વિદ્યાર્થી વર્ગ આ સમયે સંગઠિત થઇને પરિષદ કાર્ય પોતે વ્યવસ્થિત રીતે સમજીને તે જનતાને સમજાવવું જોઇએ અને પરિષદ માટે સ્વાગત સભાસદ બનાવીને પરિષદને જનતાનો સહકાર પ્રાપ્ત કરાવી આપવો જોઇએ.

ઉપરોકત બાલશિક્ષણ – અધ્યાપન સંસ્થા સિવાય સંઘના કાર્ય અંગે ખાસ કરીને ગ્રામીણ અને શહેરની પછાત વસ્તિના બાળકો માટે સહાનુભૂતિ બતાવનાર અનેક સામાજીક કાર્યકર્તાઓ છે. તેમણે પણ આ પ્રસંગે આગળ આવવું જોઇએ. અખિલ ભારતીય પરિષદ સંઘને ફાળે આવવાનો આ પહેલોજ પ્રસંગ છે. તેમણે આ પ્રસંગે આગળ આવીને પરિષદ નિધિનું કાર્ય સ્વયં-પ્રેરણાથી કરવું જોઇએ.

કયાં કયાં શું કાર્ય ચાલુ છે?

ભાવનગરમાં શ્રી. નગેંદ્ર બધેકા, સુરેન્દ્રનગરમાં શ્રી. જયંતભાઇ શુકલ અને તેના સહકાર્યકર્તાઓ. અમદાબાદમાં શ્રી. યશસ્વનીબેન ભટ્ટ, શ્રી. પૂનમચંદ શાહ, એમણે ગુજરાત બાલ અધ્યાપન દ્વારા પરિષદને મદદ કરવાનું સ્વીકાર્યું છે. અમદાબાદ શાખાના કાર્યકર્તાઓ, બાલમંદિરના આચાર્ય સંઘ આદીએ પોતાના ક્ષેત્રમાં પરિષદ નિધિનું કાર્ય કરવાનુ નક્કી કર્યું છે. વડોદરામાં બોર્ડીના કાર્યકરતાં શ્રીમતી માલિનીબેન જોર જવાના છે.

તેજ પ્રમાણે સૂરતમાં પણ તેઓ જઇને ત્યાંની શાખાના તથા અન્ય સંઘ મિત્રોનો સંપર્ક સાધીને તેઓ આ કાર્ય ને વેગ આપવાના છે.

થાણા જિલ્લો તો પરિષદનુ કેન્દ્ર બન્યુ છે. આ જિલ્લામાં પ્રચાર માટે શ્રીમતી અનુતાઇ વાઘ, અને શ્રી. માલિનીબેન બેર અને બીજા કાર્યકર્તાઓ નીકલવાના છે. ગ્રામ બાલ શિક્ષા કેન્દ્રના અધ્યાપન સંસ્થાના વિદ્યાર્થીઓ એ આ કાર્યની સ્વખુશીથી શરુઆત કરી છે. મુંબઇમાં મુંબઇ શાખાના કાર્યકર્તાઓના દ્વારા તે જ પ્રમાણે બાલ અધ્યાપન સંસ્થા દ્વારા દિવાળી રજાઓમાં પ્રચારની શરુઆત થઇ છે.

શ્રીમતી બોરશેદબાનુ મિસ્ત્રી, શ્રીમતી કુપિલાબેન મહેતા શ્રીમતી બાબીબેન મૂળજી શ્રીમતી સરોજબેન બોધ શ્રી. કાન્તિલાલ કારિયા શ્રી. ચંદુલાલ ઝવેરી વગેરે વ્યક્તિઓએ નિધિનુ કાર્ય પોતાની શક્તિ પ્રમાણે સ્વીકાર્યુ છે. મુબઇની બાલ શિક્ષણ સંસ્થાના સંચાલક-શિક્ષક વર્ગ અધ્યાપન સંસ્થાનું આ કાર્ય કરવા માટે વધતી જતી સંખ્યામાં આગળ આવે છે. અધ્યાપન સંસ્થા અને માજી વિદ્યાર્થીઓને પણ વિનંતી પત્રકો મોકલવામાં આવ્યા છે. આ સર્વ હુન્નરો હાથેનુ સંઘ-સૈન્ય આંખની સામે આવે એટલે પરિષદ નિધિ જોત જોતામાં ભેગુ થઇ જશે એવી શ્રધ્ધા આ આયમેળજ પેદા થાય છે.

વરાડ નાગપૂરની બાજુમાં જઇને પોતાના મિત્ર વર્ગમાં પ્રચાર કરવાનું કાર્ય પૂના શાખાના પ્રમુખ શ્રી. બકુલાબાઇ અભ્યંકરે પોતાની મરજીથી સ્વીકાર્યુ છે. નાગપુર શાખાના મંત્રી શ્રીમતી મંદાકિની કેલકર, પ્રમુખ શ્રીમતી દેશપાંડે તથા ત્યાંના અધ્યાપન સંસ્થા નાગપુર શાખાને આ કાર્યમાં પાછળ પડવા દેશે નહિ, એવી અમોને ખાત્રી છે. ઇન્દોરમાં ત્યાંની શાખાના પ્રમુખ શ્રી. સરવટેજી હાલ અસ્વસ્થ છે. તેઓ અખિલ ભારતીય પરિષદના આધ સંસ્થાપક છે. તેમનાજ પરિશ્રમને લીધે આ પરિષદનું પહેલું અધિવેશન સંપૂર્ણત યશસ્વી બન્યું હતું તેમનું સહકારી મંડળ અને અધ્યાપન સંસ્થા આ વખતે આગળ નહિ આવે એવું બને જ કેમ, સોલાપુરમાં શ્રીમંત રાવસાહેબ શાહુના પ્રમુખપણા નીચે એક એડ-હૉક સમિતિ સ્થાપાઇ છે. તેના મંત્રી તરીકેની જબાબદારી શ્રીમતી વિમલાબાઇ કિરપેકરે લીધી છે. આ સમિતિમાં બાલવિકસ મંદિરના કેળકર દંપતિ શ્રી અને શ્રીમતી પંડિત, સુમનિબાઇ શાહ, શ્રી. બલકૃષ્ણ ગર્ગ કુ. સુલોચનાબાઇ સિંગી વગેરે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ છે. બાલશિક્ષણ અંગે તે બધાંને અત્યંત આત્મભાવ છે. પૂનામાં પૂના શાખાના પ્રમુખ બકુલાબાઇ અભ્યંકર સંઘના વ્યવસ્થાપક મંડળના સભ્ય, સંઘના કાર્યધ્યિક્ષ શ્રીમતી માલિનીબેન પરાંજપે, મંત્રી શ્રીમતી તારાબાઇ પરાંજપે અને તેમના સહકાર્યકર્તા મંડળે પૂનાનું કાર્ય સ્વીકાયું છે. આ રીતે હુન્નરો હાથે સંઘ-કાર્ય થાય તો પરિષદને કશાની પણ બાબી રહેવાની નથી એની બાત્રી છે

આ વર્ષનો બલશિક્ષણ જયંતિ સતાહ અને જયંતિ નિધિ

નૂતન બાલ શિક્ષણ સંઘના સંસ્થાપક સ્વ ગિજુભાઇ બધેકાનો જન્મદિવસ બાલશિક્ષણ જયંતિ દિન તરીકે દર વર્ષે પળાય છે. એ જ સમયે એક દિવસ પહેલા એટલે ૧૪ મી નવેમ્બરે ભારતના પંતપ્રધાન પં. જવાહરલાલ નેહરુનો જન્મદિન છે. પંડિતજીનો બાલ પ્રેમ હવે તો જગપ્રસિધ થયો છે. તેમના આ બાલપ્રેમની સ્મૃતિ તરીકે ૧૪ મી નવેમ્બર નો દિવસ આપણા દેશમાં રાષ્ટ્રીય બાલદિન તરીકે ઉજવવાની પ્રથા પ્રચલિત કરવામાં આવી છે. ભારતના ભાગ્યવિધાતા બાલપ્રેમી જવાહરલાલજીનો જન્મદિન અને આજ દેશમાં નૂતન બાલ શિક્ષણનો વ્યાપક પ્રમાણમાં પ્રચાર કરનાર બાલશિક્ષણ પ્રેમી ગિજુભાઇનો જન્મદિન આમ સાથોસાથ આવે આ એક સુંદર યોગાયોગ છે. તેથી સંઘની બધી સંસ્થામાં આ વખત બાલશિક્ષણ જયંતિ સપ્તાહ ગયા વર્ષની જેમજ તા. ૧૪ મી થી તે ૨૦ નવેમ્બર એમ શક્ય બનેતો ઉજવવો એવી સૂચના કરીએ છીએ. વાણી, સમાજ અને સરકારનું લક્ષ બાલકોના પ્રશ્ન ઉપર કેન્દ્રિત કરવું એ છે. અને આ કાર્ય સફળ રીતે પાર પાડવા માટે આ સપ્તાહ કેટલીએ સંસ્થાને અથવા શાખાને અડચણરૂપ થઇ પડશે એ પણ આપણે ધ્યાનમાં લેવું જોઇએ. કેટલીએ સંસ્થા ૧૧ મી નવેમ્બરને દિવસે દિવાળીની રજા પછી પહેલીવાર ઉઘડશે. તેમને આ સપ્તાહની તૈયારી કરવા માટે પૂરતો સમય રહેતો નથી. આવી સ્થિતીમાં કેવળ જન્મદિન બાતર ગમે તે રીતે સપ્તાહ ઉજવવો એ કરતા કોઇ સસ્થા પોતાનું બાલશિક્ષણ સપ્તાહ એક બે સપ્તાહ આગળ લઇ જઇને ઉજવે તો પણ એમાં વાંધો નથી.

જયંતિ નિધિ

નૂતન બાલશિક્ષણ સંઘના કેન્દ્રીય અને શાખાના કાર્ય માટે પણ નિધીની આવશ્યકતા દર વર્ષે હોય છે. તે

બેગું કરવું એ પણ એક જયંતિ સપ્તાહનો દર વર્ષનો કાર્યક્રમ હોય છે. આ વર્ષે આ સંઘ સાથે સંબંધિત અને મિત્ર સંસ્થાના બાળકોનો વાલીઓ પાસે સંઘના વિનંતી પત્રકો અને ૧-૦-૦ રૂ., ૦-૮-૦ આના ના દરની ટિકીટો સંસ્થાને મોકલવામાં આવી છે. જે જે વાલીઓના બાલક બાલમંદિરમાં આવે છે તે વાલીઓ સંઘ એ બાલમંદિરની કેન્દ્રીય સંસ્થા હોવાથી વર્ષમાં પોતાની શક્તિ-પ્રમાણે રૂા. ૧-૦-૦ અથવા ૦-૮-૦ આપવા આ અપેક્ષા તેમની પાસેથી સંઘે રાખી છે. આ નિધિનો સંઘને ખૂબ ઉપયોગ થાય છે.

(૧) સંઘનું આમ બાલ-શિક્ષા કેન્દ્ર ફક્ત આમીણ બાળકો માટે વિનામૂલ્ય ચલાવવામાં આવે છે.

(૨) સેન્ટ્રલ સોશયલ વેલફેર બોર્ડની મદદથી સંઘ ગરીબ અને પછાત વર્ગના બાળકો માટે આઠ બાલ-ક્રીડાંગણો ચલાવે છે.

(૩) વાલીઓ, શિક્ષકો માટે શિક્ષણ-પત્રિકા ચલાવવામાં આવે છે.

(૪) બાલશિક્ષણ સંસ્થાનું નિરીક્ષણ, અધ્યાપન સંસ્થાનું નિરીક્ષણ તેમજ પરીક્ષણ કરવામાં આવે છે.

(૫) બાલ શિક્ષકો માટે, વાલીઓ માટે સંસ્કાર વર્ગો, ચર્ચા પરિષદો, અભ્યાસ વર્ગો યોજવામાં આવે છે.

(૬) બાલ શિક્ષણ સંસ્થાને સહાય આપવામાં આવે છે.

આ કાર્ય કરવા માટે સંઘને પૈસાની જરૂરત પડે છે. એટલુંજ નહિ । મર્યાદિત આર્થિક પરિસ્થિતીને લીધે સંઘના કેટલાંક કાર્યો પણ મર્યાદિત થયા છે. જનતા પાસેથી જેટલી વધુ આર્થિક મદદ સંઘને મળશે તેના પ્રમાણના સંઘ જનનાની વધારેમાં વધારે સેવા કરતો જશે. તેથી બાલમંદીરના સંચાલકોએ, શિક્ષકોએ અને બાળકોના વાલીઓએ જયંતી નિધીમાં યથાશક્તિ રકમ આપીને સંઘને મદદ કરવી એવી વિનંતી છે.

— શેષ નામલે.

કેટલો આશ્ચર્યકારક ફરક!



જુની રીતે
પટકીને અને મસળીને
ધોયેલું વસ્ત્ર

પ૦૧ની નવી રીતે
પટક્યા અગર મસળ્યા વગર
ધોયેલું વસ્ત્ર

પ૦૧ સાબુનો પાવડર કપડાં
સ્વચ્છ ઉજળાં ધુએ છે

આપનાં કપડાં જલ્દી અને સહેલાઇથી ધોવા માટે તાતાનો નવીન પ૦૧ સાબુનો પાવડર વાપરો. તે વાપરવાથી કપડાં સુરક્ષિત રહે છે. કિંમતની સરખામણીમાં બીજા સાબુઓના પાવડર કરતાં તે વધારે મળે છે.

ભારતની મૂડીથી ભારતવાસીઓના વહિવટ હેઠળ ભારતમાં બનાવવામાં આવે છે.



તાતા ઑઇલ મીલ્સ
સભ્ય : ઇન્ડિયન સોપ એન્ડ ટૉઇલેટરીઝ મેકર્સ એસોસીએશન

FS. 3463

સ્વાદિષ્ટ પાક, મસાલા અને રસોઇ માટે

પ્રતાપ છાપ હિંગ વાપરો

ગાંઠા તથા પાવડર



ગોપાલજી હેમરાજ હુંડી

સર્વત્ર છે, ટે. નં. ૭૦૯૧૦,

સુલેખા
REGD
પેન

સંતોષ કાયમ કાર્ય માટે

ઉત્તમ ઉત્પાદન

સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ :-

પેનમેન્સ ઈંડસ્ટ્રીયલ સર્વીસીઝ

કાંદીવલી (મુંબઈ એસ્. ડી.)

લોકલ સેલ -૧૦,શામસંટ સ્ટ્રીટ, મુંબઈ-૨.

ઝારાપકર શિવવાના યંત્રો

ભારત ભરમાં સર્વશ્રેષ્ઠ છે

૫ વર્ષની ગેરંટી.

રોકડ તથા હપ્તાથી ખરીદવાની સગવડતા.

લખો:

ઝારાપકર શિવણયંત્ર ભંડાર.

ભવાનીશંકર રોડ, દાદર મુંબઇ-૨૮

B-TEX OINTMENT MFG. CO.

24, Bapu Khote Street, Bombay 3.

ઝારાપકર

ટેઈલરીંગ કોલેજ

માહિતિપત્ર

આજે જ

મંગાવો.

ભવાનીશંકર રોડ, દાદર

મુંબઇ ૨૮.

શરીરની અંદરની અસહ્ય ગરમી ઓછી કરવા માટે

પર્લ કાઢો શરૂ કરો

શ્રીમતી આનંદીબાઇ દેસાઇની અમલાતૃત ગોળીઓ સુખી, નિરોગી, આનંદી સ્ત્રી-જીવન માટે એક સ્ત્રીએ ખૂબ વર્ષો સ્ત્રીઓ માટે વાપરીને અનુભવ લઇને તૈયાર કરી છે.

આખા શરીરની, આંખની, હથેળીની તથા તળીઆની બળતરા, હંમેશનો મંદાગ્નિ, જૂનો અપચો, તથા મલાવરોધ, શારીરિક તથા માનસિક થાક વગેરે. ગરમ હવા તથા ગરમ પ્રકૃતીને લીધે થનારા વિકાર ઉપર અદ્‌ભુત.

'પર્લ કાઢો' નાના, મોટા સ્ત્રી પુરૂષ બધા માટે સરખોજ ગુણકારી નીવડયો છે.



સ્ત્રીઓની જવાની, સૌંદર્ય, શક્તિ પાછી મેળવી દેનાર અમલાતૃત વાપરો.

તમારા કેમીસ્ટ પાસેથી પર્લ કાઢો તથા અમલાતૃત લો.

પર્લ કંપની

દીવાળીના તહેવારો દરમ્યાન

ખાસ ઇનામી રીટર્ન ટીકીટો



★ ૩૦ ઓક્ટોબરથી ૪ નવેમ્બર ૧૯૫૬ સુધીની મુદત દરમ્યાન ઓછા દરની રીટર્ન ટીકીટો એક બીજાથી ૧૫૦ માઈલ કે તેથી વધારે દરપ્રે અંતરે આવેલા હોય તેવા બે સ્ટેશનોની વચ્ચે આપવામાં આવશે.

★ વળતી મુસાફરી પૂરી કરવા માટે આ ટીકીટો લીધાની તારીખ સહિત, અગર જો તે અગાઉથી લેવામાં આવી હોય તો મુસાફરી શરૂ કર્યાની તારીખ સહિત પંદર દિવસ માટે ચાલી શકશે.

★ વળતી મુસાફરીના અડધીયા ઉપર વચ્ચેના કોઈપણ સ્ટેશને-રોકાણ થઈ શકશે નહિ.

★ ઉતારૂઓને અરજ કરવામાં આવે છે કે તેઓ વળતી મુસાફરી કરવા માટેનું અડધીયું, મુસાફરી શરૂ કરતાં પહેલાં, ટીકીટ પર તારીખ નંખાવવા રજુ કરે. તારીખ નાંખ્યા વગરના અડધીયા સાથે મુસાફરી કરનાર અગર વચમાં રોકાણ કરનાર ઉતારૂઓ ટીકીટ વગરના ગણાશે.

★ વધુ વિગતો સ્ટેશન માસ્તરો પાસેથી મળી શકશે.

આપની દરેક

જરૂરીયાતો

ખરીદવાનું એક માત્ર

: ભરોસાપાત્ર સ્થળ :

આજેજ એક વખત પધારી મુલાકાત લ્યો.

શ્રી

બોમ્બે સ્વદેશી કો-ઓપરેટીવ સ્ટોર્સ કું. લિ.

સર ફિરોજશાહ મહેતા રોડ, ફોર્ટ, મુંબઈ-૧.

શાખાઓ: મહાત્મા ગાંધી રોડ, પૂના. જેમ્સ સ્ટ્રીટ, સિકન્દ્રાબાદ.



પ્ર. ગા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક: રમણિકભાઈ તુરખિયા, ૧૪૮ હિંદુ કોલોની, દાદર, મુંબઈ ૧૪.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ-૩૧ : અંક-૯ : ડિસેંબર-૧૯૫૬.



સંસ્થાપકો :
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી. તારાબેન મોડક

☆

તંત્રી :
શેષ નામલે

બાળક જે વાતાવરણમાં રહે છે, ત્યાંનું વાતાવરણ એને માટે ત્યાંની હવાના શ્વાસ જેટલું જ મહત્વનું છે. જે સમાજમાં તેનો ઉછેર થાય છે તે સમાજની ભૂમિ પરજ તે ઉભું થઈ શકે છે. તે સમાજ સાથેના તેના સંબંધો, અને તેમાં પ્રાપ્ત થએલી પ્રતિષ્ઠા પર તેનું જીવન સ્વાસ્થ્ય અવલંબે છે.

વાર્ષિક લવાજમ : ₹. ૪-૦-૦ : : કાર્યાલય : ૧૧૮, હિન્દુ કૉલની, દાદર, મુંબઈ, ૧૪. : : છૂટક નકલ ૬ આના

ઝારાપકર.

ટેઈલરીંગ કોલેજ

માહિતિપત્ર

આ જે જ

મંગાવો.



ભવાનીશંકર રોડ, દાદર

મુંબઈ–૨૮

FOR RINGWORM ITCHES COLD CRACKS & ALL SKIN DISEASE CHECKS WITHIN 24 HOURS

B-TEX OINTMENT BOMBAY & CALCUTTA

B-TEX

WHITE OINTMENT

B-TEX OINTMENT MFG CO.
24, Bapu Khote Street Bombay 3

ઝારાપકર શિવવાના યંત્રો



ભારત ભરમાં સર્વશ્રેષ્ઠ છે

૫ વર્ષની ગેરંટી

રોકડ તથા હપ્તાથી ખરીદવાની સગવડતા.

લખો :

ઝારાપકર શિવણયંત્ર ભંડાર

ભવાનીશંકર રોડ, દાદર મુંબઈ–૨૮

ઉજાગરો અને શારીરિક, માનસિક શ્રમ બાદ



જીવદયા નેત્રપ્રભા

(રજીસ્ટર્ડ)

માટે

વૈદો, ડોકટરો, આયુર્વેદિક હોસ્પિટલોએ આંખોને માટે ઉપયોગી તરીકે પ્રમાણપત્રો આપેલ છે.

બાળક તથા વૃદ્ધ સુધી સૌ કોઇ જરૂરીયાત પ્રમાણે ૧ થી ત્રણ વખત આંજી શકે છે.

જીવદયા નેત્રપ્રભા કાર્યાલય,

વિકટોરિયા મિલ કમ્પાઉંડ, ગામદેવી રોડ, મુંબઇ ૭.

સ્વાદિષ્ટ પાક, મસાલા અને રસોઇ માટે

સર્વોત્તમ

પ્રતાપ ઘાણ્ટિંગ

વાપરો

બંડા તથા પાનડર



ગૌરવદર્શક ઉદ્યોગ

સર્વત્ર છે, ટે. નં. ૩૮૨૨૧

તંદુરસ્ત બાળકો દેશનું સાચું ધન છે. બાળકોની તંદુરસ્તી માટે તેમને હંમેશા સંતોષ કુકરમાં બનાવેલ પૌષ્ટીક રસોઇ ખવરાવો.



સંતોષ કુકર બળતણ પૈસા ને મહેનત બચાવે છે.

સંતોષ કુકર કું. ૧૧૯ ચર્ની રોડ, મુંબઇ–૪.

નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓનું બનેલું અખિલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :—

પ્રમુખ: શ્રી મોરારજીભાઇ દેસાઇ. ઉપપ્રમુખ: આચાર્ય શ્રી ભિસે.
કાર્યાધ્યક્ષ: શ્રી સરલાદેવી સારાભાઇ. કોષાધ્યક્ષ; શ્રી વા. રા. પટવર્ધન.
મંત્રીઓ : શ્રી શેષ ના. નામજે : શ્રી. સરસ્વતીબેન ભટ્ટ.

સ્થાનિક શાખા : કોઇપણ બાળ કેળવણીની સંસ્થા, વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના ૨૫ સભ્યો બનાવી, સંઘ માન્ય શાખા સ્થાપી શકે છે. આ જાતની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે.

પ્રાદેશિક શાખા : કોઇપણ જિલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની જિલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે, અને આ જિલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયંત્રણ મંડળમાં ચૂંટાઇ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય : સંઘનું બંધારણ, પ્રવેશ પત્રકો, સૂચના-માહિતી વિ. સંઘને લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતી છે.

મંત્રી, નૂતન બાલ શિક્ષણ સંઘ.
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪

સંપાદક મંડળ :

જયકુમારીબેન પટેલ, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઇ ઓઝા, હેમલતાબેન માળવી, રમેશભાઇ કોઠારી, કુસુમબેન શાહ

: અનુક્રમણિકા :

૧.	તંત્રી સ્થાનેથી	....	....
૨,	ભૂલો કેમ સુધારશો	....	.... શંકર શાહ
૩.	પૂર્વ પ્રાથમિક ભૂમિતિ	...	શેષ નામજે
૪,	સંવેદના અને જ્ઞાનેન્દ્રિય	...	
૫.	બાલ વિભાગ	...	...
૬	બાળવાડી કેમ ચલાવવી	....	અનુબેન વાદા
૭.	બાળકો અને વાર્તા	....	રતિભાઇ અમીન
૮.	બેગસરા બાળમંદિર	....	
૯.	સંઘ સમાચાર	...	...

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો !

કે– "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે તેથી તેના ગ્રાહકો બંધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા–પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાએલાં હોવા જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઇ પણ માસથી થઇ શકાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫ મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં સંપાદકીય નોંધ સિવાયના રજૂ થતા લખાણો સાથે સંપાદક સહમત છે એમ કોઇએ માની લેવું નહીં.

કે– "શિક્ષણ પત્રિકા" ગુજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૧૦ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા" રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનંતિ છે.

—શ્રી રમણિકભાઇ તુરખિયા
વ્યવસ્થાપક "શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.



પ્લાસ્ટિક કંટેનરમા પણ મળે છે.



ટેલીફોન : 26-3281

ટેલીગ્રામ : "FILTER"

ત્રણલાઇનો મુંબઇ.

ધી

વૉલેસ ફ્લોર મિલ્સ

કું૦ લિ૦

૯, વૉલેસ સ્ટ્રીટ કોટ, મુંબઇ-૧

☆ ☆ ☆

એકજ વ્યવસ્થા હેઠળની મેંદો, આટો, રવો, સોજી, બેસન, થુલું વગેરે બનાવતી ભારતની આગેવાન આટાની મિલો

☆ ☆ ☆

ઘઉંની આયાત કરનારા
અને
આટાની નિકાસ કરનારા

મેનેજીંગ એજન્ટસ :

મેસર્સ વિસનજી સન્સ એન્ડ કું.
[પ્રાઇવેટ] લિ૦

મિલો : "એ" ચીખલવાડી, તારદેવ
"બી" અને "સી" અને બેસનની
મિલો ઉમરખાડી અને મઝગામ.

મુંબઈ, મધ્ય ભારત, ઉત્તર-પ્રદેશ, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૩૧ : અંક ૯] મુંબઈ [ડિસેંબર–૧૯૫૬

તંત્રી સ્થાનેથી

ગ્રામીણ અને પછાત નાગરી વસતિની બાળ કેળવણીનો પ્રશ્ન

કોસબાડમાં જાન્યુ. ના પાંચ, છ અને સાત ના રોજ હવે નિશ્ચિત કરવામાં આવેલી દ્વિતીય અખિલ ભારતીય પરિષદનો ચર્ચાનો મુખ્ય વિષય છેઃ— ગ્રામીણ અને પછાત નાગરી વસ્તીની બાળ કેળવણીનો પ્રશ્ન. ઘણાઓને એમ થાય છે કે બાળ કેળવણીમાં તે એવું પ્રશ્ન રૂપ શું હશે કે જેને માટે અખિલ ભારતની સંસ્થાઓના કાર્યકરો એક સ્થળે એટલો બધો ખરચ કરીને આવે અને તેની ત્રણ દિવસ લગી ચર્ચા ચલાવે. એકવાર કેળવણી ખાતાની મોટી અધિકારી વ્યકિતએ જ શ્રીમતી તારાબેનની ગ્રામીણ બાળકો માટેની 'વિકાસ વાડીની યોજના' અંગે કહ્યું હતું 'તારાબેન એમાં શી મોટી વાત છે ? છોકરાઓને સારી રીતે ખવરાવીએ, એમને માટે સારા શિક્ષકો રોકીએ, સારા મકાનો આપીએ અને સારી રીતે ખરચ કરીએ તો એની કેળવણી સુધરવાની જ છે ને! એમાં તમે નવું શું મોટું કરી રહ્યા છો?' આજે પણ શ્રી. તારાબેનને આ પરિષદ અંગે એવું જ સંભળાવી દેનાર કોઇ નહિ મળે એમ કેમ કહી શકાય ? તેથી આ પરિષદમાં જે પ્રશ્નની ચર્ચા આચાર્ય શ્રી. કાકાસાહેબ કાલેલકર જેવા સમર્થ લોક કેળવણીકાર આગળ આ ક્ષેત્રના કાર્યકરો ત્રણ દિવસ સુધી કરવાના છે, તે પ્રશ્નનું સ્વરૂપ શું છે તેની સ્પષ્ટતા કરવાની જરૂર છે.

બાળ કેળવણી કે કોઇ વિશિષ્ટ પરિસ્થિતિમાં વસતાં બાળકોની કેળવણીનો પ્રશ્ન કેવળ આર્થિક છે અને દેશ પાસે કેળવણી માટે જોઇતો પૈસો આવી જતાં કેળવણીનો કે બાળ કેળવણીનો પ્રશ્ન આપ મેળે ઉકેલાઇ જશે એવા જે ભૂલભર્યા ખ્યાલો કેટલાક લોકો સેવે છે તે સાચું નથી. 'સારા શિક્ષકો' અથવા 'સારી કેળવણી' એ કંઇ એવી બજારમાં તૈયાર ખરીદવા જેવી વસ્તુ નથી કે જે પૈસાથી ખરીદી શકાય. કોઇપણ પ્રકારની કેળવણી માટે વિદ્યાર્થી, વાલીઓ, કુટુંબ, શિક્ષકો, શિક્ષણ સંસ્થા સમાજ અને સરકારના સહયોગની જેટલી જરૂર છે તેટલી જરૂર એ કેળવણીનું સ્વરૂપ, તેની પધ્ધતિ, સાધનો અને તેના શિક્ષકો નિશ્ચિત કરવામાં વિચાર, અભ્યાસ અને પ્રયોગોની છે. કેળવણીમાં બાળ કેળવણી અને તેમાં ય આર્થિક-સામાજિક રીતે પછાત રહેલા બાળકોની કેળવણીનો પ્રશ્ન આ એક આપણી અત્યંત કઠિન એવી રાષ્ટ્રીય સમસ્યા છે. આ કેળવણીના ઘડતરના માર્ગમાં આપણી અનેક પ્રકારની મુંઝવણો છે. સાથે સાથે આપણી આર્થિક પરિસ્થિતિની પણ મોટી મુંઝવણ આપણે હકીકત તરીકે સ્વીકારી લઇએ પણ એનો અર્થ એમ નથી કે આપણી મુંઝવણ એકલી આર્થિક જ અને બીજી કોઇ મુશ્કેલી જ આપણા આ પ્રશ્નના માર્ગમાં નથી.

દ્વિતીય અખિલ ભારતીય બાળ કેળવણી પરિષદે જે સામાજિક અને આર્થિક રીતે પછાત વસતિના બાળકોની કેળવણીનો પ્રશ્ન વિચારવા માટે હાથમાં લીધો છે તેની રાષ્ટ્રીય અગત્ય કેટલી છે એ મુદ્દો હવે ચર્ચવાની જરૂર છે એમ અમે

માનતા નથી આ પ્રશ્નની રાષ્ટ્રીય મહત્તા તાત્વિક રીતે સૌ કોઇ સ્વીકારે જ છે. એ કેળવણી સંબંધમાં આપણી આગળનો મુખ્ય પ્રશ્ન છે વ્યવહાર. આપણી પાસે આપણી આર્થિક મર્યાદાઓ છે. એ મર્યાદાઓ બદલતી જાય છે એ સાચું છે પણ આજના તબક્કે તો જે કોઇ મર્યાદા છે તે તો આપણને સ્વીકારવી જ પડશે. એ મર્યાદા સ્વીકારીને આપણા ગ્રામીણ અને નાગરી પછાત વસ્તીના બાળકો માટે શું શું ઓછામાં ઓછું કરી શકીશું એ આપણી આગળનો પ્રશ્ન છે.

આ બાળકો જે પરિસ્થિતિમાં જન્મે છે અને જે પરિસ્થિતિમાં ઉછરે છે અથવા સંસ્કાર પામે છે તે પરિસ્થિતિમા પલટો કેમ લાવવો એ વિચારવું આપણા માટે અનિવાર્ય છે. કારણ કે બાળક જે સમાજ અને કુટુંબમાં ઉછેરાય છે એમાં જ એ બાળકોના સંસ્કારોના ઊંડા ઊંડા મૂળિયા વિસ્તાર પામ્યા છે. એ સમાજ અને કુટુંબોને કેળવણીકારોએ પ્રથમ સમજવા રહેશે. આ બાળકોના બૌધ્ધિક અને ભાવિક પછાતપણાનું કારણ આ કુટુંબોનું જ બૌધ્ધિક અને ભાવિક પછાત જીવન છે. એ સમાજ અને કુટુંબોનું બૌધ્ધિક અને ભાવિક જીવન સમૃદ્ધ કેમ બને તે આપણી વિચારણાનો એક ભાગ છે. ત્યારે બીજી રીતે આવી વસ્તીઓમાં બાલવાડીઓનું આયોજન કરીને એ બાળકોનાં બૌધ્ધિક અને ભાવિક સંસ્કારો સમૃધ્ધ કેમ બને તે આપણે વિચારવાનુ રહે છે. આપણી નવીન ગ્રામીણ અને પછાત વસતિના બાળ કેળવણીમાં આપણે બાળકનો વિચાર ગ્રામ બાલવાડીના ઓરડા કે આંગણામાં કરીએ તો તે વિચાર એકાંગી એટલે અધુરો ગણાશે. આજની આપણી પરિસ્થિતિ જોતાં બાળકોના નવા સંસ્કારો માટે જેટલી બાલવાડીઓ યોજવાની જરૂર છે એના કરતા પણ બાળકને તેના ઘરોમાં અને તેના સમાજમાં જોવાની વધુ જરૂર છે તેથી બાળકોના ઘરોનું અને તેના સમાજના બૌધ્ધિક અને ભાવિક જીવનમાં કંઇક બાળકોની દૃષ્ટિએ પુનર્રચના કરવાનું એટલું જ અગત્યનું છે એ આપણે સમજવાની ભૂલ ન કરી બેસીએ.

બાલવાડીનું આયોજન પણ જરૂરનું છે. તેથી તેના પણ પ્રશ્નો આપણે વિચારી લેવા પડશે. આપણી બાલવાડી આ વસ્તીના બાળકોનું એક આકર્ષણ કેમ બને તે આપણે વિચારવું જોઇશે. બાલવાડીમાં બાળકો નિયમિત કેમ આવે અને આવ્યા પછી ત્યાંની પ્રવૃત્તિમાં તેમને એકાગ્ર કેમ બનાવી શકાશે, તેમનો શારીરિક, બૌધ્ધિક અને ભાવિક વિકાસ કરવા માટે બાલવાડીમાં શી શી પ્રવૃત્તિઓ યોજવી, કેવા સાધનો યોજવા, કેવા શિક્ષકો રાખવા, આ શિક્ષકો કયાંથી મેળવવા તેમને કયા પ્રકારની તાલીમ આપવી એવા અનેક પ્રશ્નો આ બાલવાડીના આયોજન અંગે વિચારતાં આપણી આગળ ઉભા થશે. આ બધા પ્રશ્નોની છણાવટ આ પરિષદે કરવાની રહેશે. એ છણાવટ કરતાં ભારતના ખૂણે ખૂણે આ ક્ષેત્રમાં થઇ રહેલા પ્રયોગો અને અનુભવો આપણે ધ્યાનમાં લેવા પડશે. પરિષદનો સદ્‌ભાગ્યે ડો. ઝકીર હુસેન જેવા કેળવણીના પ્રશ્નનો વ્યાપક વિચાર ધરાવતા અનુભવી નેતા પરિષદને મળ્યા છે. તેમજ આ દ્વિતીય પરિષદનું માર્ગદર્શન કરવા માટે આચાર્ય શ્રી. કાકાસાહેબ કાલેલકર જેવી જ્ઞાન, તપ અને અનુભવથી અધિકાર પ્રાપ્ત કરેલી વ્યકિત મળી છે. પરિષદનું આયોજન નૂ. બા. શિ સંઘના એક સંસ્થાપક શ્રીમતિ તારાબેન મોડક જેવા ગ્રામીણ બાળકો વચ્ચે જ વર્ષોથી પ્રયોગો કરનાર અધિકારીને સોંપાયું છે અને પરિષદને ઠેરઠેરથી આ ક્ષેત્રના અનુભવી કાર્યકરોનો જે પ્રતિસાદ મળી રહ્યો છે તે જોતાં 'આપણા ગ્રામીણ અને નાગરી પછાત વસ્તીનાં બાળકોની કેળવણીના અનેક પ્રશ્નો પર સુંદર અને સચોટ માર્ગદર્શન આ પરિષદમાંથી કાર્યકરોને, શિક્ષકોને અને જનતાને મળશે એવી આશા સૌ કોઇ રાખે એ સ્વાભાવિક છે. પરિષદની અમે સંપૂર્ણ સફળતા ઇચ્છીએ છીએ.

ભૂલો કેમ સુધારશો ?

શાન્તાબહેનને ૬ છોકરાં હતાં. એ બધાંની વચ્ચે બે બે વર્ષનું અંતર હતું; એટલે એ બધાં દશથી વીશ વર્ષનાં થયાં ત્યારે એમના ઘરમાં ભારે મુશ્કેલી ઉભી થઇ ઘરમાં એ બધાંની વચ્ચે કાયમ ઝગડા ચાલ્યા જ કરતા હતા; અને એને પરિણામે ઘરમાં લડાઇટંટાનું વાતાવરણ જામેલું જ રહેતું હતું કોઇક કોઇકની ખાવાની રીત વિષે ટીકા કરે, તો કોઇક- કોઇકનાં કપડાંની ખામી શોધી કાઢે; તો વળી કોઇક કોઇકની વ્યાકરણની ભૂલો શોધી શોધીને મશ્કરી કર્યા જ કરે. તો વળી કોઇક કોઇકના બોલવાના ચાળા પાડે આમ એ બધાં છોકરાં એક બીજાની ભૂલો શોધવામાં જ મશગુલ રહેતાં હતાં અને પછી એને લીધે એક-બીજા સામે દાંતિયાં, તકરાર અને પરિણામે કોઇક વખત મારામારી પણ થતી હતી. આ પરિસ્થિતિને લીધે એ બધાંનો એક બીજા પ્રત્યેનો પ્રેમ ઓછો થતો હતો. ઉપરાંત શાન્તાબહેનના મન ઉપર પણ ખૂબ તાણ રહેતી હતી શાન્તાબહેન આ આખી પરિસ્થિતિથી ત્રાસી ગયાં હતાં. એમણે બહુ વિચારને અંતે એક યુક્તિ શોધી કાઢી. એક દિવસ એમણે બધાં છોકરાંને ભેગાં કર્યા અને શાંતિથી કહ્યું "જુઓ, તમે બધાં હવે મોટાં થયાં છો, તમે એક બીજાની ભૂલો કાઢીને આ રીતે એકબીજાને દાંતિયાં કે મારામારી કરો તે તમને શોભે નહિ. એના બદલામાં આપણે એક પાટિયું રાખીએ. કોઇની પણ ભૂલ થાય તો એ એને મોઢે કહેવી નહિ, પણ પાટિયા ઉપર લખવી માત્ર ભૂલ એકલી લખવી, કોઇનું નામ લખવાનું નહિ. આ પછી બીજે દિવસે તમારામાંથી એક જણે એ પાટિયું વાંચવું. દરેક જણ પોતપોતાની ભૂલ સમજી જશે. પછી બીજા દિવસથી દરેક જણે પોતપોતાની ભૂલ સુધારવાનો પ્રયત્ન કરવો, પણ એ બાબતમાં તમારે કોઇએ કોઇ પણ જાતની સલાહ સૂચના ન આપવી. એ કામ હું સંભાળી લઇશ" બધાં છોકરાંઓએ રાજી થઇને આ વાત સ્વીકારી લીધી. બીજે દિવસે શાંતાબહેને પાટિયું લાવીને ટીંગાડયું પહેલે દિવસે તો એટલી બધી ભૂલો લખાઇ હતી કે આખું પાટિયું ભરાઇ ગયું:- "હાથની આંગળી-ઓના નખ ગંદા છે," "મોઢા ઉપર વધારે પડતો પાવડર લગાડયો છે"; "બહુ જલ્દી ખાય છે"; "આખા ટેબલ ઉપર ચોપડીઓનો પથારો કરી મૂકે છે"; "ચંપલનો પટ પટ અવાજ કરે છે" આવી તો અનેક ભૂલો પાટિયાં ઉપર લખાઇ હતી. પણ બે ચાર દિવસમાંજ આ પદ્ધતિનાં આશ્ચર્યકારક પરિણામ આવ્યાં. દરેક જણ પોતાની ભૂલો સુધારવા મંડી પડયું. એક મહિનાની અંદર તો કેટલાક દિવસ એવા જવા લાગ્યા કે પાટિયા ઉપર કંઇજ લખાયું ન હોય ઘરમાં એકદમ શાંતિનુ સામ્રાજ્ય જામી ગયું. એક બીજાં સાથેની મારા-મારી બંધ થઇ ગઇ. દરેક જણ જાતે જ પોતાની ભૂલો ખોળી કાઢીને એ સુધારવાના પ્રયત્નમાં પડી ગયું. ઉપરાંત હવે દરેક જણ એકબીજાનું શાંતિથી નિરીક્ષણ કરતું હતું અને એને પરિણામે દરેકને લાગવા માંડયું કે કેટલીક વસ્તુઓ કે જેને માટે એ લોકો મારામારી કરતાં હતાં એ તો તદ્દન નજીવી હતી અને એના તરફ સહેજ પણ ધ્યાન આપવા જેવુ ન હતું. શાંતાબહેન તથા બધા જ બાળકોને લાગ્યું કે આ અખતરો દરેક મોટા કુટુંબમાં કરવા જેવો છે. એને લીધે દરેક જણને પોતાની અને બીજાની ભૂલોનો બરાબર ખ્યાલ આવે છે અને પરિણામે દરેક જણ એકબીજા તરફ વધારે સહિષ્ણુ થતું જાય છે. આ અખતરા પછી શાંતાબેનના ઘરમાં જોઇએ તેટલી શાંતિ રહે છે અને કુટુંબમાં એક બીજા પ્રત્યેનો પ્રેમ પણ વધી રહ્યો છે.

શંકર શાહુ.



સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ :-
પેનમેન્સ ઇંડસ્ટ્રીયલ સર્વીસીઝ
કાંદીવલી (મુંબઈ એસ્. ડી.)
લોકલ સેલ.-૧૦,શામસેટ સ્ટ્રીટ, મુંબઈ-૨.



WANTED STOCKISTs.

નવી ડિઝાઇનોનું સુંદર પુસ્તક

આમાં ૬૪ આકર્ષક ડિઝાઇનો, ૩૪ જુદી જુદી ટાંકાઓની આકૃતિઓની માહિતી સાથે.

કિં. રૂા. ૩–૦–૦ ટપાલ ખર્ચ જૂદું. વ્યાપારિક પૂછપરછ માટે લખોઃ

* એસ. મધુકર એન્ડ બ્રધર્સ *

ટ્રામ નાકું, દાદર મુંબઇ–૧૪.

શિક્ષણ સાધનો

બાલમંદિર માટે સાધનો, નકાશાઓ, ચિત્રપટો, કસરતના સાધનો,
બાલસાહિત્ય અને અન્ય ઉપયોગી સાધનો માટે સૂચિપત્ર મંગાવો.

લખો

નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કસ (પ્રાઇવેટ) લી૦

સીનેમા રોડ, સુરેન્દ્રનગર. (સૌરાષ્ટ્ર.)

પૂર્વ પ્રાથમિક ભૂમિતિ

(લેખાંક ચોથો)

રચના પેટી : આની આગળના લેખમાં ભૌમિતિક આકૃતિની પેટીમાં બાળકને વિવિધ આકૃતિનો પરિચય થયો. કાર્ડ ઉપરની ભૌમિતિક ચિત્રાકૃતિ ઉપર ટ્રેની અંદર ફ્રેમમાં લાકડાની ભૌમિતિક આકૃતિ મૂકીને બાળક આકૃતિ ો ક્ષેત્રની તુલના (Equivalent area) કરતું આપણને દેખાશે. આવી રમતોનો વિકાસ થતી વખતે આપણે જુદી જુદી ભૌમિતિક આકૃતિનો ઉપયોગ કેવી રીતે કરવો તે આપણે તેને દેખાડયો છે. તેમાં ભૌમિતિક રચના (designs) નિર્માણ કરતી વખતે વિવિધ આકૃતિઓના ક્ષેત્રની તુલના કરવી પડી તેજ પ્રમાણે તેનો પરસ્પર સંબંધ તેને સમજાવી આપવો પડે છે. તેમ છતાં આ પરસ્પર સંબંધ આ વયના બાળકોને કોઇ શબ્દમાં વ્યકત કરવાનું કહીશું તો એ તેમને તેમ કરતા આવડશે નહિ એ બિલકુલ સ્પષ્ટ છે. પરંતુ રચના નિર્માણના કાર્યમાં પરસ્પર સંબંધ સમજી લીધા સિવાય રચનાની પ્રગતિ થતી નથી એ પણ એટલું જ સ્પષ્ટ છે.

રચના પેટીના ઉદ્દેશ્ય : ક્ષેત્ર ભૂમિતિમાં (Plain Geometry) આકૃતિના ક્ષેત્રની તુલના અને તેનો પરસ્પર સંબંધ સમજવો એ જેટલું આવશ્યક છે, તેજ પ્રમાણે આ બધી ભૂમિતિ જે મુખ્ય ત્રણ આકૃતિ ઉપર (ત્રિકોણ, ગોળ અને ચોરસ) આધાર રાખે છે તે દરેક આકૃતિનું કાર્ય પણ બાળકનાં લક્ષમાં લાવવું પણ તેટલું જ મહત્ત્વનું છે. રચના પેટીની યોજના મુખ્યત્વે ત્રિકોણનું કાર્ય બાળકોના ધ્યાનમાં આવે તે માટે કરી છે. ક્ષેત્ર ભૂમિતિમાં ત્રિકોણાકૃતિને ખૂબ મહત્ત્વનું સ્થાન અપાયું છે. કોઇ પણ વાંકાચૂંકા આકારનું ક્ષેત્રફળ કાઢવાનું હોય તો તે આકૃતિનું રૂપાંતર ત્રિકોણમાં કરવામાં આવે છે અને પછી તેના ઉપરથી ક્ષેત્રફળ કાઢવામાં આવે છે. જુદી જુદી ત્રિકોણની જોડીઓ લેવાથી અને તે જોડીમાંના પાયાની એ બાજુ જોડી દેવાથી જુદા જુદા પ્રકારના ચતુષ્કોણની આકૃતિઓ બને છે. સરખા આકારના સમભુજ ત્રિકોણ લેવાથી તેમાંથી ક્રમશઃ બે, ત્રણ, ચાર, છ ત્રિકોણ જોડીને જુદી જુદી સમબાજુની ભૌમિતિક આકૃતિઓ તૈયાર કરી શકાય ભૂમિતિમાં ત્રિકોણને 'આકૃતિનો મોટો રચનાકાર' 'Triangle the great builder' એમ કહેવાય છે. ત્રિકોણના આ રચનાકાર્યમાં બાળકને રસ પડે એજ રચના પેટીની યોજનાનો ઉદ્દેશ્ય છે.

રચના પેટીની યોજના : મોન્ટેસોરી પદ્ધતિમાં આ પેટીનો ઉપયોગ તાજેતરનો જ છે. 'મોન્ટેસોરી પદ્ધતિ'ની જૂની આવૃત્તિમાં આ સાધનનો ઉલ્લેખ પણ નથી. ૧૯૩૦ થી તે ૪૦ દરમ્યાન મેડમ મોન્ટેસોરીનો યુરોપમાં જે આંતરરાષ્ટ્રીય શિક્ષણક્રમ થયો તેમાં કયારેક આ સાધનની યોજના તેમને સુઝી હશે. તેમ તે સમયે આ સાધનનું સ્વરૂપ પણ હમણાનું છે એના કરતા થોડું જૂદુ હતું. વારંવાર થયેલા અનુભવથી તેમાં સુધારો થતા થતા આજ આપણને બજારમાં જે પ્રકારના સાધનો મળે છે તેથી ચાર પેટીની યોજના થઇ છે.

પેટી ક્રમાંક ૧ : તેમાં જુદા જુદા પ્રકારના ત્રિકોણની જોડીઓ છે. તે દરેક જોડીનો રંગ જુદો જુદો હોઇ તે જોડીમાંથી બનાવવાની આકૃતિ માટે તે ત્રિકોણની ધારે કાળી સૂચક રેષા દર્શાવેલી છે. આ પેટીમાં ત્રિકોણની- કઇ કઇ જોડી હોય છે એ ઘણીવાર શિક્ષકની ધ્યાનમાં રહેતું નથી, બાળકો જયારે આ સાધનનો ઉપયોગ કરે છે ત્યારે એક પેટીમાંના ત્રિકોણ બીજી પેટીમાં જતા રહે છે તેને લીધે સાધનનો ઉદ્દેશ સફળ થતો નથી તેથી આ પેટીના ઢાંકણાની અંદરની બાજુએ આ પેટીના સાધનની યાદી કાગળ ઉપર લખીને ચોંટાડી દેવી. શિક્ષકે બધી પેટીમાં આ રીતની સગવડ કરી લેવી.

જોડી	રંગથી બનતી આકૃતિ
સમદ્વિભુજ કાટખૂણુ ત્રિકોણ	લાલ ચોરસ
,, ,, ,,	પીળો સમાન્તરભુજ ચતુષ્કોણ
વિષમભુજ કાટખૂણુ ત્રિકોણ	લીલો સમાન્તભુજ- ચતુષ્કોણ
,, ,, ,,	લાલ ,,
,, ,, ,,	રાખોડી કાટખુણુ ,,
સમભુજ ત્રિકોણ	ગુલાબી સમભુજ ,
અનિયમિત ત્રિકોણ	કેસરી અનિયમિત ,,

આજ પેટીમાં ઉપર દર્શાવેલા ત્રિકોણની બીજી સાત જોડીઓ હોય છે. પરંતુ તે બધી જોડીઓ એકજ જૂરા રંગની હોય છે અને આ ત્રિકોણની ધારે સૂચક કાળી રેષા પણ હોતી નથી.

પેટી ક્રમાંક ૧ ના ઉદ્દેશ : જુદી જુદી પ્રકારની ત્રિકોણની જોડીમાંથી કઇ કઇ આકૃતિઓ બેસે છે તે બતાવવાનું છે.

બાળકની વય : ત્રણથી સાડાચાર.

નિદર્શન : ત્રિકોણની જોડીનો એક રંગી સેટ પેટીમાંથી કાઢી નાખવો, શકય હોય તો આ સેટ માટે બીજી પેટી કરી લેવી, અને તેમાં આ સેટ હમેશ જુદો રાખવો. પછી પહેલા રંગીન ત્રિકોણની જોડીનો સેટ કાઢીને તેમાંના ત્રિકોણો ભેગા કરી દેવા પછી રંગ ધ્યાનમાં લઇને જોડીઓ શોધવી ત્રિકોણની કિનારીએ દર્શાવેલી કાળી રેષદ્વારા સૂચિત કર્યા પ્રમાણે આકૃતિ કેવી રીતે બનાવવી તે બાળકને બતાવવું. તૈયાર થયેલી આકૃતિઓના નામો કહીને આકૃતિનો પરિચય દૃઢ કરવો પછી થોડા દિવસ પછી એક રંગનો સેટ લાવીને તેમાંથી કેટલા પ્રકારના ચતુષ્કોણ બનાવી શકાય એ બાળકોને પૂછવું. બાળકની પૂર્વ તૈયારી રંગીન સેટ ઉપર થયેલી હોવાથી એમને આ ત્રિકોણમાંથી જુદી જુદી ચતુષ્કોણ આકૃતિઓ બનાવતા આવડશે.

નિયંત્રણ : પહેલા સેટમાં રંગ, અને કાળી રેષા, બીજા સેટમાં પૂર્વાનુભવ.

પેટી ક્રમાંક ૨ : આ પેટી ત્રિકોણ આકારની હોય તેમાં નીચે પ્રમાણે બધા સમભુજ ત્રિકોણ છે. તેમાંથી જુદી જુદી આકૃતિઓ કેવી રીતે બને છે એ બતાવવા માટે આગળ કહ્યું એ પ્રમાણે જુદા જુદા રંગ અને જોડવા માટે ધાર ઉપર કાળી રેષા દેખાડેલી હોય છે.

ત્રિકોણ	બનાવવાની આકૃતિ
એ લીલા	સમભુજત્રિકોણ સમભુજ ચતુષ્કોણ
ત્રણ રાખોડી	,, ,, સમદ્વિભુજ ,,
ચાર લાલ	,, ,, સમભુજ ત્રિકોણ
છ પીળા	,, ,, ષટકોણ

આજ પ્રમાણે પંદર સમભુજ ત્રિકોણનો એક રંગી જૂરો સેટ આ પેટીમાં જ હોય છે, તે આગળ સૂચવ્યા પ્રમાણે બાજુએ કાઢી રાખવો.

ઉદ્દેશ : સમભુજ ત્રિકોણનો ઉપયોગ કરીને જુદી જુદી નિયમિત ભૌમિતિક આકૃતિ બનાવી શકાય છે તે દર્શાવવું.

વય : આગળ સૂચવ્યા પ્રમાણે.

હજારો કુટુંબોમાં હવે છૂટથી વપરાય છે.....



* ખરતા વાળને અટકાવી વાળને વધારે છે.
* મગજને ઠંડું રાખી વાળને મુલાયમ બનાવે છે
* સફળ પ્રયોગો બાદ એ જનતા સમક્ષ રજુ થયું છે

લોમા પ્રોડકટસની એક અનમોલ કૃતિ

: સોલ એજન્ટસ :
એમ. એમ. ખંભાતવાળા
રાયપુર, અમદાવાદ.

: એજન્ટસ :
સી. નરોત્તમ એન્ડ કું.
મગલદાસ રોડ, મુંબઇ-૨
ટે નં. ૩૦૫૭૫

M. P S.

નિદર્શન : રંગની મદદથી પહેલા ત્રિકોણનું * વર્ગીકરણ કરવું. પછી રેષાની મદદથી આકૃતિ રચવાનું સૂચન કરવું. નામો કહેવા.

થોડા દિવસ પછી એક રંગી સેટ લઇને તેમાંથી આકૃતિની રચના પોતાના મનથી (રેષાનો આધાર લીધા વગર) કરવાનું સૂચવવું.

નિયંત્રણ : ઉપર પ્રમાણે.

પેટી ક્રમાંક ૩ : આ પેટી ક્રમાંક ૨ પ્રમાણે ત્રિકોણ કૃતિ છે. તે ઉપરથી જ ઓળખાય એ માટે તેનો રંગ બદલી નાખવો અથવા બાળકને પણ એ જુદી લાગે એ દૃષ્ટિથી કંઇક ફેરફાર કરવો જોઇએ. આ પેટીમાં સમભુજ ત્રિકોણના બે, ત્રણ અને ચાર સમાન ભાગ કરવામાં આવ્યા છે એ ભાગના કટકાને લીલો, ત્રણ ભાગના કટકાને પીળો અને ચાર ભાગના કટકાને લાલ આ પ્રમાણે જુદા જુદા રંગ આપ્યા છે. આ કટકા જોડીને મૂળનો ત્રિકોણ કેવી રીતે બનાવવો તેનું માર્ગદર્શન કરવા માટે આ રંગીન કટકાની ધારે કાળી રેષા દર્શાવેલી છે. આ રંગીન સેટ પ્રમાણે બીજો એક રંગી તેટલાજ કટકાનો ભૂરો સેટ પણ છે.

ઉદ્દેશ : આકારમાં જુદા પરંતુ સમક્ષેત્ર હોય એવા ત્રિકોણોની તુલના કરવી

વય : આગલી પેટી પ્રમાણે

નિદર્શન : પહેલા રંગીન સેટ લઇને તેમાંના વિવિધ રંગ ઉપરથી ત્રિકોણો જુદા કરાવવા. પછી આ જુદા જુદા રંગના ત્રિકોણમાંથી સમભુજ ત્રિકોણ કાળી માર્ગદર્શન રેષાના આધારે લઇને કેવી રીતે બનાવવા તે બતાવવું. પછી એમાંથી સમક્ષેત્રની આકૃતિ ઓળખી તે સામે સામે મૂકવા કહેવું. એમાં મદદરૂપ થઇ પડે એ માટે એક મોટો ભૂરો ત્રિકોણ બનાવી આપવો અને તેનું સમક્ષેત્ર હોય એવી કેટલી જુદી જુદી આકૃતિઓ બનાવી શકાય તે સૂચવવું. સમક્ષેત્ર આકૃતિની જોડી નીચે પ્રમાણે બતાવાય.

* આ ત્રિકોણો પેટી ક્રમાંક ચારમાં છે.

રિંગોઝોન
મલમ અથવા લોશન
ગમેતેવી દરાજ, ખરસ
કે ખરજવાં જેવાં
ચામડીના દરદોને આ દવા
જડમૂળથી નાબૂદ કરે છે
ધી ઝોન કેમિકલ કું.
મુંબઇ. ૮


તમારી તંદુરસ્તી...
અને દાંતના રક્ષણ માટે –
થાયમોસીન
પાયોરીયા નાબુદ કરે છે. દાઢનો દુઃખાવો, લોહી ઝરતા અને સડી ગયેલા પેઢાંઓ, અવાળુ, મોઢાનાં ક્ષારો અને મોં અને દાંતના સઘળાં દરદો દુર કરે છે.

'થાયમોસીન' દાતણ, બ્રશ કે આંગળીના ટેરવા પર લઈ વાપરી શકાય છે.
ટી.એમ.ઠાકોર એન્ડ કું.
૭૩, ચર્ચગેટ સ્ટ્રીટ,
મુંબઇ ૧.

લાલ ત્રિકોણ = રાખોડી ત્રિકોણ
બે લાલ ત્રિકોણનો સમભુજ ચતુષ્કોણ = બે રાખોડી ત્રિકોણનું સમભુજ ચોરસ
(આ એક બીજા ઉપર મૂકીને બતાવી શકાય છે)
ત્રણ લાલ કટકાનું સમદ્વિભુજ ચતુષ્કોણ = ત્રણ રાખોડી કટકાનું સમદ્વિભુજ ચતુષ્કોણ
" " " ત્રિકોણ = " "
ચાર લાલ કટકાનો પતંગાકાર = ચાર રાખોડી કટકાનો ત્રિકોણ
સમભુજ ચતુષ્કોણ
ચાર રાખોડી કટકાનો સમાન્તરભુજ ચતુષ્કોણ
છ લાલ કટકાનું ષટ્કોણ = છ રાખોડી કટકાનું ષટ્કોણ
" " કટકાનું સમદ્વિભુજ ચતુષ્કોણ

આકૃતિની આવી મઝા બતાવવા માટે પેટી ક્રમાંક બે તથા ત્રણમાંના કટકા લેવાથી આ મઝામાં ઉમેરો કરી શકાય છે. અને આકૃતિનો પરસ્પર સંબંધ શોધી શકાય છે.

રચના પેટીનું આ સાધન અનેક દૃષ્ટિથી બાળકને ઉદ્બોધક છે. પરંતુ આની અંદરની મઝા પહેલા શિક્ષકે આ સાધનથી રમીને જાણી લેવી જોઇએ. આ સાધન દ્વારા બીજો ભાગ, ત્રીજો ભાગ, ચોથો ભાગ, પાંચમો ભાગ, અને છઠ્ઠા ભાગની અપ્રત્યક્ષ કલ્પના બાળક પાસે પહોંચે છે. ક્ષેત્રફળ સમક્ષેત્ર આકૃતિની કલ્પના તેજ પ્રમાણે પાયો બાજુ શિરોકોણ લંબ, દ્વિભાજક વગેરે શબ્દ અપ્રત્યક્ષ રીતે બાળક પાસે પહોંચે છે.

—શેષ નામલે

△ પૂર્ણ ત્રિકોણ=બે લીલા કટકાથી કરેલા કાટખૂણા ચતુષ્કોણ (કર્ણ જોડીને)
સમાન્તરભુજ ચતુષ્કોણ (નાની બાજુ)
સમાન્તર ચતુષ્કોણ (મોટી બાજુ)
= પીળા કટકાનો દોઢ સમભુજ ચતુષ્કોણ
એક સમદ્વિભુજ ચતુષ્કોણ
= લાલ કટકાનો બે સમભુજ ચતુષ્કોણ
એક સમાન્તર દ્વિજભુજ ચતુષ્કોણ
" " એક ત્રિકોણ
△ અર્ધ ત્રિકોણ = લાલ કટકાનો એક સમભુજ ચોરસ

પેટી ક્રમાંક ૪ : આ પેટીનો આકાર ષટકોણ છે. એમાં ષટકોણના સરખા છ સમભુજ ત્રિકોણ આકારના ભાગ કરીને તેને રાખોડી રંગ આપ્યો છે એમાંના સમભુજ ત્રિકોણ પેટી ક્રમાંક બેમાં સમભુજ ત્રિકોણ જેટલાજ છે. તેજ પ્રમાણે ષટકોણના સમદ્વિભુજ ત્રિકોણ આકારના સરખા છ લાલ રંગના ભાગ કર્યા છે રંગીન આકૃતિ ઉપર માર્ગદર્શક કાળી રેષા બતાવી છે. ઇતર પેટી પ્રમાણે આમાં પણ એક રંગીન ભૂરો સેટ છે

ઉદ્દેશ : સમક્ષેત્ર આકારોની તુલના કરવી.

નિદર્શન : પહેલા રંગીન સેટ લઇને તેના ઉપર બતાવ્યા પ્રમાણે કાળી રેષાનો આધાર લઇને ષટકોણ બનાવવા સૂચવવું. પછી એક લાલ ત્રિકોણ તથા એક રાખોડી ત્રિકોણ લઇને તે સરખા ક્ષેત્રફળનું છે કે નહિ તે બાળકને પૂછવુ. પહેલો ત્રિકોણ ષટકોણને છઠ્ઠો ભાગ છે અને બીજો ત્રિકોણ પણ ષટકોણનો છઠ્ઠો ભાગ છે. પહેલા છ ત્રિકોણ બીજા છ ત્રિકોણ ઉપર મૂકીને (super-impose) બતાવવું કે તે સમક્ષેત્ર છે. તેના સરખા ભાગ કર્યા છે એ બતાવવા માટે એ બધાં કટકાની એક બીજા ઉપર રચના કરીને બતાવવી અને પછી સમભુજ રાખોડી કટકો અને સમાદ્વિભુજ લાલ કટકો આ બન્ને સમક્ષેત્ર છે કે નહિ એ પૂછવું. પછી આ જુદા જુદા કટકાથી બનનારી જુદી જુદી સમક્ષેત્ર આકૃતિ કેવી રીતે બને તે બતાવવું. એમાં નીચે પ્રમાણે આકૃતિ બતાવી શકાય.

જ્ઞાનેન્દ્રિયનું શિક્ષણ—માનસશાસ્ત્રીય ભૂમિકા

લેખાંક પહેલો : સંવેદનોનું સ્વરૂપ

સંવેદનાઓના પ્રકાર.

જ્ઞાનેન્દ્રિય પાંચ મનાય છે. પણ આપણને પાંચથી વધારે પ્રકારની સંવેદનાનું જ્ઞાન થાય છે જ્ઞાનતંતુ કેટલા પ્રકારના છે? સંવેદના કેવી રીતે ગ્રહણ કરાય છે? અને મનને તેનું જ્ઞાન કેવી રીતે થાય છે? એ અંગે માનસશાસ્ત્રીઓએ ઘણા પ્રયોગો કર્યા છે. તેને લીધે ઘણા નિર્ણયો પણ લેવાયા છે કેટલીક બાબતમાં મતભેદ પણ દેખાઈ આવે છે. તથા અન્ય કેટલીક બાબતમાં હજી નકકી એવી કલ્પના કરી શકતી નથી. વસ્તુમાત્રની ભૌતિક સ્થિતિ, સંવેદના-ગ્રહણ કરવાની આપણી શારીરિક અવસ્થા અને તે સંવેદનાનો અર્થ કરવાની આપણી માનસિક પ્રક્રિયા, આ ત્રણે બાબતો ભેગી થઈને આપણને બાહ્ય જગતનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. આ બધી બાબતોમાં વિશેષ ઊંડા ન ઊતરતા આપણને મળનારી સંવેદનાનું સામાન્ય વર્ગીકરણ નીચે પ્રમાણે કરી શકાય.

આંખથી આપણને રંગ, આકાર, પરિણામ અને અંતરનું જ્ઞાન થાય છે. કાનથી આપણે અવાજ સ્વર તથા શબ્દો સાંભળીએ છીએ. નાકથી આપણે ચાર–છ પ્રકારની મુખ્ય વાસ તથા તેના મિશ્રણથી થએલી બીજી ઘણી વાસ લઈ શકીએ છીએ. જીભની મદદથી મુખ્ય ચાર પ્રકારના (ગળ્યો, ખારો, ખાટો તથા કડવો) અને તેના મિશ્રણથી થનારા સ્વાદ આપણે ચાખી શકીએ છીએ. ઇચ્છિ અંગેનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં આપણને જ્ઞાનેન્દ્રિયની ઘણી મદદ મળે છે. ત્વચાની મદદથી દુઃખ, ભાર, શીતોષ્ણ એવી સંવેદના મળે છે. તેને લીધે આપણે ખરબચડું, લીસું, કઠણ–પોચું, ઠંડુ–ગરમ, હલકું–ભારે એવા પ્રકારનું જ્ઞાન આપણે મેળવીએ છીએ સ્નાયુ સંવેદન કરીને વિશેષ પ્રકારની સંવેદના છે. એમાં આંખનો ઉપયોગ ન કરતાં હાથથી ફંફોળીને વસ્તુના આકારનું જ્ઞાન આપણને થાય છે. વળી આપણી શારીરિક સ્થિતિની કલ્પના આપણને થાય છે, શારીરિક હિલચાલ તથા સ્થિતિનું જ્ઞાન મળે એને માટે કાનાના યંત્રમાં વિશેષ વ્યવસ્થા છે. આ ઉપરાંત ભૂખ, તરસ, વગેરે સંવેદના આપણને પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે કુલ જુદી જુદી દશ–પંદર પ્રકારની સંવેદના આપણે ગ્રહણ કરીએ છીએ.

સંવેદન અંગેનું તારતમ્ય તથા મર્યાદા.

આપણને જે પ્રમાણે જુદી જુદી સંવેદના પ્રાપ્ત થાય છે, તે જ પ્રમાણે એ જ પ્રકારની બે સંવેદના એક પછી એક તરત થાય, તો તેમાંનો ફરક પણ આપણને સમજાય છે. એટલે એ સંવેદના સમાન છે કે એમાં કંઈક ઓછું વધતું છે એ આપણે ઓળખી શકીએ છીએ. અત્યંત સૂક્ષ્મ ફરક આપણે ઓળખી શકતા નથી. સો મીણબત્તી સળગતી હશે ને જે પ્રકાશ પડે છે તેમાં એક નવી મીણબત્તી-જેવી કંઈ ફરક પડયો છે એ કદાચ આપણને સમજાશે. પણ બસો મીણબત્તીમા એક નવી મીણબત્તી ઉમેરવાથી પ્રકાશમાં કંઈ ફરક પડયો છે એવું આપણને લાગશે નહિ. તેથી વધુ ઓછુ તારતમ્ય ઓળખવાની આપણી શારીરિક મર્યાદા છે એ વ્યકિત માત્ર માટે જુદી જુદી છે. તે જ પ્રમાણે સંવેદનાની બાબતમાં પણ જુદી જુદી મર્યાદા છે આંખથી આપણને પ્રકાશનો ખુબ સૂક્ષ્મ ફરક એટલે ૧/૧૦૦ સુધીનો ઓળખી શકીશુ પણ કાનથી અવાજનો ૧/૫ ફરકજ આપણે ઓળખી શકીએ છીએ. અને વજનનો ૧/૩૦ સુધીનો ફરક જાણી શકાએ છીએ. આ પ્રકારની શોધને માનસિક પદાર્થવિજ્ઞાન એમ નામ આપવામાં આવ્યું છે.

આપણને સરખા પ્રકારની સંવેદનામાંનો જે ફરક સમજાય છે તે સામાન્ય અંકગણિતનો પ્રશ્ન નથી. એટલે ગણત્રીથી કોઈ એક એકમ લઈએ તો વધ અથવા ઘટ કેટલા અંકથી થઈ તે આપણે સંવેદના વિષે જાણી શકતા નથી એટલે દશ

મીણબ-તીમાંથી એક મીણબ-તી વધારી અને સો મીણબ-તીમાં દશ વધારીએ તો આપણને વધારો થએલો સમજાય છે, પણ પહેલામાં એક મીણબ-તી વધારી છે તથા બીજામાં દશ વધારી છે એ ફકત પ્રકાશના વધારા તરફ જોઇને સમજાશે નહિ. તેથી બન્ને ઠેકાણે ૧/૧૦ નાં વધારો થયો છે એટલે સરખો જ વધારો થયો છે એવું આપણને લાગે છે. તેથી મૂળમાં કેટલા ગણો વધારો થયો છે આનું જ્ઞાન આપણને થાય છે. બીજો દાખલો લઈએ તો આ કલ્પના વધુ સ્પષ્ટ થશે દશ મીણબ-તીમાં એક મીણબ-તી વધારી તથા સો મીણબ-તીમા એક વધારી તો બન્ને ઠેકાણે એક જ મીણબ-તી વધારી હોવા છતાં બીજા કરતાં પહેલામાં દશ ગણો વધારો છે. આ જ કલ્પના આપણને આવે. ફકત એક જ મીણબ-તી વધી છે એમ સમજતા નથી આ ભૌમિતિક પ્રમાણમાન છે. સંવેદનાની બાબતમાં તારતમ્ય સમજતી વખતે આપણને આજ પ્રમાણમાં જ્ઞાન થાય છે. એટલે આપણને પરસ્પર પ્રમાણની કલ્પના આવે છે. અંકગણિત પ્રમાણે એકમની કલ્પના આવતી નથી.

કેટલીક બાબતોનું શીઘ્ર જ્ઞાન આપણને આપણી જ્ઞાનેંદ્રિય મારફત થતું નથી. રંગના જ્ઞાનનો દાખલો લઇ શકાય. રંગજ્ઞાન આપણને થાય છે. એટલે પ્રકાશકિરણની ઓછી વધતી લંબાઇની સંવેદના આપણને થાય છે. અને તેને આપણે જુદા જુદા રંગોનું નામ આપીએ છીએ. પણ કેટલાક પ્રકાશકિરણોનું ભાન આપણને થતું નથી અને તેને લીધે તે રંગ શું હશે તે આપણેને જાણી શકતા નથી. શાસ્ત્રીય ભાષામાં તેને infra-red (અધોં રકતવર્ણી) તથા ultra-violet (અતિ નીલવર્ણી) પ્રકાશકિરણો કહે છે બીજો દાખલો અવાજનો લઇ શકાય. આપણે એક સેકંડમા વીસથી તે વીસ હજાર સુધી થનાર નાદ લહરીનું ભાન મેળવી શકીએ છીએ. તેમાં પણ એક સેકંડમાં ૨૦૦૦ થી તે ૫૦૦૦ સુધી થનાર નાદ-લહરી આપણને જટ સમજાય છે. પણ આના કરતા વધારે અથવા ઓછી નાદલહરી સમજવા માટે તે વધારે તીવ્ર હોવી જોઇએ ૨૦ થી તે ૨૦૦૦૦ ની કક્ષા બહારની નાદલહરીનું ભાન આપણને થતું નથી આપણને સમજનારી જલદ નાદલહરી કૂતરાને સમજાય છે. તેથી આપણને જે સીસોટીનો અવાજ સંભળાતો નથી એવી નાદલહરી કરનારી સીસોટી વગાડીને કૂતરાને લાંબેથી બોલાવવામાં આવે છે. તાત્પર્ય એટલું જ કે આપણી જ્ઞાનેન્દ્રિયને ન સમજનાર આ ભૌતિક સૃષ્ટિનું સ્વરૂપ છે અને એ બાબતનું આપણું જ્ઞાન પરિણામ ઉપરથી સમજાય તેવું એટલે કે બુદ્ધિ ગમ્યજ છે.

વસ્તુસ્થિતિ તથા સંવેદના

સંવેદનાનો મુખ્ય આધાર ભૌતિક બાબતો છે.

અનુસંધાન પાનું ૧૫

સ્વદેશી ભાવના કેળવી ભારતમાં જ બનતી સ્વદેશી બનાવટોને જ ઉત્તેજન આપો



ચીંગમીંગની વાત

આપણો દેશ ભારત. આપણું ઘર ભારત દેશમાં. આપણા ઘરને પડોશીઓ છે ને ? છેજ વળી ! ત્યારે આપણા દેશને પણ પાડોશી છે. આપણા દેશના પાડોશીઓ બીજા દેશો.

ચીના આપણા દેશની ઉગમણી (પૂર્વ) દેશનો પડોશી દેશ. ચીનમાં આપણાં જેવાં છોકરાંનો પાર નહિ. આજે અહીં ચીના છોકરાની ચતુરાઇ વિષે નાનકડી વાર્તા આપી છે.

એનું નામ છે કવાન્ગ

કવાન્ગ નામનો છોકરો,
ભણવામાં હોશિયાર,
જે જે એને શીખવો,
શીખવા માં તૈયાર.

રસ્તે જાતાં હાથમાં,
જે જે આવી જાય,
ઊંચુ નીચું એ કરી,
સઘળું જોતો જાય.

એક દિન સૌ બાળકો,
રમતે વળગે ભાઇ,
મોટી કેરી કોઠીએ,
મોટી ત્યાં છે ભાઇ.

ત્યાં બાળક એક નાનડું,
કે જોવા જાય,
ઊંડી કોઠી ભાળતાં,
અંદર ઉથલી જાય.

વાત બધે ફેલાઇને,
સઘળાં ભેગાં થાય,
કેમ કરીને કાઢવું,
એ ના સુઝે ભાઇ.
કોઇ કહે લો દોરડું,
કોઇ કહે દો ડોલ,
કોઇ કહે અંદર પડો,
સઘળું બગાડી ઠોલ.

વાતો થઇ કાંઇ લાખને.
કામ થયું ની એક,
ત્યાં તો કવાન્ગ જ આવીયો,
અકકલ ચલવી છેક.

ઠાંડી એ તો લાવીયેા,
નાનો પથરેા છેક,
ત્યાં તો કેાઠી ભાંગી રે,
પડતાં પથરેા પડતાં એક.

બાળક સાજુ નીકળ્યું,
બા ઝી એ ની મા ત,
કવાન્ગની હશીયારીની
વા તો થા ય આ જ.

રાજકુમાર સુરેશસિંહ રાજપીપળા

○

મા મને.....

મા મને એક એક દેાઢીયું તું દૈદે!
મા મને એક એક જલદી તું દૈદે!

દેાઢીયું લઇને,
પેાચું બજારે,
શું શું લેવું તે,
મા જલદી તું કૈદે.

મા મને એક એક દેાઢીયું તું દૈદે!
મા મને એક એક જલદી તું દૈદે!

દેાઢીયાં માં પાયેા,
કે વાંસળીના આવે,
લેવા છે હાથી,
તે તેા ના ફાવે,
ફાવે શું એ તેા,
મા જલ્દી તું કૈદે.

મા મને એક એક દેાઢીયું તું દૈદે!
મા મને એક એક જલદી તું દૈદે!

લેવી છે ગાડી,
ને મેાટર તેા લેવી,
લશ્કર લેવાની વાત,
જલદી તું કૈદે.

મા મને એક એક દેાઢીયું તું દૈદે!
મા મને એક એક જલદી તું દૈદે!

દેાઢીયામાં માડી,
કાંઇએ ના આવે,
કરવું હવે શું,
જલદી તું કહી દે.

મા મને એક એક દેાઢીયું તું દૈદે!
મા મને એક એક જલદી તું દૈદે!

માડીએ પટ દઇ,
દેાઢીયું તેા દીધું;

"એ પિલ્સ" ૧૭ નાના બાળકેા રાત્રે અજાણતા પેશાબ કરે છે એ બંધ કરવા માટે "એ" પિલ્સ વાપરેા. ૧૦૦ ગેાળી રૂા. ૩-૦-૦

☆

ડેન-ટેાનીક

આનાથી બાળકેાને સારી ઊંઘ આવે છે, ભૂખ લાગે છે અને દસ્ત પણ સાફ આવે છે.

દાંત સાફ રહે એ વસ્તુ નાના બાળકેાના વિકાસની દૃષ્ટિએ અત્યંત આવશ્યક અને મહત્ત્વની છે. એ માટે બાળક છ માસની વયનુ હેાય ત્યારથી "ડેન ટેાનીક" શરૂ કરેા. આ દવાથી દાંત સુખેથી આવે છે અને કાંઇજ પીડા થતી નથી. કિં. રૂા. ૧-૮-૦

હેામિયેા લેબેારેટરી
૧૭૮, ન્યુ ચર્ની રેાડ, રામમેાહન હાઇસ્કુલ પાસે
મુંબઇ-૪

MPS

મી ની મા સી

મારા ઘરમાં મીની માસી,
બોલે મીયાંઉં મીયાઉં,
ઉંદર દેખે ત્યારે દોડે,
બોલે છુ છું ખાઉં.

○

મારા ઘરમાં બિલાડી વાઘ,
દૂધને પુરી એ રોજ રોજ ખાય,
ઉંદર સામે ને આવે ભાઇ,
દૂધ ને પુરી તો રખડી રે જાય,
રખડી તો જાય ને રઝડી તો જાય,
ઉંદર મામાજીનો નાસતોજ થાય.

○

બિલાડો સાહેબ ટોપાદાસ,
કોટપાટલુન તો પે'રે ખાસ,
ગળે ફાંસો છે નેકટાઇ,
બાગમાં એ તો ફરવા જાય,
છોકરૂં જોયું ને મીયાંઉં કરે,
છોકરાં બિચારાં ડરતાં ફરે,
ત્યાં જો આવે કુતરાં ભાઇ,
ટોપાદાસની રમુજ થાય,
ટોપો ફેંકી દોડી જાય,
પુંછડી પગમાં તો સંતાય,
એવા અમારા ટોપાદાસ,
બિલ્લા બાવા છે એ ખાસ.

○

બિલ્લીના બચ્ચાને,
બાર બાર ઠાન,
એવું જો બોલીએ,
એને રે છે ના ભાન,

પાટીની પેન તો,
લાવવાને જીધું;
પેન તો આવીને,
માડી ને દીધે,
હાવે થાશે શું;
જલદી તું કહી દે.
મા મને એક એક દોઢીયું તું દેદે!
મા મને એક એક જલદી તું દેદે!

માડી એ પેનને,
પાટી તો લીધી,
ઉપર તો ચીજો,
ચીતરીજ દીધી,
પાચા ને વાંસળી,
ગાડી તો ફાંકડી,
હાથી ને ઘોડા,
સિપાઇના જોડા,
મોટરનું મો,
બોલે છે પોં,
વિમાનની પાંખ,
ચકલીની આંખ,
બોલ્યું તો જાવ,
રાજી હું થાવ.
પૈસા ની પેનમાં,
સઘળું બનાવીયું,
મારા મનને,
કેવું મનાવીયું,
બોલું એ માડીને જેજે,
મા મને એક એક દોઢીયું તુ દેદે,
મા મને એક એક જલદી તું દેદે.

રમેશ કોઠારી

કુફ્તુંક ને ચૌ કરડવા થાય,
મારે નોરને દોડી એ જાય,
પૂંછડી નો પૈસો,
ને કાન છે ચાર,
બન્ને છે ખેંચીયે,
તો નોર તો માર.

○

બિલ્લીના બાપનું નામ શું?
બિલ્લાભાઈ! બિલ્લાભાઇ!
બિલ્લીની માનું નામ શું?
બિલ્લીબેન! બિલ્લીબેન!

બિલ્લા ભાઈ,
બિલ્લી બેન,
ઉંદર મળે,
તો પામે ચેન.

○

બિલ્લા ભાઇ,
બિલ્લી બેન,
દુધ ચોરીને,
તો પામે ચેન,

○

બિલ્લા ભાઇ,
બિલ્લી બેન,
પીળાં પીળાં,
ગોળ છે નેન.

બિલ્લીના બાપનું નામ શું,
બિલ્લા ભાઇ, બિલ્લા ભાઇ,
બિલ્લીની માનું નામ શું,
બિલ્લી બેન! બિલ્લી બેન!

શિક્ષણ–પત્રિકા

વાલીઓ અને બાળકોના પ્રશ્નોની છણાવટ કરતું એકજ પોતાની જાતનું અનોખુ પત્ર

વાર્ષિક લવાજમ રૂા. ૪–૦–૦
છૂટક પ્રત આના છ.

શિક્ષણ પત્રિકા ગુજરાતી હિન્દી અને મરાઠીમાં દર માસે નિયમિત પ્રગટ થાય છે.



હાર્મોનિયમ, ટ્યુનિંગ, સિતાર
વગેરેના સ્પેશ્યાલિસ્ટ

हरीभाऊ विश्वनाथ क

દાદર, મુબઈ ન ૨૮
શારદા સૅન્ડહર્સ્ટ રોડ, વ અહમદાબાદ

અનુસંધાન પાના ૧૦ થી ચાલુ

પણ ભાતિક બાબતોની વસ્તુસ્થિત ઉપરથી જ સંવેદનાનું સ્વરૂપ નકકી કરાતું નથી, એનો અર્થ એમજ કે આપણને વસ્તુસ્થિતિનું યથાતથ્ય જ્ઞાન મળતું હશે એમ માની ન શકાય. સંવેદના દ્વારા આપણને જે જ્ઞાન મળે છે તે સાપેક્ષ હોય છે. જ્ઞાન મેળવતી વખતે જ્ઞાનતંતુની પ્રેરણા પ્રાપ્ત કરવાની જે સ્થિતિ હશે તે ઉપર જ્ઞાનનું સ્વરૂપ આધાર રાખે છે, શીતોષ્ણ સંવેદનાનો દાખલો લઇ શકાય. જો એક હાથ ગરમ પાણીમાં અને એક હાથ ઠંડા પાણીમાં થોડી વાર રાખી પછી બન્ને હાથ હુંફાળા પાણીમાં બોળીએ તો તે પાણી બન્ને હાથને જુદુ જુદુ લાગે છે. ઠંડા પાણીમા બોળેલા હાથને તે પાણી ગરમ લાગે તથા ગરમ પાણીમાં જે હાથ બોળેલો હોય તેને તેજ પાણી ઠંડુ લાગશે. વજનની બાબતમાં હજી એક વધારે વિશેષતા દેખાઇ આવે છે. આ કામમાં સ્નાયુ સંવેદનની પણ આપણને મદદ થાય છે. સ્નાયુ ઉપર જે પ્રમાણમાં ભાર હોવ તથા તેની હિલચાલ જે પ્રમાણમાં થાય તે પ્રમાણમાં આપણને વજનની કલ્પના આવે છે. આને માટે બે ઉદાહરણો લઇ શકાય. એક એટલે એક શેર વજનનો લોખંડનો ગોળો આપણને જેટલો ભારી લાગતો તેટલું એક શેર વજનનું લાગતું નથી. એનું કારણ લોખંડ વધું સઘન હોવાથી તેનું આકારમાન ઓછું હોય છે, તેથી જે જ્ઞાનતંતુ ઉપર ભાર પડે, તે ત્યાં વધારે હોય છે. તેનાથી ઊધું રૂનું આકારમાન આકારમાન વધારે હોય છે તેથી તેનો ભાર જુદા જુદા જ્ઞાનતંતુ ઉપર ફેલાઇ જાય છે તેથી તે ઓછો લાગે છે. બીજો દાખલો એટલે જમણા હાથથી પાણીથી ભરેલી ડોલ ઉંચકતી વખતે જે ભાર લાગે છે તેના કરતા વધારે ભાર તે જ ડોલ ડાબા હાથે ઉંચકતી વખતે લાગે છે ડાબા હાથને કામની ઓછી ટેવ હોય છે તેથી તેના સ્નાયુને વધારે ખેંચ પડીને તેને વધારે ભાર લાગે છે. તેથી જ્ઞાનતંતુ ઉપર પડનારો ભાર, તે સમયે થનારી સ્નાયુની હિલચાલ, તથા સ્નાયુની ભાર સહન કરવાની ટેવ આ બધીજ બાતોનું એક જ પરિણામ થઇને આપણને વસ્તુના વજનનું જ્ઞાન થાય છે. તેથી વસ્તુસ્થિતિ તથા સંવેદનાનું સ્વરૂપ એમાં શરીરિક બાબતને લીધે ભિન્નતા ઉત્પન્ન થવાની શકયતા છે.

સંવેદના ઉપર માનસિક પરિસ્થિતિની અસર.

શારીરિક પરિસ્થિતિની અસર થઇને સંવેદનનું સ્વરૂપ નકકી થાય છે. તેવુ જ માનસિક પરિસ્થિતીનું પણ છે. સંવેદના ગ્રહણ કરતી વખતે તથા એનો અર્થ કરતી વખતે ઘણી માનસીક પરિસ્થિતીની અસર થતી હોય. સાંજને વખતે આકાશમાં વાદળા જોઇને આપણને જુદા જુદા આકારો દેખાય છે. તેવા જ આકારો બીજાને દેખાય છે એવું બનતું નથી. દા. ત. વાદળાની રચનામાં આપણને હાથીનો આકાર દેખાય તથા આપણી બાજુમાં ઉભેલા મિત્રને શું આકાર દેખાય છે? એમ પૂછીશું તો એને ફકત હાથીવાદળીજ દેખાય છે એવું બનવું અશકય છે. કારણ મનઃસ્થિતી અને મનમાં આવતી કલ્પના એ સંવેદનાને વિશેષ સ્વરૂપ આપે છે.

ખાસ મહત્વની વાત એટલે આપણે સંવેદના ગ્રહણ કરતી વખતે વિશેષ આકારનું ભાન આપણને થાય છે. તેમાંની વીશેષ પ્રકારની રચના તથા ઉઠાવની આપણા મન ઉપર અસર થતી હોય છે. તેમાંની ઉણપ તરફ આપણે દુર્લક્ષ કરીએ છીએ. કોઇ કોઇ વાર વસ્તુસ્થીતીની પૂર્ણ તથા યથાતથ્ય કલ્પના ન આવતા કંઇ જુદાજ પ્રકારનો ભાસ થાય છે. આ બધી બાબતો અંગે ખાસ સંશોધન કરીને જ્ઞાન પ્રાપ્ત કરવામાં આ બાબતોનું શું અને કેવું પરીણામ થયું એ વીવાદ કરીને બતાવનાર માનસશાસ્ત્રજ્ઞનો એક પક્ષ છે. તેને ગેસ્ટાલ્ટ (Gestalt) કહે છે. તેને દૃષ્ટીભ્રમ કેવી રીતે થાય છે તથા સીનેમામાં હીલચાલ કેવી રીતે દેખાય છે એ સ્પષ્ટ કર્યું છે, દૃષ્ટીભ્રમના નીચે દાખલા છે.

નંબર ૧ માં ઉભી તથા આડી રેષાની લંબાઇ સરખી હોવા છતાં તે ઓછી વત્તી દેખાય છે. તેવી જ રીતે નં. ૨ અને નં. ૩ માં વચ્ચેની આડી રેષાની લંબાઇ સરખી હોવા છતાં ઓછી વ-તી દેખાય છે. નં. ૧ માં ઉભું અને આડું જોવાના ફરકને લીધે લંબાઇ ઓછી વ-તી લાગે છે, નં. ૨ અને નં. ૩ માં લંબાઇ કરતાં આપણે આકાર જ ગ્રહણ કરીએ છીએ તેથી લંબાઇ ઓછી વ-તી દેખાય છે

સિનેમામાં પ્રત્યક્ષ હીલચાલ ન હોવા છતાં તે આપણને લાગે છે આનુ કારણ આપણી દૃષ્ટી સામેથી થોડા થોડા ફરકના જુદા જુદા ચિત્રો જલદીથી પસાર થાય છે. વચમાં અંધારૂં ખુબ ઓછો સમય હોય છે, આપણી આંખ ઉપરથી આગળના ચિત્રનું થયેલું પરીણામ ખલાસ થાય એ પહેલા બીજું ચીત્ર દેખાય છે તેથી અંધારૂ જ લાગતું નથી. બે ચીત્રમાં સમયનું અંતર ૧/૧૫ સેકન્ડ હોય તો જ હીલચાલ થતી હોય એમ લાગે છે. આનું એક કારણ મન ઉપરનું પરીણામ એ પણ છે જ. એટલે હિલચાલ ન હોવા છતાં એ લાગે છે. તેવીજ રીતે ગ્રામોફોનમાં આપણે અવાજ તથા ભાસ થનારી હિલચાલ એનો સંબંધ જોડી દઇએ છીએ તેથી, ગ્રામોફોનમાંની વ્યકતિ પ્રત્યક્ષ બોલે છે એવો પ્રત્યક્ષ ભાસ આપણને થાય છે. મૃગજલનો ભાસ આપણને થાય છે, તેનું કારણ માનસિક છે. અંતર તથા ઉંડાણ એની આપણે કલ્પના કરીએ છીએ તે પણ માનસિક બાબત છે. ચીત્રમાં પણ આ માનસિક પરિણામનો વિચાર કરીને એક જ બાજુ ઉપર ત્રણ બાજુ, અંતર ઉંડાણ વગેરે બતાવાય છે અંતર તથા ઉંડાણ નક્કી કરતી વખતે આપણે કંઇ કોષ્ટક નક્કી કર્યા છે, દા. ત. બે સમાંતર રેષા અંતર વધતું જાય છે. તેવી જ રીતે એકબીજાની પાસે પાસે વાંકી થતી જતી દેખાય છે. દુરનો પદાર્થ નાનો તથા અસ્પષ્ટ દેખાય છે વગેરે

માનસિક વિકૃતિને લીધે અથવા કંઇ વિશેષ કારણને લીધે આપણા જ્ઞાનતંતુ ઉત્તેજીત થાય છે. અને ભૌતિક આધાર વગર આપણને સંવેદના થાય છે. દા. ત કોઇને મરીગયેલી વ્યકિત પ્રત્યક્ષ આવીને કંઇ કહેતી હોય એવો ભાસ થાય છે અથવા એવો જ કોઇ બીજાને ભાસ થાય છે. સૂચનોથી પણ ખોટા સંવેદનો નિર્માણ કરી શકાય છે પણ તે માટે વિશિષ્ટ વાતાવરણ સર્જવું પડે છે અંધારામાં પડદા પર કશું હોતું નથી છતા પૂર્વ સૂચનાને લીધે પ્રેક્ષકોને વિશિષ્ટ ચિત્રનો ત્યાં ભાસ થાય છે.

સંવેદનાનું આ ચંચલ સ્વરૂપ જાણી લીધા પછી આવતાં લેખમાં ઇન્દ્રિય કેળવણીના સ્વરૂપ વિશે વિચારીશું (અપૂર્ણ)

સ. આ. કેળ

બાની યાદ ★ ★ ★

જનેતા આવીને અમધડી જ તેડી લઇ મને
દબાવી હૈયામાં ફરી કદી ન મૂકી વઇ જશે!
બન્યું સ્વપ્નું જાણે, મૂખતરસ ભુલી જડ થઇ,
ઉભો વાટું જોતો ખડકી પર બાને નિરખવા!

[ચરણતીર્થ]

બાની યાદ આવે છે
પણ બા આવતી નથી ..

બાળપણમા જ રમતા મેલીને સ્વર્ગે સંચરેલી એ મોઘેરી માવડીની યાદ આવતા, બાળપણના એ સોનેરી દિવસો નજર સમક્ષ ખડા થાય છે

એ વહાલી બાની યાદને અમર કરો—
એન્લાર્જમેન્ટ કે પેઇન્ટિંગથી

★ ફોટોગ્રાફી ★ પેઇન્ટીંગ
★ એન્લાર્જમેંટ ★ ફ્રેમીંગ

બાલવાડી કેમ ચલાવવી ?

(લેખાંક ૬ ઠ્ઠો)

બાલવાડીમાં આવતાની સાથે પહેલાં ઘરની, તથા પોતાની જ સ્વચ્છતા કરવી આ પહેલો કાર્યક્રમ–તે થઈ જાય એટલે પ્રાર્થના કરીને બાલવાડીના પ્રત્યક્ષ કામોની શરૂઆત થાય છે. આમાં મુખ્યત્વે બે ભાગ પડે છે:

(૧) સામુદાયિક (૨) વ્યક્તિગત વ્યવસાય. કોઈ ઠેકાણે પ્રાર્થના પછી તરત જ સામુદાયિક કાર્યક્રમ લેવાય છે.–કોઈ ઠેકાણે નાસ્તા પહેલા અથવા પછી લે છે. પોતાની સગવડ પ્રમાણે ફાવે તે રીતે તે કાર્યક્રમ રાખી શકાય. હંમેશા એક જ સમયે રાખવો જોઈએ એવું નથી. પ્રાર્થના પછી લેવાય–અને કોઈ દિવસે તે બપોરે લેવાય તો તેમાં કંઈ જ વાંધો નથી.

સામુદાયિક કાર્યક્રમ વીસ મિનિટથી માંડીને એક કલાકથી ઓછો અથવા વધારે સમય સુધી ચાલે છે.

આમાં નીચેની વાતોનો પણ સમાવેશ થાય છે

(૧) વાર્તા, નાટક, ગપ્પાગોષ્ટી, પરિચય, ગીત અને બડબડગીત.

(૨) રમત.

સાધારણ રીતે પહેલા વિભાગનો કાર્યક્રમ નાસ્તાની પહેલા થાય છે. રમતનો કાર્યક્રમ ઘેર જતાં પહેલા રોજ જ લેવો. આજ આપણે ગપ્પાગોષ્ટી અને નાટકનો વિચાર કરીશું.

નાનપણથી મોટાઓ સુધી, સુશિક્ષિતથી અશિક્ષિત સુધી, ગરીબોથી શ્રીમંતો સુધી, બધાંને વાર્તા ગમે છે. નાના બાળકો રોજ રાત્રે–બા, બાપા, દાદી–કોઈની પણ પાસે વાર્તા સાંભળીને જ સૂવે છે.

મોટેરાંઓ કથામાં જશે, વાર્તા માટે વાંચનાલયમાં જશે અને નવલકથાના પુસ્તકો વાંચશે. સિનેમા નાટક જોવા એટલે શું ? એકાદી વાર્તા પ્રત્યક્ષ બનતી હોય તે જોવી; વાર્તાને માટે આવી રીતે બધાને ખૂબ અભિરુચિ હોય છે.

આનું કારણ એ છે કે વાર્તા સાંભળતી વખતે આપણું મન તે વાર્તાના પાત્રોથી, પ્રસંગોથી, પરિસ્થિતિથી એકજીવ થઈ જાય છે. ઘડીભર આપણે આપણી જાતને ભૂલી જઈએ છીએ અને તે વાર્તામાં જ એક બની જઈએ છે.–તેથી આપણા મન ઉપર થયેલું દબાણ નીકળી જાય છે, મન હલકું થાય છે, ને મનને આનંદ મળે છે આવી જ રીતે આપણે હંમેશા વાર્તા સાંભળવા આતુર હોઈએ છીએ. આ સિવાય બીજી અનેક દૃષ્ટિથી વાર્તાનું પરિણામ આપણા મન પર થતું હોય છે.

(૧) વાર્તાના નાયક પર આવનારી સંકટની પરંપરા અને તેમાંથી પાર થઈ જવાતુ જોઈને ઘણાંને પોતાના હતાશ થયેલા મનમાં ઉત્સાહ આવે છે.

(૨) વાર્તામાં આવતા મુશ્કેલ પ્રસંગો જોઈને, તેમજ જેના પર આવા પ્રસંગ આવ્યા હોય તેમને, "આપણે જગતમાં એકલા જ દુઃખી નથી, આપણા જેવા ઘણાં છે" એવા સમદુઃખી મળ્યાનું સમાધાન મળે છે.

(૩) વાર્તામાં અનેક જાતના સ્વભાવના પાત્રોથી જગતમાં રહેલી વૈવિધ્યની કલ્પના આવે છે અને મનુષ્ય સ્વભાવનો સારી રીતે પરિચય થાય છે.

(૪) નાના બાળકોને જગતનો પરિચય કરવાનો હોય છે. વાર્તા દ્વારા તેમને ઘણીએ વાતોની કલ્પના આવે છે. સસલું, કાચબો, શિયાળ સિંહ એ વારંવાર તેમની વાર્તાઓમાં આવે છે. તેથી તેમાંના વિશિષ્ઠ સ્વભાવનું દર્શન બાળકોને થાય છે આ સાથે જગતમાં પણ આવા જ સ્વભાવના માણસો પણ હોય છે એવું ધીમે ધીમે તેમના લક્ષમાં આવે છે.

(૫) ઘણાં મોટા માણસો નાના બાળકોનું ચારિત્ર્ય ઘડવાની દૃષ્ટિથી તેમને વાર્તા કહેતા હોય

છે.-જીજીબાઇ-શિવાજીનું ઉદાહરણ પ્રસિદ્ધ જ છે. કેટલીક વખતે આપણી પોતાની જ અપૂર્ણ મહત્વાકાંક્ષા આપણા બાળકે પૂર્ણ કરવી જોઇએ એવી વાલીઓની ઇચ્છા હોય છે. તે દૃષ્ટિથી પોતાના બાળકનું વ્યકિતત્વ ઘડવાનો તે પ્રયત્ન કરે છે-અને તેથી જ વાર્તાની છેવટે તાત્પર્ય અથવા બોધ કહી દે છે.

બાળકોને વાર્તા જરૂર કહેવી જોઇએ તેમની ઉમર, ગ્રહણશકિત, વાતાવરણ-આ બધાનો વિચાર કરીને તેમને અનુરૂપ એવી વાર્તા કહેવી. પણ વાર્તા કહેનાર પોતાની મહત્વાકાંક્ષા બાળકો પર લાદે અથવા બાળકોને સદાચારના એક સરખા ધુંટડા પાવાનો પ્રયત્ન કરે તે બાળકોની સ્વતંત્રતા ઉપર એક જાતની તરાપ મારવા બરાબર છે આ જાતનો પ્રયત્ન આજકાલ અયોગ્ય ગણાય છે

એકંદરે બધાને જ વાર્તા -આવડે છે, તે બાળકોને બહુ જ ગમે છે. બાળ શિક્ષકને બે કળા અવશ્ય આવડવી જોઇએ. (૧) સરસ ગાતા આવડવું (૨) સરસ વાર્તા કહેતા આવડવી આમાંની પહેલી વસ્તુ આપણી હાથની વાત નથી. પણ બીજી કળા પ્રયત્ન કરવાથી સાધ્ય બને છે-અને તે શિક્ષકોએ હસ્તગત કરવી જ જોઇએ.

બાળકોને વાર્તા કહેતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ:

(૧) બાળકોની ઉમર અને ગ્રહણશકિત લક્ષમાં રાખીને વાર્તાની પસંદગી કરવી.

(૨) વાર્તા કહેતી વખતે ઘરનું જ વાતાવરણ હોવું જોઇએ. એટલે શિક્ષકની આસપાસ બાળકો બેસે છે, કોઇ ઉભા રહે છે, તો કોઇ સરકીને શિક્ષકની પાસે બેસે છે. આમાં કંઇ વાંધો નથી. શાળાના વર્ગ પ્રમાણે એક હારમાં પટ્ટાઠી વાળીને જ બેસવું જોઇએ એવું કંઇ નથી. આનો અર્થ એમ નથી કે ધુમાધુમ, ગરબડ મારામારી કરવી. પણ ઘેર મા પાસે બેસીને જે લાડથી બાળકો વાર્તા સાંભળે છે તેવાજ લાડ શિક્ષક પાસે તેમને મળી રહે એવુ વાતાવરણ હોવું જોઇએ.

(૩) વાર્તા એકદમ મોટેથી અથવા એકદમ ધીમેથી કહેવી ન જોઇએ પણ સ્પષ્ટ રીતે, સ્વસ્થતાથી વર્ગમાંના બધા એકત્ર થયેલ સાંભળી શકે એટલા મોટા અવાજથી કહેવી. પ્રસંગને અનુરૂપ અવાજમાં પણ ફેરફાર થવો જોઇએ. એક જ સુરમાં વાર્તા કહેવાથી બાળકોને કંટાળો આવે છે.-દા. ત. કાગડા અને ચકલીની વાર્તામાં કાગડો વિનતિ કરે છે ત્યારે વિનવણીના સ્વરમાં "ચકલીબેન ચકલીબેન બારણું ઉઘાડો." ત્યારે ચકલીબેન પોતાના ઘરમાંથી મોટેથી જવાબ આપે છે, "થોભ, જરા મારા બચ્ચાંને ..." આ બંને સ્વરમાં ફેરફાર હોવો જ જોઇએ. કાગડાભાઇ, ધીમેથી આવો, મારૂં બાળક ઉંઘે છે મોટેથી બોલશો નહિ. પગનો અવાજ કરશો નહિ. આમ કહેતાં ચકલીનો પોતાનો અવાજ પણ ધીમો થશે. તેવી જ રીતે શિક્ષકે પણ ધીમા અવાજમાં કહેવું જોઇએ

(૪) વાર્તા કહેતી વખતે બહુ હાથ ઊંચા નીચા કરવા ન જોઇએ. વાર્તા કહેતી વખતે પ્રસંગ પ્રમાણે પોતાના ચહેરા પરના ભાવ પણ બદલવા જોઇએ. રાજા તો રૂઆબમાં બેસે છે,-બોલે છે-હુકમ કરે છે. સિપાઇ રાજા સાથે નમ્રતાથી બોલે પણ બીજાને હુકમ કરશે. તેથી જ્યારે રાજા બોલતો હોય. કે કહેતો હોય ત્યારે શિક્ષકે પણ તેવી જ રીતે ટટ્ટાર બેસીને જાણે કે રાજા જ બોલે છે, એવા ભાવ ચહેરા પર લાવીને જ બોલવું.

(૫) વાર્તા કહેતાં વચ્ચે વચ્ચે પ્રશ્નો પૂછવા નહિ. આથી વિચાર સરણી તૂટે છે, રસભંગ થાય છે. ગરબડ કરતાં બાળકોનું લક્ષ્ય ખેંચવા માટે એક નાનો પ્રશ્ન પૂછવામાં વાંધો નથી-પણ લંબાણ કરવું નહિ.

વાર્તા કહ્યા પછી તેનું તાત્પર્ય, બોધ વિગેરે કહેવા નહિ અથવા પૂછવું નહિ. વાર્તા સાંભળતા સાંભળતા અપ્રત્યક્ષ રીતે કોઇ નીતિ, બોધ લે તો ઠીક છે પણ નીતિ કહેવાની દૃષ્ટિથી આપણી વાર્તા ન હોવી જોઇએ. વાર્તા કહ્યા પછી તરત જ તે બાળકો પાસે કહેવડાવવી નહિ કારણ કે આખી સળંગ વાર્તા બાળકોના ધ્યાનમાં રહેતી નથી.

(૬) એક જ વાર્તા ૫ થી ૬ વખત (પાંચ–છ દિવસે) કહેવામાં વાંધો નથી. બાળકો તેની તે જ વાર્તા ફરી ને ફરી સાંભળવા ઉત્સુક હોય છે. પહેલી વાર વાર્તા સાંભળે છે ત્યારે તેમના ધ્યાનમાં કંઈ જ રહેતું નથી. બીજીવાર ત્રીજીવાર સાંભળે છે ત્યારે ધીમે ધીમે તેની સમજણ પડે છે અને તેમાં તેમને ગમ્મત આવે છે. અને છેવટે તેમાંના બધા પાત્રોની ભૂમિકા, પ્રસંગ આ બધા તો મમ તેમના મનમાં ઘુંટાઇ જાય છે. આ રીતે તે વાર્તા આત્મસાધ થાય કે બાળકો પોતાની મેળે જ આ નહિ, બીજી કહેા–એમ કહેવા લાગે છે. દરેક વખતે ઓછામાં ઓછી ત્રણ વાર્તા કહેવી જોઇએ. એક સાધારણ જૂની, બીજી બે ત્રણ વખત વાર કહેલી અને ત્રીજી એકદમ નવી. વચ્ચે વચ્ચે બાળકોને પહેલાં કહેલી વાર્તા કોઇ દિવસ પાછી ન કહેવી–અને મહિના બે મહિના પછી ફરી કોઇ દિવસ કહેવી આ પુનરાવર્તનની જરૂર રહે છે

આવી રીતે વર્ષને અંતે બાળકોને લગભગ પચીસેક વાર્તાઓ આપણે સંભળાવવી જોઇએ એટલે સંગ્રહ શિક્ષક પાસે હોવો જોઇએ. વાર્તાની જેમ જ વાર્તાની ચોપડી પણ શિક્ષકે રાખવી જોઇએ.

(૭) બની શકે તો બાળકોને પરિચિત અને વાસ્તવિક એવી વાર્તા જ કહેવી. કાગડો, ચકલી, પોપટ, શિયાળ. સસલુ, વાઘ, સિંહ, સૂર્ય, ડુંગર, નદી વગેરે વિષે વાર્તા કહી શકાય તેવી જ રીતે પૃથ્વીની ઉત્પત્તિ, દેવતાની શોધ જેવી વૈજ્ઞાનિક વાતો અથવા, રોમાંચક પ્રદેશનો પ્રવાસ વગેરેની વાતો પણ અદ્‌ભૂત અને મનોરંજક લાગે છે. પણ ભૂતોની, રાક્ષસોની વાર્તા તેમને કહેવી ન જોઇએ કારણ કે તેથી બાળકોને બીક લાગે છે ઘણી વખત રાત્રે પણ તેઓ ભાગી જાય છે. પરીઓની વાર્તા મનોરંજક હોય છે. પણ તે એક સરખી કહીએ તો બાળક અવાસ્તવ એવી કલ્પનાના તરંગોમાં રાચે છે.–એકાદ પરી આવીને મદદ કરશે, એકાદ પરી આવીને સોનું, મોતી આપશે, આમ એકસરખી ખોટી આશા મનમાં ઉત્પન્ન થઇ મન નબળું પડે છે. આથી જ આવી વાર્તાનો અતિરેક ન થવો જોઇએ.

બાળકોની વયની મર્યાદા ધ્યાનમાં રાખીને સાધારણ રીતે વાર્તાના નીચે પ્રમાણે વિભાગ પાડવામાં આવ્યા છે :

(૧) એકદમ નાના બાળકો માટે (ત્રણ–સાડાત્રણ વર્ષ સુધીમાં) કાગડા ચકલીની વાર્તા જેમાં ઓછા પાત્રો, એકાદ જ અથવા ઓછા પ્રસંગ, સરળ ભાષા, ગાઇ શકાય તેવાજ અને તેજ શબ્દો પાછા આવે તેવી વાર્તા (૧) કાગડાનું ઘર–છાણનું ઘર (૨) એક હતી જૂ (૩) શિયાળભાઇ શિયાળભાઇ બોર પાકયા.

સાડાત્રણથી પાંચ વર્ષની ઉંમરની અંદરના બાળકો માટે જે વાર્તા પસંદ કરી શકાય તેમાં (૧) ફરી ને ફરી આવતું એજ એક જોડકણું હોય અથવા (૨) સાંકળીની વાર્તા (એટલે દરેક વખતે એક વાકય વધતું જાય) હોવી જોઇએ.

પહેલા વિભાગમાં નીચે પ્રમાણે વાર્તા આવી શકે :

(૧) ઉંદરની ટોપી.
(૨) ચકલી અને વૈરાગી.
(૩) આનંદી કાગડો
(૪) ચકલી અને દાળનો દાણો.
(૫) ચલ રે તૂંબડા તડુક તડુક
(૬) પોપટભાઇ કમાવા જાય છે.
(૭) સસાભાઇ સાંકળીયા.
(૮) સાત પૂંછડિયો ઉંદર.

બીજા વિભાગમાં નીચે પ્રમાણે વાર્તાનો સમાવેશ થાય છે :

(૧) ઉંદરની પૂછડીમાં કાંટો વાગ્યો.
(૨) કાગડાએ મારૂં મોતી લીધુ.
(૩) બીકણ સસલી.
(૪) ખાઉં કોડિયુ. બડુક બડુક વાગે.
(૫) કૂકડી પડી રંગમાં.

પાંચ વર્ષની ઉંમરની ઉપરના બાળકો વાર્તામાંથી ચતુરાઇ, પ્રસંગની ગંભીરતા વગેરે થોડું થોડું સમજી શકે છે. એટલે જરા વધારે અઘરી

પણ ગમ્મત આવે એવી વાર્તા તેમને ગમે છે. તે જ પ્રમાણે હવે તેઓ કોઇ અદ્‌ભૂત વાર્તા, કોઇ ચરિત્રની વાર્તા સમજવા લાગે છે આ ઉંમરના બાળકો માટે ત્રણ પ્રકારની વાર્તાની પસંદગી કરી શકાય:

(૧) જેમાં કોઇ સ્વભાવ-વિશેષ-બતાવવામાં આવે છે તેથી તેમને ગમ્મત આવે છે. આ પ્રકારમાં નીચેની વાર્તા આવી શકે.

(૧) બીલ્લીબાઇ ભકતણી.
(૨) સસારાણા આવે છે.
(૩) બકરીબેન અને તેના બચ્ચાં.
(૪) શિયાળના બચ્ચાં સિંહનું કાળજું માગે છે.
(૫) વાંદરાનું કાળજું ઝાડ ઉપર
(૬) સસલાએ શિયાળની ફજેતી કરી.
(૭) સસલા અને કાચબાની શરત.
(૮) શિયાળે કાકડી આપી.
(૯) બે બિલાડીની લડાઇ.

બીજા પ્રકારમાં પરીની વાર્તા, જાદુની વાર્તાનો સમાવેશ થાય છે. પણ આ બહુ જ થોડી કહેવી જોઇએ. અદ્‌ભૂત વાર્તામાં સૃષ્ટિની ઉત્પત્તિનો ઇતિહાસ, માનવોએ કરેલી શોધ, માનવે કરેલો પ્રવાસ-એ અંગેની સરસ વાર્તા કરી શકાય.

(૩) બાળકો સરળતાથી સમજી શકે એવી સરળ ભાષામાં નીચેના ચારિત્ર વિષે કહી શકાય.

(૧) શ્રવણ.
(૨) રામની વાર્તા.
(૩) કૃષ્ણ.
(૪) સુદામા.
(૫) પુંડલિક.
(૬) દામાજી.
(૭) શિવાજી.
(૮) તિલક.

આ રીતે વય અને બાળકોની ગ્રહણ શકિત ધ્યાનમાં રાખીને વાર્તા કહેવી. ઉંમર માટે જે મર્યાદા બાંધી છે તે સ્થળ પ્રમાણે બદલી શકાય, એટલે શહેરમાં કદાચિત્ ત્રણ સાડાત્રણ વર્ષના બાળકો બીજા વિભાગની વાર્તા સમજી શકે છે. ત્યારે તદ્દન પછાત વસ્તીમાં મોટા બાળકોને કાગડા, ચકલીની વાર્તા કહેવી પડે છે. ત્યારે આપણા બાળકોની ગ્રહણ શકિત ધ્યાનમાં રાખીને વાર્તાની યોજના કરવી. કોઇ કોઇ જૂની વાર્તામાં આપણી ભાવનાને યોગ્ય સમાધાન આપવાની દૃષ્ટિથી ફેરફાર કરવો પડે છે.

દા. ત. ઉંદરની ટોળીમાં ઉંદર બોલે છે.

'બડા માર દેઉંગા ઔર તમાશા દેખુંગા' ત્યારે દરજી, રંગારી મોતીવાળા ગભરાઇને લાવો ભાઇ કરી દઇએ તેને બદલે અરે જા! જા! તારા સિપાઇથી કોણ ડરે છે. ત્યારે ઉંદર નરમ થઇને કહે છે, "દરજીભાઇ, દરજીભાઇ એમ શું કરો છો મારે રાજાના મહેલમાં જવું છે. સીવી આપોને!" અને પછી દરજીભાઇ સીવી આપે છે. આમ ઉંદરની કહેવાની રીત બદલવી આમ આપણે વાર્તામાં યોગ્ય જરૂર પૂરતા ફેરફાર કરવા.

ખાસ વાત તો એ કે શિક્ષક પાસે વાર્તાનો ખૂબ ભંડાર હોવો જોઇએ. વર્ષો સુધી ૧-૨ જ વાર્તાઓજ ન કહ્યા કરવી.

—અનુબેન વાઘ.



આપને ત્રિવિધ ફાયદા-ઓની ખાત્રી આપે છે.

૧. ખરતા વાળને અટકાવી, વાળને ભરાવદાર અને મુલાયમ બનાવે છે.
૨. મગજને પોષક તત્વો પૂરાં પાડે છે.
૩. શ્રમ, સમય અને સંપત્તિ બચાવે છે.

આજે જ એક બાટલી ખરીદો અને હંમેશના વપરાશનું સર્વોત્તમ કેશતેલ ઘેરબેઠાં આસાનીથી તૈયાર કરો.....

બધે જ ઠેકાણે વેચાય છે

સોલ એજન્ટ-
સુગંધ ઘર
બાડીયા, અમદાવાદ

સી. નરોત્તમની કું.
મંગળદાસ રોડ,
મુંબઇ ૨.
ટે. નં. ૩૦૫૭૫

M. P. C.

બાળકો અને વાર્તા

આપણાં સૌનાએ ઘરો બાળકોના કિલકિલાટથી ગાજી રહેલા હોય છે. બાળકો વિનાના ઘરો બહુજ થોડાં હશે.

આપણાં રોજીંદા અનેક કામોમાં આપણાં બાળકો સાથેનું આપણું કામ ખૂબજ અગત્યનું છે એ ન ભૂલીએ તો બાળકો શું માગે છે એ એમની આંખના ઇશારાથી આપણે સમજી શકીએ છીએ.

બાળકોને બે બાબતો ખૂબ ગમતી હોય છે, રમતો, એ અંગેની પ્રવૃત્તિઓ અને વાર્તા.

ઘરમાં બાળકોને આપવા જેવી પ્રવૃત્તિઓ ગોઠવી દીધી જે તેને તેની માગણી સંતોષી સગવડો આપી એટલે આપણું અડધું કામ પૂરું થયું. તેમ જ્યારે જ્યારે બાળક નવરું પડે ચોકકસ-પણે આપણે નવરાં પડી તેને પાસે લઇ તેને ગમતી વસ્તુઓની વાતો કરીએ એ પણ એને એટલો જ આનંદ આપનારી બાબત છે.

ઘરમાં તોફાન, ધમાચકડી, ધુમબરાડા ભાંગ-ફોડ કરતાં બાળકોથી માબાપો કંટાળતાં હોય છે. આપણા ખોળામાં આવીને પડતાં બાળકો આપણા કામમાં હેરાન કરતાં આપણને ઘણીવાર કડવાં લાગતાં હોય છે ને 'રોયાં બસોને' એમ બોલી જવાય છે. પણ એ વખતે એમની કોઇ આપણી પાસે મતા હોય છે એને એ આપો. એને રસ્તે એ ચાલ્યું જશે.

ગમે તેવા તોફાની અને કપરા બાળકને કહો બાબા તારે વાર્તા સાંભળવી છે? એટલું કહેતાં બાબાભાઇ પલાંઠી વાળી ડાંહ્યા ડમરા થઇ આપણી આગળ બેસી જતા આપણે જોઇશું. આ બાળક અંદરની ભૂખ બતાવે છે. એ વાર્તાએ એના મગજનો કોકવાર કબજો લીધો છે એ બતાવે છે. એ વાર્તાનો જાદુ છે.

વાર્તા કેવળ નાનાંનેજ ગમે છે એમ નથી. કિશોરો, યુવાનો અને મોટાં સ્ત્રી પુરૂષો પણ વાર્તામાં તળબોળ બને છે. તલ્લીનતા અનુભવે છે. એક કાને થઇ જાય છે હાથનાં કામ હેઠે મૂકી દે છે. એટલાં બે તરફ આકર્ષાયાં છે વાર્તાનું આકર્ષણ નાનાં મોટાં સૌને સરખું છે.

ઘરમાં રાત્રે વાળુ કર્યા પછી નાનાં મોટાં બાળકોને લઇને ઘડી બે ઘડી બેસવાનું આજે ભૂલાયું છે તે ફરી શરૂ કરવા જેવું છે જુદી જુદી પ્રવૃત્તિઓ અને કામો દિવસભર કર્યા પછી રાત્રે બેઠા બેસી વાતોનું વાતાવરણ ઉભું કરવાની જરૂર છે. તે વખતે વડીલ વાર્તાઓ કહેવાનું જો રાખે તો બાળકો રોજ બે સમયે માગતા આવશે 'આજ અમને પેલા બ્રાહ્મણભાઇની પેલી ટીકા જોશીની વાત કહોને પપા.' બે કામ ઘરનાં ઓછાં થશે તેથી કાંઇ બગડી જવાનું નથી પણ વાર્તા વિહોણા બાળકોને રાખવા પાલવે એમ નથીજ. ભલે બાળકો તમારી માફક ચાંદલા ન કરે કે ગીતા પાઠ કે પ્રાર્થના કરવા ન બેસે પણ બાળક વાર્તા તો જરૂર સાંભળશેજ. એકવાર બે અખતરો કરી જુઓ.



વાર્તાથી બાળક કેવળ આનંદ લૂંટે છે એટલું જ નથી વાર્તા બાળકની મનોભૂમિને તૃપ્તિ આપે છે. કલ્પના શક્તિને જાગ્રત કરે છે. ઉર્મિને બહેલાવે છે. દુઃખને વિસરાવે છે. જે ભૂમિ ઉપર પગ મૂકી બાળક મહાન થવાનું છે તે મનોભૂમિને ઘડવામાં વાર્તાનો મોટો ફાળો છે.

વાર્તા બાળકને મન રત્નોની ખાણ છે. એમણે રૂચિકર વાર્તા ધરો. ખુશ ખુશ થઇ જશે. વાર્તા નાચતી કૂદતી પડતી આખડતી કલરવ કરતી દોડી જતી સરિતા જેવી છે. બાળકોને તેમાં ન્હાવા દો. તરબોળ થવા દો. વાર્તાકાર વાર્તાનો પાત્રમય બને. એની છોળો ઉડાવો હર્ષ આનંદ ઉત્સાહ વગેરે વાર્તાની લાગણીઓ સાથે તમારી જાતને વહેવા દો જુઓ પછી એની ખૂબી બાળકો પણ સાથે નાચે છે. આનંદે છે. કીલકીલાટ કરે છે

બૂબ નાના બાળકોને જોડકણાંથી વાર્તામાં પગ મૂકતા કરી શકાય, એવાં જોડકણાં તે વારંવાર સાંભળશે પછી પોતે બોલશે ને નવાં જોડકણાં માગશે. થોડા નમુના આ નીચે આપું છું. બીજા બાળ માસિકોમાંથી તમને ગમતાં જોડકણાં શોધી મેળવી લેશો.

૧ જગા કાકાની જનમાં
આવું પીવું સ્નાનમાં
સૂઇ રહેવું મેદાનમાં
ગાવું બજાવું તાનમાં.

૨ ફેર પુદરડી ફરું છું.
ચીંચું, ચું-ચ-ગીત ગાઉછું
ગોળ કુંડાળે ચાલું છું.
મામાને ઘેર જાઉં છું.

૩ એક હતી શક રી
એણે પા ળી બ ક રી
શક રી ગ ઇ ફ ર વા.
બક રી ગ ઇ ચ ર વા.
આવી પહોંચી શકરી
ના ભાળી બકરી

૪ કા કા કરતા કાગારાણા
મારે લોકો છુટા પાણા
પોપટ બોલે મીઠા સુરે
એને લોકો પીંજરે પૂરે.

૫ ટી પુ દો સ્ત મા રા
ચોકી દા ર છે સા રા
રાત આખી જાગતો
દેખીને ચોર ભાગતો.

૬ ચાલો જમવા ચાલો
જ મ શું ચાં દા પો ળી
ઘી માં ઝ બો ળી.

૭ એક હતી ડોશી
તેને લઇ ગયો જોશી.

જીજીબાઇનો બોળો ખુંદનાર માતા અને ગુરૂ મુખેથી વાર્તાઓનુ અમી પાનનું ધાવણ ધાઇ મોટો થનાર શિવાજી કાફરોના ત્રાસથી સંત અને બ્રાહ્મણોનું રક્ષણ કર્તા એક પ્રજા વત્સલ રાજવી બન્યો. માતાના હૃદયના વાત્સલ્યથી, મોંની મીઠાશ ને પ્રેમથી હાથની મૃદુતાથી કહેવાયલી વાર્તાઓ ભવિષ્યના કપરા કોયડા ઉકેલવાની ચાવીઓ આપી દે છે.

પણ દુઃખદ સ્થિતિ એ છે કે આપણી બહેનો અને માતાઓ પાસે વાર્તા ધન હોતુ નથી. પોતે જ વાતોના ધન વિહોણાં કૃપણ હોય ત્યાં પોતાના બાળકોને એમાંથી વાર્તાઓ કયાંથી આપી શકે! ભણીગણી બહેનોનું પણ આ તરફ લક્ષ નથી ગયુ એ વધુ શોચનીય બાબત છે. બહેનો પોતાના દાગીના, કપડાં ને ટાપટીપ પાછળ જેટલું ખર્ચ કરે છે જેટલો સમય રોકે છે તેનો અલ્પાંશ સમય પણ આ તરફ આપશે તો પોતાનાં બાળકોનું ભાવિ ઉજવળ કરશે એમાં શંકા નથી.

જીજ્ઞાસુ ભણેલી બહેનો માટે બાળવાર્તાઓની નીચેની નાનકડી સુચિ બબજ ઉપયોગી થઇ પડશે. તેઓ વાર્તાઓ વાંચતા થાય. અને ત્યાંથી વાર્તાઓ સાંભળતા થાય. ને એ વાર્તાઓને પોતામાં બરોબર પચાવી તેને અનુરૂપ સ્વરૂપે બાળકો આગળ રજૂ કરતા થાય તો ધીરે ધીરે વાર્તા કથનની શૈલિ હસ્તગત થતી જશે ને જરૂરી વાતો કયાંથી મેળવ્યે જવી એના ભંડારો પોતાને હાથ લાગતા થશે.

૬ થી ૧૦ વર્ષના બાળકો માટે નીચેના પુસ્તકોની વાતો અનુરૂપ થઇ પડશે:

૧ બાળ વાર્તાઓ ભા. ૧ થી ૫ ગિજુભાઇની.
૨ સુંદર વાતો. ભા. ૧ થી ૪ રમણભાઇ શાહની
૩ બસપ નીતિની વાતો
૪ ટારઝન ભા. ૧ થી ૧૨
૫ બકોર પટેલની વાતો ભા. ૧ થી ૧૫
૬ મોતીયો, મણીયો.

મોતીઓ, જાદુઇ ઘોડો, નાગકુમારી, કુલમણા, હળમડી, ચેકૈયો, રામાયણ મહાભારતમાંની કહેવા જેવી વાતો વગેરે વાતો તૈયાર કરીને કહેવા યોગ્ય બનાવી શકાય.

૮ થી ૧૫ વર્ષના બાળકોને માટે નીચેનાં વાર્તા પુસ્તકો વાંચી તેમને બંધ બેસતી વાતો આપી શકાયઃ

૧ હિતોપદેશની વાતો
૨ પંચ તંત્રની વાતો
૩ જાતક કથાઓ
૪ કિશોર કથાઓ
૫ દાદાજીની વાતો
૬ ડોસીમાંની વાતો
૭ ૩૫ કથાઓ
૮ કુમાર વીરસેન ભા. ૧ થી ૩
૯ માનસી સાહસી
૧૦ વ્રત કથાઓ
૧૧ કંકાવટી ભા. ૧–૨.
૧૨ નંદ બત્રીસી
૧૩ વીરની વાતો
૧૪ બીરબલની વાતો
૧૫ વીરાંગનાની વાતો વગેરે.

બાળકોનું શબ્દ ભંડોળ-ભાષા સમૃધ્ધિ વધતી જાય તેમ તેમને પ્રવાસ વર્ણનો, સાહસ કથાઓ બહુ ગમે છે તે લક્ષમાં રાખી એવું સાહિત્ય મેળવી રજૂ કરવાથી એ પોતે વાંચન તરફ દોટ મૂકે છે ને સાહિત્યના અવનવા ભંડારો શોધી વળે છે.

આમ આપણા ઘરોમાં સંસ્કાર અને ચારિત્ર્યના પડઘા પાડવા મોટેરાંઓએ વાર્તાના જાદુને હાથમાં લેવો જોઇશે. બાળકોની વેડફાતી શક્તિને ઘરમાં આમ નવી હવા પ્રેરાવી બાળકોના સાચા હિતૈષી-વાલી બનવું જોઇશે.

બાળકો એ આપણું સાચું ધન છે. એમને આપણાં અનેક કામોમાં ન ભૂલી જઇએ એજ વિજ્ઞપ્તિ.

—શ્રી. રતિભાઇ અમીન
('કિરણ'ના સૌજન્યથી)

અમે જાણતા નથી...

ચિન્તાને લીધે શ્યામ વાળ સફેત થાય છે કે
નહિ તે અમે જાણતા નથી પણ એટલું તો
અમે ચોક્કસ જાણીએ છીએ કે વાળ સફેત
થવાનું કારણ ગમે તે હોય પણ લોભા તેમને
ફરીથી ચોક્કસ શ્યામ બનાવી દે છે.

વિમ્મો

દુનિયાભરમાં માન્યતા
પામેલ વાળને કુદરતી રીતે
શ્યામ કરનાર

સોલ એજન્ટસઃ એમ. એમ. ખંભાતવાલા. અહમદાબાદ ૧
એજન્ટસઃ સી. નરોત્તમ એન્ડ કું., મુંબઇ ૨

ટે. નં. ૩૦૭૫૭ (M. P. 5.)

“ બાલમંદિર બગસરા રજત જયંતિ ઉજવે છે.”

“ દરેક જુથને પોતાના મંડળો હોય છે નથી એક બાળકને. તેઓ પોતાના મંડળો બાંધી શકતા નથી. એટલે બાલ કલ્યાણનાં મંડળો પ્રથમ બંધાવા જોઇએ. આપણે બહુ મોટી મહેલાતો બાંધીએ છીએ પણ બાળક માટે એક ખૂણો રાખતા નથી. પંચવર્ષીય યોજનામાં પણ બાળકનું સ્થાન અલ્પ છે.”

“બગસરા જેવા દરબારી ગામમાં બેસી શ્રી. લાલચંદભાઇએ પચ્ચીસ વર્ષનું તપ કર્યું તે માટે અભિનંદન. ગિજુભાઇ પછી બાળકનું આવું અખંડ કાર્ય કોઇએ કર્યું હોય તો તે લાલચંદભાઇએ ”

બાળ કેળવણી મંદિરનાં રજત જયંતિના પ્રસંગે કેળવણીકાર શ્રી. મનુભાઇ પંચોળીએ અધ્યક્ષ સ્થાનેથી ઉપરનાં શબ્દો ઉચ્ચાર્યા હતા.

બાળમંદિરનાં વિશાળ કંપાઉન્ડમાં તા. ૮ મી ની સાંજે ચાર વાગે બે હજાર જેટલા ભાઇ–બહેનો તથા બાળકો હાજર હતા. શ્રી. જગજીવનદાસ મહેતા, બાલુભાઇ ભટ્ટ, જયસુખલાલ શાહ, ન્યાલચંદભાઇ શેઠ, રામભાઇ પાઠક, શારદાબેન પરીખ વગેરે આગેવાનો હાજર રહ્યા હતા. શ્રી શારદા બહેને મંગળ પ્રવચન કરતાં કહ્યું કે યુરોપ વગેરે દેશોમાં મોટા નેતાઓ પ્રવાસે જાય છે ત્યારે પ્રથમ હોસ્પીટલની મુલાકાત લે છે. આવી જ રીતે આપણા દેશમાં બાળમંદિર વિષે થવું જોઇએ. મોટા પ્રધાન હોય કે ગૃહસ્થ હોય, સૌને લાગવું જોઇએ અને બાળમંદિર કેમ ચાલે છે તેની પૃચ્છા થવી જોઇએ, યોજના થવી જોઇએ.

શ્રી. ન્યાલચંદભાઇ શેઠ તથા કુતુબભાઇ આઝાદે સંખ્યાબંધ આવેલા સંદેશાનો ઉલ્લેખ કર્યો હતો. જેમાં શ્રી. ઢેબરભાઇ, નારણદાસભાઇ ગાંધી, નાનાભાઇ ભટ્ટ, સતબાલજી, સ્વર્ણદેવી બહેન, તારા બહેન મોડક, શ્રી. જાદવજી મોદી, માનનીય શ્રી. રસિકભાઇ પરીખ, ઘનશ્યામભાઇ ઓઝા, ભકિતબા દેસાઇ, છગનલાલ જોષી, લલ્લુભાઇ શેઠ, વીરસુખ મહેતા, વીરચંદ પાનાચંદ, બેચરદાસ પંડિત, રતિલાલ બેચરદાસ અને જન્મભૂમિવાળા શ્રી. સોપાન નો સમાવેશ થાય છે.

કાલંબાવાળા શેઠ ધનજીભાઇએ શુભેચ્છાનાં સંદેશા સાથે બાલ પુસ્તકાલય બાંધવા માટે બે હજાર રૂપિયા જાહેર કર્યા તેમજ બીજા સાતસો રૂા. ની જાહેરાત થઇ હતી

સભારંભમાં બાળકોના રાસ તથા નૃત્યો ગોઠવવામાં આવ્યા હતા. બાળકોની આરોગ્ય હરીફાઇમાં દોઢસો બાળકો હતા જેમાંથી ઉત્તીર્ણ થયેલા દસ બાળકો વચ્ચે રૂા. ૧૦૧ નાં ચાંદીના વાસણો બેનાયત કરવામાં આવ્યા હતા. ખાદી કાંતનારાઓ વચ્ચે રૂા. ૭૦૦) નું ઇનામ વહેચવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ન્યાલચંદભાઇ શેઠ, જયસુખલાલ શાહ, શ્રી. રામભાઇ પાઠક વગેરેએ બાળ કેળવણી સંબંધે મનનીય પ્રવચનો કર્યા હતા. આભાર વચન ડો. ગોંડલીયાએ કર્યા બાદ સાંજના ૭ વાગે સમારંભ પૂર્ણ થયો હતો.

આ રીતે સમારંભ સંપૂર્ણ રીતે સફળ થયો હતો. સમારંભ બાદ મેઘરાજાએ છાંટણા કરી શુકન કર્યા હતા



સમારંભ સમયનું એક દશ્ય

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

કાસબ્બાડ : 'દ્વિતીય અખીલ ભારતીય બાલ શિક્ષણની તારીખો ડીસેમ્બર ૧, ૨, ૩ ને બદલે હવે જાન્યુઆરી ૫, ૬, ૭. ૧૯૫૭ નક્કી કરવામાં આવી છે. પરિષદનું ઉદ્‌ઘાટન મુંબઇ રાજ્યના કેળવણી ખાતાના પ્રધાન શ્રી. શાંતીલાલ શાહના શુભહસ્તે કરવામાં આવશે. જે જે લોકોના રજીસ્ટ્રેશન ફોર્મ્સ, મુંબઇ કાર્યાલયમાં પહોંચી ગયા છે. તેઓને ડીસેમ્બરની ૧૫મીની આસપાસ પરિષદની કાર્યક્રમ પત્રિકા, બેજ અને કન્સેશન સર્ટીફીકેટ મોકલવામાં આવશે

પરિષદ નિધી : જે જે શાખાઓને પરિષદ નિધી પાવતીઓ અને અન્ય સાહિત્ય આપવામાં આવ્યું છે, તેઓ હવે પરિષદની તારીખો બદલ્યા પછી એ સાહિત્યનો ઉપયોગ નવેમ્બર ૧૫ મીને બદલે ડીસેમ્બર ૧૫મી સુધી કરી શકશે સંઘ સાથે સંબધીત બાલ અધ્યાપન મંદિરો, શાખાઓ, બાળ કેળવણી સંસ્થાઓ અને સંઘપ્રેમી વ્યકતીઓને પરિષદ નિધી મેળવવા માટે બનતો પ્રયત્ન કરવાની વિનંતી પરિષદના મંત્રી તરફથી કરવામાં આવે છે.

ગિજુભાઇની જયંતી સમાચાર

વડોદરા : તા. ૧૫ ગુરૂવારે સાંજે સાડાપાંચ વાગે શિશુભારતીમાં બાળયુગ સૃષ્ટા શ્રી ગિજુભાઇ જયંતિ પ્રસંગે વાલી સભા યોજવામાં આવી હતી. પ્રમુખસ્થાને શ્રી મહેન્દ્રકુમાર દેશાઇ હતા. પ્રાસંગિક પ્રવચનમાં શ્રી કમળાબેન અશોકચંદ્ર વકીલે પૂ ગિજુભાઇએ આપેલી શિક્ષણની નવી દૃષ્ટિની અસર આપણાં બાળકો દ્વારા ઘરોઘરમાં કેટલી અનુભવીએ છીએ ? એનો આછો ખ્યાલ આપ્યો હતો. તેમજ શ્રી લક્ષ્મીનાથ શાસ્ત્રીજીએ પ્રાચીન સમયમાં આશ્રમો દ્વારા થતી બાળ કેળવણીનો આછો ખ્યાલ આપ્યો હતો.

મુંબઇ : નૂતન બાલ શિક્ષણ સંઘ અને બાળ સમિતી તરફથી બાલ શિક્ષણ જયંતી સપ્તાહનો કાર્યક્રમ ડીસેમ્બર તા. ૧ થી ૭ સુધી મુંબઇ શાખાના પ્રદેશમાં ખૂબજ ઉત્સાહથી ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ સપ્તાહનું ઉદ્‌ઘાટન તા. ૧લી એ મુંબઇ લોકસભાના પ્રમુખ શ્રી. એસ. એલ. સીલમના શુભહસ્તે કરવામાં આવશે. અને આ પ્રસંગે પંડીત દીનકર શાસ્ત્રી કાનડે, આચાર્યા ચારૂશીલા ગુપ્તે અને આચાર્યા કેકવબાદ (તાતા ઇન્સ્ટીસ્ટુડ)ના પ્રવચનો થશે. તા. ૨જીએ તાતા સોસીયલ ઇન્સ્ટીટયુટના શિક્ષકો અને સેવકોનું સ્નેહ સંમેલન યોજવામાં આવશે. આ સંમેલનમાં બાલ મંદિરના શારિરીક આરોગ્યનો, બાલ મંદિરની ભાષા અને બુદ્ધિકાશની પ્રવૃત્તિ અને શિક્ષકોને મુંઝવતા બાળકો આ ત્રણ પ્રશ્નોની ચર્ચા યોજવામાં આવી છે. તા. ૩જી સાંજે બાલ ભવનના સહકારથી બાળ શિક્ષણ સંસ્થાઓના બાળકોનો મેળો અને મનોરંજન કાર્યક્રમ યોજવામાં આવશે. તા. ૪થીએ મનોરંજન કાર્યક્રમ દાદર વિભાગના બાળકો માટે. તા. ૬ ઠી શીશુ દિન જે દિવસે બાળમંદિરના બાળકો પોતપોતાના લત્તાના બાળમંદિરનો લાભ નહિ મળતો હોય એવા બાળકોને બાલમંદિરોના સહકારથી સંસ્થામાં આવકારશે. એમને માટે મનોરંજન તથા ઉપહાર કાર્યક્રમ મોઠવશે. તા. ૭ મીએ શ્રી. એમ. એમ. માસ્તરના પ્રમુખપદે વિલેપારલાના રૂક્ષમણી બાલમંદિરમાં વાલીસભાને સમારોહ.

અમદાવાદ : અમદાવાદ શાખાએ તા. ૧૪ થી ૨૦ મી સુધી બાળશિક્ષણ જયંતી સપ્તાહ ખુબજ ઉત્સાહથી ઉજવ્યો. તા. ૧૪ મીએ પંડીત જવાહરલાલજીના જન્મ નિમી-તે બાળદિન ઉજવવામાં આવ્યો આ દિવસે દરેક વોર્ડમાં 'બાળ શિક્ષણ જયંતી સપ્તાહ' માટે ફાળા ઉઘરાવવાનું કાર્ય કર્યું તા. ૧૫ એ અખંડ આનંદ હોલમાં જાહેર

સભા રાખવામાં આવી હતી. તેમજ દરેક સંસ્થાને ગીજુભાઇ અંગેની પ્રાર્થના બાળ સાહિત્ય વાંચન બાળગીતો, નાટકો, રમતો પ્રવચનો અને સરધસ રચવાની યોજના કરવાનું સૂચન કર્યું હતું તા ૧૬ મીએ બાળકેળવણી સભા યોજવામાં આવી હતી. ભાઇશ્રી પુનમચંદ શાહ આચાર્ય ગુજરાત બાળ અધ્યાપક મંડળનું પ્રવચન રાખવામાં આવ્યું હતું. તા. ૧૭ મીના દીવસે વિકટોરીયા ગાર્ડનમાં બાળકોનું સંમેલન યોજવામાં આવ્યું હતું. તા. ૧૮ મીને દિવસે શિક્ષણીક સંહવાસ પ્રર્યટન યોજવામાં આવ્યુ હતો. તા. ૧૯ મીના દિવસે બાળ આરોગ્ય તપાસ દીન રાખવામાં આવ્યો હતો. એ વિષે દરેક બાળ સંસ્થાના બાળકોની ડોકટરી તપાસ થાય તે માટેની યોજના કરવામાં આવી હતી. છેલ્લે ૨૦મીએ ગોમતીપુર તીક્ષક મેદાન છીકણીવાળાના ચોગાનમાં બાળ શિક્ષણ પ્રચાર સભા નીમી-તે બાલ શિક્ષણ જયંતી સપ્તાહની પૂર્ણાહુતી.

પૂના : શાળાના ક્રમે દીનાંક ૨૧થી બાળ શિક્ષણ જયંતી સપ્તાહ યોજવામાં આવ્યો હતો. તા. ૨૧ મીએ માનનીય ડો. એ. શુ. શેખ જીલ્લા અધિકારી પુનાના પ્રમુખપદે બાળવાડીના બાળકોનો રંજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તા. ૨૨-૧૧-૫૬ ને બાળ અધ્યાપન મંદિરો ગીજુભાઇ દીન રાખવામાં આવ્યો હતો. શ્રીમતી શાંતાબાઇ ભાગવતે ગીજુભાઇના કાર્યનું મહત્વ સમજાવ્યું હતું. તા. ૨૩ ના દિવસે પ્રમુખશ્રી શ્રી. બા. રાનડેએ બાળકોને વાર્તાઓ સંભળાવી હતી અને છેવટે બાળકોને નાસ્તો આપવામાં આવ્યો હતો.



કેસ્ટોફીન મેન્યુફેક્ચરીંગ કું. વલી સુંબઈ-૧૮.

ભૂલ સુધાર

મુદ્રણ દોષ ના કારણોસર નવેમ્બરના અંકમાં નીચેની ભૂલો રહી જવા પામી છે.

પાના નં. ૨૦ હેદવકર મેટલ પ્રેસીંગ વર્કસ ની જાહેરખબરમાં પ્રોપરાઇટર્સ સંજુભાવ ને બદલે સંભુભાવ વાંચવું.

પાના નં. ૧૧ ARLABS (Private) Ltd. ની જાહેર ખબર માં ARLBAS છપાણું છે. તેને બદલે ARLABAS વાંચવું.

કેટલો આશ્ચર્યકારક ફરક!



૫૦૧ સાબુનો પાવડર કપડાં સ્વચ્છ ઉજળાં ધુએ છે

આપનાં કપડાં જલ્દી અને સહેલાઇથી ધોવા માટે તાતાનો નવીન ૫૦૧ સાબુનો પાવડર વાપરો. તે વાપરવાથી કપડા સુરક્ષિત રહે છે. કિંમતની સરખામણીમા બીજા સાબુઓના પાવડર કરતા તે ઘવારે મળે છે.

ભારતની મૂડીથી ભારતવાસીઓના વહિવટ હેઠળ ભારતમાં બનાવવામા આવે છે.

તાતા ઑઇલ મીલ્સ
વતી: ઇન્ડિયન સોપ એન્ડ ટૉઇલેટરીઝ મેકર્સ એસોસીએશન

FS. 2463

સભા રાખવામાં આવી હતી. તેમજ દરેક સંસ્થાને ગીજુભાઇ અંગેની પ્રાર્થના બાળ સાહિત્ય વાંચન બાળગીતો, નાટકો, રમતો પ્રવચનો અને સરધસ રચવાની યોજના કરવાનું સૂચન કર્યું હતું તા ૧૬ મીએ બાળકેળવણી સભા યોજવામાં આવી હતી. ભાઇશ્રી પુનમચંદ શાહ આચાર્ય ગુજરાત બાળ આધ્યાપક મંડળનું પ્રવચન રાખવામાં આવ્યું હતું. તા. ૧૭ મીના દીવસે વિકટોરીયા ગાર્ડનમાં બાળકોનું સંમેલન યોજવામાં આવ્યું હતું. તા. ૧૮ મીને દિવસે શિક્ષણીક સંહવાસ પ્રર્યટન યોજવામાં આવ્યુ હતો. તા. ૧૯ મીના દિવસે બાળ આરોગ્ય તપાસ દીન રાખવામાં આવ્યો હતો. એ વિષે, દરેક બાળ સંસ્થાના બાળકોની ડોકટરી તપાસ થાય તે માટેની યોજના કરવામાં આવી હતી. છેલ્લે ૨૦મીએ ગોમતીપુર તીક્ષક મેદાન છીકણીવાળાના ચોગાનમાં બાળ શિક્ષણ પ્રચાર સભા નીમી-તે બાલ શિક્ષણ જયંતી સપ્તાહની પૂર્ણાહુતી.

પૂના : શાળાના ક્રમે દીનાંક ૨૧થી બાળ શિક્ષણ જયંતી સપ્તાહ યોજવામાં આવ્યો હતો. તા. ૨૧ મીએ માનનીય ડો. એ. શુ. શેખ જીલ્લા અધિકારી પુનાના પ્રમુખપદે બાળવાડીના બાળકોનો રંજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તા. ૨૨-૧૧-૫૬ ને બાળ અધ્યાપન મંદિરો ગીજુભાઇ દીન રાખવામાં આવ્યો હતો. શ્રીમતી શાંતાબાઇ ભાગવતે ગીજુભાઇના કાર્યનું મહત્વ સમજાવ્યું હતું. તા. ૨૩ ના દિવસે પ્રમુખશ્રી શ્રી. બા. રાનડેએ બાળકોને વાર્તાઓ સંભળાવી હતી અને છેવટે બાળકોને નાસ્તો આપવામાં આવ્યો હતો.



કેસ્ટોફીન મેન્યુફેક્ચરીંગ કું. વલ્લી મુંબઈ-૨૮.

ભૂલ સુધાર

મુદ્રણ દોષ ના કારણોસર નવેમ્બરના અંકમાં નીચેની ભૂલો રહી જવા પામી છે.

પાના નં. ૨૦ હેદવકર મેટલ પ્રેસીંગ વર્કસ ની જાહેરખબરમાં પ્રોપરાઇટર્સ **સંજુભાવ** ને બદલે **સંભુભાવ** વાંચવું.

પાના નં. ૧૧ ARLABS (Private) Ltd. ની જાહેરખબરમાં ARLBAS છપાણું છે. તેને બદલે ARLABAS વાંચવું.

કેટલો આશ્ચર્યકારક ફરક!



જુની રીતે
પટકીને અને મસળીને
ધોયેલુ વસ્ત્ર

પ૦૧ની નવી રીતે
પટકયા અગર મસળ્યા વગર
ધોયેલું વસ્ત્ર

પ૦૧ સાબુનો પાવડર કપડાં સ્વચ્છ ઉજળાં ધુએ છે

આપનાં કપડાં જલ્દી અને સહેલાઇથી ધોવા માટે તાતાનો નવીન પ૦૧ સાબુનો પાવડર વાપરો. તે વાપરવાથી કપડા સુરક્ષિત રહે છે. કિંમતની સરખામણીમા બીજા સાબુઓના પાવડર કરતા તે વધારે મળે છે.

ભારતની મૂડીથી ભારતવાસીઓના વહિવટ હેઠળ ભારતમાં બનાવવામા આવે છે.



તાતા ઑઇલ મીલ્સ
વતી: ઇન્ડિયન સોપ એન્ડ ટૉઇલેટરીઝ
મેકર્સ એસોસીએશન

FS. 2463

આપની દરેક

જરૂરીયાતો

ખરીદવાનું એક માત્ર

: ભરોસાપાત્ર સ્થળ :

આજેજ એક વખત પધારી મુલાકાત લ્યો.

ધી

બોમ્બે સ્વદેશી કો-ઓપરેટીવ સ્ટોર્સ કું.

લિ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, કોટ, મુંબઈ-૧

શાખાઓ : મહાત્મા ગાંધી રોડ, પૂના. જેમ્સ સ્ટ્રીટ, ચિકન્દ્રાબાદ.

સર્વોત્કૃષ્ટ પેન.....



મુખ્ય વિક્રેતા :

પી. રમણલાલ એન્ડ કું.

૧૧૬/૧૮ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, મુંબઇ ૩.

ઉત્પાદક :

પ્રકાશ મેટલ વર્કસ.

મુંબઇ ૪.

ચૂ. બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : રમણિકલાલ તુરખિયા, ૧૧૮ હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪

મુદ્રણ સ્થાન : પરફેકટા પ્રિં. વર્કસ, મુંબઇ ૨૨.

નૂતન બાલ શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ-૩૧ : અંક-૧૦ : જાન્યુઆરી-૧૯૫૭.

સંસ્થાપકો :
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી. તારાબેન મોડક

☆

તંત્રી :
શેષ નાગડી

બાળકોને પોતાના સામાન્ય વિકાસ માટેના જરૂરી એવા સ્થૂળ અને સૂક્ષ્મ સાધનો મળવા જ જોઇએ. ભૂખ્યા બાળકોને ખવરાવવું જોઇએ, માંદાઓની માવજત કરવી જોઇએ, પછાત બાળકોને સહાયતા અને વિકૃતિ પામેલાઓને પાછા મેળવવાની વ્યવસ્થા કરવી જોઇએ. અનાથ બાળકોને આશ્રય અને ઘર બહાર થયેલાઓને મદદ મળવી જોઇએ. મુસ્કેલીની પરિસ્થિતિમાં તો બાળકોને જ ખરેખર પ્રથમ સહાયતા મળવી જોઇએ.

[વિશ્વસંસ્થાની અપીલમાંથી]

વાર્ષિક લવાજમ : કાર્યાલય : છૂટક નકલ

રૂા. ૪-૦-૦ : : ૧૧૮, હિન્દુ કૉલની, દાદર, મુંબઇ, ૧૪. : : ૬ આના

નૂતન બાલ શિક્ષણ સંઘ

પદાધિકારીઓ :

પ્રમુખ : શ્રી મોરારજીભાઇ દેસાઇ
ઉપ-પ્રમુખ : શ્રી આચાર્ય શં. રા. ભિસે
કાર્યાધ્યક્ષ : શ્રી સરલાદેવી સારાભાઇ
કોષાધ્યક્ષ : શ્રી વા. રા. પટવર્ધન
મંત્રીઓ : શ્રી શેષ નામજે, શ્રી યશસ્વતિબેન ભટ્ટ

"શિક્ષણ-પત્રિકા" સંપાદક મંડળ :

જયંતભાઇ ઓઝા, જયકુમારીબેન પટેલ હરપ્રસાદ ભટ્ટ,
હેમલતાબેન માળવી, રમેશભાઇ કોઠારી, કુસુમબેન શાહ.

વ્ય. સંપાદક : રમણિકભાઇ તુરાખ્યા



ખરજવું, ખસ
કે ખરજવાં જેવાં
ચામડીના દરદોમે આ દવા
જડમૂળથી નાબૂદ કરે છે

ધી ઝોન કેમિકલ કું.
મુંબઇ. ૪

બાળકોને માટે ખાસ જરૂરી

ટૅાનિક પાવડર :

બાળકો અને પ્રૌઢોની નબળાઇ મા અજમાવેલ સ્વાદિષ્ટ ટોનિક ભૂખ ઉ-તેજનાર અને બાળકોની શારીરિક ન- બળાઇ માટે- તેમજ વૃદ્ધાવસ્થાની નસો- કમજોરી માટે ઉપયોગી.

ન્યુ ઇરા હોમીયો ફાર્મસી.
વેસ્ટર્ન રેલ્વે સામે, દાદર, મુંબઇ-૨૮

ટપાલદ્વારા કટીંગનું શિક્ષણ



દરેક પ્રકારનું કાપડનું કટીંગનું શિક્ષણ પોસ્ટ થી આપવામાં આવે છે. કોલેજ તથા લંડન ડિપ્લોના માટે સૂચિ પત્રક મંગાવો.

સ્થાનિક શિક્ષણ માટે મળો.

ઝારાપકર ટેલરીંગ કૉલેજ

ભવાનીશંકર રોડ, દાદર મુંબઇ-૨૮



ભારતમાં સર્વ શ્રેષ્ઠ

ઝારાપકર શિવણયંત્ર

રોકડે થી
હપ્તાથી પાંચ વર્ષ
ગેરંટી સાથે સીવ
ફ્રોક, ઝુકી, અરણુ, ઉષા, ટેલર
સૂચિપત્ર મંગાવો.

ઝારાપકર શિવણયંત્ર ભં

ભવાનીશંકર રોડ, દાદર, મુંબઇ-

મુંબઈ, મધ્ય ભારત, ઉત્તર-પ્રદેશ, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૩૧ : અંક ૧૦] મુંબઈ [જાન્યુઆરી–૧૯૫૭

સંપાદકીય

વિકાસ–વાડી યોજના

દ્વિતીય અખિલ ભારતીય બાળ કેળવણી પરિષદના પર્વકાળમાં કેાસબાડમાંજ શનિવાર દિનાંક પાંચ જાન્યુઆરીની ધન્ય ઘડીએ વિકાસ વાડી યેાજનાના પહેલા મકાનનેા શિલાન્યાસ સમારંભ વડેાદરા રાજ્યના શ્રીમંત માતુશ્રી મહારાણી શાંતા દેવીજીના શુભ હસ્તે કરવામાં આવશે. બાલ કેળવણીના ક્ષેત્રમાં સ્વ. ગિજુભાઇ અને શ્રીમતી તારાબેન મેાડકે જે જીવન–સાધના શરૂ કરી છે તેના પરિપાકરૂપે વિકાસવાડી યેાજનાનું સર્જન થયું છે. આપણી બીજી પંચ વાર્ષિક યેાજનામાં ભારત સરકારે આ યેાજનાને સ્થાન આપીને તેના અનાવર્તક ખર્ચના ૬૬% જેટલી અને આવર્તક ખર્ચમાં ૫૦% જેટલી સહાયતા કરવાનું સ્વીકારીને, નૂતન બાલશિક્ષણ સંઘના પ્રેરણારૂપ બનેલા આ કાર્યને વધાવી લીધું છે એ જણાવતાં અમને અત્યંત આનંદ થાય છે.

અમારી દૃષ્ટિએ વિકાસવાડી યેાજના કેવળ પછાત વસ્તીના બાળકેા માટેની કેળવણી અંગેની વિકાસ યેાજના નથી. **એમાં અમને પછાત વસ્તીના ઉધ્ધારની એક આર્યવત્ શાસ્ત્રશુદ્ધ યેાજના દેખાય છે.** અને આજે ભારતમાં જ્યારે ૮૦% માનવીઓ પછાત વસ્તીમાંજ પેાતાનેા જીવન ગુજારેા કરી રહ્યા છે ત્યારે વિકાસવાડી યેાજના આપણા રાષ્ટ્રીય વિકાસ અંગેના પ્રશ્નેાનું એક પ્રતીકાત્મક આયેાજન બને એવી શકયતાઓ અમને વિકાસવાડી યેાજનામાં દેખાય છે. પછાત વસ્તીનેા ઉધ્ધાર (Rehabilitation of the backward classes) એ આપણા દેશની એક પ્રચંડ રાષ્ટ્રીય સમસ્યા છે. દ્વિતીય અખિલ ભારતીય બાલ–કેળવણી પરિષદના પ્રમુખ આચાર્ય કાકાસાહેબ કાલેલકરજીએ આ પ્રશ્નનું જે વિરાટ સ્વરૂપ એમના પ્રમુખપદે ભારત સરકારે નીમેલા પછાત કેામેા માટેના કમિશનના અહેવાલમાં રજૂ કર્યું છે તે કેટલાક લેાકેાને અતિરંજીત લાગ્યું છે પરંતુ રાષ્ટ્રના ઉદ્ધાર માટે કેાઇપણ સર્વંકષ યેાજના ઘડવામાં કમિશને જે દૃષ્ટિબિંદુ રજૂ કર્યું

આવતેા અંક :

"શિક્ષણ–પત્રિકા"નેા આગામી ફેબ્રુઆરી ૧૯૫૭ નેા અંક, ફેબ્રુઆરીની તા. ૧ લી ના બદલે જાન્યુઆરીની ૨૬ મી તારીખે પ્રગટ કરવામાં આવશે અને આ અંક **અખિલ ભારતીય બાલ શિક્ષણ પરિષદની પૂર્તિ** સાથે બહાર પડશે.

આ દળદાર અંક સેા ગ્રાહકેાને તા. ૨૫મીએજ ટપાલમાં મેાકલી આપવામાં આવશે તેની નેાંધ લેવા વિનંતિ છે. —વ્ય. સંપાદક

છે તેજ વાસ્તવિક છે એવો અમારો અભિપ્રાય છે. આપણા દેશની બહુસંખ્ય પ્રજા પછાત છે તે ધ્યાનમાં લઇનેજ આપણે ત્યાંની કોઇપણ વિકાસ યોજનાનું આયોજન થવું જોઇએ. પરંતુ તે ધ્યાનમાં લેવા જતાં આવા વિરાટ પ્રશ્નોનો ઉકેલ આપણા માટે શકયજ નથી એવો અવિશ્વાસ આપણામાં પેદા થાય છે. કદાચ એજ અનુભવથી ભારત સરકારે પણ આ અહેવાલ હાલ તુરત બાજુએ મૂકયો હશે.

શ્રીમતી તારાબેનની વિકાસવાડીની યોજના પછાત વસ્તીના ઉધ્ધાર માટે એક સરળ અને સર્વકર્ષ ઉકેલનો વ્યવહારિક અને શાસ્ત્રીય રસ્તો બતાવે છે. આ યોજનામાં સમાજ વિકાસનું કુદરતી સાધન બાળકોજ હોઇ શકે એવો મૅડમ મૉન્ટેસોરીનો જે સિધ્ધાન્ત છે તેને વ્યવહારિક સ્વરૂપ મળવાની શકયતા છે. મૅડમ મૉન્ટેસોરીના સંસ્કૃતિના વિકાસ અંગેના સિદ્ધાન્ત મુજબ તેના વિકાસ કાર્યમાં બાળકો અને મોટેરા એવા બે ઘટકોજ ભાગીદાર હોય છે. એમાંથી મોટેરાં જ્ઞાન-વિજ્ઞાન ઉદ્યોગો અને સંસ્કારોનું નવ નિર્માણ કરે છે ત્યારે નાનેરા કે નાના બાળકોએ ઉંચી કક્ષાએ પહોંચેલા સંસ્કૃતિના નવનિર્માણને આત્મસાત કરીને તેનું રક્ષણ કરે છે. અને તેઓ જ્યારે મોટા બને છે ત્યારે એ ઉંચી કક્ષા પરથી ફરી નવનિર્માણ કરીને સંસ્કૃતિને વધુ ઉંચી કક્ષાએ પહોંચાડતાં હોય છે. આ રીતે સંસ્કૃતિનો વિકાસ સતત ચાલુ હોય છે.

આપણી સામાજીક-આર્થિક વિકાસ યોજનાઓમાં અત્યારે મોટેરાઓના અનુસંધાનમાંજ વિકાસ યોજનાઓ ઘડાય છે તેથી તે એકાંગી બને છે એટલુંજ નહિ પણ તેમાં સામાજીક વિકાસનું સાતત્ય જળવાતું નથી એ એક મોટો દોષ રહે છે. દાખલા તરીકે આદિવાસી સેવા મંડળોનાજ પ્રયત્નો આપણે એ દૃષ્ટિએ તપાસીશું તો એવું દેખાશે કે આ મંડળોની યોજનાઓમાં પૂર્વ પ્રાથમિક ઉંમરના બાળકો માટે કોઇપણ પ્રકારનો પ્રયાસ દેખાતો નથી. એમની યોજનાઓમાં પ્રાથમિક શાળાઓ છે, વ્યવસાયિક શાળાઓ છે, ઉદ્યોગ મનોરંજનની યોજનાઓ છે. સ્ત્રી પુરૂષોના નવા શિક્ષણ માટે યોજનાઓ છે. આ બધા પ્રયત્નો જરૂરના છે તેથી અમુક અંશે બાળકોને પણ તેનો અપ્રત્યક્ષ લાભ મળે છે એ પણ વાત સાચી છે છતાં વિકાસનો સ્વાભાવિક ક્રમ ધ્યાનમાં લેતાં એમાં નાના બાળકોને ધ્યાનમાં ન લેવાની ઉણપ ન રહેવી જોઇએ. નાના બાળકોના જીવન વિકાસની દૃષ્ટિએ સૂતિકાગૃહો, પોડિયા ઘરો, બાલવાડીઓ અને તેને પોષક એવી ઉપસંસ્થાઓનું જેમકે વાલીમંડળો, આરોગ્ય-માનસ ચિકિત્સાલયો, માતા વર્ગો શિક્ષકો માટેની પ્રશિક્ષણ સંસ્થાઓ, બાલ સેવિકા વર્ગો વગેરેની યોજનાઓનો પણ સમાવેશ કરવોજ જોઇએ તોજ નાના બાળકો, પોતાના મોટેરાઓના સમાજમાં ચાલી રહેલા વિકાસ કાર્યને સારી રીતે પચાવી શકશે અને તેઓ જ્યારે મોટેરા બને ત્યારે પોતાનો ફાળો સમાજને આપીને વિકાસ ચક્ર સતત ચાલુ રાખશે.

આપણી બીજી પંચવાર્ષિક યોજનામા કેળવણી સંબંધમાં જે ૨૩ મું પ્રકરણ લખાયું છે તેમાં પ્રાથમિક કેળવણીની સમસ્યાઓ અંગે નીચે મુજબનો અભિપ્રાય વ્યકત કરવામાં આવ્યો છે. "The problems of education at the elementary level are mainly two: the expansion of existing facilities and the reorientation of the system of education of basic lines. Both are equally urgent tasks and vital to social and economic development." પ્રાથમિક કેળવણીની કક્ષા પર આપણી બેજ મુખ્ય સમસ્યાઓ છે. "એક તો ચાલુ કેળવણીનો વિસ્તાર અને બુનિયાદી ધોરણ પર કેળવણીની પુનર્રચના. આ બન્ને કાર્યો સામાજીક અને આર્થિક વિકાસ માટે અત્યાવશ્યક અને મૂલભૂત મહત્વના છે." આ કાર્યના વિકાસમાં પંચવાર્ષિક યોજનાના યોજકોને આગળ મુજબની મુશ્કેલીઓ ચિંતા ઉપજાવી રહી છે. તે અંગે તેઓ લખે છે. "An aspect of the situation which causes concern is the wastage which exceeds 50% at

the Primary Stage. Thus out of 100 pupils who join the first class at the school scarcely 50 reach the fourth class the rest dropping out before completing 4 years at school which is regarded as the minimum period for permanant literacy. The wastage is greater in the case of girls, closely allied to the problem of wastage is that of stapnation that is a pupil continues in the same class for more than normal period. આ પ્રશ્નનો જે ભાગ ચિંતા ઉપજાવે છે તે એ છે કે પ્રાથમિક કેળવણીની કક્ષા પર ૫૦ ટકા ઉપરાન્તનો બગાડ થાય છે. એનો અર્થ એ કે ૧૦૦ બાળકો જે પ્રાથમિક નિશાળમાં પહેલા ધોરણમાં દાખલ થાય છે તેમાંથી ૫૦ બાળકો ભાગ્યેજ ચોથા ધોરણ સુધી પહોંચે છે અને બીજા બધા કાયમી સાક્ષરતા માટે ઓછામાં ઓછી જે ચાર વર્ષની કે જે આવશ્યક કેળવણી છે તેમાંથી પણ બકાત રહે છે. આ બગાડ છોકરીઓની બાબતમાં વધુ હોય છે. આ બગાડના પ્રશ્નની સાથોસાથ સ્થગિત થનારા બાળકોનો છે. એમાં જે બાળકે એક ધોરણની પ્રગતિ જે સમયમાં કરવી જોઈએ તે ન કરતાં બાળકો તેજ વર્ગમાં વધુ સમય રહે છે.

બાળકોના શાળા જીવનમાં મોટા પ્રમાણમાં બગાડ અને અપ્રગતિ (સ્થગિત સ્થિતિ) દેખાય છે. તેના કારણો રજૂ કરીને તેના ઉપાયો પણ પંચવાર્ષિક યોજનાના યોજકોએ આગળ મુજબ બતાવ્યા છે. To prevent wastage the introduction of compulsion is essential ...further especially in rural conditions efforts should be made to give practical bies to education as far as possible. "આ બગાડ અટકાવવા માટે કેળવણી ફરજીયાત કરવી જરૂરનું છે....આગળ જઈને ખાસ કરીને ગ્રામીણ પરિસ્થિતિમાં કેળવણીને વધુ ને વધુ વ્યવહારિક બનાવવાના પ્રયત્નો થવાની જરૂર છે." યોજકોએ સૂચવેલા ઉપાયો અમારી દૃષ્ટિથી પૂરતાં નથી. આ બગાડનો અર્થ એમ થાય છે કે કેળવણી પર આપણે જેટલા કરોડ ખરચીએ છીએ તેમાંથી અડધી કરતાં ઉપરાંત રકમ વ્યર્થ જાય છે. આ બગાડમાંથી બચવા માટે કેળવણી ફરજીયાત કરવી એ એકલોજ ઉપાય પૂરતો અને સાચો પણ નથી. સાચો ઉપાય છે કે પૂર્વ પ્રાથમિક ઉંમરના બાળકોને પણ ધ્યાનમાં લેવા જોઈએ. બાળકના જીવનના સાત વર્ષ પહેલાનો વિભાગ અને સાત વર્ષ પછીનો વિભાગ એવા બે ભાગલા કરીને સરકારે પહેલા વિભાગની જવાબદારી અજ્ઞાન–દારિદ્રયથી પીડાતા મા–બાપો પર સોંપી દીધી છે. અને બીજા વિભાગની જવાબદારી સરકારે સ્વીકારી છે. બાળકના જીવનના આવા બે વિભાગો સરકાર આર્થિક અને વ્યવહારિક સગવડો ખાતર કૃત્રિમ રીતે ભલે કરે પણ બાળકનું સાત વર્ષ પહેલાનું અને તે પછીનું આખું જીવન સળંગ એકજ છે તે ન ભૂલે. એના જીવનના પહેલા મહત્વના ભાગની જવાબદારી અજ્ઞાન દારિદ્રય અને વહેમોથી પીડાતા મા–બાપો પર મૂકવાથી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ કરતું બાળક યોગ્ય ઉછેરના અભાવે પછાત હોય છે. તેના બૌદ્ધિક–સામાજીક પાત્રતાના અંકો ઘણા ઉતરી ગએલા હોય છે એટલું જ નહિ. પણ એ રીતે પછાત પરિસ્થિતિમાં ઉછરેલા બાળકોની પ્રગતિ પણ આગળ જતાં મંદ થઈ જાય છે એવો બાળમાનસ શાસ્ત્રીઓને પોતાના પ્રયોગોનો અનુભવ છે. આપણી સરકારે પણ, પ્રાથમિક કેળવણીમાં થતાં બગાડના શાસ્ત્રકારોએ બતાવેલા કારણો સાચા છે કે નહિ એ દિશામાં તપાસ ચલાવવી જોઈએ અને આપણા ગરીબ દેશમાં થતો આ કરોડો રૂપિયાનો બગાડ અટકાવવા માટે યોગ્ય એવાં પગલાં લેવા જોઈએ.

શ્રીમતી તારાબેનની વિકાસવાડીની યોજનામાં આ બગાડ અટકાવવા માટેની વ્યવસ્થા છે. એમની વિકાસવાડીમાં ત્રણ માસના બાળકથી માંડીને ચૌદ વર્ષની ઉંમરના બાળકો આખો દિવસ રહેશે. થોડિયાઘરથી બાલવાંડી અને બુનિયાદીથી સંપૂર્ણ

પ્રાથમિકશાળા એમ એ સંસ્થાઓનું એક એકમ બનાવીને વિકાસવાડીની યોજના થઇ છે. તેમાં બાળકના સમગ્ર જીવનના અભ્યાસની અને તેને પોષક થવાની યોજના છે. તેથી વિકાસવાડીની યોજનામાં પ્રાથમિક કેળવણીની કક્ષા પર થતો બગાડ અને અપ્રગતિનું પ્રમાણ નહિવત્ બનશે.

વિકાસવાડીની યોજનામાં અમને કેળવણીની આર્થિક સમસ્યાનો પણ ઉકેલ દેખાય છે. પૂ. બાપૂજીએ કેળવણી માટે જે વાસ્તવિક માધ્યમનું સૂચન કર્યું છે તેજ માધ્યમ બાળવાડીએ સ્વીકાર્યું છે. તેથી વિકાસવાડી એ કોઇ અશકય તેમ ખર્ચાળ યોજના નથી. એમાં બાળકોને આર્થિક સ્વાવલંબન પંથે આગળ લઇ જવાની પણ યોજના છે. વિકાસવાડીની બુનિયાદી શાળામાં ગમે તે પરિસ્થિતિમાંથી બાળકો આવશે નહિ. જે બાળકોના જીવનનો ત્રણ માસથી કાળજીપૂર્વક વિકાસ કરવામાં આવ્યો છે એવાજ બાળકો તેમાં હશે એટલે એ બાળકો બુદ્ધિ, ભાષા કુશળતા એ બધામાં જુદા પ્રકારના હશે એ સ્પષ્ટ છે. વિકાસવાડી બુનિયાદીશાળા એ રીતે જુદાજ પ્રકારની થશે એ નિઃશંક વાત છે.

આજની આપણા દેશની પરિસ્થિતમાં આપણા દેશની પછાત વસ્તી માટે વિકાસવાડીની યોજના આપણા સમાજની સાંસ્કૃતિક, આર્થિક અને સામાજિક પ્રગતિ માટે એક શાસ્ત્રસિદ્ધ યોજના છે. આવી સંસ્થાનો આ દેશમાં વ્યાપક પ્રચાર થાય તો જ આપણી પછાત વસ્તીના અનેક પ્રશ્નો પોતાની મેળે ઉકેલાઇ જશે, ખાસ કરીને અત્યારે જ્યાં જ્યાં વિકાસ ઘટકોની યોજનાઓ સરકાર તરફથી ચાલે છે તે યોજનાઓમાં વિકાસવાડીઓની યોજના કરવી આપણી પ્રગતિ માટે અનિવાર્ય છે. વિકાસવાડી એ આપણા રાષ્ટ્રના વિકાસનું પ્રતીક બને એમ અમે ઇચ્છીએ છીએ.

—શેષ નામલે

શિક્ષણ સાધનો

બાલમંદિર માટે સાધનો, નકશાઓ, ચિત્રપટો, કસરતના સાધનો, બાલસાહિત્ય અને અન્ય ઉપયોગી સાધનો માટે સુચિપત્ર મંગાવો લખો :

નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કર્સ (પ્રાઇવેટ) લી૦

સીનેમા રોડ, સુરેન્દ્રનગર. (સૌરાષ્ટ્ર.)

બગડેલા લોહીને સુધારનાર
ડો. વામન ગોપાલનું
સારસાપરિલા વાપરો.



હાર્મોનિયમ, ટયુનિંગ, સિતાર
તથા તંબૂરો જવારી
સ્પેશ્યાલિસ્ટ

ઑર્ડર, એડવાન્સ,
નજીકનું રેલ્વે સ્ટેશન જણાવો.

હરીભાઉ વિશ્વનાથ કં.

દાદર, મુબઈ નં. ૨૮.
શાખા: સૅન્ડહર્સ્ટ રોડ, ૪ અહમદાબાદ.

ક્ષોભ પ્રક્ષોભ

(વ્યક્તિ દોષપાત્ર નથી : પરિસ્થિતિ દોષપાત્ર છે.)

"અરવિંદભાઇ"

તે દિવસે માનસશાસ્ત્ર ઉપર રતિભાઇને કહેતો હતો. એમાં અરવિંદભાઇની વાત આવી–નહીં–અરવિંદભાઇમાંથી જ વાત નીકળી. ત્યારે છ વર્ષના અરવિંદભાઇ મારા ટેબલ ઉપર ચડીને ઉભા હતા. ત્યાં રતિભાઇ આવ્યા અને ટેબલ પાસે ઉભા રહ્યા કે અરવિંદભાઇ એમને પાછળથી વળગી પડયા. અને સાથે જ બોલી ઊઠયા :

'આ મારો ઘોડો છે !'–

અને 'ડચડચ' કરીને હાંકવા લાગ્યા.

રતિભાઇ હસતા હસતા એને તેડીને ચાલ્યા.

મને કહે : 'કાકા, આ અરવિંદભાઇ મને બહુ હેરાન કરે છે.'

અલબત્ત એમની ફરિયાદ બહુ હળવી અને મીઠી હતી. અને એ કંઇ હું એનો કંઇ ઉપાય કહું એટલા માટે નહોતી.

મેં અંગ્રેજીમાં કહ્યું: 'હા, એ એમ બહુ કરે છે. આ તો ગીતાએ બોધેલ હર્ષશોક રહિત સ્થિત પ્રજ્ઞની દશામાં જીવવાનું આપણું કામ છે!'

ત્યાર પછી અરવિંદભાઇની ગેરહાજરીમાં ચર્ચા ચાલી.

મેં કહ્યું: 'આ અરવિંદભાઇ અને બાબુભાઇ હું દળું છું ત્યારે મારી પાસે હંમેશ ઉભા વાતો કરાવે છે. અરવિંદભાઇ દરેક વાતમાં કંઇક જૂદું જ અને ચમત્કારિક જ બોલે છે. એમાં ચાલુ જે વ્યવસ્થા છે, તે તોડીને કંઇક એનાથી 'જૂદું જ હોય તો કેવું સારૂં ? એમ હર વખત આવે છે. જ્યારે બાબુભાઇની વાતમાં કદિ એવું નથી હોતું. એમાં હોય છે : પોતે કાં તો દોડતા સૌથી આગળ આવ્યા ? કે રસ્તામાં કેવી કેવી ધમાલ થઇ–એની વાત હોય છે.

પણ જેમ એ વાતો ચાલે છે તે સાથેજ એ બંનેના હાથ પણ ચાલતા હોય છે.

મારી એ બાજુ દળવાના ધઉ હોય છે, એમાં એ લોકો રમત કરતા હોય છે. આમાં બાબુભાઇની રમત એ હોય છે કે પથરાઇ પડેલા ધઉંને ભેળા કરીને મારા હાથ નજીક ઢગલો કરવાની. જ્યારે અરવિંદભાઇની રમત હોય છે, મારા હાથ પાસેથી ધઉં લઇને પાથરી દેવાની !

અરવિંદભાઇ, જો દરવાજે હાથમાં આવે તો તે બંધ કરવાનો આંકડિયો એવી રીતે બહાર કાઢીને રાખશે કે બીજું અજાણતાં આવતાં બાળકોને આંખમાંજ ભોંકાય.

આમ અનેકવાર એ કરે છે.

મેં એકવાર એમને કહ્યું કે: 'આમ રાખો, તો કોઇ બાળકની આંખમાં ભોંકાય અને તો આંખ ફૂટી જાય.'

એ કહ્યું કે એમણે આંકડિયો અંદર લઇ લીધો. અને પોતે કોઇ ગુન્હેગાર હોય તેમ શરમાઇને ભાગી ગયા.

પણ પાછા એમ અનેકવાર રાખેજ છે !

એ સામાન્ય રીતે અનેક 'સાહસો, કરે છે. પણ એ સાથેજ એ બીજાની વચ્ચે જાણી જોઇને અડચણ ઉભી કરે છે. અને એને સામેનું બાળક નોટિસ આપે તોય પાછા એમ કરવાનાજ. અને પછી પેલો કંઇ ઉપાય કરે: એને ધકકો મારી આધા કરે તો એમનો ભેંકડો ચાલુ થાય અને અટકવામાં અર્ધો કલાક તો થાયજ !

રતિભાઇ કહે: 'આમ એ કેમ કરે છે?'

આનું કારણ છે: 'Lack of Love'

આ બાળકને પ્રેમની ભૂખ છે. અને પ્રેમ મળવો જોઇએ. માબાપ તરફથી એ ન મળતા અરવિંદને આ જગત અને તેની વ્યવસ્થા ગમતી નથી એટલે એ જગતનો નાશ થાય અને બીજું જ જગત થાય તો સારૂં એવું ઝંખ્યા કરે છે. માટેજ તે આખો દિવસ આવું પૂછયા કરે છે અને આ પ્રેમ દુકાળિયા જગતનો નાશ કરવા પણ માગે છે.–અલબત્ત અજ્ઞાન રીતે.

અરવિંદને એના માબાપ તરફથી મળવો જોઇતો પ્રેમ મળ્યો નથી.

'પણ તો, એ બાળકને મૂકવા પિતા આવેલા અને મા નહીં આવેલાં એથી એની માને કેટલું દુઃખ થયેલું ? અને તેથી તો એ અહીં પાછળથી મળવા આવેલાં,-હવે જો માબાપને પ્રેમ ન હોય તો આવું કેમ બને ?'-રતિભાઇ બોલ્યા.

આમાં પણ જરા ઊંડા ઉતરવાની જરૂર છે. જેમ બાળક તેમજ માબાપો ઉપલા મનમાં એક છે; અંદરના મનમાં બીજાં.

માને ઉપલા મનમાં થાય કે પોતાની માતા તરીકેની ફરજ છે કે પોતાના બાળકને બાલગૃહમાં સુખ છે કે દુઃખ, તે તપાસવું. પણ અંદરના મનમાં તો એના તરફ અણગમો હોય. આમાં તાળો પણ મળી શકે એમ છેઃ એ માને અહીં તરતજ ખાત્રી થઇ ગઇ કે એનો દીકરો અહીં સુખી છે !

હજારો કુટુંબોમાં હવે છૂટથી વપરાય છે.....



* ખરતા વાળને અટકાવી વાળને વધારે છે.
* મગજને ઠંડું રાખી વાળને મુલાયમ બનાવે છે.
* સફળ પ્રયોગો બાદ એ જનતા સમક્ષ રજુ થયું છે

લોમા પ્રોડકટસની એક અનમોલ કૃતિ

: સોલ એજન્ટસ :
એસ. એમ. ખલાતવાળા
રાયપુર, અમદાવાદ.

: એજન્ટસ :
સી. નરોત્તમ એન્ડ કું.
મંગલદાસ રોડ, મુંબઇ-૨
ટે. નં. ૩૦૫૭૫ (M. P. S.

અલબત્ત બાલગૃહ એ માટે લાયક પણ હોય.

પણ બાલગૃહની લાયકાત એટલી બધી સહે. લાઇથી એમને ગળે ઉતરી ગઇ ! અહીં એ ખાસ કંઇ બાળક વિશે ઝીણવટમાં ઉતર્યાં દેખાયાં નહીં.

'પણ માબાપને આ બાળક તરફ અણગમો કેમ થયો ?' રતિભાઇએ પ્રશ્ન કર્યો.

જો માબાપને પૂછીએ તો જવાબ મળે કેઃ

'આ છોકરો બહુજ આળવીતરો છે. એના તોફાનો કંટાળો આપે છે'- અને છતાં અણગમો છે એમ કબુલ પણ ન કરે.

'અરે કંઇ પોતાનાં બાળકે દવલાં હોય?'- એવી દલીલ પણ થાય.

પણ એ એમજ હોય છે.

હવે બાળક આવો તોફાની કે આળવીતરો કેમ છે ?-એ આવોજ જન્મ્યો છે ?

નહીં.-એના તરફના અપ્રેમે એને આવો બનાવ્યો છે. અને એ અપ્રેમનું કારણ છેઃ

આ બાળક દેખાવે સુંદર નથી. એ રંગે શ્યામ છે રૂપે ઘાટીલો નથી અને અધુરામાં પૂરું એના મ્હોં પર શીળીના ચાઠાં છે.

આવાં અરૂપ બાળકો તરફ અણગમો બતાવતાં માબાપો મેં ઘણા જોયા છે. ઘણા તો જાહેર રીતે બોલે છે. પણ ઘણાં એ અણગમાને અંદર ધરબી રાખે છે અને ભળતાંજ કારણો આપે છે. જ્યારે કેટલાંક તો પોતાના અણગમાના સત્ય કારણથી અજ્ઞાન હોય છે.

પણ પરિણામ તો બધાનું એકજ-"મુંઝવતું બાળક"

હવે, આ અણગમો ભલે વ્યકત ન થાય, પણ બાળક અજ્ઞાન રીતે (એટલે કે બાળક અજ્ઞાન રીતે આ અપ્રેમ જાણતો નથી હોતો) પણ એ અજ્ઞાન રીતે જાણી જાય છે. અને એટલે એનો જીવ ઝુરવા માંડે છે. ક્રમકે અણગમો એ પ્રેમની ગેરહાજરી છે. પછી બને છે એવું કે માબાપ નમાલા એવા બાળકના ગુન્હા માટે એને સજા

કરે છે.–અને આ સજા ઘણીવાર 'ચીભડાના ચોરને ફાંસીની સજા' જેવી હોય છે! અને એટલે બાળક વિશેષ ગંભીર ગુન્હા તરફ વળતું થાય છે. અને એટલે વિશેષ ગંભીર સજા પામે છે.–જેનો અર્થ માબાપો વિશેષ ધિક્કારે છે એમ બાળક માને છે. આમ બંને બાજુ 'આરે લાકડે આડો વૈર' ચાલે છે. અને જો 'માબાપ મને પ્રેમ નથી આપતાં તો હું પણ એમને પ્રેમ નહીં આપું પણ એમને દુઃખી કરીને વેર લઇશ. અને એ રીતે બાળક વિશેષ તોફાનો–ભાંગફોડ–પરપીડન–એવી અનેક અસામાજિક રીતે વર્તવ તરફ વળે છે.

પછી માબાપ તરફની લાગણી અન્ય જને તરફ વળે છે. અને એથી નાનાં મોટાં સૌને તકલીફ દેતી–બધાંને અડચણરૂપ બનવું–એવી વલણ બંધાય છે.

કેમકે જે પોતે સુખી નથી તો બીજા સુખી ન થઇ જાય એ પણ એની હવે ઝંખના હોય છે.

અને એટલેજ આ અરવિંદભાઇ આમ વર્તે છે.

હવે અહીં એને સૌનો પ્રેમ મળે છે. અને એને પણ એ ખાત્રી થઇ ગઇ છે. એટલે એ ખુશ રહે છે.

પણ એ રાજીપો પણ હજુ સમધારણ ન હોય કેમકે પેલા અસંતોષના પ્રત્યાઘાત એને સંતોષમાં પણ અસમધારણતા તરફ લઇ જાય છે!



NINA

દરેક પાકીટનો

કેસ્ટોફી

આ બધા મનના રોગ તરત જાતા નથી ! મનના રોગ માટે કોઇ 'ઝિંદા તિલસ્માતી' દવા–Magic Cure જેવું કંઇ છે નહીં.

એટલે કે, તમે આજે પ્રેમ આપો અને આજેજ કંઇ કેસ સુધરી ન જાય. એ તો આપણને બધાંને એક બાજુથી પૂરો ત્રાસ આપીને આપણી પરીક્ષા કરશે. કેમકે એ એની ખાત્રી કરવા માગે છે કે આપણો પ્રેમ એ માબાપો બતાવે છે એવો ઉપલકિયો છે કે સાચો–Genuine–છે !

એટલે માબાપોએ કરેલા ભૂતકાળના ગુન્હાની સજા આપણે ભોગવવાની હોય છે. અને એનો તો આપણે ઇન્જારો લઇએ છીએ !–એટલે ભોગવ્યેજ છુટકો. અને બીજી બાજુથી એની પ્રેમભૂખ જ્યાં-સુધી પૂરી ન સંતોષાય–એને સોએ સો ટકા ખાત્રો ન થાય કે આપણો પ્રેમ એ નકકર પ્રેમ છે ત્યાંસુધી એ આપણને અને બીજાને તકલીફ આપવી, બીજાને સુખી ન થવા દેવાનું ચાલુ રાખશે.

એટલાજ માટે એ મારા ઘઉંને પાથરીને મારા કામમાં અડચણ ઉભી કરવા માગે છે. એટલાજ માટે એ બારણાનો આંકડિયો બહાર રાખે છે કે જેથી કોઇની આંખમાં લાગે અને એ પણ દુઃખી થાય–કુરૂપ થાય.

મેં જ્યારે એને કહ્યું કે 'આથા તો કોઇની આંખ ફૂટી જાય.' ત્યારે એ ગુન્હાહિત દૃષ્ટિએ

ન મેન્યુફેકચરીંગ કું. વલ્લી, મુંબઇ-૨૮.

મારી સામે જોઇ રહ્યા. એનું કારણ એ નહોતું કે એ માટે હું એને સજા કરીશ. કેમકે એ બાબતની તો એને સોએ સો ટકા ખાત્રી છે કે એ તો બાલગૃહમાં શક્ય નથીજ પણ એનું કારણ તો એ હતું કે એની અજ્ઞાન ઇચ્છા જ્ઞાન બનતાં એ પોતેજ ચમકી ગયો અને એ અસમાજિક કૃત્યથી પોતેજ પોતાને ગુન્હેગાર જેવો લાગ્યો.

મેં એકાદવાર એને એમ પણ કહેલું કે (અલબત્ત પરીક્ષા કરવા) તમે આમ બીજાને ત્રાસ દેશો તો હું તમને અહીં નહીં રાખું! અને એ તરત સરખી રીતે વર્તવા લાગે. પણ આ તો સજ્ઞાન રીતે બને! ફરી (બાળક જે મોટે ભાગે અજ્ઞાન રીતેજ બધું કરે છે) એ પ્રદેશમાં પહોંચે કે એ ફરી એમજ કરે!

પણ મારે તો એ જાણવું હતું કે એને ઘરથી વિશેષ બાલગૃહ પસંદ છે કે નહીં? અને એ સાથે એ બતાવે છે કે એને ઘરનો અસંતોષ છે એને ઘરે પ્રેમ મળતો હોવો ન જોઇએ.

પછી રાત્રે રસોડામાં રતિભાઇએ મને ખબર આપ્યા:

'કાકા, તમારી વાત સાચી છે. મેં અરવિંદ ભાઇને પૂછ્યું કે એને ઘરે ગમે કે અહીં?' ત્યારે જવાબમાં કહે કે 'મને ઘરે જરાકે ન ગમે. ત્યાં તો જરાક હું બોલું કે તડ કરતોકને તમાચો પડે. અને કેટલીયે વાર સોટી આવાની હોય.'

ત્યાં બાઇ હતાં એ બોલી ઉઠ્યાં:

'હા, એના બાપ એની સામેજ કહેતા હતા કે અમારા ઘરમાં સૌથી અળખામણો આ અરવિંદ છે!'

એટલે આ તાળો મળી ગયો!

મેં કહ્યું: 'રતિભાઇ, આમાં દયાજનક તો એ છે કે માબાપો બાળકની સામેજ આ જાહેર કરતાં અચકાતા નથી? અને આ ઘણું નુકસાન કરે છે.'

અને આ કેસમાં તો પિતા કેટલા ભણેલા છે! યુનિવર્સિટીની ઉપાધિ ધરાવે છે!

માબાપ થવાની આપણને કયાંય તાલીમ અપાતી નથી.-એ કેવી દયાજનક સ્થિતિ કહેવાય?

અને એટલે એમાં આ વિદ્યાપીઠની ડીગ્રી કંઇ કામ આવતી નથી. ઉલટ ન ડીગ્રીવાળા માબાપો, ડીગ્રીધારી કરતાં વિશેષ યોગ્ય માબાપો ગણાય એવું એમનું વર્તન હોય છે.

પણ હવે જો આ બાળક અહીં લાંબો વખત રહેશે તો એનું અજ્ઞાન મન એવી ખાત્રી મેળવશે કે જગતમાં પ્રેમ છે અને તે મળી શકે એમ છે. અને ત્યારે એની આ બધી તકલીફો દૂર થશે.

તેમાં રતિભાઇ, તમારે ભાગે આ ત્રાસ ભોગવવાનું આવ્યું છે!

નીલ કહે છે: 'માબાપોએ જ આ પડેલી ઘડ ઉકેલવી જોઇએ. એ વાત સાચી છે. માબાપ એ કામ કરે તો ઝપડથી થાય. પણ મને લાગે છે કે બાલગૃહ પણ એ કામ કરી શકે. છેવટ બાળક

"એ પિલ્સ" નાના બાળકો રાત્રે અજાણતા પેશાબ કરે છે એ બંધ કરવા માટે "એ" પિલ્સ વાપરો. ૧૦૦ ગોળી રૂા. ૩-૦-૦

☆

ડેન-ટોનીક

આનાથી બાળકોને સારી ઊંઘ આવે છે, ભૂખ લાગે છે અને દસ્ત પણ સાફ આવે છે.

દાંત સાફ રહે એ વસ્તુ નાના બાળકોના વિકાસની દૃષ્ટિએ અત્યંત આવશ્યક અને મહત્ત્વની છે. એ માટે બાળક ૬ માસની વયનુ હોય ત્યારથી "ડેન ટોનીક" શરૂ કરો. આ દવાથી દાંત સુખેથી આવે છે અને કાંઇજ પીડા થતી નથી. કિં. રૂા. ૧-૮-૦

હોમિયો લેબોરેટરી

૧૭૮, ન્યુ ચર્ની રોડ, રામમોહન હાઇસ્કુલ પાસે

મુંબઇ-૪ (M. P. S

શિક્ષણ વિજ્ઞાન છે કે એક કળા છે ?

શિક્ષણ અંગે આવી ચર્ચા કરવાની રહી નથી એવું કહેવાય છે. કારણ વિજ્ઞાનના આજના યુગમાં શિક્ષણ એક વિજ્ઞાન છે. એને માટે અનેક પૂરાવા રજૂ થયા છે.

જ્યાં સુધી કોઇપણ વસ્તુ જોખી તોલી નથી–શકાઇ, તેના માપો નથી ત્યાં સુધી એ કળા તરીકે ખપે.” ભાઇ, એવા શિક્ષક થવું એ તો કળા છે.! એ તો જન્મજાત વસ્તુ છે !” આવી લોકોક્તિઓ છે. પણ જ્યારે બધાજ શિક્ષકોને એ પ્રકારના ઉત્તમ શિક્ષકો તરીકે તૈયાર કરવા હોય ત્યારે તેના તંત્ર ગોઠવવાજ જોઇએ. અને તે આજે તો ગોઠવાયેલાં છે જ કે આપણાં દેશમાં એ પૂરેપૂરા ગોઠવાયા છે. કે ? અથવા જે રીતે અને જે ધોરણે ગોઠવાયા છે, તે યોગ્ય છે ?

પણ એટલું તો નક્કી બને કે શિક્ષક હોવાની નિશ્ચિત લાયકાતો વિચારાઇ છે અને એ ચોકઠામાં બેસી શકે તે બધાય શિક્ષક પૂરવાર થાય છે. આમ આજે શિક્ષણનું વિજ્ઞાન ઘણું વિકસી ચૂક્યું છે. એનું સ્વરૂપ હવે કોઇ આકસ્મિક શક્તિઓ ઉપર અવલંબી નથી રહ્યું.

આ વિષય મને ‘સત્ય એ એક વિજ્ઞાન છે કે કળા છે ? એની ચર્ચા કરવાની હોય એવો લાગે છે. સાચું બોલીએ તો ઘણા કામ થાય છે. અને છેવટે બધે સત્યજ વિજયી નિવડે છે. ત્યારે એવા વિજયી થવાની કળા સાધુ મહાત્માઓ પાસે હોય છે. તેને વિજ્ઞાનનું સ્વરૂપ આપવું જોઇએ. આટલું બોલ્યા, અમુક રીતે વર્ત્યા એટલે એ સત્યમાં આવી ગયું એવું એક સત્યનું ચોકઠું ઉભુ કરી શકાય ! અને તેમાંથી સત્યનું વિજ્ઞાન રચી શકાય ! એવી કલ્પનાઓ કરવી જેમ વ્યર્થ કે વાહિયાત લાગે છે તેવીજ વાત આ શિક્ષણના વિજ્ઞાન હોવાના વાદની લાગે છે.

શિક્ષણ એ જીવનથી એક જુદી પ્રવૃત્તિ હોવાનો દૃષ્ટિકોણ જે કેળવાયો છે તેજ આ ખોટી ગૂંચના મૂળમાં છે શીખવવા માટે શાળાઓ, શિક્ષકો વિગેરે એની પાછળ આવતા. અનેક અંગોપાંગો ભૂલ ભરેલા દૃષ્ટિકોણમાંથીજ જન્મ્યા છે, નઇ તાલીમ આથીજ કહે છે કે શિક્ષક થવું એટલે જીવવું. જીવન જીવન્ત રાખવું, અને તેમ કરવામાં આસપાસ હોય તે શાળા અને સમાજ પર જે અસર થાય તે કેળવણીનો કાળતીર્થ.

શિક્ષણ એ વિજ્ઞાન છે. એવું પૂરવાર કરનારાઓ એક મોટી દલીલ એ કરે છે કે અમેરીકા, ઇંગ્લેન્ડ અને રશિયામાં જ્યાં કેળવણી આપવા બાબત ખૂબ કાળજી લેવાય છે ત્યાં જીવનનું ધોરણ ઊંચું આવ્યું છે. જે વસ્તુથી આવું

એમ તો માને કે જગતમાં પ્રેમ છે કે જે મારે જોઇએ છે.. અને તે અહીં મળે છે.–અને આ પ્રેમ કામ કરેજ કરે.

આમ પણ કુદરતમાં આપણે જોઇએ છીએ કે પશુ પક્ષીનાં બચ્ચા પોતાનાં માબાપોને છોડીને જીવે છે. અને એમાં કંઇ એમનાં લાગણીના તંતુઓ તૂટતાં દેખાતાં નથી. તેમજ બાળક માબાપો સાથેના સંબંધો ઢીલા કરીને જગતમાં પ્રેમ સંબંધો બાંધે છે–જો મળે તો.

અને એ રીતે પણ પોતાનો પ્રેમ ખોરાક લેતું થાય છે. કેમકે કુદરતનો એવો નિયમ છે કે પરિસ્થિતિમાંથી રસ્તો કાઢીને જીવવું અને આગે બઢવું.

અને એટલે માબાપોજ ધડ ઉકેલી શકે અને તેની રાહ જોવી જરૂરની નથી લાગતી–આજ તો આંમ લાગે છે.

કેમકે આપણે પરિણામ ઉપરથી પણ આજ સિદ્ધાંત ઉપર આવીએ એમ છીએ

—અહીં પ્રેમની સારવાર થતાં આ બાળકોમાંથી આ તકલીફો દૂર થતી આપણે જોઇ રહ્યા છીએ. એજ બાળકો આગળ જતાં શાન્ત, પ્રેમળ અને વ્યવસ્થિત થઇને બીજાને મદદરૂપ થતાં આપણે જોઇએજ છીએ.

—ઓજસ્

મહાન પરિણામ આવ્યું છે તેને વિજ્ઞાનનું સ્થાન ન આપવું એ મહાન ભૂલ છે. આજ ધરતી પર વિચાર મૂકવાનું મન થાય છે કે જેના વડે શહેરના મોજીલા જીવનો છોડી હજારો યુવાનો ગામડાની ગરીબીમાં એક રૂપ થવા દોડયા. જેના વડે કાચી માટીના મનુષ્યો લોખંડી પુરૂષો બન્યા અને જગતના પ્રશ્નોને નવા ઘોરણે લાવી મૂકયા. એનેય વિજ્ઞાન કહેવું એ મહાન ભૂલજ થશે. પણ આ વિચાર તર્કશુધ્ધ નથી. કારણ ગાંધીજી તો એક સત્યના શોધક તરીકે જીવ્યા. અને તેમ જીવતાં જીવતાં એવા પરિબળો ઉભા થયા કે જે પરિબળો કોઇ કાળેય ગુલામ પ્રજામાં આવશે કે કેમ એની શંકા હતી, ના એથીય વધુ વિનિપાત થયેલો હતો. પરદેશી રાજ્યથીજ દેશમાં અમન અને શાંતિ રહેશે. એવું માનનાર આ દેશ હતો. તે દેશમાં સ્વાતંત્ર્ય મેળવવાની ભૂખ જાગી એટલુંજ નહીં પણ એક એવી નૈતિક તાકાત ઉત્પન્ન કરી કે રાજકારણનું સ્વરૂપ બદલી નાખ્યું આજે તો એ આંતરરાષ્ટ્રીય ધોરણ બદલી શકવાની તૈયારી પર આવ્યુ છે. ત્યારે આવું શીખવનાર શિક્ષક અને આવું સુંદર શિક્ષણ એ બધાનું નિર્માણ કયાંથી થયું? એ તો એક મનુષ્યના સત્યશોધનના પરિણામો છે. અને તેમાંથીજ નિર્માણ થયેલા પરિબળોનો કોઇ ગજ ન બંનાવી શકાય, કોઇ ચોકકસ તો હોઇજ ન શકે

આનો અર્થ એટલોજ કે આદર્શ સમાજ વ્યવસ્થામાં શિક્ષણ દરેકને પોતાના જીવનમાંથીજ મળતું હશે. કારણ દરેક ઘરમા સત્યશોધનનું કામ થતુ હશે.

પણ આજની પરિસ્થિતિમાંથી સર્વોદયી સમાજ વ્યવસ્થા તરફ શી રીતે જવાય? તેનોય માર્ગ ગાંધીજીએ તો બહુ સરળ રીતે કરી આપ્યો છે. સત્યમય જીવન કરી નાખો, આપોઆપ બધી શાંતિઓ આવી જશે. આજે છે, તે બધાંજ શિક્ષકો પોતાના જીવનમાં એવા સત્યની શોધમાં લાગી જાય તો શિક્ષણની કળા સહજ હસ્તગત થશે.

આમ શિક્ષણને વિજ્ઞાન કે કળાના ચોકઠામાં બેસાડવાનો પ્રયત્ન વ્યર્થ છે. શિક્ષણ એ સાચા જીવનમાંથી અને આદર્શ આચારમાંથી નીકળતી વસ્તુ છે.

—જ્યોતિભાઇ

સ્વદેશી ભાવના કળવી ભારતમાં જ બનતી સ્વદેશી બનાવટોને જ ઉ-તેજન આપો





વહાલાં બાળકો,

દિવાળીમાં તમે બહુ મઝા કરી નહિ! હવે તો શાળાઓ ચાલુ થઇ ગઇ. પાછાં બાલમંદિરોમાં અને શાળાઓમાં બુલબુલના ટોળાના જેવા તમારો મીઠો કલબ્બલાટ શરૂ થઇ ગયો હશે.

વહેલી સવારે ઊઠો અને જરા બહાર નીકળો. ઠંડી કેવી મધુરી મધુરી લાગે છે. હવે તો કસરત કરવાનો અને ગરમા ગરમ દૂધ પીવાનો ખરેખરો વખત આવ્યો છે.

શીયાળો આવે,
કસરત ફાવે,
દૂધ તો ભાવે,
છોકરાં ગાવે!

બાગમાં જુઓ...

શીયાળાની ઋતુનાં નવાં ફૂલના છોડ ઉગ્યાં છે. અઠવાડીયા બે અઠવાડીયામાં ફૂલ આવવા માંડશે. જૂના પીળા સોનેરી ગલગોટા ધરડા થયા. માળી એમને સાચવીને ઉખેડશે. તે ફૂલ ભેગાં કરી એનાં થી આવતા ચોમાસા માટે સાચવશે.

તમે પણ એકાદ બે ખાલી કુંડા લઇ અંદર શીયાળામાં સરસ રીતે ઊગે એવાં ફૂલ વાવજો.

તમારો દોસ્ત

ર. કોઠારી.

મહાન સિકન્દર અને ચિત્રકાર

ગ્રીસ દેશના મહાન સિકન્દરનું નામ તમે સાંભળ્યું હશે. તેને ઘોડાઓનો ઘણો શોખ હતો. તેને તે સમયના એક ઘણાજ જાણીતા ચિત્રકારને બોલાવી પોતાના માનીતા ઘોડાનું એક સુંદર ચિત્ર તૈયાર કરવા કહ્યું. ચિત્રકારે થોડાજ સમયમાં, રાત અને દિવસ, ખૂબજ મેહનત કરી તે ઘોડાનું એક ચિત્ર બનાવ્યું. એ ચિત્ર જોઇ સૌ મુગ્ધ થઇ જતાં અને ચિત્રકારની પ્રશંસા કરતાં. ચિત્રની આટલી બધી પ્રશંસા સાંભળી સિકન્દર પોતેજ તે ચિત્ર જોવાને ચિત્રશાળામાં આવ્યો. ચિત્ર જોતાંની સાથેજ તે મુગ્ધ થઇ ગયો. તેને લાગ્યું જાણે તેનો ઘોડો જાતેજ તેની સામે ઊભો છે. બધાંને થયું કે સિકન્દર ચિત્ર જોઇને વાહ કરશે અને યોગ્ય ઇનામ આપી ચિત્રકારને નિહાલ કરી દેશે. સિકન્દર મહાન અને વીર તો હતોજ પણ, અભિમાની પણ હતો. તેણે પોતાના મનની વાત પ્રગટ કરી નહીં. ચિત્રના થોડાં ઘણાં વખાણ તો અવશ્ય કર્યા પણ પછી તેમાં અમુક દોષો બતાવ્યા. બધાનેજ લાગ્યું કે જે દોષો સિકન્દરે કાઢયા હતા તે ચિત્રમાં હતાજ નહીં પણ કોઇ એક શબ્દ પણ બોલી શકયું નહીં. સિકન્દરને વિશ્વાસ હતો કે પોતે સમ્રાટ હોવાને કારણે ચિત્રકાર તેની બધીજ વાતો ચુપચાપ માની લેશે.

પણ તે ચિત્રકાર એક ખરો કલાકાર હતો. તેણે તે ચિત્રમાં પોતાનો પ્રાણ પૂરી દીધો હતો. પહેલાં તો સિકન્દરની વાતો તેણે ઘણીજ શાંતિથી સાંભળ્યા કરી પણ જ્યારે વિના દોષે તેને પોતાની મહાન કલાનું અપમાન થતું લાગ્યું ત્યારે તે ચુપ ન રહી શકયો. તેણે અતિ નમ્રતાપૂર્વક કહ્યું, "રાજન્, મારી આપને એક નમ્ર પ્રાર્થના છે. તમારો ઘોડો અહીં મંગાવો અને તેની હાજરીમાં મારા ચિત્રના ગુણ-દોષોની પરીક્ષા કરો. સિકંદરે ઘોડો ચિત્રશાળામાં મંગાવ્યો. ઘોડો તો ચિત્ર જોતાંનીજ સાથેજ તેને બીજો ખરો ઘોડો માની હણહણાટ કરવા લાગ્યો. હાજર રહેલાં બધાં ખુશ ખુશ થઇ ગયાં.

ચિત્રકારે વિનમ્રપણે કહ્યું, 'સમ્રાટ આજ્ઞા આપો તો એક વાત કહું. આપ મારા બોલવાનું ખોટું તો ન લગાડશો?'

સિકન્દરે કહ્યું: 'ખુશીથી કહે.' "ચિત્રકાર બોલી ઊઠયો, "આ ઘોડાને પણ મારી કલાનું જ્ઞાન છે. મારા ચિત્રમાં દોરેલા ઘોડાને એ ખરેખરો બીજો ઘોડો સમજી તેની સાથે દોડવા

માટે અધીર થઇ રહયેા છે અને તેથીજ આવી રીતે હણહણાટ કરે છે. મારી કલાની સજીવતાનું આજ સૌથી મેાટું પ્રમાણ છે. આ સાંભળી સિકન્દર મનમાં શરમાઇ ગયેા. પેાતાની શરમ પ્રગટ ન કરતાં તેણે કહ્યું, "ચિત્રકાર, એ તેા હું તારી પરીક્ષા કરતેા હતેા. તું સાચેજ એક મહાન કલાકાર છે. મારા ઘેાડામાં અને તારા ચિત્રમાં દેારેલા ઘેાડામાં કશેાજ ફરક નથી. તારી કલાને ધન્ય છે. આમ ચિત્રકારની ખૂબજ પ્રશંસા કરી સિકન્દરે તેને આદરમાન સાથે યેાગ્ય ઇનામ આપ્યું.

—ગુલ દા. નીમચવાલા



મારા ઘરમાં મીની માસી
ધીમંતભાઇ કે', મને વા'લી,
બેાલે એ મીયાંઉં મીયાંઉં,
દૂધ પેાળી ખાઉં ખાઉં.

*

મારા ઘરમાં મીની માસી.
બેાલે એ મીયાંઉં મીયાંઉં,
ઉંદર દેખે લાગજ દેાડે,
બેા લે જી હું ખા ઉં.

ચાંદા પેાળી

ચાંદા પેાળી ગેાળ મટેાળ
કરશેા ના કેાઇ શેારબકેાર
ખાવેા પીએેા નરમ ગરમ
ગ ળ ળ ળ ગ...પ.....ચાંદા.

ચાંદા પેાળી ઘેાળી ઘેાળી
કરશેા ના કેાઇ દેાડા દેાડી
ખાવેા પીએેા નરમ ગરમ
ગ ળ ળ ળ ગ....પ.....ચાંદા.

ચાંદા પેાળી નાની નાની
ખાશેા ના કેાઇ છાનીમાની
ખાવેા પીએેા નરમ ગરમ
ગ ળ ળ ળ ગ...પ.....ચાંદા.

ચાંદા પેાળી મેાટી મેાટી
લડશેા ના કેાઇ ખેાટા ખેાટી
ખાવેા પીએેા નરમ ગરમ
ગ ળ ળ ળ ગ....પ.....ચાંદા.

ચાંદા પેાળી કાળી કાળી
કરશેા ના કેાઇ રાડારાડી
ગાવેા પીએેા નરમ ગરમ
ગ ળ ળ ળ ગ...પ.....ચાંદા.

ખંડુભાઇ પટેલ

'એક સ્વપ્નું રમતું આવ્યું'

બાબાભાઇ પથારીમાં પડયા. પથારીમાં પડયા એવાજ ઘસઘસાટ ઊંઘી ગયા. ઊંઘ્યા એવાજ સ્વપ્નાની દુનિયામાં ઉપડયા. બાબાભાઇ સ્વપ્નમાં રાજા બન્યા. એક કુંવરી સાથે પરણ્યા. તેમને ત્યાં કુંવરનો જન્મ થયો. પ્રજાના પ્યારા રાજા બનીને બાબાભાઇ જીવન વિતાવવા લાગ્યા. અને એક દિવસે..... તમે પણ સ્વપ્નની દુનિયામાં જાવ છો ને ? હા. અને તમે રાજા બનો છો, નહીં ? તમે મોટા માણસ હો એવું પણ તમને લાગે છે, ખરું ને ? અને સવારે ઉઠો છો ત્યારે ? મોઢું ઉતરી જાય છે ખરું ને ?

આવું સ્વપ્નું બાબાભાઇને આવ્યું. કેવું આવ્યું એ નીચે લખેલું છે વાંચો :—

એક સપનું રમતું આ'યું
ઘેરી નીંદરમાં જોવાયું
જોતાં મનડું ના ધરાયું
રૂડી આંખલડીને ભાવ્યું
હો હો રે એક સપનું રમતું આ'યું

મારા હૈયે લાગી એક સુંદરી સરસ
રૂપસુંદરી સરસ
કહો કેવી હશે એની કોને ખબર ?
ભાઇ કોને ખબર
રાજ રમણીની ઇર્ષ્યા કરતું ગગન
ભાઇ કરતું ગગન

મળ્યા હાથને હૈયા ત્યાં ઉગી શરદ
ભાઇ ઉગી શરદ
ભક્તે ભક્તિ કીધી ને ખોળે ખૂંદયો ભરત
ભાઇ ખૂંદયો ભરત.

ઘેર ગીતો ગવાણાં
કુમકુમ થાપા દેવાણાં
ગોળધાણા વહેંચાણાં
શરણાઈ સૂર ઘેરાણાં
સૌના માન સચવાણા
હો સૌના માન સચવાણા

મોટો મોટો હું તો જાણે રાજનો રખવાળ
નાની એવી રાણી મારી ભોળી ને
શરમાળ
ગીગો મારો શાણો સમજુ જમણો
મારો હાથ
મારા હૈયા કેરો હાર
લોકો લહેકે પૂજન કરતાં દેતાં આશીર્વાદ
રાજા રાણી કુમાર જીવો જીવે જગદાધાર

કેવી અંતરની રસલ્હાણ !
પધાર્યા મોંઘેરા મહેમાન
કીધાં દીધાં સૌએ માન
કહો કર્યું હશે અપમાન ?
કેમ સન્માને નહીં માન ?
શું કોપ્યો મારો રામ ?
બગડયો રાંધેલો કંસાર ?
કે પછી પડી ગઇ સવાર ?

—નિરૂ ભગત M. A.

શું મારો પ્રેમ વાસ્તવિક છે?

આ જગતમાં ભાગ્યેજ કોઇ એવો માણસ હશે કે જેને બાળક પ્રત્યે પ્રેમ નહીં હોય, જે બાળકને ચાહતો નહીં હોય, જેને બાળક વહાલું નહીં હોય, બાળક ગમતું નહીં હોય. મનુષ્ય સ્વભાવથીજ બાલપ્રેમી હોય છે એ વાત શંકા વગરની છે.

મનુષ્યની વાત એક બાજુ પર મૂકીએ. પશુ પક્ષી પણ પોતાના બચ્ચાંઓને ચાહે છે. એવી પશુપંખીની પ્રેમરસથી નીતરતી કેટલીયે વાતો આપણે સાંભળી છે. દા: ત: કોયલ પોતાના ઈંડા પોતે કદી સેવતી નથી અને તેથી તે પરભૃત કહેવાય છે. ખેર, જવા દઇએ એ વાતને.

કોઇપણ બાળકને જોઇને એને લેવાનું, તેની સાથે ગેલ કરવાનું, તેને ચૂંબન કરવાનું મન આપણને સ્વાભાવિક થઇ આવે છે. તો પછી મા પોતાનાજ બાળકને ઉપરોકત રીતે વહાલ કરતી હોય એમાં નવાઇ જેવું શું છે? પણ નહીં–હું મારા બાળકને ચાહું છું. ચાહું છું તે કારણે મારૂં બાળક મોટું થયું, ભણ્યું ગણ્યું વગેરે અનેક પ્રકારનું અભિમાન મા ને હોય છે એ સ્વાભાવિક છે. પણ હું પૂછું છું કે કોઇ મને જણાવશે કે સાચો પ્રેમ કોને કહેવાય છે?

એક વાત કહું. મારા પાડોશમાં એક મોટું અને સંસ્કારી કુટુંબ રહે છે. ધણું પૈસાદાર પણ છે. પરમાત્માની દયાથી તેઓને એક પુત્ર અને બે પુત્રીઓ પણ છે. પુત્ર સૌથી નાનો છે. તેથી બનવાજોગ છે કે તે સૌથી વહાલો–મા–બાપનો લાડકો હોય. નાનો સૌને વહાલો. પરંતુ એ વહાલ એ પ્રેમ એટલે શું? આવું વહાલ, આવો પ્યાર, આપ જોઇને સાંભળીને આશ્ચર્ય પામશો. મારે કહેવું પડશે કે એ પ્રકારનો પ્યાર આપના માબાપે આપને કવચિતજ દાખવ્યો હશે.

રોજ સવારે ઉઠતાવેંતજ બાળક રડવાનું શરૂ કરે છે કહે છે કે મને ખોળામાં લઇને રમાડો. બસ, બાળકે કહ્યું અને માએ કર્યું. બાળકને ખોળામાં લઇને બેસી રહે છે. થોડીવાર પછી બાળકને સ્વચ્છ કર્યા વગરજ, તેનું મોં સાફ કર્યા, કરાયા વગરજ તેને મોં માગ્યું બધું જ આપવામાં આવે છે. બાળકનું રડવું અને તેની પછડાટ, વગેરે તોફાન બાપુજીથી સહન થઇ શકતું નથી. તેથી બાળકને રોતું બંધ કરવા માટે ઘણાં ઘણાં ઉપાયો કરવામાં આવે છે.

બાળક બહાર રમવા જાય છે. હજુ કલાક પણ થયો નહીં હોય ને તેને અંદર બોલાવી લેવામાં આવે છે. વળી પાછું માની પાછળ પાછળ ઘુમે છે. આમ થતાં મા, બાળક પ્રત્યે કેટલીક વખતે ગુસ્સે થઇ જાય છે, તેને મારે છે. અને કેટલીક વખત ખૂશી થઇ જાય છે, ત્યારે તેને ખોળામાં રાખી રમાડે છે. ગેલ કરે છે. બાળક સ્વચ્છ થઇને જમવા આવે છે. જમવાનું કોઇ દિવસ રોકકળ વિના પૂરૂં થયું હોય તેવું સાંભળ્યું છે? પહેલાં તો એજ વાત થશે કે આ મારે નથી ખાવું. ભૂખ નથી. બસ, ત્યાંથીજ શરૂઆત.

મા વળી તેને મનાવવા જાય છે તો ભાઇ સાહેબ આમથી તેમ દોડધામ કરે છે. ધણું ધણું પજવી વળી પાછું આવાનું શરૂ કરે છે. આવાનું શરૂ કરતાં પહેલાં અને આતાં આતાં એના તોફાનો અને હઠ ૫, ૬, થપ્પડનો માર અવરાવી દે છે અને ૧૦ થી ૧૨ વખત વળી પાછો પ્યાર પામે છે. જમ્યા બાદ હાથ ધોવા માટે બાળક ઉંચુ નીચું થાય છે. તેની ઇચ્છા છે કે હું જાતેજ હાથ ધોઉં. નળ ખોલવામાં તેને મજા આવે છે. નળમાંથી આવતું પાણી જોવામાં, તેની સાથે રમત કરવામાં તેને આનંદ આવે છે. પોતાની જાતેજ હાથ પગ ધોવાથી તેને આત્મસંતોષ થાય છે. પરંતુ, મા પ્યાર–વહાલને કારણે, ઉતાવળને કારણે આવી વસ્તુઓ પર કયાં ધ્યાન આપે છે. એ તો પોતાનું કાર્ય જલ્દી ખતમ કરવા માગતી હોય છે. એ પ્રસંગ પૂરો થાય તે પહેલાંજ બાળકના બાપુજી આવે છે. બાળકનું રડવાનું પાછું ચાલું જોતા રડવાનું કારણ પૂછે છે. કારણ પૂછતાં બાપુજીને જણાય છે કે બાળકે હઠ પકડી

છે. તરતજ બે ચાર તમાચા લગાવી દેવાય છે. પોતાના અધિકારને આકાર લેતો જોઇ સ્વયં આનંદ અનુભવે છે અને માને છે કે તમાચાના જોરથીજ બાળકે હઠને છોડી દીધી. કોઇ દિવસ બાળકના મનના અંદરની ભાવનાને જાણવાનો પ્રયત્ન કર્યો હોય તો બીજી કંઇ વિચારાયને!

સુલાના મા, મા, કરતી આવે છે. આવતા વેંતજ મને ખાવા આપો. મને ભૂખ લાગી છે. મા, ખાવાનું પીરસે છે. ખાતી ખાતી સુલાના, શાળામાં આજે કયા પ્રકારની ચર્ચા થઇ, ચર્ચામાં પોતે કઇ રીતે બોલી, પહેલું પારિતોષક પોતાને મળ્યું તેનું વર્ણન કરે છે. પરન્તુ માને તે સાંભળવાની જરાય ફુરસદ નથી. મા કહે છે, જા, જા, બસ થયું હવે. ઓછા ચાળા કર ઓછા. છોકરીની જાતને વધુ પડતું બોલવું શું? પેટ ભરીને જમી લે પછી કરજે બકવાટ તારે કરવો હોય એટલો.

થોડીવાર થઇને સુનિલાની શાળા છુટી. શાળા છુટીને સુનિલા દોડતી દોડતી આવી. આવીને કહેવા લાગી, બા, આજે મને જરાય ભૂખ નથી. શાળામાં આજે એટલું બધું ખાધું છે કે પેટમાં જરાય જગ્યા નથી. પેટ ચીકકાર થઇ ગયું છે. બા, આજે તો શાળામાં બહુજ મજા આવી. રમત ગમતની હરિફાઇ હતી અમે બધા ખૂબખૂબ રમ્યા. મારી બહેનપણી રશ્મિ હારી ગઇ. મને બા, ઘણું લાગી આવ્યું. મારો તો પહેલો નંબર આવ્યો ને મને ઇનામ પણ મળ્યું. ત્યારપછી બહેને નાસ્તો પણ કરાવ્યો. તું કેમ મારી વાત પર કંઇ ધ્યાનજ આપતી નથી. નહીં બોલે? સારું. પણ બા, કહેને આ બે રૂપિયા ઇનામમાં મળ્યા છે તેનું હું શું કરું?" "મને નથી ખબર. આવી ત્યારથી શરૂ થઇ તારી માથાફોડ. કર તને મન ફાવે તે. માથાફોડ નહીં કર. તારી રાહ જોઇને મેં ખાધું નહીં. મને એમ હતું કે તું આવીશ ત્યારે આપણે બંન્ને સાથે જમીશું. ચલ જા, મારૂં માથું ન ખા. સુનિલા, જો હું જમવા બેસુ છું. જમી લઉં ત્યાંસુધી તું બાબાનું ધ્યાન રાખજે. ઊંઘમાંથી ઉઠે તો એને બોળામાં લઇને રમાડજે અને જો, સાંભળ, પેલા ગોખલામાં દુધની શીશી ભરીને રાખી છે તે એને પીવરાવી દેજે."

ઉપરના ત્રણ ઉદાહરણો દ્વારા આપણને શું દેખાય છે? ફકત એટલુંજ કે મા પોતાના ભૌતિક કર્તવ્યોમાંજ પ્રેમ કરે છે. પોતાનાં કાર્યોને પૂરાં કરે છે. અને બાળકોનું પાલન પોષણ કરે છે. આવા પ્રકારની તેમજ બીજી ઘણી દલીલો દ્વારા પોતે સમાધાન કરે છે.

પરંતુ ના, આ પ્રકારના કાર્યો તો કોઇપણ કરી શકશે, આ પ્રકારનો પ્રેમ અને પાલનપોષણ તો જનવર અને અલ્પજ્ઞ માણસો પણ આપી જાણે છે. આપણે સમજી લેવું જોઇએ કે આપણે મનુષ્યજ નહીં પરંતુ માનવ છીએ. આપણામાં સદ્‌વિવેક અને બુદ્ધિ છે. આપણે સૌએ માનવ ધર્મને આચરવાનો છે. આપણે સૌએ સૌ કોઇથી અધિક કરવાનું રહે છે. બાલજીવનનો વિકાસ આપણે સૌએ કોઇ જુદીજ પધ્ધતિથી કરવાનો છે. તેની ઇશ્વર અર્પિત શકિતઓના સહારે સહારે તેને ઉદાત્ત પંથે પ્રયાણ કરાવવું છે. કહેવાય છે કે બાળક જન્મથીજ જે પ્રવૃત્તિ અને બુધ્ધિમતા લઇને આવે છે તેમાં આપણે લેશમાત્ર પણ ફેરફાર નથી કરી શકતા પરન્તુ તેના ઉદાત્તિકરણથી આપણે તેનો સંપૂર્ણ વિકાસ કરી શકીએ છીએ. બાળકને એક સફળ, સુખી અને ઉપયોગી નાગરિક આપણે બનાવી શકીએ છીએ. —**માલિની બેન**

(અપૂર્ણ)

પૂર્વ પ્રાથમિક ભૂમિતિ

લેખાંક પાંચમો :

ભૂમિતિની પરિભાષા અને હસ્તવ્યવસાય :

કોઇપણ વિષયના ક્ષેત્રના શબ્દો બાળકો સુધી કેમ પહોંચાડવા તે અંગેનું મેડમ મોન્ટેસોરીનું એક ખાસ તંત્ર છે. કૂકડીનું બચ્ચું જન્મ્યા પછી તરત જ જેમ આસપાસ જગા પરથી ચણ વીણી લે છે તેમ ભાષાનો સંવેદન–કાલ ચાલુ થાય છે ત્યારે બાળકો એમની આસપાસના માણસોની વાણીમાંથી શબ્દો વીણી લે છે. એમાં કોઇવાર પ્રથમ તેમને શબ્દના અર્થનો અનુભવ પ્રાપ્ત થાય છે અને તેના અનુસંધાનમાં તે શબ્દો મેળવે છે અથવા તો કોઇ વખત બોલનારની વાણીમાંથી કેટલોક ભાગ અથવા શબ્દો તેઓ એમને એમજ અનુકરણ કરતાં ઉપાડી લે છે. એવા અનુકરણમાં શરૂઆતમાં તેમને અર્થની કોઇ પડી હોતી નથી. મોટા ભાઇ અથવા બહેન જેમ બોલે છે તેવાજ શબ્દ–પ્રયોગો કરવાનું મન થાય છે. એનું અનુકરણ કરતાં કરતાં તેઓ જે શબ્દનો ઉપયોગ કરે છે તેનો અર્થ તેમના મનમાં ધીમે ધીમે સ્પષ્ટ થતો રહે છે. આજ વાત શાસ્ત્રીય પરિભાષામાં કહીએ તો શબ્દોનો સામાન્ય બોધ તેમના અનુભવના વિકાસ સાથે વધુ ને વધુ વ્યાપક બને છે.

પરિભાષા અથવા કોઇપણ વિશેષ ક્ષેત્રનો તાંત્રિક શબ્દ બાળકો આગળ રજૂ કરવાનું તંત્ર બાળકોનું શબ્દો પ્રત્યેનું ખાસ આકર્ષણ ધ્યાનમાં લઇને જ વિકસાવવામાં આવ્યું છે. શબ્દો કયારે આપવા, કેટલા આપવા અને કેવી રીતે આપવા એ સંબંધમાં શિક્ષકે તે તે ક્ષેત્રની ખાસિયતો ધ્યાનમાં લઇને તે અંગે ઝીણવટભર્યો વિચાર કરવો જોઇએ. સૃષ્ટિજ્ઞાન ભૂગોળ; પદાર્થ વિજ્ઞાન, ભૂમિતિ, ગણિત વગેરે વિષયના શબ્દો આપવાનું તંત્ર તે તે વિષયને અનુસરીને જ ઉભું કરવાનું રહે છે. આજના લેખમાં ભૂમિતિના શબ્દો કેવી રીતે, કયારે અને કેટલા આપવા એ સંબંધમાંજ વિવેચન કરવાનું વિચાર્યું છે. આજ લેખમાં ભૂમિતિના હસ્તવ્યવસાય અંગે પણ કેટલાક સૂચનો રજૂ કરવા ધાર્યું છે. ભૂમિતિના હસ્ત વ્યવસાય અંગે સ્વતંત્ર અને સચિત્ર લેખો વિસ્તારથી લખવાની જરૂર છે પરંતુ આ લેખમાળામાં તે બની શકશે એવું લાગતું નથી. આ સૂચનાઓનો ઉપયોગ અનુભવી શિક્ષકો સહેજે કરી શકશે એમ મને લાગે છે.

આથી પહેલા ચાર લેખાંકોમાં મેં ભૌમિતિક આકૃતિઓની પેટી, લોખંડની ભૌમિતિક આકૃતિ અને રચના પેટીઓ એવા ત્રણ સાધનો અંગે વિસ્તારથી લખ્યું છે. આ સાધનો સાથે રમતાં રમતાં અને ઇંદ્રિય કેળવણીના સાધનોમાંથી દર્શનેન્દ્રિયના સાધનો પર રમતાં રમતાં ઘણા ભૂમિતિના શબ્દો બાળકો આગળ પહોંચે છે.

ભૂમિતિ એટલે અવકાશનું શાસ્ત્ર. એમાં અવકાશ માપવાના પરિમાણો, આકૃતિઓની ખાસિયતો તેઓના પરસ્પર સંબંધો અને તેમાંથી

નીકળતા સિધ્ધાન્તોનો સમાવેશ હોય છે. આ દૃષ્ટિએ લાંબી સીડી, પહોળો દાદરો, અને મિનારો એ સાધનોમાં અવકાશના પરિમાણોની કલ્પના (લંબાઇ, પહોળાઇ, ઊંચાઇ વગેરે) બાળકને પહોંચે છે. "નાનુ મોટું" આ શબ્દોની તુલનાત્મક કલ્પના પણ મળે છે. આગળ ભૌમિતિક આકૃતિઓમાં ક્ષેત્ર ભૂમિતિ (Plane Geometry) ના વિષયની શરૂઆત થાય છે. શરૂઆતની ભૌમિતિક આકૃતિના સાધનમાં બાળકને જુદી જુદી ભૌમિતિક આકૃતિઓનો પરિચય થાય છે.

શબ્દ આપવાનું તંત્ર :

બાળકો પોતાના અનુભવમાંથી અને મોટેરાંઓની વાણીમાંથી શબ્દો ઉપાડતા હોય છે. આ વાત ધ્યાનમાં લઇએ તો શબ્દ આપવાના બે પ્રકાર થાય છે. એક શિક્ષકે બાળકના કાન ઉપર પોતાની વાણી દ્વારા અપ્રત્યક્ષ રીતે શબ્દો રજૂ કરવા અને બીજો પ્રકાર વસ્તુઓ અથવા રમકડાં સાથે બાળકને જે કંઇ અનુભવે મળે છે તેની અભિરૂચિ અને જરૂરીઆત ધ્યાનમાં લઇને તે વસ્તુનું નામ કહીને તે શબ્દ પ્રત્યક્ષ રીતે બાળકને આપવો.

શબ્દ આપવાની અપ્રત્યક્ષ પધ્ધતિ :

એમાં શિક્ષકે નિશ્ચિત શબ્દો પસંદ કરીને તેજ શબ્દો સ્વાભાવિક રીતે પોતાની ભાષામાં વાપરવા એ વસ્તુ મહત્વની હોય છે. શબ્દો સ્વાભાવિક રીતે વાપરવા આ મુદ્દાને વિશેષ મહત્વ છે. ઉચ્ચારની સ્પષ્ટતા, પરિણામકારી ઉચ્ચારણની શૈલી આ બાબતો તરફ વિશેષ ધ્યાન આપવું જોઇએ. બાળકો શિક્ષક પાસેથી આ બાબતો અજાણતા ઉપાડી લે છે. અને તેની ઉપાડવાની રીત એટલી બધી પૂર્ણ હોય છે કે તેથી શિક્ષકે પોતાની ભાષા માટે હંમેશ જાગૃત રહેવાની જરૂર છે. આ કાળજી શિક્ષક નહિ લે તો શબ્દનો ઉચ્ચાર અને ઉપયોગનો દોષ બાળકમાં ઉતરે છે. તેથી બાળમંદિરના શિક્ષકોએ પોતાની ભાષાનું સ્વરૂપ હંમેશ શુધ્ધ અને સ્વભાવિક રહે એની દક્ષતા લેવી જોઇએ. ભૌમિતિક આકૃતિઓની રજુઆત કરતી વખતે તાંત્રિક શબ્દો જરૂર જણાય ત્યાંજ વાપરવા. દા. ત. વર્તુળ ત્રિકોણ અને ચોરસ આકૃતિઓનો પરિચય કરાવતી વખતે વર્તુળ ઉપરથી આંગળી ફેરવો ત્યારે, "વર્તુળના પરીધ ઉપર કયાંય ખૂણો લાગતો નથી. કયાંય કોણ લગતો નથી; ત્રિકોણની પરિમીતિ પર ખૂણા મોટા છે" વગેરે વાકય શિક્ષકોએ બાળકના કાન ઉપર જાય તે રીતે વાપરવાની જરૂર છે. એમાં પરિમીતિ, કોણ, પરીધ વગેરે શબ્દોની કલ્પના શરૂઆતમાં બાળકોને હોતી નથી. પરંતુ પ્રત્યક્ષ ક્રિયા પરથી અથવા વસ્તુ ઉપરથી ધીમે ધીમે આ પ્રકારના શબ્દોની અર્થ પ્રતીતિ મેળવી લે છે.

શબ્દો આપવાની પ્રત્યક્ષ રીત :

એમાં બાળકને મળતા વિશિષ્ટ અનુભવને શબ્દ આપીને આપણે પૂર્ણતા આપીએ છીએ. આ શબ્દો ત્રિપદ પધ્ધતિ વડે કેમ આપવા, તે બાળશિક્ષકો જાણે છે તેથી તે અંગેનું વિવેચન અત્રે કરતો નથી. પરંતુ આ પ્રકારે પ્રત્યક્ષ રીતે



ઝરણથી
બનતું
સુગંધિત
તેલ

આપને ત્રિવિધ ફાયદાઓની ખાત્રી આપે છે.

૧. ખરતા વાળને અટકાવી, વાળને ભરાવદાર અને મુલાયમ બનાવે છે.
૨. મગજને પોષક તત્વો પૂરાં પાડે છે.
૩. શ્રમ, સમય અને સંપત્તિ બચાવે છે.

આજે જ એક બાટલી ખરીદો અને હંમેશના વપરાશનું સર્વોતમ કેશતેલ ઘેરબેઠાં આસાનીથી તૈયાર કરો.....

બધે જ ઠેકાણે વેચાય છે

સોલ એજન્ટ-
સુગંધ ઘર
બાડીયા, અમદાવાદ

સ્ટી. નરોત્તમની કું.
મંગળદાસ રોડ,
મુંબઇ ૨.
ટે. નં. ૩૦૫૭૫

M. P. S.)

શબ્દો આપતા પહેલા બાળકોને નિશ્ચિત વ્યવસાય-દ્વારા તે અંગેનો કંઈ અનુભવ મળે એ જરૂરનો હોય છે. ભૌમિતિક આકૃતિઓ અને કાર્ડો, રચનો પેટીઓ એમાં એના પરની રમતમાં બાળકોને એવો અનુભવ મળે છે. આ અનુભવની સાથે સાથે બાળકોને શકય હોય ત્યાં પરિભાષિક શબ્દો મૌખિક પ્રત્યક્ષ રીતે અપાય છે. પછી બાળકો જ્યારે લખતા વાંચતા શીખે છે તે વખતે ભૂમિતિનાં શબ્દો આપવા માટે ભૌમિતિક શબ્દ ભંડોળના સેટોનો ઉપયોગ કરવો. આવા સેટમાં પસંદ કરેલા ભૌમિતિક શબ્દો અને તે અંગેના ચિત્રો* હોય છે. આ ચિત્રોની પાછળના ભાગમાં તેના નામો છપાએલા હોય છે. તેમજ તેની સાથે સાથે તેના નામની છૂટક ચિઠ્ઠી હોય છે. બાળકો આ ચિત્રોની નીચે તેને યોગ્ય એવા નામની ચિઠ્ઠી શોધી કાઢીને મૂકે છે. એમાં કંઈ ભૂલ થાય તો ચિત્રની પાછળના ભાગમાં લખેલું નામ જોઈને સુધારી લે છે. આ રીતે ભૌમિતિક શબ્દોના સામાન્ય-બોધના કાર્યની શરૂઆત થાય છે. એ સામાન્ય બોધ વ્યાપક બનાવવાની દૃષ્ટિએ ભૌમિતિક હસ્ત વ્યવસાયને સ્થાન આપવાની જરૂર છે.

* આ પ્રકારના ચિત્રોનો સેટ માગણી કરવાથી મળી શકશે.

ભૌમિતિક હસ્તવ્યવસાય :

બાળકોને કેટલાક મહત્ત્વના ભૌમિતિક શબ્દો મળ્યા પછી એ શબ્દોની કલ્પનાઓનું સંક્રમણ (Transferance) થઈને બાળકો પોતાની આજુ-બાજુના વાતાવરણમાં ભૌમિતિક આકારો ઓળખવા લાગે છે. ઘર, નિશાળ, મંદિર, વાસણો, ફર્નીચર વગેરેમાં દેખાતા અનેક ભૌમિતિક આકારો તેમનું ધ્યાન ખેંચે છે. બૌધ્ધક કક્ષા ઉપર આ સંક્રમણ થાય છે તેજ વખતે જો ભૌમિતિક વ્યવસાયની અને તેની સાથે સાથે તે સંબંધના શબ્દોના સામાન્ય બોધ વ્યાપક બને છે. આ પ્રકારના હસ્તવ્યવસાયની યોજનામાં ચિત્ર કામ, કાતરકામ, ઘડીકામ સુશોભન વગેરેનો સરસ ઉપયોગ થાય છે.

ચિત્રકામ :

લોખંડની આકૃતિઓનો ઉપયોગ કરીને જુદી જુદી આકૃતિઓ નોટ અથવા કાગળમાં દોરીને એમાં આકૃતિઓના સંબંધિત શબ્દોનો અર્થ રજૂ કરી શકાય છે. દા. ત. ત્રિકોણોના ચિત્રો દોરીને તેમાંથી એકના પાયાની રેષા, લાલ બનાવીને અથવા તેના ઉપર વિશેષ સુશોભન કરીને 'પાયો' દર્શાવી શકાય છે. એજ રીતે 'બાજુ' 'શિરોકોણ', 'દ્વિભાજક' 'પાયાના કોણ' વગેરે શબ્દોની કલ્પના માટે યોગ્ય ચિત્રો દર્શાવી શકાય.

સર્વત્ર મળે છે. ટે. નં. ૩૮૨૨૧

તંદુરસ્ત બાળકો દેશનું સાચું ધન છે. બાળકોની તંદુરસ્તી માટે તેમને હંમેશા સંતોષ કુકરમાં બનાવેલ પાષ્ટીક રસોઇ ખવરાવો

મુંબઈ કરીનો મિત્ર

સંતોષ કુકર બળતણ વખત, પૈસા ને મહેનત બચાવે છે સંતોષ કુકર કું. ૧૧૯ ન્યુ ચર્નીરોડ, મુંબઇ–૪.

આવા ચિત્રો દોરીને તેની નીચે પારિભાષિક શબ્દો જાતે લખવાની મઝા પડે છે.

બીજું, એક કરતા વધારે આકૃતિનો ઉપયોગ કરીને આકૃતિનો પરસ્પર સંબંધ જોવાની અને ઓળખવાની તક આપી શકાય છે. દા. ત. ચોરસ આકૃતિ કાઢીને એ આકૃતિની એક બાજુ જેનો કર્ણ બને એવા ચોરસ ક્રમશઃ કાઢી શકાય. અથવા ચોરસમાં વર્તુળ અને એમાં ફરી ચોરસ અને એમાં ફરી વર્તુળ એમ ક્રમશઃ આકૃતિઓ એસાડીને તેના સંબંધો જોઇ શકાય. સમભુજ ત્રિકોણનો દ્વિભાજક દોરીને તેનો પાયો સમજીને બીજો સમભુજ ત્રિકોણ દોરવો. અને ફરી એના દ્વિભાજક જેનો પાયો બને એવો ત્રીજો સમભુજ ત્રિકોણ દોરવો. એમ કરતા કરતા ત્રિકોણોની માળા અને નાના નાના થઇ જતા ત્રિકોણો જોવાની મઝા આવે છે અને સમરૂપ આકૃતિઓના સંબંધો તેમના ધ્યાનમાં આવે છે.

જુદી જુદી ભામિતિક આકૃતિઓનો ઉપયોગ કરીને તેમાંથી ઘટનાઓ બનાવવા અંગેની વાત લોખંડની ભૌમિતિક આકૃતિના લેખમાં કરી છે.

કાતરકામ :

ચિત્રકામની પ્રગતિની સાથે સાથે બાળકોને ભામિતિક કાતરકામ આપવા જેવું હોય છે. એમાં રંગીન કાગળ ઉપર જુદી જુદી આકૃતિઓ દોરવી અને તેને વ્યવસ્થિત કાતર વડે કાપવી અને નોટમાં યોગ્ય રીતે ચોંટાડવી એવો વ્યવસાય હોય છે. મોટેરાંઓને બાળકની આ પ્રવૃત્તિનું મહત્ત્વ ધ્યાનમાં આવતું નથી. પરંતુ ત્રિકોણ અથવા કોઇપણ સરળ રેષાકૃતિ દોરીને તે વ્યવસ્થિત રીતે કાપવી, એ વાત લાગે છે એટલી સહેલી હોતી નથી. એમાં જેનો હાથ કાતર ઉપર બેઠો છે અને જેમની એકાગ્રતાની શક્તિ વધી છે અને જેમની દૃષ્ટિનો વિકાસ સૂક્ષ્મ વાકું ચૂંકું ઓળખવા સુધી થયો હોય એવાજ બાળકો આ કામ સરખી રીતે કરી શકે છે. મોટેરાંઓ આ કામ પોતે કરી જુએ તોજ એ કામનું મહત્ત્વ એમના ધ્યાનમાં આવે. અધ્યાપન સંસ્થાના તાલિમાર્થીઓને આ આપતા દરેકની શક્તિનો ચોકખો ખ્યાલ મળે છે. બાળકોએ કઇ આકૃતિઓ કાપવી અને નોટ ઉપર આ આકૃતિઓ ચોંટાડવામાં કંઇ દૃષ્ટિ રાખવી એ વાત પણ બાળકની ભૌમિતિક કેળવણીની દૃષ્ટિએ ઉપયોગી બનાવી શકાય છે. પરંતુ શિક્ષકોને ભૌમિતિક આકૃતિઓના સંબંધોનો ખ્યાલ ન હોય તો આ ચોંટાડવાનું કામ કેવળ સારૂં કેમ લાગે આ એકજ વાત ધ્યાનમાં લઇને કરવામાં આવે છે. આ વાત શિક્ષકોના ધ્યાનમાં લાવવાની દૃષ્ટિએ એ પ્રકારના ચોંટાડવાના કામની એક યોજના અહીં સૂચવું છું. આ સૂચનો કહું છું ત્યારે મારી પાસે તૈયાર કરેલી એક નોટ પડી છે. તેના પાના ઉપર આગળ મુજબ વિષયો છે. **પાનું ૧ :** સમાન પાયાની ત્રણ આકૃતિ

નવી ડિઝાઇનોનું સુંદર પુસ્તક

આમાં ૬૪ આકર્ષક ડિઝાઇનો, ૩૪ જુદી જુદી ટાંકાઓની આકૃતિઓની માહિતી સાથે.

કિં. રૂા. ૩-૦-૦ ટપાલ ખર્ચ જૂદું. વ્યાપારિક પૂછપરછ માટે લખોઃ

*** એસ. મધુકર એન્ડ બ્રધર્સ ***

ટ્રામ નાકું, દાદર મુંબઇ-૧૪.

ચોરસ, ત્રિકોણ ને ગોળ. **પાનુ ૨ :** ચોરસના બે સમાન વિભાગ જૂદી જૂદી રીતે કાપીને ચોંટાડેલા છે. **પાનુ ૩ :** ચોરસના ચાર સમાન ભાગ કર્ણ અને મધ્યરેષા ઉપર કાપીને બનાવેલા ચોંટાડેલા છે. **પાનુ ૪ :** ચોરસના આઠ સમાન ભાગ આઠ લંબ ચોકોન અને આઠ ત્રિકોણોમાં. **પાનુ ૫ :** ચોરસના સોળ ભાગ ઉપર મુજબ. **પાનુ ૬ :** ચોરસનો ૧/૨, ૧/૪, ૧/૮ ને ૧/૧૬ એવા લંબચોરસ ભાગોની એવાજ બીજા સમક્ષેત્ર ત્રિકોણાકાર ભાગો સાથે તુલના. **પાનુ ૭ :** સમરૂપ આકૃતિ (Similar figures) **પાનુ ૮ :** સમક્ષેત્ર આકૃતિ. ચોરસ અને ત્રિકોણ તેમજ સમભુજ ત્રિકોણ અને વર્તુળ એના સબંધો બતાવવાની દૃષ્ટિએ આગળના પાના ઉપર ચોંટાડવાનું કામ થયું છે.

ઘડીકામ :

ભૌમિતિક ઘડીકામ માટે યંત્રથી કાપેલી વિશિષ્ટ આકૃતિનો ઉપયોગ કરવાથી, ઘડીમાંની ચોકકસતા સાધવા માટે ઘણી મદદ થાય છે. આ ઘડીકામ શીખવતી વખતે જે જે સ્થળે પરિભાષાના શબ્દોનો ઉપયોગ કરવાની શકયતા હોય ત્યાં તે કરવો જોઇએ. તેના કેટલાંક દાખલાઓ અહીં નોંધું છું.

"કર્ણ ઉપર ઘડીવાળો"
"દ્વિભાજક ઉપર ઘડીવાળો"
"બે ત્રિકોણ એકરૂપ થવા દો"
"બે લંબચોરસ એકરૂપ થવા દો"

સુશોભન :

સુશોભનમાં જગા મર્યાદિત કરવા માટે નિયમિત આકૃતિઓનો ઉપયોગ કરીએ તો બાળકોને ઘણી સરળતા રહે છે. જુદી જુદી વસ્તુઓનો ઉપયોગ કરીને દોરવાની રંગોળી તેમજ અલ્પના એમાં નિયમિત અને અનિયમિત આકૃતિઓનું આકર્ષક મિશ્રણ હોય છે. તેમાં સપ્રમાણતા સમતોલપણું વગેરે અનેક વિગતો પ્રત્યક્ષ નિર્માણ કરતા બાળકોના ધ્યાનમા આવે છે. ભૂમિતિશાસ્ત્ર કેવળ તેના સિદ્ધાન્તોનું રટણ કરવા માટે નથી. અવકાશનો સારામાં સારો ઉપયોગ કેમ થઇ શકે તેનું વ્યવહારિક જ્ઞાન બાળકને મળવું જોઇએ. જીવનના પળે પળે તેનો ઉપયોગ થવો જોઇએ એ દૃષ્ટિ રાખીને સુશોભનો વિષય શિક્ષકે યોજવા જોઇએ.

—શે. ના. નાગલે.

"શિક્ષણ–પત્રિકા"નું આપનું લવાજમ તરત મોકલી આપવા વિનંતિ છે.

ઉજાગરો અને શારીરિક, માનસિક શ્રમ બાદ



જીવદયા નેત્રપ્રભા

(રજીસ્ટર્ડ)

માટે

વૈદ્યો, ડોકટરો, આયુર્વેદિક હોસ્પિટલોએ આંખોને માટે ઉપયોગી તરીકે પ્રમાણપત્રો આપેલ છે.

બાળક તથા વૃદ્ધ સુધી સૌ કોઇ જરૂરીયાત પ્રમાણે ૧ થી ત્રણ વખત આંજી શકે છે.

જીવદયા નેત્રપ્રભા કાર્યાલય,

વિકટોરિયા મિલ કમ્પાઉંડ, ગામદેવી રોડ, મુંબઇ ૭.

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

અમદાવાદ : ગિજુભાઇ જયંતિ સપ્તાહના બાલ સંમેનલમાં ચાર હજાર બાળકોએ ભાગ લીધો હતો. મેળાના પ્રમુખસ્થાને અમદાવાદ જીલ્લાના કેળવણી અધિકારી શ્રી મણીભાઇ દવે હતાં. ઉજાણી તથા મનોરંજનના કાર્યક્રમો વ્યવસ્થિત રીતે પાર પડયા હતા.

સિધ્ધપૂર : દિનાંક ૯ ડિસેંબરના રોજ લાલાજીની વાડીમાં સોશિયલ વેલફેર બોર્ડની મદદથી નૂ બા. શિ. સંઘ સિદ્ધપૂર તરફથી ચાલતા બાલક્રીડાંગણમાં મનોરંજન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

મુંબઇ : આ વર્ષે ગિજુભાઇ જયંતિ સપ્તાહ ડિસેંબર દિનાંક એકથી સાત સુધી મનાવવામાં આવ્યો હતો. સપ્તાહનું ઉદ્‌ઘાટન મુંબઇ લોકસભાના પ્રમુખ શ્રી એસ. એલ. સિલમના પ્રમુખપદે થયું. આ પ્રસંગે પંડિત દિનકર શાલવી ફાનડે; શ્રી સહસ્ત્ર બુધે, અંડર સેક્રેટરી, એજ્યુકેશનલ ડિપાર્ટમેંટ, શ્રી કૈકોબાદ, ટાટાઇન્સ્ટીટયુટ ઓફ સો. સાયન્યસેસના પ્રસંગોચિત પ્રવચનો થયાં. બીજે દિવસે બાલશિક્ષકો અને સેવકોનું સ્નેહ સંમેલન ચેંબુરમાં આવેલી ટાટાઇસ્ટીટયુટમાં યોજવામાં આવ્યું હતું. ત્રીજે દિવસે પરેલ વિભાગમાં બાળકો માટે મનોરંજન કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. તા. ૪ ના રોજ ચર્ની રોડ પરના બાલભવનના સહકારથી બાળકોનો બાલમેળો યોજવામાં આવ્યો હતો. તા. ૫ ના દિવસે દાદર વિભાગનો મનોરંજન કાર્યક્રમ હતો. તા. ૬ ના રોજ દર વર્ષની જેમ શિશુદિન રાખવામાં આવ્યો હતો. ૭ મીએ વિલેપાર્લામાં સમારંભ થયો હતો. જે પ્રસંગે શ્રીમતી મનુબેન દેસાઇએ ઉદ્‌બોધક પ્રવચન આપ્યું હતું.

"ગ્રામબાલ શિક્ષા કેંદ્રની વિકાસવાડીની યોજનાને ભારત સરકારની સહાયતા મળશે."

કોસબાડમાં વિકાસવાડી યોજના નામનું જે કેન્દ્ર ગ્રામ બાલ શિક્ષા કેન્દ્રના વિસ્તાર તરીકે શરૂ થવાનું છે. તેને ભારત સરકારે બીજી પંચવાર્ષિક યોજનામાં સ્થાન આપ્યું છે. વિકાસવાડી યોજનાનો રૂા. ૧,૨૮,૩૮૮ નો અનાવર્તક ખરચ સરકારે મંજુર રાખીને તેમાંથી ૬૬% જેટલી ગ્રાંટ ભારત સરકાર આપશે. તેમજ ચાલુ ખરચના ૫૦% જેટલી ગ્રાંટ દર વર્ષે આપશે.

કોસબાડમાં જે દિવસે બીજી અખિલ ભારતીય પરિષદ મળે છે, તેજ દિવસે એટલે કે શનિવારે દિનાંક ૫ ના રોજ બપોરે ૧ વાગે વિકાસવાડી માટેના પહેલા મકાનનો શીલારોપણ સમારંભ વડોદરાના મહારાણી માતુશ્રી શ્રી. શાંતાદેવીજી ગાયકવાડના શુભહસ્તે કરવામાં આવશે.

પોતાની નિવૃત્તિના સમયમાં શ્રીમતી તારાબેને અંગિકારેલા આ નવા કાર્યને મળેલી સિદ્ધિઓ માટે અમે એમને હૃદયપૂર્વક અભિનંદન આપીએ છીએ. વિકાસવાડીના મહત્વપૂર્ણ આયોજન અંગેની પત્રિકાનો અભિપ્રાય અન્યત્ર આજ અંકમાં પ્રગટ કર્યો છે. નૂ. બા. શિ. સંઘના કાર્યકરો અને બાલ કલ્યાણ પ્રેમીજનો શ્રીમતી તારાબેનનું આ સ્વપ્ન સાકાર બનાવે. એને માટે પોતાથી બનતું બધું કરે એવી અમે વિનંતી કરીએ છીએ.

"બીજી અખિલ ભારતીય પરિષદને મળી રહેલો આવકાર"

પરિષદના અને ઇંદોરમાં મળતા કોંગ્રેસના અધિવેશનના દિવસો સમાન્તર આવ્યા. તેથી બાળપ્રેમી ઘણાં રસિકોની ઇચ્છા છતાં તેઓ પરિષદમાં આવી નહિ શકે તે માટે પરિષદના કેટલાંક કાર્યકરોએ દિલગીરી વ્યકત કરી છે. છતાં પરિષદમાં ઉપસ્થિત થવા માગનારાઓની સંખ્યા અપેક્ષા ઉપરાંત વધતી જાય છે. કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર, વિદર્ભ-નાગપૂર

ના ૫૦૦ ઉપરાંત પ્રતિનિધિ અને બાલ શિક્ષકો પરિષદમાં ઉપસ્થિત થવાના છે B. M ઇન્સ્ટિટ્યુટના કાર્યકરો વડોદરા યુનિર્વસિટીના હોમ સાયન્સ વિભાગના કાર્યકરો, ટાટા ઇન્સ્ટિટ્યુટ કુટુંબ અને બાલ વિકાસ વિભાગના કાર્યકરો, તિલક કોલેજ ઓફ એજ્યુકેશનના કાર્યકરો મોટી સંખ્યામાં આવનાર છે.

સુરેન્દ્ર નગર : સૌરાષ્ટ્ર પ્રદેશ નૂતન બા. શિ. સંઘના ઉપક્રમે દિનાંક ૯–૧૨–૫૬ ના રોજ સૌરાષ્ટ્રના બાલ-શિક્ષકો તથા રસિકોનું એક સંમેલન શ્રી રામનારાયણ નાગરદાસ પાઠકના પ્રમુખ સ્થાને શ્રી મણીલાલ કોઠારી બાલમંદિરમાં મળ્યું હતું.

સૂણાવ : કેળવણી મંડળ સૂણાવ તરફથી મળેલાં ૧૫ માં વાર્ષિક અહેવાલ જોતાં કેળવણી મંડળની થતી શિક્ષણ ક્ષેત્રમા ઉન્તરો-તર પ્રગતિ અભિનંદનીય છે. શિક્ષણ કાર્યની સાથે સાથે થતું જનસેવાનું કાર્ય અનુમોદનીય છે. કેળવણી મંડળ તરફથી થતાં વિધ વિધ કાર્યો અંગે વાંચતા જણાય છે કે બધાંજ અંગોનો સારો વિકાસ થઇ રહ્યો છે, ઉ-તરો-તર વિકાસ થાય એમ ઇચ્છીએ.

જોઇએ છે :

સંસ્થાના બાળમંદિર–કુમારમંદિર સારૂ બાલ અધ્યાપન પ્રાવિણ્ય, સિનિયર ટેઇન્ડ, મેટ્રીક શિક્ષક–શિક્ષિકાઓ.

સંપૂર્ણ વિગત સાથે લખો : **માનાર્હ મંત્રી,**
શ્રી કેળવણી મંડળ, વિરમગામ



ખાદિક કેમરસ પણ મળે છે.



યુનિકેમ લેબોરેટરીઝ, મુંબઇ, ૨૬

WANTED STOCKISTS.





શક્તિનો સંચય — પરમ આવશ્યક

શક્તિસંવર્ધન માટે આયુર્વેદ અનેકાનેક ઔષધો વનસ્પતીજન્ય તથા રસ ભસ્મો રૂપ દર્શાવેલાં છે.

(રજીસ્ટર્ડ)

આર્ય ઔષધીની જ્યુટેક્સ રૂપેરી ગોળીઓ

આયુર્વેદના ઉત્તમો તથા ઔષધો જેવાં કે સુવર્ણયુક્ત મકરધ્વજ લોહ, અભ્રક, બંગ, કેસર ઇત્યાદી સાથે રસાયન ગુણ ધરાવતી દીવ્ય વનસ્પતિનાં યોગે જ્યુટેક્સ રૂપેરી ગોળીઓ તૈયાર કરવામાં આવતી હોવાથી શક્તિને ક્ષીણ થતી અટકાવવા તથા નવી શક્તિ ઉત્પન્ન કરી તેનો સંચય કરવા માટે ઉત્તમ સાબીત થયેલ છે.

ફી. ગોળો ૫૦ ની બાટલી રૂ. ૩-૮-૦

સ્ટોકીસ્ટો :- વલભજી લીખા ની કું. પ્રીન્સેસ સ્ટ્રીટ, પેરી એન્ડ કું. ગ્રાન્ટ રોડ,
મોનજી વિશ્રામની કું. શેખ મેમન સ્ટ્રીટ. ઓરીએન્ટલ ફાર્મસી દાદર W..Rly.

આર્ય ઔષધિ ફાર્માસ્યુટીકલ્સ વર્કસ

ટે. નં. ૩૧૧૧૭] સ્વદેશી માર્કેટ બીલ્ડીંગ પાછળ, કાવેલ સ્ટ્રીટ, મુંબઇ ૨

આપની દરેક

જરૂરીયાતો

ખરીદવાનું એક માત્ર

: લાભદાયક સ્થળ :

આજેજ એક વખત પધારી મુલાકાત લ્યો.

કી

એસ્સો સ્વદેશી કૉ-ઓપરેટીવ સ્ટોર્સ કું.

લિ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, કોટ, મુંબઈ-૧

શાખાઓ : મહાત્મા ગાંધી રોડ, પૂના. જેમ્સ સ્ટ્રીટ, ચિકુન્ગુણીયા.

સર્વોત્કૃષ્ટ ૭૮ પેન.....



સર્વમાન્ય નવરત્ન.

અજોડ અતિષ્ઠા.

મુખ્ય વિક્રેતા :

પી. રમણલાલ એન્ડ કું.

૧૧૬/૧૮ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, મુંબઇ ૩.

ઉત્પાદક :

પ્રકાશ મેટલ વર્કસ.

મુંબઇ ૪.

ન્યૂ બા. શિ સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : રમણિકલાલ તુરખિયા, ૧૧૮ હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

મુદ્રણ સ્થાન : પરફેક્ટ પ્રિં. વર્કસ, મુંબઇ ૨૨.

શિક્ષણ-પત્રિકાનો

પ્રૌઢશિક્ષણ વિશેષાંક

[દ્વિતીય અખિલ ભારતીય પરિષદ વૃત્તાંત]

ફેબ્રુઆરી ૧૯૫૭
વર્ષ-૩૧ : અંક-૧૧

સંસ્થાપકો :
સ્વ. ગિજુભાઇ બધેકા
શ્રી. તારાબેન મોડક

☆

તંત્રી :
શેષ નામદે

એક ધર્મ સંસ્થાપક, એક ધર્મગ્રંથ અને એક સિધ્ધાંત સમુચ્ચય એનેજ વળગી રહેનાર પ્રણાલીને આપણે પંથ કહીએ છીયે. ધર્મ નથી કહેતા. Sect and Religion વચ્ચે ભેદ કરીયે છીયે તેમ કેળવણીની બાબતમાં પણ આપણે અનેક પંથોનો સ્વીકાર કરી સર્વ સમન્વય કરનાર કેળવણી ધર્મ ચલાવવો જોઇએ.

—શ્રી કાકાસાહેબ કાલેલકર





[દ્વિતીય અખિલ ભારતીય બાલશિક્ષણ પરિષદના મંડપનો ભવ્ય પ્રવેશદ્વાર અને પ્રદર્શન મંડપના પ્રવેશદ્વારના છાયા ચિત્રો.]

WANTED STOCKISTS.

ટપાલદ્વારા કટીંગનું શિક્ષણ

દરેક પ્રકારનું કાપડનું કટીંગનુ શિક્ષણ પોસ્ટ થી આપવામાં આવે છે. કૉલેજ તથા લંડન ડિપ્લેમા માટે સૂચિ પત્રક મંગાવો. સ્થાનિક શિક્ષણ માટે મળો.

ઝારાપકર ટેલરીંગ કૉલેજ

ભવાનીશંકર રોડ, દાદર મુંબઇ–૨૮



B-TEX OINTMENT M'G CO.
24, Parsi Khata Street, Bombay 3

ભારતમાં સર્વ શ્રેષ્ઠ

ઝારાપકર શિવણયંત્ર

રોકડેથી તથા હપ્તાથી પાંચ વર્ષની ગેરંટી સાથે સીગર, ફાફ, ઝુકી, અરૂણ, ઉષા, ટેલરનું સૂચિપત્ર મંગાવો.

ઝારાપકર-શિવણયંત્ર ભંડાર

ભવાનીશંકર રોડ, દાદર, મુંબઇ-૨૮



TAJ MAHAL FROM AGRA FORT

WONDERS OLD AND NEW !





અનુક્રમ નં. ૬૬
- વોટરપ્રુફ
- સેન્ટર–સેકન્ડ
- શૉક પ્રુફ
- ૧૭ જવેલ્સ
- ૨૧ જવેલ્સ
- ગ્યુલોચી ડાયલ્સ
- એન્ટીમેગ્નેટીક

૨૧ જવેલસના : રૂા. ૪) વધારે

ક્રોમ સ્ટીલ બ્રેક રૂા. ૬૮)
૨૦–માયક્રોન, રો. ગોલ્ડ
સ્ટીલ બ્રેક રૂા. ૮૦)
સંપૂર્ણ સ્ટીલ કેઇસ રૂા. ૮૫)

THE ORIENTAL
WATCH & GRAMOPHONE CO.
DADAR–BOMBAY 28. GRAM–TIKAM–BOMBAY–DADAR

Phone : 62039

નૂતન બાળ શિક્ષણ સંઘ

એટલે

વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓનું

બનેલું અખિલ ભારતીય સંગઠન.

સંઘના પદાધિકારીઓ :—

પ્રમુખ: શ્રી મોરારજીભાઇ દેસાઇ. ઉપપ્રમુખ: આચાર્ય શ્રી ભિસે.
કાર્યાધ્યક્ષ: શ્રી સરલાદેવી સારાભાઇ. કોષાધ્યક્ષ; શ્રી વા. રા. પટવર્ધન.

મંત્રીઓ : શ્રી શેષ ના. નામલે : શ્રી. સરસ્વતીબેન ભટ્ટ.

સ્થાનિક શાખા : કોઇપણ બાળ કેળવણીની સંસ્થા, વાલીઓ, શિક્ષકો અને બાળ પ્રેમીઓમાંથી ઓછામાં ઓછા સંઘના ૨૫ સભ્યો બનાવી, સંઘ માન્ય શાખા સ્થાપી શકે છે. આ જાતની શાખાને સ્થાનિક શાખા કહેવાય છે.

પ્રાદેશિક શાખા : કોઇપણ જિલ્લામાં ઓછામાં ઓછી ચાર સ્થાનિક શાખા સ્થપાયેલી હશે તો તે વડે સંઘની જિલ્લા પ્રાદેશિક શાખા સ્થાપી શકાય છે, અને આ જિલ્લા શાખાના પ્રતિનિધિ સંઘના અખિલ ભારતીય નિયંત્રણ મંડળમાં ચૂંટાઈ શકે છે.

સંઘનું પ્રચાર સાહિત્ય : સંઘનું બંધારણ, પ્રવેશ પત્રકો, સૂચના-માહિતી વિ. સંઘને લગતું પ્રચાર સાહિત્ય મેળવવા માટે નીચેના સરનામે પત્ર વ્યવહાર કરવા વિનંતી છે.

મંત્રી, નૂતન બાલ શિક્ષણ સંઘ.
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

સંપાદક મંડળ :

જયકુમારીબેન પટેલ, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઇ ઓઝા, હેમલતાબેન માળવી, રમેશભાઇ કોઠારી, કુસુમબેન શાહ

: અનુક્રમણિકા :

ફેબ્રુઆરી–૧૯૫૭

દ્વિ અ. ભા. બા. શિક્ષણ પરિષદને અપેક્ષા સંદેશાઓ.

૧	તંત્રી સ્થાનેથી	....	....
૨	સ્વાગત ભાષણ	....	.... સૌ. માલિનીબાઇ પરાંજપે
૩	ઉદ્‌ઘાટન પ્રવચન	....	.... શ્રી શાંતિલાલભાઇ શાહ
૪	પ્રમુખ સ્થાનેથી	....	.... શ્રી કાકાસાહેબ કાલેલકર
૫	પરિષદનું સ્વરૂપ	....	.... શ્રી તારાબેન મોડક
૬	પરિષદ પૂર્ણાહુતિ પ્રવચન		.... શ્રી કાકાસાહેબ કાલેલકર
૭	પરિષદ–એક દૃશ્ય	....	.... શ્રી શેષ નામલે
૮	વિકાસવાડી યોજના,		.... શ્રી તારાબેન મોડક
૯	બાલ-શિક્ષણ અને સંઘ સમાચાર		
૧૦	પરિષદમાં પસાર થયેલા ઠરાવો		

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો !

કે– "શિક્ષણ પત્રિકા" એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે તેથી તેના ગ્રાહકો બધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા–પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાએલાં હોવા જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના ગ્રાહક કોઇ પણ માસથી થઇ શકાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫ મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" માં સંપાદકીય નોંધ સિવાયના રજૂ થતા લખાણો સાથે સંપાદક સહમત છે એમ કોઇએ માની લેવું નહીં.

કે– "શિક્ષણ પત્રિકા" ગુજરાતી, હિંદી અને મરાઠી ભાષામાં પ્રતિ માસે અનુક્રમે તા. ૧ લી, ૧૦ મી અને ૧૫ મીએ પ્રગટ થાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" ના દરેક ગ્રાહકનો ગ્રાહક નંબર "પત્રિકા" રેપર પર લખેલો હોય છે. પત્ર વ્યવહાર કરતી વખતે તેનો ઉલ્લેખ થવો જરૂરી છે.

કે– "શિક્ષણ પત્રિકા" (ગુજરાતી અને હિંદી) માટેનો સઘળો પત્ર વ્યવહાર નીચેના સરનામે કરવા વિનતિ છે.

વ્યવસ્થાપક
"શિક્ષણ પત્રિકા"
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

દ્વિતિય અખિલ ભારતીય બાલ શિક્ષણ પરિષદને મળેલા સંદેશાઓ



સત્યમેવ જયતે

નવી દિલ્હી.
તા. ૧૨–૧૨–૫૬.

"અખિલ ભારતીય બાલ શિક્ષણ પરિષદને મારી શુભ કામનાઓ પાઠવું છું. શિક્ષણ વિષેની આપણી ઘણી ચર્ચાઓ શરૂઆતના જીવનની, શરૂઆતની અવસ્થા સંબંધી જ બાળકના માનસનું જ્યારે મોટે ભાગે ઘડતર થાય એવા એના શૈશવકાળ વિષે ભાગ્યેજ કંઇ કહેવામાં આપ છે. આ બાલ શિક્ષણ પરિષદ, આ અત્યંત મહત્વના પ્રશ્નપરત્વે સર્વેનું ધ્યાન ખેંચી રહી છે, એથી મને આનંદ થાય છે.

પરિષદને હું સફળતા ઇચ્છુ છું."

Jawaharlal Nehru

નવી દિલ્હી.
તા. ૧૬–૧૨–૫૬.

બાલ શિક્ષણ પરિષદને ટાંકણે હું ત્યાં કોંસથાડમાં હાજર નથી રહી શકતો. મારી ફરજ ત્યા તમે સૌ અદા કરી લો છો એ સારૂં છે. બાલ શિક્ષણના ક્ષેત્રમાં આપણે ઝડપી પ્રગતિ કરવી જોઇએ. શહેરોમાં છૂટક છૂટક બાલ શિક્ષણ કેન્દ્રો ચાલુ થાય એટલાથી આપણે સંતોષ માનવો ન જોઇએ. શહેરોમાં અને ગામડામાં બધાં બાળકોને સ્પર્શે એ જાતની યોજના આપણે ઘડવી જોઇએ. સરકાર તરફથી મદદ મળી શકે એટલી લેવી જોઇએ પરન્તુ એ મદદના અભાવે આપણું આ કામ અટકવું ન જોઇએ..... ....

પરિષદને સફળતા ઇચ્છુ છું

મોરારજીભાઈ દેસાઇ
પ્રમુખ
નૂતન બાલ શિક્ષણ સંઘ

નવી દિલ્હી.

તા. ૧૫–૧૨–૫૬.

અખિલ ભારતીય બાલ શિક્ષણમાં હાજરી નથી આપી શકતી તે બદલ માફી ચાહું છું. મને બાળકો વહાલા છે. તેમનું હીત અને કેળવણીના માર્ગોમાં મને પૂરતો રસ છે. કંઇક અંશે મારૂં એમ પણ માનવું છે કે આપણી સરકારે તથા પ્રજાએ દેશના ઉજ્જવળ ભાવિ માટે દુર્લક્ષ્ય સેવ્યું છે. એકલી શાળાઓથી જ કામ ચાલી શકશે નહીં. શિક્ષણ પણ એવું હોવું જોઇએ કે જે બુધ્ધિ અને શકિતને પૂરેપૂરી રીતે ખીલવે અને અનુભવથી તેનો સંપૂર્ણ લાભ ઉઠાવી શકે. આવી રીતેજ બાળકોનો પુરેપુરો વિકાસ થશે અને તે રીતે તેઓ યોગ્ય નાગરિક બનશે. આવાં કારણોને લઇને શિક્ષણ માત્ર રોજી પુરતું ન હોવું જોઇએ પરન્તુ બાળકોની રસપ્રવૃત્તિ તથા નવીન વિચારો અને યોજનાથી ભરપુર એવી એક સબળ ઘંધાકીય દૃષ્ટિથી અપાવું જોઇએ.

મારૂં માનવું છે કે આ પરિષદ બાલ શિક્ષણમાં રસ ધરાવતાં દરેકને તેમના વિચારો અને મુશ્કેલીઓ દર્શાવવાની તથા તેમના દૃષ્ટિબિન્દુનાં વિકાસ માટે તક આપીને અગત્યનો ભાગ ભજવશે.

પરિષદને હું સફળતા ઇચ્છું છું.

—ઇંદિરા ગાંધી

મુંબઇ.

તા. ૧૬–૧૨–૫૬.

આપણી શિક્ષણ પધ્ધતીમાં બાલશિક્ષણનું મહત્વ વધારે છે. કારણ કે બાલ શિક્ષણ દ્વારા જ આપણે ભાવિ પેઢીના ચારિત્ર્યનું નિર્માણ કરી શકીયે છીયે.

ભારતની મોટા ભાગની પ્રજા ગામડાઓમાં વસે છે. તેથી ગ્રામ્ય બાળકોના શિક્ષણનો પ્રશ્ન વધુ મહત્વ પામે છે. અખિલ ભારતીય બાલશિક્ષણ પરિષદ આ મહત્વના પ્રશ્નને સંપૂર્ણ રીતે વિચારશે અને સુયોગ્ય માર્ગદર્શન આપશે તેવી હું આશા રાખુ છું.

પરિષદને હું સફળતા ઇચ્છું છું.

યશવંતરાવ ચવ્હાણ
પંત પ્રધાન, મુંબઇ રાજ્ય.

મુંબઇ.

તા. ૧૬–૧૨–૫૬.

બાલ શિક્ષણ તરફ જેટલું ધ્યાન આપવુ જોઇતું હતું તેટલું દુર્ભાગ્ય-વશ નથી આપી શકાયું. બાલ શિક્ષણ જ જીવન અને શિક્ષણનો પાયો છે તેથી તે તરફ યોગ્ય ધ્યાન આપવું સર્વે શિક્ષણ શાસ્ત્રીઓનું પરમ કર્તવ્ય છે કે જેથી આગળપર બાળક પોતાના જીવનમાં સંપૂર્ણ સફળ થઇ શકે. અધિવેશન સંપૂર્ણ રીતે સફળ બને એવી હું પરમાત્માને પ્રાર્થના કરૂં છું.



સ. લ. સીલમ
સ્પીકર
વિધાનસભા, મુંબઇ રાજ્ય.

મુંબઇ, મધ્ય ભારત, ઉત્તર-પ્રદેશ, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૩૧ : અંક ૧૧] મુંબઇ [ફેબ્રુઆરી–૧૯૫૭

સંપાદકીય—

પ્રજાસત્તાક દિનના શુભ અવસરે શિક્ષણ–પત્રિકાનો આ બાલ શિક્ષણ–પરિષદનો વિશેષાંક પત્રિકાના વાંચકોને સાદર અર્પણ કરતાં અમને અત્યંત આનંદ થાય છે.

આ અંકમાં પરિષદની બેઠકોમાં થયેલી ચર્ચાઓનો વૃત્તાંત તેમજ પરિષદમાં વાંચવા માટે આવેલા નિબંધોને અમે સ્થળ સંકોચને લીધે આપી શકતા નથી. તેમ છતાં પરિષદનું માર્ગદર્શન જે નેતાઓ પાસે હતું તેમના ભાષણોનો સારાંશ શકય તેટલો વિસ્તૃત આપવામાં આવ્યો છે. તે ઉપરથી બાલ શિક્ષણના ચાલુ પ્રશ્નોની તેમજ તેના પરથી પ્રાગતિક સ્વરૂપની કલ્પના વાંચક વર્ગને આવશે એમ અમને લાગે છે.

નૂતન બાલ શિક્ષણ સંઘની આ પરિષદે અખિલ ભારતીય પરિષદના ઇતિહાસમાં સંસ્મરણીય એવો ઉમેરો કર્યો છે, એમાં શંકા નથી. વિકાસવાડીના ઉદ્‌ઘાટન પ્રસંગે શ્રીમતી તારાબેન મોડકે આપણા ગ્રામીણ શિક્ષણ અંગેના પ્રશ્નનું જે વાસ્તવિક અને વેધક ચિત્ર રજૂ કર્યું છે તે રાજ્યના સરકારી શિક્ષણ ખાતાને ઉપયોગી થઇ શકે એવું છે. પ્રાથમિક કેળવણીનો ગ્રામીણ અને પછાત સામાજીક પરિસ્થિતી સાથે અસંગત ફેલાવો ચાલે છે તેને લીધે પ્રાથમિક શિક્ષણ પાછળ કેટલાક પ્રદેશમાં આંધળો ખર્ચ થાય છે તે અંગે ફરીથી સરકારને વિચાર કરવો પડશે.

પરિષદની પૂર્ણાહુતિ વખતે થયેલું શ્રી. કાકાસાહેબનું ભાષણ બધીજ પ્રકારના સમાજ સેવકોને પ્રેરણા આપનારું છે. બાલવાડી અને બાલમંદિર આ સંસ્થા જ બીન જરૂરી છે એમ સમજાવનારા કેટલાક વિચારકોને, એમાં ગાંધીજીની વિચારશ્રેણી ધરાવતા એક સર્વશ્રેષ્ઠ અધિકારી વ્યક્તિનો સ્પષ્ટ જવાબ છે કે, "સમાજ જ્યાં સુધી આદર્શ સ્થિતિએ પહોંચ્યો નથી ત્યાંસુધી બાલવાડીઓ અને બાલમંદિરોની આવશ્યકતા છે." તેમજ સમાજ સેવાનું કાર્ય બાલમંદિર દ્વારા કેટલી સહેલાઇથી થઈ શકે છે વગેરે અત્યંત જોરદાર શબ્દોમાં સ્પષ્ટપણે કહ્યું હતું.

પરિષદમાં આવેલા સંદેશાઓ પણ બાલશિક્ષણ પ્રેમીઓને મનનીય થઇ પડે તેવા છે. શ્રીમતી ઇંદીરા ગાંધીએ પોતાના સંદેશામાં જે સ્પષ્ટ આલેખન કર્યું છે તે બધા રાજ્યની શિક્ષણ વિષયક યોજનાઓને માર્ગદર્શક બને તેવું છે.

આખરે જેઓના ભગીરથ પ્રયત્નો દ્વારા આ પરિષદને સંપૂર્ણ સફળતા સાંપડી તે બધા મૂક કાર્યકર્તાઓને અભિનંદન આપી, તેઓએ યોજેલી આ પરિષદનો સંદેશ, પરિષદમાં હાજર ન રહી શકેલી જનતા સુધી પહોંચે એવી શુભેચ્છા પાઠવી આ વિશેષાંક અમે તે બધા મૂક કાર્યકર્તાઓને સાદર અર્પણ કરીયે છીયે.

—શેષ નામલે.

પ્રવાસની સારી રીતભાત

- સ્વચ્છતામાં પરમેશ્વરનો વાસ છે. માટે સ્વચ્છતાની ટેવ કેળવો. રેલ્વેના ડબ્બામાં અથવા પ્લેટફોર્મ ઉપર અન્નાવશેષ, ફળના ફોતરા, તથા છાલ ફેંકવાનું અને પાણી ઢોળવાનું ટાળો, ડબ્બામાં અને સ્ટેશન પર મૂકેલી કચરાપેટીનો ઉપયોગ કરો.

- પ્લેટફોર્મ ઉપર અવિવેકથી જ્યાં ત્યાં થૂંકવું એ આરોગ્યને બાધક છે. રીતભાત તરીકે પણ તે ખરાબ છે. કૃપયા થૂંકદાનીનો ઉપયોગ કરો.

- ઠંડું અને ગાળીને ચોખ્ખું કરેલું પાણી સ્ટેશન ઉપર પીવા માટે મૂકેલું હોય છે તેનો દુરુપયોગ ન કરશો.

- બેસવાની જગા ઉપર પગ મૂકીને બેસવાથી બીજાઓને ચીઢ ચડશે માટે કૃપા કરીને ગાડીની અંદર યોગ્ય રીતે બેસો.

- આપનો ભારે સામાન બેંકવાનમાં મૂકો અને આપના સહપ્રવાસીઓ અને બીજાઓ માટે જગાનો વધુ અવકાશ કરો.

- સહપ્રવાસીઓએ ના પાડયા પછી રેલ્વેની ગાડીઓમાં ધુમ્રપાન કરવું એ ગૂનો છે જ્યારે ડબ્બામાં ખૂબ ગીરદી હોય છે અને બારી બારણા બંધ હોય છે ત્યારે સહપ્રવાસીઓએ વિનંતી કર્યા પછી કૃપયા ધુમ્રપાન કરવાનું બંધ કરો.

પશ્ચિમ રેલ્વે તરફથી.

નૂતન બાલશિક્ષણ સંઘના કાર્યાધ્યક્ષ અને દ્વિતિય અખિલ ભારતીય બાલશિક્ષણ પરિષદના સ્વાગતાધ્યક્ષ

સૌ. માલિનીબાઇ પરાંજપેએ આપેલું ભાષણ

આચાર્ય શ્રી કાકાસાહેબ કાલેલકર, મુંબઇ રાજ્યના શિક્ષણમન્ત્રી માનનીય શ્રી. શાંતીલાલ–ભાઇ શાહ, ભાઇઓ અને બહેનો,

આજના અપૂર્વ પ્રસંગે અને નિસર્ગરમ્ય વાતાવરણમાં, ભારતની દૂર દૂરની જગ્યાઓથી આવેલા પ્રતિનિધીઓનું, બાલશિક્ષણ પ્રેમીઓનું અને બાલશિક્ષકોનું હું આજે આદરપૂર્વક સ્વાગત કરૂ છું.

આજની આ અખિલ ભારતીય પરિષદમાં, તમારા સર્વેનું સ્વાગત કરવાનુ કાર્ય સંઘના દીર્ઘકાલના પ્રમુખ શ્રી સરલાદેવી સારાભાઇએ જ કર્યું હોત તો યોગ્ય ગણાત પરન્તુ તબીયતની અસ્વસ્થતાને કારણે તેઓની ઇચ્છા હોવા છતાં તેમનાથી તેમ કરવું શકય બન્યું નથી. તો પણ આ મંગલ પ્રસંગે આજ નહિ તો કાલે આવવાનુ નકકી કર્યું છે તે જ આપણે માટે આનંદની વાત છે. સંઘનું પ્રમુખપદ સ્વીકારીને તેમણે વિવિધ પ્રકારની મદદ અને યોગ્ય માર્ગદર્શન કર્યું છે. અને તેથી તેમની તબીયત જલ્દીથી પહેલાની જેવી સારી થઇ જાય અને આ કાર્યમાં તે સહભાગી બની શકે એવી હું આશા રાખું છું.

આજનો પ્રસંગ અપૂર્વ કહેવાનું કારણ એ છે કે, આ પરિષદ કોસબાડ જેવા એક નાના શા ગામડામાં ભરવામાં આવી છે. સામાન્ય રીતે પરિષદો, સમ્મેલનો, અને જુદી જુદી જાતના મેળાવડાઓ મોટા મોટા શહેરોમા ભરવાનો રિવાજ છે. કારણ કે તેમ કરવામાં ઘણીજ સરળતા પડે છે. અને શહેરમાં ભરવામાં આવતી પરિષદમાં સ્વાભાવિક રીતે જ લોકોની હાજરી વધારે રહે છે. અને અવશ્ય પરિષદ ભરવા માટે તે જગ્યા, સાધનસામગ્રી અને ઇતર સગવડો સુલભતાથી મળી શકે તેવી હોય છે.

આ રીતે શહેરમાં દરેક પ્રકારની સગવડ હોવા છતાં, આજની જેમ એક બાજુ આવેલા નાનાશા ગામડામાં આ પરિષદ ભરવાનું ખાસ કારણ એ જ છે કે, અહિં આવવાથી શહેરવાસી બાલ–શિક્ષણ પ્રેમીઓને ગામડાના જીવનની ગંભીર સમસ્યા સમજવાની સારી એવી તક પ્રાપ્ત થાય.

સ્વાતંત્ર્ય પ્રાપ્ત થયા બાદ ભારતે રાષ્ટ્ર–પુનર્રચનાના કાર્ય માટે જે અનેક યોજનાઓ ઘડી છે, તેની પાછળ ભારતને સુરાષ્ટ્ર બનાવવાનું જ ધ્યેય છે. તે યોજનામાં **ગામડાનો વિકાસ** અને પછાત **વર્ગની સર્વાંગીણ ઉન્નતિ** એ બે મુદ્દાઓ ઉપર ખાસ ભાર મૂકવાની જરૂર છે. તેથી રાષ્ટ્રની ઉન્નતિ અને સુધારણા કરતી વખતે આમ જનતાના શિક્ષણનું અધિષ્ઠાન કરવાનું લક્ષ્ય હોવું જ જોઇએ; તે વાત તરફ દુર્લક્ષ્ય સેવવું ચાલે એમ નથી.

સાર્વત્રિક શિક્ષણનો વિચાર કરતી વખતે ભારતની ભાવિ પેઢી એટલે કે અત્યારના બાળકોના શિક્ષણનો પણ વિના વિલંબે વિચાર થવો જોઇએ. વીસમી શદી તે બાળકોનો યુગ ગણાય છે. માનવ જીવનમાં આજપર્યંત કદી પણ ન મળ્યું હોય તેટલું સ્થાન આજે બાળકોને મળ્યું છે. માનસ–શાસ્ત્રના અભ્યાસ દ્વારા બાળકનું પણ સ્વતંત્ર વ્યકિતત્વ હોય છે તેની સ્પષ્ટતા થઇ ગઇ છે. તેના શૈશવકાળ દરમ્યાન જ જો તેની સાથે યોગ્ય વાતાવરણ નિર્માણ કરવામાં આવે અને વિકાસ માટે તેને યોગ્ય અને વિવિધ સાધનો તેને મેળવી આપવામાં આવે તો બાળકની સર્વાંગીણ પ્રગતિ થવામાં ઘણીજ મદદ થાય એટલું જ નહિ પણ બાળવયથી જ આગલી પેઢીને સામાજીક શિક્ષણના પાઠ મળી શકે.

એક બીજાની સાથે હળીમળીને કામ લેવું, બીજું બાળક એકાદ સાધનથી રમતું હોય તો

તેના હાથમાંથી ઝુંટવી ન લેવું. બોલવા ચાલવામાં સભ્યતા રાખવી, બીજાને યોગ્ય માન આપવું, પ્રમાણિકતાથી અને શિસ્ત મુજબ આચરણ કરવું વિગેરે ચારિત્રવર્ધક બાબતો જો વિશ્વના સર્વ બાળકોના મન ઉપર નાનપણથીજ નાખવાનો પ્રયત્ન કરવામાં આવે તો આજે જે વિશ્વમાં ગંભીર પરિસ્થિતિ નિર્માણ થએલી દેખાય છે તે કદાચ કોઇપણ વખત ઉદ્‌ભવે નહિ. અને તેના પરિણામે અખિલ વિશ્વમાં માનવીઓને સંપૂર્ણ શાંતીમય સહજીવન આનંદથી માણવા મળે.

બાળશિક્ષણનું કાર્ય, હિન્દુસ્તાનમાં નૂતન બાલશિક્ષણ સંઘે લગભગ ત્રીસ વર્ષથી ઉપાડી લીધું છે. સંઘનું મુખ્ય ક્ષેત્ર મુંબઇ રાજ્યમાં છે અને વડના વૃક્ષની જેમ તેમાંથી અનેક શાખાઓ અને અંકુરો ફૂટવાને કારણે કેટલીક શાખાઓ તો એટલી મજબૂત બની છે કે જાણે તે દરેક સ્વતંત્ર વૃક્ષજ બની ગઇ હોય તેવું દેખાય છે.

પાછું તું દે !

સૌથી એ મીઠડી માત તારી ઘેલુડી,
બચપણમાં ખોઇ તેને જોવા તું દે !
બદલામાં જોઇએ તે માગી તું લે,
મારું કિલકિલતું બાલ્ય મને પાછું તું દે!

[ઉપેન્દ્ર પંડ્યા]

માતા સાંભરે ને સાથે બચપણના દિવસો પણ સાંભરે....કાળના કેદખાનામાં પુરાએલા એ દિવસોને નજર સામે હાજર કરશે.
વેન્ગાર્ડની તસવીર, એન્લાર્જમેન્ટ કે પેઇન્ટિંગ.....

★ ફોટોગ્રાફી ★ પેઇન્ટીંગ.....
★ એન્લાર્જમેંટ ★ ફ્રેમીંગ

વેનગાર્ડ સ્ટુડીયો
ઘણા નજીકના પાંચ સામે મુંબઇ

બાલમનને સમજવાનું અને તેનું ઘડતર કરવાનું મહત્વપૂર્ણ કાર્ય સ્વર્ગસ્થ ગિજુભાઇ બધેકાએ સૌરાષ્ટ્રમાં પ્રથમ શરૂ કર્યું. સુપ્રસિધ્ધ બાલ માનસશાસ્ત્રજ્ઞ અને બાલશિક્ષણ પ્રણેતા મીઝ મોન્ટેસોરીની વિચારપધ્ધતીનો અભ્યાસ કરીને, તેમાંથી ઘણાં તત્વોનો પુરસ્કાર કરીને ગિજુભાઇએ ભાવનગરમાં દક્ષિણામૂર્તિ નામની સંસ્થામાં બાળ–શિક્ષણના કાર્યનો આરંભ કર્યો. તે જ સંસ્થામાં તરતજ બાળશિક્ષકો માટે અધ્યાપન વર્ગ પણ શરૂ કરવામાં આવ્યો.

ત્યારપછી થોડાં જ વર્ષોમાં શ્રી તારાબેન મોડક, તે સંસ્થામાં ગયાં અને આ રીતે તે બન્ને શિક્ષણતજ્ઞોના દીર્ઘ પરિશ્રમને કારણે આ બાળ–શિક્ષણનું કાર્ય સૌરાષ્ટ્ર તથા ગુજરાતમાં જોશભેર આગળ વધ્યું.

લગભગ બાવીસ વર્ષ પૂર્વે શ્રી તારાબેને મુંબઇમાં આવીને મહારાષ્ટ્રમાં પોતાના કાર્યનો પ્રચાર કરવાની શરૂઆત કરી. શ્રી તારાબેનના આવા અવિશ્રાંત પ્રયત્નોને કારણે આપણે ત્યાં ઘણાં ખરાં શહેરવાસીઓને બાળશિક્ષણનું મહત્વ સમ–જવા લાગ્યું છે તેવું દેખાય છે. તે ઉપરાંત હમણાં હમણાં શહેરના આર્થિક અને સામાજીક જીવનમાં બાળશાળાની આવશ્યકતા અને યોગ્યતા સમજવાથી, શહેરમાં બાળમંદીરોના (બાળશાળા–ઓના) સ્થાનની મહત્તા પુષ્કળ પ્રમાણમાં વધે તેવું બની ગયું છે.

ઉપરના તેમજ મધ્યમ વર્ગના બાળકોના શિક્ષણનું ભાન આમજનતાને થયું હોવા છતાં, શિક્ષણકારોને માથે હજી ભારતના નાનાં નાનાં ગામડામાં તેનો પ્રચાર કરવાનું અને પહોંચાડવાનું કામ બાકી રહ્યું છે.

પછાત વર્ગનું જીવન ધોરણ ઉંચુ લાવવાની, તેમજ તે વર્ગના બાળકોને પણ ત્યાંના કુદરતી વાતાવરણમાં તેઓના રોજીન્દા જીવન ઉપર આધા–રીત છતાં આધુનિક માનસશાસ્ત્રના તત્વાનુસાર યોગ્ય પ્રકારનું શિક્ષણ આપવાની સગવડ કરવી જોઇએ.

શ્રી. તારાબેન મોડક આ પરિસ્થિતિથી જાગૃત બન્યા અને તેણે પોતાના ધોરણમાં ફેરફાર કર્યો અને તે પછી તેણે પોતાનું કાર્યક્ષેત્ર મુંબઇ જેવા આગળ પડતા શહેરમાંથી ખસેડીને ઓર્ડીના ગ્રામિણ ભાગમાં બસેડયું. નૂતન બાલશિક્ષણ સંઘની મદદથી ઓર્ડીમાં તેમજ તેની આજુબા–જુમાં, ગ્રામિણ બાલશિક્ષણનો પ્રયોગ તેમણે છેલ્લાં આઠ દસ વર્ષથી ચાલુ રાખ્યો છે. ગામડામાં બાળશિક્ષણનો પ્રશ્ન ઘણો વિકટ છે. તે કાર્યમાં અનેક પ્રકારની વારંવાર મુશ્કેલીઓ આવે છે તેમ છતાં તે કાર્યમાં નિમગ્ન રહીને તે કાર્ય ચાલુ રાખવું જોઇએ તે ખ્યાલ નૂતન બાલશિક્ષણના કાર્યકર્તાઓને છે. અને તેથી તેઓના પ્રયત્નો ખૂબજ ચીવટાઈ પૂર્વક ચાલુ છે.

ભારતના એક મોટા ગ્રામીણ ભાગના બાળકોના શિક્ષણની આજે સેંકડો વર્ષોથી ઉપેક્ષા થઇ હોવાથી તેને ભરપાઇ કરવાનું કામ આપણે કરવું જ જોઇએ. આપણામાં અજાણતા એક પ્રકારનો પ્રમાદ આવી ગયો છે. તેને દૂર કરવા માટે આ પ્રકારનું કષ્ટ લેવું આવશ્યક છે. નૂતન બાળશિક્ષણ સંઘના આ કાર્ય–કરો આવી ઉચ્ચ ભાવનાથી પ્રેરાયેલા દેખાય છે અને કરેલા પતનનું પ્રાયશ્ચિત કરવા માટે તૈયાર થયાં છે. તેને માટે તેઓને ધન્યવાદ આપવા ઘટે છે.

નૂતન બાલશિક્ષણ સંસ્થાની શાખાઓ પૂના, અમદાવાદ, નાગપૂર, ઇન્દોર વગેરે શહેરોમાં અને મહારાષ્ટ્ર, ગુજરાત, સૌરાષ્ટ્ર અને તેવા બીજા અનેક સ્થળે પથરાએલી છે. મધ્યમ વર્ગના અને પછાત વર્ગના બાળકોના શિક્ષણનો પ્રશ્ન ઉકેલવા માટે અને તે દ્રષ્ટિએ પ્રયોગ થાય તે માટે તેમજ ઓર્ડી જેવા ગામડામાં અને આ અન્ય આદીવા–સીઓના બાળકોના શિક્ષણની સગવડ કરી શકાય તે માટે સંઘના વિવિધ ક્ષેત્રમાં પ્રયત્નો અને કાર્યો ચાલે છે.

નૂતન બાલશિક્ષણ સંઘનું મુખપત્ર "શિક્ષણ–પત્રિકા" આજે ગુજરાતી, મરાઠી, હિન્દી એ ત્રણે ભાષામાં સતત ૨૪–૨૫ વર્ષથી પ્રસિધ્ધ થાય છે. આ શિક્ષણ–પત્રિકા બાલશિક્ષકોને અને વાલીઓને માર્ગદર્શનરૂપ બન્યું છે . બાળકોને પણ શિક્ષણ–

ટેલીફોન : ૨૬–૬૪૯૨ ત્રણલાઇનો

ટેલીગ્રામ : "EILTER" મુંબઇ.

ધી

વૉલેસ ફ્લોર મિલ્સ

કું૦ લિ૦

૯, વૉલેસ સ્ટ્રીટ, ફોર્ટ મુંબઇ–૧

☆ ☆ ☆

એકજ વ્યવસ્થા હેઠળની મેંદો, આટો, રવો, સોજી, બેસન, થુલું વગેરે બનાવતી ભારતની આગેવાન આટાની મિલો.

☆ ☆ ☆

ઘઉંની આયાત કરનારા

અને

આટાની નિકાસ કરનારા

મેનેજીંગ એજન્ટસ :

મેસર્સ વિસનજી સન્સ એન્ડ કું. (પ્રાઇવેટ) લિ૦

મિલો : "એ" ચીંચલવાડી, તારદેવ "બી" અને "સી" અને બેસનની મિલો ઉમરખાડી અને મઝગામ.

પત્રિકાનો અમુક ભાગ ઉપયોગી બને છે. ગયા કેટલા વર્ષોથી મરાઠી શિક્ષણ પત્રિકાનો વ્યવસ્થાવિભાગ પુનામાં હતો. તે બાળમંદીરોના સંચાલકોને અને અધ્યાપક, વર્ગના વિદ્યાર્થીઓને ઉપયોગી થાય છે તેનો મને પ્રત્યક્ષ અનુભવ થયો છે.

આજની આ દ્વિતિય ભારતીય બાલશિક્ષણ પરિષદ કોસબાડ જેવા પછાત ગણાતાં ગામડામા ભરવામાં આવી છે. નૂતન બાલશિક્ષણ સંઘના નેતૃત્વ નીચે મુંબઇ રાજ્યમાં અનેક બાલશિક્ષણ પરિષદો, બાલશિક્ષણ નગરો અને બાલશિક્ષણ સંમેલનો યોજાયાં હતાં. તેમા ૧૯૪૬ માં મુંબઇમા ભરાએલી અને ૧૯૪૭ ની સાલમાં પૂનામાં ભરાએલી બાલશિક્ષણ પરિષદ આ બન્ને સાથે મારો નિકટનો સંબંધ થયો હતો.

આજે કોસબાડમાં ભરાતી પરિષદ માટે આપણે ઘણા આનંદથી આવ્યા છીએ: અને તે નિમિત્તે આપ સૌનું હું હાર્દિક સ્વાગત કરી શકું તે ભાગ્ય મને ફરીથી પ્રાપ્ત થયું છે. આપના જેવા અનુભવી શિક્ષણતજ્ઞો આ પરિષદમાં થનારી ચર્ચામાં ભાગ લેવાના છે તે જાણી મને ખૂબજ આનંદ થાય છે,

મુંબઇ રાજ્યના માજી આરોગ્ય મંત્રી અને હાલના શિક્ષણમંત્રી માનનીય શ્રી. શાંતીલાલભાઇ શાહના હસ્તે આપણી પરિષદનું ઉદ્‌ઘાટન થવાનું છે. તેમની સહાનુભૂતિપૂર્વકની મદદ, બાલશિક્ષણના ઉભયાન્વયી કાર્યની, શારિરીક વિકાસની અને માનસિક વિકાસની સિધ્ધિના માર્ગમાં ઉપયોગી થશે તેવું લાગે છે. સરકાર તરફથી પ્રોત્સાહન અને આર્થિક સહાય મળે તો માર્ગમાં આવતી મુશ્કેલી બહુજ જલ્દીથી દૂર થઇ જાય. રાજ્યકારભારની જોખમદારી ભરેલી જવાબદારી ઉઠાવતા હોવા છતાં, પોતાનો અમૂલ્ય સમય ખર્ચીને કોસબાડ જેવા ગામડામાં આવ્યા છે તે બદલ આપણે તેમના ઘણાં ઉપકૃત બન્યાં છીએ.

જુદે જુદે ઠેકાણેથી આ પરિષદ માટે કેટલાએ અનુભવી કાર્યકર્તાઓ, શિક્ષણતજ્ઞો, બાલશિક્ષણપ્રેમી તેમજ જુદા જુદા શૈક્ષણિક પ્રયોગ તરફ હાર્દિક સહાનુભૂતિ અને સહકાર બતાવનારી વ્યકિતઓ અહિં હાજર છે તે સર્વેનું હું ફરીથી એકવાર સ્વાગત કરૂં છું.

આટલું થયા છતાં મનમાં એક બીક લાગે છે કે શહેરોમાં સહજ પ્રાપ્ત થતી કેટલીયે સગવડો અમે તમને પુરી પાડી શકયા નથી. કેટલીક મુશ્કેલીઓનો અનુભવ તમને વારંવાર થયો હશે તેની અમને ખબર છે પરંતુ તે માટે દિલગીરી વ્યકત કરી શકાય તેટલું જ આપણા હાથમાં છે

આપ સૌ અહિં અમારી મહેમાનગીરીને ઉદારતાથી સ્વીકારી લેશો તેવી ફરીથી એકવાર વિનંતી કરૂં છું. અને તમારા સૌના સહકારથી આ પરિષદ યશસ્વી થાય તેવી પ્રાર્થના કરીને મારૂં ભાષણ હું પુરૂં કરૂં છું.

સર્વત્ર મળે છે. ટે. નં. ૩૮૨૨૧

તંદુરસ્ત બાળકો દેશનું સાચુ ધન છે. બાળકોની તંદુરસ્તી માટે તેમને હંમેશા સંતોષ કુકરમાં બનાવેલ પાષ્ટીક રસોઇ બવરાવો



મુસાફરીનો મિત્ર

સંતોષ કુકર બળતણ વખત, પૈસા તે મહેનત બચાવે છે સંતોષ કુકર કું.
૧૧૯ ન્યુ ચર્નીરોડ, મુંબઇ–૪.

માનનીય શ્રી શાંતિભાઈ શાહનું ઉદ્‌ઘાટન–વક્તવ્ય

કેટલાક દિવસો પહેલાં, બીજી અખિલ ભારતીય બાલશિક્ષા પરિષદના ઉદ્‌ઘાટન માટે જ્યારે શ્રી તારાબેને મને પૂછ્યું ત્યારે ત્રણ બાબતોને લઈને મેં એ સ્વીકાર્યું. એક કારણ એ હતું કે એથી મને આચાર્ય શ્રી ભિસેજી સાથે રહેવાનું મળશે, બીજું એ હતું કે શ્રી પાટીલ સાથે મને મળવાનું બનશે અને ત્રીજી બાબત એ હતી કે શ્રી તારાબેનના કામની મને કંઈક જાણકારી મળે. એમ તો હું શ્રી તારાબેનના તંત્રીપદે પ્રગટ થતી શિક્ષણ–પત્રિકા ખૂબ રસથી વાંચતો હતો. હું કેટલાય વર્ષોથી એનો ગ્રાહક પણ હતો. ત્યારે મને એમ થતું કે આ મહારાષ્ટ્રીય બેન આટલું સરસ ગુજરાતી લખતા બોલતાં કયાંથી શીખી આવ્યા? હું ખરેખર "શિક્ષણ–પત્રિકા"માંથી ખૂબજ વાંચવા જેવું વાંચી એના પર મનન કરતો. પરંતુ બીજું કામ અને રાજનૈતિક ક્ષેત્રમાં પડી જવાથી હું આ ક્ષેત્રથી જરા દૂર થતો ગયો. 'શિક્ષણ–પત્રિકા'ના વાંચન માટે પણ સમય મેળવી ન શકયો. પરંતુ પરોક્ષ રીતે શ્રી તારાબેનની કાર્યશક્તિ અને કાર્ય માટે મને ખૂબજ માન હતું અને છે. પણ એમનો પ્રત્યક્ષ અને નજીકનો પરિચય મળે એ માટેજ મેં અહીં આવવાનું વિચાર્યું.

પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંગે હું ઊંડો ઉતરી શકયો નથી પરંતુ અનુભવથી કંઈક શીખ્યો છું ખરો. હું બારમાં રહું છું. ત્યાં પણ બાળમંદિરો છે. મારા બાળકો બાળમંદિરમાં જતા ગયા. ત્યાં એમનો વિકાસ થતો ગયો. આ પરથી મને લાગ્યું કે ૬ વર્ષ પછી બાળક પ્રાથમિકશાળામાં જાય ત્યાર પહેલાં આવા બાળમંદિરમાં એનું જવું જરૂરી છે. છતાં મને એક શંકા રહી ગઈ કે આ બાળમંદિરો પૈસાદારો માટેજ ઉપયોગના છે. ગરીબો માટે એ મુશ્કેલ વાત હતી. શહેરના પછાત અને ગ્રામીણ બાળકો માટે આજે સરકાર પૂરતી આર્થિક સહાય આપી શકતી નથી, પરિણામે જનતાએજ એ માટેની ચળવળ ઉપાડી લેવી જોઈએ. પૈસાદારોના બાળકો માટે એ (Luxury) એશોઆરામ જેવી ચીજ બની રહે છે. પરંતુ હું માનતો આવ્યો છું કે બાળકોના વિકાસ માટે આ બાળમંદિરો જરૂરી છે.

આજથી કોઈ બે ચાર વર્ષ પહેલાં હું અહીં બોર્ડી આવ્યો હતો ત્યારે મેં બાલવાડી જોઈ હતી. એ વખતેજ મારા મન પર એ છાપ પડી કે મુંબઈમાંથી બોર્ડી સુધી આ વા આવી પહોંચ્યો છે. અને હવે ગામડે ગામડે ફેલાતો જાય છે તેથી મને આનંદ થાય છે. ઉપર મેં જણાવ્યું તેમ મેં કેળવણીના ક્ષેત્રે રસ ન લીધો અને રાજનીતિના કામમાં પડી ગયો. અને હવે અત્યારના પ્રધાનમંડળમાં જ્યારે મને કેળવણી બાતું સોંપવામાં આવ્યું ત્યારે મને કેળવણીની જરૂરિયાત સમજાઈ. આજની આ બાલશિક્ષા પરિષદમાંથી મને કંઈક જાણવાનું મળશે એ માટેજ હું ખાસ અહીં આવ્યો છું. એટલે હું મારા પોતાનાજ ફાયદા માટે અહીં આવ્યો છું.

બાલવાડી મુંબઈથી બોર્ડી અને હવે બોર્ડીથી અહીં કોસબાડ આદિવાસી ભાગ સુધી પહોંચી છે, એનો શ્રેય મુ. શ્રી તારાબેન તથા એમના સહકાર્યકર્તાઓનેજ ફાળે જાય છે.

પૂર્વ પ્રાથમિક શિક્ષણનો પ્રશ્ન સરકાર માટે કઠિન છે. ભારતમાં ૬ થી ૧૪ વર્ષની ઉંમરના બાળકો માટે પ્રાથમિક શિક્ષણ મુફત અને ફરજિયાત થાય એવી આપણા બંધારણમાં જોગવાઈ કરવામાં આવી છે. આ પછી માધ્યમિક શાળાઓ અને વિશ્વ વિદ્યાલયોનું શિક્ષણ તો છેજ. પૂર્વ પ્રાથમિક શિક્ષણ માટે બંધારણમાં ઉલ્લેખ નથી. સરકારી દૃષ્ટિએ પ્રાથમિક શિક્ષણ માટે એની પહેલી જવાબદારી છે. આપ સૌ કદાચ એમ કહેશો કે બાળકનો માનસિક વિકાસ આ કેળવણીને અભાવે ઠીક ઠીક નહિ થાય પરંતુ હું આનો જવાબ આપવા લાયક નથી. શ્રી તારાબેનજ એનો જવાબ આપી શકશે. હું આજ શીખવા આવ્યો

છું. આ માટે આ પરિષદમાં આપ સૌ ચર્ચા કરવાના છો પરંતુ એટલું તો ચોકકસ છે કે આ બાલવાડીનો પ્રચાર હવે શહેરમાંથી ગામડા તરફ આગળ વધતો રહ્યો છે.

આ કાર્યને વેગ આપવા માટે સરકાર પાસે આર્થિક સુવિધા નથી. શ્રી માલિનીતાઇ પરાંજપેએ એમના ભાષણમાં સરકાર પાસેથી એ માટે અપેક્ષા રજૂ કરી હતી. શ્રી તારાબેને એમના વકતવ્યમાં જણાવ્યું તેમ બાળકના વાલીઓની આર્થિક સ્થિતિ એવી નથી કે તેઓ આ કામ પાછળ પૂરતો ખર્ચ કરી શકે. પણ સરકાર તો, આપ જેટલું આપશો તેટલુંજ એ તમને આપી શકશે. હું થોડાંક દિવસ પહેલાં અહમદનગર ગયો હતો. ત્યારે સ્વાભાવિક રીતેજ ત્યાંની ઝૂંપડીઓમાં રહેતા લોકોને મળવાનું મને મન થયું. હું ત્યાં ગયો. મેં એમના બાળકો માટે પૂછયું ત્યારે એમણે મને જણાવ્યું કે એ તો ઢોર ચારવા જાય છે. શાળામાં જતાં નથી. તેમણે મને જણાવ્યું કે અમારા બાળકોને અમે શાળામાં મોકલીએ તો પછી ઢોરોને સંભાળે કોણ? એટલે આવી જગ્યાએ Creshe જેવું હોવું જોઇએ; એમ લાગે છે.

આર્થિક સવાલ જેમ ગરીબ માતપિતાઓ પાસે છે એવોજ સરકાર માટે પણ છે. ઉપર હું કહી ગયો તેમ સરકારને પૂરતા પૈસા મળતા નથી. એ તો તમારા ગજવામાંથી લઇ, તમનેજ એ આપે છે. હું તો કહીશ કે તમે જો સરકારને ન આપો તો પણ સીધાજ આપો પણ આપો ખરા. સરકાર માટે, તો આ સવાલ મુશ્કેલજ છે.

બાળમંદિરમાંના શિક્ષણ સાધનો ઓછામાં ઓછા ખર્ચે અને ગામડાંઓમાંજ બનેલા હોય એ જરૂરી છે. શહેરમાંના સાધનોનો ઉપયોગ આદિવાસી વિભાગમાં ન થાય એ જોવું જોઇએ. કારણ કે એમની રહેણી કરણી એથી જૂદી છે. તેમને અનુકૂળ એવાંજ સાધનો બનાવવા જોઇએ. એથી ખર્ચ ઓછો થશે અને એમની પરિસ્થિતિને વધુ ઉપયોગી બની શકશે.

શ્રી તારાબેનના આ કાર્યથી મને ખાત્રી છે કે પૂર્વ પ્રાથમિક શિક્ષણનો પ્રવાહ ગામડાં તરફ વધુને વધુ વહેતો થશે. એમની હિંમત એમની દૃઢતા એમની કાર્ય ધગશ અને એમની શુભનિષ્ઠા માટે મને માન છે, તેઓ અને એમના સાથીઓ ખૂબ ઉત્સાહથી આ ક્ષેત્રનો જરૂર વિકાસ કરી શકશે એવી મને શ્રધ્ધા છે. હું શિક્ષણશાસ્ત્રી નથી તેમ આ ક્ષેત્રમાં એટલો ઊંડો ઉતરેલો નથી કે હું અનુભવથી કંઇક નવા વિચારો મૂકી શકું. પરંતુ તમારા આ કાર્યથી મને ખૂબ આનંદ થયો છે. આ પરિષદને સંપૂર્ણ સફળતા મળે એ સાથે હું આ પરિષદને ખૂલ્લી જાહેર કરું છું.

કેસ્ટ્રોફીન મેન્યુફેકચરીંગ કું. વલ્લી, મુંબઈ–૧૮.

દ્વિ. અ. ભા. બા. શિ. પરિષદના ઉદ્ઘાટના પ્રસંગે

પૂ. શ્રી કાકાસાહેબે આપેલું પ્રાસંગિક પ્રવચન

મિત્રો.

આ રમણીય અને મનોહર સ્થળ પ્રત્યે મને છેલ્લા ૩૦ વર્ષથી આકર્ષણ રહ્યું છે. સ્વાસ્થ્ય લાભ માટે સૌ પ્રથમ સ્વામી આનંદ મને અહીં લઈ આવેલા. અહીંનો સમુદ્ર, અહીંની રંગબેરંગી વનરાજી, અહીંનાં પક્ષીઓનો મધુર કલરવ અને અહીંના અમૃતફળોએ મારું મન હરી લીધું છે. પણ આ સમદ્ર, આ નાના નાના પર્વતો, અને આ મીઠાં મધુરાં ફળો, કરતા પણ હું આચાર્ય શ્રી ભિસે તરફ વધુ આકર્ષાયો. એમના વિદ્યાર્થીઓ સાથે અમે સમુદ્ર તટે પ્રાર્થના કરવા જતા. ત્યારે હાસ્યમૂર્તિ શામરાવ સાથે મારો પરિચય થયો. એમની સેવા વૃત્તિ અપૂર્વ હતી. આ સ્થાનનું પૂણ્યજ એવું છે કે આચાર્ય ભિસેની પ્રેરણા તળે અહિનાં સમાજે અપૂર્વ પ્રગતિ સાધી છે. એમનાજ કાર્યને વેગ આપવા શ્રી. તારાબેન અહીં આવી પહોંચ્યાં.

શ્રી તારાબેન સૌરાષ્ટ્રમાં હતા ત્યારથીજ મને એમનો પરિચય છે. ત્યાર પછી તેઓ મુંબઈ આવ્યા. અને ત્યાં તેમણે બાળમંદિર–અધ્યાપન મંદિર શરુ કર્યું અને બાળ કેળવણીના એમના મીશનને એમણે વેગ આપ્યો. પણ ધનવાનો તો પોતાના બાળકોને સારા સંસ્કાર મળે, સારું શિક્ષણ મળે એ માટે પૈસા ખર્ચવા તૈયાર હતા. એટલે શિક્ષકો પણ એમની પાસેથી પૂરો લાભ લેતા. પરિણામે એ ધનવાનો માટેજ બની રહે–પણ શ્રી તારાબેનના પારમાર્થિક મીશનને આ કેમ પાલવે ? વીંછી કરડે તેમ તેમને આ વાત દુભવા લાગી. એટલે તેઓ ગામડા તરફ વળ્યાં. અને એમના મીશનને આગળ ધપાવ્યું.

મહાત્મા ગાંધીજીએ તો આપણા શિક્ષણ માટે એ વિધાન પહેલાજ બતાવ્યું હતું કે આપણું શિક્ષણ ગામડામાં જવું જોઈએ. શિક્ષણના સાધનો ગામડામાંથીજ મેળવવા જોઈએ. ગામડાનાજ કારીગરો પાસે એ તૈયાર કરાવવા જોઈએ. એમ કરવાથી ગામડાની ગરીબી દૂર થશે. શિક્ષક પણ ગામડાનોજ હોવો જોઈએ. અને આવો શિક્ષક એક કુશળ કારીગર હોવો જોઈએ. આજના શિક્ષકો તો જીભ ચલાવે છે. હાથ ચલાવતા નથી. ચલાવવા માગતા નથી. આજે જે શિક્ષકો આપણે મેળવીએ છીએ. તેઓ કોલેજમાંથી–શિક્ષણ મેળવેલા હોય છે. પુસ્તકીયા કીડા હોય છે. પરિણામે બાળકોને એવુંજ શિક્ષણ મળે છે. આજના શિક્ષકો સિદ્ધાંત સમજે છે. તેઓ હુન્નર ઉદ્યોગમાં ૩૦ ટકાજ પાસ થયા હોય છે. આજના આપણા ભારતમાં કુશળ કારીગર હોય એવાજ શિક્ષકોની જરૂર છે. એટલા માટેજ હું કહું છું કે ગામડાના કારીગરોને બોલાવી તેમને અનુકૂળ શિક્ષણ આપી શિક્ષક બનાવવા જોઈએ. તેઓજ બાળકોમાં સારા સંસ્કાર, ઉત્તમ ચારિત્ર્ય અને સારું શિક્ષણ સીંચી શકશે.

અહીં બેઠેલા રાજ્યના કેળવણી મંત્રી શ્રી શાંતિભાઈને હું સૂચવીશ કે તેઓ એવો કાયદો બનાવે કે જે ઉદ્યોગમાં પ્રવીણતા મેળવે તેમનેજ શિક્ષકો બનાવવા જોઈએ. સૌથી પ્રથમ પ્રવેશ પરીક્ષા હુન્નર ઉદ્યોગનીજ હોવી જોઈએ. આમાં જે પાસ થાય તેમને આગળનું શિક્ષણ આપવું જોઈએ. આજની કેળવણી લીધેલી વ્યક્તિઓ ત્રણ આંગળીથીજ કલમ ચલાવવાનું કામ શીખે છે, તેઓ દસેય આંગળીઓનો ઉપયોગ કરતા નથી, કરવાનું પસંદજ કરતા નથી. ત્રણ આંગળીથી કલમ ચાલે અને દસ આંગળીથી સુતારનો રાંપો ચાલે. શિક્ષણ મંત્રીજી જો આ ચીલો પાડશે તો એથી શિક્ષણ–ક્ષેત્રે જબરદસ્ત ક્રાંતિ થશે. શિક્ષણના ક્ષેત્રમાં અનેક મહત્ત્વપૂર્ણ ફેરફારો થશે. મહાત્માજી તો કહેતા હતા કે ઉદ્યોગ–હુન્નરમાં જે પ્રવીણતા મેળવે કુશળતા દાખવે તેમનેજ સ્કોલરશીપ–છાત્રવૃત્તિ મળવી જોઈએ. આવા શિક્ષકો કોઈપણ કામ કરતાં શરમ નહિ અનુભવે. તેમનું પછાતપણું પણ દૂર થશે. એમનામાં અખૂટ શ્રધ્ધા જન્મશે

અને આખો સમાજ આગળ વધશે. આજના શિક્ષણ શાસ્ત્રીઓ પોતાના ધંધાનીજ વાતો કરે છે. આપણી આ પરિપાટ આવી ટોક-શોપ ન બને એ જોવું જરૂરી છે.

શ્રી તારાબેનને એ સુંદર અને શુધ્ધ વિચાર આવ્યો છે કે તેમણે આદિવાસીઓ કે જેઓ આપણાં કરતાં ૨૫ દાયકા જેટલા પછાત છે. તેમના શિક્ષણ માટે પ્રયોગો અને પ્રયત્નો શરુ કર્યા છે. પણ હું તો એમજ કહીશ કે આદિવાસીઓના શિક્ષણ માટે આદિવાસીઓને અનુકૂળ એવું જ. શિક્ષણ, એવીજ શિક્ષણ પધ્ધતિ હોવી જોઇશે. શહેરી પધ્ધતિ એમને માફક નહિ આવે. એમને એમની રીતેજ આગળ વધવા દેવા જોઇશે. શિક્ષણ શાસ્ત્રીઓએ શિક્ષણનું સ્વરૂપ દોરવું જોઇશે અને સમાજ શાસ્ત્રીઓએ એને વેગ આપવો જોઇશે. આમ થશે તોજ સર્વદેશીય પ્રગતિ સંભવી શકશે.

એકવાર ગાંધીજીએ કહેલું કે દેશ લડાઈમાં ઉતરે કે ન ઉતરે તે નકકી કરવાનું કામ સેનાપતિ નથી કરતા. પણ દેશના નેતાઓ કરે છે. અને લડવાનું નકકી થાય તો સેનાપતિઓને આદેશે છે.

ત્યારપછીજ સેનાપતિઓ વિચારે છે કે લડાઈ જીતીયે શી રીતે. લડાઈ કરવી કે ન કરવી એ નકકી કરવામાં સેનાપતિ વિદ્વન્ય નથી ગણાતા પણ તજ્ઞ હોય છે. તેવીજ રીતે નવી પેઢીને કયા આદર્શ પ્રમાણે કેળવવી, સંસ્કૃતિને કેવું રૂપ આપવું એ નકકી કરવાનું કાર્ય રાષ્ટ્રના નેતાઓનું છે. એ આદર્શ અને એ દિશા નકકી થયા પછી નવી પેઢીને એ પ્રમાણે કઇ રીતે કેળવવી તે નકકી કરવા પાછળ પોતાની બધી શકિત અને કુનેહ વાપરવાનું કામ કેળવણીકારોનું છે.

બાળકોને બાળકોના સ્વાતંત્ર્ય વિષે આદર હોવો જોઇએ. પણ બાળકો વ્યસન તરફ, પાપ તરફ, અથવા આત્મઘાત તરફ જતા હોય તો

અનુસંધાન પેજ ૨૫ મું જુઓ

પરિષદનુ સ્વરૂપ

દ્વિ અ. ભા. બા. પરિષદ પ્રસંગે શ્રી તારાબેન મોડક આપેલું પ્રવચન

આપણે અહીં એક આદિવાસી ગામડામાં ભેગા થયા છીએ. એ બધાં ગિરિજન અને રાનીજન છે. આપણે એમની જેમ નિસર્ગ જીવનનો મસ્ત આનંદ લૂંટી નહીં શકીએ. કારણ આપણે તે દૃષ્ટિએ નિસર્ગ પાસેથી દૂર ગયા છીએ. આપણે સુખવિલાસ જેતો કરીએ તો પણ આપણી પ્રાથમિક જરૂરિયાતો અને ટેવો એટલી જુદી બની છે કે તેથી આ આદિવાસી ગામડામાં પણ ચાર દિવસ માટે અહિ નાનકડી મુમ્બાપૂરી જ ઉભી કરવી પડી છે. આપણે આ પરિષદમાં શહેરની પછાત વસ્તીની બાળ કેળવણીને કેન્દ્રમાં રાખીને વિચારો કરવાના છીએ. એ વિચારમંથનમાંથી આ વિષય ઉપર વધુ પ્રકાશ પડવાનો છે. આ કાર્યને વધુ ચાહના મળવાની છે. શહેર અને ગામડું, શ્રીમંત અને ગરીબ. સુશિક્ષિત અને અશિક્ષિત, છતવાળા અને અછત-વાળા એ પ્રકારના અમાનુષ હદ સુધી પહોંચેલા બે છેડા મેળવી દેવાનાં માર્ગ ઉપર આપણે પગલાં માંડવાના છીએ. તેથી આ પરિષદની આવા સ્થળમાં જે યોજના થઇ તેનું સમર્થન થઇ શકયું છે.

આ સ્થળ નિસર્ગરમ્ય અને શાંત છે. જીવ-નની ધમાલ, કારખાનાઓનો ખડખડાટ, ઉતાવળ, ગીર્દી, વગેરે શહેરૂ જનક વાતોથી આપણે દૂર આવ્યા છીએ. નિસર્ગના રૂપો અહીં આપણને સ્ફૂર્તિ આપી રહ્યાં છે. દૂરનો પેલો સાગર, ધીર ગંભીરતાથી આપણને ઊંડો ઊંડો વિચાર કરવા પ્રેરી રહ્યો છે. અહિની વનરાજીઓ કહી રહી છે કે સૌદર્ય અને પ્રાણ બગીચાઓમાં જ હોય છે એમ નથી. જંગલમાં પણ તે પડેલો હોય છે. અહીંના જીવનમાં જોશ અને જોમ છે. આ ડુંગરોની માળાઓ વિચારોમાં સ્થિર થવાનું આપણને સૂચવી રહી છે. આસપાસના આ લીલાછમ ખેતરો પૃથ્વીમાતાનો પથરાએલો પ્રેમ સુચવે છે. ધરતીમાતાના ખોળામાં કોઇ પણ શું કામ ભૂખ્યા રહે ? આવા અનુકૂળ વાતાવરણમા પરિષદના સૂકાની તરીકે વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, અનુભવ વૃદ્ધ તપસ્વી એવા ઋષિમુનીનો સાથ મળ્યો. પરિષદના ઉદ્‌ઘાટન માટે શ્રી. શાન્તિલાલ ભાઇ જેવા લોકનેતા ઉપસ્થિત છે. તેમજ શ્રીમતી માતુશ્રી શાંતાદેવી ગાયકવાડ ઉપસ્થિત છે. આવા કુદરતના વાતાવરણમાં તેમજ વિદ્વા-નોના સહવાસમાં પરિષદને સુંદર માર્ગદર્શન થશે એની મને ખાત્રી છે.

અમારા આ ૧૫૧૬ વર્ષના અનુભવથી જે કંઇ વિચારો અમને સૂઝયા અને જેનું અમે આચરણ કર્યું તે આપ સૌ જેવા બાળકેળવણીના કાર્યકર્તાઓ આગળ મૂકવા અને આપણે બધાં અરસપરસ વિચારોની આપલે કરીને બાલ કેળવણીને દૃઢ કરવી એ ઉદ્દેશથી એક ગ્રામીણ કાર્યકર્તાઓનું સંમેલન બોલાવવું એવો વિચાર અમારી ગ્રામ બાલ શિક્ષા કેન્દ્ર સમિતીનો હતો, અને તે દિશામાં અમારી હિલચાલ પણ શરૂ થઇ હતી. એજ અરસામા સંઘના મુખ્ય મંત્રી શ્રી. શે. ના. નામજોશી અને ઇન્દોર શાળાના મંત્રી શ્રી. શાલિની બેન મોઘેનો આગ્રહ થયો કે, ૧૯૫૫ માં ઇન્દોરમા સ્થાપાએલી અખિલ ભારતીય બાલ શિક્ષણ પરિષ દનું અધિવેશન બોલાવશો અને તેની આગળ ચર્ચાના વિષય તરીકે ગ્રામીણ અને શહેરના પછાત વસ્તીની બાળ કેળવણીનો વિષય રાખશો. નૂતન બાળ શિક્ષણ સંઘ તરફથી પ્રથમ અધિવે-શનમાજ આ આમ ત્રણ આવ્યું હતુ. તેથી આ પરિષદ યોજવામા આવી છે.

પરિષદ આગળના વિષયના ત્રણ ભાગ કરીને તે દરેક પરની ચર્ચા માટે જુદી જુદી બેઠકો યોજવામાં આવી છે. સાથોસાથ નિદર્શનો અને બાલમેળાને પણ અધિવેશનમા સ્થાન

આપવામાં આવ્યું છે. એ દિવસની ચર્ચાને અંતે પરિષદને જો કોઇ ફેરવો કરવાનું યોગ્ય લાગે તો તે આખરની બેઠકમાં થઇ શકશે.

પ્રદર્શન :

આ પરિષદના મંડપની બાજુમાં જ એક નાનું પ્રદર્શન યોજવામાં આવ્યું છે. ગ્રામીણ વિભાગોમાં બાળકેળવણી કયાં સુધી પહોંચી છે તેની કલ્પના આ પ્રદર્શન આપશે. તેના પરથી આપણે આ દિશામાં કેટલા આગળ જઇ શકીશું તેનો પણ આપણે વિચાર કરી શકીશું. ગ્રામીણ અને શહેરી પછાત વિભાગના બાળકોના ચિત્રો અને હસ્તકામ પણ અહીં રજૂ કરવામાં આવ્યું છે.

બાલવાડીમાં સાધનો કયાંથી લાવવા ? એ સાધનો ન હોય તો બાળકોને ત્યાં શું કામ આપવું એવો પ્રશ્ન ગ્રામ બાળ શિક્ષકો આગળ સતત હોય છે. ગમે તેમ કરીને સાધનો મેળવવાનો એમનો પ્રયત્ન હોય છે. સાધનો વિના શિક્ષક જો જાગૃત રહે તો કેટલી પ્રવૃત્તિઓ યોજી શકે અને ત્યાં ને ત્યાં જ સાધનો ઉપજાવી શકે છે, એ બધું બતાવવા માટે એક વિભાગમાં આ પ્રકારની અહિ રોજ બાલવાડી ચાલશે. તેના તરફ સૌનું ધ્યાન ખેંચું છું.

આ પરિષદમાં ચર્ચા માટે લીધેલો પ્રશ્ન એક અતિ વિકટ રાષ્ટ્રીય પ્રશ્ન છે. દેશની કેળવણીના કાર્યક્રમમાં બાળકેળવણીને શું સ્થાન મળ્યું છે તેના ક્રમાંક કયાં આવે છે એ આપણે આંખો ખોલીને જોવું જોઇશે અને દેશ નેતાઓને બતાવવું જોઇશે. ઉચ્ચ, માધ્યમિક, અને પ્રાથમિક કેળવણી. ટેકનીકલ, વ્યાપારી કેળવણી, સમાજશિક્ષણ વગેરે વિભાગો ઉપર આપણે કેટલું ખર્ચ કરીએ છીએ અને ગ્રામીણ બાળકેળવણી ઉપર તેના પ્રમાણમાં શું કરીએ છીએ તે જોઇને નિષ્કર્ષ કાઢવાનો રહેશે. જો આપણા અભ્યાસ ઉપરથી બાળકેળવણીને સ્થાન જ ન હોય અથવા તો તેનું નામ માત્ર સ્થાન હોય તો પછી શું ? બાળ-કેળવણીની આ પરિસ્થિતિ બદલવા માટે આપણે કેવા ઉપાયો યોજીશું. તે નકકી કરવાનું રહેશે. આ પ્રશ્નોની ઘંટડી બીલાડીના ગળામા જો આપણામાંથી કોઇ ન બાંધે તો આ પરિષદ પાઠયપુસ્તકની વિનોદી વાર્તા સુજબ એક હાસ્યા સ્પદ ઘટના બનશે.

આજ દેશની બધી બાજુની જરૂરીયાતો એટલી મોટી તથા તાત્કાલિક છે અને તે દરેક એટલી બધી ગીર્દી કરે છે... કે જાત્રાને વખતે થર્ડ કલાસના ડબ્બામાં જેમ ગીર્દીમાં ચગદાઇ જવાનો વારો આવે તેવી ધકકા ધકકી ચાલી રહી છે. ડબ્બાની અંદર મોટાંઓની ધકકાધકકીમા નાના બાળકો તો બિલકુલજ ચગદાઇ જાય છે. આપણા બાલશિક્ષણની અને વિશેષત: જેનો કોઇ પણ બેલી નથી એવા ગ્રામીણ અને શહેરી ભાગમાં બાલશિક્ષણની બિલકુલ તેવીજ અવસ્થા થઇ છે. અને તેમાંથી આ બાળકાર્ય જીવત બહાર નીકળી શકશે કે ?, એવી શંકા થયા કરે છે.



કોસમ્બાડના આદિવાસી બાળકોનું તો બાજુએ રહ્યું, પરંતુ પાલઘર, દહાણુ, ઉમરગામ, જેવા નાના નાના શહેરમાં આ બાલ મંદિરો સરળ રીતે ચાલી શકતા નથી. કારણ ખર્ચ કેવી રીતે પૂરો પાડવો એ મોટો પ્રશ્ન એમની સામે ઉભો રહે છે. ખર્ચ પૂરો થઇ શકે એટલી ફી પણ રાખી ન શકાય. અડધી ફી અથવા ઓછી ફી રાખીએ તો પણ તેટલી ફી આપનાર પૂરા બાળકો મળતા નથી, તેથી શિક્ષકનો પગાર ઓછો કરવો પડે છે. તાલિમ પામેલા શિક્ષકને કાઢી નાંખીને ગામની ફાયનલ થઇને ઘરે બેઠેલી છોકરી ઉપર કામ સોપવાનો નિર્ણય વ્યવસ્થાપકોને લેવો પડે છે. અને ગમે તે રીતે રગશીયા ગાડાની જેમ બાલમંદિર ચાલે છે અથવા બંધ પણ થાય છે. આ થઇ સર્વ સામાન્ય નાના ગામની સ્થિતિ પછી અત્યંત ગરીબીમાં સબડતા તથા કેળવણીમાં પછાત એવા ભાગો વિષે શું બોલવું ?

આટલું હોવા છતાં પણ શહેરમાંના પછાત વિભાગનું તથા ગામડાનું બાળકેળવણીનું કાર્ય જીવંત રહ્યું છે. એટલું જ નહિ પણ વધતા પ્રમાણમાં એનો ફેલાવો થાય છે. એ ખરેખર અભિનંદન તથા ઉત્સાહજનક લાવનારી બાબત છે.

આ કામનું મહત્વ સમજીને તેમાં કામ કરનારા ઘણા સમાજ કાર્યકર્તાઓ આગળ આવી રહ્યાં છે. તેમના જ પરિશ્રમને લીધે જ આ કેળવણી જોર પકડી રહી છે તેમાં શંકા નથી.

પૂ. મહાત્માજીએ કસ્તુરબા ટ્રસ્ટ કાર્યમાં ગ્રામીણ બાલશિક્ષણનો સમાવેશ કરવાથી ટ્રસ્ટ તરફથી વિસ્તૃત ક્ષેત્રમાં ગામડામાં આનો ફેલાવો થયો છે.

તે જ પ્રમાણે ભારત સરકારે સ્થાપન કરેલા સોશ્યલ વેલફેર બોર્ડ દ્વારા આ ગરીબ ગામડામાં તથા શહેરના પછાત વિભાગમાં બાલશિક્ષણનું કાર્ય મોટા પ્રમાણમાં શરૂ થયું છે એની નોંધ લેવી આવશ્યક છે.

ખરું જોતા આ બન્ને સંસ્થા તથા અખિલ ભારત બાલશિક્ષણ પરિષદે એક બીજાની વધુ નિકટ આવવું જોઇએ. તે કેટલે સુધી અને કેવી રીતે થઇ શકે એ તપાસીને તે દિશામાં પગલાં લેવાનું એક મોટું કામ પરિષદનું છે.

આખરે એક મહત્વના ભયસ્થાન તરફ બધાનું ધ્યાન ખેંચી મારું ભાષણ પુરું કરીશ. ભારતમાં અનેક વ્યકિતઓ, સંસ્થાઓ અને સંસ્થા મંડળો બાળ કેળવણીનું કાર્ય કરી રહ્યાં છે. જ્યાં અનેક વ્યકિતઓ કામ કરે છે ત્યાં જુદા જુદા પ્રયોગો થાય અને વિચાર આચારમાં ફેર આવે એ સ્વાભાવિક છે એટલું જ નહિ પણ તે લાભમાં હોય છે. રત્નાગિરીમાં એક પ્રકારની, ગોવામાં બીજા પ્રકારની, મદ્રાસમાં ત્રીજા પ્રકારની. તો ગુજરાતમાં ચોથા પ્રકારની કેરી ઉત્પન્ન થાય છે. એમાં બોટું કશું જ નથી એથી વિવિધ સમૃદ્ધિ વધે છે. તેમ આપણામાં જુદા પણું હોય એમાં કશુ જ બોટુ નથી એ સ્વાભાવિક છે. તેથી



બાલ ઉપયોગી ધુનપાંપેશ્વરના ઓષધો

" કુમારી આસવ નં. ૩ "

શરદી, કફ, કબજીયાત વગેરે માટે

★

બા લ જી વ ન

બાળકોના શારિરીક વિકાસ માટે

આપણી વચ્ચે અંતર આવે તેનું કોઇ કારણ નથી. અંતર પડવાના ચિન્હતન દેખાય તો તરત જ આપણે જાગૃત થવાની જરૂર રહે છે. આપણામાં પંથ પડે, પોતાના મતનો દુરાગ્રહ વધે, અને બીજાના મત વિષે તુચ્છ ભાવ આવતો હોય તો માત્ર આપણે પોતાના જ કાર્યને હાની પહોંચાડીયે છીએ એ આપણે સમજવું જોઇએ.

આપણે બધાંએ બાળહિત સામે રાખીને બાળકની અર્ભકાવસ્થામાં, શૈશ્વાવસ્થામાં અને બાળ વયમાં તેના વિકાસને પોષક એવું વાતાવરણ સર્જવા માટે અને તેને બાધક તત્ત્વો દૂર કરવા માટે મથનારા છીએ. આપણું કાર્ય માનવજાતિના વિકાસમાં પાયાનું છે. એની અગત્યતા હજી આપણે સરકાર અને લોકોને સમજાવવાની છે. આપણે બધાએ પોતપોતાનો લડાયક સરંજામ એક કરીને બાળકેળવણીની વિરુધ્ધમાં જે કાંઇ ગેરસમજણ, આક્ષેપો, અને ખોટો પ્રચાર થતો હોય તેનો સામનો કરવાનો છે. સરકાર અને સરકાર-પ્રેરીત શંકાસ્પદ સંસ્થાઓ આગળ આપણી મુશ્કેલીઓ એક અવાજથી રજુ કરવાની છે. જનતામાં બાળક પરત્વેની સાચી દૃષ્ટિ, યોગ્ય ભાવના પ્રેરીને તેમનો સહકાર સાધવાનો છે.

આપણી આગળ કાર્યનો વિશાળ પ્રદેશ પથરાયો છે. આપણે આજ સુધી જે પ્રગતિ કરી છે તે પહોંચવાનાં લક્ષના પ્રમાણમાં ઓછી હોય તો પણ જે મુશ્કેલીઓમાંથી આપણે આપણો માર્ગ કાપી રહ્યા છીએ તેથી તે ખરાબ નથી. બે વર્ષ પહેલા અખિલ ભારતીય બાલ શિક્ષણ પરિષદ શરૂ થઇ. તેણે એક તો આ ક્ષેત્રમાં કાર્ય કરતી જુદી જુદી સંસ્થાઓને એકત્ર કરી છે. તેથી આપણે એક ઠેકાણે આવી વિચારોની આપલે કરીએ છીએ. પરિષદ આગળ બીજુ મહત્વનું કાર્ય એ છે કે પરિષદના કાયમી પ્રમુખ ડો. ઝકીર હુસેને કહ્યું છે, તે મુજબ સરકાર અને બાળકેળવણીનું કાર્ય કરનાર સંસ્થાઓ વચ્ચે સાંકળરૂપ બનવું તે માટે આ પરિષદમાં કેટલાક ઠરાવો પસાર કરવાની જરૂર છે. તે તમે બધાં વિચારી લેશોજ.

અખિલ ભારતીય શિક્ષણ પરિષદમાં બાળ કેળવણીનો વિભાગ હોય છે. એમાં કેટલાક પ્રશ્નો ચર્ચાતા આવ્યા છે. પરંતુ આ પ્રશ્ન એટલો વ્યાપક છે અને પ્રત્યક્ષ કાર્યની દૃષ્ટિથી એટલો શાસ્ત્રીય (technique) થતો જાય છે કે આજ કામ માટે અખિલ ભારતીય સ્વરૂપની એક સ્વતંત્ર પરિષદ જરૂરનીજ હતી, આ પરિષદ આખું વર્ષ કામ કરીને દર વર્ષે કોઇ ઠેકાણે મળીને થએલા કામની સમાલોચના તત્પરતાથી કરશે એવી આશા વ્યકત કરીને મારું વક્તવ્ય પુરૂં કરું છું.

નવી ડિઝાઇનોનું સુંદર પુસ્તક

આમાં ૬૪ આકર્ષક ડિઝાઇનો, ૩૪ જુદી જુદી ટાંકોઓની આકૃતિઓની માહિતી સાથે.

કિં. રૂા. ૩-૦-૦ ટપાલ ખર્ચ જૂદું. વ્યાપારિક પૂછપરછ માટે લખો:

* એસ. મધુકર એન્ડ બ્રધર્સ *

ટ્રામ નાકું, દાદર મુંબઇ-૧૪.

શ્રી કાકાસાહેબ કાલેલકરે

દ્વિ. અ. ભા. બા. પરિષદના અધ્યક્ષપદેથી પરિષદ પૂર્ણાહુતિ સમયે આપેલું ભાષણ

અહીં આવતા વેંત મંડપના નામ તરફ ધ્યાન ગયું. બોધિસત્વ મંડપ એ નામ બધી રીતે ઉચિત છે. જ્યારે આપણે બુધ્ધ પરિનિર્વાણના અઢી હજાર વર્ષના ઉત્સવ કરીએ છીએ તે વખતે એ નામ તો ઉચિત છે જ પણ બીજી રીતે પણ આપણા આદર્શને આ નામ અનુરૂપ છે.

જે જીવ બુધ્ધ થવા નિકળ્યો તેને બોધિસત્વ કહે છે. અનેક જન્મ સુધી મહેનત કરી અનેક પારમિતા એટલે કે ઉત્કૃષ્ટતા મેળવ્યા પછી બોધિ–સત્વનો બુધ્ધ થાય છે.

પણ મહાયાન પંથમાં બોધિસત્વ કહે છે કે હું એકલો બુધ્ધ થાઉં તેમાં મને રસ નથી. મને મોક્ષ કે નિર્વાણ મોહું મળે તો વાંધો નથી પણ બીજા અનેક દુ:ખી અને દબાયેલા જીવોને દુ:ખ મુકત કરૂં એ આનંદ મને વધારે આકર્ષક છે. દુ:ખી દબાયેલા અને અનાથ એવા જીવોને બધી રીતે સહાયભૂત થતા એમના ઉત્કર્ષને કારણે જે આનંદની લહરીયો ઉઠે છે તે મારે માટે બસ છે. મારો એકલાનો મોક્ષ, અરસિક મોક્ષ લઈને શું કરૂં. એ બોધિસત્વનું વચન છે.

मुच्यमानेषु सत्वेषु ये ते प्रामोद्य सागराः।
तै रेव ननु परियाप्तम् मोक्षेणा रसिके नकिम्॥

આજ આદર્શથી પ્રેરાઈને આપણે બાળ–કોને, ગામડાના બાળકોને અને તેમાંએ પછાત કોમના, ગ્રામીણ બાળકોને કેળવવાના છીએ.

આપણી સંસ્કૃતિ અનેક રીતે ઉજ્જવળ છે. દુનિયાના બધાજ દેશો હવે આપણી સંસ્કૃતિ પ્રત્યે આકર્ષાયા છે. દુનિયાને પિડાતા સવાલોનો ઉકેલ આપણું આપણી સંસ્કૃતિને જોરે આણી શકી શું એ જાતનો વિશ્વાસ દુનિયાને થવા લાગ્યો છે. છતાં આપણી સંસ્કૃતિમાં એક મહાન દોષ, એક મહાપાપ આપણે હજારો વર્ષથી સંધરતા આવ્યા છીયે. તે છે ઉંચનીચ ભાવ. અમૂક કોમને, જાતીને કે વર્ણને શ્રેષ્ઠ ગણી બીજાને હીન ગણવી તે ઈશ્વર પ્રત્યે અને માનવતા પ્રત્યે દ્રોહ છે. આપણે સમાજમાં ચાર વર્ણ પાડયા એમાં વાંધો ન ઉઠાવાય. તે એક પ્રયોગ હતો. પણ અમૂક વર્ણ ઉચ્ચ, અમૂક વર્ણ નીચ એમ નકકી કરી ઉચ્ચ વર્ણને ખાસ અધિકાર અને નીચ જાતિઓને દરેક જાતની હાડમારી અને સામાજીક ઉપેક્ષા એ વ્યવસ્થા પાછળ માનવતાનો દ્રોહ છે. સૂક્ષ્મ અતિ સૂક્ષ્મ જીવ પ્રત્યે આપણે અહિંસા વૃત્તિ કેળવી અને દયાભાવ રાખ્યો. પણ દયા એ એક વસ્તુ છે અને આદર અને આત્મિયતા એ જોખી વસ્તુ છે.

કોઇ ભિખારીને એકું ખવરાવવામાં આપણે દયા ભાવથી પ્રેરાયા હોઇએ પણ એમાં એ જીવ પ્રત્યે આદર કે આત્મિયતા નથી હોતાં. આપણા મુરબ્બીઓ કે સગાંવ્હાલા ભૂખથી ટળવળતા હોય તોયે આપણે તેમને એકું ખવરાવતા નથી કેમકે તેમ કરવામાં દયાભાવ સાથે તુચ્છભાવ અને તિરસ્કાર હોય છે,

આજે આપણે જે રાષ્ટ્રીય, સાંસ્કૃતિક કે આધ્યાત્મિક જાગૃતિ આણવાનો પ્રયત્ન કરીએ છીએ તેના મૂળમાં દબાયેલા હીનમાં હીન વ્યક્તિ પ્રત્યે પણ આપણા મનમાં આત્મિયતા અને આદરભાવ હોવા જોઇએ. પછાત કોમ આપણી સેવા, આદરયુક્ત સેવાની અધિકારી છે. તેમના વ્યકિતત્વ પ્રત્યે પૂર્ણ આદર રાખીને આપણે તેમની સેવા કરી શકીએ છીયે.

દરેકના વ્યક્તિત્વ પ્રત્યેના આદર સાથે, એની સ્વતંત્રતા પ્રત્યે પણ આપણી અનુકૂળતા હોવી જોઇએ. પછાત કોમોને આધુનિક જમાનાનો આખો વારસો મળે એવો પ્રયત્ન આપણે કરવાનો. જ્ઞાન, વિજ્ઞાન, કૌશલ્ય, પ્રતિષ્ઠા, સ્વાભિમાન અને

શ્રધ્ધા એ બધી શ્રેષ્ઠ વસ્તુઓનો વારસો એમને આપણે આપવાના છીએ. પણ એ સારી વસ્તુ પણ આપણે એનાપર લાદવાના નથી. નાના બાળકોને જેમ આપણે દોરતાં દોરતાં, કેળવતાં કેળવતાં, સ્વતંત્રતા અને સ્વાશ્રય તરફ લઇ જઇએ છીએ તેમ કુદરતના બાળકો જેવી પછાત કોમોને પણ બધી જાતની સ્વતંત્રતામાં અધિકારી આપણે બનાવીયે.

એ ત્યારેજ બને જ્યારે આપણે બધી કોમમાં, બધા ધર્મમાં અને બધા પંથના લોકોને એકત્ર રહેવાની કળા શીખવી, બધા સાથે રહે, સાથે રાંધે, સાથે જમે, બધાના જાજરૂ સાફ કરે, એક બીજાની સેવા કરે અને એક બીજાના સુખદુ:ખથી બધા સુખી અને દુ:ખી થાય ત્યારે આપણે એક સમાજ થઇ ગયા એમ કહી શકાય.

આ પ્રવૃત્તિ દેશ આખામાં ફેલાવવા માટે આપણે દેશના એક એક પંચક્રોશીના વિભાગ કરવા જોઇશે. પંચક્રોશી એટલે પાંચ કોશ કે દશબાર માઇલના ઘેરાવામાં આવતો પ્રદેશ. પંચક્રોશીમાં મુખ્ય સ્થાને એક, બધી રીતે વિકસીત પૂર્ણ બાલમંદિર ચલાવીયે, અને તેની આસપાસ નાના મોટા ઉપ બાલમંદિરો ચલાવીયે. એ છે આદર્શ. જેમ જેમ શિક્ષકો મળતા જાય તેમ તેમ બાલમંદિરોમાં સંખ્યા વધારીયે. મુખ્ય બાલમંદિરમાં છાત્રાલય હોવું જોઇએ. તેમાં શિક્ષકો તેમના કુટુંબીઓ –અને મંદિરના બાળકો સાથે રહે એવી ગોઠવણ હોવી જોઇએ. એવા આશ્રમોમાં અથવા વિદ્યાલયોમાં ભણતા વિદ્યાર્થીઓનું ચારિત્ર્ય નવી સંસ્કૃતિને અનુકુળ એવું ઘડાશે.

આવા બાલમંદિરોમાં આપણો પ્રધાનમંત્ર અથવા આપણું વ્રત હોવું જોઇએ "**बाल देवो भव :।**" જૂના જમાનામાં **मातृ देवो भव:। पितृ देवो भव:। आचार्य देवो भव:।** એવો આદેશ અપાતો. હવે આપણો આદેશ છે **बाल देवो भव:। छात्र देवो भव:।** પ્રત્યક્ષ ભગવાન બાળરૂપ ધારણ કરી આપણને સેવાની તક આપે છે એવી શ્રધ્ધાથી આપણે બાલવાડીઓ અને વિકાસવાડીઓ ચલાવવી જોઇએ.

બાલ શબ્દ **बल** પરથી આવ્યો છે. જે બળવાન છે એટલે કે જેનામાં માનવની તમામ શક્તિઓ સુપ્ત રીતે વસે છે તેને આપણે બાલ કહીયે છીયે. એ સુપ્ત શક્તિઓ આજના જમાનાને ઉપયોગી થાય તેવી રીતે વિકસાવવાનું કામ આપણું. એવા બાલમંદિરો કોણ ચલાવે? પુરૂષો કે સ્ત્રીઓ? એ સવાલ અહીં ઘણો ચર્ચાયો. એ બાબતમાં શા માટે મૂંઝવણ હોવી જોઇએ. બાળકોને જન્મ આપે છે મા–બાપ મળીને. તેમના ઉછેરની જવાબદારી, એ બંન્નેની એટલે સ્ત્રી પુરૂષની છે. સ્ત્રી અને પુરૂષ બંન્નેના સહવાસ દ્વારાજ બાળકોનું વ્યક્તિત્વ પૂર્ણ રીતે ખીલે છે એની ચર્ચા આપણે સાંભળી. બાળકોને ફકત સ્ત્રીઓનોજ સહવાસ મળે અથવા ફકત પુરૂષોનોજ સહવાસ મળે તો એમનો વિકાસ એકાંગી થવાની બીક રહે છે.

સુખી ઘર અને આરોગ્યને માટે માત્ર એકજ ઉપાય.

તેને માટે

વડીલોને ઘરમાં દર ક્ષારયુકત દવાઓ કેવી રીતે વાપરવી તેની માહીતી હોવી જરૂરી છે.

આ દવાઓ નુકશાન કરતી નથી, અને તરત પરીણામ દાયક અને ગુણકારી છે. નાના ગામડામાં જયાં દાકતર મળવા મુશ્કેલ છે ત્યાં આ દવાઓ રાખવી આવશ્યક છે આજેજ માહીતીપત્ર મંગાવો.

ન્યુ ઈરા હોમીયો ફાર્મસી.

નૂર બિલ્ડીંગ, દાદર મુંબઇ–૨૮

ખરૂ જોતા દરેક શિક્ષકમાં પુરૂષ અને સ્ત્રી બંન્નેના સ્વભાવના તત્વ હોવા જોઇએ. ઇસુખ્રિસ્ત વિષે કહેવાય છે કે એનામાં પુરૂષ અને સ્ત્રી બંન્નેનું હૃદય હતું. ગાંધીજી વિષે તો આપણો પ્રત્યક્ષ અનુભવ છે કે એમનામાં પિતા અને માતાના બંન્ને તત્વો પૂરતા પ્રમાણમાં હતા, શિક્ષક પુરૂષ હોય કે સ્ત્રી હોય એનામાં એ બંન્ને તત્વો હોવા જોઇએ.

એટલે બાલવાડી ચલાવનારા સેવકોમાં પુરૂષ અને સ્ત્રી બંન્ને હોવા જોઇએ પણ એમાં પુરૂષો કરતાં સ્ત્રીઓની પ્રધાનતા હોવી જોઇએ કેમકે કુદરતે બાળકો માટે સ્ત્રીઓનો સહવાસ વધારે જરૂરી માન્યો છે.

બાળકોમાં તમામ શકિતઓના બીજ રહેલા છે એવી શ્રદ્ધા જે શિક્ષકોમા છે તેનેજ હું આસ્તિક કહું છું. બાળકોની શકિત વિષે વિશ્વાસ આદર અને શ્રદ્ધા હોય તેજ શિક્ષક બની શકે. બીજાઓએ એ ધંધો બેડવોજ નહીં.

બધાજ મા–બાપો અને શિક્ષકો સારા હોતા નથી. કેટલાક બાળકો પ્રત્યે બેદરકાર હોય છે, કેટલાક કઠોર હોય છે, કેટલાક .મારે છે, ઝૂડે છે, ગાળ દે છે અને છતાં એ બધી કઠોરતા સહન કરી બાળકો મા–બાપ અને શિક્ષક પ્રત્યે પ્રેમ અને આદર દાખવે છે. શ્રદ્ધાથી એમને વળગે છે. આટલી હૃદયની ઉદારતા સંતો અને મહાત્માઓજ બતાવી શકે છે. આ ઉદારતાની દિક્ષા આપણે આપણા બાળક વિદ્યાર્થીઓ પાસેથી લઇશું તો આપણું જીવન કૃતાર્થ થશે. **बाल देवो भव:** । એ સુત્રમાં આ આખો ભાવ રહેલો છે.

બાળકોને અક્ષરજ્ઞાન કયારે અપાય તેની થોડી ચર્ચા આપણે કરીયે. શિક્ષકોનો અનુભવ છે કે બાળકોને વહેલામાં વહેલી તકે અક્ષર જ્ઞાન અપાય એ વિષે મા–બાપો અને વાલીઓ અધીરા અને ઉતાવળા હોય છે. શિક્ષકોને લાચાર થઇને, તે માગણી પૂરી પાડવી પડે છે. તેવા શિક્ષકોની વ્હારે ધાઇને હું મા–બાપને નમ્ર છું કે અક્ષરજ્ઞાન જરૂરી અને મહત્વનું હોવા છતાં તે કેળવણીમાં યથાક્રમે આવવું જોઇએ. જેમ બાલ–વિવાહ આપણે વખોડીએ છીયે તેમ બાલ અક્ષર–જ્ઞાન વખોડવું જોઇએ.

આસપાસના વાતાવરણને કારણે બાળક બહુજ નાની ઉંમરે પણ અક્ષરજ્ઞાન શીખવા વિષે ઉત્સાહ બતાવે છે પણ તેથી બાલ અક્ષરજ્ઞાનથી થતું નૂકસાન ટળતું નથી. જો બાળકોને નિરીક્ષણ પરીક્ષણ અને પ્રયોગ કરતાં શીખવીયે, ઉદ્યોગ હુન્નરમાં તેમનો પ્રવેશ કરાવીયે તેટલુંજ નહીં પણ અક્ષરોની મદદ વીના વાણી અને કામની મદદથી સાહિત્ય સાથે પરિચય કરાવીયે અને પછી કવિતા, નાટક, સંવાદ અને કથાશ્રવણ દ્વારા સાહિત્યરસ ખીલ્યા પછી જો અક્ષરજ્ઞાન આપીએ તો ઓછી મહેનતે વિના પરિશ્રમે અને બહુજ ટૂંકા સમયમાં બાળકોને અક્ષરજ્ઞાન આપી શકાય



છે તે અનુભવની વાત છે. મેં એવા પ્રયોગો કર્યાં છે. ગાંધીજીએ પણ કર્યો છે. એટલે જ આગ્રહ–પૂર્વક કહીયે છીયે કે અક્ષરજ્ઞાન વિષે ઉતાવળ ન કરાય. ડ્રોઇંગ શિખવામાં વાંધો નથી. આકૃતિ જોઇ આકૃતિ કાઢવી એ સીધો વ્યાપાર છે. પણ ધ્વનિનું રૂપાંતર આકૃતિમાં કરવું અને આકૃતિનું ધ્વનિમાં એ અટપટો વ્યાપાર છે. ડ્રોઇંગમાં હાથ બેઠા પછી અક્ષરનો પ્રારંભ કરાય એ ગાંધીજીનો આગ્રહ હતો.

હવે તો આપણે એવી સંસ્કૃતિ ખીલવવા માગીયે છીયે. એના શુભ સંસ્કાર ઉછળતી પેઢીના બાળકોને આપવા માગીયે છીયે. પૂર્ણ આસ્તિકતા સાથે અને ઇશ્વરનો આશીર્વાદ મેળવી આપણે આ કામ કરીયે. આ કામ સરકારી જડખાતા મારફતે બરાબર ન થઈ શકે. મેડમ મોન્ટેસોરી; ગીજુભાઈ, તારાબેન કે એવા જ વત્સલ હૃદય પાસેથી જેમણે દિક્ષા લીધી છે એવા લોકોનુ આ કામ છે. એવા–ઓની સલાહ પ્રમાણે સરકાર ચાલે અને જોઇતી મદદ આપે. કાયદા કાનૂનના લોઢાના બંધનમાં બાલ કેળવણીની સંસ્થાને સરકાર બાંધી ન નાખે અને સમાજ સેવકોનું અપમાન ન કરે.

મોન્ટેસોરી જેવા પ્રતિભાશાળી કેળવણીકાર પાસેથી પ્રેરણા મેળવ્યા પછી તેમના ગુણનો સ્વીકાર ન કરીયે તો નગુણા કહેવાઇએ પણ આપણે તેમના નામના અને–પંથના અભિમાની ન બનીયે. તેમના વચનો આપણને પ્રેરણા જરૂર આપે. તેમના અનુભવની કદર કરીયે પણ તેમના વચનોને વેદ વાકય ન બનાવીયે. જેમ માલિક પાસેથી મળેલા અનાજને વાવીને નોકરે એ અનાજ દશગણું કર્યું અને માલિકનો ધન્યવાદ મેળવ્યો તેવીજ રીતે આપણે મેળવેલી પ્રેરણા ઉપર પ્રયોગ અને ચિંતન દ્વારા કેળવણી શાસ્ત્ર ખેડીને આગળ વધીયે અને અનેક જાતની પરંપરાઓનો સમન્વય કરીયે ત્યારેજ આપણે પૂર્વજોના સાચા વારસ ગણાઇએ.

એક ધર્મ સંસ્થાપક, એક ધર્મ ગ્રંથ અને એક સિધ્ધાંત સમુચ્ચય એનેજ વળગી રહેનાર પ્રણાલીને આપણે પંથ કહીયે છીયે. ધર્મ નથી કહેતા. Fact and Relegion વચ્ચે ભેદ કરીયે છીયે તેમ કેળવણીની બાબતમાં પણ આપણે અનેક પંથોનો સ્વીકાર કરી સર્વ સમન્વય કરનાર કેળવણી ધર્મ ચલાવવો જોઇએ. આટલી ઉદારતા, શ્રધ્ધા અને આસ્તિકતા ઇશ્વર આપણને આપે અને બોધિસત્વની પેઠે આપણે આપણા દેશના બાળકોની સેવા કરવામાં જીવનની કૃતાર્થતા અનુભવીયે એજ પ્રાર્થના.

બગડેલા લોહીને સુધારનાર
ડો. વામન ગોપાલનું
સારસાપરિલા વાપરો.

પરિષદ—એક દૃશ્ય

શ્રી. શેષ નામલે.

બે વર્ષ પૂર્વે આજ મહિનામાં ઇન્દોરમાં ડૉ. ઝકીર હુસેનના પ્રમુખપણા હેઠળ જે અખિલ ભારતીય બાલ શિક્ષણ પરિષદની સ્થાપના થઇ તેનું જ બીજું અધિવેશન થાણા જીલ્લામાંના કોસબાડ ગામમાં ગઇ તા. ૫, ૬, ને ૭ ના દિવસોમાં ખૂબ ઉત્સાહથી પાર પડયું.

આ અધિવેશન પશ્ચિમ ભારતમાં પોતાના એકત્રીસ વર્ષના કાર્યને લીધે પ્રસિધ્ધ થએલા નૂતન બાલ શિક્ષણ સંઘે બોલાવ્યું હતું. આ અધિવેશનનું પ્રમુખપદ ગાંધી યુગના મહાન પુરસ્કર્તા શ્રી. કાકાસાહેબ કાલેલકરે શોભાવ્યું હતું. આ પરિષદમાં મલબાર, દિલ્હી, કાનપુર, કલકત્તા, ઇન્દોર, જેવા દૂરદૂરના પ્રદેશમાંથી કેટલાય બાલ શિક્ષણ પ્રેમી પ્રતિનિધીઓ આવ્યા હતા. મુંબઇ રાજ્યના પ્રતિનિધીઓની સંખ્યા, આ પરિષદ આ જ રાજ્યમાં આ વખતે યોજવામાં આવી હોવાથી સ્વાભાવિક રીતે વિશેષ હતી. કચ્છ, સોરાષ્ટ્ર, ગુજરાત મહારાષ્ટ્ર, કોંકણ અને નાગપુર વગેરે પ્રદેશોમાંથી આઠસોની ઉપર પ્રતિનિધી આવ્યા હતા.

પરિષદનું સ્થળ એ એક આ પરિષદનો કુતુહલનો વિષય હતો. આટલી મોટી અખિલ ભારતીય પરિષદનો પથારો જ્યાં ટપાલઘર પણ નથી એવા ૩૦–૪૦ ઝુંપડીઓવાળા ગામડામાં શા માટે અને તે માટે કોસબાડ ગામડાની જ પશંદગી શા માટે ? આવો પ્રશ્ન ઉપસ્થિત થાય તે સ્વાભાવિક છે. જ્યાં કંઇજ સગવડ નથી ત્યાં બહુસંખ્ય શહેરી પ્રતિનિધીના નિવાસ માટે એક પ્રતિનગર નિર્માણ કરીને આટલો મોટો ખર્ચ અને આ ધમાલ શેને માટે ? અનેક વર્ષે શહેરે શહેરે ભરાતા કોંગ્રેસના અધિવેશનને આ જ રીતે ગાંધીજી પહેલા હરિપુરા ગ્રામીણ વિભાગમાં લઇ ગયા હતા. આપણા દેશના બહુસંખ્ય લોકો ગામડામાં રહે છે. આ ક્ષેત્રમાં નવજીવન નિર્માણ કરવું હોય તો તેનું દિશાસૂચન ગ્રામીણ જનતાને શબ્દોદ્વારા નહિ પણ પ્રત્યક્ષ કૃતી અને આચાર દ્વારા બતાવવાનું અનિવાર્ય છે. પરિષદના આ ત્રણ દિવસમાં કોસબાડની અદિવાસી જનતાને શું શું દેખાયું ? તેમના મન ઉપર શી છાપ પડી ? ઉપર રાખનું થર ચઢવાથી નિસ્તેજ દેખાતા તેમના જીવનમાં કઇ નવી આશા જાગી હશે ? આ પ્રશ્નો મારી દૃષ્ટિએ પરિષદમાં થએલી બૌદ્ધિક ચર્ચા કરતા પણ અતિ મહત્વના છે.

કોસબાડમાં ડાંગરની ખેતીના સંશોધનને લીધે પ્રસિધ્ધ થએલી કૃષિ વિદ્યાલની ટેકરી ઉપરના પ્રાંગણમાં પરિષદ માટે ખાસ 'ગિજુભાઇ ગ્રામ' ઉભું કરવામાં આવ્યું હતું. તેઓ ભારતમાં બાલ શિક્ષણની ચળવળ ચલાવનાર નૂતન બાલ શિક્ષણ સંઘના આદ્ય સંસ્થાપક હતા. આ બાબતને લીધે તેમના સેવા સમર્પણની સ્મૃતિ બાલશિક્ષણ રસિકોના મનમા ફરીને તાજી થઇ. કોસબાડની આસપાસમાં મળી આવતું લાકડું, વાંસ, કારવીનના છોડની સોટીઓ, ચટાઇ, નાની મોટી માટલી એનો અત્યંત આકર્ષક ઉપયોગ કરીને ગિજુભાઇ ગ્રામની રચના કરવામાં આવી હતી. આ નગરની નિર્ગંધ, મૂત્રી, ગોપુરી સંડાસ સામુદાયિક સ્નાનગૃહો, નળ, વિજળીના દીવા રસ્તાની વ્યવસ્થા તેની સ્વચ્છતા એ શહેરી પ્રતિનિધિને જેટલી નવી લાગી તેટલી ગામડાનાં લોકોને ઉદ્બોધક થઇ પડી હશે એમા શંકા નથી. આખા ગ્રામમાં માટીના રંગ અને વાસણો, બાજુરી, તાડ, નારીએળીના પાનની સાદડીઓનો કુશળતાપૂર્વક ઉપયોગ કરીને ઠેકઠેકાણે રંગોળી અને ચિત્રો કરવામાં આવ્યા હતા. આજુબાજુ ટેકરીઓ, સામે આંબા, તાડ, નારીએળી, બજુરીની વનરાજી, દુર દુરથી દેખાતો પેલો પશ્ચિમી સમુદ્ર અને એ સમુદ્રની ગરમીને લીધે ગુલાબી બનેલું વાતાવરણ એ બધાને લીધે ગ્રામીણ અને નાગરિક સુસંસ્કાર સગવડતાનો અહિ

સુંદર સમન્વય સાધ્યો હતો. પરિષદની વચ્ચોવચ બોધિસત્વ નામ આપીને ભવ્ય મંડપ ઉભો કર્યો હતો. તેની બાજૂમાં બાળકોનું ગ્રામીણ હસ્ત વ્યવસાયનું અને ગ્રામીણ શૈક્ષણિક સાધનોનું આકર્ષક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પાસેજ એક આદર્શ બાલવાડી ત્યાં પ્રત્યક્ષ ચલાવીને બતાવવામાં આવી હતી. દૈનિક કાર્યક્રમ સવારે પાંચ વાગે પ્રતિનિધિને મીઠી નીંદરમાંથી ઉઠવા ગિજુભાઇ ગ્રામમાં ફરનારા વૈતાલિક પ્રભાત સંગીતથી શરૂ થતો હતો. સવારે સર્વ પ્રકારની ગ્રામ સફાઈ, સાંજે પ્રાર્થના અને લોકરંજનનો કાર્યક્રમ, સ્ત્રી-પુરૂષોનો સ્વયંપૂર્ત કાર્યક્રમ આમ બધું જોમ આવેલા પ્રતિનિધીઓને ગમી ગયું તે જ પ્રમાણે આ બધા કાર્યક્રમોથી નવજીવનની છાપ ત્યાંના આદિવાસી અને ગ્રામીણ જનતા ઉપર સારી પડી હતી. પરિષદને આ એક બહુ મોટો લાભ થએલો કહેવાય. ગિજુભાઇ ગ્રામ નવજીવન સંસ્કારનું ચાલતું, બોલતું, સ્વયંશિક્ષણ ઉદ્બોધક ગ્રામ બન્યું હતું. ત્યાંની ચર્ચા કરતાં આ નગરમાંના પ્રાત્યક્ષિકોની છાપ મારા મન ઉપર વિશેષ પડી છે.

આ પરિષદની બીજી વિશેષતા એટલે મુંબઇ પ્રદેશના વિશ્વવિદ્યાલયની, ઉપ શિક્ષણ સંસ્થાના પ્રતિનિધીની હાજરી ગણી શકાય. સૌરાષ્ટ્રનું લોકભારતી વિશ્વવિદ્યાલય, ગુજરાત વિશ્વવિદ્યાલય તરફથી ચાલતી બી. એમ. ઇન્સ્ટીટયુટ ઓફ ચાઇલ્ડ સાયકોલોજી એન્ડ ડેવલપમેન્ટ વિભાગ વડોદરા વિશ્વવિદ્યાલયનો ગૃહવિજ્ઞાન વિભાગ, ટાટા ઇન્સ્ટીટયુટ ઓફ સોશ્યલ સાયન્સેસના કુટુમ્બ અને બાલકલ્યાણ વિભાગના પ્રતિનિધી આ પરિષદમાં આવ્યા હતા. ઉચ્ચ શિક્ષણનું કાર્ય કરનાર આ સંસ્થાનો સંપર્ક બાલશિક્ષણની લોકપ્રિય ચળવળ સાથે જોડાઇ ગયો.

એથી મને બાલશિક્ષણનું ભાવિ ઉજ્વળ પ્રગતિનું સૂચક લાગે છે. બાલશિક્ષણની લોકગંગામાં આ વિશ્વવિદ્યાલયીન શાસ્ત્રીય વિચાર સરણીનો પ્રવાહ તળવાથી આ ચળવળ વધુ શુધ્ધ અને ઉપયુકત એવું વિરાટરૂપ ધારણ કરશે એવી આશા પરિષદના આ અધિવેશનદ્વારા નિર્માણ થઇ છે.

પરિષદના સ્થળ તરીકે કોસબાડ પસંદ કરવાનું મુખ્ય કારણ, કોસબાડ–ઓર્ડી–ગોલવડ આ પ્રદેશ એટલે સેવામૂર્તિ આચાર્ય ભિસેજી અને શ્રીમતી તારાબેન મોડકની તપોભૂમિ. છેલ્લા કેટલાય વર્ષોથી આ બન્ને કાર્યકર્તાઓનું અહીં રચનાત્મક કાર્ય થતું હોય છે. કૃષિ વિદ્યાલયની આજુબાજુજ શ્રીમતી તારાબેનેની વિકાસવાડી સ્થાપન કરવામાં આવે છે. શ્રીમતી તારાબેનની આ વિકાસવાડી યોજનાને ભારત સરકારે બીજી પંચવાર્ષિક યોજનામા સ્વીકાર કર્યાથી આ યોજનાનો શીલારોપણ વિધિ પરિષદના શુભ મુહર્ત વખતેજ વડોદરાના માતુશ્રી મહારાણી શ્રીમતી સૌ. શાંતાદેવી ગાયકવાડના શુભ હસ્તે કરાવવામાં આવ્યો હતો આપણા દેશમાં ગ્રામીણ અને પછાત પરિસ્થિતિના પૂર્વ–પ્રાથમિક અને

જોઇએ છે

અમદાવાદ, ખેડા, બારડોલી, બોરસદ તથા ગુજરાત બહારના પ્રાંતો માટે ગુજરાતી ભાષા જાણનાર, અનુભવી, અગર પૂર્વ પ્રાથમિક શિક્ષણ પદવી પ્રાપ્ત સીનીયર ટ્રેન્ડ વા ફા. શિક્ષક–શિક્ષિકા.

સંગીત, ચિત્ર આવડત, અનુભવ સટીર્ફી–કેટોની નકલો અને બીજા વિષયોની આવડતની માહિતી સાથે નીચેના સ્થળે

લખો યા મળો :

સંસ્થાપર રહીને કામ કરી શકે તેવાં પણ ચાલશે. અનુભવી અને ટ્રેન્ડ અરજીઓ પર વિચાર થશે.

' કિલ્લોલ બાલ મંદિર '
હિંમત નિવાસ, મ્યુ. માર્કીટ પાસે,
એલિસબ્રિજ, અમદાવાદ–૭.

પ્રાથમિક કેળવણીના અનેક વિકટ પ્રશ્નોમાં 'વિકાસ વાડી યોજના' એ શ્રીમતી તારાબેન અને નૂ. બા. શિ. સંઘે સૂચવેલો ઉત્તર છે. ગ્રામીણ બાલશિક્ષણનો એક રાષ્ટ્રીય પ્રયોગ કેસવાડમાં થવાથી એને એક નવું મહત્ત્વ પ્રાપ્ત થાય છે. આ પ્રયોગ અંગે પરિષદમાં એક પણ શબ્દ ન ઉચ્ચાર્યો હોવા છતાં પરિષદમાં આવેલા વિશેષ મહેમાનોના મન ઉપર આ પ્રયોગની વિશેષ છાપ પડેલી દેખાઈ.

શનિવાર તા. ૫ મીએ બપોરે ત્રણ વાગે મુંબઈ રાજ્યના શિક્ષણ અને કાયદા મંત્રી શ્રી. શાન્તિલાલ શાહના શુભ હસ્તે પરિષદનું ઉદ્‌ઘાટન થયું. શરૂઆતમાં પ્રાર્થના ગીત પછી પરિષદના સ્વાગત પ્રમુખ શ્રીમતી સૌ. માલિનીતાઈ પરાંજપેનું આવેલા મહેમાનોનું હાર્દિક સ્વાગત કરતું ભાષણ થયું, તેમાં તેમણે નૂતન બાલશિક્ષણ સંઘે બાલશિક્ષણનો પ્રચાર (ફેલાવો) ગામડે ગામડે થાય એ દૃષ્ટિથી સંઘના જે પ્રયત્નો અને પ્રયોગો થયા તેનો ટૂંકમાં સારાંશ કહ્યો.

શ્રીમતી માલિનીતાઈના ભાષણ પછી સંદેશ વાચન થયું. તેમાં ઉપરાષ્ટ્રપતિ શ્રી. રાધાકૃષ્ણન, વડા પ્રધાન પંડિત શ્રી. જવાહરલાલ નેહરુ, સંઘ પ્રમુખ શ્રી. મોરારજી દેસાઈ, શ્રીમતી ઈંદીરા ગાંધી, મુંબઈ રાજ્ય મુખ્ય પ્રધાન શ્રી. યશવંતરાય ચૌહાણ લોકસભાના સ્પીકર શ્રી. સીલમ, ગુજરાત વલ્લભ વિદ્યાપીઠ, પુના વિદ્યાપીઠના કુલગુરુ વગેરે અને અન્ય ભારતીય પ્રમુખ નેતાઓના શુભસંદેશા વાંચવામાં આવ્યા હતા. શ્રી જવાહરલાલે પરિષદને અભિનંદન આપતા લખ્યું હતું કે જે વયમાં મનનું વિશેષ ઘડતર થાય છે એવા શરૂઆતના બાલ જીવનના વિકાસ અંગે આપણે આપણી ચર્ચામાં કવચિતજ બોલીએ છીએ. આ બાલ શિક્ષણ પરિષદ આ અત્યંત મહત્વના પ્રશ્ન તરફ આપણું ધ્યાન ખેંચે છે એ જોઈને મને ખૂબ આનંદ થાય છે.

પરિષદના ઉદ્‌ઘાટનના ભાષણમાં મુંબઈ રાજ્યના શિક્ષણ અને કાયદા મંત્રી શ્રી. શાંતિલાલ શાહે કહ્યું, કે પૂર્વપ્રાથમિક શિક્ષણ સંસ્થામાં મારા બાળકોદ્વારા મને અનુભવ મળ્યો છે, તેના ઉપરથી આ અવસ્થામાંના શિક્ષણની જરૂરિઆત અંગે મારી ખાત્રી થઈ છે તેમ છતાં ભારતીય ઘટનાએ અમારા ઉપર પ્રાથમિક શિક્ષણ સાર્વત્રીક કરવાની જે જવાબદારી નાંખી છે તે પૂર્ણ કર્યા સિવાય સરકારની ઇચ્છા હોવા છતાં પૂર્વ પ્રાથમિક શિક્ષણની બાબતમાં કંઈ કરી શકે એવી પરિસ્થિતી નથી. તેથી લોકોએજ આ બાબતમાં આગળ આવીને આવા કાર્યમાં મદદ કરવી જોઈએ.

શિક્ષણ મંત્રીએ પરિષદનું ઉદ્‌ઘાટન કર્યા પછી પરિષદના કાર્યવાહક શ્રીમતી તારાબેન મોડકે પરિષદનું સ્વરૂપ વિસ્તારપૂર્વક સમજાવ્યું, તેમણે જણાવ્યું કે ગયા પંદર સોળ વર્ષથી નૂતન બાલશિક્ષણ સંઘના નેતૃત્વ નીચે અમે ગ્રામીણ અને પછાત વિભાગમાં શિક્ષણ વિષયક અમને જે કંઈ વિચારો સૂઝયાં અને જે કંઈ કાર્ય કર્યું



ફોલ્ડીંગ ખુરચી, પલંગ અને જાળીના જૂના અને જાણીતા





—: બનાવનાર :—

કાન્તીલાલ એન્ડ કું. જાળીવાલા

૩૮–૪૦ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ,
પાયધુની, મુંબઈ નં ૩.
ટેલીફોન : ૩૯૪૪.

તે તમારા બધાની સમક્ષ રજુ કરવું તથા આપણે બધાં ભેગા મળી વિચારની આપલે કરીને ગ્રામીણ બાલશિક્ષણને દૃઢ કરવાનો આ પરિષદનો ઉદ્દેશ છે.

શ્રીમતી તારાબેનના ભાષણ પછી અધ્યક્ષીય ભાષણ થયું. તેમાં આચાર્ય શ્રી કાલેલકરે કહ્યું હતું કે પૂર્વ પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં પ્રજાને આર્થિક મદદ માંગવાનો હક્ક છે. તેમ છતાં આ ક્ષેત્રમાં સરકારનો હસ્તક્ષેપ અથવા બંધન ન હોવું જોઇએ એવો મારો સ્પષ્ટ મત છે. સરકાર, બજાર નિયમબધ્ધ રચના હોય છે. નિયમના બંધનમાં ઘણીવાર નિષ્પ્રાણ નિર્માણ થાય છે. તેને લીધે બાલશિક્ષણને સરકારી બંધનો દ્વારા યોગ્ય સ્વરૂપ મળશે નહિ. બાલ-શિક્ષણને સરકારી આર્થિક મદદ મળે તેટલી સ્વીકારવી પરંતુ તેને યોગ્ય આકાર આપવાનું કાર્ય લોકોએ જ કરવું જોઇએ.

અધ્યક્ષીય ભાષણ પુરું થયા પછી પ્રથમ દિવસનો પરિષદનો કાર્યક્રમ પુરો થયો. ત્યાર પછીના આગળના બે દિવસોમાં કુલ ત્રણ બેઠક મળી. વચ્ચે વચ્ચે બાલશિક્ષણ વિષયક પાઠ અને નિદર્શન તેમજ વ્યાખ્યાનો થયા હતાં. આ ચર્ચાના કેટલાંક મુખ્ય નિષ્કર્ષો નીચે પ્રમાણે છે:-

(૧) જ્યાંસુધી સામાજીક પરિસ્થિતી વિશિષ્ટ આદર્શ સુધી પહોંચી નથી, ત્યાંસુધી બાલવાડીની સાર્વત્રીક આવશ્યકતા સમાજકલ્યાણની દૃષ્ટિથી છે. ગામડામાં કેટલાંક મુખ્ય કેન્દ્રમાં મુખ્ય બાલ-વાડી ચલાવીને આ કેન્દ્રના પંચક્રોશીમાં આંગણ-વાડી અથવા નાની નાની બાલવાડીની યોજના હાલની પરિસ્થિતિમાં પણ કરી શકાય એવી છે.

(૨) આ સંસ્થાના ખર્ચની શકય હોય તે પ્રમાણમાં વાલી જ જવાબદારી સ્વીકારે એવા પ્રયત્નો થવા જોઇએ. સ્થાનિક ગ્રામપંચાયત, સ્વરાજ્ય સંસ્થા તથા સરકારી મદદ પણ તેને મળવી જોઇએ.

(૩) બાલવાડી ચલાવવા માટે તે પરિસ્થિ-તીમાં સમર્થ થઇ શકે એવા શિક્ષકો દ્વારા કામ લેવું જોઇએ, બાળકો સાથે કુદરતી રીતે સ્ત્રીઓનો સંબંધ વિશેષ આવતો હોવાથી બાલવાડીમા શિક્ષિકાઓનું પ્રમાણ વધારે હોવું જોઇએ, પરંતુ તે કામ ફકત સ્ત્રી અથવા ફકત પુરૂષ શિક્ષકોને સોંપવામાં ન આવવું જોઇએ.

(૪) આ બાળકોનું અને તેમના શિક્ષકોની કેળવણી પ્રશિક્ષણ જીવન પ્રશ્નો દ્વારા થવું જોઇએ. તેમાં કોઇપણ પંથીય શિક્ષણ પધ્ધતિનો નિષ્કારણ આડંબર ન હોવો જોઇએ.

(૫) બાલવાડીના શિક્ષણ સાધનો શકય હોય તો સ્થાનિક મળતી વસ્તુમાંથી બનાવેલા હોવાં જોઇએ. બાલવાડીની યોજના સાર્વત્રીક કરવાની દૃષ્ટિથી તે ઓછામાં ઓછાં ખર્ચની હોવી જોઇએ.

(૬) બાલવાડીના કાર્યક્રમમાં લેખન વાચનને સ્થાન આપવું નહિં. આ પ્રકારનું સ્થાન આપ-વાની જરૂરીઆત લાગે તો પણ ફરજિયાત બાળકો પર લદાવું ન જોઇએ.

પરિષદમાં લેવાયેલા નિષ્કર્ષો પૂર્વ પ્રાથમિક સંસ્થાઓને માર્ગદર્શક થઇ પડશે એની મને ખાત્રી છે.

'બાલ શિક્ષણ સાહિત્ય ભંડાર'

બાલમંદિર, ક્રીડાંગણ, બાલ વાંચનાલય અને પુસ્તકાલયોને જરૂરી તમામ સામગ્રી પૂરી પાડનાર

સૂચિપત્ર માટે મળો યા લખો :—

'હિંમત નિવાસ'

કોચરબ, પહેલો ઢાળ, મ્યુનિ. માર્કીટ પાસે, એલિસબ્રીજ, અમદાવાદ-૭.

સર્વ પ્રકારના પ્રશ્નો માટે

☆

આઝાદ પ્રેસ કું૦

☆ ☆ ☆

માધવદાસ પાસ્તા, રોડ.

દાદર, મુંબઇ-૧૪

☆ ☆

ટે. નં. ૬૨૬૬૩.

અનુસંધાન પેજ ૧૭ નું ચાલું

સ્વાતંત્ર્યને નામે એ અધ:પાતના સાક્ષી થવું તે શિક્ષકનું કામ નથી. જંગલમાં પશુ પક્ષીઓને સંપૂર્ણ સ્વાતંત્ર્ય હોય છે. તેવું સ્વાતંત્ર્ય આપણે નથી ઈચ્છતા. તેને આપણે સ્વેચ્છાચાર કહીયે છીયે. એમાં તંત્ર નથી હોતું. આપણે ઈચ્છીયે જીવનમાં તંત્રતો હોવું જ જોઈએ. અતંત્રસ્થિતિ અને પરતંત્રસ્થિતિ ન ચાલે. જોઈએ છે સ્વતંત્ર. પોતાનું તંત્ર. પોતાને હિતકર અને પોતાને ગળે ઉતરેલું તંત્ર. એવીજ રીતે શિક્ષણ શાસ્ત્રીઓ શિક્ષણનું સ્વરૂપ દોરશે, પણ એની સફળતા માટે તો સમાજશાસ્ત્રીઓ અને શિક્ષકોને પ્રયત્નો કરવાં પડશે. યુનિવર્સિટીવાળા સ્વતંત્ર રહેવા માગે છે તેમ શિક્ષણ શાસ્ત્રીઓએ પણ સ્વતંત્ર રહેવું જોઈએ પરંતુ એમણે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે દેશનેતાઓ જે દિશા બતાવે એ દિશાએ જવા એમણે તૈયાર રહેવું જોઈએ.

આમાં વર્ણભેદ, જાતિભેદ કે એવાં કોઇ ભેદ રાખવા જોઇએ નહિ. મહાભારત મનુસ્મૃતિ વગેરેનો અભ્યાસ કર્યા પછી હું કહી શકું છું કે સત્યયુગમાં વર્ણ હતાંજ નહિ. ત્યાર પછીજ આજના આ ચાર વર્ણભેદો અસ્તિત્વમાં આવ્યા છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર એ ચારેયના ગુણ દરેક માનવીમાં હોવાંજ જોઇએ. સમાજ ને સારો બનાવવા તેનામાં રહેલો આ વર્ણભેદ નાબૂદ કરવોજ પડશે. હું પોતે બ્રાહ્મણ છું એટલેજ કહું છું કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર એ ભેદો હવે રહેવાજ ન જોઇએ. રાજનીતિમાં ભાગ લેવા ઇચ્છનારાઓ તો ડરતા ડરતા બોલતાં હોય છે. કારણ કે એમને તમારી પાસેથી મત મેળવવા છે, પણ મારે તો કોઇ રાજનીતિ જોઈતી નથી. હું તો સમાજનો સેવક રહ્યો છું. રહેવા માગુ છું. બેલગામમાં મળેલ કોંગ્રેસ અધિવેશન વખતે મેંજ પાયખાના સાફ કરવાનું કામ માથે લીધુ હતું. મારા ગામના તથા અન્ય બ્રાહ્મણો

હજારો કુટુંબોમાં હવે છૂટથી વપરાય છે.....

ફૂલી

* ખરતા વાળને અટકાવી વાળને વધારે છે.
* મગજને ઠંડું રાખી વાળને મુલાયમ બનાવે છે.
* સફળ પ્રયોગો બાદ એ જનતા સમક્ષ રજુ થયું છે

લોમા પ્રોડકટસની એક અનમોલ કૃતિ

: સોલ એજન્ટસ :
એમ. એમ. ખભાતવાળા
રાયપુર, અમદાવાદ.

: એજન્ટસ :
સ્ટી. નરોત્તમ એન્ડ કું.
મંગલદાસ રોડ, મુંબઇ-૨
ટે. નં. ૩૦૫૭૫ M. P. S.

ઝરણાં

ઝરણાંથી બનતું સુગંધિત તેલ

આપને ત્રિવિધ ફાયદાઓની ખાત્રી આપે છે.

૧. ખરતા વાળને અટકાવી, વાળને ભરાવદાર - અને મુલાયમ બનાવે છે.
૨. મગજને પોષક તત્વો પૂરાં પાડે છે.
૩. શ્રમ, સમય અને સંપત્તિ બચાવે છે.

આજેજ એક બાટલી ખરીદો અને હંમેશના વપરાશનું સર્વોતમ કેશતેલ ઘેરબેઠાં આસાનીથી તૈયાર કરો.....

બધે જ ઠેકાણે વેચાય છે

સોલ એજન્ટ-
સુગંધ ઘર
ખાડીયા, અમદાવાદ

સ્ટી. નરોત્તમની કું.
મંગળદાસ રોડ,
મુંબઇ ૨.
ટે. નં. ૩૦૫૭૫

M. P. S

મારા આ કાર્યમાં જોડાયા. તાત્પર્ય એ છે કે વ્યક્તિની કાર્ય કરવાની દૃઢતા, સાહસ અને વિવેક સૌના મન હરીજ લે છે. હું તો તારાબેનને એમ કહીશ કે તમે તમારી આ બાલવાડીઓમાં ફકત આદિવાસીઓનેજ ન લેતા. પણ સાથે સાથે સેંકડે વીસ ટકા જેટલા જૂદા જૂદા ધર્મવાળા ચારેય વર્ણના ગામના અને શહેરના બાળકોને રાખો. એમ કરવાથીજ આવતી પેઢીમાં આ ભેદો જરૂર નષ્ટપ્રાય બની જશે.

આજનો જમાનો સ્વીકારે છે કે જીવનને સફળ બનાવવા માટે શિક્ષણ છે (Education for life) ગાંધીજીએ આ વાત તો સ્વીકારીજ એટલુંજ નહિ પરંતુ તેમણે એક નવુંજ સૂત્ર બનાવ્યું તે એ કે (Education through life) અર્થાત્ જીવનદ્વારા શિક્ષણ મેળવવું એવી કળા શીખવી જોઇએ.

મને એક પ્રસંગ યાદ આવે છે કે મારી રાષ્ટ્રીય શાળામાં એક વખત ઘણાખરા વિદ્યાર્થીઓ માંદા પડયા. મલેરિયા તાવ આવતો હતો. આજ વખતે ગામમાં પણ આવોજ રોગ ફેલાયો હતો. પરંતુ મેં તો એમની સારવારની સાથે સાથે આવા પ્રસંગે કઇ રીતે સેવા કરવી, કેવી દવા આપવી, અને એવીજ વાતોનું શિક્ષણ મેં વિદ્યાર્થીઓને આપવાની શરૂઆત કરી. પરિણામે થોડાંક દિવસોમાંજ સૌ તાજામાજા થઇ ગયા. ગામના લોકો પણ એથી નવાઇ પામ્યા. સારાંશ એ છે કે જે વખતે જે પ્રસંગે જેવા સંયોગો આવી પડે તેમાંથીજ શિક્ષણની શરૂઆત થઇ જવી જોઇએ. આ પણ એક પ્રકારનું શિક્ષણજ છે. વાવાઝોડાના સમયે ઝુંપડા પડી જાય ત્યારે એ ઝુંપડાઓ ફરી કઇ રીતે ઉભાં કરી શકાય એવું શિક્ષણ ઝટ આપવું જોઇએ. આને માટે મુડદાલ શિક્ષણ કામ નહિ આવે. એમાં તો સક્રિયતા જોઇશે. છાત્રાલયમાં રસોઇનું કામ અંને સાંગીનું કામ દરેક છાત્રે કરવું જોઇએ. એમાં શિક્ષક, આચાર્ય, ગરીબ, અમીર છોકરા છોકરી દરેક ભાગ લે તોજ એથી સમાજમાં રહેલો ભેદ આપ મેળેજ દુર થશે.

બધી જાતીના અને ધર્મના લોકો સાથે રાખે અને સાથે બેસીને ખાય.

શિક્ષા એટલે સજા નહિ, પરંતુ શિક્ષા એટલે કેળવણી. શિક્ષણદ્વારા જીવન મૂલ્યમાં પરિવર્તન આવવાનું છે. શહેરોમાં એ બની નહિ શકે કારણ શહેરમાંનું જીવન લૂંટારૂં છે. ગામડાનું જીવન લુંટવાનું છે. હું મુંબઇથી અહીં આવતો હતો ત્યારે મને કોઇકે પૂછયું :—

આપ કયાં જાઓ છો ?

મેં કહ્યું "કોસબાડ."

કેટલે દૂર છે ?

મેં કહ્યું એ મુંબઇથી બે–અઢી કલાકની દૂરી પર છે પરંતુ ઠીક રીતે જોઇએ તો એ બે પેઢી જેટલું દૂર છે. આદિવાસીઓ માંદા પડે ત્યારે તેઓ અનેક જાતની દેવ દેવીઓની માનતા રાખે છે. તેઓ અજ્ઞાન હોય છે. તેમને રોગ શાથી થાય છે. એની ખબર હોતી નથી. માટેજ તેઓ બીચારા અણસમજૂ છે. ગામડાની બાલવાડીઓ દ્વારા એમના અજ્ઞાનને દૂર કરવાનું છે. એમના જીવનને ઉજાળવાનું છે.

દેશને આગળ વધારવો હોય તો દરેકને યોગ્ય શિક્ષણ આપવું જોઇશે. આટલી મોટી વસતિમાં અમુક ટકા ભણે અને બાકીના અભણ રહે એથી આપણો દેશ આગળ વધી નહિ શકે. નાના કુટુણ-

વીસની એકલાની બુધ્ધિથી પેસ્વાઇ ટકી ન શકી તેમ એકલા જવાહરલાલ નહેરૂથી દેશ આગળ નહિ વધી શકે. આપણે બધાએ એ માટે પ્રયત્ન કરવા જોઇશે.

પરંતુ શિક્ષણનું આ કામ એકલા બાળકને શીખવવાથી નહિ ચાલે. માબાપોની કેળવણી માટે પણ વ્યવસ્થા કરવી જોઇએ. હું આફ્રિકામાં હતો. ત્યારે એક ભલા આદમીએ એક શાળા બોલી હતી. પરંતુ આથી એને સંતોષ થતો નહોતો. કારણ શાળા જેવું જ વાતાવરણ બાળકોને એમના ઘરમાં ન મળે તો શાળાનું શિક્ષણ એળે જાય. એટલે એણે બાળકોના માતપિતાઓ માટે એની શાળામાંજ, આવે ત્યારે ૧૫ દિવસ મહીનો રહેવા આગ્રહ કરે છે એ રીતે માતપિતાઓના, શિક્ષણ માટે, સંપર્ક સાધ્યો છે. આથી માતપિતાઓ પણ એના બાળકના શાળાના શિક્ષણથી માહિતગાર થાય છે. આમ આપણે પણ કરવું જોઇએ. માતપિતાઓને પણ શિક્ષણ આપવું જોઇએ.

શિક્ષણ પ્રધાન શિક્ષણમાં પૈસા આપતી વખતે શિક્ષણ સંસ્થા પર જુદા જુદા નિયમો લાદે છે. એ મને યોગ્ય લાગતું નથી. ગાંધીજીએ અમારી પાસેથી કામ લીધું. અને અમે કર્યું. ત્યારે અમે એમની પાસે અમુક બજેટ રજુ કરી દેતા. એથી વધારે અમે ખર્ચી શકતા નહિ. પરંતુ એક ખાતામાંથી બીજા ખાતા માટે બજેટમાંથી અમે પૈસા લઇ શકતા હતા પણ એની પાછળની અમારી શુભ નિષ્ઠા હતી. પ્રમાણિકતા હતી. અમુક ખાતા માટે આપેલા પૈસા અમુક ખાતા પાછળ શા માટે ખર્ચ્યા, એમ જ્યારે પૂછાય છે ત્યારે કેટલીક વખતે મુશ્કેલીઓ ઉભી થાય છે. "અંગ્રેજીમાં રાજ ચલાવશો તો અમે મત નહિ આપીએ." દેશી ભાષાઓમાંજ રાજ્ય–વ્યવહાર ચાલવો જોઇએ. અને એની સાથે સાથે રાજ્યમાં બોલાતી ભાષાઓને પણ સ્થાન આપવું જોઇએ. મુંબઇનું દ્વિભાષી રાજ્ય એ ખરેખર આશીર્વાદરૂપ છે. હિન્દી ભાષાનો વિકાસ આ દ્વિભાષી રાજ્ય. થીજ થવાનો. કારણ કે મુંબઇ રાજ્યમાં જૂદી જૂદી ભાષા બોલતા માનવીઓ વસે છે. અને એટલે હિંદી સર્વમાન્ય હોવાથી એનો પ્રયોગ મુબઇ વધી જવાનો મુંબઇ સ્વાભાવિક રીતે ભારતની રાજધાની છે. અને તે આપમેળેજ રાજધાની બનશે.

આદિવાસીઓને ભણાવવા માટે પાઠયપુસ્તકોની જરૂર નથી. તેમને હિંદી ભાષા શીખવવામાં ઉતાવળ કરવાની નથી. તેમને તો એમનીજ ભાષા દ્વારા ભણાવવા જોઇએ. ત્યાર પછીજ હિંદી કે અન્ય શીખવવું જોઇએ. હું માનું છું કે શ્રી તારાબેનને આ માટે પૂરતો અનુભવ છે. એમને હું આદરથી સાંભળુ છું. એમનો શબ્દ મારે મન શાસ્ત્ર છે. કારણ કે તેઓ પક્ષપાત રહિત છે. શિક્ષણ મંત્રી પણ કાંઇ ઉપરથી નથી આવ્યા.

સ્વદેશી ભાવના કેળવી ભારતમાં જ બનતી સ્વદેશી બનાવટોને જ ઉત્તેજન આપો

તેઓ પણ આપણામાંથીજ આગળ વધેલા છે. તેમની પાસેથી તેમના અનુભવો પરથી આપણને જે જાણવા મળે તે આપણે લેવું જોઇએ. શીખવું જોઇએ.

અંગ્રેજ સરકાર સાથે ગાંધીજીએ અસહકાર કર્યો. અસહકાર કરવાની રીતો એમણે આપણને શીખવાડી. પણ હવે આપણાંજ સ્વતંત્ર દેશમાં એ રીતે અસહકાર ન થવો જોઇ.એ હું મારીજ સામે અસહકાર ન કરી શકું. એમ કરું તો તો હું બ્લાસજ થઇ જાઉં. હાઇકોર્ટનો જજ સરકારનો હુકમ નથી માનતો. કારણ કે એણે તો એની સામે રહેલા કાયદા–વિધાન પ્રમાણેજ ચાલવું જ પડે છે. એવીજ રીતે લોકસેવા કરતાં કરતાં જે શિક્ષણ–શાસ્ત્રી બને તેમના પર સમાજનું કે રાજ્યનું નિયંત્રણ ન હોવુ જોઇએ. આચાર્ય શ્રી બિસેજીને કોઇ એમ કહે કે તમે મુસલમાનના ઘરનું પાણી ન પીશો તો તેઓ માનશે નહિ. તેઓ તો સંત–ઋષિ છે. ઋષિઓના હૃદયમાંથી જે વાત નીકળે તેજ શાસ્ત્ર છે.

આદિવાસીઓનું આ ગામડું મુખ્યત્વે આશ્રિત છે. અહીંના લોકો અનાજ, ફળ, શાકભાજી પકવી મુંબઇના લોકોને ખવડાવે છે. તેઓ નિર્દોષ અને નિસ્તેજ છે. મુંબઇના લોકોએજ એમને સતેજ અને શિક્ષિત બનાવવા જોઇએ. શહેરી જીવનને નિષ્પાપ અને ગ્રામીણ જીવનને સતેજ કરવુ જોઇએ.

આજે યુગ પલટાતો જાય છે. ગરીબ લોકો પહેલા રોટી માગતા હતા, પણ હવે રોજી માગે છે. ખોટી હરિફાઇને દૂર કરી આપણે સહકારી જીવન શરૂ કરવું જોઇએ.

આમ થતાં આર્થિક મુશ્કેલીઓ આવશે. સરકાર પોતાને માટે ખર્ચ કરતી નથી. એ આપણે જાણીયે છીયે. એ તો નવા નવા કરવેરા નાખી તમારા ગજવામાંથીજ નાણાં કઢાવશે અને તમનેજ એ પાછાં આપશે. એટલે સારું તો એ છે કે સંપત્તિવાન લોકોએ પોતેજ આગળ આવી આ જાતની સંસ્થાઓને શકય તેટલી સહાય આપવી જોઇએ. આપ્યા વગર ખાવુ એ પાપ છે. ચોરી છે. એટલે આ ચોરી, પાપથી મુકત થવું હોય તો આપણે બીજાને આપીનેજ ખાવુ જોઇએ.

પરંતુ આટલુ કરવાથીજ આપણી સર્વદેશીય પ્રગતિ નહિ થાય. આપણે તો વર્ણભેદ રાખ્યા સિવાય દરેક માનવીને યોગ્ય કામ આપવું જોઇએ. જેને ઘરમાં નોકર રાખવો હોય, તેણે હરિજનનેજ રાખવો જોઇએ. તેના હાથે પકાવેલી રસોઈ આવી જોઇએ. તેને એ ન આવડતું હોય તો તેને એ કામ શીખવવું જોઇએ. આમ કરીશું તોજ આપણે જીવનમાં પરિવર્તન લાવી શકીશું. તોજ સમાજમાં ક્રાંતિ આવશે અને આપણે સર્વોદયને પંથે આગળને આગળ વધી શકીશું.

"એ પિલ્સ" નાના બાળકો રાત્રે અજાણતા પેશાબ કરે છે એ બંધ કરવા માટે "એ" પિલ્સ વાપરો. ૧૦૦ ગોળી રૂા. ૩-૦-૦

☆

ડેન–ટોનીક

આનાથી બાળકોને સારી ઊંઘ આવે છે, ભૂખ લાગે છે અને દસ્ત પણ સાફ આવે છે.

દાંત સાફ રહે એ વસ્તુ નાના બાળકોના વિકાસની દૃષ્ટિએ અત્યંત આવશ્યક અને મહત્ત્વની છે. એ માટે બાળક છ માસની વયનુ હોય ત્યારથી "ડેન ટોનીક" શરૂ કરો. આ દવાથી દાંત સુખેથી આવે છે અને કાંઇજ પીડા થતી નથી. કિં. રૂા. ૧–૮–૦

હોમિયો લેબોરેટરી

૧૭૮, ન્યુ ચર્ના રોડ, રામમોહન હાઇસ્કુલ પાસે

મુંબઇ–૪ (M. P. S

દ્વિ. અ ભા. ભા. પરિષદમાં શ્રી તારાબેન મોડકે રજુ કરેલી

વિકાસવાડી યોજનાની રૂપરેખા

આજથી અગિયાર વર્ષ પહેલાં ન. ભા. શિ. સંઘે બોર્ડી નામના નાના ગામડામાં ગ્રા. ભા. શિ. કેન્દ્રની સ્થાપના કરી.

નદીના મંદમંદ પ્રવાહની માફક વહેનારી એ સમયની આ ગંગા આજ ઘણી વિકસીત દેખાય છે તથા તે ઘણા મોટા પ્રમાણમાં પદાર્પણ કરી રહી છે. એક નવીન પ્રયોગ આજથી શરૂ થાય છે. તે સમય અને આ સમયના ઉદ્‌ઘાટનમાં મને સમાનતા જણાય છે. તે સમયે ગ્રામ્ય બાળકોની પરિસ્થિતિનો અભ્યાસ કરીને ગ્રામ્ય વિભાગના બધાંજ બાળકો સુધી બાલશિક્ષણ પહોંચાડવાનું કામ અને તે પ્રશ્ન અમારા સામે હતો. તે અંગેનો થોડોક અનુભવ પણ અમારી પાસે હતો. થોડા વિચારો અને થોડી કલ્પનાઓ પણ હતી. ઉત્સાહ પણ ઘણો હતો. તેવીજ સ્થિતિ આજે છે.

વડની વડવાઇઓ દ્વારા તેનો વિસ્તાર થાય અને તેમાંથી બીજા વડની ઉત્પત્તિ થાય તેવીજ પરિસ્થિતિ અમારી થોડેઘણે અંશે છે. ગ્રા. ભા. શિ. કેન્દ્રની વિકાસવાડી એ એક ઉપશાખા છે. પરન્તુ દિનપ્રતિદિન થતો તેનો વિસ્તાર બતાવી આપે છે કે આ ઉપશાખા એક દિવસ જરૂરથી કબીરવડ બનશે.

વિકાસવાડી યોજના એ એક મોટો રાષ્ટ્રવ્યાપી પ્રશ્ન છે. આગળપર તેનું સ્વરૂપ વિશાળ બનશે તે અંગે મારા મનમાં જરાય શંકા નથી.

ત્રણ વર્ષથી નાના પાયા પર આ પ્રયોગ ચાલી રહ્યો છે. છતાં પણ આફ્રિકાના જંગલોમાં પ્રવેશ કરનાર વ્યક્તિઓ જેવી અમારી છટા છે. ધોરી રસ્તાને બાજૂપર મૂકી જંગલોમાં નવા-ચીલા પાડવા પડશે તે સાહસનો અમને આનંદ છે.

બોર્ડીમાં બાલશિક્ષણનું કાર્ય કરતાં કરતાં અમે ગ્રામ્ય પ્રજામાં પગપેસારો કર્યો. તથા ગામ બહારના વાતાવરણનો આનંદ લેતાં અમે ફરતા રહ્યા. એ સમયે અમારી મહેચ્છા એ હતી કે ગામનું પ્રત્યેક બાળક બાલવાડીમાં આવે. અને જે બાળક આવતું હોય તે બાળકને ઘેર આપણે જવું. એટલા માટે અમે આંગણ બાલવાડીનો એક નવો પ્રકાર શરૂ કર્યો. અમારા વિદ્યાર્થીઓ દુર દુર જઇને આંગણવાડીને માટે નવી નવી જગ્યાઓ શોધવા લાગ્યા અને અમે પણ તેમની પાછળ પાછળ ગયા. નાના બાળકોની પાછળ આમ જતાં જતાં તેઓના મોટા ભાઇ બહેનોના શિક્ષણનો પ્રશ્ન અમારી સામે ઉપસ્થિત થયો. નાના બાળકોને અપાતા શિક્ષણદ્વારા આ પ્રશ્નનો ઉકેલ આવી શકે એમ અમને લાગ્યું.

ઉપરોકત રજુ કરેલા પ્રશ્નના અભ્યાસ પછી એવું પણ અમે અનુભવ્યું કે પછાત કોમના આ લોકોની સ્થિતિ કોઇ અનોખીજ છે. તેમની રહેણી કરણી તથા ટેવ ફ્રેટેવો વગેરે બધુંજ જુદું તરી આવતું દેખાયું. પરિસ્થિતિને અનુકુળ રહી તેઓ પોતાનો જીવનક્રમ ચલાવે છે. તેમાં શાળા અને શાળાના શિક્ષણને સ્થાન નથી.

કેટલાક વર્ષોથી સરકારે ઠેરઠેર પાઠશાળાઓ ખોલી છે. અધ્યાપકોની નિમણુંક કરી છે. નિયમો પણ બનાવ્યા કે ૧૪ વર્ષની ઉંમરના બધાજ બાળકોએ પાઠશાળામાં આવવું જોઇએ. સ્પેશ્યલ ઓફીસર આવ્યા, સિપાઇ આવ્યા, દંડ પણ કરવામાં આવ્યો છતાં શાળા શિક્ષણ એ વસ્તુ એમના જીવનમાં એકરસ ન થઇ શકી. શિક્ષણ શા માટે લેવું જોઇએ અને તેનો જીવનમાં શો ઉપયોગ તથા તેનું સ્થાન શું એ બધી વાતો તે લોકોની સમજની બહાર હતી. શિક્ષણ કાર્યમાં આવતી અડચણોને દુર કરવામાં તેઓ અસમર્થ હતા ઘરના ૭, ૮ વર્ષના બાળકથી માંડીને બધાંને કામપર જવુંજ પડે છે. તો તેમના નાના નાના કુમળીવયના બાળકોની સંભાળ રાખવા કોણ રહેશે ? પરિણામ એ કે પોતાનાજ મોટા બાળકને તે કામ સોંપવાનું હોય છે. ઘરની સંભાળ કોણ

રાખે ? ઘરનું કામ કોણ કરે ? ઢોર ચરાવવા કોણ જશે ? આ બધા પ્રશ્નોનો ફકત એકજ જવાબ આવ્યો અને તે એ કે શાળામાં બાળકોને મોકલવા તે અમારી જીવનપદ્ધિતમાં એક અસંભવ વાત છે.

કેટલાક બાળકો શાળામાં જવા લાગ્યા. પરન્તુ શિક્ષક શું બોલે છે તે બાળકોની સમજણમાં આવતું જ નહોતું. તેનું કારણ ફકત ભાષા ભિન્નતાજ નહીં પરન્તુ બાળકોનો અનુભવ તથા પરિચય જુદો અને શિક્ષકનો ભણાવવાનો વિષય જુદો.

આ બાળકોનું મન ભણતરમાં ન્હોતું પરોવાયું તેનું બીજું પણ એક કારણ છે. પાઠશાળાની નાની અંધારી કોટડીમાં બેસી રહેવું તે સ્વચ્છન્દતાપૂર્વક જંગલમાં વિચરનારા સિંહોને કેમ કરી પસંદ આવે ?

સારાંશ આપણી ચાલુ શિક્ષણ પદ્ધતિ તેમના જીવનના ચોકઠામાં બંધ બેસતી નથી. આ બધું જોતાં મને એમ લાગ્યું કે ન્. બા. શિ. સંઘ આ પ્રશ્ન પોતાનાજ હાથમાં લે. વ્યકિતશઃ આપણે સૌ કાર્યકરો આ પ્રશ્નમાં ઓતપ્રોત થઇજ ચૂકયા છીયે. મંથનના કાળમાંથી સહીસલામત રીતે નીકળી ગયા વર્ષમાં ન્. બા. શિ. સંઘ તરફથી ભારત સરકાર સમક્ષ આ યોજના રજૂ કરી અને તેમણે દ્વિતિય પંચવર્ષીય યોજનામા મંજૂર કરી. ન્. બા. શિ. સંઘે તેનો સ્વીકાર કરી ગ્રા. બા. શિ. કેન્દ્રની સમિતિને આ યોજનાને અમલમા લાવવા માટે સંપુર્ણ સત્તા સોંપી દીધી છે. સંભવ છે કે આગળ પર થાણા જિલ્લાની આ શાખા તેની જવાબદારી લેશે.

આ યોજનામાં નીચે લખેલા વિષયોનો સમાવેશ થાય છે. તેના નિભાવ અર્થે યોગ્ય સંસ્થાઓ શરૂ કરવામાં આવશે.

૧. નાના ભાઇ–બહેનોને સંભાળવાને માટે મોટા બાળકોને ખાસ કરીને છોકરીઓને ઘેર રહેવું ન પડે તેને માટે પ્રાથમિક શાળાની સાથે



સાથે અહીં એક ઘોડિયાઘર તથા બાલવાડી રાખી છે. ત્યારપછી આ સંસ્થાઓનો ઉપયોગ ગૃહવિજ્ઞાન તથા બાલસંગોપનનું શિક્ષણ બાળાઓને આપવામાં થઇ શકશે. આ બંન્ને સંસ્થાઓનું એક મહત્વનું સ્થાન આ યોજનાની અંતર્ગત છે. પછાત લોકોના બાળકોને ભણવાની રૂચિ હોતી નથી. અને તેથી તેમનું ભણવામાં મન લાગતું નથી. એજ કારણે તે ભણેલી વાતો જલ્દીથી ભૂલી જાય છે. એવો આજસુધીનો અનુભવ છે. એમનું બાળપણ બાલ-શિક્ષણને યોગ્ય એવા વાતાવરણમાં વીતે તો તેમના શાળાના શિક્ષણમાં ઘણો ફેર પડશે તેવી આશા છે.

૨. **બુનિયાદી શાળા :**—આ શાળામાં હમણાં ચાર વર્ગ છે. પરન્તુ આવતા વર્ષે સાત ધોરણ હશે. આ શાળામાં સૌ પ્રથમ બાળકોની નિયમિત ઉપસ્થિતિનો પ્રશ્ન હાથમાં લેવો પડશે. ત્યારપછી શિક્ષણનો પ્રશ્ન આપણી સામે છે તે વિષયમાં આપણે ઘણા પ્રયોગો કરવાના રહેશે. શિક્ષણ પદ્ધતિમાં, શિક્ષણના વિષયો અને સાધનોમા કેવા પ્રકારનો ફેરફાર કરવો જોઇએ. તે આપણા સંશો-ધનનો મુખ્ય વિષય છે. સંશોધન કરતી વખતે તેમની માનસિક અને આર્થિક પરિસ્થિતિ તેમની રહેણી કરણી તથા તેમના સંસ્કાર વગેરે વાતોથી આપણે બધાએ ઉંડાણથી વિચારવું પડશે. સાત ધોરણ સુધી એમને ભણાવતી વખતે આ વાત પર આપણે સૌએ પૂરેપૂરૂં ધ્યાન આપવું જોઇએ કે તેઓ સુશિક્ષિત બેકાર ન બને અને શિક્ષિત થઇને પોતાના કુટુંબીજનોમાં હળીમળીને રહેવું તેમને માટે અશકય ન બને.

૩. **બુનિયાદી પ્રશિક્ષણ સંસ્થા :—**
(Basic Training College)

પછાત ભાગની શાળાઓનો હંમેશાનો પ્રશ્ન છે. યોગ્ય શિક્ષક પ્રાપ્ત કરવો છે. આદર્શ શાળા ચલાવાની આશાથી નવો શિક્ષક પણ ઘણી વખતે નિરાશ થાય છે. કારણ કે ત્યાંના પ્રશ્નોનું કંઇ રીતે નિરાકરણ લાવી શકાય તે અંગેની તેને કલ્પના હોતી નથી. તે માટે આ યોજનામાં પ્રશિક્ષણ સંસ્થાનું સ્થાન છે. આ પ્રશક્ષિણ પ્રાપ્ત કરતા સમયે આ પ્રશ્નોની ઉપાય યોજના અને તેનું ફળ સામેજ રહેશે. તથા પ્રત્યક્ષ અનુભવોથી તેમના જ્ઞાનમાં દિનપ્રતિદિન વૃદ્ધિ થતી રહેશે. આનું પરિણામ એ આવશે કે આદિવાસી શાળા-ઓમાં કામ કરવાને માટે તેઓમાં નવો ઉત્સાહ પેદા થશે અને ઉમંગથી તેઓ બધા આ કાર્યમાં આગળ પડતો ભાગ ભજવશે.

આજ દૃષ્ટિથી બાલવાડી, વિકાસવાડી અને વ. ગૃ. બેઝીક ટ્રેનીંગ કોલેજ તથા તેના વિદ્યા-

ઉજાગરો અને શારીરિક, માનસિક શ્રમ બાદ



જીવદયા નેત્રપ્રભા
(રજીસ્ટર્ડ)
॥
માટે

વૈદ્યો, ડોકટરો, આયુર્વેદિક હોસ્પિટલોએ આંખોને માટે ઉપયોગી તરીકે પ્રમાણપત્રો આપેલ છે.

બાળક તથા વૃદ્ધ સુધી સૌ કોઇ જરૂરીયાત પ્રમાણે ૧ થી ત્રણ વખત આંજી શકે છે.

જીવદયા નેત્રપ્રભા કાર્યાલય,
વિકટોરિયા મિલ કમ્પાઉંડ, ગામદેવી રોડ, મુંબઇ ૭.

થીઓ માટે વ. ગૃ. ખેતી વગેરેનો સમાવેશ આ યોજનાની સાથે સાથે છે.

આપણા ભારતમાં આદિવાસી લોકો ઠેરઠેર છે. દરેક જગ્યાએ તેઓ અંગેના પ્રશ્નો લગભગ સમાન છે. અહીં અમને જે અનુભવ થશે તથા તે અંગે જે યોગ્ય ઉપાયો સૂઝશે તેનો ઉપયોગ બીજી જગ્યાઓએ આજ કામ કરનાર વ્યકિતઓને સાંપડશે. તથા તેમના અનુભવોનો રસાસ્વાદ લઇ શકીશું. એ રીતે આ કેવળ બુનિયાદીશાળા તથા બેઝીક ટ્રેનીંગ કોલેજ Basic Training College નહીં પરન્તુ એક શૈક્ષણિક પ્રયોગ-શાળાના રૂપમાં રહેશે. એમાંજ અમારી યોજનાનું મહત્વ છે.

મારી વાતો સાંભળીને આપ સૌના મનમાં પ્રશ્નો ઉપસ્થિત થતા હશે. કે આ બધી વાતો છે તો ઉત્તમ પરન્તુ તેનો નિભાવ શી રીતે થશે ? આ પ્રશ્ન મને પણ હંમેશા જાગૃતજ રાખે છે. પરન્તુ ડરાવતો નથી. હું જાણું છું કે આવા બધાં કામોને માટે માનવબળ તથા દ્રવ્યબળ બંન્નેની આવશ્યકતા રહેલી છે. મારી પાસે આ બંન્ને વસ્તુ જોઇતા પ્રમાણમાં છે તેવું હું કહી શકતી નથી. પરન્તુ આ બંન્ને ચીજો આપણી આ યોજનાને માટે મળી રહેશે. તે અંગે મને સંપૂર્ણ શ્રધ્ધા છે. આ શ્રધ્ધા પાંછળનું કારણ આજ સુધીનો મારો અનુભવ છે. આજ પર્યંત મને આવશ્યકતા અનુસાર ઉત્તમ કાર્યકર્તાઓ અને કાર્ય ઉપયોગી આર્થિક મદદ પણ મળતી રહી છે. કાર્યકર્તા કામની શોધમાં હોય છે અને કામ કાર્યકર્તાઓની. કાર્ય તથા કાર્યકર્તા એક બીજાની સામે ખેંચાય છે, એજ-કારણથી મને શ્રધ્ધા છે કે અહીંનું કામ જો સજીવ અને સ્ફૂર્તિમય હશે તો યોગ્ય કાર્યકર્તા આ તરફ આકર્ષાયા વગર રહેવાના નથી.

હવે આર્થિક બળ અંગે મને એમ લાગે છે કે જે શક્તિએ મારા અંતરમાં આ કાર્ય કરવાને માટે પ્રેરણા જાગૃત કરી અને આ વિસ્તૃત યોજના અંગે મને નિમિત્ત બનાવી તેજ પરમકૃપાળુ પરમેશ્વર આ કાર્યને માટે આવશ્યક સાધન પૂરાં પાડવા માટે પ્રેરણા અને બુધ્ધિ બીજાઓને આપશે જ.

આજ સુધી મારા મિત્ર વર્ગે મને કોઇપણ પ્રકારનું ઓછું આવવા દીધું નથી. ફકત મારા શબ્દોપર વિશ્વાસ મૂકી ઘણાય લોકોએ ઉદારતા પૂર્વક મદદ કરી છે. ઘણાય લોકો આ સંસ્થા માટે, આર્થિક મદદ માટે સતત પ્રયત્ન કરી રહ્યા છે. આ બધું જોઇને મારી શ્રધ્ધા ઉત્તરોત્તર દૃઢ બનતી જાય છે.

મારી આ શ્રધ્ધા કટુ સત્ય તરફ નિર્ભયતાથી દૃષ્ટિક્ષેપ કરનારા વ્યવહારિક લોકોને કદાચ ધર્માંધતાની લાગશે. મને અનુભવ છે કે કાર્ય સફળ થાય ત્યાં સુધી કાર્યકર્તાઓને અનેક આકરી પરીક્ષાઓમાંથી પસાર થવાનું હોય છે. જો અધવચ્ચે હિંમત ન હારે તો કાર્ય યશસ્વી થવાનો સંપૂર્ણ સંભવ હોય છે. આ વાત મને પણ સતત જાગૃત તથા પ્રયોગશીલ રહેવા માટે પ્રેરિત કરે છે.

આપ સૌ ઘણી મોટી સંખ્યામાં અહીં હાજર રહ્યા છો. અંતરથી આશીર્વાદ અને શુભેચ્છાઓ ઘણાંઓએ મોકલી છે. જેને પરિણામે આપણા બધાની શુભેચ્છાઓ વગેરે મળીને એક મહાઇચ્છા ઉત્પન્ન થઇ. તે જ શક્તિ દ્વારા આ યોજના સફળતા પૂર્વક પૂર્ણ થશે. અંતઃકરણથી પ્રેરિત થયેલી આ યોજના જનતા જનાર્દનના ચરણોમાં અર્પિત કરીને હું મારૂં ભાષણ પૂરૂં કરૂં છું.

—☆—

પ્રસંગોપાત મુખવાસ માટે વપરાતી
☆ દિલ્હી જર્દા ☆
સેન્ટેડ સોપારી
* સુમધુર * સૌને આનંદીત કરતી
સર્વે જગ્યાએ વેચાય છે.
આપની ગામની એજન્સી માટે લખો :—
બાબુભાઇ આર સોપારીવાલા
શાંતિ ભુવન, ચોપાટી સી ફેસ, મુંબઇ–૭
બ્રાન્ચ : પોસ્ટ ઓફીસની બાજુમાં,
વીઠ્ઠલભાઇ પટેલ રોડ, મુંબઇ–૪

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર.

સૌરાષ્ટ્ર : અખિલ ભારતીય બાલ શિક્ષણ પરિષદમાં ભાવનગર, સુરેન્દ્રનગર, રાજકોટ, પોરબંદર, મીઠાપૂર વગેરે જુદે જુદે ઠેકાણેથી પ્રતિનિધી આવ્યા હતા. આ પ્રતિનિધીની એક અનૌપચારિક સભા કોસબાડમાં થઇ હતી અને તેમાં સૌરાષ્ટ્રમાં નૂતન બાલ શિક્ષણ સંઘના કાર્યની નવરચના કરવાની દૃષ્ટિથી વિચાર કરવામાં આવ્યો હતો. તરતજ સૌરાષ્ટ્રમાના સંઘીય કાર્યકર્તાનું એક સંમેલન બોલાવવું એવું નકકી કરવામાં આવ્યું.

કોસબાડ : શ્રીમતી તારાબેન મોડકની વિકાસ વાડી યોજનાના મકાનની શીલારોપણ વિધિ વડોદરાના માતુશ્રી રાણીસાહેબ શ્રી શાંતાદેવી ગાયકવાડના શુભ હસ્તે તા. ૫ મી જાન્યુઆરીને દિવસે થયો. આ યોજનામાં રાણીસાહેબ તરફથી ૫૦૦૦ રૂપિયાનું દાન મળ્યું. બીજા ૫૦૦૦ નું દાન શ્રીમાન મદનમોહન અને કાંતાબેન રૂઈઆ તરફથી મળ્યું છે. આ ઉપરાંત અત્યાર સુધી આ કાર્ય માટે નીચે પ્રમાણે દાન મળ્યું છે. સરકાર તરફ કેટલાક હરાવો પણ મોકલવામાં આવવાના છે એવું જણાય છે.

કેપિતાન ડરબાન, રૂ. ૨૦૦૦ ગૃહખાતું, મુંબઇ, રૂ. ૧૦૦૦ સકસેરિયા, રૂ. ૧૦૦૧ વાડિયા કોટન મિલ્સ, રૂ. ૫૦૦ ગ્રાઈન્ડ વેલ ઍગ્રેસીવ, રૂ. ૩૦૦ લિવંડીવાલા એન્ડ કું. રૂ. ૩૫૧ ફીલ્મીસ્તાન લી. કું. રૂ. ૨૫૧ ઍડરસન ડૉન કંપની, રૂ. ૩૦૦ શ્રી કપિલાબહેન મહેતા, રૂ. ૧૦૦ ડૉ. શ્રી. આજગાંવકર, રૂ. ૧૦૦ શ્રી શાંતિલાલ શાહ, રૂ. ૧૦૦ શ્રી રાજકુંવરબાઇ પિલ્લે (પૂના), રૂ. ૨૫ શ્રી શાંતાબાઇ ગાયકવાડ, રૂ. ૨૫ શ્રી અશોક માડગાંવકર.

મુંબઇ : તા. ત્રીજી ફેબ્રુઆરીને દિવસે નૂતન બાલ શિક્ષણ સંઘની બાલ અધ્યાપન નિયંત્રણ મંડળની અને પરીક્ષા સમિતીની એક સભા યોજવામાં આવ્યાનું જાણ્યું છે. આ સભા આગળ સંઘ માન્ય, શિક્ષણક્રમ કરી ગએલા પરંતુ મુંબઇ રાજ્યના શિક્ષણ ખાતાએ માન્ય ન કરેલા શિક્ષકોનો પ્રશ્ન આવવાનો હોવાથી તે અંગે



કોસબાડ : અહીં યોજવામાં આવેલી અખિલ ભારતીય બાલ શિક્ષણ પરિષદના કાર્ય અંગેનું એક નાનકડું ચિત્રપટ લેવામાં આવ્યું છે. ભારતીય ચિત્રપટ વાર્તા તરીકે મુંબઇમાં તા. ૧૮ થી ૨૫ ના સપ્તાહમાં એ બતાવવામાં આવ્યું હતું.

અમદાવાદ : નૂતન બાલ શિક્ષણ સંઘ અમદાવાદ શાખાના સભ્યો તેમજ બાલ શિક્ષણ રસિક ભાઈ બહેનોનું 'માસિક મિલન' સંસ્કાર બાલ મંદિર, દૂધવાળી પોળમાં સંસ્થાના વ્યવસ્થાપકના આમંત્રણથી રાખવામાં આવ્યું હતું. વ્યાખ્યાનનો કાર્યક્રમ રખાયો હતો.

પાટણ : નૂતન બાલ મંદિર અને કુમાર મંદિર પાટણનો ત્રીજો વાર્ષિકોત્સવ તા. ૬।૧।૫૭ ને રોજ ઉજવવામાં આવ્યો હતો.

નારદીપુર : કલોલ તાલુકા પ્રથમ બાળપ્રવૃત્તિ અને બાળ મેળો તા. ૩૦।૧૨।૫૬ ના રોજ ઉજવાયો હતો. ગુજરાત બાલ અધ્યાપન મંદિરના કાર્યકર ભાઇબહેનોએ તેમજ વિદ્યાર્થી બહેનોએ સક્રિય ભાગ લીધો હતો.

શક્તિસમ્રાટ, મહારસાયન, ઓજ તથા આયુષ્યવર્ધક આર્ય ઔષધી



ઝુટેક્સ
ગોળીઓ

મકરધ્વજ સુવર્ણ ઘટિત અભ્રક લોહ, બંગ, કેસર, અંબર વિગેરે કીંમતી રસ-ભસ્મો તથા રસાયન ગુણવાળી દીવ્ય વનસ્પતીઓને યોગે તૈયાર થયેલી આ ગોળીઓ સ્નાયુઓ તથા નસોમાં પ્રાણવાન શક્તિશાળી, જોમ, યૌવનચિત કાન્તિ, સ્ફુર્તિ આપે છે.

કીમત ૫૦ ગોળી બાટલી
રૂ. ૩॥.
ટે નં. ૩૧૧૭

આર્ય ઔષધિ ફાર્મસ્યુટીકલ વર્કસ
સ્વદેશી માર્કેટ પાછળ, કાવેલ સ્ટ્રીટ (કાલબાદેવી), મુંબઇ ૨

દ્વિતિય અખિલ ભારતીય બાલ શિક્ષણ પરિષદે પસાર કરેલા ઠરાવો

૧. અખિલ ભારતીય બાલ શિક્ષણ પરિષદના પહેલા અધિવેશનમાં સભાનું બંધારણ ઘડવા માટે એક સમિતિની રચના કરી હતી. તે બંધારણ આજના આ દ્વિતિય અધિવેશન સમક્ષ રજુ કરવાનું નક્કી કર્યું હતું પરંતુ અનિવાર્ય કારણોને લીધે તે બંધારણ ઘડવાનું કામ હજુ સુધી બાકી છે. તે સમિતિના સભ્યો ત્રીજા અધિવેશનમાં રજુ કરી શકે તે રીતે તૈયાર કરે.

રજુઆત:—**શ્રી ચંદુભાઇ ભટ્ટ**
અનુમોદન:—**શ્રી નરેન્દ્ર બ્રહ્મભટ્ટ**

૨. આ પરિષદ અખિલ ભારતીય બાલ શિક્ષણ પરિષદની સ્થાનિક સમિતિને નમ્ર સૂચના કરે છે કે એક બાલ શિક્ષણ સમિતિની રચના કરવી. આ સમિતિમાં જુદીજુદી વિચારશ્રેણીવાળી વ્યકિતઓને પ્રતિનિધિ તરીકે નિયુકત કરવા.

આ બાલ શિક્ષણ સમિતિ નીચે મુજબનાં મુખ્ય કાર્ય કરશે:—

અ, રાષ્ટ્રીય યોજનાની દૃષ્ટિ ધ્યાનમાં રાખીને દેશના શિક્ષણના કાર્યમાં બાલ શિક્ષણનું ધોરણ અને સ્થાન નક્કી કરવું.

બ. સરકાર અને બાલ શિક્ષણનું કાર્ય કરતી સંસ્થાઓ સાથે સાકળરૂપ બનવું.

ક બાલ શિક્ષણ આપનારા શિક્ષકોનું અધ્યાપન કેવું હોવું જોઇએ, તેમાં કયા કયા વિષયો હોવા જોઇએ, અધ્યાપન પધ્ધતિ શું હોવી જોઇએ, પરીક્ષા પધ્ધતિ કેવી હોવી જોઇએ વગેરે વિષયોમાં પોતાનો મત અને માર્ગદર્શન આપતા રહેવું.

ડ. બાલ શિક્ષણના સાધનોની તપાસ કરવી.

આ અને આવા બીજા પ્રશ્નોપર પોતાનો મત પ્રદર્શિત કરવો.

રજુઆત:—**શ્રી શેષ ના. નામજો**
અનુમોદન:—**શ્રી માયાદેવી બાલચંદ્ર**

૩. અખિલ ભારત બાલ શિક્ષણ પરિષદની એ માન્યતા છે કે ભારત દેશમાં જે લોકો પૂર્વ પ્રાથમિક કેળવણીની તાલીમ લઇને યોગ્ય પ્રકારે આજ કાર્ય કરી રહ્યા છે તે બધાંના કામનું નિરીક્ષણ કરીને તેઓને માન્યતા આપવી. એ વાત આવશ્યક છે તેવી આ પરિષદ બધાં રાજ્યોની સરકારને વિનંતિ કરે છે કે આ કામ અમારી પરિષદની સમિતિની મદદથી કરવામાં આવે.

રજુઆત:—**શ્રીમતી માયાદેવી બાલચંદ્ર**
અનુમોદન:—**શ્રીયુત સોમાભાઇ કીશાભાઇ પટેલ**

ટેલીફોન: ઓફીસ: **૨૫૫૬૬૧.** તાર: **રોપ મારૂ**

એમ. બોસ્ટ કોટન રોપ મેન્યુફેકચરીંગ કું.

(પ્રો એમ. જે. થાણાવાલા એન્ડ કું)

૪૯, ફોરબસ સ્ટ્રીટ, કોટ મુંબઇ ૧.

નીચેની ચીજો અમારે ત્યાં બને છે.

★ કોટન ડ્રાઇવીંગ રોપ્સ
★ કોટન બેન્ડીંગ્સ
★ સ્પીન્ડલ ટેપ્સ
★ કોપર કન્ડકટર્સ

'લાઇફ બાર્ડ' કોલસન વોટર'

પ્રયત્ન વાપરવા ભલામણ કરે છે



REGD TRADE MARK
PARA-I-DISE

SERVE YOU WITH
INDIA'S BEST

Manufacturers:
PARADISE PRODUCTS Co.
B/17, SARVODAYA NAGAR, BOMBAY 4.



તમારી તંદુરસ્તી.

અને દાંતના રક્ષણ માટે -

થાયમોસીન

પાયોરીયા નાબુદ કરે છે. દાઢનો દુઃખાવો, લોહી ઝરતા અને સડી ગયેલા પેઢાંઓ, અવાળુ, મોઢાનાં ક્ષારો અને મોં અને દાંતના સઘળાં દરદો દુર કરે છે.

'થાયમોસીન' દાતણ, બ્રશ કે આંગળીના ટેરવા પર લઈ વાપરી શકાય છે.

ટી.એમ.ઠાકોર એન્ડ કું.
૭૩, ચર્ચગેટ સ્ટ્રીટ,
મુંબઇ ૧

NDA 302



દરેક શુભ પ્રસંગો માટે લેટેસ્ટ ડીઝાઈનના "સન બીમ" ઘડીઆળો સ્વીસની બનાવટના વોટરપ્રુફ ૧૭ જુવેલ્સ આકર્ષક ડાયલોના

નં. ૧૦૪ ૧૦ ૧/૨ "ક્રેસેન્ડ"
વોટરપ્રુફ શેલ્ડ ગોલ્ડ ૨૦ માઇક્રોન્સ સ્ટીલ બેક
રૂા. ૧૫૦ ૦-૦

ફુલ સ્ટીલ રૂા. ૧૬૦-૦-૦

નં ૧૦૫ શેલ્ડ ગોલ્ડ માઇક્રોન્સ સ્ટીલ બેક
રૂા. ૧૧૨-૦-૦

બાપાલાલ એન્ડ કું. ૧૦૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઇ ૩.

પ્લાસ્ટિક કેનરમા પણ મળે છે.

યુનિકેમ લેબોરેટરીઝ, મુંબઇ, ૨૬

એલ. ભગત એન્ડ કું.
૮૨-૮૪, અબદુલ રેહમાન સ્ટ્રીટ, મુબઈ ૩. કાલબાદેવી રોડ મુબઈ ૨.



આપની દરેક

જરૂરીયાતો

ખરીદવાનું એક માત્ર

: ભરોસાપાત્ર સ્થળ :

આજેજ એક વખત પધારી મુલાકાત લ્યો.

ધી

ઓરિએન્ટ કલમદેશી ફાઉન્ટન પેનટીક કંપની લિ.

૨૨, ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ, મુંબઈ-૧.

શાખાઓ : મહાત્મા ગાંધી રોડ, પૂના. જેમ્સ સ્ટ્રીટ, સિકન્દ્રાબાદ.

સર્વ પ્રથમ નવીન. અને અતિ ઉત્તમ.



Rs 6/- મરકયુરી

Rs. 4/4 રાજા

Rs. 3/12 રીનોલ્ટ

મુખ્ય વિક્રેતા :

પી. રમણલાલ એન્ડ કું.

૧૧૬/૧૮ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, મુંબઇ ૩.

ઉત્પાદક :

પ્રકાશ મેટલ વર્કસ.

મુંબઇ ૪.

નૂ. બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : રમણિકલાલ તુરખિયા, ૧૨૮ હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪

મુદ્રણ સ્થાન : પરફેક્ટ પ્રિં. વર્કસ, મુંબઇ ૨૨.

મૂલ્ય આપ્ત શિક્ષણ સંઘની

શિક્ષણ-પત્રિકા

વર્ષ : ૩૧ અંક-૧૨ : માર્ચ-૧૯૫૭,

વ્યક્તિત્વ ક્યાં ખીલે છે ?

જ્યાં શિક્ષાનો ભય નથી અને વડીલો પાસેથી કોઈ પણ પ્રકારની દખલગિરી નથી, જ્યાં પોતાની ભૂલો અને અનુભવમાંથી શીખવાની તક મળે છે ત્યાં જ બાળકોનું વ્યક્તિત્વ આકર્ષક બને છે. એમનામાં સામાજીકતા અને સ્વાધીનતા આવે છે અને તેઓ પોતાની પરિસ્થિતિ સાથે મેળ આપી શકે છે. અતિ શિક્ષાને લીધે બાળકો અસ્વાભાવિક પરાવલંબી અને અનર્થી વિવશ અથવા કરુણ બને છે.

સંસ્થાપકો :
સ્વ. ગિજુભાઈ બધેકા
શ્રી. તારાબેન મોડક

☆

તંત્રી :
શેષ નાગ્રલે

વાર્ષિક લવાજમ : ૩. ૪-૦-૦

કાર્યાલય : ૧૧૮, હિન્દુ કૉલોની, દાદર, મુંબઈ, ૧૪.

છૂટક નકલ ૬ આના



સહેલાઈથી બદલી
ન શકાય તેવું ઢાંકણ
આપને અસલ 'લોમા'
બળે તેની ખાત્રી આપે છે

દરેક બાટલી ઉપર,
લેબલથી સહેજ ઉંચે
'લોમા'નો ઉપસાવેલ
ટ્રેડમાર્ક હોય છે...

લોમા વાપરનારાઓનો
કિંમતી....

લોમા હવે સહેલાઈથી
બદલી ન શકાય તેવા
ઢાંકણવાળી ખાસ બનાવટની
બાટલીમાં મળે છે.



દુનિયા ભરમાં માન્યતા
પામેલા કુદરતી રીતે વાળ
સ્યામ કરનાર

શિવ જનરલ એમ. એમ. ખંભાતવાળા અમદાવાદ ૧.
જનરલ સી. નરોત્તમ એન્ડ કંપની, મુંબઇ ૨.

ટેલીફોન નંબર ૩૦૫૭૫

એવો નકુ બેનો.....



મુખ્ય વિક્રેતા :
પી. રમણલાલ એન્ડ કું.
૧૨૬/૧૮ નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, મુંબઇ ૩.

ઉત્પાદક :
પ્રકાશ મેટલ વર્કસ.
મુંબઇ ૪.

સંપાદક મંડળ :

જયકુમારીબેન પટેલ, હરપ્રસાદ ભટ્ટ, જયંતભાઇ ઓઝા,
હેમલતાબેન માળચી, રમેશભાઇ કોઠારી, કુસુમબેન શાહ

: અનુક્રમણિકા :

માર્ચ–૧૯૫૭

૧	સંપાદકીય	....	
૨	બાલવાડી કેમ ચલાવવી	....	શ્રી અનુતાઇ વાઘ
૩	બાલ વિભાગ	....	શ્રી નરેન ભટ્ટ કુ. ગુલ નીમચવાલા
૪	પરિષદમાં પરિભ્રમણ	....	શ્રી 'ઓજસ'
૫	બા–બાપુજીનું સગપણ	....	શ્રી સુધાતાઇ
૬	પૂર્વ પ્રાથમિક ભૂમિતિ	....	શ્રી શેષ નામલે
૭	બાલ શિક્ષણ અને સંઘ સમાચાર		

શિક્ષણ પત્રિકા અંગે

આટલું ધ્યાનમાં રાખશો !

કે– " શિક્ષણ પત્રિકા " એ નૂતન બાલ શિક્ષણ સંઘનું મુખપત્ર છે તેથી તેના ગ્રાહકો બધારણની રૂએ સંઘના સભ્યો આપમેળેજ બની જાય છે.

કે– "શિક્ષણ પત્રિકા" એ બાળ જીવનના વિકાસ અને કેળવણી સંબંધી બાળકોના માતા–પિતા, વાલી, શિક્ષકો તેમજ કેળવણીકારોને માર્ગદર્શન આપતું એક માત્ર માસિક છે.

કે - "શિક્ષણ પત્રિકા" માં પ્રકાશન અર્થે આવતા લખાણો સારા અક્ષરોમાં અને કાગળની એકજ બાજુએ લખાએલાં હોવા જરૂરી છે.

કે– " શિક્ષણ પત્રિકા " ના ગ્રાહક કોઇ પણ માસથી થઇ શકાય છે.

કે– " શિક્ષણ પત્રિકા " માં બાળશિક્ષણ તેમજ સંઘ સમાચાર માટે મર્યાદિત જગ્યા રાખવામાં આવી છે. તેથી તે અંગેના સમાચારો તા. ૧૫ મી સુધીમાં કાર્યાલયને મોકલાવી આપવા જરૂરી છે.

વ્ય. સંપાદક :
" શિક્ષણ પત્રિકા "
૧૧૮, હિંદુ કોલોની, દાદર, મુંબઇ ૧૪.

ટપાલદ્વારા કટીંગનું શિક્ષણ



દરેક પ્રકારનું કાપડનું કટીંગનું શિક્ષણ પોસ્ટ થી આપવામાં આવે છે. કોલેજ તથા લંડન ડિપ્લોમા માટે સૂચિ પત્રક મંગાવો.

સ્થાનિક શિક્ષણ માટે મળો.

ઝારાપકર ટેલરીંગ કૉલેજ

ભવાનીશંકર રોડ, દાદર મુંબઇ–૨૮

B-TEX OINTMENT MFG CO.
24, Bapu Khote Street Bombay3

ભારતમાં સર્વ શ્રેષ્ઠ



ઝારાપકર શિવણયંત્ર

રોકડે થી તથા હપ્તાથી પાંચ વર્ષની ગેરંટી સાથે સીંગર, ફ્રાર્ક, ગુડી, અરૂણ, ઉષા, ટેલરનું સૂચિપત્ર મંગાવો.

ઝારાપકર શિવણયંત્ર ભંડાર

ભવાનીશંકર રોડ, દાદર, મુંબઇ–૨૮

શરીરની અંદરની અસહ્ય ગરમી ઓછી કરવા માટે

પર્લ કાઢા શરૂ કરો



શ્રીમતી આનંદીબાઇ દેસાઇની **અબલામૃત** ગોળીઓ સુખી, નિરોગી, આનંદી સ્ત્રી–જીવન માટે એક સ્ત્રીએ ખૂબ વર્ષો સ્ત્રીઓ માટે વાપરીને અનુભવ લઇને તૈયાર કરી છે.

આખા શરીરની, આંખની, હથેળીની તથા તળીઆની બળતરા, હંમેશનો મંદાગ્નિ, જૂનો અપચો, તથા મલાવરોધ, શારીરિક તથા માનસિક થાક વગેરે. ગરમ હવા તથા ગરમ પ્રકૃતીને લીધે થનારા વિકાર ઉપર અપ્રતિમ.

'પર્લ કાઢા' નાના, મોટા સ્ત્રી પુરૂષ બધા માટે સરખોજ ગુણકારી નીવડયો છે.

સ્ત્રીઓની જવાની, સૌંદર્ય, શક્તિ પાછી મેળવી દેનાર **અબલામૃત** વાપરો.

તમારા કેમીસ્ટ પાસેથી **પર્લ કાઢા** તથા **અબલામૃત** લો.

પર્લ કમ્પની, રાણીબાગ, મુંબઇ ૨૭.

રિંગોઝોન

મલમ અથવા લોશન

ગમેતેવી દરાજ, ખરજ કે ખરજવાં જેવાં ચામડીના દરદોને આ દવા જડમૂળથી નાબૂદ કરે છે

ધી ઝોન કેમિકલ કું.
મુંબઇ. ૪



સુલેખા પેન

REGD

સંતોષ પ્રગટ કાર્ય માટે

ઓલ ડીસ્ટ્રીબ્યુટર્સ :–

પેનમેન્સ ઈંડસ્ટ્રીયલ સર્વિસીઝ

કાંદીવલી (મુંબઈ એસ.ડી.)

લોકલ સેલ :–૧૦,શામસંટ સ્ટ્રીટ, મુંબઈ-૨.

(M. P. S.)

મુંબઈ, મધ્ય ભારત, ઉત્તર-પ્રદેશ, રાજસ્થાન અને સૌરાષ્ટ્ર સરકારના કેળવણી ખાતાએ માન્ય કરેલી

નૂતન બાળ શિક્ષણ સંઘની

શિક્ષણ પત્રિકા

વર્ષ ૩૧ : અંક ૧૨] મુંબઈ [માર્ચ–૧૯૫૭

સંપાદકીય

ગ્રામ અને શહેરના પછાત બાળકોનાં શિક્ષણનાં પ્રશ્નો.

કોસબાડમાં જાન્યુઆરીની તા. ૫ થી ૧૭ સુધી દ્વિતીય અખિલ ભારતિય બાલ શિક્ષણ પરિષદ બોલાવવામાં આવી હતી અને આ પરિષદે ઉપર સૂચવેલા વિષય ઉપર પોતાની બધી ચર્ચા કેન્દ્રિત કરી હતી. ઘણાંને એમ લાગતું હશે કે આ વિષય એટલો તો શું મહત્વનો છે કે ત્રણ દિવસ ભેગા મળી, આટલો ખર્ચ કરી એની ઉપરજ ચર્ચા કરી. એક વખત શિક્ષણ ખાતાંની જ એક મુખ્ય વ્યકિતએ શ્રી. તારાબેનની વિકાસવાડી યોજનાં પર અભિપ્રાય આપતા કહ્યું હતું 'તારાબેન આમાં એવી તે શું મોટી વાત છે ? બાળકોને સારુ ખાવાનું આપી, તેમને માટે સારા શિક્ષક રાખી, સારાં સાધનોને મકાન આપી ભરપૂર ખર્ચ કર્યો હોય તો આ બાળકોનું શિક્ષણ સુધરવાનું જ, આમાં તમે મોટો નવીન પ્રયોગ શું કરવા માંગો છો, તે મારા તો ધ્યાનમાં ઉતરતું નથી.'

અને આજે પણ તારાબેનને આ પરિષદ માટે કોઈ આમજ નહિ કહે એમ મારું માનવું નથી. માટે જ આ પરિષદમાં જે પ્રશ્નોની ચર્ચા આચાર્ય શ્રી. કાકાસાહેબ કાલેકર જેવા સમક્ષ શિક્ષણતજ્ઞની સમક્ષ આ ક્ષેત્રનાં કાર્યકર્તાઓએ ત્રણ દિવસ સુધી કરી હતી. તેનું સ્વરૂપ શું છે તે અંગે થોડું સ્પષ્ટીકરણ કરવાની જરુર છે.

બાલશિક્ષણ અથવા કોઈપણ પરિસ્થિતિનાં બાળકોના શિક્ષણનો પ્રશ્ન કેવળ આર્થિક છે અને જો દેશ પાસે ભરપૂર પૈસા હોય તો આ પ્રશ્નનો નિકાલ આપોઆપ આવી શકે એવું જો ઘણાં માનતાં હોય તો બરોબર નથી. 'સારો શિક્ષક' અથવા 'સારું શિક્ષણ' એ કાંઇ બજારમાંથી વેચાતી મળતી વસ્તુ નથી.

* આ નાનકડું રમણીય ગામડું મુંબઈથી ઉત્તરે ૮૦ માઈલ પર મુંબઇ–વડોદરા જતી પશ્ચિમ રેલ્વેના માર્ગમાં આવતાં ધોલવડ સ્ટેશનની પાસે છે.

વિદ્યાર્થી, વાલી, કુટુંબ, શિક્ષક, શિક્ષણ સંસ્થા, સમાજ અને સરકારનાં પરસ્પર સહકારની જરૂર છે તેટલી જ શિક્ષણનાં સ્વરૂપ, તેની પધ્ધતિ, સાધન અને શિક્ષકોનાં પ્રશિક્ષણ નિશ્ચિત કરવા વિચાર, અભ્યાસ અને પ્રયોગની જરુર છે, આટલું તો કોઇપણ વિચારી માણસનાં ધ્યાનમાં ઉતરશે.

શિક્ષણનો વિચાર કરતાં બાલશિક્ષણ અને તેમાં પણ આર્થિક અને સામાજિક દૃષ્ટિથી પછાત વર્ગનાં બાળકોનાં શિક્ષણનો પ્રશ્ન આપણા દેશ સામે ખડો છે. તે રાષ્ટ્ર માટે ઘણો અઘરો છે. શિક્ષણની પ્રગતિનાં માર્ગમાં આપણી સામે અનેક મુશ્કેલીઓ છે. અને તે ઉપરાંત વળી આપણી આર્થિક પરિસ્થિતિને લીધે આ પ્રશ્ન વધુ અઘરો બન્યો છે. તેમ છતાં એનો અર્થ એ નથી કે આપણી બધી મુશ્કેલીઓ આર્થિક કારણોને લીધે જ છે.

દ્વિતીય અખિલ ભારતીય બાલશિક્ષણ પરિષદે જે આ મોટા પ્રશ્ન પર ચર્ચા કરી તેનું રાષ્ટ્રિય મહત્વ સિદ્ધ કરવાની જરુર નથી. આ પ્રશ્નનું રાષ્ટ્રીય મહત્વ તો બધાંએ જ સ્વીકાર્યું છે. આપણી સામે આ શિક્ષણનો પ્રશ્ન મુખ્યત્વે વ્યવહારિક છે. આપણી સમક્ષ નિશ્ચિત આર્થિક મર્યાદા છે. આ મર્યાદા બદલાય છે તે ખરું છે પણ ખરું જોતાં આજની સ્થિતિમાં જે કાંઈ મર્યાદા છે તેનો આપણે સ્વીકાર કરવો જ જોઈએ. આ મર્યાદા સ્વીકારી આપણે આપણાં ગ્રામ્ય અને શહેરની પછાત વસ્તીનાં બાળકો માટે શું શું કરી શકીએ તે આપણી સામેનો એક પ્રશ્ન છે.

આ બાળકો જે પરિસ્થિતિમાં જન્મે છે, અને જ્યાં તેમનું સંવર્ધન થાય છે, તે પરિસ્થિતિમાં કઈ રીતે ફેરફાર થઈ શકે તે વિચારવા જેવું છે.

શિક્ષણતજ્ઞોએ બાળકોના સમાજને અને કુટુંબના પ્રશ્નોને પહેલાં જ સમજી લેવા જોઈએ. આ બાળકો બૌધ્ધિક તેમજ ભાષાની દૃષ્ટિએ પછાત હોય છે તેનું કારણ કે તેમનાં કુટુંબો પણ બૌદ્ધિ અને ભાષાની બાબતમાં પછાત હોય છે. તેમનો સમાજ અને કુટુંબ બૌધ્ધિક તેમજ ભાષિક રીતે કેમ સમૃધ્ધ થઈ શકે તે પણ આ પ્રશ્નની એક બાજુ છે અને આ પ્રકારની વસ્તીમાં બાલવાડીઓ કાઢી તેમાં આવતાં બાળકોનું બૌધ્ધિકને ભાષિક જીવન કઈ રીતે સમૃધ્ધ કરી શકાય તે બાબત વિચાર કરવો તે બીજી બાજુ છે. આજની આપણી પરિસ્થિતિ જોતાં બાળકો પર નવા સંસ્કાર પાડવા બાલવાડીઓ યોજવાની જેટલી જરૂર છે તેટલી જ બાલકોનાં ઘરને સમાજને સમજવાની જરૂર છે. બાળકનાં ઘરને સમાજનાં બૌદ્ધિક ને ભાષિક જીવનની પુનર્રચના કરવાનું કામ પણ એટલું જ અગત્યનું છે એ આપણે સમજવું જોઈએ.

બાલવાડીની આયોજનાની જરૂર તો છેજ માટે તે સંબંધી પ્રશ્નો આપણે વિચારવા જોઈએ. જુદી જુદી વસ્તીનાં બાળકોને બાલવાડી કઈ રીતે આકર્ષી શકે તેનો વિચાર આપણે કરવો જોઈએ. બાલવાડીમાં બાળકો નિયમિત આવે, અને આવીને પોતપોતાની પ્રવૃત્તિમાં એકાગ્ર કઈ રીતે થાય ને ત્યાં તેમનો શારીરિક, બૌદ્ધિક, ભાષિક અને સર્વાંગી વિકાસ માટે કઈ કઈ પ્રવૃત્તિઓ યોજવી જોઈએ, કયાં સાધનો યોજવાં જોઈએ, ત્યાં શિક્ષક કયા પ્રકારનો હોવો જોઈએ અને તે કયાંથી મળી શકે વળી તેનું પ્રશિક્ષણ કયા પ્રકારનું હોવું જોઈએ વગેરે અનેક પ્રશ્નો બાલવાડીની આયોજનાં કરતાં આપણી સમક્ષ આવશે. આ સર્વ પ્રશ્નોની વિચારણા કરતાં ભારતમાં આ ક્ષેત્રમાં થતાં દરેક પ્રયોગો અને અનુભવો પણ ધ્યાનમાં લેવાની જરુર છે.

આ પરિષદને સદ્‌ભાગ્યે ડો. ઝાકીર હુસેન જેવા શિક્ષણનાં પ્રશ્નો વ્યાપક દૃષ્ટિએ વિચારનાર, અનુભવી નેતા શરુઆતથી જ મળ્યા હતા. તેજ પ્રમાણે કોસબાડની દ્વિતિય પરિષદનાં માર્ગદર્શન માટે આચાર્ય કાલેલકર જેવી જ્ઞાન, તપ અને અનુભવને લીધે જેમને અધિકાર છે એવી વ્યકિત મળી હતી. પરિષદનું આયોજન નુતન બાલ-શિક્ષણ સંઘનાં એક સંસ્થાપિકા શ્રી. તારાબેન મોડક જેવી ગ્રામ બાલોકોમાં રહી, અનેક વર્ષો પ્રયોગો કરનાર અધિકારી વ્યકિતને સોંપ્યું હતું અને પરિષદમાં જુદે જુદે સ્થળેથી આ ક્ષેત્રનાં અનુભવી કાર્યકર્તાઓનો જે પ્રતિસાદ મળ્યો તે જોતાં આપણાં ગ્રામ અને શહેરનાં પછાત બાળકોના પ્રશ્નસંબંધી ઉદ્‌બોધક માર્ગદર્શન મળ્યું હશે એવી આશા છે.

—શેષ નામલે

શિક્ષણ પત્રિકાના ગ્રાહકોને :—

આપનું લવાજમ પુરું થયે આપ તુરતજ લવાજમના ૩૧. ૪–૦–૦ મોકલાવી આપશો. વી. પી. ના ખોટા ખર્ચમાંથી બચવા અને સંસ્થાને તે ખર્ચમાંથી મકત કરવા આપનું લવાજમ તાત્કાલિક ભરી દેશો.

—વ્ય. સંપાદક.

બાલવાડી કેમ ચલાવવી ?

લેખાંક ૯

વાર્તાલાપ અને વસ્તુ પરિચય :

નાના બાળકો બાલવાડીમાં આવે છે ત્યારે તેના ઘરના મોટા માણસો ઘરનું પરિચિત વાતાવરણ શેરીમાંના ગોઠીયા એ બધાંને મૂકીને આવે છે. બાલવાડીમાં શરૂઆતમાં તેમને બધું જ અપરિચિત હોય છે તેથી તે ચમકે છે, મુગાં થઇ જાય છે. અથવા તો રડે છે. તેમને સમરસ કરવા જોઇએ. તે માટે શિક્ષક ઉપર તેમનો વિશ્વાસ બેસવો જોઇએ. ઘરમાં જેમ બા તેમ શાળામાં બેન એમ તેમને લાગવું જોઇએ. શિક્ષક અને બાળકના હૈયાના તાર સંધાવવા જોઇએ. તે માટે બાળક સાથે છૂટથી ગપ્પા મારવા આ એક સરસ ઉપાય છે. ચાર સરખી વયના બાળકો જ્યાં ભેગા થાય છે ત્યાં સહેજે વાતો શરૂ થાય છે. એને કોઇ અમુક જ વિષય જોઇએ એવું નથી. "કેમ ? કેમ છો ?" પરથી વાતો શરૂ થાય છે. અને કલાકોના કલાકો એક બીજા સાથે બોલે છે. કયા વિષયની કયાં શરૂઆત થઈ અને કઇ તરફ એ વહેતી ગઇ એનો પત્તો પણ રહેતો નથી. પણ એક બીજા સાથે વાતો કરવાનો પ્રવાહ સરખો ચાલુ રહે છે. બસ બાસ એજ વાત બાળકો સાથે વાતો કરવામાં ઉપાડવી જોઇએ. તે માટે અમુક વિષય જોઇએ એવું નથી. "વાહ ! આજે તો કમુબેને રંગીન બંગડીઓ પહેરી છે." ઉપરથી શરૂઆત થાય અને બીજી છોકરીઓની બંગડીઓ તેના રંગની, કાચની અને પછી સોનાની, ચાંદીની અને પછી કોણે રીબીન બાંધી છે, કેટલા પૂંછડા લીધાં છે. કોણે નવું ફ્રોક પહેર્યું છે ? છોકરાનું પાટલુંન કેવું છે ? એના બમીસને ગજવું છે કે નહિ ? ગજવામાં શું મુકવું જોઇએ એવી કેટલીએ વાતો કરી શકાય. પણ એકલા શિક્ષકેજ બોલતા રહેવાનું નથી અથવા પ્રશ્નોત્તરી કરવાની નથી. પરંતુ શિક્ષક અને બાળકો મળીને બોલે છે એવું થવું જોઇએ. આથી બાળકનું મન મોકળું થાય છે, જીભ છૂટી થાય છે. અને શિક્ષક માટેનો તેનો વિશ્વાસ વધે છે. બાલવાડી પણ આપણું એક મોટું ઘર છે એમ તેમને લાગે છે. તેથી તેઓ છૂટથી રમે છે. વાતો માટે ઘરગથ્થુ વાતાવરણ હોવું જોઇએ. ઘેર બા પાસે કે મા પાસે વાર્તાઓ સાંભળવા નાના બાળકો બેસે તેમ એક નાના સ્ટુલ ઉપર શિક્ષકે બેસવું અને બાળકોને ફરતા બેસાડવા. નિશાળમાં બાળકો વધુ હોય છે તેથી બેસવાની જરા વધુ વ્યવસ્થા જોઇએ. નાના બાળકો પાસે–મોટાં તેની પાછળ કોઇ ઘુંટણે બેસશે કોઇ શિક્ષકની સાવ પાસે પણ હશે. તો પણ વાંધો નથી. પણ એમાં થોડી શિસ્ત જાળવવી જોઇએ. બધાં બાળકો એકી સાથે બોલે છે તેથી કોઇનું સંભળાતું નથી. તેથી જેને બોલવાનું હોય તે હાથ ઊંચો કરે એવો નિયમ હોવો

વેન્ગાર્ડનો વિજય દરજ
ફરકાવે છે—

આઉટડોર–ઈનડોર ફોટોગ્રાફી–દસ્તાવેજો–લખાણોની કોપીઓ–મકાનના તેમ જ વરઘોડાના ફોટાઓ–ગમે તેવા જૂના–ઝાંખા–પીળા અને ગ્રુપ ફોટા પરથી પણ આબેહુબ એન્લાર્જમેન્ટ અથવા પેઇન્ટીંગ–'Translite' જેવી નોવેલ્ટીઓ–દરેક પ્રકારની નવી ડીઝાઇનની ફ્રેમો કે જેને ભાવ અને કામમાં કોઇ ટચ નહિ કરી શકે !

.....☆ ફોટોગ્રાફી ☆ પેઇન્ટીંગ .....
☆ એન્લાર્જમેંટ ☆ ફ્રેમીંગ

જોઇએ. એટલે એક પછી એક વાત કહેવાનો વારો આપી શકાય.

ઘણી વખત કેટલાક બોલકણાંજ બાળકો સતત બોલતા રહે છે. અને શરમાળ જરા પણ ન બોલે. તે તરફ આપણું લક્ષ હોવું જોઇએ. શરમાળ બાળકને બોલવાની ખાસ તક આપવી જોઇએ. એટલે વધુ બોલનારને નિરાશ પણ ન કરવો જોઇએ એથી વધારે નિયમો પાળવાની જરુર નથી. ઘણી વખત બાળકો ખુબ ગમ્મત ભર્યું બોલે છે. હાથીની વાર્તા ચાલતી હોય તો "હા મેં હાથી જોયો છે, હું હાથી ઉપર બેઠો હતો." પરથી "અમારે ઘરે ચાર હાથી છે." એવું ગપ્પું પણ હાંકે છે. કેટલાક બાળકોને આપણે ઘરે બધુંજ છે એવું કહેવું ગમે છે એમને બોલવા દેવું. એમને ગમે તે બોલવા દેવું. એમને સુધારવાની જરૂર નથી. આ પદાર્થપાઠ નથી. આ ગપ્પાગોષ્ટી છે એ ધ્યાનમાં રાખવું જોઇએ.

ગપ્પાગોષ્ટી માટે અમુક એક નકકી વિષય નથી હોતો એ સાચું પણ ગપ્પાગોષ્ટી શાના ઉપર કરવી-એના સંબંધમાં શિક્ષક કશું નકકી કર્યા વગર બાળકો સામે બેસે તો શરૂઆત કયાંથી કરવી અને ગપ્પાનો પ્રવાહ કેમ ચાલુ રાખવો એ નવા શિક્ષકોના ધ્યાનમાં રહેતુ નથી. કોઇવાર તે મૂંગા બેસે છે. અને બાળકો પણ મૂંગા બને છે. ઘણાં દિવસોના અનુભવથી કોઇપણ પૂર્વ તૈયારી સિવાય શિક્ષક ગપ્પાગોષ્ટી કરી શકે છે. તે માટે શાની ગપ્પાગોષ્ટી કરી શકાય તેની અહીં એક યાદી આપું છું.

૧. **સમાચાર** :—આપણા ઘરમાં કશી નવા જૂની થાય તે કોને કહેવું એવું બાળકોને થાય છે. તેમના નાનકડાં જ્ઞાન ભંડારને લીધે કોઇપણ ઠેકાણે વ્યકત કરવા માટે તેઓ ઉત્સુક હોય છે. 'આજે અમારે ત્યાં માસીબા આવ્યા. આજે ભીંડાનું શાક બનાવ્યું હતુ. બેબી માટે નવું ફ્રોક આણ્યું. મોટાભાઇ પડી ગયા. બાપુજી બા પર ગુસ્સે થયા. "સુધી ગમે તે સમાચાર બાળકની કોથળીમાં સળવળતા હોય છે. "આજે જમવાનુ શું હતુ? મોઢું કોણે ધોયું? દાંત સાફ કર્યા કે? ઘરકામ કોણે કોણે કર્યું?" આવા કેટલાક પ્રશ્નો પૂછીએ કે તરત જ ઘરના સમાચાર શરૂ થાય છે. ઘરની યાદ એ વાતો કરતાં તાજી થઈ જાય છે. અને તેમાં બાળકો રંગાઇ જાય છે. રોજ રોજ એકજ બાળકને પ્રશ્નો પૂછવા નહિ.

૨. કપડાં અને સ્વચ્છતા.

૩. તહેવારો, ઉત્સવ પ્રસંગ, મહેમાનોનું આગમન.

૪. પ્રવાસ કર્યો હોય તો તે બદલ.

૫. કંઇ ખાસ કામ બાલવાડીમાં થયું હોય તો દા. ત. કાલે ઇંટો પાડવામાં આવી હતી. મોટી સફાઇ કરવામાં આવી હતી.

૬. વસ્તુ અથવા ચિત્ર બતાવીને.

પ્રાણી, ઝાડ, દૃશ્યો એકાદ બાળકનું ચિત્ર બતાવવું. એમાંની ઝીણી ઝીણી વિગતો આવવીજ જોઇએ એવું નહિ. દા. ત. વાઘનું ચિત્ર "તેના પગ કેટલા? નખ કેવા? પટ્ટા કેટલા?" વગેરે ઝીણા ઝીણા પ્રશ્નો પૂછવાની જરૂર નથી એ ચિત્રમાં જે ભાગ સ્પષ્ટ દેખાતો હોય તે સંબંધમાં કહેવાય એ પૂરતું.

(અપૂર્ણ)

બાળકોને માટે ખાસ જરૂરી

ટૅાનિક પાવડર :

બાળકો અને પ્રૌઢોની નબળાઇ માટે અજમાવેલ સ્વાદિષ્ટ ટોનિક ભૂખને ઉ-તેજનાર અને બાળકોની શારીરિક નબળાઇ માટે તેમજ વૃદ્ધાવસ્થાની નસોની કમજોરી માટે ઉપયોગી.

ન્યુ ઇરા હોમીયો ફાર્મસી.

વેસ્ટર્ન રેલ્વે સામે, દાદર, મુંબઇ-૨૮



કમાટી બાગ

મધુ અને ચંદા એકવાર વડોદરા જોવા ઉપડયાં. ત્યાં એમાના બાપુજીના દોસ્તદારનાં છોકરાં એમનાં દોસ્તદાર. એ છોકરાંઓએ તો કમાટી બાગ ઘણીવાર જોએલો. કમાટી બાગમાં પાંજરામાં પુરેલા જીવતાં સિંહ, સિંહણ વાઘ, વાઘણ અને ચિ-તો જોવા મળે. મધુ અને ચંદા તો ઉપડયાં એ છોકરાં સાથે કમાટી બાગ જોવા.

સિંહ અને સિંહણ

કમાટી બાગમાં સિંહ, સિંહણ અને એમનાં બચ્ચાનું પાંજરૂં જુદું છે.

સવાર પડતાં પહેલાં સિંહ ઘણીવાર ખુબ મોટેથી બૂમો પાડે છે. એની બૂમ તો જાણે વરસાદ આજ્યો.

આ સિંહ અને સિંહણ કાઠિઆવાડના ગિરનાં જંગલોમાંથી પકડી આણ્યા છે. જંગલનો રાજા સિંહ. કેવું મોટું અને મજબુત એનું શરીર છે. એના માથે અને ગળે કેશવાળી છે. એની આંખો મોટી છે. એના મોંમાં મજબુત મોટા દાંત છે. એના પંજા બહુ મોટા છે. એ શિકારને પંજે મારીને જ મારી નાખે.

સિંહણનો રંગ પણ સિંહ જેવો બદામી છે. એ બધી રીતે સિંહને મળતી આવે છે. પણ એને સિંહ જેવી કેશવાળી નથી. એ સિંહ જેટલી રૂપાળી પણ નથી લાગતી. સિંહનાં નાનાં બચ્ચાં બહુ મઝાનાં લાગે છે. રમાડવાનું મન થઈ જાય. પણ સિંહણબાઈ બહાઉ કરીને ખાવા દોડે.

વાઘ અને વાઘણ

જંગલની આજુબાજુના ખેડુતોનો ખાસ દુશ્મન વાઘ. એ ખેડુતોના

ગાય, ભેંસ અને બકરાં ખાઈ જાય. એ માણસોને પણ મારી નાખે. એક વાર માણસનું લોહી ચાખે પછી વારે વારે માણસને મારી નાખે. વાઘણ પણ વાઘ જેવી છે.

વાઘનું માથું મોટું હોય છે. નાક પર એને મુછ હોય છે. એની આંખો બિલાડી જેવી ચળકતી હોય છે. વાઘ અને વાઘણનો રંગ આછો પીળો અને ઉપર કાળા પટા. એ આઠ દશ ફુટ લાંબો હોય. એના પગ તળે બહુ પોચો ભાગ હોય અને તેથી એ ચાલે ત્યારે અવાજ થતો નથી. વાઘ શિકાર પાસે છાનોમાનો આવે છે અને એકદમ તરાપ મારે છે.

વાઘ અને વાઘણ બહુ લુચ્ચાં.

ચિત્તો

વળી વાઘ વાઘણથી વધારે લુચ્ચો. ચિ-તો વા ઘ થી થો ડો ના નો હોય એના પિળાશ પડતા શરીર પર કાળાં કાળાં ટપકાં હોય. એ ભેંસ, બકરાં, કુતરાં અને મરઘાંઓનો શિકાર કરે. એને ઝાડ પર ચઢતાં પણ આવડે. એ છાનોમાનો ઝાડ ઉપર લપાઈ રહે. જ્યારે શિકાર આવે કે એકદમ શિકાર ઉપર તુટી પડે. ચિ-તો ઘાસવાળાં જંગલોમાં કે ડુંગરાળ પ્રદેશમાં રહે. કમાટી બાગમાં એક કાળા રંગનો પણ ચિ-તો છે.

—★—

શું કરશો?

મધુ અને ચંદા હવે જરા મોટાં થઇ ગયાં છે. એ હવે ઘણી વસ્તુઓ જુવે છે. એ વસ્તુઓનાં ચિત્રો પણ બનાવે છે. આખા દિવસમાં બન્ને જે જે વસ્તુઓ જુએ છે તેની નોંધ પણ કરે છે.

તમે પણ બધી વસ્તુઓ ને જો. એ વસ્તુઓનાં ચિત્રો બનાવજો અને નોંધ પણ કરજો.

રોપા વાવજો. બાગ બનાવજો. જમીન ખોદજો, બી રોપજો. ફણગા ફુટે ત્યારે જો જો. ખંખીઓ અને પશુઓને જો જો. દોસ્ત બને તો બનાવજો. રાત્રે તારા જોજો. ગોવાળીયાને સાત ઋષિનાં ઝુમખાં જોજો જંગલ અને ખેતરમાં ફરવા જજો. બધાં મળી ઉજાણી કરવા વડ અને પીંપળાના છાંયડામાં બેસજો. અને મઝા કરજો. અને તમારી આજુબાજુની સરસ સરસ વસ્તુઓ તપાસી તપાસીને જો જો.

પ્રસંગોપાત મુખવાસ માટે વપરાતી
★ ફિલર જર્દા ★
સેન્ટેડ સોપારી
* સુમધુર * સૌને આનંદીત કરતી
સર્વે જગ્યાએ વેચાય છે.
આપની ગામની એજન્સી માટે લખો:—
બાબુભાઇ આર. સોપારીવાલા
શાંતિ ભુવન, ચોપાટી સી ફેસ, મુંબઇ-૭
બ્રાન્ચ : પોસ્ટ ઓફીસની બાજુમાં,
વીઠ્ઠલભાઇ પટેલ રોડ, મુંબઇ-૪

જ્યારે ભગવાન બુદ્ધ બાળક હતા

ભગવાન બુદ્ધનું નામ તો તમે બધાએજ સાંભળ્યુ હશે. એમનું બાળપણનું નામ સિધ્ધાર્થ હતું. ગૌતમ જ્યારે બાળક હતા ત્યારની વાત હું તમને આજે કહીશ.

એમના બાળપણમાંજ એમના હાથની રેખાઓ જોઈ દેશના મહાન જ્યોતિષીએ કહ્યું હતું, "આ બાળક ચક્રવર્તી રાજા થશે અથવા તો મહાન સાધુ થશે."

સિધ્ધાર્થ સાત વર્ષના થયા ત્યારે પાઠશાળામાં જવા લાગ્યા. રૂપ-રૂપના અંબાર જેવા નાનકડા સિદ્ધાર્થ બધાંને ખૂબજ વહાલા લાગતા. એમની મોટી મોટી સુંદર આંખો અને મધુરું મુખડું જોઈ સૌ મુગ્ધ થઈ જતાં એમની વાણીમાં ભારે મીઠાશ હતી. એકવાર વર્ગમાં ગુરૂજીએ એક મંત્ર લખ્યો. સિધ્ધાર્થે એજ મંત્ર અનેક ભાષાઓમાં લખી બતાવ્યો. ગુરૂજી નવાઇ પામ્યાં બીજીવાર ગુરૂજીએ તેમને અમુક આંકડાઓ સુધી ગણત્રી લખી આપી. બીજે દિવસે તે વિદ્યાર્થીઓએ મોઢે કરી લાવવાની હતી. બીજે દિવસે જ્યારે સિદ્ધાર્થનો વારો આવ્યો ત્યારે એઓ ઊઠયા અને ગણત્રી બોલવા લાગ્યા," સો હજાર, લાખ, કરોડ, મહાશંખ, સુધી એ સહેજ પણ અચકાયા વિના મોઢે બોલતાજ રહ્યા. આખો વર્ગ સ્તબ્ધ થઈ ગયો. એમને પોતાનેજ લાગ્યું કે હવે અટકવું જોઇએ. ધીમેથી ખૂબજ નમ્રતાપૂર્વક હાથ જોડી બોલ્યા, "ગુરૂજી, હવે બંધ કરું કે આગળ બોલું?" એમની મધુર વાણી સાંભળી ગુરૂજી એમની પાસે આવ્યા અને પોતાની આંખોનાં આંસુઓ લુછતાં લુછતાં બોલ્યા, "વહાલા મારા નાનકડા દિકરા, તું તો ગુરૂઓનો પણ ગુરૂ છે. થાકી જશે હવે બસ કર." અને એના નાનકડા સુંદર પગો ઉપર પોતાનું માથું મૂકી ગુરૂએ શિષ્યને પ્રણામ કર્યાં.

એકવાર સિધ્ધાર્થ રાજમહેલના બાગમાં રમતા હતા. એવામાં તેમને એક કારમી ચીસ સાંભળી. ચીસ જાણે આકાશને ભેદીને આવતી હોય એવું લાગ્યું. એમનું માયાળુ હૃદય દ્રવી ઊઠ્યું. એમને જોયું કે એક ઘાયલ હંસ દુઃખની ચીસો પાડતું પાડતું ધરતી તરફ આવતું હતું. જ્યાં હંસ જમીન ઉપર પડ્યું હતું ત્યાં તેઓ જલ્દી જલ્દી દોડી ગયાં. હંસની છાતીમાં એક તીર વાગેલું હતું. તેનાં સુંદર સુવાળાં સફેદ પીછાં

લોહીથી તરબોળ થઈ ગયાં હતાં. એ દુઃખી બેભાન હંસને તેમને છાતી સાથે ચાંપ્યું. તેને વાગેલું તીર તેની છાતીમાંથી કાઢયું પછી પોતાનું કિંમતી સોનેરી વસ્ત્ર ફાડી તેમાંથી એક પાટો બનાવ્યો અને તેના ઘા ઉપર બાંધ્યો. એટલામાં તેનો પિત્રાઇ ભાઇ દેવદત્ત ત્યાં આવી પહોંચ્યો અને બોલી ઊઠયો, " સિદ્ધાર્થ, આ હંસતો મારૂં છે. મને આપી દે" સિદ્ધાર્થે હંસને પ્રેમથી નિહાળીને કહ્યું, તું જોતો નથી ભાઈ એના શરીરમાંથી કેટલું લોહી નિકળી રહ્યું છે, બિચારૂં બેભાન થઇ ગયું છે. તું જોરથી ના બોલ. બિચારૂં ગભરાઇ જશે. ધીરે રહીને ચાલ્યો જા."

આ સાંભળી દેવદત્ત ખૂબજ ગુસ્સે થઇ ગયો. ત્યાંથી તે સીધો રાજદરબારમાં પોતાના કાકા પાસે ગયો અને કહ્યું "સિદ્ધાર્થે મારૂં સંહ લઇ લીધું છે. મારૂં હંસ મને અપાવો." એટલામાં સિદ્ધાર્થ પણ ત્યાં આવ્યો. હંસને તેને છાતી સાથે ચાંપી રાખ્યું હતું અને તેના સુંદર વસ્ત્રો પણ લોહીથી ખરડાઇ ગયાં હતાં. તેણે કહ્યું, "મને પણ ન્યાય જોઇએ છે. મેં હંસનો જીવ બચાવ્યો છે માટે એ મારૂં છે. દેવદ-તે કહ્યું." તીર મેં મારેલું અને મારા તીરના વાગવાથી હંસ ઘાયલ થઇને જમીન ઊપર પડયું, માટે હંસ મારૂં છે."

રાજા શુદ્ધોધન મોટી મુશ્કેલીમાં મૂકાઇ ગયા. બોલ્યા, "મારા મનથી તો દેવદત્ત અને સિદ્ધાર્થ બન્ને સરખા છે. ને છતાં પણ મારી લાગણીને વશ થઇ કદાચ હું અન્યાય કરી બેસું માટે હે રાજદરબારીઓ, અને મન્ત્રીઓ તમેજ આ બાબતનો ફેંસલો કરો. આ વાતો ચાલતી હતી એવામાં એક વિદ્વાન તપસ્વી ત્યાં આવી ચઢયા. તપસ્વી મહાપુરૂષને રાજા શુદ્ધોધન પોતાના પૂજ્ય ગુરૂ જેટલું માન આપતા હતા. એમને જોતાંજ તેઓ સિંહાસન ઉપરથી ઉઠયા અને નમ્રતાપૂર્વક હાથ જોડી તેમને પ્રણામ કર્યા. પછી હંસની કથા કહી સંભળાવી તેમને કહ્યું," હંસને બારડાની વચ્ચે ઊભું રહેવા દો. ત્યાર પછી બન્ને રાજકુમારો હંસને વારાફરતી પોતાની પાસે બોલાવશે. હંસ જેની પાસે જશે તેનું તે થઇ જશે.

તપસ્વીના કહેવા પ્રમાણે બન્ને રાજકુમારોએ હંસને વારાફરતી પોતાની તરફ બોલાવ્યું. હંસે દેવદત્ત તરફ જોયું અને પછી કોણ જાણે કેમ પોતાનું મોં પોતાના-પીછાંઓમાં ઢાંકી દીધું. સિદ્ધાર્થે હંસને પોતાની તરફ આવવા ઈશારાથી કહ્યું, હંસે સિદ્ધાર્થની તરફ જોયું. તેની મોટી મોટી સુંદર આંખોમાંથી દયા નીતરતી હતી.

—પરિષદમાં પરિભ્રમણ—

" દુમેળ માનવપ્રાણી "

પરિષદની પૂર્ણાહૂતિ થઇ ગઇ ! ઘણાં બધાં મને પૂછતાં હતાં : 'કેમ પરિષદની ફલશ્રૂતિ શું ?'

ઘણાં ખરાં તો પોતે જ અભિપ્રાય દર્શાવતા હતાં કે :

'એ તો ત્રણ દિવસનો જલસો હતો–બસ ફર્યાં હર્યાં ને મળ્યાં. બાકી એમાંથી ફળ શું આવવાનું હતું ?

પણ મને લાગે કે આ સિવાય ઘણું ય જાણવાનું, જોવાનું અને અનુભવવાનું હતું–માત્ર આપણી ઇચ્છા હોવી જોઇએ. આવી પરિષદોમાં મુખ્ય રંગભૂમિ કરતાં પાછળના નેપથ્યમાં ઘણા અદ્‌ભૂત અનુભવો થાય છે !

મેં ત્રણ દિવસ આ નેપથ્યના ઠીક ઠીક દર્શન કર્યાં છે !

અને એ ચર્ચાઓમાંથી કોઈ વાત મારા મન ઉપર ઘર કરી બેઠી હોય તો તે છે :

"માનવપ્રાણી બહુજ દુમેળું (Irrelevant) છે ! "

અને સાથે જ વિચાર આવે છે :

'આ દુમેળતા નષ્ટ કરવી એ જ શિક્ષણનું ધ્યેય હોવું જોઇએ–માનવી બિચારો કાળામાંથી ધોળાવાળ સુધી પહોંચે છે, છતાં ય આ દુમેળતા જતી નથી. અલબત્ત વિચાર અને આચારની જેટલી નિકટતા આવતી જાય છે, તેટલી દુમેળતા ઓછી થતી જાય છે. પણ આ કાળની બલિહારી એ છે કે માનવી માત્ર વિચારમાં વિશિષ્ટતા દાખવે ત્યાં જ એને મહત્તા મળી જાય છે. અત્યારે મૌલિક વિચારનું એટલું દારિદ્રય દેખાય છે કે માનવી કંઇક વિશિષ્ટ વિચાર–કંઇક મસાલેદાર રીતે મૂકે છે ને સામાન્ય સમાજ એથી આકર્ષાઇ જાય છે. અને આથી એ વિચારક પણ એ વિચારોને આચારની એરણ ઉપર ચૈડાવવાની ધીરજ રાખતો નથી. અને પરિણામે માત્ર તર્કના તરંગી જગતમાં એ પોતાના વિચારોની (કવિની માફક) એક કૃતિમ વાસ્તવિકતા ખડી કરીને એમાં રાચે છે.

આ માનવી માટે મોટું ભયસ્થાન છે.

અલબત વ્યકિત પ્રારંભમાં પોતાના વિચારો આચારની એરણ ઉપર ઘડવાથી શરૂ કરે. પણ

બગડેલા લોહીને સુધારનાર
ડો. વામન ગોપાલનું
સારસાપરિલા વાપરો.

હાર્મોનિયમ, ટ્યુનિંગ, સિતાર
તથા તંબૂરો જવારી
સ્પેશ્યાલિસ્ટ

ઑર્ડર, એડવાન્સ,
નજીકનું રેલ્વે સ્ટેશન જણાવો.

હરીભાઉ વિશ્વનાથ કં.
દાદર, મુબઈ ન. ૨૮.
શાખા: સૅન્ડહર્સ્ટ રોડ વ અહમ્મદાબાદ.

થોડાજ વખતમાં એ ધીરજ ખોઇ બેસે છે. અને આચારની એરણ ફેંકી માત્ર મનમાં, એક વિચાર સાથે બીજા વિચારને લડાવીને સત્યાભાવી સત્ય શોધી કાઢે છે. અને એકવાર આડધારે રસ્તે ચડ્યો કે પછી કોઇ ભળતેજ રસ્તે ચડી જાય છે. અને જો એને મસાલેદાર બાનીની બક્ષીશ હોય તો તે અન્ય પ્રથકંજનોને પણ એ ભળતે માર્ગે દોરી જાય છે. કેમકે માનવપ્રાણી, કંઈક અદ્‌ભુત પ્રાપ્ત કરવા એટલું અધીરૂં થઇ ગયું છે કે જે કંઇ અરૂઢ લાગે તે મૌલિક સમજીને એની પાછળ ચાલી નીકળે છે.

અને આ રીતે દુમેળમાંથી સુમેળમાં જવાનો, આચારની એરણ ઉપર વિચારને કસવાનું કામ ન થતાં માનવી દુમેળો રહી જાય છે. તે છે કે મૃત્યુ સુધી. એ દુમેળ કારણે આ કે તે ગ્રંથીઓ બાંધતો જાય અને છોડતો જાય. વળી બીજી બાંધતો જાય. આમ ભવાટનિમાં ભટકતો એ એક દિવસ આ જગતમાંથી ચાલ્યો જાય છે.

આ દુમેળ દૂર કરવો એ બહુ અઘરૂં કામ છે. પણ મને લાગે છે કે એ દુમેળમાંથી સુમેળમાં જવા માટે એમનું વિચારમંથન ઓછું ઉપયોગી થાય. એ માટે તો વિચારને આચારના નિકષ ઉપર કસતા જવાનું સાથે હોય, તો જ એ દુમેળ જાય અને ટકોટા બંધ ત્રિકાલાબાધિત જીવન ફિલસુફી હાથ આવે.

નહીં તો થાય એવું કે પહેલાં વિચાર અને આચાર વચ્ચે દુમેળ રહે, પણ છેવટમાં તો આગલા પાછલા વિચારો વચ્ચે પણ દુમેળ થઇ જાય.

તે દિવસે હું સભામાં પાછળ બેઠો હતો. ત્યાં જેમ માઇક દ્વારા કાકા સાહેબનું વ્યાખ્યાન સંભળાતું હતું, તેમ સાથે જ મારા આડોશી પાડોશીઓની એના ઉપરની ટીકાટીટ પણ પણ સાંભળવાનો લાભ મને મળતો જતો હતો.

ઘણીવાર તો અમારી જ ચર્ચાસભા બની જતી હતી !

રતિભાઇ હું આવ્યો કે મને ઉદ્દેશીને બોલ્યા :

'કેમ, તમે બાવાનું શું કર્યું ? તમને તો આ ભોજન નહીં ચાલતું હોય ?'

મેં બાલગીતની એક લીંટીમાં જવાબ આપ્યો :

'જે મળે તે બાઉં છું !'

એક વૃધ્ધજન મારી બાજુમાં બેઠા હતા. તેમણે પૂછ્યું :

'કેમ, તમે કંઇ ખાસ પ્રકારનો ખોરાક ખાઓ છો ?

'એવું ખરૂં. પણ અહી તો 'સંઘમ્ શરણમ્ ગચ્છામિ' બીજું શું થઇ શકે ?

રતિભાઇ બળવો કરતા બોલ્યા :

'અરે એવું તે હોય ? તમારે ફરીયાદ કરવી જોઇએ,'

હું કંઇ ન બોલ્યો. પેલા વૃધ્ધ બોલી ઉઠયા.

'એમાં ફરિયાદ શી કરવાની ! એમ એકાદ

શિક્ષણ સાધનો

બાલમંદિર માટે સાધનો, નકશાઓ, ચિત્રપટો, કસરતના સાધનો, બાલસાહિત્ય અને અન્ય ઉપયોગી સાધનો માટે સુચિપત્ર મંગાવો લખો :

નૂતન શિક્ષણ સાધનાલય એન્ડ આર્ટ વર્કસ (પ્રાઇવેટ) લી૦

સીનેમા રોડ, સુરેન્દ્રનગર. (સૌરાષ્ટ્ર.)

બે દિવસ નિયમ તોડીએ તો શેાડાજ મરી જવાના હતા ?'

'બરાબર છે.' મેં જવાબ આપ્યેા.

સામે માઇક ઉપર એક મેાટેા ધડાકેા સંભળાયેા. અને અમારૂં નેપથ્યાગાર ધણધણી ઉઠ્યું.

'આપણાં શિક્ષણની યેાજના કેાણ આપણે શિક્ષણકારેા કરવાના ?–નહીં. એ કામતેા કરશે આપણા રાજપુરૂષેા (Statesmen). અને આપણા સમાજશાસ્ત્રીઓ (Sociologists). એમની યેાજનાને શિક્ષણકારેાએ અમલમા મૂકવાની રહેશે.

ખલાસ ! પછી વ્યાખ્યાન સાંભળવાનું શકય ન હેાતું. મણિભાઇ બેાલી ઉઠ્યા : 'આ કાકા તે શું બેાલી રહ્યા છે !'

વિજુભાઇ કહે : 'આનેા અર્થ એ કે આપણે માત્ર રાજ્યની નિશાળ ચલાવનારાં આજ્ઞાંકિત પ્રાણી બનવાનું છે !'

રતિભાઈ કહે : 'એટલે કે આપણે આ રાજ પુરૂષેા ભવિષ્યમાં ચુંટાઇને મંત્રી બનવા માટે જે કામ ચલાઉ યેાજના ઘડે તેને જ શિક્ષણનું ધ્યેય માનવાનું છે !'

વિજુભાઇ : 'અને આ સમાજ શાસ્ત્રીઓ પણ બીજું શું કરે છે ? એ પણ વર્તમાન સમાજના રેાગનું નિદાન કરીને એને માટે સાજા થવાની દવા બતાવે છે. એય વર્તમાનથી આગે દૃષ્ટિ પહેાંચાડતા નથી. વળી એક દેશનેા સમાજશાસ્ત્રી બીજા દેશના લેાકેાનેા વિચાર કરતેા નથી. એટલે કે એની દૃષ્ટિ પણ સ્થળ કાળથી મર્યાદિત રહે છે.'

પેલા વૃધ્ધ પુરૂષ બેાલી ઉઠ્યા :

'ભાઈ તમારી સૌની વાત સાચી છે. પણ આપણેા સામાન્ય શિક્ષક વર્ગ એવી નીચી કક્ષાએ છે કે એની ટુંકી દૃષ્ટિ સર્વદેશીય શિક્ષણ વિચાર કરી શકે એમ છેજ નહી.'

રતિભાઇ બેાલ્યા : 'કેમ કરી શકે એમ નથી ? શું વિચાર કરવા માટે દરેકે વૃધ્ધ થવાની જરુર છે કે ?'

વૃધ્ધ બેાલ્યા : વૃધ્ધ થવાની તેા જરુર નથી. પણ ઠરેલ થવાની તેા જરુર છેજ. તેમજ કહેાને શિક્ષક શબ્દનેા અર્થ શું છે ?'

મણિભાઇ બેાલી ઉઠ્યા : 'શિક્ષકનેા અર્થ શિક્ષા કરનાર !'

એ હાસ્યરસે પેલા વૃધ્ધ જનને ન હસાવ્યા. એ આગળ બેાલ્યા ?

'આપણે શિક્ષકેા ઉગતી પ્રજાને શિક્ષણ આપવાનેા દાવેા કરીએ છીએ. આ જગતમાં આવતા નવમાનવીને કયે રસ્તે ચાલવું, તે દર્શાવનાર અને એ રસ્તે આવતી અડચણેાનેા સામનેા કરવાની શકિત આપનાર વ્યકિતઓ છીએ ?'

પણ પહેલાં તેા મારે એજ પૂછવું છે કે આપણે પેાતે આ કાર્ય માટે કઇ લાયકાત મેળવી છે ?—આ શિક્ષણ પરિષદ છે, અને આપણે બધાય શિક્ષકેા અંહી એકઠા થયા છીએ. પણ તમે તટસ્થ રીતે કહી શકશેા કે આ મેળેલ



ચેમ્પીઅન
પેનનેા આગ્રહ રાખેા.
કિંમત
રૂા. ૩/૮
અને વધુ

સરળ વહે છે
લીકપ્રુફ
ગેરંટીડ
સર્વત્ર મળે છે.

ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ
પ્રાઈવેટ લીા૦
લેાહારચાલ, લાલજી માનસીંગ બિલ્ડીંગ,
મુંબઇ, ૨. P. C.

મેળામાં આપણી શિક્ષક વર્ગ તરીકેની કોઇ વિશિષ્ટતા છે ?

' આજ સવારનોજ પ્રસંગ લ્યો : સ્ટેશને બસની લાગેલી કતારમાં આપણી શિક્ષક તરીકેની એ વિશિષ્ટતા હતી કે લગભગ બધાય બેશરમ પ્રકારે એ નિયમ જાળવ્યા વગર " જ્યશંની પાંચશેરી ભારે " નો આદર્શ પાઠ પૂરો પાડતા હતા !—બાસ્સા બે કલાક પછી મારા જેવા અશકત માણસને, જ્યારે વારો આવ્યો ત્યારે અંદર ઉભા રહેવાની પરવાનગી મળી. કેમ કે સામેની બધી બેઠકોમાં બેઠેલ વ્યકિતઓએ એમના સ્નેહી-સ્વજનો માટે એ રોકી રાખી હતી, કે જે માટે એ સ્નેહીઓ પાછળથી આવવાનાં હતાં.'

રતિભાઇ હસતા બોલ્યા : ' ત્યારે એમ કહોને મુરબ્બી, આજ કંઇ બહું તકલીફ પડી લાગે છે ! આ તો પોતાના પગ તળે રેલો આવ્યો.'

વૃધ્ધ બોલ્યો : ' એમ સમજો તો ય એથી હકીકત ફરતી નથી.'

મેં વૃધ્ધની બાજુ લેતાં કહ્યું : ' હારતો, આપણે શિક્ષકો જે આ ઉગતી પ્રજાને આચાર આપવાનો ધન્ધરો લઇ બેઠા છીએ. તેમના પોતાનામાં તો કંઇ આચાર દેખાવા જોઇએ !'

મણિભાઈ : ' અરે તમે પણ શું ભલા માણસ ! એ તો સમૂહમાં તો એમ બને !'

રતિભાઇ કહે : માની લો કે આજનો શિક્ષક ભાવિપ્રજાને દોરવા યોગ્ય નથી. પણ એનો અર્થ એવો તો નથી કે શિક્ષણ જગત ઉપર રાજ પુરુષોની સરમુખ્ત્યારી ઠોકી બેસાડવી જોઇએ.

પાછળ બેઠેલા એક શાળા અધિકારી બોલી ઉઠયા.

' જે દેશને પ્રગતિ કરવી છે, તેણે તો પ્રગતિના બધાય પંથોને એક સૂત્રમાં પરોવવા પડે. એમાં શિક્ષણનો એકાંગી વિચાર ન થઇ શકે.'

અમે બધાયે પાછળ જોયું.

વ્રજેશભેનનો પૂણ્ય પ્રકોપ ભભૂકી ઉઠયો :

' આનો અર્થ એકે બાળક -એક માટીનો લોંદો છે. અને આપણે એમાંથી જોઇતો ઘાટ ઘડવાનો છે ! આ તો બાળકનું અપમાન છે. બાલમાનસનું અજ્ઞાન છે !'

અલબત એ ચર્ચા લાંબી ચાલી. પણ પછી તો મેં વ્યાખ્યાન તરફ ધ્યાન આપ્યું.

કાકા સાહેબે પોતાના ભૂતકાળના શિક્ષણ અનુભવો વર્ણવ્યા. કહે : પધ્ધતિ-યોજના શિક્ષકાર પોતેજ સ્થળકાળને સમજીને શોધી કાઢે છે. તેનું ઉદાહરણ આપ્યું તાવની માંદગીનું.

મને બહુ આનંદ થઇ ગયો. અંદરથી હું બબડી ઉઠયો :

' હાં જુઓ ! આ વિચાર આચારનો સુમેળ !'

કાકા સાહેબના વર્ષો પૂર્વે કરેલા શિક્ષણ અનુભવો આજે પણ સચ્ચાઇનો રણકાર કરતા હતા !

ઝરણાથી બનતું સુગંધિત તેલ

આપને ત્રિવિધ ફાયદાની ખાત્રી આપે છે.

૧. ખરતા વાળને અટકાવી, વાળને ભરાવદાર અને મુલાયમ બનાવે છે.
૨. મગજને પોષક તત્વો પૂરાં પાડે છે.
૩. શ્રમ, સમય અને સંપત્તિ બચાવે છે.

આજે જ એક બાટલી ખરીદો અને હંમેશના વપરાશનું સર્વોતમ કેશતેલ ઘેરબેઠાં આસાનીથી તૈયાર કરો.....

બધે જ ઠેકાણે વેચાય છે

સોલ એજન્ટ-
સુગંધ ઘર
બાડીયા, અમદાવાદ
M. P. S.

સી. નરોત્તમની કું.
મંગળદાસ રોડ,
મુંબઇ ૨.
ટે. નં. ૩૦૫૭૫

આમ વ્યાખ્યાન પૂર્ણાહુતિ તરફ આવ્યું.

કાકા સાહેબ બોલ્યા :

' આ આચાર્ય ભિસે, જુગતરામ ભાઇ અને તારાબેન આ બધા ઋષિઓ છે. અને એમના શિક્ષણ અનુભવો એ આપણી મૂડી છે. આપણા રાજપુરુષોએ એમની પાસે આવવું જોઇએ અને શિક્ષણની યોજના ઘડવી જોઇએ.'

ફરી અમારું નેપથ્યાગાર ગણગણી ઉઠ્યું. રતિભાઇ હસી પડયા. મણિભાઈ વૃધ્ધજન સામે જોતા કહે :

' સાંભળો વાત ! હવે તમે શું કરો છો ?'

વૃધ્ધજન કંઇક વિમાસણમાં પડી ગયા.

સભા બરખાસ્ત થઇ.

ચંદુભાઇ મારા તરફ વળતા બોલ્યા :

' કાકા હવે તો લોચા વાળે છે !'

રતિભાઇ કહે : ' જોયું ને ! છેવટમાં કાકાએ કેવી ગુલાંટ મારી ?'

સામેથી મનુભાઇ આવ્યા કહે : ' અરે ગુલાંટ શું કાકાએ તો " દોનો દાઢિયાં સરખી " બનાવી દીધી !'

મેં પુછ્યું : ' એટલે ?'

એટલે એ કે, કાકા પાસે આ વિચારનો અમેળ મૂકાયો અને કાકાએ જવાબ આપ્યો : શિક્ષણકારો એ પોતેજ સમાજશાસ્ત્રીઓ છે !

વિજુભાઇ કહે : ' બોટું. શિક્ષણકારો એ સમાજશાસ્ત્રીઓથી કયાં ય વિશેષ છે. શિક્ષણકાર પાસે માત્ર વર્તમાન નહીં ભવિષ્યનો પણ પ્રશ્ન છે; માત્ર દેશનોજ નહીં પણ સારી માનવ જાતિનો પ્રશ્ન હોય છે.'

અને એમ ચર્ચા કરતાં સૌ વિખેરાયા.

બીજા દિવસથી અમારું મંડળ વિસ્તૃત થઇ ગયું !

હજી સભા શરુ નહોતી થઇ.

રતિભાઇ પાસે આવતા બોલ્યા : ' તમે ભૂલ કરો છો—જુગતરામ ભાઇની બાજુમાં જમવા બેસો તો તમારી સગવડ સચવાઇ જાય.'

' મેં આજ પ્રભુભાઇની આંગળીએ જવાનું નકકી કયું છે !' મેં કહ્યું.

એટલામાં સભા શરુ થઇ અને પેલા વૃધ્ધજન આવીને બેઠા. વ્યાખ્યાનો થવા લાગ્યા. અને અમારી ચર્ચાઓ પણ ચાલવા લાગી.

એકાએક રતિભાઇની આંખ લાલ થવા લાગી :

' એંહ ! આપણે સમાજવાદી સમાજ રચના કરવી છે !—આમાં કયાં ય દાનત દેખાતી નથી. '

પેલા વૃધ્ધજન જોઇ રહ્યા : ' કેમ ? '

' શું કેમ ? આ સામે જોતા નથી ? આ ઉપર સભા મંચ ઉપર પ્યાલા ને રકાબીઓમાં

નવી ડિઝાઇનોનું સુંદર પુસ્તક

આમાં ૬૪ આકર્ષક ડિઝાઇનો, ૩૪ જુદા જુદા ટાંકાઓની આકૃતિઓની માહિતી સાથે.

કિં. રૂા. ૩–૦–૦ ટપાલ ખર્ચ જૂદું. વ્યાપારિક પૂછપરછ માટે લખોઃ

*** એમ. મધુકર એન્ડ બ્રધર્સ ***

ટ્રામ નાકું, દાદર મુંબઇ–૧૪.

આપણી સામે નાસ્તા પીરસાય છે ! અને આપણે પૃથક જનોએ એ જેતાં એમની શ્રીવાણી સાંભળ્યા કરવાની છે !—આ તે કોઇ રીત છે ?– તમે મુરબ્બી કાલ તો શિક્ષકની વિશિષ્ટતાની– આચારની વાતો ડોળતા હતા. તમને આ કેમ ખટકતું નથી ?'

વૃધ્ધજન જરા ભોંઠા પડવા જેવા લાગ્યા. પણ એમણે દલીલ કરી : 'જુવો ભઇ, એમ આકળા ન થાઓ. આપણે આપણી પૂજ્ય વ્યકિતઓ તરફની માનવૃતિ ખોવી ન જોઇએ. આજના યુગનો જુવાન વર્ગ. તોછડાઇથી વર્તવામાં જ પોતાનું વિચાર સ્વાતંત્ર્ય સમજે છે. એ ઠીક નથી. તમને ખબર છે : કાકા સાહેબ પોતાની તબિયત સાચવવાની બહુજ કાળજી રાખે છે. એ એમના સમય પત્રકમાં ને વસ્તુપત્રકમાં જરાકે ફરક પડવા દેતા નથી. અને તોજ આજ સી-તેરે પહોંચતાં આટલું જુવાન જેવું કામ કરી શકે છે.'

મણિભાઇ કહે : ' પણ ત્યારે એમણે એ કામ આમ જાહેરમાં તો ન હોતું કરવું જોઇતું. '

વૃધ્ધ. : ' પ્રમુખ સભાસ્થાન કેમ છોડે ?'

વિજુભાઇ : ' મુરબ્બી, આમાં કયાં ય તમારા વિચારોમાં મેળ નથી. હજુ ગઇ કાલે તો તમે કહેતા હતા કે " એ ત્રણ દિવસ નિયમ ન પળાય તો થોડું કંઈ મટી જવાય છે !" આજ બીજજ ભાષા બોલો છો ! એટલો તફાવત જરુર છે, કે ગઇ કાલે એક સામાન્ય માનવી માટે તમે બોલેલા આજે વિશિષ્ટ વ્યકિત માટે બોલી રહ્યા છો !'

જુવાનો વૃધ્ધ ઉપર હસી રહ્યા હતા.

વૃધ્ધ માત્ર એટલુ બોલ્યા : ' એ સમજવા માટે સમય જોઇએ.'

અપ્રિય ચર્ચાએ બધાંને મુંગા કરી દીધા.

પણ એ મૌન ટકયું નહીં.

ફરી માઇક ઉપર પ્રમુખ સાહેબ બોલ્યા.

'બાળકના સ્વાતંત્ર્યની પણ સીમા હોય. નિર્બંધ સ્વાતંત્ર્ય શકય નથી. સમજો કે સ્વતંત્ર બાળક તો કહેશે કે મારે બીડી પીવી છે !–તો ?...'

બસ, અપ્રિય ચર્ચા વીસરાઇ ગઇ.

વ્રજેશબેન બોલી ઉઠયાં : 'અરે આ તે શી વાત છે ! આ તો જાણે બાળક મૂર્ખ છે અને આપણે એને સાચે રસ્તે નહીં દોરીએ તો જરૂર એ ખાડામાં પડશે એમ માનીને જ વિચાર થાય છે.–આ કેટલા જુનવાણી વિચારો છે ! તો પછી " Follow the Child " એ મોંટેસોરીના સૂત્રનો અર્થ શો છે ?

પેલા વૃધ્ધે બહુજ નમ્રતાથી બોલ્યા :

'તો તમેજ કહોને : શું કરવું ? બાળક બીડી માગે તો બીડી પીવા દેવી ?'

રતિભાઇ, મણિભાઇ અને વિજુભાઇ સૌ અત્યારે તો મુંગાજ થઇ ગયા !

માત્ર વ્રજેશબેને જવાબ આપ્યો.

'બાળકમાં વિશ્વાસ રાખો સાચું સ્વતંત્ર બાળક બીડી માગશેજ નહીં.'

હજારો કુટુંબોમાં હવે છૂટથી વપરાય છે.....



* ખરતા વાળને અટકાવી વાળને વધારે છે.
* મગજને ઠંડું રાખી વાળને મુલાયમ બનાવે છે.
* સફળ પ્રયોગો બાદ એ જનતા સમક્ષ રજુ થયું છે

લોભા પ્રોડકટસની એક અનમોલ કૃતિ

: સોલ એજન્ટસ :

એમ. એમ ખંભાતવાળા

રાયપુર, અમદાવાદ.

○

: એજન્ટસ :

સી. નરોત્તમ એન્ડ કું.

મંગલદાસ રોડ, મુંબઇ–૨

ટે. નં. ૩૦૫૭૫ M. P. S

મુરબ્બ્બી માથું હલાવવા લાગ્યા. એનો અર્થ એ કે એ વાત પોતે માનવા તૈયાર ન હોતા.

મેં ધીમેથી વૃધ્ધજનને વાત કરી.

'મુરબ્બ્બી, હું અનુભવની વાત કરું. મારા બે દીકરાઓ સાત અને નવ વર્ષના–એમને લઈને હું મારા એક મિત્રને ત્યાં આબુ રહેલો. એ મિત્ર બીડીમાંથી બીડી સળગાવે.

'નાનો અનુ કહે, 'કાકા,તમે કહો છો કે બીડી પીવી સારી નથી, એથી શરીરને નુકસાન થાય છે. પણ મેથ્યુસકાકા તો પીધાજ કરે છે.' 'હા ભાઇ, હું બીડી નુકસાનકર ગણું છું એટલે નથી પીતો. મેથ્યુસકાકા, એમનું એ જાણે.'

મોટો કહે : 'તો પછી એમને કેમ નુકસાન નથી કરતી ? બીડી નુકસાન ન કરે.'

અનુ કહે : 'હા કાકા, અમને અપાવો. અમારે પીવી છે.'

મેં કહ્યું : ' તમારી મરજી. પીવી હોય તો કહો મેથ્યુસકાકાને—મેથ્યુસકાકા, ભઇ આ લોકોને બીડી પીવી છે. તો એમને આપો.'

બીડીઓ આપવામાં આવી.

નાનો કહે : ' પણ અમારે તો આખો ડબ્બો જોઇએ છે.'

ડબ્બો આપવામાં આવ્યો. અને બંને પેતરાથી બીડીઓ પીવા લાગ્યા. એક પછી બીજી ચાલી. પણ એકાદ કલાકમાં જ બીડીએ પરચો બતાવ્યો. એકને ઉલટી થઇ અને બીજાને શરીરે ફોડકી ઉઠી આવી.

બંને મારી પાસે આવ્યા.

મોટો કહે : ' કાકા, અમને તો ચક્કર આવે છે. અનુને ઉલટી થઇ અને મને આ ફોડકી નીકળી આવી."

' હાં જુઓ મેં કહ્યું હતું કે એ ચીજ સારી નથી.' 'પણ તો મેથ્યુસકાકાને કેમ કંઇ થતું નથી ? બીજા લોકોને પણ કંઇ થતું નથી ! એમ કેમ ? '

'એનું કારણ એ છે કે, તમારા શરીર હજુ નિરોગી–કુદરતી છે. જેમને એની અસર ન જણાય તેમના શરીર ન નિરોગી ગણાય, ન કુદરતી ગણાય ?

આ વાત એમને ગળે એવી તો સચોટ ઉતરી ગઇ કે ત્યાર પછી કદિય એમણે બીડી પીધી નથી. અત્યારે સત્તર અઢાર વર્ષની આસ–પાસ એ થયા છે. અત્યારે ધારે તો છડેચોક બીડી પી શકે છે. પણ બીડી તો શું, પણ કદિ હોટેલમાં ચહા પીવી કે પાન ખાતા પણ દેખાતા નથી.—આ છે મારો અનુભવ. ન્રજેશભેન બોટું નથી કહેતાં કે બાળકમાં અવિશ્વાસ રાખવાનું કોઇ કારણ નથી.'

હવે રતિભાઇની જીભ ખુલી ગઈ! એ મારા વડીલ બનતા બોલ્યા :

'મુરબ્બ્બી, આમાં કયાંય વિચારનો મેળ નથી.

જુઓ, આ કાકાસાહેબ આજ ત્રણ દિવસથી આપણી વચ્ચે છે અને એ ત્રણેય દિવસ એમની સાથે એક ભાઇ આવે છે. જેઓના મોંમાં મોટે ભાગે બીડી સળગતી જ હોય છે.—કાકા એમને સલાહ નથી દેતા. એ પોતે બીડીને બરાબ માને



છે પણ સામેના માણસના સ્વતંત્ર મતના આદર ખાતર પોતે એમના ધુમાડા નિભાવી લેતા હશે. પણ માત્ર બાળક માટે એવી ઉદારતા બતાવવા કાકા તૈયાર નથી! જે બરાબ છે, તે બધા માટે બરાબ છે. અને મોટેરાંઓ પોતાના બાસ હકકો જાળવીને બાળકો ઉપર જુલમ કરે છે. આ તો અંગ્રેજના ગુલામ હિંદી ઉપરના જુલમ જેવું કહેવાય! બાકી મોટેરાંઓ પોતાની નબળાઇઓને પંપાળીને બાળકોના સાચા શિક્ષણકાર કદિયે થઇ નહીં શકે.'

સભા વિસર્જન થઇ ગઇ હતી. પણ અમારી ચર્ચા સભા ચાલુ જ હતી પણ મે જોયું કે ભોજન માટે ખૂબ મોટી કતાર લાગી ગઇ હતી.

હું ઉતાવળે પ્રભુભાઇ પાસે ગયો. અને મને પણ એમની સાથે ભેળું ભોજન મળે તેવી વ્યવસ્થા કરવા કહ્યું.

એ ગયા.

પેલા મુરબ્બી હું ઉભો હતો ત્યાં આવ્યા અને મારી સાથે વાતો કરવા લાગ્યા. મારો જીવ ચર્ચામાં લાગ્યો નહીં મને તો એ જ ચિંતા હતી કે આ લાંબી કતારમાં મારો નંબર લાગશે નહીં અને હું કંઇ લોકલમાં જઈ શકીશ નહીં.

પણ ત્યાં તો એક ભાઇ આવ્યા અને મને ભોજન અધિકારી પાસે લઇ ગયા અને મને બતાવવા બોલ્યા : 'આ રહ્યા.'

મારી સાથે વૃદ્ધજન પણ આવેલા હતા.

અધિકારીએ ભોજનનો પાસ માગ્યો જે આપીને હું અંદર ગયો. મુરબ્બી પણ મારી પાછળ આવીને દાખલ થઇ ગયા.

અમે જમતા હતા. ત્યારે સામેની ટાટમાં રતિભાઇ, મણિભાઇ વગેરે આવીને બેઠા. રતિભાઇની આંખોમાંથી ગુસ્સાના બાણ છૂટતાં હતાં.'

'કેમ મુરબ્બી, પહોંચી ગયા ને?'

'હાજી.'

'મુરબ્બી, આજ તો કતારમાં ઉભા રહેવાની તમને તકલીફ ન પડી બરૂં? એમાં તો તમારા શિક્ષણના સિધ્ધાંતો બરાબર જળવાઇ રહ્યા ને?'

મુરબ્બી થોડા ભોંઠા પડી ગયા.

રતિભાઇ પાછા મારા તરફ વળ્યા.

'અને સાહેબ, તમે પણ પરમ દિવસે તો આ મુરબ્બીને ટેકો આપતા હતા કે બધાંએ નિયમ પાળવો જોઇએ—અને આજ તમે?—એ તો ભાઇ.....!' હું શું જવાબ આપું!—મુંઝાઇ ગયો!

—આચાર ને વિચાર વચ્ચે કેવો દુમેળ છે!

ઓજસ્—

સ્વાદિષ્ટ અથાણાં, પાપડ અને રસોઇ માટે

સર્વત્ર મળે છે. ટે. નં. ૩૮૨૨૧

તંદુરસ્ત બાળકો દેશનું સાચું ધન છે. બાળકોની તંદુરસ્તી માટે તેમને હંમેશા સંતોષ કુકરમાં બનાવેલ પૌષ્ટીક રસોઇ બવરાવો



સંતોષ કુકર બળતણ વખત, પૈસા ને મહેનત બચાવે છે સંતોષ કુકર કું.
૧૧૯ ન્યુ ચનારોડ, મુંબઇ—૪.

બા–બાપુજીનું સગપણ

હંમેશ પ્રમાણે બાલમંદિરની પ્રાર્થના થઇ અને મોટી મંડળીને લઇ હું પાસેના ઓરડામાં ગઇ. બાળકો વ્યવસ્થિત બેઠાં. આજે સવારે ખૂબ ઠંડી હતી. ઘણાંખરાં બાળકો ગરમ સ્વેટર પહેરી આવ્યા હતાં. 'ઠંડીનાં કપડાં' વિષે વાતચીત કરવાનું મેં નક્કી કર્યું હતું.

એટલામાં એક બાળકે મને કહ્યું,

"સુધાતાઇ આજે મેં તમારા બાપુજીને જોયા."

હું ચમકી. મને તો બાપુજી હતાજ નહિ. કોને ઉદ્દેશીને કહેતો હશે એમ હું વિચાર કરવા લાગી અને મને જરા હસવુ આવ્યું. હું અને મારા પતિ શાળાની બહારથી જતાં હતાં ત્યારે મારી પાછળ આવતાં બાળકોએ મને જોઇ હતી.

આ બાળકોનાં જીવનમાં બા, બાપુ, બહેન ને ભાઇ એટલાંજ સગાં મુખ્યત્વે હોય છે.

મેં તેને પૂછ્યું, "તારે ઘેર કોણ કોણ છે? એક બાળક બોલી ઉઠ્યું, બા અને બાપુજી," બીજો બોલ્યો, "ભાઇ–બહેન" ત્રીજાએ કહ્યું, 'નાની બેબી,' ચોથો બોલ્યો, 'માસી' હું બધું સાંભળી રહી, પછી મેં પૂછ્યું,

"અમુક અમુક તે તારા બા ને અમુક અમુક તે તારા બાપુજી– પણ તારા બાપુજી તારાં બાના પણ બાપુજી છે?

'હટ' તેણે એકદમ કહ્યું.

"ત્યારે બાપુજી બાના કોણ થાય?"

તે વિચારમાં પડ્યો. તેનાં જીવનમાં આ પ્રશ્ન પહેલીજ વાર ઉભો થયો હતો. જેનો તેને જવાબ ખબર ન હતો. મેં બીજા ચાર પાંચ બાળકોને આ પ્રશ્ન પૂછ્યો. આ ૨૪–૨૫ ના વર્ગમાંથી કોઇ બોલેજ નહિ. એટલામાં માણેક અને મીના અંદર અંદર કંઇક બોલીને હસવા લાગ્યાં. મેં તેમને પૂછ્યું, "તેને ખબર છેકે?" તે પાછી હસવા લાગી અને બોલી, "અમને ખબર છે પણ હું નહિ કહું."

બા બાપુજીના સગપણને શું કહેવાય તે શબ્દ પોતે જાણતી હતી પણ તે શબ્દ બોલવાની તેને બહુ શરમ લાગતી હતી. મેં ફરી ફરીને પૂછ્યું– પતિ?

ત્યારે તે ધીમેથી બોલી, "વર"

ઉજાગરો અને શારીરિક, માનસિક શ્રમ બાદ



જીવદયા નેત્રપ્રભા

(રજીસ્ટર્ડ)

માટે

વૈદો, ડોકટરો, આયુર્વેદિક · હોસ્પિટલોએ આંખોને માટે ઉપયોગી તરીકે પ્રમાણપત્રો આપેલ છે.

બાળક તથા વૃદ્ધ સુધી સૌ કોઇ જરૂરીયાત પ્રમાણે ૧ થી ૩ વખત આંજી શકે છે.

જીવદયા નેત્રપ્રભા કાર્યાલય,

વિકટોરિયા મિલ કમ્પાઉંડ, ગામદેવી રોડ, મુંબઇ ૭.

પણ આ શબ્દ બોલતાં જ જાણે તે સમાજમાં અશિષ્ટ શબ્દ છે એવી તેણે ભાવના દર્શાવી અને તેનાં પહેલાના વર્તનને લીધે બીજા બાળકોમાં પણ તે ઉત્પન્ન કરી તે મને જરાએ ગમ્યું નહિ.

તેથી મેં પૂછ્યું, "અરુણભાઇ તારા કોણ થાય?

'ભાઇ'

'ઉષાબેન કોણ થાય? 'બહેન'

'બાપુજીનાં બેન કોણ થાય? 'ફોઇ'

'બાનાં બેનને માસી કહેવાય' એક છોકરી બોલી.

'હા–તેમજ–બાપુજી તે બાના વર થાય'

'હા સુધાતાઇ અને બા તે બાપુજીની પત્ની થાય,' બાળકો સંકોચ વગર બોલ્યાં.

બીજા સગપણની જેમજ આ પણ એક સગપણજ છે અને તેમાં કંઇજ ખોટું ન કહેવાય એવા વાતાવરણ સાથે અમે છૂટાં પડ્યાં.

શક્તિસમ્રાટ, મહારસાયન, ઓજ તથા આયુષ્યવર્ધક આર્ય ઔષધિની

ઝુટેક્સ

ટોનિક પીલ્સ



મકરધ્વજ સુવર્ણ ઘટિત અભ્રક લોહ, બંગ, કેસર, અંબર વિગેરે કીંમતી રસ–ભસ્મો તથા રસાયન ગુણવાળી દીવ્ય વનસ્પતીઓને યોગે તૈયાર થયેલી આ ગોળીઓ સ્નાયુઓ તથા નસોમાં પ્રાણવાન શક્તિશાળી, જોમ, યૌવનચિત કાન્તિ, સ્ફુર્તિ આપે છે.

કીંમત ૫૦ ગોળી બાટલી

રૂા. ૩॥

ટે. નં. ૩૧૧૧૭

આર્ય ઔષધિ ફર્માસ્યુટીકલ વર્કસ

સ્વદેશી માર્કેટ પાછળ, કાવેલ સ્ટ્રીટ (કાલબાદેવી), મુંબઇ ૨

પૂર્વ પ્રાથમિક ભૂમિતિ

લેખાંક ૬ ઠ્ઠો : ક્ષેત્ર માપન

ક્ષેત્રમાપન એટલે જગ્યાની ગણત્રી. આ જગ્યાનું ક્ષેત્ર કોઇક વાર સીધું અને નિયમિત તો કોઇ વાર તેની મર્યાદા વાંકીચુકી–અને અનિયમિત હોય છે. ક્ષેત્રનો આકાર જો આ નિયમિત હોય તો તેનું ક્ષેત્રફળ કાઢવાને અમુક નિશ્ચિત સૂત્રો હોય છે. આવા નિયમિત આકારોમાં ચોરસ, લંબ ચોરસ, સમાન્તરભુજ ચોરસ, ત્રિકોણ, પંચકોણ અથવા તો કોઇ પણ બહુકોણ આકૃતિ અથવા વર્તુલ આકૃતિઓનો સમાવેશ થાય છે. પણ ક્ષેત્ર કંઇ હંમેશ નિયમિત આકારનું જ હોતું નથી. ઘણીએ વાર અનિયમિત આકારો પણ હોય છે. તેથી આવાં ક્ષેત્રનું માપન કરવું હોય તો પહેલાં આ ક્ષેત્રમાં સમાઇ જાય તેટલાં ત્રિકોણો પાડવા પડે છે. ભૂમિતિમાં આવા વિષયનો અભ્યાસ કરનારી શાખાને ત્રિભૂજીકરણ Triangulation કહે છે. અનિયમિત આકૃતિની અંદર જો ત્રિકોણ પાડીએ તો તેનું ક્ષેત્રફળ ત્રિકોણનાં ક્ષેત્રફળ પ્રમાણેજ કાઢી શકાય છે.

રચનાત્મક પેટી દ્વારા ત્રિકોણની મદદથી અનેક વિવિધ પ્રકારની આકૃતિઓ બનાવી શકાય છે. તેનો પરિચય આપણે બાળકોને આપ્યો હોય છે. ક્ષેત્ર માપનમાં પણ એજ વિષય જરા જુદી રીતે આવે છે. અહિ ત્રિકોણ જોડીને નવી આકૃતિ બનાવવાની નથી પણ આપેલી આકૃતિની અંદર ત્રિકોણ પાડવાનાં હોય છે. આ પ્રમાણે ક્ષેત્ર નિયમિત કર્યા છતાં (હવે તેનું 'માપન' અથવા ગણત્રી કરવાની તેથી તેનું કોઈ જાતનું) પરિણામ નિશ્ચિત કરવું જોઇએ. અંતર માપવા જે પ્રમાણે ઇંચ, ફૂટ, યાર્ડ અથવા સેંટી મીટર, કે મીટર જેવાં પરિમાણો છે તેજ પ્રમાણે ક્ષેત્ર માપન માટે ઉપરનાં પરિમાણોની ચોરસ આકૃતિઓ હોય છે એટલે કે કોઇ પણ આકૃતિનું ક્ષેત્ર આખરે ચોરસાકૃતિમાંજ કાઢી શકાય છે. ભૂમિતિમાં જેમ ત્રિકોણને 'રચનાકાર' (Triangle The Builder) કહે છે. તેમજ ચોરસને ' ક્ષેત્રમાપક ' (The Measurer) કહે છે.

રચનાત્મક પેટી દ્વારા બાળકોને ત્રિકોણનો પરિચય આપ્યો છે. આ ક્ષેત્રફળની પેટીમાં તેને ચોરસનાં કાર્યની કલ્પના આપવાની છે.

ભૂમિતિમાં ત્રિકોણ ચોરસ અને વર્તુલ આકૃતિઓને વિશેષ મહત્વનું સ્થાન અપાયું છે. એટ જોતાં આ આકૃતિનાં ગુણધર્મ, કાર્ય અને પરસ્પર સંબંધ દર્શાવવા વગેરે માટે નિર્માણ થએલાં શાસ્ત્રને જ આપણે ભૂમિતિ કહીએ છીએ. ભૂમિતિમાં 'ભૂ' એટલે ત્રિકોણની મદદથી સમજાતી ક્ષેત્રના આકારની કલ્પના, ત્યાર પછી ચોરસની મદદથી તેનું માપન કરવું અને છેવટે વર્તુલની મદદથી દૂરનાં ક્ષેત્રનું માપન કરવું વગેરે વિષયોનોજ મુખ્યત્વે સમાવેશ થાય છે. આ ત્રણેની સ્થૂલ કલ્પના બાળકને કઇ રીતે આપી શકાય તેનો વિચાર ડૉ. મોન્ટેસોરીએ પોતાનાં સાધન દ્વારા કર્યો છે.

ક્ષેત્રમાપનનું સાધન : હમણાં બજારમાં આ સાધન મળે છે 'તેને ક્ષેત્રફળનું સાધન' કહેવામાં આવે છે. એક ૧૧"x૯" ની પેટીમાં નીચે પ્રમાણે ચોરસાંકિત આકૃતિઓ અને તેમના વિભાગ હોય છે.

૧) **લંબ ચોરસ** — ૨૦ સેં. મી. x ૧૦ સેં. મી.

આ અને બીજી બધી આકૃતિઓ પર ૨ સેં. મીx૨ સેં. મી. ની ચોરસ રેખાઓ કરવામાં આવી હોય છે.

૧) **સમાન્તર ભુજ ચોરસ :** પાયો ૨૦ સેં. મી. અને લંબાઇ ૧૦ સેં. મી. અને આ જ આકૃતિનો વિભાગ.

૩) **સમકોણ ત્રિકોણ :** પાયો ૨૦ સેં. મી. અને લંબાઈ ૧૦ સેં. મી. આ જ આકૃતિનાં પાયા તેમજ લંબઈના બે વિભાગો.

૪) **કાટકોણ ત્રિકોણ :** પાયો ૨૦ સેં. મી. લંબાઇ ૧૦ સેં. મી. અને તેનો વિભાગ.

૫) **વિશાલકોણ ત્રિકોણ :** પાયો ૨૦ સેં. મી. અને લંબાઈ ૧૦ સેં. મી. અને તેનો વિભાગ,

સાધનમાં જરૂરી સુધારો.

આ સાધનમાં પરિમાણ તરીકે જે ચોરસ ૪ ચોરસ સેં. મી. નું રાખવામાં આવ્યું છે તેને

આપની દરેક

જરૂરીયાતો

ખરીદવાનું એક માત્ર

: ભરોસાપાત્ર સ્થળ :

આજેજ એક વખત પધારી મુલાકાત લ્યો

BOMBAY
1901
SWADESHI

ધી

બોમ્બે સ્વદેશી કો-ઓપરેટીવ સ્ટોર્સ કું.

લિ.

સર ફિરોઝશાહ મહેતા રોડ, ફોર્ટ, મુંબઈ-૧

શાખાઓ : મહાત્મા ગાંધી રોડ, પૂના. જેમ્સ સ્ટ્રીટ, સિકન્દ્રાબાદ.

બદલે ૧ ચોરસ ઇંચનું પરિમાણ યોજવામાં આવે તો વધારે ઉપયોગી થાય. આમ કરવાથી સાધનનો આકાર વધશે. અને ઓછા ટકાઉ બનશે પણ બાળકો માટે આમાં જોઇએ એટલી સરળતા નથી. તેથી ચોરસનાં એક એક ચોરસ ઇંચ લેવાં જોઇએ.

આ સાધનનો ઉપયોગ આપણે ત્યાં બહુ થોડાં બાલમંદિરોમાં થાય છે. ઘણીખરી જગ્યાએ આ સાધન બાળકોની આગળ - મૂકી તેમાંથી ત્રિકોણ અને સમાંતરભૂજ ચોરસનું સમક્ષેત્ર લંબચોરસ કેમ બનાવવું એટલું જ બતાવવામાં આવે છે. બાળકો એટલું જ સમજે છે અને તે જ કરતાં દેખાય છે. તેથી આટલેથીજ ક્ષેત્ર, ક્ષેત્ર-માપન, ક્ષેત્રફળ વિષેનું સામાન્ય જ્ઞાન સ્પષ્ટ થયાં છતાં દરેક પ્રકારની આકૃતિનું ક્ષેત્રફળ કાઢવાનો જે આ સાધનનો ઉદ્દેશ છે તે બહુ સફળ થયો હોય એમ મને લાગતું નથી. આ એક અઘરું સાધન છે એમ માની શિક્ષક પણ



એને વધારે સારી રીતે સમજવાનો પ્રયત્ન કરતા નથી ક્ષેત્રમાપન અથવા ક્ષેત્રફળનો વિષય આટલી નાની વયે બાળક આગળ રજુ કરવાની જરૂરિયાત તેમને કદાચ લાગતી નહિ હોય. આ સાધન પાંચથી ૭ વર્ષનાં બાળકોને આપી શકાય એમ ડો. મોન્ટેસોરી માનતાં હતાં, પરંતુ અહિ બહુજ મોટા વિષયનો એક નાની પેટીમાં સમાવેશ કરવામાં આવ્યો છે તે સિવાય આ સાધન બાળકોને આપતાં પહેલાં તેમની યોગ્ય પૂર્વ તૈયારી થતી નથી તેથીજ કદાચ આપણે ત્યાં આ સાધનનો બરોબર ઉપયોગ થતો દેખાતો નથી.

પૂર્વ તૈયારી : આ સાધનનો ઉપયોગ સમજતાં પહેલાં બાળકોને લંબાઇ કેમ ગણવી અને લંબાઇ ગણવાના માપને શું કહેવાય તે બાબતજ પહેલા ખ્યાલ આપવો જોઇએ. તેથી એક ઇંચ. એક ફૂટ, એક યાર્ડ એમ ત્રણે પરિમાણોની ગણત્રી બતાવી પછી બારણાંની લંબાઇ, બાળકની ઉંચાઈ, કાગળના ટૂકડાની કે ટેબલની લંબાઇ ગણી તેની નોંધ ચોપડામાં કરવાની રમત આપી શકાય છે. અને આ વસ્તુ વધુ દૃઢ કરવા માટે ફૂટની કે ઇંચની લંબાઇનો અંદાજ કરી પછી એ અંદાજ બરોબર છે કે નહિ તે પ્રત્યક્ષ ગણવાની રમતો પણ આપી શકાય છે. ટોપી, પુસ્તક, રૂમાલ વગેરે વસ્તુઓની લંબાઇને પહોળાઇનો અંદાજ કરી પ્રત્યક્ષ ગણી બરોબર છે કે નહિ તે શોધી કાઢવામાં બાળકોને જરૂર મજા પડે છે.

રજુઆત : આ સાધનનો ઉપયોગ પગથિયે પગથિયે બતાવવો જોઇએ. શરૂઆતમાં ૧૦"×૫" નું લંબચોરસ એક ટ્રેમાં મૂકી તેની લંબઇ અને પહોળાઇ કેટલી છે વગેરે જવાબો બાળક પાસેથી કઢાવવા પછી ક્ષેત્ર અથવા જગ્યા એટલે શું તે સમજાવવું અને ત્યાર પછી ટેબલ, પાટિયા, કે કાગળનું ક્ષેત્ર બતાવી પૂછવું કે આ ક્ષેત્ર કેમ ગણવાનું તે તમે જાણો છો? આપણા ઓરડાની કે આંગણની જગ્યા કેવી રીતે ગણશો?

– જગા અથવા ક્ષેત્ર ગણવાનું હું તમને એક માપ બતાવું છું એમ કહી એક ચોરસ ઇંચનો

ટૂકડો અને એક ચોરસ ફૂટનો ટૂકડો બતાવવો. પછી સાધન પેટીમાંથી એક ચોરસાંકિત લંબ-ચોરસ લઇ તેની જગ્યા ગણતા આવડશે એમ પુછવું. આ રમત બતાવતી વખતે ત્રણ ચાર બાળકો હોય તો વધારે સારૂં. ચોરસ અથવા લંબચોરસનું ક્ષેત્રફળ કાઢવાની બે ત્રણ રીત છે. આ રીતો બાળકો પાસેથી કઢાવવાનો પ્રયત્ન કરવો. એક રીત તે લંબચોરસની અંદરનાં બધાં ચોરસ ગણવાં. અને આનો બાળકોને વધારે ખ્યાલ આવે માટે જુદા જુદા આકારના ચોરસાંકિત ચોરસ કાગળો લઇ તેનું ક્ષેત્રફળ કાઢવા કહેવું આમ ક્ષેત્રફળ કહેવાની પણ બાળકોને મજા પડે છે. લંબ ચોરસમાં પાયાનાં ચોરસ ગણો. કેટલાં છે? ૧૦. હવે ઉભી બાજુનાં ચોરસ ગણો કેટલાં છે? ૫ હવે આ બન્નેનો ગુણાકાર કરો કેટલો થયો? ૫૦ ચોરસ. એકેક ચોરસ ગણીને કેટલાં થયાં હતાં? ૫૦ ચોરસ. આ પ્રમાણે બે રીતોનો સંબંધ બતાવી વધુ અભ્યાસ માટે જુદા જુદા માપનાં ચોરસાંકિત અને લંબચોરસ લઇ તેનાં ક્ષેત્રફળની વ્યવસ્થિત રીતે નોંધ બાળકો પાસે ચોપડીમાં કરાવવી.

ટેબલનું ક્ષેત્રફળ

લંબઇ ૧૮″ × પહોળાઇ ૧૦′ = ૧૮૦ ચોરસ ઇંચ

રૂમાલનું ક્ષેત્રફળ

લંબઇ ૧૨″ × પહોળાઇ ૧૨″ = ૧૪૪ ચોરસ ઇંચ.

આ પ્રમાણે કાગળ, બારી, બારણું, પાટિયું કે લાદી, ઓરડો કે કાચ જેવા વાસ્તવિક વિષય આપી તેમનુ માપ લઇ ક્ષેત્રફળ કાઢવાનો વ્યાપક અભ્યાસ બાળકોને આપવો જોઇએ.

બીજું પગથિયું : સમાન્તરભુજ ચોરસનું ક્ષેત્રફળ.

ક્ષેત્રમાપન પેટીમાંથી લંબચોરસ, સમાન્તર ભુજ ચોરસ અને તેના વિભાગો જુદા ટ્રેમા કાઢવા. લંબ ચોરસનું ક્ષેત્રફળ આપણે કાઢયું





હતું અને તેનો નિયમ પણ સમજ્યા હતા. લંબાઈ × પહોળાઈ એટલેજ લંબચોરનું ક્ષેત્રફળ કહેવાય. હવે આપણી સામે સમાન્તરભુજ ચોરસ છે. તેનું ક્ષેત્રફળ કેમ કાઢશો ? ચોરસ ગણીને કાઢી શકાશે ? બાળકોને ખંડિત ચોરસ સાથે ફાવશે નહિ. માટે સમાન્તરભુજ ચોરસ બતાવી તેનું લંબ ચોરસ બનાવવું હોય તો કઇ રીતે બનાવી શકાય ? આ સમાન્તરભુજ ચોરસમાં કેટલાં ક્ષેત્ર ગણી શકાશે વગેરે પ્રશ્નો પૂછી પોતાની મુશ્કેલી પોતાની મેળેજ દૂર કરવાં પ્રવૃત્તિમય બનાવવાં. પછી મૂળ આકૃતિમાંના ગણી શકાય તેવા વચલા ભાગ ઉપર તેજ આકારનો ખંડિત વિભાગ મૂકી પછી એક બાજુનો વિભાગ જો બીજી બાજુ જોડે તો લંબ ચોરસ બને છે કે નહિ તે બતાવવું. લંબચોરસ બનાવ્યા પછી પહેલાં અંકિત ચોરસ કેટલાં છે તે ગણી સમાન્તરભુજ ચોરસનું ક્ષેત્રફળ કાઢવાનો શું નિયમ છે તે બાબત બાળકની જીજ્ઞાસા ઉત્પન્ન કરવી. અને પછી પાયો × ઉંચાઇ એટલે સમાન્તરભુજ ચોરસનું ક્ષેત્રફળ એ નિયમ પાકો કરાવવા કાગળનાં નાનાં મોટા ચોરસાંકિત સમાન્તરભુજ ચોરસ લઈ તેનું ક્ષેત્રફળ કાઢી નોંધ કરવી. નોંધ ઉપર પ્રમાણેજ કરવી.

ત્રીજું પગથિયું : કાટકોણ ત્રિકોણનું ક્ષેત્રફળ.

અહિ પેટીમાંથી ફક્ત લંબચોરસ, કાટકોણ ત્રિકોણ અને તેના વિભાગો ટેમાં કાઢવા અને તેની રજુઆત કરવી. ચોરસ ને લંબ ચોરસનું ક્ષેત્રફળ તો કાઢતાં આવડે પણ જો કાટકોણ ત્રિકોણાકારનું ક્ષેત્ર હોય તો શું કરવું ? પહેલાં કાટકોણ ત્રિકોણ બતાવી ચોરસ ગણી શકાશે ? આમાં પણ ખંડિત ચોરસ છે. આ કાટકોણ ત્રિકોણનું લંબચોરસ બનાઇ શકાશે ? આ જુઓ કેમ બનશે કહી ઉંચાઇનો દ્વિભાગ કરેલાં ઉપરનાં ખૂણાનો વિભાગ લઇ જમણી બાજુ જોડવાથી લંબચોરસ બને છે તે બતાવી પાયો×અર્ધી ઉંચાઇ એટલે કાટકોણનું ક્ષેત્રફળ એ નિયમ સમજાવવો અને તે દૃઢ કરવા કાગળનાં જુદા જુદા કાટકોણ ત્રિકોણ આપવા.

આજ પ્રમાણે સમકોણ ત્રિકોણ અને વિષમકોણ ત્રિકોણનાં ક્ષેત્રફળ માટે પણ આજ નિયમ લાગુ પડે છે તે પેટીમાં રહેલી ત્રિકોણાકૃતિની મદદથી બતાવવું.

શેષ નામલે.

સ્વદેશી ભાવના કેળવી ભારતમાં જ બનતી સ્વદેશી બનાવટોને જ ઉ-તેજન આપો

બાલ શિક્ષણ અને સંઘ સમાચાર

સુરેન્દ્રનગર :—શ્રી રતિલાલ વર્ધમાન બાળ કેળવણી મંડળના મકાનનું ઉદ્‌ઘાટન તા. ૧૫–૨–૫૭ ના રોજ શ્રી ઘનશ્યામભાઈ ઓઝાના પ્રમુખસ્થાને જાણીતા કેળવણીકાર શ્રી નાનાભાઈ ભટ્ટના વરદ હસ્તે થયું હતું.

મીઠાપુર :—શ્રી મીઠાપુર બાલમંદિરનો વાર્ષિક ઉત્સવ દિન તા. ૨૬–૧–૫૭ ના રોજ ઉજવવામાં આવ્યો હતો. શિશુઆનંદ બઝાર અને બીજા ઘણા મનોરંજન કાર્યક્રમો રખાયા હતા. પ્રમુખસ્થાને શ્રી. જે. સી. દસ્તુર હતા. સંઘના મંત્રી તરફથી સંસ્થાની પ્રગતિનો અહેવાલ અને હવે પછીના કાર્યક્રમની રુપરેખા રજુ થયેલ તેમાં મુખ્યત્વે શાસ્ત્રીય બાલ શિક્ષણની વધતી જતી જરુરિયાતને પહોંચી વળવા અને બાલવાડીની સગવડો તેમજ ચાલુ સંસ્થાઓના ઉત્તરોત્તર વિકાસ માટે ભાર મૂકયો હતો. તા. ૨૧–૧–૫૬ ના રોજ રાતના ૮ વાગે બાલમંદિરના મકાનમાં વાલી સંમેલન યોજવામાં આવ્યું હતું.

સૂરત :—'જીવન ભારતી'નો દશાબ્દી મહોત્સવ ગૂજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી હરસિધ્ધભાઇ દીવેટીયાના પ્રમુખસ્થાને ઉજવાયો. તે પ્રસંગે શ્રી દામોદરદાસ મહેતા કલાભવનના મકાનનું ઉદ્‌ઘાટન શ્રી દીવેટીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું. દશાબ્દી મહોત્સવ પ્રસંગે પ્રદર્શન, વ્યાયામ પ્રયોગો; ભૂતપૂવ વિદ્યાર્થી–સંમેલન, વર્તમાન વિદ્યાર્થી સંમેલન, પાલક–શિક્ષક સંમેલન વગેરે વિવિધ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે ડો. ચંપકલાલ જેકીશનદાસ ઘીયા, પ્રાધ્યાપક શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, શ્રી હરસિધ્ધભાઇ દીવેટીયા, અને ગુજરાત સંશોધન મંડળના અધ્યક્ષ શ્રી પોપટલાલ શાહ અનુક્રમે પધાર્યા હતા.

મુંબઈ :—ભગિનિ સમાજ, મનોરમા હજરત બાલમંદિરનું પાંચમું દ્વિવાર્ષિક સંમેલન તા. ૧૯–૨–૫૭ ના રોજ ભગિનિ સમાજના કાર્યાલયમાં રાખવામાં આવ્યું હતું.

* ભગિનિ સમાજ તારદેવ કેન્દ્રનું વાર્ષિક સંમેલન તા. ૨–૨–૫૭ ના રોજ શ્રી જયોત્સના-બેન પી. ભટ્ટના પ્રમુખપદે ન્યુ એરા સ્કુલમાં યોજવામાં આવ્યું. બાળકોના હસ્તકામનું પ્રદર્શન તારદેવ સોનાવાલા કંપનીના ઓફિસ હોલમાં શ્રી જયશ્રીબેન રાયજીના શુભ હસ્તે ખુલ્લું મુકાયું હતું.

* શ્રી કપોળ મહિલા મંડળ સંચાલિત સંસ્કાર બાલમંદિરનો ૮ મો વાર્ષિક ઉત્સવ તા. ૨૪–૨–૫૭ ના રોજ માધવબાગમાં ઉજવવામાં આવ્યો હતો. ઉત્સવનું પ્રમુખસ્થાન શ્રી મંગળદાસ પકવાસાએ લીધું હતું. વિવિધ મનોરંજન કાર્યક્રમો રખાયા હતા.

* શ્રી માટુંગા ગુજરાતી સ્ત્રી મંડળ તરફથી ચાલતા બાલમંદિરનો વાર્ષિક ઉત્સવ શ્રીમતી સુશીલાબહેન કુસુમગરના અધ્યક્ષપદે તા. ૨૩–૨–૫૭ ના રોજ જૈન બોર્ડીંગના હોલમાં યોજવામાં આવ્યો હતો.

અમદાવાદ :—આ શહેરમાં ચાલતી 'શ્રેયસ' સંસ્થામાં નીચે મુજબ જણાવેલા શિક્ષક શિક્ષિકાઓની જરુરિયાત છે.

(૧) ટ્રેન્ડ, એસ. એસ. સી. શિક્ષક અથવા શિક્ષિકા પગાર રૂા. ૧૨૫–૫–૨૨૫ અથવા ૧૫૦–૩–૧૮૦–૫–૨૨૫.

(૨) ટ્રેન્ડ અન્ડર ગ્રેજ્યુએટ શિક્ષક અથવા શિક્ષિકા પગાર રૂા. ૧૭૫–૫–૨૫૦–૧૦–૩૦૦.

(૩) ટ્રેન્ડ ગ્રેજ્યુએટ. ૨૨૫–૫–૩૦૦–૧૦–૩૫૦.

ગુજરાતીનું સારું જ્ઞાન હોવું જરુરી **બહેનોને પહેલી** પસંદગી આપવામાં આવશે. પ્રમાણ પત્રોની નકલો સાથે, આચાર્ય, 'શ્રેયસ' શાહીબાગ, અમદાવાદ–૪ એ સરનામે અરજી કરવી.



"એ પિલ્સ" બાળકોના બાળકો રાને અજાણતા પેશાબ કરે છે એ બંધ કરવા માટે "એ" પિલ્સ વાપરો. ૧૦૦ ગોળી રૂા. ૩-૦-૦

☆

ડેન્ટ-ટોનીક

આનાથી બાળકોને સારી ઊંઘ આવે છે, ભૂખ લાગે છે અને દસ્ત પણ સાફ આવે છે.

દાંત સાફ રહે એ વસ્તુ નાના બાળકોના વિકાસની દૃષ્ટિએ અત્યંત આવશ્યક અને મહત્ત્વની છે. એ માટે બાળક છ માસની વયનું હોય ત્યારથી "ડેન્ટ ટોનીક" શરૂ કરો. આ દવાથી દાંત સુખેથી આવે છે અને કાંઇજ પીડા થતી નથી. કિં. રૂા. ૧-૮-૦

હોમિયો લેબોરેટરી

૧૭૮, ન્યુ ચર્ની રોડ, રામમોહન હાઇસ્કુલ પાસે
મુંબઇ-૪ (M. P. S.



મુંડુ
ઓરિજીનલ
ગ્રાઇપ્રીપેરા
બાળકો અને માનસિક શ્રમ કરનારાઓ માટે અનુપયુક્ત

દત્તાત્રેય કૃષ્ણ ચાંડૂ પ્રોડક્ટ્સ
ચેંબૂર પ્રાયવેટ લિ.
ચેમ્બૂર-મુંબઇ-૮



all the cloth you need

all the variety you need



Mafatlal House, Backbay Reclamation, Bombay 1
Phone: 36881 (6 lines) Grams. 'HITSAGAR' Bombay

ન્યૂ બા. શિ. સંઘ માટે મુદ્રક અને પ્રકાશક : રમણિકલાલ લુહ્યિા, ૧૧૮ હિંદુ કૉલોની, દાદર, મુંબઈ ૧૪.
મુદ્રણ સ્થાન : પરફેક્ટ પ્રિં. વર્કસ, મુંબઈ ૨૨.



23128

23128